શિક્ષાપત્રનું આચમન

ભાગ-૨



પ્રા. રમેશભાઈ વિ. પરીખ

॥ શ્રી વલ્લભઃ ॥

શિક્ષાપત્રનું આચમન

(ભાગ ૨ : શિક્ષાપત્ર ૧૧ થી ૨૦)

લેખક

પ્રા. રમેશભાઈ વિ. પરીખ

પ્રકાશક

શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
'વૈષ્ણવ પરિવાર સદન'
૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com
visit us at www.vaishnavparivar.org

Shikshpatranu Aachaman - Part II
by **Prof. Rameshbhai V. Parikh**

© શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા.

પ્રાપ્તિસ્થાન

- **હરસાનીજી હાઉસ (રૂબરૂ અને પોસ્ટ દ્વારા)**
  ‘વૈષ્ણવ પરિવાર સદન’, ૩૨, શિવ સોસાયટી, વિભાગ-૨,
  બી. કે. સિનેમાની બાજુમાં, મહેસાણા-૨
  ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩, ૨૩૦૧૬૦,
  ફેકસ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
- **શ્રી વિજયભાઈ એમ. દેસાઈ, (માત્ર રૂબરૂમાં)**
  કેમી ઈક્વિપ, દેવકરણ મેન્શન, ૧લે માળે,
  ૭૯, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
  ફોન : (૦૨૨) (ઓ) ૨૦૧૦૦૮૪, ૨૦૬૦૮૫૮ (ઘર) ૩૬૯૩૮૨૧
  ફેક્સ : ૯૧-૨૨-૨૦૬૦૮૫૮

પ્રથમ આવૃત્તિ : વિ. સં. ૨૦૪૨ (૧૯૮૬), બીજી આવૃત્તિ : વિ. સં. ૨૦૫૧ (૧૯૯૫), ત્રીજી આવૃત્તિ : વિ. સં. ૨૦૫૬ (૨૦૦૦), ચોથી આવૃત્તિ : વિ. સં. ૨૦૬૦ (૨૦૦૪), પાંચમી આવૃત્તિ : વિ.સં. ૨૦૬૪ (૨૦૦૮), છઠ્ઠી આવૃત્તિ : વિ. સં. ૨૦૬૮ (૨૦૧૨), સાતમી આવૃત્તિ : વિ. સં. ૨૦૭૧ (૨૦૧૫)

આઠમી આવૃત્તિ : વિ. સં. ૨૦૭૨ (૨૦૧૬)

પુસ્તક પ્રકાશન સહાય : **રૂા.૯૦=૦૦**

મુદ્રક :
પુષ્ટિ પ્રિન્ટ્સ, મહેસાણા.

સમર્પણ

જેમના
હૃદય-રસ-સાગરમાં
સ્વ-પ્રિયા સહિત
શ્રીનિકુંજનાયક-શ્રીદ્વારકાધીશ પ્રભુ
સદૈવ
લીલાવિહાર કરી રહ્યા છે
અને
એ પરમાનંદની અનુભૂતિથી
જેમનું વદનકમળ
"મુગ્ધસ્મિતાંબુજ"થી
સદૈવ શોભી રહ્યું છે
એવા
મારા પરમપૂજ્યપાદ
શ્રીગુરુદેવનાં
યુગલ ચરણકમળોમાં
સદૈન્ય સાષ્ટાંગ દંડવત્પ્રણામ
સહ
વિનીતભાવે સમર્પણ.

- રમેશભાઈ પરીખ

પ્રસ્તાવના : પ્રથમ આવૃતિ ટાણે

એક વર્ષ બાદ ‘શિક્ષાપત્રનું આચમન’ : ભાગ-૨ શ્રીવલ્લભની કૃપાથી પ્રકાશિત થાય છે, તેનો સવિશેષ આનંદ છે. પૂ. ગો. શ્રીઆચાર્યચરણોએ ‘શિક્ષાપત્રનું આચમન’ ભાગ ૧નું અવલોકન કરી, ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી છે અને આશીર્વાદ પાઠવ્યા છે. સૌના આશીર્વાદ સદૈન્ય મસ્તકે ચડાવું છું. સંપ્રદાયના વિદ્વાન મહાનુભાવોએ પણ આ ગ્રંથનું અવલોકન કરી, મને ઘણું પ્રોત્સાહન આપ્યું છે. આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ એક વર્ષના ટૂંકા ગાળામાં પૂરી થઈ છે. આ ગ્રંથના વાચક વૈષ્ણવોએ પણ ગ્રંથના વાચનથી ઘણો આનંદ અનુભવ્યો છે, એવું તેમના પત્રો પરથી જણાય છે.

શ્રીહરિરાયચરણનું શિક્ષાપત્ર સાચે જ અમૃતનો મહાસાગર છે. આ મહાસાગરમાં ભરેલી અલૌકિક ભગવદ્રસાત્મક વાણીનું યથાશકિત પાન કરવાનો લહાવો આપણા જીવનને ભગવન્માર્ગે દોરનારો બની રહે છે એવું તો તેનો ઉપયોગ કરનાર વૈષ્ણવો દ્વારા જાણીને ઘણી પ્રસન્નતા થઈ છે.

આજે શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્ય મહોત્સવના મંગલ દિને તેનો બીજો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. બીજા ભાગ માટેની સંક્ષિપ્ત છતાંય અર્થ ગંભીર આશીર્વાદાત્મક ભૂમિકા લખી આપવાની કૃપા મારા પૂજ્ય ગુરુદેવ પૂજ્યપાદ ગો. શ્રી ૧૦૮ શ્રીવ્રજેશ-કુમારજી મહારાજશ્રી (કાંકરોલી)એ કરી છે. આપશ્રી આગામી ભાદ્રપદ માસમાં યોજાનારી લીલી વ્રજપરિક્રમા અંગેના આયોજનમાં ભારે વ્યસ્ત હોવા છતાં. મારા પ્રત્યેના કૃપાભાવથી, સમય લઈ પ્રથમ ભાગ અને દ્વિતીય ભાગના શરૂઆતના ફર્માઓનું અવલોકન કરી, સમગ્ર શિક્ષાપત્રનું દોહન લાઘવયુક્ત અર્થગંભીર શબ્દોમાં કરાવ્યું છે તે માટે હું આપનો અંતઃકરણપૂર્વક ઋણી છું. પરમપૂજ્યપાદ ગો. શ્રીઈન્દિરાબેટીજી મહોદયાએ આ બીજો ભાગ વહેલામાં વહેલી તકે પ્રકાશિત થાય તે માટે તેમના ટ્રસ્ટ તરફથી જરૂરી બધી જ વ્યવસ્થા કરી આપવાની કૃપા કરી છે. આપશ્રીના જ મનોરથ સ્વરૂપે આ ગ્રંથનું પ્રકાશન-કાર્ય થયું છે. આ માટે આપશ્રીનો પણ હું અંતઃકરણપૂર્વક ઋણી છું.

ગ્રંથના સુચારુ અને ઝડપી મુદ્રણકાર્ય માટે મારા સ્નેહી મિત્ર અને મુદ્રણકલામર્મજ્ઞ પ્રા. રાજનભાઇ કડિયાનો તથા મુદ્રક ભાગ્યમુદ્રા (પ્રિન્ટિંગ પ્રેસ) અને તેના સંચાલક શ્રી દિલીપભાઇનો પણ હું ખૂબ આભારી છું.

આ ગ્રંથનું કાર્ય સરળ કરવામાં સહકાર આપનાર શ્રી લવજીભાઇ ચૌધરી અને શ્રી પરેશભાઇ વ્યાસનો પણ ઘણો મોટો ફાળો છે. તેમનો પણ આ તકે હું હાર્દિક આભાર માનું છું.

'શિક્ષાપત્રનું આચમન' ભાગ-૧ની નકલો વૈષ્ણવોમાં વિતરણ કરવા માટે જે જે વૈષ્ણવોએ સેવાભાવે સહકાર આપ્યો છે, તેમનો તથા મારા પરિવારનો પણ હું સવિશેષ કૃતજ્ઞી છું.

'શિક્ષાપત્રનું આચમન' ભાગ-૩, જેમાં શિક્ષાપત્રનું ૨૧ થી ૩૦ નો સમાવેશ થશે. તેની હસ્તપ્રત પણ લગભગ તૈયાર થઇ જવા આવી છે. ભાગ-૨ના વિતરણમાં વૈષ્ણવોનો જેટલો સહકાર જલદીથી પ્રાપ્ત થશે તેટલી ઝડપથી ભાગ-૩ પણ પ્રકાશિત થઈ શકશે.

અંતમાં, શ્રીઆચાર્યચરણોનાં ચરણકમળોમાં દીનભાવે એટલી જ વિનંતી કરું છું કે આપ સદાય આ જીભથી ભગવદ્‌ગુણગાન ગવાતાં રહે એવી રતિ, મતિ અને ગતિનું દાન કરવા કૃપા કરશો.

દાસાનુદાસ
રમેશ

आशीर्वाद

श्री हरिः

श्री बैठक, बडौदा
दि. ११-३-१९८६

प. भ. रमेशभाई,

शुभाशीर्वादः।

तुम्हारे द्वारा **शिक्षापत्रनुं आचमनं** द्वितीय भाग प्रकाशित हो रहा है, जानकर प्रसन्नता हुई। श्री हरिरायचरणने समग्र दैवीजनों को प्रबुद्ध भाव प्रदान करने के हेतु से इसमें दीनता, निःसाधनता, दृढ़ आश्रय, शरणभावना और निवेदनानुसंधान का पंचामृत संकलित किया है। जिसका चुलूक मात्र आचमनभी जीवन की कृतार्थता के लिए पर्याप्त है।

आशा है भगवदीयजन भगवद्भाव पुष्टि के लिए इसे हदयंगम करेंगे।

तदीयेषु सदा स्थेयं सद्भावेनैव सर्वथा।
त एव भक्तिमार्गस्य सहायत्वे निरूपिता ॥ ८/५॥

इस उक्ति की चरितार्थता आज सद्गंथों की उपलब्धि ही सिद्ध करती है। प्रयत्न के लिए हार्दिक अभिनन्दन। शुभाशीराशयः समुल्लसन्तुतराम्।

(ह.) गो. व्रजेशकुमार
(काँकरोली)

શિક્ષાપત્ર ૧ થી ૧૦નું સિંહાવલોકન

શિક્ષાપત્ર-૧

આપણે શ્રી ગિરિરાજબાવાની કૃપાથી હરિરસ પીવા માટે એકત્રિત થયાં છીએ. આવી જ રીતે શ્રી ગિરિરાજજીનો સત્સંગ વ્રજનાં વનવાસિની એવા પુલિંદીઓને થયો હતો. તેના અલૌકિક ફળરૂપે પુલિંદીઓ પ્રભુને પ્રાપ્ત કરી શક્યાં હતાં.

આ લીલાના અનુભવ કરીને સૂરદાજીએ હરિરસ પીવાની સાચી રીત આપણને શીખવી. સૂરદાસજી ગાય છે કે-

હરિરસ તબહી તો જાય પૈયે,
સ્વાદ વિવાદ હર્ષ આતુરતા ઇતને દંડ જો સહિયે.
કોમલ વચન, દીનતા, સબસોં સદા પ્રફુલ્લિત રહિયે,
ગયે નહિ સોચ, આયે નહિ આનંદ ઐસે મારગ બહિયે.
ઐસી જો આવે જીયમાંહી તાકે ભાગ્યકી કહા કહિયે,
અષ્ટ સિદ્ધિ સૂરશ્યામ પેં જો ચહિયે સો લહિયે.

ભગવત્કૃપા અને ભગવદીયોની કૃપા વિના જીવ ભગવદ્ ગુણગાણ કરી શકતો નથી અને હરિરસ પી શકતો નથી.

મહતાં કૃપયા યાવદ્ ભગવાન્ દયયિષ્યતિ ।
તાવદાનંદ સંદોહઃ કીર્ત્યમાનઃ સુખાય હિ ॥

બે વર્ષ પૂર્વે શ્રી હરિરાયજી વિરચિત એકથી દસ શિક્ષાપત્રનું આપણે આ સ્થાનેથી ચિંતન કર્યું હતું. તેને ફરીથી યાદ કરી જઇએ.

૨૪ શ્લોકમાં પુષ્ટિજીવોનું કર્તવ્ય સમજાવવામાં આવ્યું છે. તેમાં કુલ ૧૦ કર્તવ્યો બતાવવામાં આવ્યાં છે :

૧. લૌકિક-વૈદિક કર્મો કાપટયભાવથી કરવાં.
૨. વચનનો નિરોધ કરવો.
૩. સેવા દ્વારા લીલાભાવના કરવી.
૪. અનોસરમાં ભાવભાવના કરવી.
૫. સેવાકાર્ય સર્વોપરી ફળ જાણીને કરવું
૬. દેહ, મન, સગાંસંબંધી અને દ્રવ્યમાં નિઃસ્પૃહતા રાખવી તથા પ્રભુના સુખ માટે તેમની રક્ષા કરવી.

૭. હમેશાં દૈન્ય રાખવું.
૮. સદા સત્સંગ કરવો.
૯. લૌકિક-વૈદિક ફળની અને પોતાના ઉદ્ધારની ઇચ્છા ન રાખવી.
૧૦. મન, વાણી, અને કર્મથી શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો.

શિક્ષાપત્ર-૨

બીજા શિક્ષાપત્રમાં **૨૦ શ્લોકોમાં, મનનો પ્રભુમાં નિરોધ કરવા માટેનો પ્રકાર** બતાવવામાં આવ્યો છે. તેમાં **૧ થી ૧૨ શ્લોકમાં પ્રભુનું સ્વરૂપવર્ણન છે. તેરથી અઢાર શ્લોકમાં પ્રભુના ગુણ અને લીલાનું વર્ણન છે. ૧૯ થી ૨૦મા શ્લોકમાં આવા પ્રભુનાં સેવા અને સ્મરણની** આજ્ઞા કરવામાં આવી છે.

૧૮ પદાવલિમાં પ્રભુનું શૃંગારવર્ણન છે. ૧૩ પદાવલિમાં સ્વરૂપવર્ણન છે અને ૨૦ પદાવલિમાં ગુણ અને લીલાવર્ણન છે. આમ, કુલ ૫૧ પદાવલિથી શ્રી બાલકૃષ્ણલાલજીનું વર્ણન કર્યું છે.

શિક્ષાપત્ર-3

ત્રીજા શિક્ષાપત્રમાં **૧૬ શ્લોકથી** પ્રભુપ્રાપ્તિના માર્ગમાં **સત્સંગની ઉપયોગિતા અને દુઃસંગથી થતી હાનિ**નું નિરૂપણ કરવામાં આવ્યું છે. ભગવદ્ભાવ અગ્નિરૂપ છે, દુઃસંગ જળરૂપ છે; અને સત્સંગ પાત્રરૂપ છે. સત્સંગરૂપી પાત્રથી દુઃસંગરૂપી જળ ભગવદ્ભાવરૂપી અગ્નિને બુઝાવી શકતો નથી. **દુઃસંગના છ પ્રકાર છે.**

૧. અન્ય સંબંધવાળા લોકોનો સંગ
૨. લૌકિકાસકિતવાળા લોકોનો સંગ
૩. શ્રીમહાપ્રભુજીથી વિરુદ્ધ વચનો બોલનારનો સંગ
૪. અવૈષ્ણવોનો સંગ
૫. લૌકિક વિષયોનો સંગ
૬. વ્યાવહારિક કાર્યોમાં આસકિત.

સત્સંગ કોનો કરવો?

સત્સંગ કરવા લાયક **વૈષ્ણવનાં ૬ લક્ષણો** આપવામાં આવ્યાં છે :

૧. શ્રીકૃષ્ણમાં હમેશાં પ્રેમ રાખનાર
૨. નિરપેક્ષ

૩. સાત્ત્વિક

૪. શ્રીવલ્લભના કૃપાપાત્ર ભગવદીયો

૫. શ્રીવલ્લભકુળ

૬. શ્રી કૃષ્ણ, શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલમાં ઐકયની ભાવના અને નિત્યલીલાનું અનુસંધાન રાખનાર.

સત્સંગ કરવાનો પ્રકાર :

૧. દરરોજ થોડો થોડો સત્સંગ કરવો.

૨. સત્સંગ કર્યા પછી વારંવાર તેનુ ચર્વણ કરવું.

૩. શ્રીમહાપ્રભુજીનાં વચનથી વિરુદ્ધ કહે તે ન સ્વીકારવું.

૪. સત્સંગ માટે સદા આગ્રહ રાખવો.

૫. છતાં ન બને તો મૌન રાખવું.

શિક્ષાપત્ર-૪

ચોથા શિક્ષાપત્રમાં **પ્રભુના વિરુદ્ધ ધર્માશ્રયી ધર્મોનું** નિરૂપણ ૩૦ શ્લોકોથી **કરવામાં** આવ્યું છે. પ્રભુના ધર્મો બે પ્રકારના છેઃ બહિરંગ અને અંતરંગ

બહિરંગ ધર્મોમાં ૫ બાબતોનો સમાવેશ થાય છેઃ

૧. કર્તૃત્વ

૨. સર્વરૂપત્વ

૩. સર્વાધારત્વ

૪. ન્યાયત્વ

૫. વિરુદ્ધધર્માશ્રયત્વ

અંતરંગ ધર્મોમાં બે બાબતોનો સમાવેશ થાય છેઃ ૧. ઐશ્વર્ય અને ૨. માધુર્ય.

પુષ્ટિભક્તો માધુર્ય ધર્મથી આકર્ષાય છે. મર્યાદાભક્તો ઐશ્વર્ય ધર્મથી આકર્ષાય છે.

વિરુદ્ધધર્માશ્રયત્વ - પ્રભુમાં વિરુદ્ધ પ્રકારના ધર્મો એક સાથે રહે છે, તે જાણવાથી અસભાવના અને વિપરીત ભાવનાનો નાશ થાય છે. આ બે ભાવનાનો નાશ થાય, ત્યારે ભક્તિબીજ વિકાસ પામે છે.

શરણભાવના - આવા સર્વ વિરુદ્ધધર્માશ્રયી પ્રભુના શરણનું જીવે સતત સ્મરણ કરવુ. ભક્તિમાર્ગમાં શરણાગતિ એ સાધન અને ફળ છે. શ્રીકૃષ્ણના પરોક્ષમાં શ્રી

મહાપ્રભુજી દ્વારા શરણસિદ્ધિ, શ્રીમહાપ્રભુજીના પરોક્ષમાં તેમના ગ્રંથો દ્વારા શરણસિદ્ધિ અને ગ્રંથોના પરોક્ષમાં ભગદીયો દ્વારા શરણસિદ્ધિ થાય છે. શરણસિદ્ધિ માટે સતત અષ્ટાક્ષરમંત્રનું રટણ કરવું. શરણાગત ભકત લૌકિક કલેશથી કંટાળતો નથી.

શિક્ષાપત્ર-૫

પાંચમાં શિક્ષાપત્રમાં **૧૦ શ્લોકોમાં** હમેશાં **ભાવાત્મક પ્રભુનો વિરહતાપ-કલેશ કરવાનું** બતાવે છે. મન, કર્મ, વચનથી શ્રીવલ્લભમાં દૃઢ પ્રેમ રાખવો. તેમની કૃપાથી હૃદયમાં તાપભાવ પ્રગટ થાય. તાપભાવથી દૈન્ય આવે. દૈન્યથી વિરહભાવના થાય. વિરહભાવનાથી ભાવાત્મક પ્રભુ હૃદયમાં પધારે.

આ ભાવાત્મક સ્વરૂપ વ્રજમાં યશોદાજીને ત્યાં પ્રગટ થયું. તેમની બાલભાવે સેવા કરવી. રાસાદિ લીલાનું ચિંતન કિશોરભાવે કરવું. પ્રભુનું વિપ્રયોગાત્મક સ્વરૂપ શ્રીસ્વામિનીજીના હૃદયમાં પ્રગટ થયું. શ્રીસ્વામિનીજી સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની ઉગ્ર ભાવે ભાવભાવના કરવી.

તાપભાવ ન થાય તો -

૧. શ્રીવલ્લભના ચરણનો આશ્રય રાખવો.
૨. ગ્રંથોનું સેવન કરવું.
૩. ભગવદીયોનો સંગ કરવો.
૪. અષ્ટાક્ષરનું રટણ કરવું.
૫. પોતાના દોષ વિચારવા.
૬. લૌકિક-વૈદિક ભાવો છોડવા.

શિક્ષાપત્ર-૬

છઠ્ઠા શિક્ષાપત્રના **૧૫ શ્લોકોમાં જીવોના પ્રકાર** અને **ધૈર્યનું રક્ષણ** એમ બે મુદ્દાઓ વિશે આજ્ઞા કરવામાં આવી છે. પ્રભુની ત્રણ પ્રકારની ઈચ્છામાંથી ત્રણ પ્રકારના જીવો પ્રગટ થયા. પુષ્ટિ, મર્યાદા અને પ્રવાહી. પુષ્ટિજીવો પ્રભુના વિશેષ કૃપાપાત્ર જીવો છે, તેથી અંગીકૃત જીવોને પ્રભુ દુન્યવી વ્યવહારોમાં સ્વસ્થતા આપતા નથી. આવા ભકતોનાં અનિષ્ટોને પ્રભુ પોતે દૂર કરે છે, માટે સર્વ પ્રકારનાં દુઃખોમાં ધૈર્ય રાખવું.

શિક્ષાપત્ર-૭

સાતમા શિક્ષાપત્રના **સાત શ્લોકોમાં સેવામાં ચિત્તની એકાગ્રતા કેવી રીતે થાય** તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ચિત્તની એકાગ્રતા માટે ત્રણ બાબતોનો ત્યાગ જરૂરી છે :

૧. ભોગેચ્છા
૨. લૌકિક આસક્તિ અને પ્રતિષ્ઠા
૩. વૈદિક ધર્મો અને તેનું ફળ.

વૈષ્ણવોના ગૃહસ્થાશ્રમ સેવા માટે જ છે. સેવામાં મુખ્ય સાધન ભાવ છે. ભાવ નિધિરૂપ છે, માટે તેનું રક્ષણ કરવું જોઈએ.

શિક્ષાપત્ર-૮

આઠમા શિક્ષાપત્ર **૧૧ શ્લોકોમાં દૃઢ વિશ્વાસ અને અન્યાશ્રયનું** સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. અન્યાશ્રય મહાન બોધક છે, તેથી હમેશાં તેનાથી દૂર રહેવું આપણા પ્રભુ સર્વસામર્થ્યયુક્ત છે, તેથી તેઓ આપણા આ લોક અને પરલોકને સિદ્ધ કરશે એવો દૃઢ વિશ્વાસ રાખવો; તેથી જ આપણું સર્વ પ્રકારે કલ્યાણ થશે.

દૃઢ વિશ્વાસ અને અન્યાશ્રયત્યાગ માટે સત્સંગ ખૂબ આવશ્યક સાધન છે.

શિક્ષાપત્ર-૯

નવમા શિક્ષાપત્રના **૩૫ શ્લોકોમાં પ્રેમ, આસક્તિ અને વ્યસન**નું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ ત્રણ અવસ્થાઓની સિદ્ધિ માટે પ્રભુનો વિરહતાપ જરૂરી છે. તેથી પ્રભુનાં દર્શનની આર્તિ સદા હૃદયમાં બની રહે તે માટે **એકથી અઢાર શ્લોકમાં કિશોર સ્વરૂપનું ૩૭ પદાવલિઓથી નિરૂપણ** કરવામાં આવ્યું છે.

અહીં પ્રેમનું સ્વરૂપસમજાવતાં આજ્ઞા કરી કે અન્ય બાબતોમાંથી રાગની નિવૃત્તિ એટલે ભગવત્પ્રેમ, દેહ અને ગેહને બાધા કરનારી અને પ્રભુમાં વિશેષરૂપે પ્રગટતી આર્તિ એટલે આસક્તિ. સર્વની વિસ્મૃતિ અને કેવળ ભગવત્સ્મૃતિ એટલે વ્યસન.

આવો ભાવ કેવળ શ્રીમહાપ્રભુજીની કૃપાથી જ સિદ્ધ થાય. બીજા કોઇ સાધનથી સિદ્ધ થાય નહિ.

ભાવબાધકતાનાં બે કારણો છેઃ અસમર્પિત અને દુઃસંગ.

ભાવની વૃદ્ધિ માટેનો ઉપાયઃ માર્ગનિષ્ઠા અને દૃઢ આશ્રય.

૧. માર્ગનિષ્ઠ આપણા જ્ઞાનથી ન થાય.

૨. માર્ગનિષ્ઠા કેવળ વાતોથી ન થાય.

૩. શ્રીમહાપ્રભુજીનાં વચનામૃત ગુરુ અને વૈષ્ણવ પાસેથી વારંવાર સમજવાથી થાય.

૪. શ્રીમહાપ્રભુજીનાં વચનોનો અર્થ સ્વબુદ્ધિથી ન કરવો; પરંતુ માર્ગના સિદ્ધાંત અનુસાર વિચારવો.

૫. આમ સિદ્ધાંતોના સત્સંગ, મનન, ચિંતનથી માર્ગનિષ્ઠા થતાં આશ્રયની દઢતા થાય છે. આશ્રય દઢ થતાં ભાવ પ્રગટ થાય છે.

શિક્ષાપત્ર-૧૦

દસમા શિક્ષાપત્રના **આઠ શ્લોકોમાં નવ પ્રકારનાં દુઃખોનું નિરૂપણ છે.** પ્રભુ પોતાના અંગીકૃત જીવોને સ્વરૂપાનંદનું દાન આપવા માટે આ નવ પ્રકારની આર્તિ આપે છે. તેથી જીવનમાં આવતાં આ નવ પ્રકારનાં દુઃખ વાસ્તવમાં દુઃખ નથી, પણ પ્રભુની દયારૂપી દાન છે.

આ **દુઃખોને બે વિભાગમાં** વહેંચી શકાય :

૧ ફળ માટેની આર્તિ

૨ સાધન માટેની આર્તિ.

ફળ માટેની આર્તિમાં **નિજાર્તિનો અનુભવ** થાય છે. પોતાના ભક્તોની દર્શન માટેની આતુરતા એટલે નિજાર્તિ-પુષ્ટિમાર્ગીય કામનું સ્વરૂપ છે. પ્રારંભમાં પ્રભુનો આનંદ મેળવવા જીવ આવી આર્તિ રાખે છે. પછી પોતાના આનંદનો ભક્ત દ્વારા અનુભવ કરવા પ્રભુ આવી આર્તિ રાખે છે.

સાધન આર્તિ નીચે પ્રમાણે છે :

૧ **લૌકિક આર્તિ** - સંસારની આસકિત છોડાવવી. સંસાર-આસકિત લોકસંપર્કથી વધે. મધુર અનુભવથી વધે. કટુતાથી ઘટે, તેના બે પ્રકાર : (૧) વસ્તુ કે વ્યકિતની અપ્રાપ્તિ. (૨) મળેલાનો કડવો અનુભવ.

૨ **સ્વાર્તિ** - સ્વ એટલે ધન, જ્ઞાતિ, અંતઃકરણ, આત્મા વગેરે. પોતાને પોતાના કામનો અસંતોષ થવો. તેમાંથી ઉદ્વેગ થવો અને અસ્થિરતા આવવી.

૩ **શરીર આર્તિ** - સુંદર શરીરનું અભિમાન- તે દૂર કરવા રોગ, નિર્બળતા, હીન જાતિમાં જન્મ આપે છે.

૪ **બંધુઆર્તિ** - સ્વજનોના સંગથી દુઃખ થવું. વગર પ્રયોજને મળવું તેનું નામ

સંગ. પ્રયોજનવશાત્ મળવું તે પ્રસંગ. દોષયુકત લોકોને મળવું તે દુઃસંગ. વૈષ્ણવોને મળવું તે સત્સંગ. સ્વજનો છૂટવાથી એકલતા લાગે. તેથી દીનતા આવે. દીનતાના ત્રણ પ્રકારઃ ૧. પ્રવાહી=બાપડા બનવું. ૨. મર્યાદા=મોક્ષની ચિંતા કરવી. ૩. પુષ્ટિ=પ્રભુ માટે વિરહતાપ કરવો.

૫ **દેશાર્તિ** - દેશ છોડવો પડે, પરદેશ જવું પડે. ઇચ્છિત સ્થાનમાં ન જવાય. આશ્રય- સ્થાનથી મનોબળ વધે છે. તે છોડવાથી નિરાધારતાનો અનુભવ થાય છે. લીલાભૂમિમાં ન જવાનું દુઃખ તે પણ દેશાર્તિ છે.

૬ **સાધનાર્તિ** - નાના કારણ માટે મોટું કામ ઉપાડવું તેનું નામ મોહ. જીવનનું સુખ એ ખૂબ નાનું કામ છે. તે માટે જીવનભર પ્રવૃત્તિમાં ડૂબી જવું તે મોહ. તે છોડાવવા ત્રણ પ્રકારની સાધન આર્તિ આપે છેઃ ૧. સાધનનો અભાવ ઊભો થવો. ૨. ઉપયોગ કરવાની પ્રતિકૂળતા હોવી. ૩. સાધનની નિરર્થકતા અથવા નિષ્ફળતા. આને લઇને ત્રણ બાબતમાંથી મોહ ચાલ્યો જાયઃ સાધનના સ્વરૂપમાંથી. સાધનની માલિકીમાંથી, સાધનની શકિતમાંથી.

૭ **નિર્વાહ આર્તિ** - નિર્વાહ એટલે નિત્ય પ્રાપ્તિ. ભક્તિની નિત્ય પ્રાપ્તિમાં વિલંબ થવો એ સજા છે. તેનો દંડ ત્રણ રીતે મળે છેઃ ૧. પ્રારબ્ધ ભોગવવું - તેના કારણે જીવન-નિર્વાહમાં પણ મુશ્કેલીઓ આવે છે. ૨. જીવની ભકિત માટેની તાલાવેલી પરીક્ષા કરવા માટે પણ વિલંબ કરાવે છે. ૩. ભકિતની નિત્ય પ્રાપ્તિ માટે વિલંબથી ફળ આપે. પરંતુ મોક્ષ નથી આપતા.

૮ **વેદસાધ્યાર્થ આર્તિ** - ધર્મમાર્ગની અસ્થિરતા જણાય. વેદે બતાવેલા પુરુષાર્થ સિદ્ધ ન થવાથી તેનું દુઃખ થાય. આ મનોદુઃખ કાયમી નથી, તેના કારણે ચિત્ત પ્રભુમાં લાગે છે.

આ સર્વ પ્રકારની આર્તિથી ભક્તનાં લૌકિક અને વૈદિક કર્મો છૂટી તેનું મન પ્રભુમાં લાગે છે.

૧૦ શિક્ષાપત્રોના અંતે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે ''અહિતં નિજ ભકતાનાં વિદધાતિ હરિર્ન હિ'' પ્રભુ પોતાના ભકતોનું કદાપિ અહિત કરતા નથી.

આમ, પ્રથમ દસ શિક્ષાપત્રોનો પહેલો ગુચ્છ પૂરો થયો. દરેક ગુચ્છનું પહેલું શિક્ષાપત્ર પુષ્પમાળાના સુંદર થાક જેવું છે. તે સમગ્ર ગુચ્છનો સાર આપે છે.

હવે આપણે ૧૧ થી ૨૦ શિક્ષાપત્રનો બીજો ગુચ્છ જોવાનો છે.

શિક્ષાપત્ર : ૧૧

સર્વદા સર્વભાવૈક હેતુભૂતેષુ સર્વથા ।
શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ॥૧॥

સર્વ ભાવોને ઉત્પન્ન કરવામાં શ્રીમદાચાર્યજીનાં ચરણારવિન્દ મુખ્ય હેતુરૂપ છે; માટે સર્વદા મનને તન્મય કરી, તેમાં સ્થિર કરવું (૧)

તત એવ કૃતાર્થત્વં નિશ્ચયઃ ક્રિયતાં હૃદિ ।
આસુરત્વં વિનિશ્ચેયમન્યત્તત્સામ્યવાદિષુ ॥૨॥

હૃદયમાં એવો નિશ્ચય કરવો કે એવું કરવામાં (જીવનની) કૃતાર્થતા રહેલી છે. તેનાથી કોઇ બીજું કહે, અગર તેની બરોબરી કરાવે, તો તેમાં આસુરીપણાનો નિશ્ચય કરવો. (૨)

શ્રીકૃષ્ણઃ સર્વદા સ્મર્યઃ સર્વલીલાસમન્વિતઃ ।
ભકતૈહૃદયસ્થાયી સકલઃ પુરુષોત્તમઃ ॥૩॥

સર્વ લીલાયુકત શ્રીકૃષ્ણનું સર્વદા સ્મરણ કરવું. કલાયુકત તે પુરુષોત્તમ ભગવાન કેવળ ભકતના હૃદયમાં નિત્ય બિરાજે છે. (૩)

ગુણગાનં તથા દુઃખભાવનં દૈન્યમેવ ચ ।
તથા ત્યાગઃ સિદ્ધદશ કૃત્યમેતચ્ચતુષ્ટયમ્ ॥૪॥

ગુણગાન, વિપ્રયોગની આર્તિ, દીનતા ને ત્યાગ- આ ચારેય સિદ્ધિની દૃષ્ટિવાળાને કાર્ય છે. (૪)

ગુણગાનં ભાગવતાત્ સેવયા દુઃખભાવનમ્ ।
તદ્દૈન્યભાવવદ્ દૈન્યં ત્યાગો વિરહભાવતઃ ॥૫॥

શ્રી ભાગવતના પાઠ દ્વારા ગુણગાન કરવાં, સેવા દ્વારા દુઃખની ભાવના કરવી; દીનતાના ભાવથી દૈન્ય સિદ્ધ કરવું અને વિરહના ભાવથી ત્યાગ સિદ્ધ કરવો. (૫)

એતચ્ચતુષ્ટયં સિદ્ધં યદિ નાન્યદપેક્ષિતમ્ ।
સર્વસ્ય મૂલં સત્સંગસ્તદભાવે ન સિદ્ધયતિ ॥૬॥

જો આ ચતુર્વિધ વસ્તુ સિદ્ધ થાય, તો બીજું કંઇ મેળવવાનું બાકી રહેતું નથી. આ સર્વનું મૂળ સત્સંગ છે. જો સત્સંગ ન હોય, તો ફળ સિદ્ધ થાય નહિ. (૬)

શિક્ષાપત્ર અગિયારમું

"સ્મરણાદિ ચતુષ્કસ્ય તથા ઐકાદશે કથા"

આ એકાદશ શિક્ષાપત્રમાં ભગવદ્ ગુણગાનરૂપી સ્મરણ, દુઃખભાવન, દૈન્ય અને ત્યાગ- એ આપણા વૈષ્ણવમાત્રનાં ચાર કર્તવ્યો શ્રીહરિરાયચરણ આપણને સમજાવે છે.

આ શિક્ષાપત્રના શ્લોકની કુલ સંખ્યા છની છે. આપણા સંપ્રદાયમાં જેમ દરેક પદાર્થની અલૌકિક ભાવના છે, તેમ આંકડાઓની પણ ભાવના છે. છનો આંક એ ષડ્‌વિધ, ઐશ્વાર્યાદિ દિવ્ય ધર્મો જેમણે અંગીકાર કર્યા છે, એવા પૂર્ણ પુરુષોત્તમના ધર્મસ્વરૂપનું સ્મરણ કરાવે છે. માટે છ શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણ આપણને એમ સમજાવી રહ્યા છે કે આ છ શ્લોકમાં જે સિદ્ધાંત હું તમને કહું છું એ જો તમે તમારા જીવનમાં ઉતારશો તો ભગવત્કૃપાથી એ પરમાનંદ-સ્વરૂપની તમને પ્રાપ્તિ થશે.

સર્વદા સર્વભાવેક-હેતુભૂતેષુ સર્વથા ।
શ્રીમદાચાર્યપાદેષુ સ્થાપ્યતાં તન્મયં મનઃ ॥

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : આ માર્ગમાં આવેલા વૈષ્ણવે, આ માર્ગમાં ભગવદ્કૃપા પ્રાપ્ત કરવી હોય તો એનું મન શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં સ્થાપન કરીને ચાર કર્તવ્યો બજાવવાં પડશે. આ ચાર કર્તવ્યો આપણે સમજવાં છે. એને સમજવા માટે આપણે આપણા શરીરને અને મનને સમજવું પડશે, કારણ કે આ ચારે કર્તવ્યો આખરે તો આપણે મન અને શરીર દ્વારા કરી શકવાના છીએ.

ભવગદીયોએ એવું સમજાવ્યું કે આપણું જે બહારનું શરીર છે, જે કલેવર છે, એ શ્રીયમુનાજીના પુલિન પર આવેલ વિશુદ્ધ મથુરાતટ છે. એ શરીરને આપણે કેવળ ભૌતિક શરીર તરીકે જોવાનું નથી. શ્રીહરિરાયચરણે ચોર્યાશી વૈષ્ણવોની વાર્તાના ભાવપ્રકાશના પ્રારંભમાં ખૂબ સુંદર રીતે આ વાત બતાવી દીધી કે જ્યારે આપણે માતાની કૂખે જન્મ લીધો, આ માનવદેહ ધારણ કર્યો, ત્યારે આપણો આધિભૌતિક જન્મ થયો. આપણે મનુષ્ય બન્યા. ચોર્યાસી લાખ જુદાં-જુદાં પ્રાણીઓમાં મનુષ્ય-યોનિ સર્વશ્રેષ્ઠ છે. શ્રીસુબોધિનીજી-માં શ્રીમહાપ્રભુજી આપણને એમ સમજાવે છે કે, ભવગત્પ્રાપ્તિ માટે મનુષ્ય-યોનિ ખૂબ

જરૂરી છે. દેવો ભગવત્પ્રાપ્તિ કરી શકતા નથી. દેવયોનિથી ભગવત્પ્રાપ્તિ થતી નથી. એને માટે મનુષ્ય-યોનિ ધારણ કરવી પડે. મનુષ્ય-યોનિ દ્વારા જ ભગવત્પ્રાપ્તિ થાય. એવી એ મનુષ્યયોનિમાં જન્મ્યા પછી જયારે આપણને શ્રીમહાપ્રભુજીની કૃપાથી બ્રહ્મસંબંધ થયું, ત્યારે આપણો બીજો જન્મ થયો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બીજો જન્મ એટલે આધ્યાત્મિક જન્મ. આપણે મનુષ્ય હતા, હવે આપણે વૈષ્ણવ બન્યા.

મનુષ્ય જયારે ધર્મને સ્વીકારે, ત્યારે જ એ મનુષ્ય કહેવાય. આપણે વૈષ્ણવ-ધર્મ સ્વીકાર્યો. આપણો બીજો જન્મ થયો. હવે આ દેહ નકામો નથી રહ્યો, એ મોજશોખમાં ખર્ચી નાખવા માટેનો નથી રહ્યો, એ પ્રમાદ અને પ્રમોદની અંદર વેડફી નાખવા માટેનો નથી રહ્યો, હવે તે ભગવત્સેવા અને સ્મરણ કરવા માટે ખૂબ જરૂરી બન્યો છે. માટે આપણો દેહ એ વિશુદ્ધ મથુરાતટ છે.

આવા દેહની અંદર એક આંતરિક દેહ છે, એક લિંગ શરીર છે, જેને આપણે અંતઃકરણ કહીએ છીએ. આ અંતઃકરણ ભારે નટખટ છે. આપણા બહારના શરીરને નચાવે છે. સામાન્ય ભાષામાં કહીએ તો આપણને જે વિચાર આવે છે, આપણને જે મન થાય છે, આપણને જે લાગણીઓ થાય છે, આપણને જે બુદ્ધિ થાય છે, એ બધું જો ભેગું કરીએ તો એનું નામ છે અંતઃકરણ. અંતઃકરણમાં ચાર બાબતોનો સમાવેશ થાયઃ એક મન, બીજી બુદ્ધિ, ત્રીજું ચિત્ત, ચોથો અહંકાર. આ ચાર બાબતો ભેગી થાય, એને અંતઃકરણ કહેવાય.

હવે વૈષ્ણવ બન્યા પછી સેવા અને સ્મરણ કરવા માંડયા પછી, આ ચારેય બાબતોરૂપી જે અંતઃકરણ છે તે ફેંકી દેવા જેવું નકામું નથી રહ્યું, પણ ભારે જતનપૂર્વક સાચવી રાખવા જેવું કીમતી બન્યું છે, ભગવદીઓ કહે છે કે આપણું આ અંતઃકરણ એ વિશુદ્ધ મથુરાતટ પ્રદેશ પાસે આવેલી વ્રજભૂમિ છે. વ્રજ ચોર્યાસી કોસ છે. વ્રજદેશરૂપી અંતઃકરણ અને વિશુદ્ધ મથુરાતટરૂપી શરીરની અંદર ભકિતરૂપી શ્રીયમુનાજી બિરાજે છે. શ્રીયમુનાજીનો પ્રેમભકિતરૂપી પ્રવાહ વહી રહ્યો છે.

મનનો સ્વભાવ છે કે એ પરતંત્ર બનતું નથી, એ કોઇનું થઇને રહેતું નથી. પણ હંમેશાં કુંવારું અને કુંવારું રહે છે. મન કદી કોઇને પરણતું નથી. વ્રજમાં જે વ્રજભકતો છે, એમાં નંદાલયમાં નંદબાવાને ત્યાં જ કુમારિકા વ્રજાંગનાઓ છે, એમણે નંદગોપસુત સિવાય બીજા કોઇની સાથે પોતાના મનને જોડયું નથી. એટલે મન એ કુમારિકા વ્રજભકતોનું સ્વરૂપ છે. કુમારિકા વ્રજભકતો શું કરતાં? યશોદામાની સાથે નંદનંદનની ટહેલ કરતાં-કરતાં, નંદ-નંદનના ગુણગાન ગાતાં:

'મથન કરે મોહનજશ ગાવે, સુમરસુમર હરિગુણ સચુ પાવે'

ગુણગાન કુમારિકાઓને ખૂબ પ્રિય. મનને પણ ગુણગાન ખૂબ પ્રિય, એટલે મન દ્વારા ગુણગાન થાય, કુમારિકાની ભાવનાથી. શ્યામસુંદરને પ્રિય એવા નાનકડા મનરૂપી ગોકુળમાં રહીને એ મુરલીમનોહરનાં ગુણગાન ગાવાં, એ મનનું કાર્ય છે.

અંતઃકરણમાં બીજું તત્ત્વ છે બુદ્ધિ. બુદ્ધિ એટલે જ્ઞાન અને જ્ઞાનનું મૂળ એટલે વેદ. માટે બુદ્ધિ એ શ્રુતિરૂપા વ્રજભકતો. જે વેદનાં શ્રુતિઓ હતાં, જે વ્રજાંગનાઓરૂપે વ્રજમાં પ્રગટ થયાં હતાં, એમનું સ્વરૂપ છે. આ શ્રુતિરૂપા વ્રજભકતો લૌકિક રીતે લૌકિક પતિને વરવા છતાંય મનથી તો પોતાના અલૌકિક સ્વામી એવા શ્રી મોહનવરને વરેલાં હતાં. માટે આપણી બુદ્ધિને જો કોઇની સાથે વરાવવી હોય, પરણાવવી હોય, તો શ્યામસુંદર સાથે જોડી દેવા જેવી છે. શ્રુતિરૂપા વ્રજભકતો એટલે વૃંદાવન. રાસલીલા એ જ એમનો ઇચ્છિત મનોરથ. રાસ દરમ્યાન પ્રભુએ એમને વિરહનું દાન કરીને દુઃખભાવન કરતાં શીખવ્યું. બુદ્ધિ જેને હોય એને દુઃખ થાય. લૌકિકમાં પણ જેનામાં બુદ્ધિ વધારે એને દુઃખ વધારે. અહીં પણ પ્રભુ સાથે જેની અલૌકિક બુદ્ધિ વિશેષ જોડાય, એને ભગવત્પ્રાપ્તિનું અલૌકિક દુઃખ પણ વધારે થાય.

અંતઃકરણનું એક ત્રીજું તત્ત્વ છે ચિત્ત. આ ચિત્ત એવું છે કે એક વખત એક જ બાબતમાં લાગે. પ્રયત્ન કરી જોજો, એક વખતે બે બાબતમાં લગાડવા. લાગે છે ખરું? કદી નહિ લાગે. ચિત્તનો સ્વભાવ છે એકને વળગવું. અને એકને જ વળગીને, એકનાં જ બની રહ્યાં વ્રજમાં વૃષભાનદુલારી શ્રીરાધિકાજી. બીજું કોઇ નહિ. એમનો સ્વભાવ છે, દૈન્ય. ચિત્તમાં દીનતા કરી, માન પણ એટલું કર્યું, અને દાન પણ એટલું કર્યું.

અંતઃકરણનું ચોથું તત્ત્વ છે અંહકાર, અભિમાન. લૌકિક અભિમાન ભકિતની અંદર બહુ જ બાધક છે. પરંતુ હું પ્રભુનો છું, પ્રભુ મારા છે, એવું જે સૌભાગ્યનું અભિમાન એ ભગવદ્‌ભાવમાં સાધક છે. આવું સૌભાગ્યનું અભિમાન શ્રીગિરિરાજબાવાની કૃપાથી પ્રાપ્ત થયું શ્રી પુલિન્દીઓને. હતાં સામાન્ય વનવાસિની. વર્ણાશ્રમની દૃષ્ટિએ જોઇએ તો શૂદ્ર જાતિનાં, જેમને સેવાનો અધિકાર નથી એવાં. એ પુલિન્દીઓ શ્રી ગિરિરાજજીની તળેટીમાં વસે. એટલે અહંકારનું સ્થાન છે શ્રી ગિરિરાજજીની તળેટી. પુલિન્દીઓએ પ્રભુના સુખ માટે પોતાના સુખનો ત્યાગ કર્યો છે. અહંકાર પણ આપણને ઘણી બાબતોનો ત્યાગ કરતાં શીખવે છે.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, કે વૈષ્ણવનાં ચાર મુખ્ય કર્તવ્યો છેઃ પહેલું કર્તવ્ય પ્રભુનાં ગુણગાન કરવાં, બીજું કર્તવ્ય દુઃખનું ભાવન કરવું, ત્રીજું કર્તવ્ય દૈન્ય રાખવું, ચોથું કર્તવ્ય ત્યાગ રાખવો. આ ચારે કર્તવ્યો માટે આપણું અંતઃકરણ ખૂબ જરૂરી અને ઉપયોગી છે. આ ચાર કર્તવ્યો બજાવવાનું આપણામાં સામર્થ્ય નથી.

એના માટે બે બાબતોની આવશ્યકતા પડે છે. સૌથી પહેલું, શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય.

તમે જોશો કે એવું એક પણ શિક્ષાપત્ર નથી, કે જયાં શ્રીહરિરાયચરણે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવાનું ન કહ્યું હોય. તે પુષ્ટિમાર્ગનો પાયો છે. આશ્રય કરવો એટલે શું કરવું? એક વૈષ્ણવે પૂછેલું, કે શિક્ષાપત્રમાં વારંવાર આવે છે કે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો. શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો એટલે અમારે શું કરવું? આશ્રય કરવો એટલે એમના બનીને રહેવું. એમનામાં પૂરો વિશ્વાસ રાખવો. એમણે કરેલી આજ્ઞાઓનું પૂરેપૂરું પાલન કરવું.

પુત્ર હોય એ પિતાનો આશ્રય કરીને રહે છે. પુત્રને એના પિતા ઉપર શ્રદ્ધા છે. મારી જીવનજરૂરિયાતો મારા પિતા મને આપશે. પિતાની આજ્ઞા પુત્ર પાળે છે. પિતાની આજ્ઞા પ્રમાણે પુત્ર કાર્ય કરે છે.

આપણે પણ શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો એટલે બે બાબતોને જીવનમાં ઉતારવી. પહેલી બાબત શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓનું પાલન કરવું અને બીજી બાબત છે શ્રીમહાપ્રભુજી ઉપર દૃઢ વિશ્વાસ રાખીને રહેવું.

શ્રીહરિરાયજી અહીં આજ્ઞા કરે છે કે તમને કદાચ જો કોઇ એમ કહે કે આ દુનિયામાં શ્રીમહાપ્રભુજી સમાન બીજું પણ કોઇ છે; તો તમારે એમ માનવું કે એ માણસ આસુરી છે, એ વૈષ્ણવ નથી. શ્રીમહાપ્રભુજીની સમાન બીજું કોઇ જ નથી. શ્રીગુસાંઇજીએ પણ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ સમજાવતાં આજ્ઞા કરી, કે ભૂતકાળમાં આપના સમાન બીજું કોઇ હતું નહીં અને ભવિષ્યમાં કોઇ થશે પણ નહિ.

એક પ્રસંગ યાદ આવે છે : શ્રીમહાપ્રભુજીમાં આવો દૃઢ આશ્રય રાખનાર એક વૈષ્ણવ થઇ ગયા. અમદાવાદમાં તેઓ ગયેલા. ત્યાં તેમના સાંભળવામાં આવ્યું કે એક વિદ્વાન શાસ્ત્રીજી શ્રી સુબોધિનીજીની સુંદર કથા કહે છે, એટલે સાંભળવા ગયા. ત્યાં શાસ્ત્રીજીએ એમ કહ્યું કે ''દુનિયામાં જેમ અનેક રામભટ્ટ હોય, એમ આ વલ્લભભટ્ટ પણ થઇ ગયા, જેમણે આ સુબોધિનીજી લખી અને એવા વલ્લભભટ્ટનાં વખાણ એમના દીકરાએ કર્યાં. બાપનાં વખાણ દીકરો કરે એમાં શી નવાઇ?'' આ સાંભળતાની સાથે જ પેલા વૈષ્ણવ ઊભા થઇ ગયા, અને કહે કે ''શાસ્ત્રીજી, તમે શું બોલો છો? શ્રીમહાપ્રભુજીના સ્વરૂપ વિષે તમે વૈષ્ણવોને આવું સમજાવો છો? એમણે નિર્ભયતાથી કહ્યું, ''વૈષ્ણવો, તમે જો આ કથા સાંભળશો તો બહિર્મુખ થઇ જશો.'' એમ કહી એ તો ચાલ્યા ગયા. જેમણે કથા બેસાડી હતી એ વૈષ્ણવે બીજા દિવસે પેલા વૈષ્ણવને કહ્યું, ''ભાઇ, મારે હવે શું કરવું? ધર્મસંકટ આવ્યું.'' ત્યારે એમણે તો કહ્યું

કે, 'અડધી કથા સાંભળશો તો અડધો અપરાધ લાગશે અને આખી કથા કરાવશો તો આખો અપરાધ લાગશે.' શ્રીમહાપ્રભુજી સમાન દુનિયામાં બીજું કોઇ નથી, ન હોઇ શકે. જે એમ કહે કે શ્રીમહાપ્રભુજી સમાન બીજું કોઇ છે તો એને આસુરી જાણવો.

આમ, શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ રાખીને પહેલું કર્તવ્ય, ગુણગાન કેવી રીતે કરવાં, એનો પાયો બતાવવા માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ગુણગાન કરવા માટે શ્રીઠાકોરજીના સ્વરૂપનું સ્મરણ કરવું જોઇએ.

શ્રીકૃષ્ણઃ સદા સ્મર્યઃ સર્વલીલાસમન્વિતઃ ।
ભકતૈકહૃદયસ્થાયી સકલઃ પુરુષોત્તમઃ ॥

આપણે પણ શ્રીઠાકોરજીના સ્વરૂપનું સ્મરણ તો કરીએ જ છીએ. નથી કરતા એમ આપણે નહીં કહીએ. ઊઠીએ એવા તરત જ શ્રીઠાકોરજીનું નામ યાદ કરીએ છીએ. નાહીને પણ આપણે સ્તોત્ર પાઠ બોલીએ છીએ. કયારેક સૂઇ જતી વખતે પણ પ્રભુનું નામ યાદ કરીને સૂઇ જઇએ છીએ. પણ અહીં શ્રીહરિરાયચરણ શ્રીકૃષ્ણ-પૂર્ણ પુરુષોત્તમ પ્રભુનાં ચાર સ્વરૂપોનું નિરૂપણ કરે છે કે એમનું ચાર સ્વરૂપે સ્મરણ કરવું.

તમે કહેશો કે શ્રીઠાકોરજીનાં ચાર સ્વરૂપ કેવી રીતે? આપણે દર્શન કરીએ ત્યારે કેટલાં સ્વરૂપનાં દર્શન થાય છે? આપણને એક જ સ્વરૂપનાં દર્શન થાય છે. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે પ્રભુ ચાર સ્વરૂપે દર્શન આપે છે; ચાર સ્વરૂપે બિરાજે છે; માટે એમનાં ચારેય સ્વરૂપે એમનું સ્મરણ કરવું. કયાં-કયાં ચાર સ્વરૂપો? તો પહેલું સ્વરૂપાત્મક સ્વરૂપ, 'પુરુષોત્તમઃ' જેમની આપણે ઘરે સેવા કરીએ છીએ, મંદિરમાં જેમનાં આપણે દર્શન કરીએ છીએ એ સ્વરૂપાત્મક સ્વરૂપ છે. આંખ મીંચીને શ્રીજીબાવાના સ્વરૂપનું નામ લઇએ, એટલે શ્રીજીબાવાનું સ્વરૂપ આપણા નેત્રોની સમક્ષ ખડું થઇ જાય. આંખ મીંચીને શ્રી બાલકૃષ્ણલાલજીના સ્વરૂપનું સ્મરણ કરીએ એટલે શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ આપણી નજર સમક્ષ ખડું થઇ જાય છે. આંખ મીંચીને શ્રીગિરિરાજબાવાના સ્વરૂપનું સ્મરણ કરીએ એટલે શ્રીગિરિરાજબાવાનું સ્વરૂપ આપણી નજર સમક્ષ ખડું થઇ જાય. તો આ પુરુષોત્તમ સ્વરૂપે આપણને દર્શન આપે છે, એ જ સ્વરૂપ સર્વ વૈષ્ણવોને, સર્વ ભકતોને દર્શન આપનારું સ્વરૂપ છે. કોઇને ના નથી પાડતું કે હું તમને દર્શન નહીં આપું. જે જાય એ સૌને દર્શન આપે.

પરંતુ એમનું એક બીજું સ્વરૂપ છે, ભાવાત્મક સ્વરૂપ "સકલઃ" તમે કહેશો કે એ કયાં બિરાજે છે? તો શ્રીહરિરાયચરણ આક્ષા કરે છે, એ બધે બિરાજે છે. અત્યારે તમારા સૌની ગોદમાં એ સ્વરૂપ બિરાજી રહ્યું છે. જે સ્વરૂપની તમે ઘરે સેવા કરો છો, એ તમારા સેવ્ય સ્વરૂપ ભાવાત્મક રીતે. અલૌકિક પર્ણ પુરુષોત્તમ સ્વરૂપે તમારી ગોદમાં અત્યારે

બિરાજી રહ્યા છે. માટે આપણા પ્રાચીન ભગવદીયો આપણને એવી આજ્ઞા કરતા કે ભગવદ્વાર્તા સાંભળવા બેસીએ ત્યારે બરાબર પલાંઠી વાળીને બેસીએ. પછી પગને ઊંચા-નીચા નહિ કરવા; કારણ કે આપણા સેવ્ય પ્રભુ આપણી ગોદમાં બિરાજીને પોતાનાં યશોગાન શ્રવણ કરે છે. આપણે ફરિયાદ કરીએ છીએ કે પગ અકડાઇ જાય છે; પરંતુ એ જ માતા જયારે ત્રણ મહિનાના કે છે મહિનાના બાળકને ગોદમાં સુવાડીને બેઠી હોય, ત્યારે કદી ફરિયાદ નથી કરતી કે પગ અકડાઇ જાય છે. એ તો એમ કહે છે કે પગ એવી રીતે રાખું કે મારા બાળકને જરાયે શ્રમ ન પડે. હું ઘણી વાર વિચાર કરું કે આપણી ગોદમાં એ છ દિવસના લાલ, જેમણે શકટભંજનલીલા કરી, એવા શ્રીબાલકૃષ્ણલાલજી બિરાજયા હોય. ભગવદ્વાર્તાના પોતાના ચરિત્રનો આનંદ લઇ રહ્યા હોય, અને પછી ઘડીકમાં આપણો ડાબો પગ અધ્ધર ઉછાળીએ તો ઘડીકમાં જમણો પગ અદ્ધર ઉછાળીએ; ઘડીકમાં બે પગ આમ સીધા કરી દઇએ, તો એ સ્વરૂપને કેટલો બધો પરિશ્રમ કરવો પડે! આ ભાવાત્મક સ્વરૂપ છે, ભકતોદ્ધારક સ્વરૂપ છે. જે સ્વરૂપે શ્રીગોવિંદસ્વામી, કુંભનદાસજી આદિ સૌની સાથે ખેલતા હતા એ ભાવાત્મક સ્વરૂપ. એ કૃપા કરે તો જ દર્શન થાય.

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજીનું ત્રીજું સ્વરૂપ છેઃ "ભકતહૃદયસ્થાયી." - અર્થાત્, ભકતોના હૃદયમાં બિરાજેલું સ્વરૂપ, રસાત્મક સ્વરૂપ.

આપણા હૃદયમાં પણ પ્રભુ રસાત્મક સ્વરૂપે બિરાજેલા છે. પરિણામે આપણને એમની ભગવત્સેવામાં અને વાર્તામાં આનંદ આવે છે. મને એક વૈષ્ણવે કહ્યુંઃ વૈષ્ણવ એટલે કોણ? એ પુસ્તકમાંથી એક વ્યાખ્યા લઇ આવ્યા કે જે વિષ્ણુના ભકત હોય એ બધા વૈષ્ણવ. મેં કહ્યું એ વાત ખોટી છે. વૈષ્ણવ કોણ, તો જેના હૃદયમાં વૈષ્ણવનો પહેલો 'વ' એટલે કે શ્રીવલ્લભ બિરાજયા છે, છેલ્લો 'વ' એટલે કે શ્રીવિઠ્ઠલ બિરાજયા છે, અને વચ્ચેનો 'ષ્ણ' એટલે શ્રીકૃષ્ણ બિરાજયા છે, સર્વ લીલાસંબંધિત, સર્વ લીલાસહિત... શ્રીવલ્લભ, શ્રીવિઠ્ઠલ અને શ્રીઠાકોરજીના જેના હૃદયમાં બિરાજયા હોય એ વૈષ્ણવ. માટે અહીં આજ્ઞા કરે છે કે પ્રભુનું જે ત્રીજું સ્વરૂપ છે, એ આ રસાત્મક સ્વરૂપ છે. હૃદયમાં બિરાજીને પોતાના અદ્ભુત આનંદરૂપી રસનું પાન કર્યા કરે છે. તમે જો પ્રભુની સેવામાં જોડાતાં હો, તો તમને આ વાતનો અનુભવ થશે કે શરીર ગમે તેટલું થાકેલું હોય યા અશકત હોય; ગમે તેવો રોગ હોય, પણ તમે એક વાર અપરસમાં-સેવામાં નહાઓ, એટલે તમને એટલો બધો આનંદ આવવા માંડે કે તમને તમારો રોગ ભુલાઇ જાય, તમારાં અશકિત અને થાક ભુલાઇ જાય, તમે અલૌકિક સાગરના આનંદમાં ડૂબી જાઓ. એ આનંદ કયાંથી આવ્યો? આપણી ભીતર બિરાજેલું રસાત્મક સ્વરૂપ પોતાનો રસ પ્રગટ કરીને આપણને એનો અનુભવ કરાવે છે. આ પ્રભુનું ત્રીજું સ્વરૂપ છે.

પ્રભુનું ચોથું સ્વરૂપ છે કલાત્મક. 'સર્વલીલા-સમન્વિતઃ' આપણે રોજ સેવા કરીએ છીએ, તમે શ્રીઠાકોરજીને શૃંગાર ધરતાં હશો, ત્યારે તેમાં બંસી પણ ધરો છો. પરંતુ કોઇ દિવસ ઠાકોરજીએ તેમને વેણુનાદ સંભળાવ્યો ખરો? જો ન સંભળાવ્યો હોય તો તમે કોઇ દિવસ એમને કહ્યું ખરું કે મહારાજ, તમે કેમ વેણુનાદ નથી સંભળાવતા? આ ઠાલી-ઠાલી હાથમાં પકડીને કેમ બેસી રહ્યા છો? ક્યારે વગાડશો? ક્યારે સંભળાવશો? તમે રોજ-રોજ કહ્યું અને છતાં વેણુનાદ ન કર્યો, તો તમે કોઇ દિવસ મીઠો ઝઘડો કર્યો ખરો? ના, કેમ કે આપણને તો એવું શીખવવામાં આવ્યું કે શૃંગાર ધરીને, શ્રીહસ્તમાં વેણુજી પધરાવી દેવાં. વાત પૂરી થઇ ગઇ. વગાડવી હોય તો વગાડે ન વગાડવી હોય તો કાંઇ નહીં. એમાં આપણે શું? કારણ, આપણી જીભની બંસી વાગ્યા કરતી હોય છે, સતત બોલવાની. ત્યારે પેલા વેણુનાદની આપણને જરૂર નથી પડતી પણ એ સ્વરૂપ જયારે કલાત્મક બને, એ સાક્ષાત્ પધારે, માગી-માગીને આરોગે તે કલાત્મક સ્વરૂપ છે, 'સર્વલીલાસમન્વિતઃ' એમને પકડીને કહેવાનું મન થઇ જાય, ''અનત ન જૈયે પિય રહિયે હમારે હિ મહલ.'' પણ આપણે કહીએ છીએ કે મહારાજ બીજે જાવ, અમને ફુરસદ નથી. હમણાં લગ્નગાળો છે એટલે મહાલવા જવું છે, માટે બીજાના ઘરે જાઓ, થોડા દિવસ માટે.

વ્રજભકતોએ કહ્યું, કે અમારી આંખો જો આપનાં સાક્ષાત્ દર્શન કરવાની ન હોય તો આંખોની અમારે જરૂર શી છે? પણ આ તો 'માંહી પડ્યા તે મહાસુખ માણે' જેવી વાત છે. એ આપણને નહિ સમજાય. આપણે તો અહીં મંદિરમાં આવીએ અને મનોરથ હોય તો દર્શન કરીએ. એક સમયે એક જ મનોરથનાં દર્શન થાય છે. છાકનાં થાય તો છાકનાં અને દાનનાં થાય તો દાનનાં. પરંતુ આ કલાત્મક સ્વરૂપ જયારે દર્શન આપે, હૃદયની અંદર એ લીલાનાં દર્શન થાય, ત્યારે એક જ સમયમાં વર્ષભરની, સર્વ લીલાનાં દર્શન એકી સાથે થવા માંડે.

પ્રભુની કૃપાને જીવ સમજી શકતો નથી. એક માણસને એમ પૂછવામાં આવ્યું કે લાડુનો સ્વાદ કેવો હોય? એણે કહ્યું કે ગળ્યો. એને એમ પૂછવામાં આવ્યું કે, મધનો સ્વાદ કેવો હોય? એણે કહ્યું ગળ્યો. એને એમ પૂછવામાં આવ્યું કે મધનો અને લાડુનો બંનેનો સ્વાદ એકસરખો લાગે? તો કહે ના. એ બંનેનો સ્વાદ એક જ નથી, પણ એને સમજાવી શકાતો નથી, અનુભવથી સમજી શકાય છે. આમ, આપણું પહેલું કર્તવ્ય છે, પ્રભુનું ગુણગાન કરવું, ગુણગાન કેવી રીતે કરવું, તો કહે છે, 'ગુણગાન ભાગવતાત્'. શ્રીમદ્ ભાગવત આદિ દ્વારા પ્રભુનું ગુણગાન કરવું. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં ગુણગાનનું બહુ સુંદર સ્વરૂપ બતાવે છે કે વૈષ્ણવોએ શા માટે પ્રભુનાં ગુણગાન ગાવાં

જોઇએ? આપ આજ્ઞા કરે છે કે ગુણગાન ગાવાથી આપણી વાણી શુદ્ધ બને છે, હૃદય પવિત્ર બને છે. પરિણામે, પ્રભુના સ્વરૂપની આપણને સમજ પડે છે. ગુણગાન કરતાં પહેલાં જે કંઇ ભગવદ્‌વાર્તા આપણે સાંભળી છે, એ આપણા હૃદયમાં ગુણગાન દ્વારા સ્થિર થાય છે. માટે પ્રભુનું ગુણગાન કરવું જોઇએ.

એક વાર નારદજી પ્રભુની પાસે આવ્યા. નારદજીએ પ્રભુને પૂછયું કે ‘‘મહારાજ, કેટલીક વાર હું ગોલોક ધામમાં આવું છું તો તમારો પત્તો નથી હોતો. તમારું મને કોઇ કાયમી સરનામું આપો કે જયારે હું ત્યાં આવું ત્યારે તમે ન હો એવું બને જ નહિ. ત્યાં હમેશાં માટે હો. ‘‘પ્રભુ કહે છે કે ‘નારદ, મારું કાયમી સરનામું એક જ છેઃ ‘‘મદ્‌ભકતાઃ યત્ર ગાયન્તિ તત્ર નિષ્ઠામિ નારદ.’’- મારા ભકતો જયાં મારાં ગુણગાન ગાય ત્યાં હું હમેશાં રહું છું. બીજે તો કદાચ રહું પણ ખરો, અને ન પણ રહું. પ્રભુને પોતાનાં ગુણગાન બહુ પ્રિય. એટલાં બધાં પ્રિય કે એક વાર દ્વારકામાં રુકિમણીજી આદિ સૌએ દેવકીમાને વિનંતી કરી કે, ‘મા, તમારા દીકરાનાં બાળપણનાં પરાક્રમો અમારે સાંભળવા છે, તે બીજું કોઇ કહે એમ નથી, માટે તમે જ કહો.’ બપોરનો સમય હતો, અષ્ટ પટરાણીઓ દેવકીમાની આજુબાજુમાં વીંટળાઇને બેઠેલાં હતાં. દેવકીમાની આંખમાં આંસુ આવી ગયાં, ‘મારા દીકરાનું બાળપણ તો મારી ગોદમાં વીત્યું નથી, પણ મેં જે વાતો સાંભળી છે તે હું કહીશ.’ એમણે દ્વારપાળને બોલાવી આજ્ઞા કરી કે અત્યારે કોઇનેય અંદર આવવા ન દઇશ. દ્વારપાળે હાથ જોડીને કહ્યું, ‘‘માજી, કદાચ ભગવાન પોતે પધારે તો!’ માજી કહે કે, ‘પોતે પધારે તોપણ નહિ.’ પછી શ્રીકૃષ્ણ-કનૈયાની બાળલીલાઓનું ગુણગાન કરવાનો દેવકીજી પ્રારંભ કરે છે સૌનાં નેત્રોમાંથી હર્ષનાં અશ્રુ ચાલ્યાં જાય છે. એટલામાં તો લીલાનાયક પ્રભુ પધાર્યા. પાછળ દાઉજી છે. ઉતાવળે પગલે માની પાસે પધારી રહ્યા છે. દ્વારપાળે હાથ જોડીને કહ્યું કે ‘મહારાજ! આજ્ઞા નથી.’ દાઉજી આગળ ધસી આવ્યા, ધક્કો માર્યો અને કહે કે કોણ કહે છે કે આજ્ઞા નથી? અમને આજ્ઞા નથી અમારા ઘરમાં? દ્વારપાળ કહે છે કે ‘હા, માતાજીની આજ્ઞા છે કે કોઇનેય અંદર જવા દેવાના નથી.’ પ્રભુએ દાઉભૈયાને શાંત પાડયા અને પોતે દ્વાર પાસે ઊભા રહી ગયા. કહે છે કે ભૈયા, આ તો સાંભળો, આપણી વાત થઇ રહી છે. દાઉભૈયા અને પ્રભુ પોતે બંને પોતાના બાળલીલાના પ્રસંગો સાંભળવામાં તલ્લીન થઇ ગયા. નારદજી આવીને ત્યાં ઊભા રહી ગયા. કલાકો વીતી ગયા, પણ પ્રભુ પોતે ત્યાં સ્થિર છે. વાર્તા પૂરી થઇ. પ્રભુએ નારદજી સામે જોયું અને કહ્યું કે ‘અરે, નારદ! તું પણ અહીં આવી ગયો છે?’ ‘મહારાજ, આપે કહ્યું હતું કે મદ્‌ભકતાઃ યત્ર ગાયન્તિ....! પ્રભુ કહે છેઃ હે નારદ, મને જો કોઇ સૌથી વધારે પ્રિય હોય તો તે મારા

ભકતો. તેઓ મારાં ગુણગાન ગાય છે, તે સાંભળવાનું બહુ પ્રિય લાગે છે.

શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીગુસાંઇજીએ શ્રીમહાપ્રભુજીનું નામ આપ્યું 'સ્વયશોગાનસહૃષ્ટહૃદયાંભોજવિષ્ટરઃ' આપણે બધાં કેમ શ્રીસર્વોત્તમજીનો પાઠ આટલો બધો કરીએ છીએ? એનું કારણ શું? આપણને મજા પડે છે માટે? ના, શ્રીમહાપ્રભુજીનું આ સ્વરૂપ છે, માટે.

જેમ શ્રીઠાકોરજીને પોતાનાં યશોગાન સાંભળવાં ગમે છે, એમ શ્રીમહાપ્રભુજીનાં પણ જયારે યશોગાન ગવાય છે ત્યારે એમનું હૃદયકમળ પ્રફુલ્લિત થઇને વિકસે છે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, કે ભગવદ્ ગુણગાન ગાવાથી પ્રભુ પ્રસન્ન થાય છે. શ્રીસુબોધિનીજીમાં તો ત્યાં સુધી આજ્ઞા કરી, કે માનો કે તમે મૌન ધારણ કર્યું હોય, વ્રત લીધું હોય, મૌન રહેવાનું. તો પણ ભગવદ્ ગુણગાન ગાઇ શકાય. ભગવદ્ ગુણગાન ગાવામાં મૌનવ્રત પણ બાધક નથી. માટે નિરોધલક્ષણમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી 'કીર્તનમ્ સુખદમ્ સદા'. પ્રભુનું કીર્તન એ હમેશાં આનંદ આપનારું છે. ત્યાં આપ બહુ સુન્દર ઉપમા આપે છે કે લૌકિક માણસનાં વખાણ લુખ્ખી રોટલી જેવાં છે, જયારે ભગવદ્ ગુણગાન સુંદર ઘીવાળી રોટલી જેવું છે. ગુણગાન ગાવાથી જે સુખ પ્રાપ્ત થાય છે એ બીજી કોઇ રીતે પ્રાપ્ત થતું નથી. પ્રભુ કૃપા કરે તો જ પ્રભુની લીલાનું ગુણગાન જીવ કરી શકે છે. જેમ પ્રભુ પોતે આનંદ-સ્વરૂપ છે, એમ પ્રભુનું નામ પણ આનંદ-સ્વરૂપ છે. માટે પ્રભુનાં કીર્તન કરવાથી પ્રભુનો આનંદ પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, કે જો આપણી જીભથી પ્રભુનું ગુણગાન ગાઇ શકાય તો માનવું કે મોટાઓની કૃપા થઇ છે. માટે ભગવદ્-ગુણગાન હંમેશને માટે કરવું. ગુણગાન કેવી રીતે કરવું? 'જલભેદ' ગ્રંથમાં ભગવદ્-ગુણગાન કરનારાઓના વીસ પ્રકાર બતાવ્યા છે. જુદાં-જુદાં પાણી સાથે વકતાઓને સરખાવ્યા છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે સૌથી હલકામાં હલકા વકતા કોણ? તો જે પોતાનું પેટ ભરવા માટે પ્રભુનાં ગુણગાન ગાય, એ ખાબોચિયાના પાણી જેવા છે. જેમ ગમે તેવી તરસ લાગે, પણ ખાબોચિયાનું પાણી ન પીવાય, એમ ગમે તેવી મુશ્કેલી જીવનમાં આવે, પણ ભગવદ્ ગુણગાન ગાઇને પેટ ન ભરાયઃ 'નીચા ગાનોપજીવિનઃ'

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પ્રાણ કંઠે આવી રહ્યા હોય, તોપણ પ્રભુનું નામ કદી વેચાય નહીં. ભગવન્નામનો વેપાર ન થાય. ત્યારે ઉત્તમમાં ઉત્તમ વક્તા કોણ? તો શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, જે પ્રભુના સ્વરૂપને જાણીને નિરપેક્ષભાવે કેવળ ભગવત્-સ્વરૂપનો આનંદ લેવા માટે, મસ્ત બનીને ભગવદ્-ગુણગાન ગાય, એ અમૃતના સમુદ્ર જેવા ઉત્તમમાં ઉત્તમ વક્તા છે. માટે સૂરદાસજીએ ગાયુંઃ 'બડો ધન

હરિજન કો હરિનામ' આપણું મોટામાં મોટું ધન કયું? તમે કહેશો કે અમારી તિજોરીમાં પડયું છે તે. સૂરદાસજી કહે છે કે ''ના રે, એને શું કરે? 'બડો ધન હરિજનકો હરિનામ'- પ્રભુના ભકતોને મોટામાં મોટું ધન એ હરિનું નામ છે.

હૃદયની તિજોરીમાં જે ભગવદ્‌નામરૂપી ધન પડયું છે, એનાથી વધીને બીજું કોઇ ધન નથી.'' બિન રખવારે ચોર નહિ ચોરે' સૂરદાસજી કહે છે, 'તમે શું કરવા લૌકિક ધન અને સંપત્તિની પાછળ ગાંડા બનો છો અને એને સાચવવા માટે મથો છો? ઇન્કમટેક્ષની ઝંઝટ અને ચિંતા માથે રાખીને ફરો છો? રાત્રે પેલી કામ્પોઝ જેવી ટીકડીઓ લઇ-લઇને ઊંઘવાનો પ્રયત્ન શું કામ કરો છો? 'બિન રખવારે ચોર નહિ ચોરે.' આ ભગવન્નામનું ધન એવું છે કે તમારા ઘરનાં બારણાં ખુલ્લાં હશે તોપણ કોઇ ચોરી નહીં જાય. 'સોવત હૈ સુખધામ,' પ્રભુનું નામ લેનાર બહુ મસ્તીથી ઊંઘી જાય છે.

અત્યાર સુધી શું થતું હતું? આપણે આપણી જીભથી ભગવન્નામ લેવાય એટલું લેતા હતા. આપણા ઘરની આ એક પ્રણાલિકા હતી, એક પરિપાટી હતી. ખાસ કરીને આપણાં માતા, આપણાં બહેન, આપણા ઘરનો સ્ત્રીવર્ગ સૌ સવારે ઊઠે ત્યારથી મોટેથી ધોળપદ-કીર્તન ગાવા માંડે. તે સાંભળીને સૌ જાગે અને સૌના કાનમાં એ પડયા કરે. રાત્રે સૂઇ જતાં પહેલાં પણ એ ધોળપદ-કીર્તન ગવાય, અને પછી સૌ સૂઇ જાય. પણ હવે આપણે ગાવાનું સોંપ્યું પેલા ટેપરેકર્ડરને કે તું ગાયા કર અને અમે એ સાંભળવાનો દેખાવ કરીશું. અમારા પડોશીઓ જાણશે કે આ એક પરમ ભકતનું ઘર છે, જયાં ભગવાનનાં ગુણગાન ગવાય છે, પણ અમે તો લૌકિક વાતોમાં રચ્યાં-પચ્યાં રહેવું હશે ત્યાં સુધી રહીશું. એટલે આજે જો ઉત્તમમાં ઉત્તમ કોઇ ભગવદ્‌ ગુણગાન કરનાર હોય તો ટેપરેકર્ડર છે, માણસ નથી. સૂરદાસજી કહે છે કે, 'દિન-દિન બઢત સવાયો દુનો ઘટત નહીં કુછ દામ' ભગવન્નામ લેવાની જેટલી ટેવ પાડીશું એટલી દિવસે-દિવસે વધતી જશે. કશું ઘટવાનું નથી. દયારામભાઇએ ભક્તિપોષણમાં બહુ સુંદર વાત કરી : 'સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું કથા-કીર્તન જયાં નિત્ય થાય. કોટી તીર્થ આવી ત્યાં વસે જેનું ભાગ્ય હોય તે ન્હાય!'' જયાં ભગવદ્‌-ગુણાનુવાદ થાય છે ત્યાં સર્વ તીર્થ આવી વસે છે. માટે શ્રીહરિરાયચરણે પણ એક પદમાં આજ્ઞા કરી, 'રે મન વલ્લભ ગુણ ગાય'. બીજા એક ભગવદીયે કહ્યું: પઢો રે માઇ મદનમોહન શ્યામ,' જો તમારે કંઇ બોલવું જ હોય તો પ્રભુનું નામ લ્યો.

ચોર્યાસી-બસોબાવન વૈષ્ણવોમાંના ભગવદ્‌ગુણાનુવાદ ગાનારા ભગવદીયોનું પણ આપણે સ્મરણ કરીએ. કેવા-કેવા ભગવદીયોએ કેવી-કેવી રીતે ભગવદ્‌-

ગુણાનુવાદ ગાયા. આપણે તો એવી ફરિયાદ કરીએ છીએ કે શારીરિક રીતે તકલીફ છે, એટલે પ્રભુનું નામ યાદ આવતું નથી. માનસિક રીતે વ્યગ્રતા છે, એટલે પ્રભુનું નામ યાદ આવતું નથી. દુનિયાદારી ઝંઝટો બહુ છે. એટલે પ્રભુનું નામ યાદ આવતું નથી. તો આ સર્વની અંદર પ્રભુનું નામ યાદ આવ્યા કરે એવો કોઇ રસ્તો ખરો? એવા એક ભગવદીયને આપણે પૂછીએ, કે આપ અમને એવો રસ્તો બતાવો કે અમારી પાસે સમય નથી અને અમારે પ્રભુનું નામ લેવું છે તો શું કરવું? આપણે જવું પડશે બંગાળમાં. બંગાળના દીવાન છે નારાયણદાસજી. રાજકાજની બહુ મોટી જવાબદારી એમના માથે છે. સવારે સ્નાન કરીને રોજ રાજદરબારમાં ચાલ્યા જાય. દિવસભર સખત કામ કરવું પડે. સેવા-સ્મરણનો બિલકુલ સમય નહીં, મનમાં ભારે પરિતાપ છે કે આવું જીવન શા કામનું? એક દિવસ એક વ્રજવાસી તેમને ત્યાં આવ્યો. દીકરી પરણાવવી છે અને પૈસા જોઇએ છે. નારાયણદાસજીએ કહ્યું કે તમારી દીકરીના લગ્નનો બધો જ ખર્ચ હું કરીશ, તમે ચિંતા ન કરશો, પણ આવ્યા છો તો મારે ત્યાં થોડા દિવસ રોકાઇ જાઓ. મારું એક કામ કરો. વ્રજવાસી કહેઃ ''ભૈયા અમને તો કામ કરતાં કાંઇ ન આવડે, અમે તો વ્રજના શ્યામસુંદરના સખા, અમને તો બે વાત આવડેઃ શ્યામસુંદરનું નામ અને ચકાચક. એ સિવાય બીજું કાંઇ નહીં આવડે.' નારાયણદાસજીએ કહ્યુંઃ ''મારે પણ એ જ કામ છે. તમારે મારી સાથે રાજદરબારમાં આવવાનું, મારી સામે બેસવાનું, દર પાંચ મિનિટે મને પૂછવાનું કે ''ભૈયા ગોકુલ કબ ચલેંગે? હું જવાબ આપું તોય પૂછવાનું, અને જવાબ ન આપું તોય પૂછવાનું. હું ગુસ્સે થયો હોઉં તોય પૂછવાનું. હું આંખો મીંચીને બેઠેલો હોઉં તોય પૂછવાનું.'' વ્રજવાસી કહે, ''ભલે, મારે ગોકુળ જવું છે એટલે પૂછીશું. વ્રજવાસી કહે છે કે 'ભૈયા ગોકુલ કબ ચલેંગે?' ખૂબ કામમાં ડૂબેલા નારાયણદાસજી સહેજ ઊંચું જુએ. આંખ મીંચે, શ્રીમદ્ ગોકુળનું સ્મરણ કરી લે. મનથી ઠકરાણી ઘાટ ઉપર દોડી જાય, મહારાણીમાને દંડવત્ પ્રણામ કરીને પાન કરી લે, શ્રીગુસાંઇજીને દંડવત્ પ્રણામ કરે, અને એટલામાં તો ચપટી વગાડતાં વગાડતાં કહે 'હાં, હાં, ગોકુલ ચલેંગે, 'જાણે અડધા ઊભા થઇ જાય ગોકુળ જવા. પેલા વ્રજવાસીને એમ થઇ જાય કે તેઓ જતા રહેશે અને હું રહી જઇશ તો? પાછા બીજી મિનિટે તો શ્રી નારાયણદાસજી એમના કામમાં ડૂબી જાય. વર્ષો સુધી આમ ચાલ્યું.

આપણામાં કહેવત છે કે, 'મન હોય તો માળવે જવાય' ભગવદ્ ગુણગાન કરવાં છે તો રસ્તો જરૂર મળશે. બીજા એક ભગવદીયનું સ્મરણ કરીએ કે શરીરની એટલી બધી તકલીફ હોય, જિંદગીમાં કોઇનોય સહારો ન હોય, ત્યારે હે ભગવદીય તમે શું કરતાં

હતાં? રડતાં હતાં કે હસતા હતાં? આવો કિશોરીબાઇને પૂછીએ. પંદર વર્ષની ઉંમર છે, ઘરમાં એકલાં છે, બાળવિધવા છે, શીતળાના રોગમાં ફસાઇ ગયાં છે, આખા શરીરે ફોલ્લા ફૂટી નીકળ્યા છે, લોહી ચાલ્યું જાય છે, નેત્રોનું તેજ ચાલ્યું ગયું છે, યાદશક્તિ ચાલી ગઇ છે, ઊઠી શકતાં નથી, જેમને આખું યમુનાષ્ટક મુખે હતું તેમને આજે બેજ પંકિતઓ યાદ છે. એમની બહેન જે રાંધીને જમાડતી હતી, તે બહેન હવે આવી શકતી નથી. એ કિશોરીબાઇ પોતાની આ સ્થિતિની નથી ફરિયાદ કરતાં કે નથી આંખમાંથી આંસુ પાડતાં. કેવળ યમુનાષ્ટકની એક જ પંકિતનું રટણ ચાલ્યા કરે છે. એક દિવસ શ્રીયમુનાજી પધારે છે. લૌકિક સ્વરૂપ ધારણ કરી પધાર્યાં છે. આજ્ઞા કરે છે કે કિશોરી, તું ચિંતા ન કરીશ. હું તારી શુશ્રૂષા કરવા આવી છું. કિશોરી કહેઃ તમે કોણ છો? તેઓ કહે છે કે હું તારી માસી છું. કિશોરી પૂછે છે : કોણ માસી! મારે કોઇ માસી નથી. કિશોરીબાઇ વિનંતી કરે છે કે આપ જે કોઇ હોય તે, આપને જેટલું રહેવું હોય એટલું રહો. પણ મારે શ્રીયમુનાષ્ટકનું સ્મરણ ન ચુકાય એટલું કરજો. એ કિશોરીબાઇએ જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યું. ‘ગુણગાને સુખાવાપ્તિ’ એ આજ્ઞા કિશોરીબાઇએ અનુભવી. ગુણગાનમાં જે સુખ છે એ સુખ બીજા કશામાં નથી.

માટે શ્રીહરિરાયચરણે આપણને આજ્ઞા કરી કે : ‘ગુણગાનમ્ ભાગવતાત્’ શ્રીમદ્ ભાગવતજી જેવા ગ્રંથો દ્વારા ભગવદ્લીલાનું સ્મરણ કરતાં કરતાં એ લીલાનું ગુણગાન કરવું.

આપ બીજું કર્તવ્ય બતાવે છે, ‘દુઃખભાવનમ્ સેવયા.’ સેવા દ્વારા દુઃખભાવન કરવું. આ ‘દુઃખ’ શબ્દ સમજવા જેવો છે. જો બરાબર નહીં સમજાય તો એનાથી ભારે અનર્થ થવાની સંભાવના છે. લૌકિક દુઃખની અહીં કોઇ વાત નથી. આપણે સેવા કરીએ છીએ, કોઇક આપણને પૂછે કે તમે સેવા કરો છો? એટલે છાતી ફુલાવીને કહીએ છીએ કે હા, અમે સેવા કરીએ છીએ. ‘સેવા’ શબ્દ ઉપર ભાર મૂકીને બોલીએ છીએ અને કયારેક મનમાં એવું પણ વિચારીએ છીએ છે અમે કરીએ છીએ એવું બીજાં નહીં કરી શકતાં હોય.

એક ગામમાં જવાનું થયું. એક વૈષ્ણવને પૂછયું કે આપના ત્યાં સેવાનો પ્રકાર? એટલે કહે કે ‘હા, અમારા ત્યાં સેવાનો પ્રકાર છે.’ આપ પહોંચો છો? એટલે કહે કે ના, મને તો કયાં ફુરસદ છે! પણ બાપદાદાના વખતની સેવા છે, અને મરતાં-મરતાં માનો જીવ જતો નહોતો એટલે માનો જીવ જાય એટલા માટે કહેલું કે તારા ઠાકોરજીને અમે રાખીશું; એટલે રાખ્યાં છે. પ્રભુએ પૈસા આપ્યા છે એટલે માણસ રાખ્યો છે અને સેવા કરાવીએ છીએ, બહુ વૈભવથી કરાવીએ છીએ. આનંદ-આનંદ છે.’ આ સેવા નથી. ‘સિદ્ધાંતમુકતાવલિ’ની વિવૃત્તિમાં શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે, કે પોતાની જાતે, પોતાના

ઘરમાં, પોતાના દ્રવ્યથી, પોતાના માથે બિરાજતા પ્રભુની સેવા કરવી એ સેવા. અન્યને પૈસા આપીને સેવા કરાવવી એ સેવા નથી, તેમ અન્યના પૈસા લઇને કરેલી સેવા એ પણ સેવા નથી. આપણે જાતે સેવા કરીએ, પ્રભુ જેમ કરાવે એમ કરીએ; પણ એ સેવા કરતાં કરતાં આપણા મનમાં નિસ્સાધનતાપૂર્વક સેવાની ભાવના હોવી જોઇએ.

નિસ્સાધનતાને આપણે સાચા અર્થમાં નથી સમજતાં એટલે આપણે ગોટાળો કરીએ છીએ. પ્રભુએ જે કંઇ સાધન-સંપત્તિ આપી છે, એ સર્વનો સેવામાં વિનિયોગ કરવા છતાંય મનમાં એવો પરિતાપ રહ્યા કરે કે મારાથી કશું બનતું નથી, એનું નામ નિસ્સાધનતા. મારાથી ઘણું બને છે, એમ માનવું એ અહંકાર-અભિમાન. આવો અહંકાર પ્રભુને કદી પ્રસન્ન કરી શકતો નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સેવા કરતાં કરતાં પણ મારાથી કાંઇ બનતું નથી એવી નિસ્સાધનતાની ભાવના સતત રાખવી. અનોસરના સમયમાં, પ્રભુને કેટલો બધો પરિશ્રમ થઇ રહ્યો છે એનો વિચાર કરવો. આવી રીતે પ્રભુના સુખનો સતત વિચાર કર્યા કરવાથી આપણી નિસ્સાધનતાની ભાવના પ્રભુકૃપાથી થાય છે. એનું નામ દુઃખભાવન કે મારા પ્રભુનું કંઇ સુખ મારાથી બનતું નથી.

શ્રી પદ્મનાભદાસજીનો પ્રસંગ છે. પોતાના સેવ્ય શ્રીમથુરેશજીને છોલાની સામગ્રી સિવાય બીજું કાંઇ અંગીકાર કરાવી શકતા નથી. રાજભોગ ધરતાં ધરતાં દરરોજ શ્રીમથુરેશજીને વિનંતી કરે છે કે 'કૃપાનાથ, આ સિવાય મારાથી બીજું કંઇ બનતું નથી. તમે તો શ્રી યશોદાજીના લાલ છો, ઉત્તમ સામગ્રીના ભોકતા છો, શ્રીમહાપ્રભુજીના ઘરે આપને માટે અનેક સામગ્રી છે, આપ આજ્ઞા કરો તો હું તમને ત્યાં પધરાવું.' ત્યારે શ્રીમથુરેશજી આજ્ઞા કરે છે કે પદ્મનાભદાસ, મને તો અહીં બહુ પ્રસન્નતા છે!

સેવા કરતાં કરતાં મારાથી કશું બનતું નથી, એવી ભાવના સતત રહ્યા કરે, મનની વિહ્વળતા રહ્યા કરે કે, 'નીરખોં કે ટહલ કરોં એકો નહીં બનત ઉપાય હરિ!' આ પ્રકારે ભગવદીયોએ પોતાનં પદોમાં આપણને દુઃખભાવનનો પ્રકાર બતાવ્યો છે. પ્રભુના સુખનો વિચાર કરતાં શ્રીપરમાનંદદાસજી ગાય છે, 'ઐસી ધુપનમેં જાને ન દઉંગી બિનતી કરિ કર જોર પિયા કે, હાં હાં ખાત તેરે પૈયા પરોંગી, તુમ તો કહાવત ફૂલ ગુલાબસે સંગ કે સખા ગ્વાલન ગારી દઉંગી, પરમાનંદદાસકો ઠાકુર, કર તેં મુરલિયા અચક હરુંગી.' હું આપને નહીં પધારવા દઉં. 'જોઇ-જોઇ કહૌંગી સોઇ-સોઇ કરૌંગી ટહલ' પરંતુ એ કરતાં-કરતાં મારાથી કશું નથી બનતું, એવી ભાવના સતત થયા કરે.

શ્રીગુસાંઇજીના એક સેવક છે, દક્ષિણમાં રહે. વિરકત વૈષ્ણવ, કોરી ભિક્ષા માગી લાવે અને એની સામગ્રી તૈયાર કરી પ્રભુને ભોગ ધરે. નાનકડી ઘાસની ઝૂંપડીમાં પ્રભુ

બિરાજે. દક્ષિણની ગરમી એટલે તો માથું ફાડી નાખે. આવા ઉષ્ણકાળમાં પ્રભુને કોઇ શીતળ સામગ્રી અંગીકાર થતી નથી એનો તો ભારે કલેશ છે. એક દિવસ ભિક્ષા માગીને આવી રહ્યા છે. રસ્તામાં એક છોડની ડાળી નમેલી, અને એ ડાળી ઉપર એક ગુલાબનું ફૂલ હતું વાડીના માલિકને પૂછીને એ ફૂલ લઇ આવ્યાં. આજે પ્રભુને શીતળ ઉપચાર અંગીકાર થશે એવા આનંદ સાથે ઘરે આવ્યા છે. એક કોરા માટીના પાત્રમાં શીતળ જળ ધરીને એમાં પેલું પુષ્પ પધરાવી, ગુલાબજળની ભાવના કરીને પ્રભુની સન્મુખ ધર્યું, પણ આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે કે, હે પ્રભુ! શ્રીગુસાંઇજીને ત્યાં તો તમને ઉત્તમમાં ઉત્તમ ગુલાબજળ અંગીકાર થાય, ચંદન અંગીકાર થાય, શીતળ સામગ્રી અંગીકાર થાય, પણ મારા ત્યાં તો કશું નથી. છતાંય એમની કાનીથી આપ મારી ઝૂંપડીમાં બિરાજયા છો અને આ પરિશ્રમ લઇ રહ્યા છો.... આવી દુ:ખની ભાવના કરી રહ્યા છે. જતિપુરામાં શ્રીજી બાવા શ્રીગુસાંઇજીને જણાવે છે : કાકાજી, દક્ષિણના આપના એક સેવકે, આજે મને જેવું ઉત્તમમાં ઉત્તમ ગુલાબજળ અંગીકાર કરાવ્યું એવું આપને ત્યાં પણ મેં જોયું નથી. શ્રીગુસાંઇજી બહુ પ્રસન્ન થયા. પત્ર લખીને પુછાવ્યું કે 'વૈષ્ણરાજ, તમે ગુલાબજળ કેવી રીતે બનાવ્યું એ તો કહો!'

શ્રીહરિરાયચરણ ભાવપ્રકાશમાં આપણને આજ્ઞા કરે છે, કે આ ગુલાબજળ કેવી રીતે બન્યું? હૃદયમાં પ્રભુના સુખ માટેનો તાપ અને અગ્નિ છે. પાત્રમાં જળ અને પુષ્પ છે. પ્રભુએ એને ગુલાબજળ માની લીધું. પણ એનાથી પેલા વૈષ્ણવના મનને શાંતિ નથી. દુ:ખની ભાવના એના હૃદયમાં સતત પ્રજ્વળી રહી છે. એવાં બીજાં ભગવદીય દંપતી છે. ખૂબ નાનકડું ઘર છે, પ્રભુ એમાં બિરાજે છે. પતિ-પત્ની વિચાર કરે છે કે જે ખંડમાં પ્રભુ પોઢયા હોય, ત્યાં આપણાથી સુવાય નહિ. ઘરમાં બીજો ખંડ નથી એટલે ઘર બહાર આકાશ નીચે ખુલ્લામાં સૂઇ રહે છે. મુશળધાર વરસાદ પડે છે. પ્રભુ આજ્ઞા કરે છે કે તમો અંદર આવો. વૈષ્ણવ કહે છે કે, ના કૃપાનાથ. એ વૈષ્ણવના મનમાં એક જ દુ:ખ છે, કે અમારા આ ઘરમાં પ્રભુને કેટલો બધો પરિશ્રમ છે. પ્રભુના સુખ માટેનો આવો સતત વિચાર, પ્રભુના સુખ માટેના સતત મનોરથ અને પ્રભુના સુખનું ચિંતન કરીને દુ:ખની ભાવના એ વૈષ્ણવનું બીજું કર્તવ્ય છે, પરંતુ આપણે તો એનાથી ઊલટું બને છે. મિસરીની કટોરી ધરીએ એટલે કહીએ કે ચાલો જગ જીતી ગયાં! કેટલું બધું કરી દીધું! ઠાકોરજીને કેટલા બધા 'ઓબ્લાઇજ' કરી દીધા 'એક આખી મિસરીની કટોરી તમને ધરી દીધી, મહારાજ! હવે બીજું શું જોઇએ? અરે પાછા એમ કહીએ કે પ્રભુ તો ભાવના ભૂખ્યા છે, એને આપણે શું આપીએ? આ દુ:ખભાવન નથી. પ્રભુ સાથે આપણા મનની આ છેતરપિંડી છે.

શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી છે કે જે ચિત્તથી, જે મનથી તમે ગુણગાન ગાશો એના પરિણામે પ્રભુમાં તમારો પ્રેમ વધતો જશે. પ્રેમ વધતો જશે, એટલે પ્રભુની સેવામાં તમારી તત્પરતા વધતી જશે, સાથે-સાથે પ્રભુના સુખનો વિચાર વધતો જશે, અને પરિણામે પ્રભુને વધારે સુખ કેમ થાય, એ માટે હૃદયમાં દુઃખનું સતત ભાવન પણ વધતું જશે.

કુંભનદાસજીનો પ્રસંગ જુઓ. રાજભોગનાં દર્શન કરીને હજી આવ્યા છે. ઉત્થાપન તો થયા નથી, અને અપ્સરા કુંડ પાસે વૃક્ષ નીચે બેઠાં-બેઠાં ગાઈ રહ્યા છે 'કેતે જુ દિન બીત ગયે, બિના દેખે શ્રીગિરધરલાલ.' એટલે આ દુઃખભાવન એ વૈષ્ણવોનું બીજું કર્તવ્ય છે.

દુઃખભાવન દ્વારા શ્રીહરિરાયચરણ આપણને આજ્ઞા કરે છે, કે એમાંથી દીનતા પ્રગટ થશે. આ નિસ્સાધનતામાંથી દૈન્ય પ્રગટશે. દૈન્ય પ્રગટ થતાં અહંતા-મમતા છૂટી જશે. શરીરના પદાર્થોમાંથી આસકિત ઘટતી જશે, માટે દયારામભાઈએ ગાયું, 'કરવા પ્રસન્ન ચાહે પ્રભુને, તો અભિમાન અળગું રાખ.' આમ દૈન્ય પ્રગટ થવાથી આપણે એવો વિચાર કરીશું કે આ બધું મારા પ્રયાસોથી બનતું નથી, પણ ભગવત્કૃપાથી બને છે. દીનતા એ ભગવદ્ દર્શનનું બીજ છે. શ્રીમહાપ્રભુજી શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરે છે, કે હૃદયમાં દીનતા પ્રગટ થાય, ત્યારે માનવું કે હવે ભગવદ્-દર્શન માટેનું બીજ રોપાયું. દીનતા એ અંતઃકરણનો ગુણ છે. દીનતા વૈષ્ણવોમાં હમેશાં હોવી જોઈએ. પણ યાદ રાખજો કે દીનતા એટલે હીનતા નહીં. હું ગરીબડો છું, હું લાચાર છું, હું બાપડો છું, હું બિચારો છું, એમ નહીં. શ્રીમહાપ્રભુજી કહે છે ના, તું ગરીબડો નથી. બાપડો, બિચારો કે લાચાર પણ નથી. કેમકે તું મારો સેવક છે. તું સિંહનો દીકરો છે.

પરંતુ ભગવત્સેવા અને સ્મરણમાં આપણા દોષનો વિચાર કરીને, પ્રભુના બનીને રહેવા માટે અહંતા-મમતાનો ત્યાગ કરવો એ દીનતા છે. દીનતાએ વૈષ્ણવનું ત્રીજું કર્તવ્ય છે. 'દૈન્યભાવવદ્ દૈન્યં.' ચોથું કર્તવ્ય છે ત્યાગ. 'ત્યાગઃ વિરહભાવતઃ' વિરહતાપ પ્રગટ થાય, એમાંથી વિપ્રયોગ પ્રગટ થાય, અને એમાંથી પછી તાપ પ્રગટ થાય. તાપનું અને વિપ્રયોગનું સ્વરૂપ શું છે તે આપણે વિગતે સમજીશું.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે ત્યાગ કેળવવાનો છે. તમે કહેશો કે અમારે શાનો ત્યાગ કરવાનો? કુટુંબીજનોનો ત્યાગ કરવાનો! ધનસંપત્તિનો ત્યાગ કરવાનો! ઘરબારનો ત્યાગ કરવાનો! શ્રીહરિરાયચરણ કહે છે, ના. આપણે જે ત્યાગ કરવાનો છે, તે તો આપણી લૌકિક આસકિતનો ત્યાગ કરવાનો છે. ખ્રિસ્તીઓનું ધર્મપુસ્તક છે, બાઈબલ. એ બાઈબલનું પહેલું વાક્ય, એના પ્રારંભનું વચન એ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતનું પ્રતિપાદન કરે છે. બાઈબલ કહે છે :

No man can serve two masters.

કોઈપણ માણસ એકસાથે બે માલિકની ચાકરી કરી શકતો નથી. એટલે બાઈબલે એમ સમજાવ્યું કે :

Either you serve the world and leave the Lord or you serve the God and leave the world.

કાં તો તમે જગદીશની સેવા કરો અને જગતમાંથી આસકિત છોડી દો અથવા તો તમે જગદીશને ભૂલી જાઓ અને દુનિયામાં રચ્યાપચ્યા રહો. પરંતુ આપણે તો દુનિયામાં રચ્યા-પચ્યા રહેવું છે અને જગદીશનેય મેળવવા છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બે વસ્તુ નહિ બને. લૌકિકની આસકિતનો ત્યાગ કરવો પડશે. સામાન્ય રીતે આપણી લૌકિક આસકિત બે બાબતોમાં વહેંચાયેલી હોય છે : એક આપણા પોતાના શરીરમાં. માણસને સૌથી વધારે વહાલું હોય તો પોતાનું શરીર. અને બીજી આપણી આસકિત આપણા ઘરમાં. ઘર શબ્દનો અર્થ જેને આપણે અંગ્રેજીમાં 'હોમ' શબ્દ કહીએ છીએ તે છે. 'હાઉસ' નહિ, ઇંટ-માટી-પથ્થરનું ઘર નહિ, પણ એ ઘરમાં રહેલાં કુટુંબીજનો, એ ઘરમાં રહેલી સંપત્તિ, એ ઘરમાં રહેલું આપણું મમત્વ. આ બધાની આપણને ભારે આસકિત હોય છે. એટલી બધી આસકિત હોય છે કે ક્યારેક વ્રજયાત્રા કરવા જઈએ ત્યારે વ્રજમાં પણ આપણું ઘર યાદ આવતું હોય.

મુંબઈમાં એક વૈષ્ણવ મળ્યા. એમની સાથે વાત નીકળી. એ કહે કે 'હું રોજ માનસી સેવા કરું છું.' મેં કહ્યું કે, 'બહુ આનંદની વાત છે. શું કરો છો?' તો કહે કે 'હું ગોકુળ જઈને ઠકરાણીઘાટ ઉપર માનસી કરું છું.' 'કેવી રીતે ગોકુળ જાઓ છો? તો કહે, 'પ્લેનમાં ગોકુળ જાઉં છું. બધું માનસીમાં.' 'ભલે, પછી?' 'સેવા કરીને પ્લેનમાં મુંબઇ પાછો આવતાં પહેલાં મારા વતનમાં એક આંટો મારી આવું છું જરા ઘરની ખબર કાઢી આવું છું.' જુઓ, આ આસક્તિ ઘરની! સેવા તો માનસી કરે, પણ સાથે-સાથે ઘરની સેવા પણ માનસીમાં કરે!

આપણે બધાં માનસીમાં સેવા નથી કરતાં, પણ ઘરની માનસી તો રોજ કરીએ છીએ. અહીં બેઠાં છો, ત્યારે વિચાર આવતો હશે કે આજે જો મોડું થયું અને ઘેર જઈશું ત્યારે વહુએ સમયસર રસોઇ નહીં બનાવી હોય તો! ઘરમાં અને શરીરમાં હજીએ આપણને આસકિત છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ બે આસકિતનો ત્યાગ કરી દો. ઘર છોડવાનું નથી, તેમ શરીર પણ છોડવાનું નથી. છોડવાની છે કેવળ એમાંની આસકિત. કાર્ય બધું કરવાનું છે, પરંતુ કાર્યમાં આસકિત રાખવાની

નથી. આવી રીતે જયારે આસકિત છૂટી જાય, ત્યારે સાધનોમાંથી ધીરે-ધીરે આપણી અપેક્ષાઓ ચાલી જાય છે.

શ્રીહરિરાયચરણ ખૂબ મનોવૈજ્ઞાનિક રીતે આ વાત સમજાવી રહ્યા છે. આપણને જીવનમાં વધારે ને વધારે દુઃખ કેમ લાગે છે? કારણ કે આપણી સાધનો માટેની અપેક્ષા દિવસે-દિવસે વધતી જાય છે. અપેક્ષા વધે એટલે દુઃખ વધે. વિચાર કરજો. રોજ આપણે ભોજન લેતાં હોઇએ, એમાં ફરસાણ ખાવાની અપેક્ષા રાખીએ અને એ અપેક્ષા ન સંતોષાય એટલે આપણને દુઃખ થાય. સાધનની અપેક્ષા વધવાથી જ દુઃખ થાય છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સાધનોની અપેક્ષા ન રાખશો. અહીં સવાલ થશે કે તો પછી શું કરવું? એનો જવાબ છે- જે સમયે જે કંઇ મળે, તેનાથી આનંદથી યથા લાભ સંતોષ માણવો. ડનલોપની પથારી મળે, તો એમાં સૂઇ જવું અને પૃથ્વીની પથારી મળે, તોપણ એમાં આનંદથી સૂઇ જવું, વ્રજયાત્રા કરવા જઇએ ત્યારે પણ આપણે સાધનોની અપેક્ષા લઇને જઇએ છીએ. ત્યાંયે જમીન પર કેમ સુવાય? એટલે ફોલ્ડીંગ ખાટલા લઇ જાઓ. ડનલોપ પીલોની ગાદી લઇ જાઓ. પછી એ વ્રજયાત્રા કરીએ તો કેવી થાય, તેનો વિચાર કરો. આપણું મન રહે સાધનમાં, શ્યામસુંદરમાં ન રહે. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, કે સાધનોની અપેક્ષા ઘટાડતા જાઓ, એટલે સુધી ઘટાડતા જાઓ કે જયારે જે કંઇ મળી આવે ત્યારે એમાં પણ આનંદ માણી શકો. આમ, ધીમે ધીમે આપણે બધી વસ્તુઓનો માનસિક રીતે ત્યાગ કરવા તરફનું એક વલણ કેળવતા થઇશું પછી જે વખતે જે કંઇ મળશે, એમાં પણ આપણને આનંદ જ મળશે.

બે મિત્રો હતા. ઉનાળાના બપોરે કામ પ્રસંગે નીકળેલા. બહારનું જળ ન લે. રસ્તામાં એક સંબંધીનું ઘર આવ્યું. જળ પીવા માટે એમના ઘરે ગયા. જળ માગ્યું, વૈષ્ણવે બંનેને જળ આપ્યું. અડધી અડધી લોટી જળ બંનેને આપ્યું. એક ભાઇ મનમાં બડબડાટ કરવા લાગ્યાં : ‘જળનાયે પૈસા બેસે છે? આવી કંજૂસાઇ? લોટી ભરીને જળ આપવામાંયે એમને મુશ્કેલી પડે છે?’ એમ બડબડાટ કરતાં જળ પીધું. એમની તરસ ન છીપી. બીજા વૈષ્ણવ જોડે હતા. તે મનમાં વિચાર કરે છે, કે આ વૈષ્ણવે મારા માટે કેટલો બધો શ્રમ લીધો? કેટલા પ્રેમથી ઠાકોરજીને ધરેલી અડધી લોટી પ્રસાદી-જળ મને આપ્યું? કેવું સુંદર શીતળ જળ છે! ચાલો, આનંદ થઇ ગયો. આટલું જળ તો મળ્યું. અડધી લોટી જળ પીધું અને એની તરસ છીપી ગઇ.

આવું કેમ બન્યું? માણસ જો મનમાં સંતોષ કેળવે, સાધનો અને પદાર્થોની અપેક્ષાઓ ઘટાડતો જાય, તો ધીમે-ધીમે એના મનનું વલણ ત્યાગ તરફ જતું થશે. એની લૌકિકમાંથી આસકિત છૂટતી જશે. લૌકિક વળગણ ઓછાં થતાં જશે.

દેશી રજવાડાનાં સમયની એક વાત છે. એક આરબ જમાદાર હતો. પાંચ મણની બંદૂક ખભે લઈને ચાલતો હતો. રસ્તામાં એક ગાડાવાળો મળ્યો. એણે કહ્યું,'ભાઇ! બંદૂક તમે ગાડામાં મૂકી દો. શું કરવા બોજો ઊંચકીને ચાલો છો? જમાદાર કહે 'બંદૂકનો બોજો ખભા ઉપર હોય તો જ મને ચાલવું ફાવે છે. બાકી મને ખભો ખાલી-ખાલી લાગે છે. હું ગાડામાં બંદૂક નહીં મૂકું '

આપણું પણ આવું જ કંઇક છે. લૌકિક આસકિત અને લૌકિક દુઃખોનો બોજ માથે હોય તો જ જીવવું ફાવે છે. જો એ જતું રહે તો ચાલતું નથી, જીવવાનું ફાવતું નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ જો તમે તમારી અપેક્ષાઓને ઘટાડી દેશો, સાધનોમાંથી આસકિત ઓછી કરશો, તો ધીમે-ધીમે તમારા હૃદયમાં, તમારા દેહ-સંબંધી અને ઘર-સંબંધી તમારા પદાર્થોનો આપોઆપ ત્યાગ થવા માંડશે. હૃદય એક વાર જો આ બધી બાબતોમાંથી ખાલી થઇ ગયું, તો એમાં જગ્યા થઇ જશે અને એ હૃદયમાં પ્રભુને બિરાજવા માટેનું સ્થાન તૈયાર થઇ જશે. આવા મોકળા હૃદયામાં 'પ્રભુ કયારે પધારે, પ્રભુ કયારે પધારે'નો વિરહતાપ થયા કરશે; તો એક દિવસ શ્રીમહાપ્રભુજીની કૃપાથી વિપ્રયોગધર્મી સ્વરૂપ આપણા હૃદયમાં પધારી આંતરરમણ દ્વારા આપણને સર્વ લીલાઓનું સુખ આપશે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે : 'આંતરમ્ તુ પરમ્ ફલમ્' આ ભગવદ્લીલા હૃદયની અંદર બિરાજે, પ્રભુનું આંતરરમણ થાય, એ જ પુષ્ટિમાર્ગનું સર્વોચ્ચ ફળ છે. એના માટે જ આપણે સદાય અભિલાષા રાખીએ છીએ. આ સ્થિતિ આવે, એનું નામ વ્યસન-અવસ્થા. એવી અવસ્થા, એવા વિરહતાપનો અનુભવ અનેક ભગવદીયોએ કર્યો.

એક વ્રજાંગના લગ્ન કરીને ગોકુળમાં સાસરે આવી છે. પડોશમાં રહેતી એક બીજી વ્રજાંગનાને કહે છે, 'બહેન! આ ગોકુળના નંદલાલનું મેં ઘણું સાંભળ્યું છે પણ હજુ કદી એમનાં દર્શન કર્યાં નથી. છતાં નામ સાંભળ્યું છે, ત્યારથી જ મારી સ્થિતિ કંઇક વિચિત્ર જ થઇ ગઇ છે.' પેલી સખી પૂછે છે, ''શી સ્થિતિ થઇ છે તારી? તને શું થાય છે?'' વ્રજાંગના કહે છેઃ 'કૃષ્ણનામ જબતેં શ્રવન સુન્યો રી આલી....'- હે સખી! જયારથી મારા કાને કૃષ્ણનું નામ સાંભળ્યું છે, દર્શન તો થયાં નથી, પણ ત્યારથી જ ''ભૂલી ભવન હૌં તો બાવરી ભઇ રી.'' મને ઘરમાં જરીકે ગોઠતું નથી. હું બાવરી બની ગઇ છું. લોકો મને ગાંડી ગણી કાઢે છે. બહેન! હું તને શું કહુંઃ 'ભરી-ભરી આવે નૈના, ચિત્ત હુ પરે ના ચૈના'- વારંવાર એનું નામ યાદ આવે છે અને મારી આંખો ભરાઇ જાય છે. મારા ચિત્તમાં જરાયે ચેન પડતું નથી. મને મારા પતિ યાદ નથી આવતા, મને મારાં બાળકો

યાદ નથી આવતાં. મારાં મા-બાપ પણ યાદ નથી આવતાં. કૃષ્ણનું નામ યાદ આવતાં જ આંખમાં આંસુ આવી જાય છે. આનું નામ વિરહ. આવા વિરહનો અનુભવ કર્યો ચતુર્ભુજદાસજીએ. એક સવારે મંગલાનાં દર્શન કરવા આવ્યા છે શ્રીગિરિરાજ ઉપર. સિંહપોરના દરવાજે આવ્યા અને સમાચાર મળ્યા કે શ્રીજીબાવા તો મથુરા પધાર્યા છે. ચતુર્ભુજદાસજીનું હૃદય ચિરાઇ ગયું. 'હે કરુણાવલય! આજથી આપના મંગલ મુખારવિન્દની ઝાંખી નહિ થાય!' કશું ભાન રહ્યું નથી. ગોવિંદ કુંડ ઉપર જઇને બેઠા. શ્રીજીબાવાના સ્વરૂપનાં ચિંતનમાં આખો દિવસ મગ્ન છે 'હા નાથ! હા નાથ!' નિશ્વાસ ચાલ્યા જાય છે. સાંજ પડે ગોકુળની ગાયો વ્રજમાં પાછી જતી દર્શન આપી રહી છે: ''આગે ગાય, પાછે ગાય, ઇત ગાય, ઉત ગાય, ગોવિંદ કો ગાયનમેં બસવોહિ ભાવે''- એવાં દર્શન થતાં; પરંતુ આજે તો ગાયોના સમૂહની વચ્ચે ગોપાલ નથી. ગોવિંદ વિનાની સૂની ગાયોનાં દર્શન કરીને રડતા હૈયે અને રડતાં નેત્રોથી એ ગાઇ રહ્યા છે: 'શ્રીગોવર્ધનવાસી સાંવરે લાલ, તુમ બિન રહ્યો ન જાય હો, વ્રજરાજ લડેતે લાડિલે.'' વિરહ એટલો ઉત્કટ બને છે કે એમના શ્વાસ થંભી જાય છે અને એમના મુખમાંથી શબ્દો ઝરે છે: ''બંકિ ચિતિ મુસકાયકે લાલ, સુંદર વદન દિખાય હો, વ્રજરાજ લડેતે લાડિલે.'' ચતુર્ભુજદાસજીના એ વિરહને આપણે પામર જીવો શું માણીએ, અને શું સમજીએ? આપણે તો દર્શન કરવા આવીએ અને રસ્તા ઉપરથી ખબર પડે કે ટેરો આવી ગયો, એટલે હળવા હૈયે કહીએ કે ચાલો, હવે કાલે આવીશું. ક્યારેય આપણે પ્રભુને એમ નથી કહ્યું કે, દયિત દૃશ્યતામ્- હે પ્રભુ! તમારે અમને દર્શન આપવાં પડશે; કારણ કે, અમે તમારા માટે જ પ્રાણ ધરી રાખ્યા છે. બાકી અમારે આ પ્રાણ ધારણ કરવાની જરૂર નથી.

એ વિરહ કર્યો રસખાનજીએ. મોરમુગુટ કાછનીમાં રસરાજ શ્યામસુંદરની ઝાંખી થઇ ત્યારે 'હે સાંવરિયે' કરતાં ત્રણ દિવસ, ત્રણ રાત પડયા રહ્યા છે. વિરહ કર્યો છે વ્રજભકતોએ. શ્યામસુંદર મથુરા પધાર્યા. ઉદ્ધવજી ગોપીજનોને સમજાવવા આવ્યા. ત્યારે ગોપીજનો ઉદ્ધવજીને કહે છે, 'હે ઉદ્ધવ! અમે શું જપ કરીએ અને શું તપ કરીએ? માધવ કયાંય નથી મધુવનમાં, એમ એમનું મન રડતાં-રડતાં કહેતું હશે, અને ત્યારે એમનાં નેત્રો ઉપર આંસુનાં તોરણ હશે, એમના હૈયામાં શ્યામસુંદરની મધુરી મોરલીનો નાદ રમી રહ્યો હશે. એ પ્રેમઘેલી ગોપી તો ગાય છે : કોણ કહે છે કે મારા શ્યામ મથુરા ગયા છે? અરે! સખી જો, શ્યામ સામે છે-આગે કૃષ્ણ. પાછળ ફરીને સખીને કહે છે, સખી જો, શ્યામ પાછળ છે-પાછે કૃષ્ણ, જમણી બાજુએ ફરી બતાવે છે, સખી જો, આ રહ્યા મનમોહન- 'ઇત કૃષ્ણ, ઉત કૃષ્ણ.' વિપ્રયોગમાં વિરહના પરમ

ફળરૂપે આ વ્રજભકતોને 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઈત કૃષ્ણ ઈત કૃષ્ણ' નાં દર્શન થાય છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવો વિરહ આપણે શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રાપ્ત કરવાનો છે.

શ્રીમહાપ્રભુજીના એક સેવક થઇ ગયા- જીયદાસ ક્ષત્રિય. એક જ સમયની સેવા પહોંચ્યા છે- લલિતત્રિભંગલાલની. રાજભોગ કરીને, ટેરો લઇને બહાર આવીને દંડવત્ પ્રણામ કરે છે : 'હા, નાથ! દર્શન નથી થતાં.' હ્રદયમાંથી એવ વિરહનો નિશ્વાસ નીકળ્યો કે એની સાથે જ એમના પ્રાણ નીકળી ગયા!

આપણે તો શું બને છે? ચાલો ઝટપટ સેવા આટોપી લો. હજી ઘરનું ઘણું કામ બાકી છે. સેવા આટોપીને બહાર આવ્યા પછી, 'પ્રભુ શું કરતા હશે?' એનું મનમાં કયાંય સ્મરણ નથી, એનું રમણ નથી, એની યાદ નથી, એનાં દર્શન નથી, એની ફરિયાદ નથી, વિરહનું ભાવન નથી. વ્રજભકતોએ તો એ સમયમાં વેણુગીત ગાયું, યુગલગીત ગાયું. આપણે ગાઇએ છીએ લૌકિક ગીત. કામ, કામ ને કામ. સૂરદાસજીએ મજાનું કહ્યુ છે: 'આજ કામ, કાલ કામ, પરસોં કામ કરનો, જાગત કામ, સોવત કામ, કામ હી મેં પચી મરનો.' છેલ્લે કહે છે 'છાંડ કામ, સુમર શ્યામ.' પણ આપણે કહીએ છીએ. 'છાંડ શ્યામ, સુમર કામ'- પ્રભુને છોડો અને કામને યાદ કરો.

શ્રીગુસાંઇજીના એક સેવક થઇ ગયા. મુકુંદરાય એમનું નામ. નોકરીએ રહ્યા ત્યાં શરત કરી. પગાર ઓછો લઇશ, જેટલો આપશો એટલો લઇશ; પણ સાંજે ચાર વાગે એટલે ઊભો થઇ જઇશ. પછી તમારી નોકરી નહીં! મંજૂર હોય તો કાલથી નોકરી કરવા આવું. ઠાકોરજીને છોડીને મારે નોકરી નથી કરવી. અરે, તમે કહેશો કે એ તો ચારસો વર્ષ પહેલાંની વાત કરો છો. પણ આજનું શું? આજે એવા એક ભગવદીય કુટુંબનું આપને સ્મરણ કરાવું. પ્રભુએ ખૂબ સારી સંપત્તિ આપી. મોટો વેપાર છે, કુટુંબ છે, પણ સેવામાં સતત નિમગ્ન રહે. ધંધા-વેપારમાં ઝાઝું ધ્યાન નહિ. પરિણામ એ આવ્યુ કે વેપાર ઘસાતો ગયો. દેવું વધતું ગયું, દુકાન બંધ કરવી પડી, બધું દ્રવ્ય પૂરું થઇ ગયું અને દાગીના વેચાઇ ગયા. છેલ્લે જે ઘરે રહેતા હતા એ ઘરને ગિરો મૂકવાનો વારો આવ્યો. બધા દીકરાઓને ભેગા કરીને પૂછયું, 'બેટા! હવે નિર્ણય તમારે કરવાનો છે. શું જોઇએ છે? સેવા કે મેવા? મેવા જોઇએ તો વેપાર ફરીથી કરીએ અને સેવા જોઇએ તો ગરીબી સ્વીકારી લઇએ.' દીકરાઓએ કહ્યું, 'બાપુજી! આ મકાનનો અમને મોહ નથી, સંપત્તિની ઇચ્છા નથી, સેવા નહીં છોડીએ.' સેવા માટેની આવી અડગતા હોય તો, ભગવદ્ વિરહ પ્રાપ્ત થાય; પરંતુ જો સેવા માટેની અડગતા નથી, સેવાનો આગ્રહ નથી તો ભગવદ્વિરહ કયાંથી થવાનો છે? આપણો દીકરો બહારગામ ગયો હોય અને

સમયસર પાછો ન આવે તો ઉચાટ શરૂ થાય. આંખમાં આંસુ આવી જાય, પણ ગામનો કોઇ છોકરો બહારગામ ગયો હોય અને સમયસર ન આવે તો આપણા પેટનું પાણીયે નથી હાલતું.

પ્રભુ માટેનો વિરહ, પ્રભુ પ્રત્યેના પ્રેમમાંથી પ્રગટે છે. માટે શ્રીહરિરાયચરણે પાયો આપ્યો ગુણગાનનો. એ ગુણગાનના પાયા ઉપર દુઃખભાવન, દૈન્ય અને વિરહ - આ ત્રણે કર્તવ્યો સિદ્ધ કરવાની આપે આજ્ઞા કરી. તમે કહેશો કે આ બધું કરવા માટેની કોઇ દવા છે, કોઇ ઉપાય છે? કોઇ ઇન્જેકશન છે? શ્રીહરિરાયચરણ કહે છે હા, આ સર્વનું મૂળ સત્સંગ છેઃ 'તદ્ અભાવે ન સિદ્ધયતિ'- જો સત્સંગ નહીં કરો તો આ કશું સિદ્ધ નહિ થાય. સત્સંગ દ્વારા જ આ સર્વ પ્રકારના ભાવનું પોષણ થશે. આમ, સત્સંગનો જે મહિમા શાસ્ત્રોએ ગાયો છે, એનો આગ્રહ અહીં શ્રીહરિરાયચરણે બતાવ્યો. સૂરદાસજીએ પણ કહ્યુંઃ 'હરિજન સંગ જો છિનક હોઇ',- ભગવદ્ભકતનો સંગ એક ક્ષણ માટે પણ આવે, તોપણ એ કેવો છે? -'કોટી સ્વર્ગ સુખ'- કરોડો સ્વર્ગનાં સુખ સમાન છે. 'ભૂરિ ભાગ્ય સંચિત ફલ'- એ તો ભગવત્કૃપા રૂપી તમારા સૌભાગ્યના ફળથી જ પ્રાપ્ત થશે. 'સૂરદાસ હરિજન પદ મહિમા, કો કહિ સકે તાત!' ભગવદ્ ભકતોનાં ચરણનો મહિમા કોઇ કહી શકતું નથી. એવા ભગવદીયોનો સદાયે સંગ કરવો. શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેઃ ભગવદીયોનો સંગ ન મળે તો શ્રીમહાપ્રભુજી આદિના ગ્રંથોનો સત્સંગ કરવો. પણ તમે કહેશો કે અમને સમય નથી.

હમણાં વડોદરા જિલ્લામાં અગિયાર-બાર દિવસ માટે ફરવાનું થયું. ત્યાંના આપણા વૈષ્ણવ યુવાન ભાઇઓને એક જ વાત કહી, એ આપ સૌને પણ મારે કહેવી છે. આપણો રોજનો દિવસ કેટલો? તમે કહેશો કે ચોવીસ કલાકનો હું કહીશ કે સાડીચોવીસ કલાકનો. ચોવીસ કલાકના દિવસને સાડીચોવીસ કલાકનો દિવસ બનાવી દો. કેવી રીતે? રોજ તમે જેટલા વાગે ઊઠતા હો, સૂર્યવંશી હો તો ય વાંધો નથી, પા કલાક વહેલા ઊઠો. અને રોજ સૂઇ જતા હો તેનાથી પા કલાક મોડા સૂઇ જાઓ. બહુ ઝાઝી તકલીફ નહીં પડે આ બંનેમાં. તમારા રોજના દિવસમાં અડધો કલાક વધી ગયો. કશું નથી કરતાં તો રોજ સવારે મિસરી ભોગ ધરી ઠાકોરજીની સન્મુખ બેસી, શકય હોય તેટલાં સ્તોત્રપાઠ અને જપ કરો. ચોવીસ કલાકની જિંદગી તમારી, એમાં અડધો કલાક પ્રભુનો. પા કલાક સવારે અને રાતે સૂઇ જતાં રહેલાં પા કલાક સત્સંગ કરો. વાંચતાં પ્રભુએ આપણને શીખવ્યું છે. ગ્રંથો ઘરમાં વસાવી શકીએ છીએ. એવો આગ્રહ રાખો કે ઓછામાં ઓછો પા કલાક રાત્રે વાંચીને જ સૂઇ જવું. છેલ્લા શોમાં પિકચર જોઇને આવો તોપણ પા કલાક વાંચીને સૂઇ જવું. પા કલાક સવારે સેવા અને પા કલાક રાત્રે

સત્સંગ. જે પ્રભુએ આપણને આટલું ઉત્તમ શરીર આપ્યું, ઉત્તમ કુટુંબ આપ્યું, ઉત્તમમાં ઉત્તમ જીવન જીવવાની સગવડો આપી, એ પ્રભુને માટે આપણે રોજનો શું અડધો કલાક ન ફાળવી શકીએ?

મને ત્યાં બહુ આનંદ થયો કે વડોદરા જિલ્લાનાં એ મોટાભાગનાં બધાં ગામોના યુવાનોએ આ કાર્યક્રમ સ્વીકાર્યો કે અમે પા કલાક સવારે ભગવત્-સન્મુખ થઈશું અન પા કલાક રાત્રે વ્યકિતગત કરીશું. શ્રીહરિરાયજી એ જ આજ્ઞા કરે છે : 'સર્વસ્ય મૂલમ્ સત્સંગ:' - સર્વનું મૂળ સત્સંગ છે.

॥ ઈતિ શ્રીહરિરાયજી કૃતમ્ એકાદશમ્ શિક્ષાપત્રમ્ શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા-ટીકા સમેતમ્ સમાપ્તમ્॥

શિક્ષાપત્ર અગિયારમાનો સારાંશ

શ્લોક સંખ્યા ૬

વિષય : વૈષ્ણવનાં ચાર કર્તવ્ય : (૧) ગુણગાન (૨) દુ:ખભાવન (૩) દૈન્ય (૪) ત્યાગ

(૧) ગુણગાન -

- શ્રીભાગવત આદિ ગ્રંથો દ્વારા પ્રભુનું ગુણગાન કરવું.
- ગુણગાન વાણીને શુદ્ધ કરે છે.
- શ્રવણથી પ્રગટ થયેલો ભગવદ્‌ભાવ કીર્તનથી સ્થિર થાય છે.
- ભગવદ્ ગુણગાનથી ભગવાન પ્રસન્ન થાય છે.
- ભગવાનની કૃપા વિના તેમનું ગુણગાન શકય નથી.
- પ્રભુના આનંદ માટે, નિરપેક્ષભાવે ગુણગાન કરવું.

(૨) દુ:ખભાવન -

- સેવા કરતાં, કશું નથી બનતું તેવી ભાવના સતત રાખવી.
- તેનાથી નિ:સાધનતા સિદ્ધ થાય છે.
- આવી નિ:સાધનતા વિચારવી તેનું નામ દુ:ખભાવન.

(૩) દીનતા -

- નિ:સાધનતામાંથી દૈન્ય પ્રગટે છે.
- પરિમાણે અહંતામમતા છૂટે છે.
- લૌકિક આસકિત દૂર થાય છે.
- તે અંત:કરણનો ગુણ હોવાથી, ભગવદ્દર્શન માટેનુ બીજ છે.

(૪) ત્યાગ -

- દીનતાના પરિણાણે વિરહતાપ પ્રગટ થાય છે.
- સાધનની અપેક્ષા અને આસકિત નિર્મૂળ થાય છે.
- દેહસંબંધી પદાર્થોનો આપોઆપ ત્યાગ થાય છે.
- વ્યસન અવસ્થા સિદ્ધ થતાં વિપ્રયોગધર્મી સ્વરૂપનો આંતર અનુભવ થાય છે.

આ ચારે કર્તવ્યો સિદ્ધ કરવા બે બાબત ખાસ જરૂરી છે :
(૧) શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય (૨) સતત સત્સંગ

શિક્ષાપત્ર બારમું

ભાવનીયં સદા ચિત્તે સ્વામિનીજલ્પિતં મુહુઃ ।
તાપકલેશૈરયં માર્ગઃ શ્રીમદાચાર્યરૂપિતઃ ॥૧॥

શ્રીસ્વામિનીજીએ જે-જે વચનો કહેલાં તેને વારંવાર ચિત્તમાં ધારણ કરવાં અને તેની ભાવના કરવી. શ્રીમહાપ્રભુજીએ સ્થાપિત કરેલો આ માર્ગ તાપક્લેશયુકત છે (૧)

દર્શનં દેહિ ગોપીશ ગોકુલાનન્દદાયક ।
ગોવિંદ ગોપવનિતાપ્રાણાધિપ કૃપાનિધે ॥૨॥

હે ગોપીજનના ઈશ! હે ગોકુળના આનંદદાતા! હે ગોવિંદ! હે વ્રજભકતોના પ્રાણપતિ! હે કૃપાનિધિ? મને દર્શન આપો. (૨)

ગોપાલ પાલિતવ્રજ નિજવ્રજસુખાંબુધે ।
પરમાનન્દ નન્દાદિરુચિરોત્સંગલાલિત ॥૩॥

હે ગોપાલ! હે વ્રજના પાલક! હે વ્રજભકતોના સુખરાશિ! હે પરમાનન્દ! હે નન્દ આદિની હુંફાળી ગોદમાં ખેલનારા! (મને દર્શન આપો.) (૩)

સદાનન્દ નિજાનન્દ-સમુદાયપ્રદાયક ।
દામોદર દયાર્દ્રાર્દ્ર દીનાનાથ દયાપર ॥૪॥

હે સદાનંદ! હે ભકતજનોના આનંદઘન! હે દામોદર! હે દયાર્દ્ર! દીનાનાથ! હે દયાપર! (મને દર્શન આપો.) (૪)

પુરુષોત્તમ સર્વાંગ-રુચિર પ્રેમપૂરિત ।
અનંગરુપપરમ પ્રિય ગોપવધૂપતે ॥૫॥

હે પુરુષોત્તમ! હે સર્વાંગસુન્દર! હે પ્રેમસભર! હે કામદેવનાયે કામદેવ! હે પ્રિય! હે ગોપવધૂઓના સ્વામી! (મને દર્શન આપો) (૫)

વ્રજાવલમ્બ સુકટે લમ્બકેશ કલાનિધે ।
વિરહાર્તિહર સ્વીય-મનોહરણતત્પર ॥૬॥

હે વ્રજના આલંબનરૂપ સુંદર કટિવાળા! હે લાંબા કેશવાળા! હે કલાના ભંડારરૂપ! હે વિરહાર્તિનું હરણ કરનારા! હે ભકતોના મનનું હરણ કરવામાં તત્પર રહેનાર! (મને દર્શન આપો.) (૬)

મનોવિનોદ ભાવાબ્ધે ભાવવદ્ હૃદયસ્થિત ।
ચંચલીકૃતચિત્ત સ્વભાવાન્દોલિતરૂપધૃક્ ।।૭।।

હે મનને વિનોદ આપનારા, ભાવના સમુદ્રરૂપ! હે ભાવવાળા હૃદયમાં સ્થિર કરનારા! હે ભકતના ચિત્તને ચંચળ કરનારા! પોતાના ભકતોના ભાવથી આંદોલિત થઈ, તેને અનુસાર રૂપ ધારણ કરનારા પ્રભો! (મને દર્શન આપો.) (૭)

મહામુગ્ધ સદાદુગ્ધપાનતત્પરમાનસ ।
નવનીતાલિપ્તમુખ પયોબિંદુયુતાધર ।।૮।।

હે મહામુગ્ધ! દૂધનું પાન કરવામાં સદાય જેનું મન ઉત્સુક છે એવા! જેમનું મુખ માખણથી ખરડાયેલું છે એવા! દૂધનાં ટીપાં ચોંટેલા છે એવા મુખવાળા પ્રભો! (મને દર્શન આપો). (૮)

અલકાવૃતવદન મદનાધિકસુંદર ।
કપોલવિલસદ્રાગ કસ્તૂરીતિલકાંચિત ।।૯।।

વાળથી જેમનું મુખ આચ્છાદિત છે, કામદેવથી પણ જે વધુ સુન્દર છે, જેમના ગાલ રંગાયેલા છે અને કસ્તૂરીના તિલકથી જેમનું લલાટ શોભી રહ્યું છે એવા હે પ્રભો! (મને દર્શન આપો) (૯)

સિંજન્નૂપરશોભાઢ્ય નખભૂષણભૂષિત ।
સઘોષસૂક્ષ્મસુકટિ-વિલસત્ક્ષુદ્રઘંટિક ।।૧૦।।

નૂપુરના રણકારથી શોભતા, નખના ભૂષણથી ભૂષિત, નાની-શી કટિ ઉપર ઝીણી ઝીણી ઘૂઘરીઓના વિલાસથી વિલસી રહેલા, સુન્દરશ્યામ! (મને દર્શન આપો) (૧૦)

રાજદ્હૃદયવૈયાઘ્ર-નખભૂષણભૂષિત ।
કંજલોચનલોલાક્ષ વિશાલાક્ષવિલક્ષણ ।।૧૧।।

સુન્દર વાઘનખના ભૂષણથી શણગારાયેલા, ચપળ-કમળ-લોચનવાળા, વિશાળ નેત્રોથી વિલક્ષણ પ્રભો! (મને દર્શન આપો.) (૧૧)

દીનૈકશરણ સ્વીય-સર્વસામર્થ્યસંયુત ।
વ્રજરાજસુત સ્વીય-જનનીકંઠભૂષણ ।।૧૨।।

હે દીનજનોના એકમાત્ર શરણરૂપ, સર્વસામર્થ્યથી સર્વશક્તિમાન, નંદનંદન, માતા યશોદાના કંઠના આભરણરૂપ પ્રભો! (મને દર્શન આપો.) (૧૨)

હા કૃષ્ણ હા સદાનન્દ હા વૃન્દાવનભૂષણ ।
હા નન્દારાજતનય હા યશોદાંકખેલન ॥૧૩॥
હા ગોપિકેશ હા નાથ હા ગોકુલપુરન્દર ।
હા હા વ્રજજનાર્તિઘ્ન હા હા નિ:સાધનાધિપ ॥૧૪॥
હા હા નન્દાદિસર્વસ્વ હા હાऽનંગનવાંકુર ।
હા નિરાલમ્બનાલમ્બ હા હાંધલકુટિપ્રિય ॥૧૫॥

હા, કૃષ્ણ! હા સદાનંદ! હા વૃન્દાવનભૂષણ! હા નંદરાજતનુ, હા યશોદોત્સંગ-લાલિત! (૧૩); હો ગોપિકેશ! હા નાથ! હા ગોકુલેન્દ્ર દેવ! હા હા વ્રજજનાર્તિહર! હા હા નિ:સાધનનાથ! (૧૪) હા હા નંદાદિ સર્વસ્વ! હા હા કામદેવ નવાંકુર; હા હા અનાલંબનાલંબન! હા હા આંધળાની લાકડીરૂપ! (મને દર્શન આપો) (૧૫)

એવં વિધાનિ સતતં જલ્પિતાનિ મુહુર્મુહુ: ।
અવગત્ય ચ ભાવેન ભાવનીયાન્યહર્નિશમ્ ॥૧૬॥

શ્રી સ્વામિનીજી આવી રીતે હમેશાં જલ્પના કરે છે. આપણે પણ તેમના ભાવને જાણી અહર્નિશ એવી જ ભાવના કરવી. (૧૬)

શિક્ષાપત્ર ૧૨મું

શ્રીહરિરાયચરણ દ્વાદશ શિક્ષાપત્રનો પ્રારંભ કરે છે. બારમા શિક્ષાપત્રમાં શ્લોકની સંખ્યા સોળની છે. સોળની સંખ્યા કેમ છે એનો થોડોક વિચાર આગળ કરીશું. એનો વિષય છે વિરહભાવના દ્વારા ભગવત્સ્મરણ.

શ્રીસ્વામિનીજીએ શ્રીઠાકોરજીની વિરહભાવના કરી. વિરહમાં શ્રીઠાકોરજીનાં સ્વરૂપ, લીલા અને ગુણોનું સ્મરણ કરતાં-કરતાં તે તે નામોનું જલ્પન કર્યું. એ જલ્પન આ શિક્ષાપત્રનો વિષય છે આ બહુ અદ્ભુત શિક્ષાપત્ર છે. પ્રાચીન વલ્લભીયો અને વલ્લભકુળ એવી આજ્ઞા કરે છે કે જો તમારે શ્રીઠાકોરજીનાં દર્શન કરવાં હોય, તો આ બારમા શિક્ષાપત્રનો પાઠ કરજો. આ શિક્ષાપત્રના પાઠનું ફળ એક જ છે. શ્રીસ્વામિનીજીની કૃપાથી એમના હૃદયમાં બિરાજતા પરમાનંદ-સ્વરૂપનો અનુભવ અવશ્ય થશે. અનેક ભગવદીયોની આ અનુભવસિદ્ધ વાત છે. તમારા રોજના સ્તોત્રપાઠનો ક્રમ હોય, એમાં આ બારમા શિક્ષાપત્રનો પાઠ કરવાનું ઉમેરજો. શક્ય હોય તો રાત્રે સૂઇ જતાં પહેલાં આ શિક્ષાપત્રનો પાઠ કરીને સૂઇ જજો. રાતમાં તમને ભગવત્કૃપાથી અવશ્ય કંઇક વિલક્ષણ અનુભવ થશે. એવું અદ્ભુત આ શિક્ષાપત્ર છે. માટે 'સ્નેહેન યદિ રોચતે'- જો તમને ગમે તો પ્રેમપૂર્વક, બહુ સ્વસ્થતા અને સાવધાનીથી, એકાગ્રચિત્તથી આ શિક્ષાપત્રનું શ્રવણ કરજો.

આ શિક્ષાપત્રમાં શ્રી સ્વામિનીજીની વિરહભાવના છે. વિરહભાવના અને વિપ્રયોગભાવનાને સૌથી પહેલાં આપણે થોડી સમજી લઇશું. ઘણીવાર એવું બને છે, કે આપણ પરંપરાથી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો હોવાના કારણે આ બધા શબ્દોને સાંભળતા આવીએ છીએ; પરંતુ એની પાછળનું એનું સ્વરૂપ, એનું હાર્દ આપણે સમજતા નથી. છતાં મોટે ભાગે સંકોચમાં પૂછી શકતા નથી અને કહ્યા કરીએ કે હા, અમને સમજણ પડે છે; ત્યારે પેલી વહુના જેવું થાય.

એક ભણેલી વહુ આવેલી. રસોઇ આવડે નહિ. પણ વટ એવો રાખે કે બધું આવડે છે. એના પતિની આગળ પોતાના પાકકૌશલ્યનાં બણગાં ફૂંકે. એના પતિને રોજ પૂછે કે તમને જે પ્રિય વાનગી હોય, તે બનાવું. એક રવિવારે પતિએ કહ્યું કે આજે

પૂરણપોળી બનાવજે. પતિ કાંઇક કામે ગયા. હવે પૂરણપોળી બનાવતાં આવડે નહીં, ખાધેલી ખરી અને નામ પણ સાંભળેલું. પણ બનાવવી શી રીતે? એ તો બાજુમાં એક માજી રહે તેમના ત્યાં ગઇ. કહે કે માજી, તમારા દેશમાં તમે પૂરણપોળી કેવી રીતે બનાવો? માજી સમજી ગયાં. દિવાળી વધારે જોયેલી ને? એટલે માજીએ ઠાવકાઇથી કહ્યું, કે બેટા અમારે ત્યાં તો એવું કે, બનાવીને પાણીથી ભરેલા એક તપેલામાં અમે મૂકતાં જઇએ. એથી પૂરણપોળીની કોમળતા બહુ રહે. એની મીઠાશ વધે. વહુએ ઘરે આવીને એ પ્રમાણે પૂરણપોળી બનાવી. પાણી ભરેલા તપેલામાં મૂકતી ગઇ. ઉપર થાળી ઢાંકેલી. બાર વાગ્યે પતિ આવ્યા ત્યારે તો બધો લૂંદો થઇ ગયેલો, પૂરણપોળી નહોતી. આપણું પણ આવું થાય છે, કે નામ જાણીએ પણ એની પાછળનો ભાવ ન સમજીએ એટલે ગરબડ કરી બેસીએ છીએ.

મને એક વૈષ્ણવે બહુ સરળ રીતે કહેલ કે, ''ભૈશા'બ! તમે આ વિરહવિરહ કરો છો, પણ વિરહમાં કરવાનું શું? અમે રડીએ એટલે વિરહ કર્યો કહેવાય? છોકરાં રડે છે, તો છોકરાં રડે એ વિરહ છે?'' આપણે વિરહ અને વિપ્રયોગ આ બે જે પારિભાષિક શબ્દો છે એને પહેલાં સમજી લઇએ.

મારી અલ્પમતિ પ્રમાણે વિરહ શબ્દની સંકલ્પના વિચારીએ તો એમાં એક શબ્દ છે: 'રહઃ' એટલે એકાંત. શ્રીમહાપ્રભુજીનું એક નામ છે 'રહઃપ્રિયઃ'- જેમને એકાંત પ્રિય છે. વિરહમાં ઉપસર્ગ છે. 'વિ'. 'વિ' એટલે વિના. આપણા પ્રિયતમ એવા પ્રભુ વિનાનું એકાંત. જ્યાં આપણી સાથે આપણા પ્રિયતમ એવા પ્રભુ નથી એવો સમય, એવું સ્થળ, એવી મનની સ્થિતિ, એનું નામ વિરહ. નંદદાસજીએ વ્રજભાષામાં 'વિરહમંજરી' નામથી એક અદ્‌ભુત કાવ્યરચના કરી છે. નંદદાસજી એમાં ચાર પ્રકારના વિરહનું વર્ણન કરે છે. આ વિરહને હજુયે વધારે સ્પષ્ટ કરવા માટે શ્રીગુસાંઇજીના સેવક ભકતકવિ ધોંધીનું એક પદ સમજીએ, તો નંદદાસજીની વાત સરળ બની જશે.

સાયંકાળનો સમય છે. ગૌચરણ કરીને પ્રભુ પધારી રહ્યા છે. 'હાંકે હટક-હટક ઠઠક રહી ગોકુલકી ગલી સાંકરી'- એવી ગલીમાંથી આપ આગળ પધારે છે. ચંપકલી અને કુંદકલીની બરખા થઇ રહી છે. વ્રજભકતોને એમના સંકેત દ્વારા મનોરથ પૂર્ણ કરવાની પ્રભુ આજ્ઞા કરી રહ્યા છે. એવા એક વ્રજભકતને આજ્ઞા કરી કે આજ રાત્રે તારી નિકુંજમાં હું પધારીશ. વ્રજભકત રાત્રે જોઇ રહ્યાં છે, પણ પ્રભુ પધાર્યા નથી. પ્રભુની અનુપસ્થિતિ એમના હૃદયમાં વિરહ જન્માવે છે, પ્રભુના મિલનનો તલસાટ જન્માવે છે. તેઓ ગાય છે કે 'આવન કહ ગયે'- આવવાનું કહ્યું હતુંઃ 'અજહુ ન આયે પિય.' આકાશના તારા

ગણતાં-ગણતાં આખી વાત વીતી ગઇ. પહેલી નજરે આપણને એમ લાગે કે વ્રજભકતે પ્રભુની રાહ જોતાં-જોતાં શું આકાશના તારા ગણ્યા હશે? ના, એ મેઘશ્યામ વર્ણના આકાશમાં પોતાના શ્યામસુંદરનું ચિંતન કરતાં-કરતાં એના પ્રકાશિત એક-એક તારામાં અમાસની અંધારી રાતે કદાચ એ વ્રજભકતને શ્યામસુંદરનાં કમલદલલોચનનાં દર્શન થતાં હશે. એ કમલદલલોચનનાં દર્શને, એના સ્મરણે એના હૃદયની વ્યથા, ઉત્કટતા વધતી હશે. એ અનુભવ અહી ધોંધીજી ગાઇ રહ્યા છે. 'બીતી સબ નિશ મોહે ગિનત હિ તારે, દીપક જયોતિ મલિન ભઇ હૈ'- અરે દીવાનો પ્રકાશ પણ હવે તો ઝાંખો થઇ ગયો, પરોઢ થઇ ગયું, 'કિન દૂતિયન બિરમાયે પ્યારે'- કઇ સખી એમને ભોળવીને લઇ ગઇ હશે? ત્યાં તો પક્ષી બોલ્યાં, કમળ ખીલ્યાં, 'તમચર બોલે બગર સબ ખોલે, ફૂલે કમલ મધુપ ગુંજારે.'-કેટલી વેદના છે હૃદયમાં! અને છતાંય તે કહે છે 'ધોંધીકે પ્રભુ તુમ બહુનાયક' તમારે અનેક પ્રિયાઓ છે, અનેક સ્વામિનીઓ છે; હૃદયમાં પ્રભુ નથી પધાર્યા એનો રોષ છે, એનું દુઃખ છે. એની તડપન છે; અને છતાંયે એનો પ્રેમ એટલો ઉત્કટ છે કે 'તોહુ મેરે નયનકે તારે'- છતાંય મારે માટે તો તમે એક છો, મારું સર્વસ્વ છો. આ છે વિરહ. ભગવદ્ દર્શનની ઉત્કટ તાલાવેલી છે અને એ ઉત્કટ તાલાવેલીમાંથી જન્મતી વેદના એનું જ બીજું નામ છે વિરહ.

એ વિરહના ચાર પ્રકાર: દેશાંતર વિરહ, વનાંતર વિરહ, પલકાંતર વિરહ અને પ્રત્યક્ષ વિરહ. દેશાંતર વિરહ એટલે પ્રભુથી અન્ય સ્થળે જતાં થતો વિરહ. વનાંતર વિરહ એટલે પ્રભુ વનમાં પધારતાં થતો વિરહ. પલકાંતર વિરહ એટલે પ્રભુદર્શનની આડે પલક આવતાં પણ તેટલી ક્ષણ જે વિરહ થાય તે. પ્રત્યક્ષ વિરહ તો એવો કે પ્રભુ સામે જ બિરાજયા હોય, સેવામાં સામે હોઇએ અને છતાંય એમ થયા કરે કે હમણાં અહીંથી પધારી જશે તો? સંયોગમાંય વિરહ થાય, એ પ્રત્યક્ષ વિરહનું લક્ષણ છે. આવા વિરહની ઉત્કટતામાં વ્રજભકતોના મુખારવિંદથી 'ગોપીગીત' ગવાયું. નંદદાસજી આદિ ભગવદીયોએ વિરહનાં ત્રણ લક્ષણો બતાવ્યાં છે: વ્યાધિ, પ્રલાપ અને ઉન્માદ. વિરહ જેમ-જેમ વધતો જાય, તેમ-તેમ બીજાઓને તે ભકતના દેહમાં ભૌતિક રીતે વ્યાધિનો-રોગનો સંશય ઊભો થતો જાય. એમ લાગે કે આ માણસ માંદો પડતો જાય છે. એને રોગ થતો જાય છે. હૃદયની વેદનાને કારણે એની અસર એના શરીર ઉપર થતી હોય છે. વિરહના કારણે મન બેબાકળું બને, બુદ્ધિ કયારેક સમતુલા ગુમાવી દે, અને પરિણામે પ્રલાપ કરવા માંડે, અસંબદ્ધ એવું બોલે, અને કયારેક ઉન્માદ કે ગાંડપણ જેવી પણ કેટલીક ચેષ્ટાઓ જોવા મળે! લૌકિક પ્રેમીઓનાં અનેક ઉદાહરણો આપણે જાણીએ છીએ. લયલા-મજનૂ અને શીરીન-ફરહાદ જેવા લૌકિક પ્રેમીઓનો વિરહ

આટલો ઉત્કટ હોઈ શકે, તો જેને એક વાર નવઘનશ્યામસુંદરની માધુરીનો અનુભવ થયો, એના વિરહની તો વાત જ શી કરવી? દયારામભાઈએ કહ્યું, કે આ વિરહમાં શું થાય? 'જો ન મળે તો વિકળ થાય.' પ્રભુનાં દર્શન ન થાય તો રોમ-રોમમાં વિકળતા થઈ જાય અને ચેન પડે નહિ. સુધ-બુધ ગુમાવી બેસે. આ વિરહનું સ્વરૂપ છે.

વિરહની આગળની અવસ્થા છે વિપ્રયોગની. 'વિપ્રયોગ'માં એક શબ્દ છે, 'યોગ' યોગ એટલે મિલન. મિલનના બે પ્રકાર- સંયોગ અને વિપ્રયોગ. સંયોગમાં બાહ્ય મિલન હોય, બે વ્યકિત પરસ્પરને મળે, ત્યારે સંયોગ કહેવાય. દીકરો અમેરિકાથી આવે અને આપણે દીકરાને મળીએ ત્યારે સંયોગ છે. પણ દીકરો અમેરિકા પાછો ગયો છે, આવ્યો નથી. ઘરમાં બહુ આનંદનો સારો પ્રસંગ છે, દીકરાની ખૂબ યાદ આવે છે, બાહ્ય રીતે દીકરો હાજર નથી, પણ મનથી એમ લાગે છે કે દીકરો આપણી પાસે છે, આ પ્રસંગમાં આપણી જોડે છે. બંનેનાં તનની હાજરી ન હોય છતાંયે મનનું મિલન હોય, એવી એ એક ભાવની અવસ્થા છે. 'વિ' અર્થાત્ વિશેષ સ્વરૂપે- વિલક્ષણ સ્વરૂપે, પ્ર-અર્થાત્ પ્રકર્ષેણ, ખૂબ ઉત્કટતાપૂર્વક મનથી જયારે આપણે કોઈકને મળીએ, મનની એકાગ્રતા થઈ જાય, ત્યારે એ ભાવસ્થિતિને વિપ્રયોગ કહેવાય. એને માટે એક બીજો પ્રયોગ થાય છે આંતરમિલન. અંતરનું જે મિલન છે, હૃદયનું જે મિલન છે. એને આંતરરમણ પણ કહેવામાં આવે છે. હૃદયની અંદર આપણા પ્રેમાસ્પદને આપણે પૂરેપૂરા અનુભવીએ અને એના રમણમાં તલ્લીન બની જઈએ, એવી જે એક વ્યસનની અવસ્થા એનું નામ વિપ્રયોગ. શ્રીઆચાર્યચરણે એનું સુંદર નિરૂપણ કર્યું મંગલાચરણના શ્લોકમાં -

નમામિ હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્ ॥

હૃદયરૂપી ક્ષીરસાગરનાં પોઢેલા અને સર્વલીલાપરિકર સહિત રમણ કરતા પ્રભુનો અનુભવ શ્રીઆચાર્યચરણે કર્યો એ આ વિપ્રયોગને અનુભવ છે. આ વિપ્રયોગના અનુભવમાં ભગવત્કૃપાથી વિપ્રયોગધર્મી સ્વરૂપનો અનુભવ થાય છે.

અગિયારમા શિક્ષાપત્રમાં આપણે શ્રીહરિરાયચરણ પાસેથી પ્રભુના ચાર સ્વરૂપ વિષેની સમજ પ્રાપ્ત કરી હતી: સ્વરૂપાત્મક, ભાવાત્મક રસાત્મક અને ફલાત્મક. એમાં પ્રભુનું જે ફલાત્મક સ્વરૂપ આપણે વિચારેલું એ આ વિપ્રયોગધર્મી સ્વરૂપ. શબ્દ અઘરો છે, વાત અઘરી નથી. જરાક ધ્યાન દઈને આ વાત શ્રવણ કરશો તો સમજાઈ જશે. આપણી સ્નેહી વ્યકિત લૌકિકમાં દૂર-દૂર હોય, પણ જયારે એનું ઉત્કટ સ્મરણ થઈ આવે, ત્યારે એ સ્મરણથી હૃદય એવું ભરાઈ આવે કે વ્યકિત જાણે આપણા હૃદયની અંદર હાજર હોય, અને ભૂતકાળના અનેક પ્રસંગો એની સાથે આપણે અનુભવતા

હોઇએ, એવી એક લાગણી આપણને થાય છે. તો અહીં તો સાક્ષાત્ ફલસ્વરૂપ, રસઘન પરમાનંદ સ્વરૂપ, પ્રભુ હૃદયની અંદર આવીને સાક્ષાત્ બિરાજે છે. આપણું હૃદય એ હવે હૃદય નથી રહ્યું, પ્રભુની નિકુંજ બન્યું છે, વ્રજધામ બન્યું છે. જયાં પ્રભુ પધારે ત્યાં સર્વલીલાપરિકર પધારે છે.

સંયોગમાં આપણે જોયું હતું એમ એક સમયે એક જ ઉત્સવનાં, એક જ મનોરથનાં દર્શન થાય, પણ આ વિપ્રયોગનો ભગવત્કૃપાથી જયારે અનુભવ થાય, ત્યારે એક જ સમયે હૃદયની અંદર એક સાથે અનેક લીલાઓનો અનુભવ થાય. આને શબ્દોમાં નહીં સમજાવી શકાય; કારણે કે તે અનુભવનો વિષય છે. પરંતુ અનેક ભગવદીયોને આ પ્રકારના અનુભવ થયા છે. એક-કાલાવચ્છિન્ન વિપ્રયોગધર્મી સ્વરૂપ અનેક લીલાઓનો ભકતોને અનુભવ કરાવી શકે છે. એ રસનું દાન એવું અલૌકિક છે કે જયારે એ દાન પ્રાપ્ત થાય, ત્યારે દયારામભાઇ કહે છે તેમ વ્યકિત બહારથી જાણે જડ જેવી બની ગઇ હોય. એને મૂર્ચ્છા આવી ગઇ હોય એવું ભૌતિક રીતે આપણને લાગે છે; પરંતુ હૃદયમાં એ સતત નિરંતર ભગવલ્લીલાનો સાક્ષાત્ અનુભવ કરતો હોય, તો આવો જે ફલાત્મક અનુભવ એ વિપ્રયોગ છે. વિરહ એ સોપાન છે, પગથિયું છે. વિપ્રયોગ એ નિકુંજ છે. આપણે ઘરના આંગણે પગથિયા પર પગ મૂકીએ છીએ, શા માટે? ઘરમાં જવા માટે. પગથિયા ઉપર બેસી રહેવા માટે નહિ. વિરહરૂપી પગથિયા દ્વારા વિપ્રયોગરૂપી નિકુંજમાં જઇને એ ફલાત્મક પ્રભુના સર્વલીલા પરિકર સહિતની એક કાલમાં અનેક લીલાઓનો અનુભવ શ્રીમહાપ્રભુજીની કૃપાથી થાય, એ આપણી અભિલાષા છે. અને તે માટે વિરહ દ્વારા વિપ્રયોગનો અનુભવ કરવાનો માર્ગ શ્રીહરિરાયચરણે આપણને એકાદશ શિક્ષાપત્રના અંતમાં બતાવ્યો હતો. હવે એ માર્ગે કેવી રીતે ચાલવું, એ આ દ્વાદશ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ બતાવે છે.

રસ્તો ન જોયો હોય, ત્યારે અનુભવીને પૂછીએ. મોટાઓ જે રસ્તે જાય એ રસ્તે જવું એમાં સલામતી છે. અહીં ચાચાજીના એક પ્રસંગનું સ્મરણ કરી લેવા જેવું છે: શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર ચાચા હરિવંશજી એક વાર સાંજના સમયે મથુરા ગયા હતા. સાથે એક વૈષ્ણવ. સંધ્યા થઇ ગઇ. ઘાટ ઉપર એક પણ નાવ નથી. ગોકુળ પહોંચવું છે. ચાચાજીએ વિચાર કર્યો, કે જમુનાજી કેવી રીતે પાર કરવાં? ચાચાજી તો પરમ ભગવદીય. શ્રીગુસાંઇજીના કૃપાપાત્ર. સતત અષ્ટાક્ષરનું રટણ હોઇ અષ્ટાક્ષર એમને સિદ્ધ થયેલ છે. એટલે ચાચાજીએ પેલા વૈષ્ણવને આજ્ઞા કરી કે શ્રીયમુનાજીના જળ ઉપર હું પગલાં મૂકતો-મૂકતો ચાલીશ. તું પણ મારા પગલે-પગલે પગલું મૂકજે અને અષ્ટાક્ષરનું રટણ કરજે. આપણે શ્રીયમુનાજીની કૃપાથી સામે પાર પહોંચી જઇશું.

ચાચાજીની પાછળ-પાછળ પેલા વૈષ્ણવ ચાલે છે. થોડેક સુધી ચાલતાં પેલા વૈષ્ણવના મનમાં વિચાર આવ્યો કે ચાચાજી અષ્ટાક્ષર બોલે છે અને હું પણ બોલું છું, તો શું કરવા એમના પગલે પગલું મૂકવું? જોડે ચાલું તો શો વાંધો છે? એમણે સાથે ચાલવા માટે બાજુમાં પગલું મૂક્યું અને ડૂબ્યા. ચાચાજીએ હાથ પકડી લીધો. આજ્ઞા કરી કે મેં તને નહોતું કહ્યું કે તું મારા પગલે-પગલે પગલું મૂકજે!

આ પ્રસંગ આપણને ખૂબ શીખવે છે કે આવા મહાનુભાવ ભગવદીયોના પગલે-પગલે આપણે પગલું મૂકવું. એમની સાથે ચાલવાનો પ્રયત્ન કદી ન કરવો, નહિતર ડૂબી જવાય; કારણ કે આપણું સામર્થ્ય નથી. ભગવદીયોની હોડ ન થાય, શ્રીવલ્લભકુળની હોડ ન થાય, શ્રીઠાકોરજીની હોડ ન થાય. માટે અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, કે વિરહનો જે માર્ગ છે, વિરહનો જે પ્રકાર છે, એ કેવળ શ્રીસ્વામિનીજી જ કૃપા કરીને આપણને બતાવી શકશે; કારણ કે, જેને અનુભવ હોય એ જ બતાવે. માટે શ્રીહરિચરાયચરણે આજ્ઞા કરીઃ શ્રીસ્વામિનીજી દ્વારા આપણને વિરહનું ભાવન કરવાનું પ્રાપ્ત થશેઃ

ભાવનીયં સદા ચિત્તે સ્વામિનીજલ્પિતં મુહુઃ ।
તાપકલેશૈરયં માર્ગઃ શ્રીમદાચાર્યરૂપિતઃ ॥

–'ભાવનીયમ્ સદા ચિત્તે' હમેશાં ચિત્તમાં ભાવન કરવું. શાનું? તો 'સ્વામિની-જલ્પિતમ્ મુહુઃ' શ્રીસ્વામિનીજીએ જેનું જલ્પન કર્યું છે, એ ભગવન્નામોનું, એ ભગવલ્લીલાનું ભાવન વારંવાર કરવું. શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છેઃ શા માટે શ્રીસ્વામિનીજીના વિરહનું જલ્પન અને એનું ભાવન આપણે કરવાનું? એ માટે શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ સમજાવતાં શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છેઃ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ શ્રીઠાકોરજીની જેમ ઉભયદલાત્મક સ્વરૂપ છેઃ સંયોગાત્મક અને વિપ્રયોગાત્મક. સંયોગ અને વિપ્રયોગ બંને ભાવથી પરિપૂર્ણ તે આ ભાવાત્મક સ્વરૂપથી પ્રભુ સાથે સદાય નિત્યલીલામાં વિહાર કરે છે અને વિપ્રયોગાત્મક સ્વરૂપથી પ્રભુના વિરહમાં જલ્પન કરે છે, શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજી સાથે માન પણ કરે. એવું પ્રગાઢ માન કરે છે કે માન છોડાવતાં-છોડાવતાં પ્રભુ પોતે પણ ખૂબ પરિશ્રમિત થઇ જાય. ક્યારેક નાનીસરખી વાતમાં પણ એવું માન કરી દે કે પ્રભુ પણ મૂંઝાઇ જાય.

એક વાર શ્રીઠાકોરજીએ શ્રીસ્વામિનીજીને શૃંગાર કર્યા. દર્પણ બતાવ્યું અને ખૂબ પ્રસન્નતાથી વિનંતી કરી, 'આજે આપનું મુખચંદ્ર અત્યંત શોભાયમાન દર્શન આપે છે!' આટલું કહેતાં તો પ્રિયાજી અનમનાં થઇ ગયાં. પ્રભુને સમજાયું નહિ કે પ્રિયાજી કેમ અનમનાં થયાં? પ્રભુએ લલિતાજીને મનાવવા મોકલ્યાં, ત્યારે લલિતાજી આગળ પ્રિયાજી આજ્ઞા કરે છે, 'નહિ બોલુ એની સંગે. લલિતા, તું ગમે એ કહે, પણ હું એની સંગે હવે કદી

બોલવાની નથી.' લલિતાજી ખૂબ વિનંતી કરે છે, પણ કિશોરીજી એક જ વાતની હઠ લઇને બિરાજયાં છે: 'શ્યામરંગ સમીપે ન જાવું, આજ થકી શ્યામ રંગ સમીપે ન જાવું.' 'પ્રિયાજી, શા કારણ આટલું બધું? શ્યામસુંદર સાથે તમારે કંઇ વાંકુ પડયું હશે; પણ શ્યામ રંગ સાથે શું? ત્યારે પ્રિયાજી રહસ્યસ્ફોટ કરતાં આજ્ઞા કરે છે, 'લલિતા, નહિ બોલું એની સંગે, શશિવદની કહી મુને બોલાવી મહારાજે- આજે મને પ્રિયતમે શશિવદની-ચંદ્રમુખી કહીને બોલાવી મારું અપમાન કરી નાખ્યું.' લલિતાજી મૂંઝાઇ ગયાં, તેમને કંઇ સમજણ ન પડી. કોઇ આપણને એમ કહે કે તમારું મુખ ચંદ્ર જેવું છે, તો ધોળા વાળ આવ્યા હોવા છતાંય અરીસામાં જોવા જઇએ. પ્રસંશા તો સૌને ગમે, કોને નથી ગમતી? પરંતુ પ્રિયાજી અપ્રસન્ન થઇ ગયાં. પ્રિયાજીએ ખુલાસો કર્યો, કે 'લલિતા, તું વિચાર કર, શું મારું મોં અને ચંદ્ર આ બે સરખાં કહેવાય? ચંદ્ર પંદર દિવસ વધે છે અને પંદર દિવસ ઘટે છે. મારા મુખમાં તને કદી વધઘટ થતી જોવા મળે છે ખરી? એ ચંદ્રની અંદર તો કેટલાં કલંક છે! જયારે મારા મુખારવિંદ ઉપર એક પણ કલંક દેખાય છે? ચંદ્ર જડ છે, મારું મુખારવિંદ શું જડ છે? માટે નહિ બોલું એની સંગે!''

લલિતાજીને તે દિવસે માનમિલાપ કરાવતાં ખૂબ પરિશ્રમ થયો. આમ નાની-નાની બાબતમાં પ્રિયાજી અનમનાં થતાં. અને છતાંયે પ્રિયાજીની દીનતા પણ એટલી! દીનતાનો એ સાગર. શ્યામસુંદર વિના એક ક્ષણ પણ રહી ન શકે. શ્યામસુંદરના વિરહમાં નેત્રમાંથી અશ્રુપ્રવાહ ચાલ્યો જાય.

આવાં શ્રીસ્વામિનીજીના શ્યામસુંદરના વિરહના અનુભવનું નિરૂપણ બે સ્થાને કરવામાં આવ્યું છે: અહીં એક બારમા શિક્ષાપત્રમાં અને બીજું 'પ્રેમામૃતમ્' નામના ગ્રંથમાં. 'પ્રેમામૃતમ્' ગ્રંથ શ્રીકૃષ્ણપ્રેમામૃતમ્ ગ્રંથના નામે પણ સુપ્રસિદ્ધ છે. આપણા સંપ્રદાયમાં એમ કહેવાય છે કે શ્રીજીબાવાએ શ્રીગિરિરાજ ઉપર શ્રીસ્વામિનીજીએ સ્વહસ્તે અંકિત કરેલ આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીને બતાવેલો. શ્રીમહાપ્રભુજી દ્વારા તે પ્રગટ થયેલો. જેના ઉપર શ્રીગુસાંઇજીએ ખૂબ સુંદર વિવૃત્તિ રચી છે. પાંત્રીસ શ્લોકનો આ અતિ અદ્ભૂત ગ્રંથ છે.

એકદા કૃષ્ણવિરહાદ્ ધ્યાયન્તિ પ્રિયસંગમમ્ ।
મનોબાષ્પનિરાસાય જલ્પતીદં મુહુર્મુહુઃ ॥

- ત્યાં પણ પ્રભુના વિરહમાં એક દિવસ સ્વામિનીજી વારંવાર નિશ્વાસ નાખતાં નાખતાં પ્રભુની લીલાઓનું સ્મરણ કરીને, પ્રભુના નામનું રટણ કરી રહ્યાં છે. પાંત્રીશ શ્લોકના ગ્રંથમાં જે ભગવદ્નામોનું ઉચ્ચારણ શ્રીસ્વામિનીજીએ કર્યું એમાં શ્રીગુસાંઇજી વિવૃત્તિમાં બતાવે છે કે 'તામસ ફલ' પ્રકરણ, એટલે રાસલીલાની લીલાઓનું

અનુસંધાન અને સ્મરણ છે. એ રાસલીલાના સંયોગસુખનું સ્મરણ કરતાં-કરતાં શ્રીસ્વામિનીજી પ્રભુનો વિરહ કરી રહ્યાં છે.

કૃષ્ણઃ કૃષ્ણેન્દુરાનંદો ગોવિંદો ગોકુલોત્સવઃ ।

આવાં અનેક મધુર નામોથી પ્રભુનું સ્મરણ કરી રહ્યાં છે. બીજી બાજુએ વિચાર કરીએ તો ભૂતળ ઉપર શ્રીસ્વામિનીજીના અને શ્રીઠાકોરજીના વિપ્રયોગ ભાવાત્મક તાપભાવના સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પ્રગટ થયા. ''વિરહાનુભવૈકાર્થસર્વત્યાગોપદેશકઃ ।'' - એવા શ્રીમહાપ્રભુજી વારંવાર શ્રીઠાકોરજીની લીલાઓનું સ્મરણ કરીને વિરહ કરે છે.

એક દિવસ શ્રીમહાપ્રભુજી બિરાજયા છે. અષ્ટછાપ પૈકીના ભગવદીય શ્રીપરમાનંદદાસજી સન્મુખ બેસીને કીર્તન ગાઇ રહ્યા છે. 'હરિ તેરી લીલાકી સુધિ આવે, કમલનયન મોહન મુરત, મનમન ચિત્ત ચિત્ર બનાવે.' પ્રભુની આ લીલાઓનું સ્મરણ થયું. શ્રીઆચાર્યચરણ એ વિપ્રયોગની લીલાના આંતર-સ્મરણમાં ત્રણ દિવસ અને ત્રણ રાત નેત્ર મીંચીને બિરાજી રહ્યા. આવા વિરહભાવાત્મક સ્વરૂપ આપણા પ્રાણશ્રેષ્ઠ શ્રીવલ્લભ છે. એમનાં નામ શ્રીગુંસાઇજી 'શ્રીસર્વોત્તમસ્તોત્ર'માં પાંત્રીસ શ્લોક દ્વારા નિરૂપણ કરે છે. 'પ્રેમામૃતમ્' ગ્રંથમાં પણ પાંત્રીસ શ્લોક. એમાં શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીનો વિરહ કરે છે. 'શ્રીસવોત્તમસ્તોત્ર'માં પણ પાંત્રીસ શ્લોક-'વચન શ્રીનાથે માંગ્યું, હું નંદન તમે તાત', એવા શ્રીઠાકોરજી સ્વરૂપે પ્રગટ થયેલ શ્રીગુંસાઇજી, શ્રીવિઠ્ઠલનાથજી અહીં શ્રીસ્વામિનીજી સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજીનો વિરહ કરે છે. 'પ્રેમામૃતમ્' ગ્રંથમાં શ્રીઠાકોરજીના વિરહનાં નામ છે. શ્રીસર્વોત્તમસ્તોત્રમાં શ્રીઠાકોરજી દ્વારા થયેલ શ્રીસ્વામિનીજીરૂપ શ્રીમહાપ્રભુજીના વિરહનાં નામ છે. માટે આ ઉભયગ્રંથો 'પ્રેમામૃતમ્' અને સર્વોત્તમ સ્તોત્ર' અને એની સાથે આ દ્વાદશ શિક્ષાપત્ર એ ત્રણનો પાઠ જો અર્થ અને અનુસંધાનના ભાવપૂર્વક કરવામાં આવે તો શ્રીમહાપ્રભુજીની અને શ્રીસ્વામિનીજીની કૃપાથી જરૂર આપણને એ વિપ્રયોગ રસનો યત્કિંચિત્ અલૌકિક અનુભવ પ્રાપ્ત થાય. શ્રીગોપેશ્વરજી આજ્ઞા કરે છે, કે પુષ્ટિમાર્ગ એ તાપકલેશાત્મક માર્ગ છે. શ્રીહરિરાયજીએ પણ આજ્ઞા કરીઃ 'તાપકલેશૈરયં માર્ગ:'- આ માર્ગ એ તાપકલેશનો માર્ગ છે.

આપણે એ પ્રસંગ જાણીએ છીએઃ શ્રીગુસાંઇજી વૈષ્ણવો સાથે બિરાજયા હતા અને વાર્તા-વિનોદ ચાલતો હતો. શ્રીદમલાજી (દામોદરદાસજી) એ હાથ જોડીને દીનતાથી વિનંતી કરી, 'જયરાજ, યે માર્ગ હાંસી-ખેલકો નહીં હૈ.' આ માર્ગ તો પ્રભુના તાપકલેશનો છે.

શ્રીમહાપ્રભુજી પાસે ગૌડીય સંપ્રદાયના રૂપ સનાતનજી આવ્યા છે. પ્રશ્ન કરે છે કે,

'તમારા સેવકો આવા દુર્બળ કેમ છે? શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'મેં ના પાડી છતાં આવ્યા, એનું ફળ ભોગવે છે. 'શું ફળ?- વિરહક્લેશના તાપના આનંદનું ફળ.

પુષ્ટિમાર્ગ એ પોષણનો માર્ગ છે, અને પોષણ એટલે અનુગ્રહ-કૃપા. પોષણ એટલે દેહનું પોષણ નહિ. પુષ્ટિમાર્ગ એ ઠોર-મઠડી, બુંદી, મોહનથાળનો માર્ગ નથી. પુષ્ટિમાર્ગ એ ભગવત્પ્રાપ્તિ માટેના વિરહના તાપક્લેશના અનુભવનો માર્ગ છે, એ વાત આજે આપણે ભૂલી ગયાં છીએ. એને પરિણામે આપણું ચિત્ત હમેશાં એક જ બાબતમાં રમે છે, કે સેવા કરીશું તો શું મેવા મળશે! હમણાં મુંબઇમાં એક ભાઇ મળ્યાં. મને કહે, 'રમેશભાઇ, મેં મારાં બાને કહી દીધું છે કે પૈસા સામે તમે જોશો નહિ. ખૂબ પ્રેમથી તમારે શ્રીઠાકોરજીને જે આરોગાવવું હોય તે આરોગાવો.' જૂનો પરિચય હતો, એટલે મેં તેમને પૂછયું, કે તમને આટલો બધો ભાવ કયાંથી પ્રગટ થયો? એટલે કહે ના, આમ તો નહિ, પણ ઠાકોરજી જે મહાપ્રસાદ આપે છે ને એ બહુ સુંદર હોય છે. એટલા માટે બાને કહ્યું, તમે આરોગાવો, એટલે અમને પણ આનંદ આવે છે. આ મહાપ્રસાદ માટેનો માર્ગ નથી. દેહના પોષણ માટે મહાપ્રસાદ છે, એ વાત આપણે ભૂલીએ નહિ.

આ તાપકલેશનો બીજભાવ બ્રહ્મસંબંધમાં શ્રીમહાપ્રભુજીએ આપણને આપ્યો છે. આપણે પ્રભુને વિનંતિ કરી હતી, કે ભગવાન કૃષ્ણથી વિખૂટા પડે હજારો વર્ષોનો સમય વ્યતીત થવાથી ભગવાનની પ્રાપ્તિ માટે હૃદયમાં જે તાપકલેશ થવો જોઇએ, એનો આનંદ મને તિરોધાન થયો છે. તે તાપનો તિરોધાન થયેલો આનંદ શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને ફરી આપણા હૃદયમાં પ્રગટાવી આપ્યો છે. માટે સદાય આપણા હૃદયમાં તાપકલેશ રહેવો જોઇએ, 'હા નાથ રમણપ્રેષ્ઠ કવાસિકવાસિ મહાભુજ' - કોઇ દિવસ એવો વિચાર આવ્યો? કયારે ફરી પ્રભુનાં દર્શન થશે? કયારે દર્શન થશે? કયારે દર્શન થશે?

આપણે શું કરીએ છીએ તેનો વિચાર કરજો. વડોદરા જેવા શહેરમાં દૂર-દૂરથી દર્શન કરવા આવીએ. કેટલો બધો સમય લઇને આવીએ! દર્શનની વાર હોય, તો રાહ જોઇને બેસીએ. દર્શન ખૂલે અને ભીડ ન હોય, તોપણ માંડ સન્મુખ ઊભા રહીને હાથ જોડીને તરત મુઠ્ઠીઓ વાળીને દોડયાં. અરે! તમે આવ્યાં છો તો દર્શન કરો. એમને નીરખો, 'રૂપ દેખે નયન પલક લગે નહિ.' ત્યારે આપણી તો આંખો જ ખૂલતી નથી. પછી પૂછીએ, 'શું દર્શન કર્યાં?' વસ્ત્ર શાં હતાં, શૃંગાર કેવો હતો? તો કહે, કાંઇ ખબર નથી. જો એ ખબર ન હોય તો પ્રભુનાં દર્શન વારંવાર કરવાનું મન થાય કયાંથી?

આ તાપકલેશના આનંદનો માર્ગ છે. દીકરો અમેરિકા ગયો છે. ઘેર સારો પ્રસંગ છે. દીકરાની ગેરહાજરી છે, મા ઘરના કોઇક ખૂણે જઇને એકાદ-બે આંસુ પાડી આવે

છે અને લૂછી નાંખે છે. દીકરાની યાદ આવી ને મા રડી પડી. એ રડવામાં દુ:ખ છે, પણ એ દુ:ખનોય આનંદ છે. એમને રડવું ગમ્યું, કારણ કે યાદ આવવાના દુ:ખનો આનંદ એ તાપકલેશનો આનંદ છે. એવો આનંદ પ્રભુ માટે પણ થઇ આવે, એવું જ મન પ્રભુ માટે થઇ આવે, તો આપણો બેડો પાર થઇ જાય.

એક દીવાન હતા. વર્ષ પૂરું થયું અને રાજયનો હિસાબ થયો. હિસાબ કરનાર અમલદારે આવીને કહ્યું, સરવૈયામાં એક પૈસાની ભૂલ આવે છે. હિસાબ જાણનાર બધા કહેશે, એક પૈસાની પણ ભૂલ આવે તો ચાલે નહિ. એ ભૂલ શોધવી જ પડે. દીવાનજીએ ચોપડા ઘેર મંગાવ્યા. ઓરડામાં અંદરની સાંકળ વાસીને બેસી ગયા. સૌને કહ્યું કે કોઇએ મને બોલાવવો નહિ. ત્રણ દિવસ અને રાત મહેનત કરીને એ એક પૈસાની ભૂલ શોધી કાઢી. ભૂલ જડી એટલે રાજી થઇ ગયા. સાંકળ ખોલીને નાના બાળકની જેમ નાચતા-કૂદતા બહાર આવ્યા. બૂમ પાડવા લાગ્યા કે 'મિલ ગયા- મિલ ગયા-મિલ ગયા.' એ જ વખતે એમના ગુરુ એક સંન્યાસી હતા તે આવ્યા. એમણે પૂછયું, 'કયા મિલ ગયા બેટા? દીવાનજી કહે કે એક પૈસાની ભૂલ હતી તે મળી ગઇ. એમના ગુરુએ માથું કૂટયું: 'અરે મૂર્ખ! એક પૈસાની ભૂલ માટે ત્રણ દિવસ અને રાતના ઉજાગરા કર્યા? એટલું પ્રભુ માટે કર્યું હોત તો પ્રભુ પણ મળી જાત!' આપણે જેટલું લૌકિક મેળવવા માટે કરીએ છીએ એથી સોમા ભાગનું પ્રભુ માટે કરીએ અને હ્રદયમાં વિરહની ચિનગારી પ્રગટી જાય, તો આપણું કામ થઇ જાય. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે પુષ્ટિમાર્ગ એ તાપક્લેશનો માર્ગ છે. શ્રીમહાપ્રભુજી અને શ્રીસ્વામિનીજીની કૃપા થાય, એ જીવ ઉપર તાપકલેશનું દાન થાય, એ જીવને વિરહનું દાન થાય, અને એ જીવ પ્રભુના વિરહમાં રમમાણ બનતાં-બનતાં વિપ્રયોગ દ્વારા આંતરરમણ સુધીનો અલૌકિક અનુભવ કરે.

આ શિક્ષાપત્રમાં બીજા શ્લોકથી પંદરમા શ્લોક સુધીના ચૌદ શ્લોકમાં પ્રભુના ચોસઠ નામ દ્વારા શ્રીસ્વામિનીજીએ જલ્પન કર્યું છે.

શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છે કે આ ચોસઠ નામ કેમ? વ્રજભકતોનાં ચાર યૂથ, નિર્ગુણ-તામસ-રાજસ અને સાત્ત્વિક. આ ચારે યૂથનાં ચારેય સ્વામિનીજી દ્વારા ષોડશ શૃંગારાત્મક પ્રભુનાં ષોડશ નામોનું વિરહ દ્વારા જલ્પન થયું. એટલે ચારને સોળથી ગુણીએ, તો ચોસઠ થાય. પ્રત્યેક સ્વામિનીજીએ, પ્રત્યેક યૂથાધિપતિએ સોળ-સોળ નામથી પ્રભુના વિરહનું જલ્પન કર્યું. સોળનો આંક એ ષોડશ શૃંગારનો - રાસલીલાના ભાવનો એ આંક છે. પરિણામે, અહીં આ શિક્ષાપત્રમાં શ્લોકની સંખ્યા પણ સોળની છે. સોળ શ્લોક એ ષોડશ શૃંગારાત્મક વિપ્રયોગધર્મી સ્વરૂપનું નિરૂપણ કરનારા છે. આ ચોસઠ નામમાં સંયોગ અને વિપ્રયોગ-ઉભય પ્રકારે પ્રભુનું સ્મરણ છે.

પચાસ નામ સંયોગાત્મક ભાવનાં છે અને ચૌદ નામ વિપ્રયોગાત્મક ભાવનાં છે. આ નામોમાં પ્રભુના ગુણ, પ્રભુની લીલા અને પ્રભુનું સ્વરૂપ એ ત્રણેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. એનો આપણે વિગતે વિચાર કરીએ તે પહેલાં એક બીજી બાબતને પણ આપણે જોઈ લઈએ; કારણ કે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે: 'ભાવનીયં સદા ચિત્તે.' ચિત્તમાં હમેશાં શ્રીસ્વામિનીજીના સ્વરૂપનું ચિંતન કરવું, ભાવન કરવું.

ધ્યાન કેવી રીતે થાય? શ્રીમહાપ્રભુજી દશમસ્કંધના દ્વિતીય અધ્યાયમાં, જ્યાં દેવકી માતાના કારાગૃહમાં દેવો ભગવાનની સ્તુતિ કરે છે ત્યાં, 'શ્રીસુબોધિનીજી'માં આજ્ઞા કરે છે કે પ્રયત્નપૂર્વક મનમાં ભગવન્નામનો જપ કરવો તે ધ્યાન છે. આપણે પ્રયત્નપૂર્વક જ્યારે જપ કરીએ, ત્યારે તેનું નામ ધ્યાન. સવારે સ્નાન કરીને, એક આસન પર બેસીને, ગૌમુખી અને જપમાળા લઈને, નેત્ર મીંચીને, કોઈક નિશ્ચિત ક્રમ નક્કી કરીને જે જપ કરીએ તે ધ્યાન છે; પરંતુ વિના પ્રયત્ને સહજ રીતે એ ભગવન્નામનું રટણ થયા કરે એ સ્મરણ છે. આપણે હરતા હોઈએ, ફરતા હોઈએ, ખાતા હોઈએ, પીતા હોઈએ અને પ્રભુનું જે સ્મરણ સહજ રીતે થાય, એ સ્મરણ છે. વિના પ્રયત્ને પ્રેમપૂર્વક મનમાં રટણ ચાલ્યા કરે, એનું નામ સ્મરણ.

મર્યાદા-સ્મરણ અને પુષ્ટિ-સ્મરણમાં એક મોટો તફાવત છે. મર્યાદા-સ્મરણ એ સંસ્કારજન્ય સ્મરણ છે. સંસ્કારથી, ટેવથી ત્યાં સ્મરણ થાય છે. ટેવ પડી છે માટે બોલાયા કરે છે. પુષ્ટિમાં સ્મરણ થાય છે, કારણ કે એમાં પ્રેમ છે, વારંવાર યાદ આવે છે, માટે સ્મરણ થાય છે. અને તેથી શ્રીગુસાંઈજી 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં આજ્ઞા કરે છે કે કૃષ્ણરસ-પરમાનંદ રસનો જો તમારે અનુભવ કરવો હોય તો આ સર્વ નામોનો તમારે જપ કરવો પડશે. સતત એનું સ્મરણ કરવું પડશે. કારણે કે આનાથી જરૂર કૃષ્ણાધરામૃતનો આસ્વાદ પ્રાપ્ત થશે. આમ, આ દ્વાદશ શિક્ષાપત્રમાં શ્રીસ્વામિનીજીએ વિરહમાં પ્રભુનાં સ્વરૂપ અને લીલાઓનો અનુભવ કરતાં, એનું ચિંતન કરતાં, જે ભગવન્નામનું ગુણગાન-જલ્પન કર્યું છે, એનો હવે આપણે, એમની કૃપાથી વિગતે વિચાર કરીએ.

શ્રીસ્વામિનીજીની કૃપા વિના એમને વશ એવા પ્રભુ આપણા હૃદયમાં નહિ પધારે; એટલે આપણે શ્રીસ્વામિનીજીની કૃપા પ્રાપ્ત કરવી પડશે. અહીંયાં આપણે જોઈશું, તો એક ભારે વિચિત્રતા એ છે કે લૌકિકમાં કોઈ પત્ની પોતાના પતિનું સ્મરણ કરે, ત્યારે પતિભાવે સ્મરણ કરે. પતિસ્વરૂપ યૌવનનું જ હોય, એટલે પતિ નાનું બાળક હશે, ત્યારે શું કરતા હશે એનું સ્મરણ એની પત્ની નથી કરતી. પોતાને પતિ તરીકેનો એનો જે અનુભવ છે, એનું જ સ્મરણ કરે છે; પરંતુ અહીં શ્રીસ્વામિનીજી સ્મરણ કરે છે એમાં,

પ્રભુનાં બાલભાવનાં અનેક નામો છે. અને બાલભાવનાં એ નામોનું આપણે જયારે સ્મરણ કરીએ, ત્યારે આપણી બુદ્ધિ પણ ચકરાવે ચઢી જાય એમ છે. 'સદા દુગ્ધપાનતત્પરઃ' યશોદા માતાનું સ્તનપાન કરવાવાળા એવા પ્રભુ નવનીતઆલિપ્ત મુખ-માખણથી જેમનું મુખારવિંદ લપેટાઇ ગયું છે એવા પ્રભુનું સ્મરણ શ્રીસ્વામિનીજી કરે ત્યારે એ બાલભાવનું નામ કેવી રીતે સમજવું? શ્રીગોપેશ્વરજી પોતાની ટીકામાં અહીં મૌન ધારણ કરે છે. એનો કશો ખુલાસો નથી કરતા કેવળ બાલભાવની લીલાનો જ અર્થ શ્રીગોપેશ્વરજીએ પ્રગટ કર્યો છે એનું કારણ, કદાચ, એમ હશે કે આપણા જેવા સામાન્ય જીવો શ્રીસ્વામિનીજીના હૃદયના પરમ શુદ્ધ પ્રેમભાવને ન સમજી શકીએ, માટે શ્રીહરિરાયચરણે પણ બાલભાવની ટીકાના ગોપનમાં કિશોરલીલાનું સ્મરણ કર્યું છે અને શ્રીગોપેશ્વરજી પણ કેવળ બાળલીલાને જ પ્રગટ કરે છે.

આમ, આ ચોસઠ નામમાં શ્રીસ્વામિનીજી પ્રભુની જુદી-જુદી લીલાઓનું જે સ્મરણ કરે છે એનું આપણે પણ, એમની કૃપાથી વિગતે સ્મરણ કરીએ. વિગતે સ્મરણ કરવા માટે શ્રીસ્વામિનીજીની, શ્રીમહાપ્રભુજીની, શ્રીહરિરાયચરણની અને શ્રીગોપેશ્વરજીની કૃપા ખૂબ આવશ્યક છે. તેઓ જયાં સુધી હૃદયમાં નહિ બિરાજે, ત્યાં સુધી આપણે આ ચોસઠ નામની પાછળ રહેલા અલૌકિક ભાવને પ્રગટ નહિ કરી શકીએ.

દર્શન દેહિ ગોપીશ ગોકુલાનંદદાયક ।
ગોવિંદ ગોપવનિતાપ્રાણાધિપ કૃપાનિધે ॥

અત્યંત પ્રેમને કારણે, અત્યંત નૈકટયને લીધે શ્રીસ્વામિનીજી પ્રભુને એક વાકયમાં વિનંતી કરી રહ્યાં છે, 'દર્શનમ્ દેહિ'- મને દર્શન આપો. 'દર્શન' શબ્દનો જયારે વિચાર કરીએ છીએ ત્યારે વ્રજભકતોએ વેણુગીતમાં જે વિનંતી કરી, 'અક્ષણ્વતામિદં ફલમ્'- અમને આપે આ નેત્રો આપ્યાં, તો એ નેત્રોની સાર્થકતા એ જ કે અમને આપનાં દર્શન થાય. જો આ નેત્રોથી અમને આપનાં દર્શન ન થવાનાં હોય, આ નેત્રો આપના સ્વરૂપને નીરખી ન શકે, તો આ નેત્રોની અમારે શી જરૂર છે? માટે આપ અમારાં નેત્રનો વિષય બનો, અમને દર્શન આપો.

પ્રત્યેક શ્લોકમાં આ 'દર્શનમ્ દેહિ'નું આપણે અનુસંધાન રાખવાનું છે. અહીં પ્રભુના નામનું જે જલ્પન કરે છે એ સર્વ નામો સંબોધન વિભકિતમાં છે. પ્રભુને શ્રીસ્વામિનીજી સંબોધન કરી રહ્યાં છે. વિવિધ લીલા અને વિવિધ ગુણથી સ્મરણ કરી કરીને પ્રભુને કહી રહ્યાં છે. એમના હૃદયમાં બિરાજતા પ્રભુ સાથે જાણે પ્રિયાજી વાત કરી રહ્યાં છે.

સૌથી પ્રથમ પ્રભુનું સ્મરણ કરતાં-કરતાં સ્મરણ થયું, તમે અમને દર્શન આપો. પ્રભુ પૂછી રહ્યાં છે, ''વૃષભાનકિશોરી! મારે તમને શા માટે દર્શન આપવાં જોઈએ? તમે તો ઘણું માન કરો છો, વારંવાર અનમનાં થઈને ચાલ્યાં જાઓ છો. દાનના મિષે વારંવાર મારી સાથે ઝઘડો કરો છો. હોળીખેલના દિવસોમાં મારી મોરલી અને પીતાંબરને આંચકી લઈને મને નવેલી નાર બનાવો છો. હું તમને શું કરવા દર્શન આપું?'' શ્રીસ્વામિનીજી દીનભાવે વિનંતી કરે છેઃ ''મહારાજ, દર્શનમ્ દેહિ, કારણે કે આપ 'ગોપીશઃ' ગોપીજનોના ઈશ છો, ગોપીજનવલ્લભ છો. અમને ગોપીજનોને આપ અત્યંત પ્રિય છો. તમારા સિવાય અમને બીજું કોઈ પ્રિય નથી. માટે તમે અમને દર્શન આપો.'' ગોપીશ-ગોપીજનવલ્લભ'- એ પદ 'પ્રેમામૃતમ્' ગ્રંથમાં પણ છે, 'ગોપાલો ગોપ ગોપીશઃ' ત્યાં 'ગોપીશઃ' શબ્દની વિવૃત્તિ કરતાં શ્રીગુસાંઈજી આજ્ઞા કરે છે કે ગોપીજનોને પ્રિય, ગોપીજનોના સ્વામી - માટે પ્રભુ ગોપીશ, પરંતુ ગોપીજનો જેમને પ્રિય છે, ગોપીજનો વિના જે રહી શકતા નથી, માટે પણ પ્રભુનું નામ છે ગોપીજનવલ્લભ. ગોપીજનો જેમને પ્રિય છે તેવા, એ બહુવ્રીહિ સમાસ થશે. અને 'ગોપીજનોના વલ્લભ' કહીશું ત્યારે ષષ્ઠી તત્પુરુષ સમાસ થશે. આમાં પરસ્પરનો પ્રેમ છે. માટે શ્રીસ્વામિનીજી વિનંતી કરી રહ્યાં છે કે અમે આપને પ્રિય છીએ, આપ અમને પ્રિય છો. આપ અમારા સ્વામી છો. ઈશ છો. લૌકિક પતિને અમે કદી પતિ ગણ્યા નથી, 'સંત્યજ્ય સર્વ વિષયાન્ તવપાદમૂલમ્' અમે સર્વ વિષયો છોડી દઈ આપનાં ચરણોમાં આવ્યાં છીએ. અમારા સર્વ લૌકિક કુળ-વેદની કાની છોડીને અમે આપનાં બન્યાં છીએ. આપના સિવાય અમે કોઈને કયારેય જોયા નથી, જાણ્યા નથી, જાણ્યા નથી, વિચાર્યા નથી. અમારા રોમ-રોમમાં કેવળ આપ છો. આવા આપ અમારા ઈશ, અમારા સ્વામી, અમારા પ્રાણવલ્લભ છો. માટે આપ 'દર્શનમ્ દેહિ'- અમને દર્શન આપો.

પ્રભુ પૂછે છે, 'હું તમારો સ્વામી ખરો, તમે મને પ્રિય પણ ખરાં, પણ એથી કંઈ મારે તમને દર્શન આપવા જોઈએ જ એવું ખરું?' શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે કે આપનો એ સ્વાભાવ છે. 'ગોકુલાનંદદાયક'- હે નંદલાલ! આપ ગોકુળને આનંદ આપનાર છો. સમસ્ત ગોકુળને આનંદ આપવો એ આપનો સ્વભાવ છે. શું આપના સ્વભાવથી વિરુદ્ધ વર્તન આપ કરી શકશો ખરા? આનંદ આપવાનો આપનો એ સ્વભાવ, આપનો એ ગુણ, એને શું છોડી શકશો ખરા?

ગોકુળ એટલે શું? 'ગો' શબ્દના અનેક અર્થ છેઃ એક અર્થ છે ગાય. ગાયોનું કુળ એટલે ગાયોનો સમૂહ. આપ ગૌચારણ કરવા પધારો છો, ત્યારે આપ નવલાખ ગાયોને આનંદ આપો છો. આપ દિવાળીના દિવસોમાં ગાયોને આનંદ આપો છો. આપ રોજ

સવારે અને સાંજે ગૌદોહનના મિષે ખીરકમાં પધારો છો, ત્યારે ગાયોને કેટલો બધો પ્યાર આપો છો! જો એ ગાયોને આપ પ્રેમ આપી શકો તો હે ગોપાલ! અમે પણ તમારી ગાયો જ છીએ. જેમ ગાયો આપની આજ્ઞામા રહે છે તેમ અમે પણ આપની આજ્ઞાને સ્વીકારીશું. અમે તત્સુખનો વિચાર કરીએ છીએ. અમે સદાય આપની પ્રસન્નતામાં અમારી પ્રસન્નતા માનીએ છીએ. માટે અમે તમારી ગાય જેવાં હોવાથી અમને આનંદ આપો છો. માટે તમે અમને દર્શન આપો.

'ગો' શબ્દનો બીજો અર્થ છે ઉપનિષદ- શ્રુતિ. અમે સર્વ વેદની શ્રુતિઓ- વ્રજની શ્રુતિરૂપા ગોપિકાઓ છીએ. કૃપા કરીને આપે અમને વરદાન આપ્યું છે કે સારસ્વતનીકલ્પની અંદર હું તમારા મનોરથ પૂર્ણ કરીશ માટે આપે એ વચન પાળીને અમને સ્વરૂપાનન્દનું દાન કર્યું છે. આપ એવા વચનપાલક હોવાથી, વચનથી બંધાઈને અમને આનંદ આપી રહ્યા છો. એ વચનનું સ્મરણ કરીને, કૃપા કરીને આપ અમને દર્શન આપો, જેથી અમારાં નેત્રોને આનંદ આવે.

ગોકુળ શબ્દનો એક ત્રીજો અર્થ છે, સમસ્ત ગોકુળ ગામ. જયાં સર્વ વ્રજવાસીઓનો વાસ છે; જયાં ગાયો, પશુ, પંખી, નંદબાવા, યશોદામૈયા, પ્રૌઢ તથા કિશોર ગોપ-ગોપી અને બાલ ગોપ ગોપી છે. આ સૌ વ્રજના ભકતોને, સૌ સૌના ભાવને અનુરૂપ ધારણ કરીને, ગોકુલાધીશ બનીને આપ આનંદ આપી રહ્યા છો.

ગોકુળમાં આવેલી નવોઢા ગોપિકાને મૂંઝવણ છે કે સાસુમાની રજા કેવી રીતે લેવી? સવારે સાસુમાને વિનંતી કરે છે, 'મા! તમારી ઉંમર થઇ, આ તાજું દહીં વેચવા તમે કયાં સુધી જશો? લાવોને, આ પડોશની બાઇઓ સાથે હુ પણ જાઉ અને વેચી આવું.'' સાસુમાને થયું કે વહુ બહુ કામગરી આવી છે. કહે છે, ભલે બાઇ, વેચી આવ. 'સદ્ય જમ્યો દધિ'- તાજું જામેલુ દહીં લઇને આ વ્રજવાસિની ગોકુળની ગલીમાં નીકળી છે. નંદાલયની ગલીમાં તે ગઇ અને નંદાલયની એક ગલીમાંથી બીજી ગલીમા છેક સુધી આંટા મારે છે, 'મહી લ્યો- મહી લ્યો'ની બૂમો પાડે છે. સવારની નીકળેલી સાંજ સુધી ફરે છે, પણ દહીં વેચાયું નહીં. સાંજે ઘેર પાછી ગઇ નથી, નેત્રો નંદાલયના દ્વાર ઉપર જડાયેલા છે. રોમ-રોમ રટણ કરે છે, 'દર્શનમ્ દેહિ, ગોકુલાનંદદાયક.' મને દર્શન આપો. નંદભવનની ડેલીએ બિરાજેલા નંદબાવા આ નવવધૂને બોલાવીને પૂછે છે, 'વહુ, બિલગ જીન માનો- ખોટું ન લગાડીશ હાં, એક વાત પૂછું? બિચારી નવી પરણેલી વહુ નંદબાવાની આગળ શું બોલે? દાંત વચ્ચે સાડીનો છેડો ભરાવી, ઘૂંઘટ તાણીને ઊભી રહી. મોઢું હલાવીને હા કહે છે, બાવા કહો. નંદબાવા કહે છે, 'અરી બાઈ! તારા આખાય કુટુંબમાં તારા સિવાય બીજું કોઇ ડાહ્યું નથી? તું એકલી જ ડાહી છે?' વહુને

સમજાતું નથી. નંદબાવા ફોડ પાડે છે, ''તું એકલી જ આવી શાણી નીકળી છે કે તને દહીં વેચવા મોકલી છે? સવારથી આ ગલીમાં તું આંટા માર્યા કરે છે. સાંજ પડી ગઇ. ઘેર તારી કોઇ ફિકર કરનારું છે કે નહિ? અને તને ખબર નથી કે આ અમારી ગલીમાં નવ લાખ ગાયો છે. તારા દહીંને અમારે શું કરવાનુ? બીજે જાને વેચવા.'' પેલી વહુની આંખમાં ઝળહળિયાં આવી ગયાં. નંદબાવાએ સાચવીને કહ્યું. ''કાલથી આ ગલીમાં ન આવતી હાં.'' આંખમાંથી આંસુ ગાલ ઉપર સરી પડયાં! વહુ આગળ વધી. સામેથી ગોરજમંડિત કેશાવલિથી શોભતા નંદલાલ પધાર્યા. સાડીના ઘૂંઘટમાંથી દર્શન કરતાં એનાં આંસુ હર્ષાશ્રુમાં પલટાઇ ગયાં. ભગવદીયોએ આ અદ્‌ભુત લીલા કીર્તનમાં ગાઇ છે. આવા છે ગોકુલાનંદદાયક. હે ગોપીશ! તમે આવા છો. સૌના મનોરથ પૂર્ણ કરો છો. તમે સૌને દર્શન આપો છો. માટે મને પણ દર્શન આપો- 'દર્શનં દેહિ.'

અરે, પેલી બીજી ગોપી તો દર્શન કરવાના મિષે દીવો લઇને પ્રગટાવવા ગઇ હતી નંદાલયમાં! પલનામાં પોઢેલા શ્યામસુંદરના મુખકમળને જોઇ રહી છે અને દીવો પ્રગટાવે છે. પા કલાક સુધી ઊભી રહી. ત્યાંથી ખસતી જ નથી. યશોદા મા તાડૂકયાં. કહે છે, 'શું છે બાઇ! આ શો ધંધો માંડયો છે? ગોપી બહાર આવી. ફૂંક મારીને દીવો ઓલવી નાખ્યો, ફરી પાછી અંદર ગઇ. 'મા, જુઓને! આ પવન મારો દુશ્મન બન્યો છે. દીવો રહેવા દેતો નથી.' પ્રભુ ખડખડાટ હસી રહ્યા છે. આવા છે ગોકુલાનંદદાયક - વ્રજભકતોને આવું સુખ આપનારા છે; માટે તો રસખાનજીએ માંગ્યુ કે 'માનુષ હૌં તો વહી રસખાનિ, બસૌ સંગ ગોકુલ ગાંવ કે ગ્વારન...' હે પ્રભુ! મને જો મનુષ્યયોનિમાં જન્મ આપવો હોય તો ગોકુળમાં મને ગોવાળિયો બનાવજો. આવા છો તમે ગોકુલાનંદદાયક. માટે હે શ્યામસુંદર! અમે વિનંતી કરીએ છીએ કે 'દર્શનમ્ દેહિ'- અમને દર્શન આપો.

પ્રભુ કહે છે, ''અત્યાર સુધી તમને બધાંને ખૂબ આનંદ આપ્યો, એટલે બહુ મોટી ભૂલ કરી નાખી? જિંદગીભર લખી આપવાનું કે મારે આનંદ આપ્યા જ કરવાનો?' શ્રીસ્વામિનીજી કહે છે, 'નાથ!' આપ કેવળ આનંદ આપતા નથી, આપ ગોવિંદ છો. આપ ગાયો અને વ્રજના ઇન્દ્ર છો. આપ સૌના નાથ છો, આપ સૌનું રક્ષણ કરનારા છો. દેવોના દેવ, એવા ઇન્દ્રે આપને આ પદવી આપી છે સૌની વચમાં ગોવિંદ કહીને આપનો અભિષેક કર્યો છે. આપ અમારા સૌના પ્રાણના ગોવિંદ છો, માટે અમે વિનંતિ કરીએ છીએ કે પેલા વ્રજ ઉપર ઇન્દ્રે મુશળધાર વૃષ્ટિ કરી ત્યારે અમને શું કામ જિવાડયાં? ડૂબી જવા દેવાં'તાં ને, જો આનંદ નહોતો આપવો તો. દર્શન નહોતાં આપવાં તો અમને જિવાડયાં છે શું કામ? અને ગોવિંદ બનીને જિવાડયાં છે તો નામને સાર્થક કરવા માટે આપ અમને 'દર્શનમ્ દેહિ'- દર્શન આપો.

પ્રભુ કહે છે: 'ઇન્દ્રે મને ગોવિંદ કહ્યો, એમાં તમારે શું? કોઇ મને આવીને કહે એટલે વાત માની લેવી? શ્રીસ્વામિનીજી કહે છે, ભલે ના માનશો; પણ અમે કહીએ એ માનો: 'ગોપવનિતાપ્રાણાધિપ:'' તમે અમારા-ગોપવનિતાઓના, ગોપાંગનાઓના પ્રાણનાથ છો. મહારાજ વિચાર કરો, અમે આર્ય નારી, પતિવ્રતા સ્ત્રી, લૌકિક પતિને અમારા ઘરમાં રાખીને રહેનારાં, એ પતિને મૂકીને અમે તમારી પાસે આવીએ, તમને અલૌકિક પતિ તરીકે સ્વીકારીએ, લૌકિકમાં અમારી હાંસી થાય, નિંદા થાય, એ બધું અમે સહન કરીએ તે કોના માટે? અમે સહન કરીએ છીએ, કારણ કે તમે અમારા પ્રાણાધિપ છો, પ્રાણના અધિપતિ છો. તમે અમારા એ પ્રેમને જાળવશો તો અમારા પ્રાણ ટકવાના છે, નહીંતર આ પ્રાણ નહિ ટકે. ''ત્વયિધૃતાસવ:'' અમે આ પ્રાણ તમારા માંટે ધારણ કર્યા છે, અમારે માટે નહિ. માટે 'દર્શનમ્ દેહિ'.

પ્રભુ કહે છે, 'વાહ! કિશોરીજી, તમે તમારા મનથી મને સ્વામી માની લીધો, એટલે વાત પૂરી થઇ ગઇ?' કિશોરીજી છેવટે 'હૌં હારિ તુમ જીતે' એમ વિનંતિ કરતાં કહે છે: મહારાજ, બીજી બધી વાત જવા દો. તમે એટલા માટે દર્શન આપો, કે આપ 'કૃપાનિધે'- કૃપાનિધિ છો, કૃપાના સાગર છો. અરે પેલા મેઘને તો પૂછો વરસાદ વરસાવે છે, તે કોઇ એને વિનંતિ કરે છે માટે વરસાવે છે? એ મેઘને પૂછો તો ખરા, કે તે એક સ્થળે વરસાવે અને બીજે સ્થળે ન વરસાવે, એવું કંઇ બને છે? એ તો સર્વત્ર વરસાવે છે. અને આપે તો કહ્યું છે 'નાયમાત્મા પ્રવચનેન લભ્ય:.... યમેવૈષ વૃણુતે તેન લભ્ય:'' - મારે જેને મળવું હોય એને મળું. એવા તમે કૃપાના સાગર. કૃપા કરો ત્યારે કયારેય તમે કશું જોતા નથી, કે કોના ઉપર કૃપા કરી છે. અમે આહીર જાતિનાં. એવી તમારી દાસી જેવી આ ભોળી ભરવાડણ ગોપાંગનાઓ ઉપર તમે કૃપા કરી છે. જેને વેદ નથી આવડતા, જેને જ્ઞાન નથી, જેને કર્મ નથી. જેની પાસે કશું નથી, છે કેવળ હૃદયનો થોડો પ્રેમ. એના ઉપર તમે આટલી બધી કૃપા કરી દીધી. અને કૃપા કરી છે માટે અમે કહીએ છીએ, કે આપ કૃપાના સાગર છો. થોડીક વધારે કૃપા કરશો તો એ સાગરમાં કંઇ ખોટ નથી આવવાની! કદાચ નદી સુકાઇ જશે, મહારાજ, સરોવર સુકાઇ જશે, પણ સાગર કદી નથી સુકાવાનો. માટે કૃપાના એ સાગરમાંથી થોડુંક જલ કૃપા કરી અમ તરસ્યાંને આપો. આપનાં દર્શનનું દાન આપો, દર્શનમ્ દેહિ કૃપાનિધે!

આમ, શ્રીસ્વામિનીજી આ પ્રથમ શ્લોકમાં ગોપીશ, ગોકુલાનંદદાયક, ગોવિંદ, ગોપવનિતાપ્રાણાધિપ અને કૃપાનિધે- આ પાંચ સંબોધનથી, પ્રભુની પાંચ-પાંચ લીલા અને ગુણોનું સ્મરણ કરીને જાણે પોતાના પંચ પ્રાણ દ્વારા પ્રભુને વિનતિ કરી રહ્યાં છે, 'દર્શનમ્ દેહિ'

શ્રીસ્વામિનીજી પોતાના પ્રાણપ્રેષ્ઠ, પોતાના પ્રિયતમ એવા પ્રભુને વિનતિ કરી રહ્યાં છે, 'દર્શનમ્ દેહિ'- આપ મને દર્શન આપો. આ પહેલા શ્લોકમાં પ્રભુ માટે શ્રીસ્વામિનીજીએ જે બે સંબોધનોનો ઉપયોગ કર્યો છે, તે ગોપીશગોપવનિતાપ્રાણાધિપ શબ્દની દૃષ્ટિએ વિચારીએ તો આ બંને પદાવલીનો એક જ અર્થ થશે. ઈશ એટલે સ્વામી. ગોપીજનોના ઈશ, ગોપીજનોનો સ્વામી માટે ગોપીશ. ગોપવનિતાપ્રાણાધિપ, વ્રજમાં જે ગોપ રહે છે એ ગોપની વનિતા એટલે સ્ત્રીઓ, એમનાં પત્નીઓ, એ ગોપાંગનાઓના પ્રાણાધિપ એટલે પ્રાણના અધિપતિ, પ્રાણપતિ એટલે સ્વામી. ગોપીજનોના સ્વામી અને ગોપાંગનાઓના સ્વામી. પહેલી નજરે આપણે એમ કહીએ કે આ બંને પદાવલીઓનો એક જ અર્થ છે; પરંતુ જો સૂક્ષ્મતાથી એનો વિચાર કરીશું તો આપણને સમજાશે કે અહીં શ્રીસ્વામિનીજી બે પ્રકારના વ્રજભકતોનો ઉલ્લેખ કરી રહ્યાં છે.

તામસ ફલ પ્રકરણ એટલે રાસલીલાનું પ્રકરણ. પ્રભુએ જયારે વેણુનાદ કર્યો ત્યારે એ વેણુનાદનું શ્રવણ કરીને સૌ વ્રજભકતો પોતાનાં ઘર, કુટુંબ, સગાંવહાલાં, એ સૌને છોડીને વેણુનાદની દિશામાં બંસીબટ ચોક તરફ, ચંદસરોવર તરફ દોડેલાં. કેટલાંક વ્રજભકતોને કોઈએ રોકયાં કે ટોકયાં નહોતાં એ સૌ વૃંદાવનમાં પ્રભુની સન્મુખ પહોંચી ગયાં, જેમને લોકની મર્યાદા નડી નહિ, એવાં આ ગોપીજનો માટે અહીં શબ્દ વાપર્યો ગોપી. 'ગો' એટલે ઈન્દ્રિયો, જે પોતાની સર્વ ઈન્દ્રિયો દ્વારા સાક્ષાત્ મન્મથ એવા પૂર્ણ પુરુષોત્તમ પરમાનંદ સ્વરૂપના રૂપસુધા-સાગરનું ધરાઈ-ધરાઈને પાન કરે છે એ ગોપી. જેમને રાસલીલાનું ફળ પ્રાપ્ત થયું એ ગોપી. એવાં ગોપીજનોના જે સ્વામી, તે ગોપીશ. માટે 'ગોપીશ શબ્દથી શ્રીસ્વામિનીજીએ પ્રભુને રાસલીલાની યાદ અપાવતાં જ વિનંતી કરી, કે મહારાજ! આ વ્રજભકતોએ આપના વેણુનાદનું શ્રવણ કર્યા પછી લોકવેદની મર્યાદાનો વિચાર કર્યો નથી. તમારે માટે સર્વસ્વ હોડમાં મૂકીને આપનાં ચરણમાં આવ્યા છે અને આપને અલૌકિક સ્વામી તરીકે સ્વીકારી લીધા છે. માટે આપ લોકમાં ગોપીશ-ગોપીજનવલ્લભ તરીકે પ્રસિદ્ધ થયા છો.

ગોપવનિતાપ્રાણાધિપ- એમાં જે ગોપવનિતાઓનો ઉલ્લેખ છે, એ ગોપાંગનાઓ પ્રભુના વેણુનાદનું શ્રવણ કરીને જયારે વૃંદાવનની વાટે જવા તત્પર બન્યાં, ત્યારે એમનાં કુટુંબીઓએ એમને રોકયાં હતાં: 'કયાં જાઓ છે આ રાતે? સ્ત્રીજનથી એકલાં રાત્રે જવાય? જાઓ, ઘરનું કામ કરો.' પોતાના કુટુંબીજનોની મર્યાદા તોડીને તેમના પગ વૃંદાવન તરફ દોડી ન શકયા અને જે રોકાઈ ગયાં, એ ગોપવનિતા-ગોપાંગના . જેમના વૃંદાવન તરફ જવા માટે ઊપડેલા ડગ ઉપર જાણે લોખંડના મણિકાઓ મુકાઈ

ગયા હતા, 'ઉપાડેલા ડગ ઉપર લોહ કેરા મણિકા'- એવાં આ ગોપાંગનાઓ પ્રભુના મિલનના વિરહના તલસાટમાં એટલાં વ્યાકુળ બની ગયાં કે ઘરમાં ને ઘરમાં એ જ ક્ષણે એમના પ્રાણ છૂટી ગયા! પ્રભુએ તેમને સાયુજય મુકિત આપી... પ્રભુએ એ વ્રજવનિતાઓના પ્રાણને પોતાનામાં પધરાવી લીધા. પરિણામે, શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી આ ગોપવનિતાઓને અંતર્ગૃહગતા ગોપીજનોના નામે ઓળખાવે છે. 'ગોપવનિતા-પ્રાણાધિપ' એ પદાવલીથી શ્રીસ્વામિનીજી સૂચવે છે, કે મહારાજ, વ્રજની એ ગોપાંગનાઓએ લૌકિક રીતે તો પોતાનો દેહ, પોતાની ઇન્દ્રિયો વગેરે પોતાના પતિને સોંપી દીધાં છે. પતિઓનો સંબંધ એ તોડી શકયાં નહોતાં; પરંતુ એમણે પોતાના પ્રાણ એમના પતિઓને નહોતા આપ્યા. પ્રાણથી એ તમને વરી ચૂકેલાં હતાં. પરિણામે તમારો વિરહ સહન ન થતાં એમના પ્રાણ છૂટી ગયા હતા. આમ, બંને પ્રકારનાં વ્રજભકતોએ આપને સ્વામી તરીકે સ્વીકારી, સદાય આપનાં દર્શનની ઉત્સુકતા, તત્પરતા રાખી છે.

રોજ સવારમાં ગોપીજન નંદાલયમાં યશોદામાને દ્વારે આવીને ઊભાં રહે છે. વહેલી સવારે દ્વાર ખટખટાવે છે. મા દ્વાર ખોલીને જુએ છે તો રાધિકા! માતૃવાત્સલ્યથી તે ઉપાલંભ આપે છે: ''અરી બાવરી, અત્યારના પહોરમાં તુ કયાંથી આવી? ઘેર કંઇ કામ-ધંધો નથી?'' પણ ગોપિકા તો યશોદામાનાં નેત્રોમાં નેત્ર પરોવીને કહે છે: 'લાલકો મુખ દેખન કો હૌં આઇ' હે મા! હું આપના લાલના મુખનાં દર્શન કરવા આવી છું. મા કહે છે, 'અલિ! રોજ મારા દીકરાનું મોં જોવાનું કંઇ કારણ? 'મુખ દેખત કલ ગઇ દધિ બેચન, જાત હિ ગયો બિકાઇ'- મા, કાલે આપના લાલનું મુખ જોઇને દહીં વેચવા ગઇ, તો બધું જ દહીં વેચાઇ ગયું. 'આઇ હૌં થંભાય સાથકો, પ્યારે મોહન દેહૌ જગાઇ'- દર્શનની આ ઉત્કંઠા, દર્શનની આ તાલાવેલી. આ અભિલાષા અને અભીપ્સા લઇને એ વ્રજવાસિનીઓ દરરોજ નંદાલયમાં આવે છે. માટે શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે કે તમારાં દર્શન વિના અમે એક ક્ષણ અમને એક કલ્પ જેવી લાગે છે. માટે હે શ્યામસુંદર! દર્શનમ્ દેહિ- તમે અમને દર્શન આપો.

હવે બીજા શ્લોકમાં શ્રીસ્વામિનીજી પ્રભુને આગળ પ્રાર્થના કરે છે: 'દર્શનં દેહિ ગોપાલ' હે શ્રીગોપાલલાલ, તમે મને દર્શન આપો. શ્રીઠાકોરજી કહે છે, 'શા માટે? અમને દર્શન આપો. 'જાકો મન લાગ્યો ગોપાલસોં, તાહિં ઔર કૈસે ભાવે હો' શ્રીસ્વામિનીજી પૂછે છે, કે જેનું મન ગોપાલ સાથે જોડાઇ ગયું હોય, એને હવે બીજી બાબતો કેમ કરીને ગમે? 'લેકર મીન દૂધ મેં રાખો, જલ બિન નહિ સચુપાવે.' તમે માછલાને દૂધમાં મૂકશો તો એ બિચારું તરફડીને મરી જશે. પાણી વિના એ રહી શકે નહીં. જેને જેની સાથે પ્રીત છે, એને એના વિના ચેન પડતું નથી. 'સૂરકમલ મુખ નિરખત, ઇત-ઉત ન ડુલાવત હો.'

શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે, ‘મહારાજ, તમારા મુખકમળનાં દર્શન થાય છે, ત્યારે અમારું ચિત્ત, અમારી સર્વ ઈન્દ્રિયો બીજે કયાંય આઘીપાછી થતી નથી, પણ એમાં ચોંટી જાય છે. કારણ કે તમે ગોપાલ છો. ‘ગો’ એટલે ઈન્દ્રિયો. અમારી સર્વ ઈન્દ્રિયોના તમે વિષયી છો. અમારાં નેત્રોથી અમે તમારાં દર્શન કરીએ છીએ. જેનાં દર્શન કરીએ છીએ, એનું જ આ મુખથી કીર્તન કરીએ છીએ. જેનું કીર્તન કરીએ છીએ, એનું જ આ કાનથી શ્રવણ કરીએ છીએ. જેનું દર્શન, કીર્તન અને શ્રવણ કરીએ છીએ, એની જ આ બે હાથથી સેવા કરીએ છીએ. મહારાજ, અમે તમને શું કહીએ? તમારી એ મોહનમૂર્તિનાં જયારે દર્શન થાય ત્યારે અમે સાનભાન ગુમાવી બેસીએ છીએ, અમારી ઈન્દ્રિયો તમારામાં એવી સમરસ બની જાય છે કે અમારે દર્શન કરવાં કે તમારી સેવા કરવી એની પણ સમજ પડતી નથી. ‘‘કે નીરખોં કે ટહલ કરૌ, એકો નહિ બનત ઉપાય રી.’’ મહારાજ, તમને ભોગ ધરવા માટે સામગ્રી લેવા જઈએ, તોય નેત્રો તો તમારા મુખારવિંદ પર મંડાયેલાં હોય, અને મુખારવિંદ તરફ જોઈએ ત્યારે એમ થાય, કે મારા લાલને કેટલી બધી ભૂખ લાગી છે. સમય થઈ ગયો છે. ઝટઝટ કયારે ભોગ ધરી લઉં! તમે આવા ગોપાલ બનીને અમારે ત્યાં પધાર્યા છો. અમારી સર્વ ઈન્દ્રિયોનું તમે પોષણ કરો છો, પાલન કરો છો, બાકી તો મહારાજ, આ અમારી ઈન્દ્રિયો તો માતેલા સાંઢ જેવી છે!

શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપનિબંધમાં આજ્ઞા કરી, ‘‘ઈન્દ્રિયાશ્વવિનિગ્રહઃ’’ ઈન્દ્રિયોરૂપી અશ્વ ઉપર કાબૂ રાખો. પ્રિય વૈષ્ણવો, પ્રભુએ આપણને એક સુંદર મજાનો રથ આપ્યો છે. એને અગિયાર ઘોડા જોડી આપ્યા છે. અગિયાર ઘોડાના રથમાં બેસીને પ્રભુની પાસે જવા માટે આપણે તૈયાર છીએ. શરીર એ રથ છે અને અગિયાર ઈન્દ્રિયો એ ઘોડા છે; પરંતુ જો રથનો સારથિ (ડ્રાઈવર)એ ઘોડાને કાબૂમાં ન રાખી શકે તો ઘોડા રથને ઊથલાવી નાખે, એના સારથિને જ કચડી નાખે. આજે આપણી ઈન્દ્રિયો આપણને કચડી રહી છે. શ્રીમહાપ્રભુજીએ માટે આજ્ઞા કરીઃ ‘‘ઈન્દ્રિયાશ્વવિનિગ્રહઃ’

શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે, ‘હે ગોપાલ! અમારી ઈન્દ્રિયોને કાબૂમાં રાખનારા તમે છો, અમે શું એને કાબૂમાં રાખીએ! તમે અમારી સર્વ ઈન્દ્રિયોમાં આવીને બિરાજી ગયા છે. આ આંખો તમારાં દર્શન કરવા માટે એવી તલપી રહી છે કે એ આંખો હવે બીજુ કશું કરી શકતી નથી. અરે, અમારી આંખોની શી વાત કરું? ‘અંખિયન ઐસી ટેવ પરી’ ફૂલ ઉપર ભ્રમરો ગુંજારવ કર્યા જ કરે, કર્યા જ કરે, એમ તમારા મુખ ઉપર મારી આંખો ફર્યા જ કરે છે. હું શું કરું? આંખો શા માટે ખસેડુ? એ તો તમારાં દર્શન માટે તરફડી રહી છે. એટલે વિનંતિ કરું છું કે આપ ગોપાલ છો. મારી આંખો રૂપી ઈન્દ્રિયોનું આપ રક્ષણ કરનાર છો, માટે આપ દર્શન આપો.

પ્રભુ કહે છે, 'હું ગોપાલ ખરો. તારી આંખોનું રક્ષણ પણ હું કરું, તારે મારાં દર્શન કરવાં છે ને આંખોથી? તો હે રાધે! ઉપરના ગગન તરફ જોઇ લે ને! ગગનના મેઘશ્યામ વર્ણમાં તને મારાં દર્શન નથી થતાં?' શ્રીસ્વામિનીજી કહે છે, 'ના, મહારાજ! હું મારી એકલીની વાત કયાં કરું છું! તમે આખા વ્રજનું પાલન કરનારા છો.- 'પાલિતવ્રજ.' તમે અમને વ્રજજનોને કેટકેટલી વાર બચાવ્યાં, અમારું પાલન કર્યું! પેલી પૂતના આવી, તૃણાવર્ત આવ્યો, અઘાસુર અને બકાસુર આવ્યા, કાલીનાગ આવ્યો, દાવાનળ પ્રગટયો, મેઘનું તાંડવ થયું, આ સર્વ સ્થિતિમાં આપે અમારું પાલન કર્યું છે. માટે અમારું મન આપની સાથે જોડાઇ ગયું છે. આપે અમને પાલન દ્વારા, આપનામાં એવાં તન્મય બનાવી દીધાં છે, કે હવે અમે આપનાં સાક્ષાત્ દર્શન વિના એક ક્ષણ પણ રહી શકતાં નથી.

શ્રીસ્વામિનીજી પોતાની સખી લલિતજીને કહે છેઃ 'લલિતા! શ્યામસુંદર સાથેના મારા પ્રેમની તને શી વાત કહું? મારા એ નાગર છે, સુશીલ છે, સુસંસ્કારી છે. આપણા સૌના મનનું, પ્રાણનું, દેહનું પાલનપોષણ કરનારા છે. એની સાથે નેહનો સંબંધ જોડાયો છે. ''કો નિંદો, કો વંદો મોહ મન ગયો સંદેહ.'' બહેન, મારી નિંદા કરવી હોય તોય ભલે અને પ્રશંસા કરવી હોય તોય ભલે. મને કશી ફિકર નથી; પણ હવે સ્નેહી હરિ વિના બીજા કોઇમાં મારું મન લાગવાનું નથી. આખાયે વ્રજનું એણે પાલન કર્યું છે, આખાય વ્રજને એણે પોતાનું કરી દીધું છે. એ સાંવરિયાની સાંવરી સૂરતમાં આખું વ્રજ લપટાઇ ગયું છે.' શ્યામસુંદર, તમે જુઓ તો ખરા! શ્રીયમુનાજીના પુલિન ઉપરના પેલા વૃક્ષ પરનાં પક્ષીઓ પણ શ્યામ-શ્યામ-શ્યામ કરીને તમને પોકારી રહ્યાં છેઃ આ યમુનાજીના જલતરંગો ઊંચા-નીચા ઉછળીને આપને પોકારી રહ્યા છેઃ દર્શનમ્ દેહિ. આ સૌનું પાલન કર્યું અને આપ હવે એમને દર્શન નહિ આપો?

પ્રભુ કહે છે, પાલન કર્યું એટલે શું થયું? કંઇ ગુનો કર્યો? શ્રીસ્વામિનીજી વિનતિ કરી રહ્યાં છે અને નેત્રોમાંથી અશ્રુધારા ચાલી રહી છે. પ્રભુની સાથે અનેક લીલાઓનો વિલાસ કર્યો છે, એનું હૃદયમાં ચિંતન ચાલી રહ્યું છે. હે શ્યામસુંદર! તમે કેવળ પાલન નથી કર્યું, હાં, આમ તો સામાન્ય માણસ પણ પોતાની ફરજ સમજીને કોઈને મદદ કરે છે, પણ તમે તો આ વ્રજને નિજ-તમારું પોતાનું-ગણ્યું છે. આ વ્રજને તમે અપનાવી લીધું છે. તમારા થકી આ વ્રજ જગતમાં- ત્રણે લોકમાં પુનિત બન્યું છે. વ્રજને યાદ કરીએ એટલે વ્રજરાજની યાદ આવી જાય છે. એવા એ આખાયે તમારા વ્રજને સુખઅંબુધિ એટલે સુખસાગરમાં ડુબાડી દેનારા સકળ વ્રજના સુખસાગર એવા હે શ્યામસુંદર, તમે અમને

સુખ આપવામાં કોઇ કમી નથી રાખી. તમારા એ સુખનું સ્મરણ કરતાં-કરતાં અમારાં રોમ-રોમ પુલકિત બની જાય છે.

શ્યામસુંદર સાથેના સુખવિલાસને શ્રીસ્વામિનીજી સ્મરી રહ્યાં છે. વહેલી સવારનો સમય છે. પ્રિયા-પ્રિયતમ જાગ્યાં છે. નિકુંજના બહારના ચોકમાં પધાર્યાં છે. સામે મોર અને ઢેલને નૃત્ય કરતા જુએ છે, અને ત્યાં 'નાગરી નંદલાલ અંક ભરી રાજે'.... આમ, શ્રીસ્વામિનીજી સુખની એક-એક લીલાનું સ્મરણ કરી રહ્યાં છે. પ્રભુ જાગ્યા છે. પ્રિયા-પ્રિયતમનાં વસ્ત્રો અલટપલટ થયાં છે. શ્રીસ્વામિનીજી વિનતિ કરે છે, આટઆટલું સુખ આપે આપ્યું અને સુખ આપ્યા પછી, તે સુખના સાગરમાં ડૂબેલાં રાખ્યાં. હવે આપ અમારી સામેથી અંતર્ધાન થઇ ગયા! આજ આપ અમારાથી રિસાઇ ગયા! આપ અનમના થઇને કયાં પધારી ગયા? તમારા વિના વૃંદાવનની નિકુંજો સૂની છે, આ યમુનાજીનો પુલિન સૂનો છે, આ બંસીબટનો ચોક સૂનો છે, ગિરિરાજની દાનઘાટી સૂની છે. હે નિજવ્રજસુખાંબુધે! હે વ્રજના સુખસાગર!' શ્રીગોવર્ધનધારી સાંવરેલાલ, તુમ બિન રહ્યો ન જાય હો, વ્રજરાજ લડેતે લાડિલે, બંકચિત્ત મુસકાયકે, લાલ વદન દિખાય હો, વ્રજરાજ લડેતે લાડિલે''- 'દર્શનમ્ દેહિ.'

પ્રભુ હવે મૌન છે. શ્રીસ્વામિનીજીનાં નેત્રોમાંથી વહેતી અશ્રુધારામાં શ્યામસુંદર બિરાજી રહ્યા છે. શ્રીસ્વામિનીજીના મુખમાંથી પ્રગટ થતાં નિઃશ્વાસ બિંદુઓમાં શ્યામસુંદર બિરાજી રહ્યા છે. પ્રભુના એ વિપ્રયોગધર્મી સુખનું સ્મરણ કરતાં શ્રીસ્વામિનીજીએ ચોથું સંબોધન કર્યું: 'દર્શનમ્ દેહિ પરમાનંદ'- હે પ્રભુ! આપ પરમાનંદ છો. પરમ આનંદરૂપ છો. પૂર્ણ આનંદ સ્વરૂપ છો. આપનાથી વિશેષ આનંદ બીજે કયાંય નથી. આપનાં દર્શન થાય, એટલે મારા રોમરોમમાં આનંદ છવાઇ જાય. ''કમલમુખ દેખત તૃપ્તિ ન હોય'' દેવ, આપ પરમાનંદ સ્વરૂપે અમારી સાથે અનેક રસભરી રાસલીલાઓ કરી. ત્યાં આપે અમારો અધિકાર નથી જોયો. આપ અમારી લાયકાત જોયા વગર ક્ષમતાનો ઝાઝો વિચાર કર્યા વગર, અમારા યાચક હૃદયના પ્રેમને જોઇને વરસી રહ્યા છો. ગોવિંદ સ્વામીએ આ દર્શન કરીને ગાયું, ''પ્રીતમ પ્રીત હી તે જાય પૈયે.'' શ્રીઠાકોરજીને મેળવવા છે, આ પરમાનંદ સ્વરૂપને સદાયને માટે છાતી સરસા ચાંપી રાખવા છે તો બીજું બધું મૂકી દો. જપ-તપ-યજ્ઞ-કર્મ એ સઘળુ સાધન મૂકી દો અને કેવળ એને પ્રેમ કરો. 'રૂપ ગુન શીલ સુઘરતા ઈન બાતન ન રીઝઈયે'- શ્યામસુંદર! તમે અમારા રૂપથી, ગુણથી કે શીલથી નથી રીઝતા. 'સત્કુલ જનમ શુભ લચ્છન બેદ પુરન પઢઈયે'- તમે તો રિઝાઓ છો કેવળ અમારા પ્રેમથી... અને રિઝાઓ છો ત્યારે તમારા પરમાનંદનુ દાન કરી દો છો.

કુંભનદાસજીનો એક પ્રસંગ યાદ આવે છેઃ શ્રીજીબાવાએ કુંભનદાસને આજ્ઞા કરીઃ 'કુંભનદાસ, ઘણા દિવસથી માખણચોરી નથી કરી, ચાલ આજે માખણચોરી કરવા જઇએ.' કુંભનદાસજી કહે છેઃ 'મહારાજ, તમારી સાથે હું નહિ આવું.' 'કેમ કુંભના?' 'મહારાજ, માખણ-માખણ તમે ખાઓ અને માર-માર અમે ખાઇએ. આપણે આવી જરૂર નથી.' શ્યામસુંદરે કહ્યું, 'કુંભના! ચાલ, આજે માખણ તને ખવડાવીશ! કુંભનદાસજી કહે છે, 'મને એ માખણમાં રસ નથી. મને જેમાં રસ છે, તે માખણ આપો તો હું આવું. 'કયું માખણ તારે જોઇએ?' 'મહારાજ, આપના નિરાવરણ સ્વરૂપનાં દર્શન કરાવો તો આવું. મારે પરમાનંદ સ્વરૂપનાં દર્શન કરવાં છે.' પ્રભુએ કહ્યું, 'ભલે, તારો એ મનોરથ પૂર્ણ થશે.'

ગુલાલકુંડ પાસેની એક ગલીમાં આપ પધાર્યા છે. માખણનું શીકું ઊંચે બાંધેલું છે, હાથ પહોંચતો નથી. મોટો ખાંડણિયો હતો, તે વચમાં લાવીને મૂકયો અને શ્યામસુંદર ઊંચે ચઢી ગયા. આજે રેશમી પીળું પીતાંબર ધારણ કરેલું છે. બેઉ શ્રીહસ્તે માંડ-માંડ કરીને માખણની ગોરસી પકડી. બહુ પરિશ્રમથી ગોરસી હાથમાં આવી ત્યાં પીતાંબર સરકી ગયું. સામે કુંભનદાસજી ઊભા છે. નિરાવરણ અલૌકિક સ્વરૂપનાં દર્શન પ્રભુએ કરાવ્યાં. તરત જ બીજા બે શ્રીહસ્ત પ્રગટ કરીને પીતાંબરને ગ્રહી લીધું- ચતુર્ભુજ બની ગયા. 'આન પાયે હૌં હરિ નીકે'- આ પરમાનંદ સ્વરૂપનાં જે દર્શન થયાં, એ લીલામાં કુંભનદાસજી મગ્ન થઇ ગયા.

શ્રીસ્વામિનીજીને તો આવી અનેક રસઘન લીલાઓનો અનુભવ થયો છે. પ્રભુના પરમાનંદનો ક્ષણ-ક્ષણનો અનુભવ છે. એ નિકુંજની કુંજલીલાના સ્મરણથી શ્રીસ્વામિનીજી પ્રભુને વિનંતી કરી રહ્યાં છે, 'મહારાજ, આપે મને આ પરમાનંદ-સ્વરૂપના સ્વરૂપાનંદનું પાન કરવાનો અધિકાર આપ્યો છે. હું વિનંતી કરું છું કે 'દર્શનમ્ દેહિ'- મને આપ દર્શન આપો.

અત્યાર સુધી શ્રીસ્વામિનીજીએ કિશોરભાવની લીલાઓનું સ્મરણ કર્યું, હવે બાલભાવનું સ્મરણ કરે છે. અહીં પ્રશ્ન થાય, કે લૌકિકમાં કોઇ પણ સ્ત્રી પોતાના પતિનું સ્મરણ બાલભાવથી ન કરે, ત્યારે શ્રીસ્વામિનીજી શ્રીઠાકોરજીની બાળલીલા ને એમના બાલસ્વરૂપનું સ્મરણ કેમ કરે છે? એનો એક જ જવાબ છેઃ આપણે અગાઉનાં શિક્ષાપત્રમાં જોઇ ગયાં છીએ કે પ્રભુની વિરુદ્ધધર્માશ્રયી લીલા છે. બાલભાવથી પણ પ્રભુએ વ્રજભકતોના કિશોરભાવના મનોરથો પૂર્ણ કર્યા. અને વ્રજભકતો પોતાના કિશોરભાવના મનોરથો છુપાવવા માટે બાલભાવથી પ્રભુની સામે આવે છે. બાલભાવથી વ્રજભકતોને ખેલાવતાં હૃદયમાં તો માધુર્ય કિશોરભાવ જ હોય છે.

પલનાની લીલાનું ચિંતન કરો. શ્રીગુસાંઇજીએ પાલનાનું ગીત ગાયુંઃ 'પ્રેંખપર્યંક શયનમ્ ચિરવિરહ તાપહરણમ્'- આ આખાય પદનો ભાવ જો વિચારીશું તો આપણને સમજાશે કે બાલભાવથી પલનામાં પોઢેલા પ્રભુ ગોપીજનોને કિશોરભાવથી દર્શન આપીને એમના હૃદયના માધુર્યભાવના મનોરથોને પરિપૂર્ણ કરે છે. આમ તો પલનાની લીલા એ બાળલીલા છે, અને છતાંય બાળલીલાની ઓટમાં વ્રજભકતો સાથે મધુર લીલા કરી છે. માટે તો ગોપીજન યશોદામાને કહે છેઃ યહ નિતનેમ યશોદાજુ તિહારે લાલ લડાવનકો, પ્રાત સમય ઉઠ પલના ઝુલાવું, શકટભંજન યશ ગાવનકો.' પલનું ઝુલાવવાના મિષથી પલનામાં પોઢેલા એ બાલકૃષ્ણલાલને ગોપીજનો વિનતિ કરે છે કે આપ કિશોરભાવથી અમારા મનોરથ પૂર્ણ કરો. પરિણામે ભગવદીયોએ પલનાના કીર્તનમાં ગાયું, 'વૃન્દાવન ગહવર નિકુંજ, યુવતિન ભુજ ઝુલત હૈ પલના.'

જયદેવજીએ પોતાના 'ગીતગોવિંદ'માં બાળલીલાના ભાવથી પ્રભુની કિશોર-લીલાનું દાન કરે છે, એવો સુંદર પ્રસંગ બતાવ્યો છેઃ એક વખત નંદબાવા પ્રભુને લઇને વ્રજમાં ફરવા પધાર્યા છે. વાદળો ચઢી આવ્યાં અને ગડગડાટ થવા માંડયો. નંદબાવાને પ્રભુ કહે છે, 'બાવા, મને બીક લાગે છે.' નંદબાવાને કંઇ કામ હતું. એટલામાં સામેથી શ્રીવૃષભાનદુલારીજી પધાર્યાં. એટલે નંદબાવા એમને કહે છે, 'રાધિકા, એક કામ કરને બેટી. કનૈયાને જરા ઘેર મૂકી આવને.' રાધિકા કહે, 'ભલે બાવા!' છોટા સા કનૈયાની આંગળી પકડીને રાધિકાજી ઘેર મૂકવાના મિષે પ્રભુને લઈને વૃન્દાવનની નિકુંજમાં પધાર્યાં છે અને ત્યાં પ્રભુએ શ્રીરાધિકાજીના મનોરથ પૂર્ણ કર્યા.

એ લીલાનું સ્મરણ કરીને અહીં શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છે, 'હે પ્રભુ! તમારો એ સ્વભાવ છે. તમે જેમની ગોદમાં ખેલો છો, એમને સદા આનંદ આપો છો. કોલસાની કોટડીમાં બેસીએ તો આપણે પણ કાળામેંશ જેવા થઇ જઇએ. અત્તરના હોજમાં બેસીએ તો અત્તરની સુગંધથી ભરપૂર બની જઇએ. શ્યામસુંદર જેની ગોદમાં બિરાજે એ પણ સ્વયં આનંદમય બની જાય છે. પરોક્ષ રીતે શ્રીસ્વામિનીજી કહી રહ્યાં છે કે અમારી ગોદમાં આપ બિરાજો છો, ત્યારે અમને અપૂર્વ સુખનું દાન કરો છો. કેવળ નંદાદિ ભકતોને જ નહિ, અમને પણ આપના બાલસ્વરૂપથી માધુર્યભાવનું અદ્ભુત દાન કર્યું છે. માટે અમે આપને ફરીથી વિનંતિ કરીએ છીએ, દર્શનમ્ દેહિ- આપ અમને દર્શન આપો. બીજા શ્લોકમાં આપણે જોયું કે પાંચ સંબોધનોથી શ્રીસ્વામિનીજીએ પ્રભુને દર્શન આપવા વિનતિ કરી.

હવે ત્રીજા શ્લોકમાં પણ પાંચ સંબોધનોથી વિનંતિ કરે છેઃ 'હે સદાનંદ! દર્શનમ્ દેહિ,' હે પ્રભુ! આપ આનંદ સ્વરૂપ જ નહીં, સદાનંદ સ્વરૂપ છો. લૌકિક મનુષ્ય આજે

આનંદમાં હોય અને કાલે ગુસ્સામાં હોય છે, પણ પ્રભુ ક્યારેય ગુસ્સે થતા નથી. તે સદાય આનંદમાં બિરાજે છે, એટલે સદાનંદ.

આપણા કીર્તન સાહિત્યમાં જોજો. દાનનાં, હોળીનાં, વ્રતચર્યાનાં, ખંડિતાનાં અને માનનાં કીર્તનોમાં વ્રજભકતોએ શ્રીઠાકોરજીની સાથે ઓછો ઝઘડો નથી કર્યો, હાં! જેટલું વ્રજભકતો પ્રભુને બોલ્યાં છે એટલું બીજું કોઇ નહિ બોલ્યું હોય! અને બોલ્યાં પણ એવું છે કે જો ખરેખર રિસાઇ જવું હોય તો તો ઠાકોરજી રિસાઇ જાય. પરંતુ તમે કોઇ એવું વર્તન નહિ જુઓ કે ઠાકોરજીએ વ્રજભકતોને કંઇ ઠપકો આપ્યો હોય, કે કંઇ જવાબ આપ્યો હોય! અરે, એવું કીર્તન પણ નહિ જુઓ કે જેમાં ઠાકોરજીએ વ્રજભકતો સાથે ઝઘડો કર્યો હોય! કેવું-કેવું વ્રજભકતોએ ઠાકોરજીને કહ્યું છે તે સાંભળવું છે? 'નખ કહા લાગે વનવાનરા.' બોલો, આવું આપણે કોઇને કહીએ ખરાં? બીજા વ્રજભકત કહે છે, 'જઇએ વાકે ધામ, જહાં જાગે ચારોં યામ'- અમારા ઘરે શું કામ આવ્યા છો. જાઓ તેને ત્યાં. ત્રીજા વ્રજભકત કહે છે: 'પીતાંબર કહાં બિસાર્યો, આયે ભુજ ઓઢની લપેટી.' વળી એક વ્રજભકત કહે છે: 'સાંજ કે સાચે બોલ તિહારે, રજની અનત જાગે, નંદનંદન કે આયે નિપટ સવારે.' તમે જૂઠા છો, કપટી છો, તમે વાંદરા છો. કહેવામાં બાકી નથી રાખતાં વ્રજભકતો અને છતાંયે પ્રભુ હસતા ને હસતા ઊભા રહ્યા છે. માટે આપ સદાનંદ છો. ક્યારેય પ્રભુના આનંદમાં ઊણપ નથી આવી.

દામોદરલીલાનું સ્મરણ કરો. શ્રીયશોદામા શ્રીશ્યામસુંદર દોરડે બાંધવા પ્રયત્ન કરતાં હશે અને રાધિકાજી એકા બાજુ ઊભાં-ઊભાં જોઇ રહ્યાં હશે. પોતાના પતિને દોરડે બંધાતા કોઇ પત્ની જુએ ત્યારે મનમાં શું-શું થાય? પણ આ શ્યામસુંદર નથી ચિડાયા, નથી રડયા, એ તો હસતા-હસતા ઊભા છે. લે મા, બાંધી લે. દોરડુ ટૂંકુ પડયું એટલે હસ્યા. બીજું જોડયું અને છતાંયે ટૂંકુ પડયું એટલે વધારે હસ્યા. સદાયે હસતા ને હસતા, એમણે ક્યારેય મુખ મરડયું નહિ કે મચકોડયું નહીં. એવા એ સદાનંદ છે. માટે શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છે કે હે શ્યામસુંદર! તમે હમેશાં આવા આનંદરૂપ રહો. તમે સૌને આનંદ આપનારા. આનંદ આપવો એ તમારો સ્વભાવ છે.

એક રમકડું-ખાંડની પૂતળી લઇ આવીએ, અને નાનું બાળક એને ચૂસવા માંડે તો એમાંથી જેમ ખાંડનો જ સ્વાદ આવે, તેમ શ્યામસુંદર સાથેના સંગમાં આનંદ જ પ્રાપ્ત થાય. એવો આનંદ આપનારા હે શ્યામ! આજે આમ કેમ રૂઠયા છો? શાથી અનમના બની ગયા છો? દર્શન કેમ નથી આપતા? આપ સદાનંદ છો, માટે અમને દર્શન આપો.

શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છે: હે શ્યામસુંદર! અમે જાણીએ છીએ કે તમે એકલપેટા નથી. તમે આનંદના ભોકતા છો, સાથે સાથે આનંદના દાતા પણ છો. તમે અમારી પાસેથી

આનંદ લો છો અને અમને આનંદ આપો છો. આ વ્રજમાં વ્રજભકતોનો જે સમુદાય વસે છે, તેને નિજાનંદ-પ્રદાયક, પ્રકર્ષેણદાયક, ખૂબ સારી રીતે આનંદ આપનારા એવા આપ છો. માટે આપ દામોદર છો 'શ્રીપુરુષોત્તમસહસ્રનામ'માં શ્રીમહાપ્રભુજીએ એક નામ આપ્યું છેઃ 'દામોદરઃ ભક્તવત્સલઃ'દામોદર-લીલા કરીને પ્રભુએ સૂચવ્યું કે 'હું ભક્તને વશ થાઉં છુંઃ હમ ભક્તનકે ભક્ત હમારે.' એ લીલાને યાદ કરીને શ્રી સ્વામિનીજી વિનંતી કરે છે, તમે ભકતને વશ છો. તમે પ્રતિજ્ઞા કરી છે કે 'જહાં-જહાં ભીડ પરે ભક્તનકો વહાં-વહાં મૈં ધાઉં.' તો આજે અમને ભીડ પડી છે. ભક્તનું રક્ષણ કરવા માટેનું તમારું બિરુદ પાળવા માટે હે દામોદર! આપ અમને દર્શન આપો. 'દામોદર' શબ્દનો આ એક અર્થ.

'દામોદર' શબ્દથી એક બીજા અર્થનું પણ સૂચન થાય છે- જેમના ઉદર ઉપર કટિમેખલા ધારણ કરી છે તે. જેમના પીતાંબર પર બિરાજેલી એ કટિમેખલામાં ગૂંથેલી નાની-નાની ઘૂઘરીઓ રૂમઝૂમ-રૂમઝૂમ વાગી રહી છે. એવી રણઝણતી કટિમેખલાથી લલિતત્રિભંગી સ્વરૂપે કટિને ટેઢી કરીને, લલિત ગતિએ નૃત્ય કરીને સૌને રીઝવતા હે કલાકોવિદ! તમારી કટિમેખલા દ્વારા રસદાનનો રસાસ્વાદ કરાવનાર હે રસેશ્વર, અમે હવે તમારા વિના રહી શકતાં નથી. આપ દામોદર બનીને પધાર્યા છો. આપની એ કટિમેખલાની ક્ષુદ્ર ઘંટિકાના મંજુલ રવ અમને સંભળાય, એ કટિમેખલાનું જે લલિત નર્તન છે એનાં દર્શન થાય, એવી આપ અમારા ઉપર કૃપા કરવા માટે 'દર્શન દેહિ.' દયિતદશ્યતાં! આપ અમને દર્શન આપો.

પ્રભુના ત્રણ ગુણોનું સ્મરણ કરીને હવે શ્રીસ્વામિનીજી યાચના કરી રહ્યાં છેઃ ''દયાર્દ્ર દીનાનાથ દયાપર'' હે પુરુષોત્તમ! તમે દયાર્દ્ર છો. આર્દ્ર એટલે ભિંજાઇ જવું. જે દયાળુ છે, જેની દયાથી હૃદય દ્રવી રહ્યું છે, એવા તમારા ભક્તો ઉપર તમે સદાય આર્દ્ર છો.જે ભક્તોના હૃદયમાં તમારા માટે વિરહતાપ છે, જે ભક્ત તમારા હૃદયના વિરહમાં એકાદ અશ્રુ પણ પાડે છે, એનાં એ અશ્રુ તમે સહન કરી શકતા નથી. એના અશ્રુ લૂછવા માટે તમે ત્યાં પહોંચી જાઓ છો. તમારા ભક્તની જેવી ભાવના તેવા ભાવનું સ્વરૂપ ધારણ કરી લ્યો છો. તમે કોઇના કોમળ હૈયાને ઠેસ લગાડતા નથી. પ્રભુ! તમે કેટલા બધા કૃપાળુ છો!

શ્રીગુસાંઇજીનો સેવક વ્રજવાસી, અબુધ યુવાન. એને થયું કે બધા સેવા કરે અને હું સેવા કેમ ન કરું? શ્રીગુસાંઇજીને પૂછે છે કે 'મેરે ઠાકુરકો કહા નામ?' એની બાળબુદ્ધિ જોઇ શ્રીગુસાંઇજીએ એને દૂર રહેવા આજ્ઞા કરી, 'પરે-પરે'- દૂર રહે. એણે માની લીધું કે મારા ઠાકોરજીનું નામ 'પરે' છે. સામગ્રી સિદ્ધ કરીને પાતળ ધરીને પરેને બોલાવે છેઃ 'ભૈયા પરે, બેગી આઇયો, ભૈયા યે સામગ્રી સિરી હોય રહી હૈ'. પરે નથી આવતા

એટલે પાતળ રુદ્રકુંડમાં ફેંકી દેવા એ વ્રજવાસી તૈયાર થઇ ગયો છે. અને ત્યાં નાના સરખા શ્રીનાથજી, નાનકડા પાયથી દોડતા દોડતા આવે છે - પરેનું રૂપ લઇને.

ભક્ત જે ભાવથી પ્રભુને ભજે છે એ ભાવનું રૂપ ધારણ કરીને પ્રભુ તેની પાસે આવે છે. આવા એ દયાર્દ્ર છે. ભક્તોનાં હૃદય જો દયાથી પીગળવા માંડે તો શ્યામસુંદર જલદી પીગળી જાય છે.

પ્રિય વૈષ્ણવો, આપણા એ મનમોહન, આપણા હૃદયમંદિરના દ્વારે આવીને કયારનાય ઊભા છે, જાણો છો? જે દિવસે બ્રહ્મસંબંધ કર્યું, એ દિવસથી એ પાછળ-પાછળ આવીને હૃદયના દ્વારે ઊભા છે, કોલ-બેલ વગાડયા કરે છે, ‘તારા હૃદયનું દ્વાર ખોલ. મારે આવવું છે.’ પણ આપણે નિષ્ઠુર બની કહીએ છીએ. મહારાજ, હમણાં મારે તમારી જરૂર નથી. હમણાં મને વખત નથી. કારણ કે પત્ની મારી પરમેશ્વર, છૈયાં-છોકરાં શાલિગ્રામ! એ બધાં ઘરમાં છે, હું તમને કયાં રાખું?’ આ ઘરમાં બધાં માટે જગ્યા છે, પણ પ્રભુ માટે કયાંય જગ્યા નથી!

કાલે અમારા એક સ્નેહી વૈષ્ણવે પ્રશ્ન કરેલો કે જીવનમાં ક્યારેક મૂંઝવણ આવે છે. ગુરુદેવ એક આજ્ઞા કરે અને પત્ની બીજી આજ્ઞા કરે તો કોની આજ્ઞા માનવી? હું ખડખડાટ હસેલો. મેં એમને જવાબ નહિ આપેલો. મારો જવાબ આવો છેઃ જો પત્નીમાં પરમેશ્વરને જોતાં હો તો પત્નીની આજ્ઞા માનો અને ગુરુમાં પરમેશ્વરને જોતા હો તો ગુરુની આજ્ઞા માનો.

દયાર્દ્ર-પ્રભુ એટલા બધા દયાળુ છે કે રાઇ જિતની સેવા કો ફલ માનત મેરુ સમાન.’ એની દયાળુતાનો કોઇ પાર નથી. એને માત્ર મિસરીની કટોરી ધરીએ છીએ, પણ મિસરીની કટોરી આરોગવા માટે પ્રભુ નંદબાવાનું ઘર, યશોદામાનું ઘર છોડીને આપણા ત્યાં આવીને બિરાજયા છે! આપણે આપણા રસોડામાં ભોજન જમીએ છીએ, ત્યારે એ જોઇ રહ્યા છે કે ‘દીકરા! મને મૂકીને આજે તું જમ્યા કર. પણ એક દિવસ એવો આવશે - આ જન્મે નહિ તો બીજા જન્મે, બીજા જન્મે નહિ, તો ત્રીજા જન્મે, ચોથા જન્મે.... પણ જયાં સુધી તું મને સખડીભોગ ધરીને નહિં લે, ત્યાં સુધી હું તને નિત્ય લીલામાં લઇ જવાનો નથી. તું અત્યારે ખાધા કર અને મને અંગૂઠો બતાવ્યા કર. હું તને જિંદગીની જિંદગી સુધી અંગૂઠો બતાવ્યા કરીશ.’

શ્રીગુસાંઇજીના એક સેવકનું સ્મરણ કરવા જેવું છેઃ અમદાવાદના વતની, અતિશય કંજૂસ સ્વભાવ. શરણે આવ્યા, સેવક થયા. વિનંતી કરી, ‘મહારાજ! હવે મારે શું કરવાનું?’ આપે આજ્ઞા કરી, ‘સેવા કરો’ હાથ જોડીને સેવક કહે છે, ‘મહારાજ! બીજું બધું બતાવો, પણ સેવા ન બતાવશો. ‘કેમ?’ ‘મહારાજ, આપની આગળ જૂઠું નહિ

બોલું. એક સંકલ્પ કર્યો છે કે જિંદગીમાં લાખ રૂપિયા ભેગા કરવા છે, અને લખપતિ કહેવરાવું છે. નવ્વાણું હજાર ભેગા થયા છે અને હજુ એક હજાર બાકી છે. એ માટે હું પૂરું ખાતો નથી, અને પત્નીને પણ ખાવા દેતો નથી અરે! તમારા ત્યાં તો હું જોઉં છું કે વૈષ્ણવો સેવા કરે છે, તેમાં પૈસા ખૂબ જોઇએ. પૈસા ખર્ચવા પડે એવી સેવા મને નહિ પાલવે'. શ્રીગુસાંઇજીએ આજ્ઞા કરી કે 'ભલે પૈસા ન ખર્ચવા પડે એવી સેવા બતાવું.' તે કહે, 'મહારાજ, એવી સેવા કરીશ.' એમને માનસી સેવા બતાવી. એ માનવી સેવા કરે છે. એમ કરતાં-કરતાં જન્માષ્ટમીનો ઉત્સવ આવ્યો. વિચાર કર્યો- 'લાલકો મીઠી ખીરજુ ભાવે. તો લાવો આજે ખીરની સામગ્રી સિદ્ધ કરી દઉં. મોટા સગડો પેટાવ્યો. મોટો તાવડો ચઢાવ્યો અને તાવડામાં દૂધ ભરી દીધું. ખીર ઉકાળી રહ્યા છે, એમાં ખાંડ પધરાવવાની છે. વિચાર કર્યો, ખોબે-ખોબે કયારે પાર આવશે? ડબો ઠલવવા ગયા અને આખો ડબો ઠલવાઇ ગયો. બધું માનસીમાં છે ત્યાં કંજૂસ સ્વભાવ આગળ આવી ગયોઃ અરે રે! આટલી બધી ખાંડ પડી ગઇ! લાવ ઉપર-ઉપરથી કોરી છે તે લઇ લઉં. એમ કરીને બે હાથથી લેવા જાય છે ત્યાંર કોઇક પાછળથી ખરેખર હાથ પકડયો. ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. માનસીમાં જે તલ્લીનતા હતી તે છૂટી ગઇ. વિચાર કર્યો કે આવું તોફાન કોણ કરે છે મારી જોડે? પાછળ જોયું તો સાક્ષાત્ શ્રીજી બાવા ખડા છે! કહી રહ્યા છે. 'આ ખાંડ તારા બાપની હતી તે કાઢવા જાય છે? તેં કયાં પૈસા ખર્ચ્યા છે? મને મીઠી ખીર ભાવે છે, માટે ડબ્બો ઠલવાઇ ગયો છે. શું કરવા કાઢે છે? વૈષ્ણવ પૂછે છે, 'મહારાજ! હું તમને ખોટું-ખોટું બનાવટ કરીને ધરી રહ્યો છું તે તમે સાચું માનીને આરોગો છો?' એટલે કહે, 'હા, શ્રીગુસાંઇજીની કાની છે ને?' વૈષ્ણવની આંખો ખૂલી ગઇ. કહેવાનું તાત્પર્ય એ છે કે પ્રભુ આવા દયાર્દ્ર છે. માટે શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છે કે આ બધાં ઉપર દયા કરી, તો મારા ઉપર દયા નહિ કરો? માટે 'દર્શનમ્ દેહિ'- મને દર્શન આપો.

દીનાનાથ, તમે કેવા છો? દીનભક્તોના, જેનામાં દીનતા છે, નિસ્સાધનતા છે, એના તમે સ્વામી છો. 'દયાપર,' તમે અત્યંત દયાળુ છો. સૌના ઉપર તમે દયા રાખો છો. શ્રીઠાકોરજી કહે છે, મેં કોના ઉપર દયા રાખી? સૌને હું એના કર્મ પ્રમાણે ફળ આપું છું શ્રીસ્વામિનીજી કહે છે, 'ના મહારાજ! તમે પેલી પૂતના ઉપર દયા કરી, એને માતાની ગતિ આપી. તમે આ રાક્ષસોને મોક્ષ આપ્યો, તો અમને દર્શન ન આપો? આપ દયાળુ છો, માટે વિનંતી કરીએ છીએ કે દર્શનમ્ દેહિ'. આમ, ચોથા શ્લોકમાં છ સંબોધનોથી શ્રીસ્વામિનીજીએ વિનંતી કરી, 'સદાનંદ નિજાનંદ સમુદાય-પ્રદાયક, દામોદર દયાર્દ્રાર્દ્ર દીનાનાથ દયાપરઃ'.

બીજા-ત્રીજા અને ચોથા આ ત્રણ શ્લોકમાં થઇને પ્રભુનાં સોળ નામના પહેલા ગુચ્છ દ્વારા એક સ્વામિનીજીએ, એક યૂથાધિપતિએ પ્રભુને દર્શન આપવા માટે વિનંતિ કરી છે.

હવે પાંચમા શ્લોકથી બીજાં સ્વામિનીજી પ્રભુને વિનંતિ કરી રહ્યાં છેઃ અમે આપને અમારા પતિ તરીકે સ્વીકાર્યા, કારણ કે આપ પુરુષોત્તમ છો. સર્વમાં ઉત્તમ છો. આપના સમાન આ જગતમાં બીજું કોઇ નથી. અને તેથી આપ સર્વસામર્થ્યવાન છો. અમે આપના સ્વરૂપને જાણીએ છીએ, માટે આપને વિનંતી કરીએ છીએ કે કૃપા કરીને આપ અમને દર્શન આપો.

અમને આપનાં દર્શનનું મન છે, એનું કારણ એ છે કે 'સર્વાંગ રુચિરઃ'- આપ સર્વ અંગથી અત્યંત લાવણ્યમય છો. આપણાં સૌનો એ અનુભવ છેઃ શ્રીજીબાવાનાં દર્શન કરવા જઇએ છીએ ત્યારે, જેટલા દિવસ જઇએ એટલા દિવસ, જેટલા સમયનાં દર્શન થાય એટલા સમયના દર્શન કરવાનો આગ્રહ રાખતાં હોઇએ છીએ. દર્શન ખૂલે ત્યારથી દર્શન થઇ જાય ત્યાં સુધી ત્યાંથી ખસવાનું મન થતું નથી. કેમ? ચતુર્ભુજદાસજીએ એક પદમાં બહુ સુંદર ગાયુંઃ 'માઇ આજ ઔર કાલ, ઔર દિન પ્રતિ, ઔર હી ઔર દેખિયે રસિક શ્રીગિરિરાજધરન, નિત પ્રતિ નઇ છબિ, સો બરને કૌન કવિ! શ્રીગોપેશ્વરજી ટીકામાં આજ્ઞા કરે છેઃ પ્રભુ કેવા સર્વાંગ રુચિર છે? તો કહે છે, ''રૂપ દેખે નયના પલક લગે નહીં,'' એમનું રૂપ જોઇને અમારાં આ નેત્રોની પાંપણો મટમટાવવાનું મન થતું નથી. 'શ્રીગોવર્ધનધરકે અંગ-અંગ પર નિરખ મન રહત તહીં.' નજર જયાં પડે ત્યાંથી ખસતી જ નથી. એમ થાય કે મુખારવિંદનાં દર્શન કરીએ, હૃદયનાં દર્શન કરીએ, શ્રીહસ્તનાં દર્શન કરીએ, ચરણારવિંદનાં કરીએ, અને કયારેક તો એવા રઘવાયા થઇ જઇએ કે હવે કોનાં દર્શન કરીએ અને કોનાં ન કરીએ?

એક વાર શ્રીનાથદ્વારમાં આવી રીતે દર્શન કરતાં બાજુમાં એક ભગવદીય વૈષ્ણવ ઊભેલા. મારા કાનમાં કહે, પ્રભુની નાસિકાનાં દર્શન કરો, વેસર કેટલું સુંદર છે? એ વેસર ઉપર નેત્ર સ્થિર થયાં, ત્યાં મને કહે કે હડપચી પરનો હીરલો જોયો? મેં કહ્યું ભઇશા'બ! જરા ધીરજ રાખો બાપા. 'વેસર કોનકી નીકી' - એનું જયાં સ્મરણ આવે ત્યાં તરત ''હડપચીએ હીરલો ઝગમગે'' એને યાદ કરાવો, તો બધી લીલા એકસાથે કેમ થશે? 'સર્વાંગરુચિર સુંદર' - પ્રભુ આમ સર્વાંગ રુચિર છે. માટે તો શ્રીચતુર્ભુજદાસજીએ ગાયું, 'કહત હો સબે સયાનિ બાત', તમે બધા એમ કહો છો, કે ભાઇ, મનને ધીરજ રાખો. લોકલાજ રાખો, પણ આ તમારી શાણી વાત કયાં સુધી? જયાં સુધી એ કમલનયનની મુસ્કાનનાં દર્શન થયાં નથી, ત્યાં સુધી. દર્શન થશે એટલે

એ જ્ઞાન-સાન અને ભાન બધું ચાલ્યું જવાનું છે! માટે એવા હે સર્વાંગરુચિર પ્રભુ! દર્શનમ્ દેહિ-આપ અમને દર્શન આપો.

પ્રેમપૂરિત શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છે, 'હે પ્રભુ! આપનો અલૌકિક પ્રેમ આપનાં સર્વાંગમાં પૂરિત છે. આપનું સર્વાંગ એ પ્રેમરસથી છલોછલ છે, અને પરિણામે આપનું સ્વરૂપ, આપની એ મધુરી મૂરત, સર્વાંગરુચિર છે. પ્રેમપૂરિત, અલૌકિક, સર્વાંગરુચિર સ્વરૂપ કામદેવને પણ લજાવનાર છે. 'અંતરરૂપપરમ', આપ આધિદૈવિક કામદેવના પણ કામદેવ છો. આપનું એ પરમ રૂપ કામદેવની સર્વ કલાઓને પણ ઝાંખી પાડી દેનારું છે. પ્રિય-આવા છેલછબીલા, આવા નટવરનાગર, આવા મનમોહન-મદનમોહન આપ છો, માટે અમને બહુ પ્રિય છો. અને તેથી આપ અમને દર્શન આપો-'દર્શનમ્ દેહિ'.

શેકેલું અનાજ અને શેકેલું બીજ જો ખેતરમાં વાવીએ તો તેમાંથી અનાજ પાકતું નથી. એવી રીતે અહીં વ્રજભકતો પ્રભુને વિનંતી કરી રહ્યાં છે, અમારા હ્રદયમાંની લૌકિક આસકિતઓ બળીને શેકાઇ ગયેલી છે. હવે એમાં લૌકિક આસકિતના બીજના અંકુરો ફૂટી શકે એમ નથી. પરિણામે, અમારા જે લૌકિક પતિ છે, એ તો નામના પતિ છે, દેહના પતિ છે, તે અમારા દિલના પતિ નથી. આપ અમારા ગોપવધૂના દિલના પતિ છો. માટે આપની દાસી તરીકે વિનંતિ કરીએ છીએ કે આપ દર્શન આપો. 'દર્શનમ્ દેહિ'.- પાંચમા શ્લોકમાં આ છ સંબોધન દ્વારા શ્રીસ્વામિનીજીએ દર્શન આપવા વિનંતિ કરી છે.

હવે છઠ્ઠા શ્લોકમાં શ્રીસ્વામિનીજી પ્રભુના સ્વરૂપનું વર્ણન કરે છેઃ પ્રભુ કેવા છે? 'વ્રજાલંબ સુકટે'- જેમની કટિ અત્યંત સુંદર, સિંહ જેવી અત્યંત નાજુક છે; એ નાજુક કટિને લઇને જયારે પોતે નૃત્ય-રાસ કરે છે ત્યારે કટિની જે ભંગિમા થાય છે, એ અત્યંત રસરૂપ મનોહર દર્શન આપે છે. લલિતત્રિભંગ સ્વરૂપ એવા ચંદબાવાનાં દર્શન કરો, તો સુકટે સ્વરૂપનાં દર્શન થશે. સુકટેનું વિશેષણ આપ્યું 'વ્રજાલંબ'- વ્રજના આલંબનરૂપ. અહીં રસશાત્રનો સિદ્ધાંત છે કે આલંબન ઉદ્દીપન વિભાગ દ્વારા વ્યભિચારી ભાવ અને સ્થાયી ભાવથી રસનિષ્પત્તિ થાય છે. પ્રભુ વ્રજના આલંબન ભાવરૂપ છે, અર્થાત્ પ્રભુના સુકટિ સ્વરૂપનાં દર્શન કરતાં જ વ્રજભકતોનું મન પ્રભુના એ સ્વરૂપમાં સ્થિર થાય છે. પ્રભુ એ ભકતોના આલંબનરૂપ બની જાય છે. એ સુકટિ સ્વરૂપનું સુંદર વર્ણન ભગવદીયોએ કીર્તનમાં ખૂબ સુંદર રીતે કર્યું છેઃ શ્રીઠાકોરજીનું પીતાંબર અને શ્રીસ્વામિનીજીનું નીલાબર પરસ્પર ગૂંચવાયા છે, ત્યારે સુકટિ ઉપર બિરાજતા નીલાંબર અને પીતાંબરનું વર્ણન કરતાં ભગવદીયો ગાય છેઃ ઉરઝયો પીતાંબર

નીલાંબર મહીંયો,' આવી અદ્‌ભુત રસરૂપ- લીલાનું દાન કરનાર હે શ્યામસુંદર! દર્શનમ્ દેહિ- આપ અમને દર્શન આપો.

શ્રીસ્વામિનીજી પ્રભુના કટિપ્રદેશનું સ્મરણ કરતાં, એ કટિપ્રદેશ પર લહેરાતા પ્રભુના લાંબા કેશનું વર્ણન કરે છેઃ 'લંબકેશ'. અહીં ફરી પાછી આપણી બુદ્ધિ ભ્રમિત થઇ જાય એવું છે, કારણ કે આ બધા ભગવદીયોએ જે ભગવત્-સ્વરૂપનાં સાક્ષાત્ દર્શન કર્યાં છે, એ એમણે ગાયું છેઃ 'બેની બઢેગી સુનો મેરે પ્યારે,' - જો આપ આ ધોળી ગાયના દૂધના સાત ઘૂંટ પીશો તો આપના ટૂંકા વાળ વધશે. ઘુંઘરિયાળી અલક લટો પ્રભુના સ્કંધપ્રદેશ ઉપર લહેરાય છે. એનાં દર્શન સૌ ભગવદીયોએ કર્યાં છે, જ્યારે શ્રીહરિરાયચરણને અહીં વિલક્ષણ દર્શન થાય છે. જેમના કેશ લાંબા છે. લૌકિક ભાષામાં નાગપાશ જેવા છે. આ શિક્ષાપત્રનું ચિંતન કરતાં-કરતાં એ વિચારી રહ્યો હતો કે કોઇ ભગવદીય એવા છે કે જેમને લંબકેશના દર્શન થયાં હોય અને એમણે કીર્તનમાં ગાયું હોય. પણ મને ક્યાંય લંબકેશનાં દર્શન ન મળ્યાં એટલે આ લંબકેશ અને સુકટિની જે લીલા છે તે પ્રભુએ શ્રીસ્વામિનીજીનું સ્વરૂપ ધારણ કરીને, શ્યામા સખીનું સ્વરૂપ ધારણ કરીને. કરેલી લીલા છે. મહિયારી લીલા કરવા માટે પ્રભુ જ્યારે પધાર્યા છે, અથવા ક્યારેક વનમાં ફૂલ વીણવા માટે પધાર્યા છે, ત્યારે વિવિધ પ્રકારે શ્રીસ્વામિનીજીનું સુકટિ અને લંબકેશ સહિતનું સ્વરૂપ ધારણ કરીને પધાર્યા છે. એ રીતે પ્રભુ શ્રીસ્વામિનીજીને રસદાન કરે છે.

શ્રીસ્વામિનીજીના સ્ત્રીભાવ સ્વરૂપનું અહીં શ્રીહરિરાયચરણ દર્શન કરીને નિરૂપણ કરી રહ્યા છે એનું પ્રમાણ તરત જ મળે છેઃ 'કલાનિધે' આપ કલાના નિધિરૂપ છો. આપ સર્વ કલાના શિરોમણિ છો. સર્વ કલા આપને સુસાધ્ય છે. માટે આપ સર્વ કલાઓને અંગીકાર કરી, જે સ્વરૂપ ધારણ કરવું હોય એ સ્વરૂપ ધારણ કરીને રસદાન કરી શકો છો. માટે જ્યારે વ્રજભક્તો પોતાના લોકવેદની મર્યાદા તોડીને પ્રભુ સાથે વિહાર કરવા માટે નથી જઇ શકતા, ત્યારે પ્રભુ શ્યામ સખીનું રૂપ ધારણ કરીને એમના ઘરમાં, એમની નિકુંજમાં પધારીને એમની વિરહની આર્તિને હરે છે અને એમને સર્વપ્રકારે સ્વરૂપાનંદનું દાન કરે છે. માટે, શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે, કે હે કૃપાનાથ! આપ અમારા વિરહની આર્તિને, અમારા વિરહના તાપક્લેશને દૂર કરનારા છો. અને આ સ્વરૂપે આપ પધારો છો ત્યારે આપના નિજજન એવા અમારા મનનું હરણ કરવામાં આપ હમેશાં તત્પર રહો છો. આવી રીતે આજ સુધી અમે આપની પાસે નથી આવી શકયા, ત્યારે આપ વિવિધ સ્વરૂપ ધારણ કરીને અમારી પાસે પધાર્યા છો, અને અમને લીલાનું દાન કર્યું છે, માટે અમે પ્રાર્થીએ છીએ કે આપ કૃપા કરીને દર્શનમ્ દેહિ- અમને દર્શન આપો.

શ્રીસ્વામિનીજી વિનંતી કરે છેઃ 'મનોવિનોદ'- આવી રીતે આપ વિપરીત શૃંગાર કરીને પધારો છો, ત્યારે અમારા મનને વિનોદ આપો છો. આપની વિલક્ષણ છટાનાં દર્શન કરીને, આપના એ વિલક્ષણ રૂપ અને સ્વરૂપને સદાયને માટે અમારા મનની અંદર દૃઢ રીતે પધરાવી દઈએ છીએ. આપ ભાવના સમુદ્રરૂપ છો. જે જે ભક્ત જે જે ભાવ લઈને આવે છે, તેના તે તે ભાવ સ્વરૂપે આપ એ મનોરથનો સ્વીકાર કરો છો. આપ સર્વ ભક્તોના સર્વ ભાવને પરિપૂર્ણ કરનારા છો. પરિણામે, વિવિધ પ્રકારના સાત્ત્વિક, રાજસ, તામસ અને નિર્ગુણ સર્વ ભક્તોના ભાવોનું આપ પોષણ કરો છો જે ભાવોને આપ અંગીકાર કરો છો, એ ભાવના ભાવાત્મક રૂપે આપ એમના હૃદયમાં બિરાજી એમને લીલાનો અનુભવ કરાવો છો. માટે અમે વિનંતી કરીએ છીએ, અમારા હૃદયનો ભાવ અંગીકાર કરીને આપ અમને દર્શન આપો.

'ભાવવતઃ હૃદયઃ' જેના હૃદયમાં આપના પ્રત્યે ભાવ છે, એના હૃદયમાં આપ હંમેશાં બિરાજો છો. પ્રભુ, આપના હૃદયની આપને ખાતરી કરવી હોય તો કરી લો, આપના સિવાય અમારા હૃદયમાં બીજા કોઈને માટે સ્થાન નથી. 'નાહિન રહ્યો ઔર ઠૌર.' પરિણામે, આપના પ્રત્યેના અનુરાગથી પરિપૂર્ણ એવા અમારા હૃદયમાં આપ સદાને માટે બિરાજેલા છો ત્યારે હૃદયમાં બિરાજેલા હે પ્રાણનાથ! આપ બહાર પધારી અમને દર્શન આપો, પ્રત્યક્ષ થાઓ. શ્રીસ્વામિનીજી વિનંતી કરી રહ્યા છે કે અમારા હૃદયમાં ભાવાત્મક સ્વરૂપે બિરાજીને આપે અમારા ચિત્તને એટલું બધું ચંચળ કરી નાખ્યું કે હવે એ ચિત્ત બીજા કશામાં લાગતું નથી, અમે બીજો કશો વિચાર કરી શકતાં નથી, માટે હવે દર્શન આપો.

પરમાનંદદાસજી ગાય છેઃ 'મેરો મન બિગર ગયો તુમ હો ઔર'- ચારે બાજુથી મારું મન બગડી ગયું છે, લૌકિકમાંથી પણ હવે છૂટી ગયું છે; 'સુંદર વદન મુગટકી શોભા, શ્રવણ મુરલી ઘોર, મેરો મન બિગર ગયો તુમ હો ઔર!' આમ, જેનાં દર્શને ચિત્ત આટલું ચંચળ બની જાય, તેના દર્શન થાય, ત્યારે એ ચિત્તની શી સ્થિતિ થાય? માટે વિનંતી કરે છે કે આપ અમારા પર દયા કરો. ભક્ત જેવી ભાવનાથી આપને ભજે છે એવી ભાવનાથી આપ દર્શન આપો છો, અને એના ચિત્તને ચલાયમાન કરો છો. પરિણામે, હવે ઘરના કામકાજમાં ચિત્ત લાગતું નથી. આપના એ રૂપથી અમારું મન આંદોલિત બની ગયું છે, આપના રૂપ સિવાય બીજી કોઈ બાબતમાં મન જતું નથી. મનમાં સદાય આપના રૂપના વિચારનાં જ આંદોલનો ચાલ્યાં કરે છે. તેથી આપના ભક્તોના જે જે ભાવ અને મનોરથ આપના સ્વરૂપના પરિપૂર્ણ રીતે પ્રગટ છે, એ સ્વરૂપે હે શ્રીકૃષ્ણ! તમે મને દર્શન આપો. આમ, સાતમા શ્લોકમાં પાંચ સંબોધનોથી પ્રભુને દર્શન આપવા માટે વિનંતી કરી છે.

આઠમો શ્લોક ફરી પાછો બાળલીલાનું સ્મરણ કરાવે છેઃ આપ મહામુગ્ધ છો. આપના નિજભક્તોમાં આપ એટલા બધા મુગ્ધ બની જાઓ છો કે પોતાના સ્વસ્વરૂપને પણ ભૂલી જાઓ છો. પેલી ગોપિકા આપને એમ કહે કે 'લાલા, તારે માખણ જોઈએ છે? જરાક નૃત્ય કર, તો માખણ આપું.' ત્યારે આપ નૃત્ય કરવા લાગી જાઓ છો. એક ગોપિકા કહે છે, 'લાલા, હું ગાય દોહવા બેઠી છું. મને જરા દોહિની લાવી દઈશ', તો આપ દોહિની લાવી આપો છો. આપ ખૂબ મુગ્ધ બાળકની જેમ સર્વને આનંદ આપી રહ્યા છો. આપ ચતુર-શિરોમણિ હોવા છતાંય રાસલીલામાં મુગ્ધ બનીને અમારા સર્વ પ્રકારના મનોરથોને આનંદથી અંગીકાર કરી રહ્યા છો.

આપ હમેશાં દુગ્ધપાન કરવા માટે તત્પર છો. ક્ષણે ક્ષણે આપ જશોદાજીનું સ્તનપાન કરવા માટે અભિલાષા રાખો છો કિશોરલીલાના માધુર્યભાવમાં આ પદાવલીનો વિચાર કરીએ તો 'શ્રીવલ્લભાખ્યાન'માં શ્રીગોપાલદાસભાઈએ ગાયું, 'રાધા અધરસુધા વિના, પિયુને બીજું ન કાંઈ ભાવે રે!' એ આ બીજું સ્વરૂપ છે. માટે પ્રભુના મુખારવિંદ પર નાસિકામાં વેસર સ્વરૂપે શ્રીસ્વામિનીજી બિરાજીને અધરસુધા પાન કરે છે.

માખણથી આપનું મુખારવિંદ ખરડાયેલું છે. મેઘશ્યામ મુખારવિંદ પર શ્વેત માખણ લાગેલું છે. આપના લાલ લાલ સુંદર અરુણ અધર ઉપર દૂધનાં સફેદ બિંદુ શોભી રહ્યાં છે. એવા હે શ્યામસુંદર! આપ કૃપા કરીને 'દર્શનમ્ દેહિ'- અમને દર્શન આપો. આમ, ચાર પદાવલીથી, ચાર સંબોધનથી અહીં શ્રીસ્વામિનીજીએ વિનંતિ કરી.

હવે નવમા શ્લોકમાં ચાર પદાવલીથી વિનંતિ કરે છેઃ આપના મુખારવિંદ પર અલકલટો છવાઈ ગઈ છે. અતિ સુંદર શોભાયમાન એ લટોથી આવૃત્ત મુખારવિંદ કામદેવથી પણ અધિક શોભા આપનારું છે. આપના કપોલ પર કમલપત્ર શોભી રહ્યાં છે. લલાટમાં કસ્તૂરીનું તિલક શોભી રહ્યું છે, એવા હે શ્યામસુંદર! અમને દર્શન આપો.

દશમા શ્લોકમાં પણ ત્રણ પદાવલી દ્વારા એ જ પ્રભુનું વર્ણન કરતાં શ્રીસ્વામિનીજી વિનંતિ કરે છેઃ હે ગોપાલ! આપના ચરણારવિંદમાં સુંદર નૂપુર અને નખભૂષણ શોભે છે. કટિમેખલા શોભી રહી છે. સોનાનાં નૂપૂરથી શોભતા આપના ચરણારવિંદ અને દશ નખચંદ્રથી શોભતી નખાવલી કોટિ સૂર્ય અને ચંદ્રને લજાવનારી છે. ક્ષુદ્રઘંટિકા વારંવાર શબ્દ કરીને આપનાં નર્તનથી લલિત ગતિને આનંદદાયક બનાવનારી છે, એવા હે શ્યામસુંદર! અમને દર્શન આપો.

અગિયારમાં શ્લોકમાં ત્રણ પદાવલીથી વિનંતી કરે છેઃ હૃદયપ્રદેશ ઉપર વાઘનાખ ધર્યો છે. વિશાળ વિલક્ષણ કંજ પક્ષી જેવાં કમલદલ લોચન બિરાજે છે. એવા હે શ્યામસુંદર! અમને દર્શન આપો.

બારમા શ્લોકમાં ચાર પદાવલીથી પ્રભુના ગુણનું વર્ણન કરતાં છેલ્લે વિનંતિ કરી કહે છેઃ આપ દીનભક્તોના આશ્રયસ્થાન છો. આપ આપના સર્વ સામર્થ્યથી યુક્ત છો. વ્રજરાજ-દુલારા છો, આપની માતાના કંઠમાં આપ આલિંગો છો ત્યારે એ કંઠના ભૂષણરૂપ છો. આવા હે શ્યામસુંદર! આપની સર્વ લીલાઓ આપે અમને સ્વરૂપાનંદનું દાન કર્યું છે. આ સર્વ લીલાઓના સંયોગરસનું, સંયોગસુખનું, શૃંગારના એ પૂર્વદલાત્મક સ્વરૂપનું વર્ણન અને ચિંતન કરતાં કરતાં અમે આપને વિનંતી કરીએ છીએ કે દર્શનમ્ દેહિ- આપ અમને દર્શન આપો.

આમ, બાર શ્લોકમાં પચાસ પદાવલી દ્વારા, પચાસ નામોથી, શ્રીસ્વામિનીજીએ પ્રભુની સંયોગ લીલા અને સંયોગશૃંગારનું ચિંતન કરીને દર્શન આપવા માટે વિનંતી કરી છે.

હવેના શ્લોકમાં બીજાં ચૌદ નામોથી શૃંગારના ઉત્તરદલ એવા વિપ્રયોગ દ્વારા પ્રભુનો વિરહ કરતાં-કરતાં શ્રીસ્વામિનીજી પ્રભુને દર્શન આપવા માટે વિનંતી કરે છે.

અહીં પ્રત્યેક નામના પ્રારંભમાં 'હા' પદ દ્વારા વિરહનો નિઃશ્વાસ પ્રગટ કરે છે. વિરહ ઉત્કટ બને ત્યારે તે નિઃશ્વાસ પણ ઉત્કટ બનતાં 'હા-હા' દ્વિરુકિત દ્વારા પ્રગાઢ વિરહને આપ પ્રગટ કરશે.

તેરમા શ્લોકમાં શ્રીસ્વામિનીજી વિરહનો પ્રારંભ કરે છેઃ 'હા, કૃષ્ણ, હા સદાનંદ, હા વૃંદાવનભૂષણ, હા નંદરાજતનય, હા યશોદાંકખેલન, દર્શનમ્ દેહિ. અહીં, શ્રીસ્વામિનીજી કૃષ્ણપદથી ફલાત્મક પ્રભુનું સ્મરણ કરે છે. કૃષ્ણ શબ્દનો અર્થ આપણા આચાર્યચરણોએ આપણને બતાવ્યો છે.

'કૃષ્ણ' શબ્દ બે શબ્દોનો બનેલો છેઃ 'કૃષ્' અને 'ણ'. 'કૃષ્' શબ્દનો અર્થ થાય છે સત્તા અને 'ણ' શબ્દનો અર્થ થાય છે, આનંદ. જે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ સર્વ જગતના નિયંતા છે, સર્વકર્તુમ્ સમર્થ છે. સર્વશક્તિમાન છે; જેના દ્વારા જગતમાં સર્વ કંઇ બને છે એ સૂચવવા માટે 'કૃષ્' શબ્દનો પ્રયોગ થયો. દયારામભાઇ એ માટે ગાયું, 'જીવ તું શીદને ચિંતા કરે, કૃષ્ણને કરવું હોય તે કરે, દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે'. જેના હાથમાં સમગ્ર જગતનો દોર છે એ કૃષ્ણ. 'ણ' એટલે આનંદ. એ આનંદમાત્રકરપાદમુખોદરાદિ છે. પૂર્ણ આનંદસ્વરૂપ છે, માટે શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાશ્રયમાં આજ્ઞા કરીઃ પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ.

હરિ પૂર્ણાનંદ પણ છે. કૃષ્ણ પદ દ્વારા શ્રીસ્વામિનીજીનાં હૃદયમાં બિરાજેલ પૂર્ણ પુરુષોત્તમના ધર્મીસ્વરૂપનું પ્રતિપાદન કરવામાં આવ્યું. જે વિપ્રયોગાત્મક ફલાત્મક-સ્વરૂપે પ્રભુ સદાય શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજે છે એ કૃષ્ણ. માટે બ્રહ્મસંબંધ

અંગેના પંચાક્ષર મંત્રમાં આપણે વિનંતિ કરી કે 'હે કૃષ્ણ, હું તમારો છું.' આવા કૃષ્ણ, આવા અલૌકિક પૂર્ણ ફલાત્મક પ્રભુ, તમે અમને દર્શન આપો. હવે અમે તમારા વિના રહી શકતાં નથી. એમ શ્રીસ્વામિનીજી પ્રભુને વિનંતી કરી રહ્યાં છે.

સંયોગલીલામાં પણ શ્રીસ્વામિનીજીએ સદાનંદ શબ્દથી પ્રભુની આનંદમય લીલાઓનું સ્મરણ કર્યું હતું. અહીં વિરહમાં એ જ સદાનંદ પદ વિપ્રયોગના તાપકલેશાત્મક આનંદનું સૂચન કરે છે. આપ અંતર્ધાન થાઓ છો ત્યારે પણ આપની સાથેના આંતર-રમણમાં સદાયે આનંદ આપો છો. આપ સદાય આનંદરૂપ છો. અને તેથી જેમની પ્રત્યેક ચેષ્ટા. પ્રત્યેક લીલાનાં દર્શને અમને આનંદ જ થયા કરે, એવા હે સદાનંદ પ્રભુ! દર્શનં દેહિ- આપ અમને દર્શન આપો.

વ્રજભકતોએ સદાનંદ સ્વરૂપનાં સુંદર ગુણગાન પદોમાં ગાયાં છેઃ તેઓ કહે છે, આપ સદાય અમારાં નેત્રોને સુખ આપનારા છોઃ 'અંખિયન કે ભૂષણ ગિરધારી, બલિ-બલિ જાઉં છબીલી છબી પર, અતિ આનંદ સુખકારી.'- જે સદાય આનંદ આપે છે, સુખ આપે છે, તેવા એ સદાનંદ પ્રભુ આજે માન કરીને જુદી નિકુંજમાં જઇને બિરાજયા છે. આજે પ્રિયાજીની પાસે પ્રભુ બિરાજયા નથી. પરિણામે, પ્રિયાજી પોતાના સદાનંદ એવા સ્વામીનું સ્મરણ કરતાં વિરહકાતર ભાવે વિનંતી કરી રહ્યાં છેઃ હા સદાનંદ! હા કૃષ્ણ, દર્શનમ્ દેહિ- આપ અમને દર્શન આપો.

હૃદયમાં બિરાજેલા પ્રભુ એમને પૂછી રહ્યા છે, 'કિશોરીજી, તમારા હૃદયમાં હું બેઠો છું તે પૂરતું નથી? કિશોરીજી કહે છે, 'ના મહારાજ, આપ હૃદયમાં બિરાજયા છો તો બહાર પધારો. અમારે આપનાં કમલમુખનાં દર્શન કરવાં છે, કારણ કે 'હા વૃંદાવનભૂષણ-' હે પ્રભુ! આપ સમગ્ર વૃંદાવનના આભૂષણરૂપ છો.'' વૃંદાવન એટલે રાસલીલાનું પરમ સ્થાન. પરમ રાસસ્થલિ- જેનો અપભ્રંશ થઇ ગયો, પરાસોલિ. વૃંદાવન એટલે એવાં વ્રજભક્તોનો સમૂહ, જે સદાય પ્રભુને વીંટળાઇને રહે છે. વૃંદાવનરૂપી ભક્તોના સમૂહથી વીંટળાયેલા વ્રજભક્તોના ભૂષણરૂપ એવા આપ અમારું સૌભાગ્ય છો. આપે કૃપા કરી તો આ સારસ્વત કલ્પમાં અમને ઋષિરૂપાઓને તમારા સ્વરૂપાનંદનું દાન પ્રાપ્ત થયું છે આપે કૃપા કરી તો અમ શ્રુતિરૂપાઓને આ સારસ્વત કલ્પમાં રાસલીલાનું પાન થયું. આપ અમારા આભૂષણરૂપ બની ગયા છો. સૌભાગ્યવતીનું આભૂષણ એના શરીર પરથી અળગું કરવું જેમ એને ગમતું નથી, એમ હે નાથ! આપનાથી અળગું થવું અમને ગમતું નથી. માટે સદાય વૃંદાવનમાં રહેનારા, 'વ્રજ તજ અનત ન જાઉં. એવી પ્રતિજ્ઞા કરનારા હે વૃંદાવનવિહારી લાલ! દર્શનં દેહિ. આપ હવે પ્રગટ થઇ જાઓ. આપ હવે અમને દર્શન આપો. આપ આપની દાસી એવી અમને હવે કરગરાવશો નહીં.

શ્રીસ્વામિનીજી વિનંતી રહ્યાં છે, 'મહારાજ, તમે નંદરાયજીના લાલ છોઃ હા નંદરાયતનય. નંદબાવા તો કેટલા ઉદાર અને દયાળુ છે! સૌ વ્રજવાસીઓ ઉપર કેટલો બધો પ્રેમ રાખનારા છે! એમના તમે કુંવર. એમનું રાજ તમારે લેવાનું છે, એમના ડગલે ડગલે તમારે ચાલવાનું છે. મહારાજ, જે આનંદ આપે એનું નામ નંદ. આનંદ આપનારા નંદબાવાના પુત્ર બનીને આપ પરમાનંદ પૂર્ણ પુરુષોત્તમરૂપે અમારે ત્યાં વ્રજમાં પધાર્યા. નંદબાવાના લાલ તરીકે અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ અમને દર્શન આપો. અમે આપની પ્રજા છીએ. આપના રાજયમાં રહેનારાં છીએ, આપની સેવામાં તત્પર છીએ. હે કા'નકુંવર! નંદબાવા દયાળુ છે, એનાથી અનેકગણાં દયાળુ યશોદામા છે. હા યશોદાંકખેલન! તમે યશોદાજીની ગોદમાં ખેલીને મોટા થયા છે. યશોદામાએ પ્રેમથી લાડ લડાવીને જે સંસ્કાર આપ્યા છે, યશોદામાનો એ પ્રેમ, એમની એ ઉદારતા, એમના હૈયાની એ કોમળતા, એ સૌ આપનામાં આવ્યાં છે.

અરે! યશોદામા તો કેવાં દયાળું હતાં! અમે યશોદામાં પાસે આવતાં. યશોદામાને વિનંતી કરતાં કે 'મા, તારા લાલની થોડીક સેવા તો અમને કરવા દે. મા, લાવો અમે તમને મદદ કરીએ.' માની સાથે કયારેક મીઠો ઝઘડો પણ કરી દેતાં, અને કહેતાં કે 'કહા ઓછી હ્વૈ જાત,' તારું શું ઓછું થઇ જવાનું છે મા! યશોદામા તમે તો મોટાં છો. તમે થોડાં ઉદાર બનો. થોડીક ક્ષણો અમને તમારા કાનકુંવરની સેવા કરવા આપો. એમાં તમારું શું ઓછું થઇ જશે? તમારા લાલને હું જરા સ્નાન કરાવી આવું. મને એટલી તો સેવા આપી દો. તમારાં મા તમને સ્નાન કરાવવાની ટહેલ આપવાની ઉદારતા બતાવતાં હતાં. શ્યામસુંદર,અમે તમને શું કહીએ? અમે આવીને તમારી માને કહેતાં કે મા, આજે બહુ સુંદર સામગ્રી કરી છે. તમારા લાલને જરાક અમારા ઘરે મોકલશો? એને એ સામગ્રી આરોગાવવાનો મનોરથ છે. 'યશોદા એક બોલ જો પાઉં" એમ કહીને વિનંતી કરતાં તો યશોદામાં અમારી આંગળીએ તમને મોકલી આપતાં હતાં. એવા યશોદા માતાના તમે લાલ. યશોદામાનાં નેત્રોના તારા, યશોદામાની ગોદમાં ખેલનારા અને એ ગોદને ખૂંદનારા, યશોદામાના પ્રેમથી સિંચાઇને મોટા થયેલા હે શ્યામસુંદર! અમે તો તમારા પ્રેમના પિપાસુ યાચક છીએ. એ પ્રેમસાગરનાં પિપાસુ માછલાં છીએ. તમારાં પ્રેમના પિપાસુ પપૈયા છીએ, દર્શનમ્ દેહિ- અમને કયારે દર્શન આપશો?

ચૌદમાં શ્લોકમાં શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે. અહીં વિરહની ઉત્કટતા વધતી જાય છે, 'હા ગોપીકેશ, હા નાથ, હા ગોકુલપુરંદર, હા હા વ્રજજનાર્તિઘ્ન, હા હા નિસ્સાધનાધિપ'. હે ગોપીકેશ! તમે ગોપિકાઓના ઇશ છો, સ્વામી છો. વ્રજભક્તોનાં બે જૂથ. એક અન્યપૂર્વા અને બીજાં અનન્યપૂર્વા. એક કુમારિકા-ઋષિરૂપા અને બીજાં લૌકિક

પતિને વરેલાં. આવાં સૌ વ્રજભક્તોના આપ સ્વામી છો. જેમણે સદાય ઇન્દ્રિયો દ્વારા તમારા સ્વરૂપનું પાન કર્યું છે, એમના તમે સ્વામી છો. સ્વામી બનીને એમના ભૌતિક દેહને સ્વરૂપાનંદના પાનથી તનુનવત્વની પ્રાપ્તિ કરાવી છે, એમના રોમરોમ તમારા પ્રેમમાં પરિપ્લાવિત બન્યા છે, એવા હે શ્યામસુંદર! ગોપીકેશ, અમે તમને વધારે શું કહીએ? હવે મુખમાંથી શબ્દો નથી નીકળતા, પણ હૈયામાંથી નિશ્વાસ નીકળે છે, આંખમાંથી આંસુ સરે છે, હૃદયમાં તિરાડ પડી છે. આપનાં દર્શન વિનાની એક એક ક્ષણ કલ્પ જેવી બની ગઇ છે. માટે આપને વિનંતી કરીએ છીએ, 'બક ચિત્ત મુસિકાય કે લાલ બદન દિખાય હો,' આપના મુખારવિંદનાં અમને દર્શન કરાવો.

વ્રજભક્તો કહે છે, અમારું નહોતું, અમે અબળા હતાં, અનાથ હતાં, સ્ત્રીઓ હતાં. વેદોએ અમને તરછોડયાં હતાં, ધર્મશાસ્ત્રોએ પણ અમને તરછોડયાં હતાં, તમને મળવા માટે અમને કોઇએ રસ્તો નહોતો બતાવ્યો, એવી અબુધ સ્ત્રીઓના નાથ બનીને, સ્વામી બનીને તમે રહ્યા. તમે લૌકિક અને અલૌકિક સર્વ સ્થિતિમાં અમારા ભર્તા-પોષક બન્યા, અમારી સર્વ ઇન્દ્રિયોના, તન-મન-પ્રાણના સ્વામી બન્યા. અમ અનાથને સનાથ કર્યાં. સૌભાગ્યવતી સ્ત્રીને પૂર્ણ પ્રેમથી સનાથ કર્યા પછી એનો પતિ જો વગર વાંકે એને છોડીને ચાલ્યો જાય તો પતિવ્રતા નારીની સ્થિતિ કેવી થાય? અમારી સ્થિતિની તમને શી વાત કરીએ? માટે અમે વિનંતી કરીએ છીએ કે આપ અમને દર્શન આપો. કૃપાનાથ! રાસલીલા વખતે અમને સૌભાગ્યમદ થયો, આપ અંતર્ધાન થઇ ગયા. અમે આપની લીલાઓનું અનુકરણ કર્યું, અમે આપને શોધ્યા, આપના ગુણાનુવાદ ગાયા ત્યારે આપે દર્શન કયાં આપ્યાં હતાં? ત્યારે અમે આ જ વિનંતી કરી હતી, 'હા નાથ! રમણપ્રેષ્ઠ! કવાસિ કવાસિ મહાભુજ.' હે નાથ, હે રમણ! હે પ્રિય, હે મહાબાહુ! તમે કયાં છો? તમારી નજીકમાં રહેલી આ તમારી દાસીઓને તમે દર્શન આપો. હે નાથ! અમે જયારે ખૂબ રડયાં, ત્યારે આપે દર્શન આપ્યાં હતાં. અમે આજે ફરી વિનંતી કરીએ છીએ દર્શનમ્ દેહિ. હા ગોકુલપુરંદર - પુરંદર એટલે ઇન્દ્ર. જેવી રીતે ઇન્દ્ર સ્વર્ગનો રાજા બનીને સતત સર્વ પ્રકારના ભોગ ભોગવે છે એવી રીતે તમે પણ આ ગોકુળના ઇન્દ્ર બનીને સર્વ પ્રકારે અમારા દ્વારા અમારા આનંદનો ભોગ ભોગવો છો, આપ ભોગ્ય અને ભોકતા બંને છો. માટે અમે આપને વિનંતી કરીએ છીએ કે આપ, આપના એ આનંદનો ભોગ ભોગવવા માટે, અમારા દ્વારા આનંદની પ્રાપ્તિ માટે, એ સુખસાગરમાં છલકાઇ જવા માટે, હે નાથ! દર્શનમ્ દેહિ- અમને દર્શન આપો.

અહીં શ્રીસ્વામિનીજી વિનંતી કરે છેઃ પ્રભુ! તમારાં દર્શન અમારે અમારા સુખ માટે નથી કરવાં, આપના સુખ માટે અમે આપનાં દર્શન માગીએ છીએ. અમને જોઇને આપ

પ્રસન્ન થશો. અમારા સાન્નિધ્યમાં આપને પ્રસન્નતા થશે, માટે આપ દર્શન આપો. હવે વિરહ ઉત્કટ બનતો જાય છે. ઉત્કટ વિરહમાં નિઃશ્વાસ પણ ઉત્કટતાથી પ્રગટ થાય છે, બેવડાય છેઃ હા હા વ્રજજનાર્તિઘ્ન- વ્રજજન એટલે વ્રજભકતો, વ્રજભકતોની આર્તિને- એમના દુઃખને આપ દૂર કરનાર છો. જયારે જયારે ભકતોને ભીડ પડી છે, ત્યારે ત્યારે આપ દોડી આવ્યા છો. આપે ગોવર્ધનયાગ દ્વારા રૂઠેલા ઈન્દ્રને પણ પાઠ ભણાવ્યો. ગિરિરાજ ધારણ કરીને વ્રજની રક્ષા કરી. એમ આજ અમારી રક્ષા કરો. 'હા હા નિસ્સાધનાધિપ' શ્રીસ્વામિનીજી કહે છે, 'મહારાજ! અમે તો નિસ્સાધન ભક્તો છીએ. તમને રીઝવવાનું કોઇ સાધન અમને આવડતું નથી. અમારામાં કોઇ ચતુરાઇ નથી. કોઇ ગુણ, કોઇ વિદ્યા કે આવડત નથી. અમે તો નિસ્સાધન છીએ, છતાંયે આપે અમને નિસ્સાધનના અધિપતિ બનીને સ્વીકાર્યાં છે, માટે અમે વિનંતી કરીએ છીએ, કે આપ અમને દર્શન આપો.

પંદરમા શ્લોકમાં વિનંતી કરે છેઃ આપ નંદ વગેરે સર્વ ભક્તોના સર્વસ્વ છો. તમારા સિવાય આ વ્રજવાસીઓનું બીજું કોઇ નથી. અમે સૌ તમારાં છીએ. 'એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહિ સ્વામી બીજો મારે.' અમે સૌએ તમારામાં અનન્ય આશ્રય રાખ્યો છે. માટે હવે અમે બીજે કયાં જઇએ? તેથી વિનંતી કરીએ છીએ કે આપ અમને દર્શન આપો.

'હા હા! અનંગ નવાંકુર'- અનંગ એટલે કામદેવ, કામદેવરૂપી અનંગ વૃક્ષનો અંકુર ફૂટયો હોય, એવા અત્યંત સુંદર, પ્રેમના સ્વરૂપરૂપી આપ છો, ક્ષણે ક્ષણે આપનાં દર્શન કરતાં અમે મોહિત બની અમારી તનની સ્થિતિ પણ ભૂલી જઇએ છીએ. અમારું મન અમારા કાબૂમાં રહેતું નથી. પરિણામે અમે કેવાં બની ગયાં છીએ? 'હા નિરાલંબાલંબ' અમે નિરાલંબ- આલંબન વગરનાં, આધાર કે આશ્રય વિનાનાં બન્યાં છીએ. સર્વસ્વ છોડીને કેવળ તમારું આલંબન કરીને રહ્યાં છીએ. તમારે જેમ રાખવા હોય તેમ રાખો, અમે તમારાં છીએ.

શ્રીસ્વામિનીજી વિનંતી કરે છે કે જેનું કોઇ આલંબન નથી, એના તમે આલંબન છો, જેનો કોઇ આશ્રય નથી, જેને કોઇનો ટેકો નથી, એના તમે આશ્રયી-ટેકારૂપ છો તમે નિર્ધનના ધન છો. માટે તમને વિનંતી કરું છું કે દર્શનમ્ દેહિ.

અને હવે છેલ્લું નામ 'હા-હા અંધલકુટીપ્રિયઃ' જેમ આંધળો માણસ લાકડીના ટેકે ટેકે ચાલે. એમ હે પ્રભુ! અમે પણ અંધ છીએ. આપ અમારાં જેવાં આંધળાંની લાકડી છો. આપના દ્વારા જ અમે આ ભવસાગરને પાર કરી શકીએ છીએ, બાકી અમારું શું સામર્થ્ય છે? આપ જો કૃપા કરીને અમારા સ્વરૂપાનંદનું પાન ન કરાવો તો અમારી

શક્તિથી, બુદ્ધિથી કે તાકાતથી આપને મેળવવા માટે કંઇ કરી શકીએ એમ નથી. પરંતુ આપ એવા દયાળુ છો કે કૃપા કરીને, સામેથી પધારીને અમારા મનોરથો પૂરા કરતા રહ્યા છો. માટે તે 'શ્રીવલ્લભાખ્યાન' માં શ્રી ગોપાલદાસભાઇએ ગાયું, 'સકલ વ્રજમાં વ્હાલો પોઢિયા,' સર્વ વ્રજભક્તોના મનોરથ પૂર્ણ કરવા, પ્રત્યેક વ્રજભક્તના ભાવનું સ્વરૂપ ધારણ કરીને દરેક વ્રજભકતની નિકુંજમાં વહાલો પ્રગટ થાય છે. એનો અનુભવ આપણે પણ કરીએ છીએ. આપણા સૌના ઘરમાં પ્રભુ વિવિધ સ્વરૂપે, આપણા ભાવના સ્વરૂપે બિરાજે છે.

પ્રભુ કયારે, કેવી રીતે કૃપા કરે છે, એની આપણને જીવને ખબર પડતી નથી. એક વાર ગૌચારણ કરીને પ્રભુ પાછા પધારી રહ્યા છે. રસ્તામાં એક વ્રજભક્તની નિકુંજ આવી. પ્રભુએ વિચાર કર્યો કે આ ભોળી ગોપી, ક્યારેય એના મુખથી, નેત્રના સંકેતથી કહી શકતી નથી કે મારો મનોરથ પૂર્ણ કરો. આવી એ નિસ્સાધન ગોપીનો મનોરથ આજે હું પૂરો કરું. પ્રભુએ સુદામા-સુબલ-તોક-મધુમંગલને આજ્ઞા કરી, 'ભૈયા! તમે આગળ ચાલતાં થાઓ. મને તરસ લાગી છે. સામ પેલી ગોપિકાનું ઘર દેખાય છે, ત્યાં થોડું જળ પીને હું આવી પહોંચું છું.'

જળ આરોગવાના મિષે પ્રભુ ગોપિકાના દ્વારે પધાર્યા છે. ગૌચારણ કરીને પધારેલા, ગોરજમુખમંડિત પ્રભુનાં દર્શન કરવા દ્વારે ઊભેલી એ ગોપિકા પાસે જઇને, એ ગોકુળચંદ્ર મીઠાંમધુર વચનમાં પૂછી રહ્યા છે, અરી! થોડું જલ પાઇશ: 'તનક પ્યાય દે પાની.' થોડુંક જલ તો પાઇ દે. ગોપી રાજી થઇ ગઇ. વગર વિનંતી કરે આજે માંગીને જલ આરોગવા માટે મારા દ્વારે પધાર્યા! ગોપી અંદરથી સોનાનાં ઝારી ભરી જમનાજળ લઇને આવ્યાં: 'કનક ઘટ ભર લાઇ.' પ્રભુ આરોગે છે. તરસ લાગી ન હોય અને જળ આરોગવું હોય તો શું કરવું જોઇએ? જળ આરોગવા તો પ્રભુ પધાર્યા નથી, એ તો મિષ છે. ગોપિકાને પોતાનાં નેત્રમુખારવિંદનાં દર્શનનું સુખ આપવા પધાર્યા છે: 'કમલમુખ દેખત કૌન અઘાય!' જો થોડુંક જળ આરોગી લે તો લાંબો સમય ઊભા ન રહેવાય. પ્રભુ તો ચોસઠ કલાના શિરોમણિ છે: 'અચવન લાગે ઓટ ઢીલી કર,' ખોબો ધરીને જળ આરોગે છે, કહે છે કે આમાં જળ રેડ. ખોબો વચ્ચેથી રાખ્યો પોલો, ઓટ ઢીલી કરી: 'વૈસો હિ જલ ગયો'- બધું જળ પૃથ્વી ઉપર ઢળી ગયું. પ્રભુ ફરીથી વિનંતી કરી રહ્યા છે: જા, બીજું લઇ આવ, હજુ તરસ છે. ગોપિકા બીજો ઘડો ભરી લાવી: 'ચતુરવિહારી રાવરે પ્યારે પ્યાસે હો તો પીજૈ, રાવરે પ્યાસે મૈં જાનીં': ગોપી હસતી હસતી કાનમાં કહે છે, હે પ્યારે! તરસ હોય તો જ પીજો. મને ખબર છે તમે કેટલા તરસ્યા છો તે!

આંધળાના હાથમાં લાકડી આપો એટલે તે કોઈનીયે મદદ વિના એકલો ચાલ્યો જાય. એમ ભક્ત કેવળ પ્રભુના દૃઢ આશ્રયબળથી આ ભયંકર સંસારને તરી જઈ શકે છે એવા પ્રભુને શ્રીસ્વામિનીજી વિનંતી કરે છેઃ હા હા અંધલકુટીપ્રિય દર્શનમ્ દેહિ- તમે દર્શન આપો.

આમ, શ્રીહરિરાયચરણે બારમા શિક્ષાપત્રમાં બીજા શ્લોકથી માંડીને પંદરમા શ્લોક સુધી ચૌદ શ્લોકમાં ચોસઠ નામ દ્વારા દર્શન આપવા માટે પ્રભુને વિનંતી કરી છે.

આ શિક્ષાપત્રના અંતિમ શ્લોકમાં શ્રીહરિરાયજી આજ્ઞા કરે છેઃ

એવં વિધાનિ સતતં જલ્પિતાનિ મુહુર્મુહુઃ ।
અવગત્ય ચ ભાવેન ભાવનીયાન્યહર્નિશમ્ ॥

અહીં જે કહ્યાં એ ચોસઠ નામ દ્વારા પ્રભુની વિવિધ લીલાઓનું, પ્રભુના વિવિધ ગુણોનું, પ્રભુના અલૌકિક રૂપનું સ્મરણ કરતાં કરતાં શ્રીસ્વામિનીજી સતત જલ્પન કરે છે. સતતમ્- આ ક્રિયાવિશેષણ બરાબર સમજજો. આપણે તો ક્ષણવાર પણ જલ્પન થતું નથી. દર્શન થઈ ગયાં હોય અને મંદિરમાં આવીએ તોય એક નિસાસો નાખીને પ્રભુના નામનું જલ્પન નથી થતું. પગ ઢીલા થઈને ત્યાં ઓટલા ઉપર બેસીને નમી જવાનું. પણ બેવડા વેગે પગ દોડવા માંડે, કે ચાલો જલદી ઘરે પહોંચી જઈએ. કાલે ફરીથી આવીશું.

આપ આજ્ઞા કરે છે, વારંવાર જલ્પન કરો. પ્રથમ શ્લોકમાં એક જ વાર 'મુહુઃ' શબ્દનો પ્રયોગ કર્યો. અહીં આજ્ઞા કરે છે કે શ્રીસ્વામિનીજી તો વારંવાર સતત જલ્પન કરે છે, પણ તમારાથી સતત ન બને તો થોડું થોડું જલ્પન કરો. કયારેક તો જલ્પનનું ભાવન કરો. કમ સે કમ દિવસમાં એકવાર આ શિક્ષાપત્રનું ગાન કરો. રાત્રે સૂતી વખતે આ શિક્ષાપત્ર દ્વારા પ્રભુના સ્વરૂપ અને ગુણનું ચિંતન કરીને વિનંતી કરો કે અમને દર્શન આપો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ જલ્પન કેવી રીતે કરશો? સ્મરણ બે રીતે થાયઃ એક સંસ્કારપૂર્વક અને બીજું સ્નેહપૂર્વક. આપણે મોટાભાગે તો સંસ્કારપૂર્વક જ સ્મરણ કરીએ છીએ. રોજની ટેવ પડી છે, એથી સવારે નાહીએ એટલે પાઠ બોલવાનું શરૂ થઈ જાય. પરંતુ એ પાઠ બોલતી વખતે હૃદયમાં સ્નેહની ઊર્મિઓ જાગતી નથી. રાત-દિવસ ભાવના કરવાથી સ્નેહપૂર્વક સ્મરણ થાય.

કલ્પના અને ભાવના આ બે જુદી વસ્તુઓ છે. જે વસ્તુ ન હોય તેની કલ્પના કરાય, પણ જે આ સર્વ અલૌકિક લીલા છે, જેને મોટાઓએ અનુભવી છે, તો મોટાઓની કૃપાથી એનું મનમાં ચિંતન, ભાવન કરવું. ભાવન કરતાં-કરતાં એમાં ભાવ એટલે આપણો પ્રેમ વધતો જશે. સમજીને, સમજણપૂર્વક, પ્રેમપૂર્વક, લીલાના ચિંતનપૂર્વક, શ્રીસ્વામિનીજીના જલ્પનનું

સતત ચિંતન-ભાવન-રટણ-સ્મરણ કરતા રહેવું એવી શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. શ્રીગોપેશ્વરજી ટીકામાં અંતે સમજાવે છેઃ 'તુમ યા ભાંતિ શ્રીસ્વામિનીજી કે વિરહભાવકી અહર્નિશ ભાવના કરો. તબ શ્રીસ્વામિનીજી કી કૃપા તે હૃદયમેં ભાવ સ્થિર હોય.' આ ભાવ જયારે હૃદયમાં સ્થિર થશે ત્યારે 'પ્રભુ અપનો અનુભવ કરાવેંગે.' પ્રભુના અનુભવ માટે આ ભાવના, જલ્પન રોજ પ્રેમપૂર્વક કરવાની આવશ્યકતા છે.

શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક દરરોજ એનો પાઠ કરો.

આમ, આ દ્વાદશ શિક્ષાપત્રમાં કેવી રીતે વિરહ-ફલાત્મક પ્રભુનું ભાવન કરવું એ શ્રીહરિરાયજીની કૃપાથી યત્કિંચિત્ જાણવાનો અને માણવાનો પ્રયત્ન કર્યો.

॥ ઇતિ શ્રીહરિરાયજી કૃતં દ્વાદશં શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજીકૃત વ્રજભાષા-ટીકાસમેતં સમાપ્તમ્ ॥

શિક્ષાપત્ર બારમાનો સારાંશ

શ્લોક સંખ્યા ૧૬

વિષય : વિરહભાવના દ્વારા ભગવત્સ્મરણ.

- બીજા શ્લોકથી ૧૫મા શ્લોક સુધીમાં પ્રભુનાં ૬૪ નામોનું સ્મરણ
- ૪ સ્વામિનીજી x ૧૬ શૃંગાર = ૬૪ નામ
- ૫૦ નામ સંયોગાત્મક ભાવનાં, ૧૪ નામ વિપ્રયોગાત્મક ભાવનાં
- નામો દ્વારા પ્રભુનાં ગુણ, લીલા અને સ્વરૂપનું સ્મરણ
- નામોના રટણ-સ્મરણથી શ્રીસ્વામિનીજીની કૃપાથી હૃદયમાં ભાવ પ્રગટશે ત્યારે પ્રભુ પોતાનો અનુભવ કરાવશે.

શિક્ષાપત્ર તેરમું

કાલઃ કરાલઃ સમુપાગડયં,
મતિં સતાં દાગહરત્ સમસ્તામ્ ।
શ્રીવલ્લભાચાર્ય સમાશ્રિતાનાં,
યઃ કાલકાલઃ શરણં સ એવ ॥૧॥

કાળ ઘણો વિકટ આવ્યો છે. તે એવો છે કે તેનાથી સઘળા સત્પુરુષોની મતિ પણ હરાઇ જાય છે. જેઓ શ્રીવલ્લભાચાર્યજીનો આશ્રય કરનારા હોય, તેમને માટે કાળનાયે કાળ એવા એક ભગવાન જ શરણરૂપ છે. (૧)

ન સેવા ન કથા નૈવ, ભાવનં નાપિ સંશ્રયઃ ।
નિત્યમુદ્વિગ્નમનસા કથં કાલઃ પ્રયાસ્યતિ ॥૨॥

જેઓ સેવા કરતા ન હોય કે કથાશ્રવણ પણ કરતા ન હોય અથવા તો જેમનામાં ભાવના કે આશ્રયભાવ સિદ્ધ થયાં ન હોય; અને જેઓ સદા ઉદ્વિગ્ન મનવાળા હોય, તેમનો સમય શી રીતે પસાર થાય? (૨)

સત્સંગો દુર્લભો દુષ્ટસંગઃ સંચિતનાદતે ।
અનાયાસેન સંસિદ્ધઃ કા ગતિર્મે ભવિષ્યતિ ॥૩॥

સત્સંગ તો દુર્લભ છે, જયારે વગર મહેનતે અને વગર વિચાર્યે દુઃસંગ સારી પેઠે આવીને ખડો થાય છે, તો અમારી ગતિ શી થશે? (૩)

સંગ્રાહયિતુમખિલં તૈઃ ક્રીડયિતુમેવ ચ ।
શકલીકર્તુમધુના પ્રભોર્બાલચિકીર્ષિતમ્ ॥૪॥

સમગ્ર ચરાચર વસ્તુઓને એકઠી કરવી અને તેની સાથે ક્રીડા કરવી. વળી પાછી તેને વિખેરી નાખવી. શું પ્રભુની બાળલીલા એવી હશે? (કોણ જાણે) (૪)

હા નાથ હા કૃપાનાથ ગોપીનાથ દયાનિધે ।
વ્રજનાથ રમાનાથ નિજનાથ જગત્પતે ॥૫॥
ગોકુલાધીશ ગોપીશ વ્રજાધીશ વ્રજપ્રિય ।
વ્રજાનન્દ નિજાનન્દ ગોકુલાનન્દ ગોપ્રિય ॥૬॥

હા નાથ! હા કૃપાનાથ! હા ગોપીનાથ! હા દયાનિધે! હા વ્રજનાથ! હા રમાનાથ! હા નિજનાથ! હા જગત્પતે! હા ગોકુલાધીશ! હા ગોપીશ! હા વ્રજાધીશ! હા વ્રજપ્રિય! હા વ્રજાનંદ! હા નિજાનંદ! હા ગોકુલાનન્દ! હા ગોપ્રિય! (૫-૬)

હા કૃષ્ણ હા દયાસિંધો હા રાધાવર સુન્દર ।
દીનેષુ સતતં શ્રીમન્નિજાચાર્યાશ્રિતેષુ ચ ॥૭॥
દુષ્ટેષુ દોષપુષ્ટેષુ ભાગ્યમુષ્ટેષુ મત્પ્રભો ।
નિઃ સાધને દુર્મતિષુ દયાં કુરુ દયાં કુરુ ॥૮॥

હા કૃષ્ણ! હા દયાસિંધો! હા રાધાવર! હા સુંદર! શ્રીમદ્ આચાર્યચરણને આશ્રયે રહેલા એવા અમે દીન, દુષ્ટ, દોષથી પુષ્ટ, ભાગ્યહીન નિઃસાધન અને મતિહીન છીએ. હે પ્રભુ! અમારા ઉપર દયા કરો, દયા કરો. (૭-૮)

નિવર્ત્ય સર્વતશ્ચેતો નિરુદ્ધ્ય ચરિતે હરેઃ ।
હૃદિકૃત્ય કૃપાવશ્યં સ્થીયતાં સજ્જનૈઃ સહ ॥૯॥

ખરેખર, આપણે ચિત્તને સર્વ (લૌકિક)માંથી પાછું ખેંચી લઇ, તેનો પ્રભુના ચરિત્રમાં નિરોધ કરવો અને કૃપાવશ હરિને આપણા હૃદયમાં સ્થાપન કરી સદાસર્વદા સજ્જનો સાથે રહેવું જોઇએ. (૯)

અદૃષ્ટદુઃ ખિતમુખોઽનનુભૂતસુખેતરઃ ।
સ્વદુઃખિતાતિકરુણઃ સ કૃષ્ણઃ શરણં મમ ॥૧૦॥

શ્રી કૃષ્ણ ભક્તના મ્લાન મુખને જોઇ શકતા નથી. દુઃખ શું છે તેનો તેમને અનુભવ નથી; એટલુ જ નહિ, પણ પોતે દુઃખી ભક્ત ઉપર અતિશય કૃપા કરનાર છે, એવા શ્રીકૃષ્ણ એ જ મારુ શરણ છે. (૧૦)

અમન્દપરમાનન્દો નિજાનન્દાશ્રયસ્થિતઃ ।
સ્વરૂપાનન્દદાતા ચ સ કૃષ્ણઃ શરણં મમ ॥૧૧॥

અધિકાધિક આનંદ આપનારુ તે પરમાનંદ સ્વરૂપ છે. જેઓ તેના આનંદ-સ્વરૂપનો આશ્રય કરીને રહેલા છે તેના તે આશ્રયરૂપ છે. આવા શ્રીકૃષ્ણ એ જ મારું શરણ છે.

શિક્ષાપત્ર ૧૩મું

તેરમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે અગિયાર શ્લોકોમાં આ સમયની બાધકતા અને એમાંથી બચવાનો ઉપાય આપણને સમજાવ્યાં છે: 'કાલાત્ કરાલાત્ સંરક્ષા પ્રાર્થનાદિ ત્રયોદશે.'' અહીં, અગિયાર શ્લોક કેમ? કારણ કે આપણી ઈન્દ્રિયો અગિયાર છે. અને આ અગિયાર ઈન્દ્રિયો ચારે બાજુના વાતાવરણના પ્રભાવમાં ફસાયેલી છે. જે ઈન્દ્રિયો ભગવત્ સેવાસ્મરણમાં સન્મુખ રહેવી જોઈએ, તે આજુબાજુના ભયંકર વાતાવરણના પ્રભાવને લઈને પ્રભુથી વિમુખ બની છે, બહિર્મુખ થઈ છે. ઈન્દ્રિયો બહિર્મુખ થતાં આપણાં હૃદય, ચિત્ત, અંતઃકરણ અને બુદ્ધિ પણ બહિર્મુખ બને છે. એમાંથી બચવાના ઉપાયનો વિચાર શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં કરે છે.

આપણે શ્રીહરિરાયચરણને દૈન્ય ભાવે પ્રશ્ન કરીએ કે કૃપાનાથ, શ્રીસ્વામિનીજીએ જેવું જલ્પન કર્યું, એવું જલ્પન કરવાની આપ અમને આજ્ઞા કરો છો, પણ અમારા મનનું અને અમારી ઈન્દ્રિયોનું ઠેકાણું કયાં છે? અમારી બુદ્ધિ અમારા વશમાં કયાં છે? અમે એ બધું કેવી રીતે કરી શકીએ? માટે પહેલાં તો અમારી ઈન્દ્રિયો, અમારી બુદ્ધિ, અમારું મન, એ બધું જરા ઠેકાણે આવે તેવો કોઈક ઉપાય બતાવો. શ્રીહરિરાયચરણ અહીં એનો ઉપાય બતાવે છે.

આ શિક્ષાપત્રનો વિચાર કરીએ એટલે શ્રીઆચાર્યચરણોએ આસુરવ્યામોહ લીલા કરી ત્યારે કરેલી અંતિમ આજ્ઞાનું પણ સ્મરણ થઈ આવે છે. એ છેલ્લી આજ્ઞા કરીને આપણને ચેતવ્યા છે, કે તમે ભવિષ્યમાં જો કોઈ પણ પ્રકારે બહિર્મુખ થશો તો કાળ તમને ખાઈ જશે.

બહિર્મુખ થવું એટલે શું? એ વિચારવા જેવો પ્રશ્ન છે. બહિર્મુખ શબ્દને બરાવર સમજી લેજો. ઘણી વાર આપણે એને સમજયા વિના વાપરીએ છીએ. બહિર્મુખ થવું એટલે પ્રભુથી વિમુખ થવું. પ્રભુથી દૂર-દૂર ચાલ્યા જવું, પ્રભુથી પીઠ ફેરવી દેવી. સેવા, સ્મરણ સત્સંગ એ બધું છૂટી જવું. લૌકિક બાબતોમાં આસકિત વધતી જવી. જયારે આપણા દેહની અને ઈન્દ્રિયોની આવી પરિસ્થિતિ થાય, ત્યારે શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે આ કાળરૂપી પ્રવાહ એવો પ્રચંડ છે કે તમને એ પોતાની સાથે ખેંચી જશે. નદીમાં ઘોડાપૂર આવે અને એમાં જો આપણે પડીએ તો તણાઈ જઈએ, એમ આ સંસારના ઘોડાપૂરમાં આપણાં શરીર અને

ઇન્દ્રિયોને લઇને જો પડીએ, તો એમાં ડૂબીને કયાંયના કયાંય ખેંચાઇ જઇએ. આપણો પત્તો પણ લાગશે નહીં. માટે શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી, કે તમે સાવધાન બનીને, ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલું આ વૈષ્ણવી જીવન સ્વમાર્ગના સિદ્ધાંત પ્રમાણે સેવન કરતાં કરતાં જીવજો.

અહીં પણ શ્રીહરિરાયચરણ શ્રીમહાપ્રભુજીની એ જ આજ્ઞાને વધારે સ્પષ્ટ રીતે આપણને સમજાવે છે.

પહેલા ત્રણ શ્લોકમાં અત્યારના સમયની ભયંકરતાનું આપ નિરૂપણ કરે છેઃ કરાલ એટલે ભયંકર, કાલ એટલે સમય આવી પહોંચ્યો છે. આજથી ત્રણસો સાડા ત્રણસો વર્ષ પહેલાં શ્રીહરિરાયચરણે આ આજ્ઞા કરી છે. આજે શી સ્થિતિ છે એનો આપ વિચાર કરો. એ સમયમાં તો આજના જેવી ભયંકર સ્થિતિ નહોતી. ત્રણ શ્લોકમાં આપે એ સમયનું જે શબ્દચિત્ર આપ્યું છે, એ આજે પણ આપણને બરાબર લાગુ પડે છે.

આપણે માંદા પડીએ, અને સારવાર કરવી હોય, તો ડૉકટર પાસે જઇએ. ડૉકટર પહેલાં આપણને આપણો આખો ભૂતકાળ પૂછી આપણી સર્વ હકીકતો જાણી લે. એ જાણી લીધા પછી જુદા જુદા ડૉકટરો પાસે જુદા જુદા ટેસ્ટ કરાવડાવે. એના આધારે તે આપણું નિદાન કર્યા પછી આપણને દવા આપશે. દવા આપતાં પહેલાં દર્દીની પરિસ્થિતિ જાણી લેવી ખૂબ જરૂરી છે.

શ્રીહરિરાયચરણ પણ આપણા આધ્યાત્મિક દર્દની દવા આપતાં પહેલાં આપણી આજુબાજુની પરિસ્થિતિ બરાબર બતાવી રહ્યા છે આજના સમયનાં કેટલાક સુંદર લક્ષણો આપે બતાવ્યાં છેઃ આ કળિયુગ દોષના ભંડારરૂપ છે, એમ શ્રીભાગવતજી કહે છે અને એવા કળિયુગમાં જે ભક્તો, સજ્જનો, ભાવિકજનો છે; જેને હજુ કળિયુગનો સ્પર્શ થયો નથી, એની શુદ્ધ બુદ્ધિ પણ આ કળિયુગના સ્પર્શદોષથી વિકૃત બની ગઇ છે. આ પરિસ્થિતિનું વર્ણન શ્રીમહાપ્રભુજીએ 'કૃષ્ણાશ્રય'માં બહુ સુંદર રીતે કર્યું છેઃ

"અહંકારવિમૂઢેષુ, સત્સુ પાપાનુવર્તિષુ ।
લાભપૂજાર્થયત્નેષુ કૃષ્ણઃ એવ ગતિર્મમ ॥"

જે સજ્જનો હતા, જ્ઞાનીઓ હતા, ભક્તો હતા, પોતાને માટે શું કલ્યાણકારક છે અને શું નુકસાનકારક છે એને જાણનારા હતા, એ બધા અભિમાનમાં વિમૂઢ બની ગયા છે. દુષ્ટ માણસો પાપ આચરે એમાં નવાઇ નથી. આપણે કહીએ છીએ કે છોકરાં તોફાન નહીં કરે તો શું આપણે કરીશું? છોકરાં તો તોફાન કરે. આજે સ્થિતિ એવી આવી છે કે મોટાઓ તોફાન કરવા લાગ્યા છે. સજ્જનો, ભગવદ્ભક્તો પણ પાપના માર્ગે ચાલતા થયા છે. ક્યારેક આપણે ટીકા કરીએ છીએ કે કેવો ભક્ત હતો, કેવી

ભક્તિ અને સેવા કરતો હતો, પણ એનું આખું જીવન બદલાઇ ગયું! કેવુ વિચિત્ર! હવે કેટલું બધું ખરાબ રીતે જીવે છે!

હમણાં એક શહેરમાં જવાનું થયું. અધિક માસ હતો. શ્રીઠાકોરજીના મનોરથો થતા હતા. દર્શનનું ખૂબ મોડું થયું. સહજ રીતે પૂછયું કે દર્શનમાં આટલો બધો વિલંબ થવાનું કારણ શું? જવાબ મળ્યો કે અહીં સેવા કરવા માટે જે વૈષ્ણવો આવતા હતા, એ સજાવટ કરનાર કુશળ વૈષ્ણવોએ મહારાજશ્રીને એમ કહ્યું કે અમે કહીએ તે પ્રમાણે કરવાના હો તો અમે આવીએ, નહીંતર અમારે આવવું નથી અને આ બધું કરવું નથી!

શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે આપણે ચાલવાનું કે આપણી આજ્ઞા પ્રમાણે શ્રીવલ્લભે ચાલવાનું! માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે, કે આ બાબતોમાં ભક્તો પણ અપવાદરૂપ રહ્યા નથી. એવી પરિસ્થિતિ આવી છે, કે સર્વની બુદ્ધિ હરાઇ ગઇ છે, ભ્રષ્ટ થવા માંડી છે.

હમણાં એક વૈષ્ણવની વાત સાંભળી. કોઇના દોષ જોવા માટે આ વાત નથી કરતો; કારણ કે વૈષ્ણવના દોષ જોવા એના જેવો મોટો બીજો કોઇ અપરાધ નથી, પરંતુ એમાંથી આપણે શીખવાનું છે કે એના જેવી બુદ્ધિ આપણામાં ન આવે. શ્રીગિરિરાજજીનો કુનવારો થયો. વ્યવસ્થા એ વૈષ્ણવને સોંપેલી. શ્રીઠાકોરજી જે સામગ્રી આરોગ્યા, એમાંથી પેલા વૈષ્ણવને જે ઉત્તમ સામગ્રી ભાવતી હતી, એનું છાબડું છૂપી રીતે પોતાના મુકામે પહોંચતું કર્યા પછી બાકીની સામગ્રી જેમણે મનોરથ કરેલો, એમને ત્યાં પહોંચી. તાત્પર્ય એ છે કે આજે આપણી બુદ્ધિ હરાઇ ગઇ છે. આપણને સારું સૂઝતું નથી, એટલે ખોટું કરવાનું મન થાય છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે બુદ્ધિબગડી એનાં બે દેખીતાં દુષ્પરિણામ આવ્યાં: આપણા જીવનમાંથી સેવા ચાલી ગઇ, અને કથા ચાલી ગઇ. ન રહી સેવા કે ન રહ્યો સત્સંગ. સેવા અને સત્સંગ વિનાનાં આપણાં જીવન શૂન્ય બની ગયાં. પરાપૂર્વથી આપણા ઘરમાં બિરાજતા પ્રભુને, આપણા ગુરુદેવને ત્યાં ગ્વાલમંડળીમાં પધરાવવા માંડયા. મને યાદ છે કે એક સમયે અમારા પાટણમાં સાઇઠથી સિત્તરે જેટલા મરજાદી વૈષ્ણવો હતા. આજે વેઢા ગણવા માંડું તો બે જ ગણાય, અને ત્રીજો વેઢો ખાલી રહે, એટલા મરજાદી વૈષ્ણવ છે! કારણ કે આપણી બુદ્ધિ બગડતાં આપણે કહેવા લાગ્યાં: ‘સેવાની ખટપટ આપણાથી નહિ બને.’ સેવામાંથી આપણો ભાવ ચાલ્યો ગયો. કયાંક તો સેવા એ નછૂટકે કરવી પડે, એવી પ્રવૃત્તિ બની ગઇ. બહુ લૌકિક ભાષા વાપરું તો શ્રીહરિરાયપ્રભુ મને ક્ષમા કરે, સેવા આપણે માટે વેઠ જેવી બની ગઇ!

આમાં જો મોટામાં મોટું કોઇ કારણ હોય તો તે છે આપણી વણિકવૃત્તિ. ઓછી મહેનતે વધારે લાભ મેળવવા આપણે વિચાર કર્યો, કે ઘરમાં આટલો બધો સમય, આટલા બધા પૈસા અને આટલી બધી શક્તિ ખર્ચીને આ બધું કરવું એના કરતાં લાવો, ગામ વચ્ચે એક, મંદિર બનાવી દઇએ. રૂપિયા પ્રભુએ આપ્યા છે તે આપી દીધા, મંદિરમાં સવારમાં 'મંગલમુખી સદામુખી' એમ દર્શન કરી આવીશું, રૂપિયા આપ્યા કરીશું; કારણ કે આમેય ઇન્કમટેક્સમાં જાય છે, તો થોડાક ત્યાં આપીશું, એટલે ઇન્કમટેક્સના લફરામાંથીયે બચાશે. અને લોકો જાણશે કે શેઠ ખૂબ રૂપિયા આપે છે! આપણા નામની વાહ વાહ થશે. ઘેર મહાપ્રસાદ આવ્યા કરશે એટલે આનંદમંગલ થયા કરશે, અને કહેવાશે કે અમે સેવા કરીએ છીએ.

આમ, સેવાના નામે આપણે પાખંડ શરૂ કરી દીધો. આપણી સેવાની ભાવના ચાલી ગઇ. સેવામાંથી બદલો મેળવવાની વૃત્તિ દ્વારા આપણે વિનિમયનો વ્યાપાર શરૂ કરી દીધો. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ભક્તોની બુદ્ધિ બગડી એના સીધા પરિણામરૂપે આપણા ઘરમાંથી સેવા ચાલી ગઇ. શ્રીહરિરાયજીએ વાર્તા-સાહિત્યના 'ભાવપ્રકાશ'માં આજ્ઞા કરી છે કે જે ઘરમાં સેવા નથી એ ઘર સ્મશાન છે, અને વૈષ્ણવ સેવા નથી કરતો એ હંમેશનો સૂતકી છે; કારણ કે સૂતકમાં સેવા ન થાય.

સેવા ગઇ. પરિણામે કથા પણ આપણા જીવનમાંથી ગઇ. આજે ગામે ગામ જ્યાં પણ ભગવદ્વાર્તા થાય છે, ત્યાં એ ભગવદ્વાર્તાના સ્વરૂપનો અભ્યાસ કરવા જેવો છે. તમે કોઇ પણ ગામમાં જઇને પૂછો કે ભગવદ્વાર્તામાં કોણ આવે છે? હમણાં જ અગિયારસે એક ઠેકાણે હું ભગવદ્વાર્તામાં જઇ આવ્યો. ધોળા વાળ ન હોય એવું કોઇ પણ ભગવદ્વાર્તામાં નથી આવતું. જ્યાં હું ગયો ત્યાં સમજપૂર્વક આવનારા વૈષ્ણવો હતા, એટલે જાગતા હતા; પરંતુ નાનાં ગામોમાં તો જોયું છે, કે દીકરો અને દીકરાની વહુ કહે છે કે જાઓ રાત્રે ભગવદ્વાર્તા થાય છે ત્યાં. તેઓ આગ્રંહપૂર્વક મોકલે છે કે ડોસા-ડોસી જાય એટલે બે કલાક માટે કકળાટ ઓછો. અને પેલા લોકો પણ માને કે ચાલો, ત્યાં જઇશું તો જરા નિરાંત મળશે. બે ઘડી આંખ મીંચાશે અને હરિરસ મુખમાં આવશેઃ 'કથા સૂણી-સૂણી ફૂટયા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન!' કેટલું બધું આપણે સાંભળ્યું! તોય એમાંથી જીવનમાં શું ઊતર્યું? માટે હું તો જયાં જયાં જાઉં છું ત્યાં ત્યાં યુવાન ભાઇ-બહેનોને કહું છું કે તમે હવે સત્સંગ કરવાની શરૂઆત કરો. તમે સ્વાધ્યાય મંડળો બનાવો. રોજ ન બની શકે તો અઠવાડિયામાં એક કલાક ભેગા થાઓ, પરંતુ બરાબર સમજપૂર્વક શ્રીમહાપ્રભુજીના ગ્રંથોને વાંચો, સમજો અને વિચારો, પ્રશ્નોત્તરી કરો. નાનાં ગામોનાં યુવાન ભાઇ-બહેનોને ભગવદ્વાર્તામાં હવે રસ પ્રગટ થવા માંડયો છે.

જયાં સુધી આપણે આપણા જીવનમાં ભગવત્કથાને જીવનનું અનિવાર્ય અંગ નહિ બનાવીએ, ત્યાં સુધી શ્રીમહાપ્રભુજીના ભગવન્માર્ગે આપણે આગળ નહિ વધી શકીએ. કેમ કે જયાં સુધી સિદ્ધાંતને જાણીશું નહિ. એને ગળે ઉતારીશું નહિ; ત્યાં સુધી એ સિદ્ધાંતનો જીવનમાં અમલ કેવી રીતે થશે? માટે કેવળ એક જણ ભગવદ્‌વાર્તા કહે અને બાકીના લોકો સાંભળે એ પરિસ્થિતિ હવે બહુ લાંબી ચલાવવા જેવી નથી. માટે ભગવદ્‌વાર્તામાં રુચિ રાખો. સમજીને ગ્રંથોનો અભ્યાસ કરો. એનું સેવન કરો. આજુબાજુમાં બે-ચાર કુટુંબ રહેતાં હોય તો ભેગાં થઇને રોજ રાત્રે અનુકૂળ હોય ત્યારે અડધો કલાક ભગવદ્‌વાર્તા કરો, નિયમપૂર્વક કરો. જેમ મહાપ્રસાદ દેહનું પોષણ છે, તેમ ભગવદ્‌વાર્તા એ મનનો મહાપ્રસાદ છે, એ મનનું પોષણ છે. જેનું મન માંદલું અને અબુધ હશે, એનું શરીર ગમે તેટલું તંદુરસ્ત હશે તોય શા કામનું?

સેવા માટે ભગવદ્‌વાર્તા દ્વારા સિદ્ધાંતની જાણકારી મેળવવી ખૂબ જરૂરી છે. માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે આપણા મનમાંથી વિચારો જુદા માર્ગે વળી ગયા છે. જે મન અત્યાર સુધી પ્રભુના વિચારો કરતું હતું તે હવે મોજશોખના વિચારોમાં વળી ગયું છે. જે મન અત્યાર સુધી ભગવદર્શન માટે અધીરુ બનતું હતું, એ આજે એમ કહે છે કે આજે રવિવાર છે, તો ચાલો ટી.વી. ઉપર પિકચર જોઇએ. મનની આ સ્થિતિ થઇ ગઇ છે. મનમાંથી ભગવચ્ચિંતન ચાલ્યું ગયું, ભગવદ્ વિચારો ચાલ્યા ગયા. એટલે એની જગ્યા લૌકિક વિચારોએ લેવા માંડી. મન બદલાયું, પરિણામે શ્રીમહાપ્રભુજીનો આશ્રય છૂટી ગયો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ આપણે અન્યાશ્રય કરવા માંડયો. અન્યાશ્રયનો વિચાર ચૌદમા શિક્ષાપત્રમાં વિગતે કરીશું. પણ શ્રીમહાપ્રભુજીનો આશ્રય છૂટી ગયો.

આપણા વૈષ્ણવોનાં ઘરોનું સર્વેક્ષણ કરવા જેવું છે. ત્યાં બીજા અનેક સંતોના ફોટા દેખાશે, પણ કદાચ શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજી નહિ હોય! અનેક ઘરોમાં મેં આ જોયું છે. શ્રીમહાપ્રભુજીનો આશ્રય ગયો. મન ક્યારેક ગૂંચવાવા માંડયું, મારે આમ કરવું કે આમ કરવું? મારે ભગવત્સેવા કરવી કે પછી સમાજસેવા કરવી? મારે ભગવદ્‌વાર્તામાં જવું કે સિનેમામાં જવું? મારે લૌકિકમાં શોખ કરવા કે સર્વનો ત્યાગ કરવો? મારે શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરવો કે સર્વ દેવોનો સ્વીકાર કરવો? આને કારણે મન હમેશાં ઉદ્‌વેગમાં રહેવા માંડયું. આજે સૌને જો ખાનગીમાં પૂછવામાં આવે કે તમારે માત્ર તમારી એક જ મુશ્કેલી કહેવાની છે, તો દરેક જણ એમ જ કહેશે કે માથા ઉપર ટેન્શન ખૂબ છે. આપણે સ્ટ્રેસ (Stress) અને સ્ટ્રેઇન (Strain)ના જમાનામાં, સતત બોજા નીચે જીવીએ છીએ. મન હમેશાં ઉદ્‌વેગમાં હોય છે. પણ દંભ એટલો બધો કે મનમાં ઉદ્‌વેગ હોવા છતાંય મોં હસતું રાખીને દુનિયામાં ફરવું પડે. ન સમજી શકાય,

ન સહી શકાય, ન કોઇને કહી શકાય એવી વિચિત્ર પરિસ્થિતિમાં આજે આપણે જીવીએ છીએ. ત્યારે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ સ્થિતિમાં સત્સંગ બહુ દુર્લભ છે અને દુઃસંગ સુલભ છે; કારણ કે તમારે દુઃસંગ ન જોઇતો હોય તો પણ સામેથી તમને અથડાઇને આવે છે. આપણી આજુબાજુ, ચારેય બાજુ દુઃસંગ છે.

આ પરિસ્થિતિનું ત્રણ શ્લોકમાં નિરૂપણ કરીને હવે એનો ઇલાજ શ્રીહરિરાયચરણ બતાવે છે. જે આપણા સૌના માટે છે. આપણે સહુને આ ઇલાજની ખૂબ જરૂર છે. આજના સમયમાં આપણે શરીરની જેટલી ફિકર કરીએ છીએ એટલી મનની દરકાર રાખતાં નથી બહારની શુદ્ધિનો જેટલો વિચાર કરીએ છીએ એટલો મનની શુદ્ધિનો વિચાર નથી કરતાં. પરિણામે, આપણે દુઃખી થઇએ છીએ. શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, કે આ બધું બને છે એનું કારણ છે આપણી લૌકિક આસકિત. શ્રીમહાપ્રભુજીએ 'તત્ત્વાર્થદીપનિબંધ'માં આ લૌકિક આસકિતની વાત બહુ સુંદર રીતે કરી છે. શ્રીમહાપ્રભુજી આપણા માટે કુશળ વૈદ્ય છે. આપણી નાડ એમણે બરાબર સમજી લીધી છે, તેથી નિદાન કર્યું, કે આપણે કેવા છીએઃ 'જિહ્વોપસ્થપરાયણાઃ'

માણસ બે ઇન્દ્રિયોનો ગુલામ બન્યો છેઃ એક જીભ અને બીજી ઉપસ્થ એટલે જનનેદ્રિય. જેમ જેમ આપણી જીભનો સ્વાદ વધતો ગયો તેમ તેમ જીભના પોષણ માટે વિવેક અને વિચારને ભૂલી ગમે તે પદાર્થોને પેટમાં પધરાવતા જ ગયા. ઘણી વાર વિચાર આવે છે કે આપણું તો પેટ છે કે પટારો? કેટલાક માણસોને સતત ખાતા જોઇએ, ત્યારે એમ થાય કે પ્રભુએ આને કેટલી ભૂખ આપી છે! પણ આપણે ભૂખને સંતોષવા નહિ, જીભના સ્વાદને પોષવા માટે, વિવેક અને વિચાર ગુમાવીને ખાવાની શરૂઆત કરી. હોટેલમાં ખાવા માંડયું, એ ઓછું હતું, એટલે રસ્તા વચ્ચે ઊભા-ઊભા પશુની જેમ ખાવાની શરૂઆત કરી. આપણામાં અને પશુમાં ખોરાકની બાબતમાં ભેદ કયાં રહ્યો? તમે ભૂંડ જોયું હશે. એ ચાલતું જાય, સૂંઘતું જાય અને જયાં જે જુએ તે તરત જ મોંમાં લઇ લે. આપણે પણ ચાલતા જઇએ છીએ, નસકોરાથી સૂંઘતા જઇએ છીએ, અને સહેજ સારી સુગંધ આવી કે ફટ કરતાં મોંમાં મૂકી દઇએ છીએ. આપણી જીભ ઉપરથી એવો કાબૂ ગુમાવ્યો છે કે બહારનું ખાનારા વૈષ્ણવો પણ વ્રજમાં જાય, ત્યારે એમ કહે કે અહીં તો ખવાય! એટલે અત્યાર સુધી કાબૂમાં રાખેલી જીભને ત્યાં છૂટો દોર આપે!

જીભના સ્વાદને લીધે આપણા જીવનમાં પ્રમાદ આવ્યો, આળસ આવી. જે ખોરાક આપણા શરીરના રોમરોમમાં પ્રસરી ગયો, એણે વાસનાને એવી બહેકાવી મૂકી કે જીવનમાં પ્રમોદ આવ્યો. પ્રમાદ અને પ્રમોદઃ આળસ, મોજશોખ, વિષયવાસના વધ્યાં.

આપણી ઈન્દ્રિયો આપણા કાબૂમાં રહી નહીં. ખાધું જીભે, પણ આંખોમાં વિષયવાસનાનાં સાપોલિયાં સળવળવા માંડયાં. કાનને સિનેમાનાં હલકાં, બીભત્સ ગીતોમાં આનંદ આવવા લાગ્યો. આપણા હાથપગને ડીસ્કો ડાન્સનો ચસકો પડવા માંડયો. આ બધો અન્નનો પ્રભાવ છે. પરિણામે આપણું જીવન 'સેકસ સેન્ટર્ડ'-વિષય કેન્દ્રિત બન્યું શ્રીમહાપ્રભુજીએ સેક્સ સેન્ટર્ડ જીવન માટે શબ્દપ્રયોગ કર્યો: 'ઉપસ્થ-પરાયણ:' આપણું જીવન વાસનાથી અભિભૂત બની વિષયવાસનાને પોષક બન્યું. જીવનમાં બે જ બાબતોનું ભાન રહ્યું: ખાવું અને વિષયવાસના સંતોષવી. યમ, નિયમ, સંયમ, નિગ્રહ એ બધું ગયું. રહી ગયો વાણી અને વર્તનનો વિલાસ. પરિણામે, જીભ પણ ગમે તેવો બકવાસ કરવા માંડી.

હમણાં અમારે ત્યાં કેરાલાના એક યુવાન ડી.એસ.પી. આવેલા. ઈતિહાસના પ્રોફેસર રહીને આઇપીએસ. થઇને એ ડી.એસ.પી. થયેલા. એ જયાં જાય ત્યાં પોતાની સાથે એમની ગાડીમાં એક સ્ટવ લેતા જાય, વાસણ લઇ જાય, ચોખા લઇ જાય અને પોતાની જાતે રસોઇ બનાવીને જમે. એમની સાથે થોડોક પરિચય થયો ત્યારે મેં એમને પૂછયું: 'કુમાર સાહેબ, તમે જાતે કેમ રસોઇ બનાવો છો? તમારી સાથે નોકર તો હોય છે.' તેઓ કહે, 'હું એટલા માટે જાતે રસોઇ બનાવું છું કે જે માણસ રસોઇ બનાવે છે એ માણસના વિચારો પણ અન્ન દ્વારા મારા મગજમાં આવવાના. મારી પત્ની છે પણ એ દૂર છે. પરિણામે, હું ગમે તેના હાથની રસોઇ ખાઉં તો આ પોલીસ ખાતામાં રહીને હું વધારે પશુ જેવો બની જાઉં. મારે માણસ રહેવું છે. મારે મારી જિંદગીનો ઉત્કર્ષ કરવો છે, એથી મેં આગ્રહ રાખ્યો છે કે મારું પીવાનું પાણી મારે જાતે ભરવું, રસોઇ જાતે બનાવવી, અને જાતે લેવી." કહો, મરજાદીથી આ કંઇ જુદું છે? આ વિજ્ઞાનનો નિયમ છે. તમે જેનું અન્ન જમશો; એના વિચારો, એની ભાવના, એની બુદ્ધિ, એની વૃત્તિ, એની લાગણીઓ એ અન્ન દ્વારા તમારામાં આવશે, આવશે ને આવશે. માટે શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરી: 'અસમર્પિત વસ્તુનાં તસ્માદ્ વર્જનમાચરેત્"

પ્રભુએ અગિયાર ઘોડા જોડેલો એક સુંદર મજાનો દેહરૂપી રથ આપણને આપ્યો છે. રથને બરાબર રાખવા, ઘોડાઓરૂપી ઈન્દ્રિયો આપણા કાબૂમાં રહેવી જોઇએ. આપણે આંખને કહીએ કે આ વસ્તુ જો, તો આંખે જોવી જોઇએ. આપણે કાનને કહીએ કે આ શબ્દ નથી સાંભળવાનો, તો કાને ન સાંભળવો જોઇએ. પણ બને છે એવું કે આંખ કહે છે તે જોઇએ છીએ. કાન કહે છે તે સાંભળીએ છીએ. હાથ કહે છે એમ કરીએ છીએ. આપણે ઈન્દ્રિયોના ગુલામ બની ગયા છીએ. અહીં ઘણા શ્રેષ્ઠીઓ બેઠા છે. ઘણા વેપારીઓ બેઠા છે, એમના હાથ નીચે ઘણા નોકરો કામ કરે છે. એ સૌને પૂછો, કે તમે

નોકરના હાથ નીચે આવી જાઓ, અને નોકર તમારો શેઠ બને તો તમારી શી દશા થાય?- ધંધો બધો ચોપટ થઇ જાય! નોકર શેઠ બને એટલે મામલો પૂરો. આપણું શરીર, આપણો આત્મા એ ગુલામ બની ગયો છે. આપણા ઇશારે ચાલતી ઇન્દ્રિયો શેઠ બની ગઇ છે એ સર્વનો ઇલાજ શ્રીમહાપ્રભુજી આપણને બતાવે છેઃ તમારી ઇન્દ્રિયોને બરાબર કાબૂમાં રાખો. ઇન્દ્રિયોને કાબૂમાં રાખવા માટેનો રસ્તો બતાવ્યો, ભગવત્સેવાનો. તમે તમારી જાતે રસોઇ બનાવો છે. જાતે પ્રભુને ભોગ ધરો છો. શુદ્ધ અને ઉત્તમ રીતે બનેલી એ સામગ્રી પ્રભુ આરોગે છે અને પ્રભુનું અધરામૃત તમે લ્યો છો. પરિણામે, તમારી જીભ ઉપર અને તમારા વિચારોમાં સંયમ આવે છે. ભાવનાઓમાં ઉત્તમતા આવે છે, હૃદય અને પંચપ્રાણમાં પવિત્રતા આવે છે.

તમે કહેશો કે અમારાથી સેવા, સખડીભોગ ધરવાનું એકદમ ન બને તો? તો અસમર્પિત ન છૂટયું હોય ત્યાં સુધી એક બાબતની શરૂઆત જરૂર કરી શકાય. બહારનું ન ખાવું પડે તો ન જ ખાશો, જો ન છૂટકે ખાવું પડે તો ખીસામાં ચરણામૃતની એક નાની ડબ્બી રાખો. જયાં તમારે પીવું પડે, ચા પીવી પડે, ખાવું પડે, ત્યાં ડબ્બીમાંથી એમાં ચરણામૃત પધરાવીને તમે લ્યો. કદાચ તમને કોઇ પૂછે કે તમે આ શું નાંખ્યું, તો કહેજો કે એ અમારી દવા છે. ડાયાબીટીસ પેશન્ટ આવું કરે, સેકરીનની ગોળી નાંખે. આટલું જો આપણે કરી શકીએ તોય આપણે પ્રભુને ધરીને નહિ, તો પણ અસમર્પિતમાંથી તો જરૂર છૂટી શકીશું.

માતાઓ અને બહેનોને હું વિનંતી કરું કે આપણા ઘરની અંદર તો તેઓ જરૂર આમ કરી શકે, કારણ કે હજુ આપણી સ્થિતિ નથી આવી કે સંડાસ જઇ આવીને રસોઇ બનાવીએ. સૌરાષ્ટ્રના એક નાનકડા ગામડામાં જવાનું થયેલું. વૈષ્ણવોની સાથે રાત્રે સત્સંગ કરતાં બેઠેલો. સહજ પ્રશ્ન પૂછયો કે તમે રોજ સ્નાન કરો છો? ત્યારે એક માજીએ કહ્યું કે, અમે વાએ નાહીએ એમની ભાષા સાંભળી મને એમ લાગ્યું કે અહીં કોઇ વાવ હશે ત્યાં જઇને નહાતાં હશે. પણ ત્યાં તો એક વડીલે ખુલાસો કર્યો કે ખેતરમાં જઇએ અને મજૂરી કરીએ ત્યારે જે પવન આવે એનાથી નહવાઇ ગયું. રોજ નહાવાનો પ્રસંગ કયાંથી આવે, ભૈશા'બ? અમે તો ચરણામૃત લઇ લઇએ એટલે શુદ્ધ. એમની ભાવના હતી કે ચરણામૃત લઇએ એટલે શુદ્ધ. પણ આપણે ત્યાં તો એવીયે સ્થિતિ નથી. તમે શુદ્ધ રીતે જે રસોઇ બનાવો, એ રસોઇમાં કમસે કમ ચરણામૃત પધરાવો, મિસરી પ્રસાદ પધરાવો, અને પ્રસાદી ઘરનાં સૌને લેવડાવો. આપણા ઘરમાંથી સૌ અસમર્પિત લેતાં બંધ થાય, એવું કરવું એ આપણા હાથની વાત છે. એમ કરતાં કરતાં હૃદયમાં તાપ રાખો, કે પ્રભુ કયારે અમારા હાથથી સાક્ષાત્ સખડી આરોગે!

એક સત્ય ઘટના કહું. મુંબઇમાં એક વૈષ્ણવ બહેન છે. મરજાદી કુટુંબની દીકરી છે. પ્રભુની શી ઇચ્છા હશે! કોલેજમાં ભણતાં ભણતાં એક મુસલમાન યુવાન સાથે લગ્ન કર્યું. મુસલમાન પતિના ઘરે રહેવા ગઇ. ઘરમાં પતિ-પત્ની બે જ છે. પિતાના બાળપણના સંસ્કારો છે. રોજ ભોગ ધરેલું લેવાની ટેવ છે. મનમાં બહુ ખેદ થયો. એ પરિસ્થિતિમાં બીજું તો કાંઇ બને એવું નહોતું. એટલે બજારમાં જઇને શ્રીનાથજીનાં એક ચિત્રજી લઇ આવી. એના રસોડામાં એક ગોખલામાં પધરાવી દીધાં. પતિને કહ્યું કે તમારે રસોડામાં નહિ આવવાનું. બહાર ડાઇનિંગ ટેબલ ઉપર જમવા આપું ત્યાં જમવાનું. પતિ સંમત થયા. એ રસોઇ બનાવતી જાય છે અને આંખમાંથી આંસુ પડતાં જાય છે. શ્રીજીબાવાને વિનંતી કરતી જાય કે કૃપાનાથ! આ ઘરમાં આરોગાવવાની વિનંતી કરવાનો અધિકાર તો મેં ગુમાવી દીધો છે, પણ આ જે કંઇ બન્યું છે એની ઉપર આપની કૃપા દૃષ્ટિ કરો. એમ વિનંતી કરીને એના પતિને પીરસે છે અને પછી પોતે લે છે. જો એક મુસલમાન ઘરમાં એક વૈષ્ણવ દીકરી પોતાનું જીવન આ રીત નભાવી શકતી હોય, તો વૈષ્ણવ ઘરમાં આપણે આપણું જીવન ન નભાવી શકીએ?

એનાથી તમે જોશો કે આપણા જીભના સ્વાદ ઉપર ભારે સંયમ આવશે. એના પરિણામે, અસમર્પિત છૂટશે. મનના વિચારો બહુ શુદ્ધ અને ભગવત્પરાયણ બનશે.

શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે તમારાથી કદાચ સેવા અને કથા બને નહિ, પ્રયત્ન કરવા છતાંય ન બને, તો હે વૈષ્ણવો! તમે બીજું કશું ન કરતાં સતત અષ્ટાક્ષર મહામંત્રનો જપ કરજો. જુઓ, આ વિકલ્પ છે. સેવા-કથા કરતાં હોય, એમણે એ છોડીને અષ્ટાક્ષર મંત્રનો જપ નથી કરવાનો. શ્રીહરિરાયચરણ જાણે છે કે આપણે જીવો તો એવા છીએ કે થોડો સમય અષ્ટાક્ષર મંત્ર લઇએ તોય થાકી જઇએ. એ સતત નહિ લઇ શકીએ. માટે આપે આજ્ઞા કરી કે તમારાથી બીજું કશુંય ન બને, તો તમારા લૌકિકના સુખ અને દુઃખના વિચારોને તમે છોડી દેજો, અને કેવળ શ્રીમહાપ્રભુજીનો આશ્રય કરીને રહેજો. એટલું વિચાર્યા કરજો કે શ્રીમહાપ્રભુજી મારા માથા ઉપર બિરાજયા છે, એ મને જેમ રાખે એમ મારે રહેવાનું છે. જેમ ઘરમાં એક બાળક હોય, એ પોતે કોઇ જવાબદારીનો વિચાર નથી કરતું. એ વિચારે છે કે મારાં માબાપ જેમ કહે અને જેમ કરે તેમ બરાબર છે. એમ, શ્રીમહાપ્રભુજીમાં પણ પૂરો વિશ્વાસ રાખજો. શ્રીમહાપ્રભુજી જે કંઇ કરશે એ સારું જ કરશેઃ 'પ્રભુ જો કરે સો ભલી કરે.'

બસો બાવન વૈષ્ણવની વાર્તામાં એક વાર્તા છે. એક દીવાનજી હતા. રાજાને ત્યાં દીવાનપદું કરે. પરમ વૈષ્ણવ. એમને દૃઢ શ્રદ્ધા કે 'પ્રભુ જો કરે સો ભલી કરે.' સતત આ વાક્ય બોલ્યા કરે. એ વૃદ્ધ રાજા હરિશરણ થતી વખતે યુવાન દીકરાને કહી ગયો કે

'બેટા! આ દીવાનજીની આજ્ઞામાં રહેજે.' નવો રાજા દીવાનજીની આજ્ઞામાં રહે છે. નવા રાજાનું લગ્ન થયું. ઘરે કુંવર રમવા લાગ્યો. કુંવર મોટો થયો. એક વખત રાજાના ખોળામાં બેઠેલા કુંવરે જીદ પકડી, શેરડી ખાવી છે. શેરડી મંગાવી. કુંવર કહે છે છોલી આપો. રાજાએ નોકરને કહ્યું કે શેરડી છોલી આપ, કુંવર કહે છે ના, તમે છોલી આપો, નોકર ન છોલે. બાળહઠ છે. રાજાને તલવાર ચલાવતાં નથી આવડતી. છતાંય એ શેરડી છોલવા ગયો તો એનો અંગૂઠો કપાઇ ગયો. વાત આખા ગામમાં પહોંચી કે રાજાનો અંગૂઠો કપાયો. સૌ રાજાને આશ્વાસન આપવા સારું આવ્યાં, બહુ ખોટું થયું રોજની જેમ સેવા પહોંચીને દીવાનજી પણ બપોરે આવ્યા. રાજાએ કહ્યું, 'દીવાનજી! આજે આ અંગૂઠો કપાઇ ગયો.' દીવાનજી કહે, પ્રભુ જો કરે સો ભલી કરે. પેલાને મનમાં દુઃખ થયું. બધા કહે છે કે ખોટું થયું અને આ કહે છે કે સારું થયું અંગૂઠો કપાયો. એમાં શું સારું થયું? પણ બોલી ન શક્યો, આમન્યા હતી. થોડો સમય ગયો. રાજાની રાણી મૃત્યુ પામી. ગામ ખરખરો કરવા આવ્યું. દીવાનજી પણ આવ્યા. સૌએ કહ્યું કે બહુ ખોટું થયું. દીવાનજીએ કહ્યું, પ્રભુ જો કરે સો ભલી કરે. રાજાને તો ભારે ખોટું લાગ્યું કે આ દીવાન મારો દુશ્મન લાગે છે. રાજાને એના કેટલાક માણસોએ ઉશ્કેર્યા કે આ દીવાનને સાફ કરી નાખો, આવો દીવાન ન જોઇએ. અંધારામાં આ દીવાન રોજ અમુક વાવે સ્નાન કરવા જાય છે રાતમાં મારાઓ ગોઠવી દો અને દીવાનજીને પૂરા કરી દો. રાતમાં મારા ગોઠવી દીધા. રોજના ક્રમ પ્રમાણે દીવાનજી વહેલી સવારે ઊઠીને સ્નાન કરવા ઊપડ્યા. થોડાંક ડગલાં ચાલ્યા અને અંધારામાં એક ખાડામાં પગ આવ્યો. પગ મચકોડાઇ ગયો. સખત ઇજા થઇ ચાલી ન શક્યા, બેસી ગયા, થોડી વાર પછી વિચાર કર્યો કે એ વાવે સ્નાન કરવા તો નહીં જવાય. ઘરની બાજુમાં બીજી એક નાની વાવડી છે, લાવ ત્યાં સ્નાન કરી લઉં. શ્રીઠાકોરજીની સેવામાં વિલંબ થાય છે. એટલે બાજુની વાવડીમાં સ્નાન કરીને, ઘરે આવીને સેવામાં લાગ્યા. પેલા મારાઓ તો રાહ જોઇને બેસી રહ્યા, પણ દીવાનજી આવ્યા નહિ. રાજાને ખબર પડી કે દીવાનજીનો પગ મચકોડાયો છે એટલે એ દીવાનજીની ખબર કરવા ઘરે આવ્યાં. કહે, દીવાનજી, બહુ ખોટું થયું. દીવાનજી કહે છે, 'રાજા, શું કરવા ચિંતા કરો છો? પ્રભુ જો કરે સો ભલી કરે.' રાજાને યાદ આવ્યું કે ખરેખર પ્રભુએ એની ભલી કરી. જો પગ ન મચકોડાયો હોત તો દીવાનજીનો જાન ગયો હોત.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીમાં તમે દૃઢ વિશ્વાસ રાખજો. શ્રીમહાપ્રભુજી તમારું સર્વ કલ્યાણ કરશે. શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે આવા સમયમાં જો આપણું મન ભગવત્સ્મરણમાં ચોંટયું રહે. તો આ સમય આપણને જરા

પણ નુકસાન કરી શકતો નથી. માટે આપે ગાયું, 'કાહે કો મન ભટકત ડોલત, જો ચાહે ફલ ચારિ' જો તું ઉત્તમમાં ઉત્તમ ફળ ઇચ્છતો હોય, તો હે મન! તું કયાંય ભટકીશ નહીં, ડોલીશ નહીં. કેવળ મહાપ્રભુજીનો આશ્રય રાખ. 'કાહે કો દેહ દમત સાધન કરિ મૂરખ જન. વિદ્યમાન આનંદ ત્યજ ચલત ક્યોં અપાથે?' શું કરવા તું આ સાધનો કરવામાં તારી શક્તિઓ ખર્ચી નાખે છે? વિદ્યમાન આનંદ-પરમાનંદ-સ્વરૂપ પ્રભુ તારા માથે બિરાજે છે. શ્રીમહાપ્રભુજીનું છત્ર તારા માથે છે. તું એમને છોડીને બીજે શું કરવા જાય છે?

આપણે શ્રીહરિરાયચરણને પ્રશ્ન કરીએ કે પ્રભુએ આવી વિચિત્ર પરિસ્થિતિ, આવો વિપરીત દુઃખદ સમય શા માટે આપ્યો હશે! શા માટે ભક્તોની બુદ્ધિને આવી રીતે ભ્રમિત કરી હશે? શ્રીહરિરાયજી એનું કારણ આપે છે કે આપણા પ્રભુ બાળક સ્વરૂપ છે. એક નાનું બાળક હોય, એને તમે રમકડાં આપો તો એને રમવાં હોય ત્યાં સુધી રમે, એને મોજ આવે ત્યાં સુધી રમે અને પછી ફેંકી દે. એ વિચાર નથી કરતું કે આ કીંમતી રમકડું છે, એને ફેંકી દઇશ તો તૂટી જશે. એવી રીતે આ જગતમાં જે કંઇ બની રહ્યું છે, એ શ્રી બાલકૃષ્ણલાલજીની બાલક્રીડા છે. પ્રભુને એમાં આનંદ આવે છે. કેટલીક વાર નાના બાળકને તમે ધ્યાનથી જોજો. મોટાઓને ચીડવવામાં, પરેશાન કરવામાં તેને આનંદ આવતો હોય છે. એ નાનું બાળક એની મમ્મીને થકવી નાંખે છે અને પછી રાજી થઇને તાળીઓ પાડે છે. ક્યારેક એના પપ્પાની વસ્તુ સંતાડી દે અને એમને મૂંઝવે. પપ્પા પરેશાન થાય એટલે હસવા માંડે. બાળકોનો આ સ્વભાવ છે. એમ પ્રભુ પણ આ જગતમાં બાલક્રીડા કરી રહ્યા છે. પરિણામે, આ જગતમાં જે કંઇ પરિસ્થિતિ જણાય છે, એ બાલક્રીડાની જ પરિસ્થિતિ છે. માટે એમાંથી પોતાના ભકતોને બચાવી શકે તો એ પ્રભુ જ બચાવી શકે છે. બીજું કોઇ બચાવી શકતું નથી. માટે શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે આપણને બચાવવાનું સામર્થ્ય કેવળ પ્રભુમાં હોવાથી આપણે દીનતાપૂર્વક પ્રભુને વિનંતી કરવી જોઇએ કે આપ કૃપા કરી અમને બચાવો. હે કૃષ્ણ! આપ જ મારી ગતિ છો, આપ જ મારું શરણ છો. માટે જીવે વિનંતી કરી, કે આપ કેવા છો? તો 'સર્વસામર્થ્યસહિતઃ સર્વત્રૈવાખિલાર્થકૃત્, શરણસ્થસમુદ્ધારં કૃષ્ણં વિજ્ઞાપયામ્યહમ્। હું તમને વિનંતી કરું છું કે આપ મને બચાવો. શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં હવે વીસ નામથી આ કરાલ કલિકાળમાં આપણને બચાવવા માટે પ્રભુને વિનંતી કરે છે કે અમારા ઉપર દયા કરો. અમે દીન છીએ, અમે દુષ્ટ છીએ, અમે દોષથી પોષાયેલા છીએ, અમે અમારા ભાગ્યનું આ પરિણામ ભોગવી રહ્યા છીએ, અમે નિસ્સાધન છીએ, પણ હજુ આપનાં ચરણારવિંદમાં અમારી મતિ છે માટે આપ અમારા ઉપર દયા કરો.

જીવ કેમ દુષ્ટ છે? જીવ ભગવદઅંશ હોવાથી, પ્રભુથી જયારે વિખૂટો પડયો. અને પ્રભુના તાપકલેશના આનંદને ભૂલી ગયો, પોતાના સ્વરૂપને ભૂલી ગયો, તેથી જીવ દુષ્ટ બન્યો. સૂરદાસજીએ તો ઘણું ગાયું: 'હૌં પતિતન કો ટીકો,' 'હૌં પતિતન કો સ્વામી.' સૂરદાસજીએ પોતાની જાતને પતિતોનો ટીકો કહ્યો, પતિતોનો નાયક કહ્યો. પતિતોના સ્વામી કહ્યા. આપણે આપણી જાતનો વિચાર કરીએ ત્યારે હમેશાં દોષદર્શન કરવાં. પરંતુ બને છે એવું કે આપણે આપણા દોષ નથી જોતા. આપણા દોષ નથી દેખાતા એટલે એમ લાગે છે કે પ્રભુએ મારી જોડે અન્યાય કર્યો છે. કયારેક અજ્ઞાનવશ, અભાનવશ આપણે આપણી જાતને પણ પરમ ભગવદીય માનવા લાગીએ છીએ. બીજાઓને પરમ ભગવદીય સ્વરૂપે જોઇએ, એમાં તો વિનમ્રતા છે; પરંતુ આપણી જાતને પરમ ભગવદીય તરીકે માનતા હોઇએ એનું કારણ એ છે કે આપણે જીવ છીએ, દોષવાન છીએ.

હમણાં એક વૈષ્ણવનો પત્ર આવેલો. અભાન સ્થિતિમાં એમણે લખેલું કે પરમ ભગવદીય ફલાણાના જયશ્રીકૃષ્ણ વાંચશો. મેં કહ્યું, ભલે, આપના જયશ્રીકૃષ્ણ. અભિમાન કે અજ્ઞાનવશ આવું બને છે. આપણે દુષ્ટ હોવાના કારણે, આપણા જીવનમાં પણ એ બધી દુષ્ટતાઓ આવે છે. સૂરદાસજી કહે છે એમ કામ-ક્રોધનો ચોળણો પહેરીને આપણે નાચતા હોઇએ છીએ. સેવામાં હોઇએ છીએ ત્યારે પણ આપણું મન, કોઇના ઉપર ગુસ્સે થાય છે. આવું કેમ બને છે? જીવ દુષ્ટ છે માટે. એકલો દુષ્ટ હોય તો તો એ સુધરે, પણ શ્રીહરિરાયચરણ આગળ વધીને આજ્ઞા કરે છે, કે એના ઉપર દુષ્ટતાના એટલા બધા થર વધી ગયા કે એનું મૂળ સ્વરૂપ જ દેખાતું નથી. જડભરત જેવો આ જીવ બની ગયો છે. એ હવે આ દોષમાંથી બહાર નીકળવાની શક્તિ ગુમાવી બેઠો છે, અને એના પરિણામે આપણે રઘવાયા બનીને ફાંફાં મારીએ છીએ. પ્રભુને મેળવવા છે, પરંતુ આપણી અશક્તિ છે. અહીંથી પકડું, આમથી પકડું; અને પછી કશાથી નથી પકડાતા એટલે લાચાર થઇને આપણે એક એવા વિચિત્ર માર્ગે ચાલ્યા જઇએ છીએ કે ક્યારેક કયાં જઇએ છીએ એનીયે ખબર નથી પડતી. આમ, મનની સ્થિતિ બહુ વિચિત્ર બની જતી હોય છે.

જીવનું એક ત્રીજું લક્ષણ બતાવ્યું: 'આપણા ભાગ્યમાં આવું લખાવીને આવ્યાં છીએ. કારણ, પૂર્વજન્મના આપણા જે કંઇ અપરાધો હશે, એ આ જન્મમાં આપણે ભોગવવાના છે જ. આપણે દુર્ભાગી છીએ.'' આવું આપણે સતત માનતાં રહીએ છીએ.

શ્રીમહાપ્રભુજીના સમયમાં તો આપશ્રી એક જ સ્વરૂપે બિરાજતા હતા. એમના સેવકોને જિંદગીમાં એકાદ વાર દર્શન થયાં, એ થયાં, આજે તો શ્રીમહાપ્રભુજી

શ્રીવલ્લભકુળનાં અનેક સ્વરૂપે ભૂતળ ઉપર બિરાજે છે. આ સૌ નિધિસ્વરૂપો આપણને સૌને દર્શન અને સેવાનું સુખ આપવા બિરાજે છે. આજે જેટલા ગ્રંથો ભૂતળ ઉપર બિરાજે છે, એટલા ગ્રંથો ભૂતકાળમાં ક્યારેય બિરાજતા નહોતા. આટલી સરળ ગુજરાતી ભાષામાં શ્રીમદ્ સુબોધિનીજી ક્યારેય બિરાજતાં નહોતાં. આપણાં સત્સંગનું અને ભાવનું આટલું પોષણ થાય, એવાં આયોજનો ભૂતકાળમાં ક્યારેય થતાં નહોતાં. ભગવદીયોનો આટલો સત્સંગ, પુસ્તકોનો આટલો સત્સંગ, વલ્લભકુળની આટલી કૃપા અને દર્શન. આટલાં બધાં નિધિસ્વરૂપો આપણા માથે બિરાજે, એવી અસીમ અદ્ભુત આનંદની પરિસ્થિતિમાં આજે આપણે જીવીએ છીએ; અને છતાંય આપણા મનમાં કોણ જાણે કેમ શ્રીમહાપ્રભુજી પ્રત્યે દૃઢ આશ્રય નથી! સેવા માટેની રુચિ નથી! સત્સંગનો આગ્રહ નથી! અરે, કદાચ ગળામાં તુલસીની કંઠી પણ નથી. આપણને તુલસીની કંઠી ધારણ કરતાં શરમ આવે છે.

ગયા વર્ષે મારી કોલેજમાં એક વૈષ્ણવ દીકરી આવેલી. સૌરાષ્ટ્રની હતી. એકાદ અઠવાડિયું જોયા પછી એક દિવસ મેં એને કહ્યું, ‘બહેન, તારી ગળાની કંઠી તૂટી ગઇ લાગે છે. તેનો છેડો તારી સોનાની ચેઇનમાં ગૂંચવાયેલો લાગે છે.’ એ કહે, ‘ના સર, મેં તોડીને એટલો છેડો એમાં બાંધ્યો જ છે.’ ‘કેમ એમ?’ એટલે કહે, ‘આ સોનાની કંઠી સાથે તુલસીની કંઠી નથી શોભતી.’ મેં કહ્યું, ‘બહેન, તુલસીની કંઠી શોભા માટે પહેરે છે? આવું તને કોણે શીખવાડ્યું? તારાં બા ઘરે સેવા કરે છે?’ કહે, ‘સર, તમારે આ બધું જાણીને શું કામ છે? અમારા હવેલીવાળા સાથે તમારે શી નિસ્બત?’ મેં કહ્યું, નિસ્બત એટલા માટે છે કે હું પણ તારા જેવો હવેલીવાળો છું. મારા ગળામાંથી એક કંઠી કાઢીને મેં એને આપી. લે, આ કંઠી અહીં પહેરી લે, અને આ વર્ષે જો આ કંઠી આખું વર્ષ તારા ગળામાં નહિ હોય, તો પરીક્ષામાં તને નાપાસ કરીશ. બાર મહિના તેણે પહેરી, પછી શું કર્યું હશે તેની ખબર નથી. આમ, આપણા ઘરમાં જુવાન દીકરી દીકરાઓના ગળામાં કંઠી છે ખરી? તિલકની વાત તો પછી કરીશું. કેમ આ પરિસ્થિતિ આવી? આ માટે કોને રડીશું?

રડીશું આપણા ભાગ્યને, કે આટલું આટલું હોવા છતાં આપણે એટલા કમભાગી છીએ, કે એને માણી નથી શકતા. મારા એક મિત્ર છે. હમણાં મને મળવા આવેલા. મને કહે, રમેશભાઇ! પ્રભુએ મને હવે એવી અનુકૂળતા આપી છે કે ડનલોપની ગાદીમાં સૂઇ શકું. ત્યારે સ્થિતિ એવી થઇ કે ડૉક્ટર કહે છે સપાટ પાટિયા ઉપર સૂઇ રહો. મણકાની તકલીફ થઇ છે. આખી જિંદગી પાટિયા ઉપર જ સૂવાનું મારા ભાગ્યમાં રહ્યું. સ્થિતિ નહોતી ત્યારે તો પાટિયા ઉપર સૂઇ રહ્યો હતો, અને સ્થિતિ થઇ ત્યારે પણ

પાટિયા ઉપર સૂવાનું! ભગવદ્ ઇચ્છા માનવી રહી, કે આપણે આવા દુર્ભાગી છીએ કારણકે આટલું આટલું હોવા છતાં આપણે એનો આનંદ માણી શકતા નથી. એનો લાભ લઇ શકતા નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, અમે દીન છીએ, અમારામાં આપની કૃપાથી દીનતા આવી છે. અમે શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો આશ્રય રાખીને બેઠા છીએ. અમારે એવા કોઇ સાધનની અપેક્ષા રહી નથી. આપની કૃપાથી હજુ અમારું મગજ ઠેકાણે છે. માટે અમે વિનંતી કરીએ છીએ કેઃ 'દયામ્ કુરુ દયામ્ કુરુ'- આપ અમારા પર એવી દયા કરો કે મન, વાણી અને કાયાથી અમે સદાય પ્રભુનાં સેવા-સ્મરણ કર્યા કરીએ, અમારી સેવા અને કથા ક્યારેય છૂટે નહિ. કૃષ્ણદાસજીએ માગ્યુંઃ મેરે તો ગિરિધર હી ગુણગાન, યે હિ મૂરત ખેલો નયનમેં, યે હિ હૃદયમેં ધ્યાન.' શ્રીહરિરાયચરણ પણ શ્રીમહાપ્રભુજીને આ જ વિનંતી કરે છે, કે અમે આપના ચરણારવિંદનો આશ્રય કરીને રહ્યા છે. હવે આપના ચરણારવિંદ છોડીને બીજે કયાં જઇએ? અમે જેવા છીએ એવા 'ભલે-બૂરે તોઉ વલ્લભ તેરે.' અમે તમારા છીએ. માટે તમે અમારા ઉપર દયા કરો.

આમ, શ્રીહરિરાયચરણે આ કરાલ કલિકાળમાં જયારે સજજન એવા ભગવદીયોની સન્મતિ હરાઇ ગઇ છે, સેવા અને કથામાંથી આસકિત ચાલી ગઇ છે, પ્રમાદ અને પ્રમોદમાં આપણા કીંમતી વૈષ્ણવી જીવનની અતિ મૂલ્યવાન ક્ષણોને આપણે વેડફી રહ્યા છીએ, ત્યારે આપણું રક્ષણ કરવા માટે પ્રભુને વિનંતી કરતાં કહ્યું, હે પ્રભુ! આપ અમારા ઉપર દયા કરો.

શ્રીહરિરાયચરણ તો દીનતાના સાગર છે. આપણા માર્ગમાં વિવિધ સાગરોની જે ગણના કરવામાં આવી; એમાં દીનતાસાગર છે શ્રીહરિરાયચરણ, આપશ્રીનું સ્વરૂપ અદ્ભુત છે. આપણે શ્રીવલ્લભાચાર્ય ચરણને સદાયને માટે શ્રીમહાપ્રભુજીના સંબોધનથી સ્મરીએ છીએ. પ્રભુ કરતાંય એમને મોટા માનીએ છીએ. શ્રીદામોદરદાસ હરસાનીજીએ આપણને શીખવ્યું છે કે દાન કરતાં દાન આપનાર દાતાર ઘણો મોટો છે. જેમણે સર્વસ્વ, જરાય હિચકિચાટ વિના આપણને સોંપી દીધું, એવા શ્રીવલ્લભાચાર્યચરણ પ્રભુ કરતાંય મોટા છે, પ્રભુને મેળવી આપનારા છે, માટે તેઓ મહાપ્રભુ છે. એ જ રીતે શ્રીહરિરાયચરણને આપણે શ્રીહરિરાય મહાપ્રભુના નામથી સ્મરીએ છીએ. શ્રીહરિરાયચરણ શ્રીમહાપ્રભુજીનું સાક્ષાત્ સ્વરૂપ છે. જેમ શ્રીગુસાંઇજીને શ્રીપ્રભુચરણના નામથી સંબોધીને સ્મરીએ છીએ, તેમ શ્રીહરિરાયચરણને પણ શ્રીહરિરાયપ્રભુચરણના નામથી સંબોધીએ છીએ. શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજી એ બંનેનાં

'મહાપ્રભુ' અને 'પ્રભુચરણ'નાં નામાભિધાન કોઇ એક સ્વરૂપ સાથે જો જોડાયાં હોય, તો એ કેવળ શ્રીહરિરાયચરણ સાથે જોડાયાં છે.

શ્રીહરિરાયચરણ તો દીનતાના કેવા સાગર છે! દુનિયાના સર્વ ધર્મોનો ઇતિહાસ જોઇ જવા જેવો છે. સર્વ ધર્મના અનુયાયીઓ પોતાના ધર્માચાર્યોની સ્તુતિ હમેશાં કરે, પણ કોઇ ધર્માચાર્યોએ પોતાના અનુયાયીઓની, પોતાના ભક્તોની, પોતાના સેવકોની સ્તુતિ કરી હોય, એવો જો એકાદ પ્રસંગ પણ શોધવા જઇએ, તો મળવો દુર્લભ છે. ત્યારે દીનતાસાગર શ્રીહરિરાયચરણ ગાય છેઃ 'હૌં વારિ ઇન વલ્લભીયન પર.' હું મારા વલ્લભીય વૈષ્ણવો ઉપર વારી જાઉં છું. એમનાં ઓવારણાં લઉં છું, મારા એ પ્રાણપ્યારા વૈષ્ણવો માટે હું શું કરું! 'મેરે તનકો કરૌં બિછોના શીશ ધરૌં ઇનકે ચરનન તર! છે આવી દીનતા! આપણા શ્રીગુરુદેવ શ્રીમહાપ્રભુજી માટે? આપણા હૃદયમાં આવી દીનતાનો ભાવ કવચિત પ્રગટ થાય. ત્યારે શ્રીહરિરાયચરણ ગાય છે, 'મારા વૈષ્ણવો માટે હું મારા શરીરની પથારી કરી દઉં!'

શ્રીહરિરાયચરણ બાલ્યાવસ્થામાં હતા, ત્યારથી ભગવદ્વાર્તાની આસક્તિ એટલી પ્રબળ હતી કે પોતે વલ્લભકુળના બાળક છે એ ભાવને ભૂલી જઇને, વૈષ્ણવોની વચ્ચે બિરાજીને ભગવદ્વાર્તામાં ઓતપ્રોત થઇ જતા. એમના પિતૃચરણે આજ્ઞા કરી હતીઃ 'બાવા, આપ શ્રીવલ્લભકુળના બાળક છો, વૈષ્ણવોની સાથે જે પ્રકારની મર્યાદાનો સંબંધ છે, એનું આપ પાલન કરો.' શ્રીહરિરાયચરણે વિનંતી કરી કે 'ભગવદ્વાર્તામાં તો દીનતા જોઇએ.' પિતૃચરણે તેમને ત્રણ દિવસ એકાંત ઓરડીમાં રાખ્યા. તો ત્રણ દિવસ સુધી શ્રીસર્વોત્તમજીનો જપ કર્યા કર્યો. પણ વૈષ્ણવોની મંડળીમાં દીનતાથી બેસીને ભગવદ્વાર્તા કરવાનો આગ્રહ છોડ્યો નહીં.

આવા દીનતાસાગર શ્રીહરિરાયજી આપણને દીનતાના પાઠ શીખવી રહ્યા છે, કે આ કરાલ કલિકાળમાં જો કાળના ભયંકર પ્રવાહ સાથે ખેંચાઇ ન જવું હોય, તો બીજું કશુ ન બની શકતું હોય તો જીવ જે કંઇ કરી શકે એ તો તમે કરો. બે હાથ જોડીને માથું નમાવીને આપણા પ્રાણનાથ પ્રભુને વિનંતી તો કરો, 'દયામ્ કુરુ દયામ્ કુરુ'- તમે અમારા ઉપર દયા કરો. દીનતાથી વિનંતી કરતાં કરતાં શ્રીહરિરાયચરણ પાંચમા, છઠ્ઠા અને સાતમા શ્લોકમાં પ્રભુનાં વીસ નામથી દીનતાપૂર્વક સ્મરણ કરે છેઃ

હા નાથ! હા કૃપાનાથં! ગોપીનાથ, દયાનિધે, વ્રજનાથ, રમાનાથ, નિજનાથ, જગત્પતે, ગોકુલાધીશ, ગોપેશ, વ્રજાધીશ, વ્રજપ્રિય, વ્રજાનંદ, નિજાનંદ, ગોકુલાનંદ, ગોપ્રિય, હા કૃષ્ણ, હા દયાસિન્ધો, હા રાધાવર સુંદર. દયામ્ કુરુ, દયામ્ કુરુ.

અહીં પ્રભુનાં વીસ નામ આપ્યાં. શા માટે શ્રીહરિરાયચરણે આ વીસ નામથી સ્તુતિ

કરી? એનો થોડો વિચાર કરીએ. એમાં છ નામ પ્રભુના ષડ્‌વિધ, દિવ્ય, અલૌકિક ધર્મોનું નિરૂપણ કરનારાં છે. શ્રીહરિરાયચરણ પ્રભુને વિનંતી કરે છે કે: 'મહારાજ, અમે જીવ તો દુષ્ટ છીએ, દોષોથી ભરેલા છીએ, અમારું ભાગ્ય રૂઠેલું અને ફૂટેલું છે, અમે નિસ્સાધન છીએ, અમારામાં કંઇ જ્ઞાન નથી, જયારે આપ નાથ છો, સ્વામી છો. આખાયે જગતના જે સ્વામી એ અમારા પણ સ્વામી છે, પરંતુ આપે અમારા પર વિશેષ કૃપા કરી છે. અમે ગમે તેવા છીએ તો પણ આપે કૃપા કરીને અમને અપનાવ્યા છે, અમને પોતાના ગણ્યા છે, આપે કૃપા કરીને અમારો હાથ પકડયો છે, આપે શ્રીમહાપ્રભુજીની આગળ પ્રતિજ્ઞા કરી છે, કે આપ જેને બ્રહ્મસંબંધ કરાવશો એ જીવ ગમે તેવો દુષ્ટ હશે તોપણ હું એને છોડીશ નહીં.

પ્રિય વૈષ્ણવો! આપણે બ્રહ્મસંબંધ લેતાં પ્રતિજ્ઞા કરી હતી કે હું મારો દેહ, મારો પ્રાણ, મારું અંતઃકરણ, એના ધર્મો, ઘર, કુટુંબ આલોક-પરલોક, ધન આત્મા બધું તમને સમર્પણ કરું છું. આપણે કરેલી પ્રતિજ્ઞા આપણએ ભૂલી ગયા. આજે કોઇ આપણને પૂછે, આવું સુંદર મજાનું ઘર કોનું છે? તો આપણે છાતી ફુલાવીને, આપણી જીભને બરાબર મમરાવીને કહીએ છીએ, મારું છે. 'મારું' શબ્દ ઉપર ભાર મૂકીએ છીએ, સાથમાં કુટુંબ હોય, અને પૂછે કે કોણ છે? તો છાતી કાઢીને કહીએ છીએ કે મારો દીકરો છે. મારી પત્ની છે, મારી દુકાન છે. કોઇ પૂછે કે આ કોણે કર્યું, તો કહીએ છીએ મેં કર્યું. આપણે આપણી પ્રતિજ્ઞા ભૂલી ગયા છીએ. પરંતુ શ્રીજીબાવા પોતોની પ્રતિજ્ઞા ભૂલી ગયા નથી પરિણામે, આપણે જોઇએ છીએ કે આજેય જેને જવું છે એને શ્રીજીબાવા પોતાની પાસે નાથદ્વારામાં બોલાવે છેઃ આવ, તું મારો છે. નથી જવું એને પણ પ્રભુ બોલાવે છે, તું કેમ નથી આવતો? મારી પાસે આવ, તું મારો છે. તું ભાગીને કયાં જવાનો? મારા સિવાય બીજું કોણ તને સંઘરવાનું? તારે મારી પાસે આવ્યા વિના ચાલવાનું નથી. આપણે જોઇએ છીએ કે શ્રીજીબાવા સતત પોતાનો ડાબો શ્રીહસ્ત ઊંચો રાખીને આપણને બોલાવ્યા જ કરે છે કે આમ આવો, આમ આવો, આમ આવો, એમણે પોતાની પ્રતિજ્ઞા પાળી છે.

થોડાંક વર્ષ પહેલાંની વાત યાદ આવી ગઇ. સૌરાષ્ટ્રમાં એક વૈષ્ણવ યુવાન ભાઇ મળેલા. આફ્રિકાથી પાછા આવેલા, અશોકભાઇ એમનું નામ. ઘણા સુખી. વૈષ્ણવના દીકરા, પણ ઇશ્વરમાં માને નહિ. પરિણામે, શ્રીજીબાવાને પણ માને નહિ. મિત્રોની સાથે, પોતાની ગાડીમાં દિલ્હી તરફ ફરવા માટે નીકળેલા. એમણે વિચાર કર્યો કે ઉદયપુરથી એવી રીતે જવું કે વચમાં નાથદ્વારા આવે, ત્યારે ગાડીમાં સાથે બેઠેલા મિત્રો ભર ઊંઘમાં હોઇ નાથદ્વારાના દર્શન કરવાનો આગ્રહ જ ન કરે; જેથી દર્શન કરવા પણ

જવું ન પડે. કારણ કે એનાં દર્શન કરવાં નથી. બીજા બધા મિત્રો આ ગાડીમાં ઊંઘે અને અશોકભાઇ ગાડી ચલાવે. નાથદ્વારા વટાવ્યું. કાંકરોલીની દિશામાં બે-ત્રણ કિલોમીટર ગાડી આગળ ગઇ હશે, અને એમને લાગ્યું કે પાછળથી કોઇકે એમની પીઠમાં લાત મારે છે. જોરદાર લાત વાગી એટલે તે એકદમ ચમક્યા અને પગ બ્રેક ઉપર લાગ્યો. ગાડી ઊભી રહી ગઇ. પેલા બધા જે ઊંઘતા હતા એ મિત્રો પણ હાંફળા-ફાંફળા જાગી ગયાઃ 'શું થયું?' અશોકભાઇ કહે કે 'આવી ગમ્મત કેમ કરો છો? મને લાત શું કામ મારો છો?' મિત્રો કહે છે, 'અમે લાત ક્યાં મારી છે? અમે તો ઊંઘીએ છીએ!' અશોકભાઇ કહે, 'તો પછી મને લાત કોણે મારી? મને લાત વાગી છે અને જોરદાર વાગી છે.'

કોઇને કાંઇ સમજાયું નહીં. બધા સ્વસ્થ થયા. ફરી પાછી ગાડી આગળ ચાલી. વળી એકાદ-બે કિલોમીટર આગળ ગયા, અને એમને ઊંઘ આવવા માંડી, ઝોકું આવ્યું. ગાડી બાજુમાં ઊભી રાખી દીધી. ઝોકું આવ્યું. એટલામાં તો શ્રીજીબાવાનાં દર્શન થયાં. કહી રહ્યાં છે કે 'લાત મેં મારી છે. મારા ઘર પાસેથી પસાર થાય છે અને મને મળ્યા વિના જાય છે! શરમ નથી આવતી તને? મારો થઇને મને મળ્યા વિના જાય છે? પાછો ફર, નહીંતર ગાડી આગળ નહીં વધે. અને તરત જ એમની આંખો ખૂલી ગઇ. મોં ધોયું પછી કહે, 'ચાલો ભાઇ પાછા.' પેલા મિત્રો તો ખુશ થઇ ગયા કે 'ચાલો, કાલે મંગળાનાં દર્શન થશે.' અશોકભાઇ મને કહે, 'રમેશભાઇ! સવારે મંગળાનાં દર્શન કર્યાં ત્યારે મને શું થયું એની તો કંઇ ખબર નથી પડતી, પણ એ વખતે મનથી નિશ્ચય થઇ ગયો કે ઇન્ડિયામાં હોઇશ ત્યાં સુધી દર મહિનાના બેસતા દિવસે મંગળાની ઝાંખી નહિ છોડું.' આમ, દર્શન નથી કરવાં એનેય બોલાવે એવો આ નાથ. એ એનું બિરુદ પાળે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પ્રભુનો આ ઐશ્વર્ય ધર્મ છે, જેને અપનાવે છે, એના ઉપર સર્વસ્વ ઓવારી દે છે, એના દોષ જોયા વિના એને અપનાવી લે છે, અને પછી, કૃપાનાથ! તમે એની પર કૃપા કરો છો. આપણા જીવનમાં પ્રભુકૃપાના તો અનેક અનુભવો થાય છે. ક્યારેક આપણે એ કૃપાને સમજીએ છીએ, તો ક્યારેક નથી સમજી શકતા, પણ પ્રભુની કૃપાનો અનુભવ ન થયો હોય એવો કોઇ વૈષ્ણવ છે જ નહિ. ડગલે-ડગલે પ્રભુની કૃપાનો અનુભવ થયા જ કરે છે. પગમાં વાગે તોય માનવું કે પ્રભુની કૃપા થઇ. ખાટલો આવે તોય માનવું કે પ્રભુની કૃપા થઇ. નોકરી છૂટી જાય તોય માનવું કે પ્રભુની કૃપા થઇ અને ઘરમાં ઝઘડો થાય તોય માનવું કે પ્રભુની કૃપા થઇ. તમે કહેશો, કે આ શો બકવાટ કરો છો? આ કંઇ કૃપાનાં લક્ષણ છે? હા, શ્રીમહાપ્રભુજી નવરત્નમાં આજ્ઞા કરે છેઃ

“લોકે સ્વાસ્થ્યં તથા વેદે હરિસ્તુ ન કરિષ્યતિ.”

ઠાકોરજીએ હવે આપણો હાથ બરાબર પકડયો, આપણા ઉપર દયા કરી, હવે આપણે બીજો જન્મ નહિ લેવો પડે. આ આપણો છેલ્લો જ જન્મ છે, એની ખાતરી શી? શ્રીમહાપ્રભુજી કહ્યું, એની ખાતરી કે ‘પ્રભુ આવા જીવને લૌકિક વૈદિક કાર્યોમાં સ્વસ્થતા આપતા નથી.’ શ્રીહરિરાયજીએ સ્પષ્ટતા કરી, લૌકિકમાં કલેશ થાય, લૌકિકમાં દુઃખ આવી પડે, તો માનવું કે પ્રભુએ હવે અંગીકાર કર્યો છે, અને આ છેલ્લો જન્મ છે. તમે કહેશો, કેમ? શ્રીમહાપ્રભુજીએ ‘શ્રીસુબોધિનીજી’માં આ વાત બહુ સુંદર રીતે સમજાવી છે, કે નવા-નવા જન્મ કયાં સુધી લેવા પડશે! જયાં સુધી આપણાં પાપ અને પુણ્યનો હિસાબ પૂરો નહિ થાય, ત્યાં સુધી જન્મ લેવો પડશે. આગલા જન્મ અને આ જન્મનાં સર્વ પાપ તથા સર્વ પુણ્ય પણ ભોગવવાં પડશે. એ બંને જયારે ભોગવાઇ રહેશે, બેલેન્સ શૂન્ય થઇ જશે, પછી જ જન્મમરણના ફેરામાંથી મુક્તિ મળશે. માટે પ્રભુ એવા કૃપાળુ છે! આપણે નાના બાળકને નથી કહેતાં કે ‘બેટા! થોડુંક ચાલી નાખ ને, આ આવી ગયું.’ એમ કરી-કરીને એને ચલાવી લઇએ છીએ. એમ પ્રભુ પણ કહે છે, આ થોડું ભોગવી લે ને. હવે બીજો જન્મ તો લેવાનો નથી, આ જન્મમાં થોડી વધારે તકલીફ ભોગવી લે ને. અને કૃપા કરીને આપણી પાસે ભોગવાવી લે છે, કે જેથી કરીને આપણે બીજો જન્મ લેવો ન પડે. માટે પ્રાચીન ભગવદીયો એમ કહેતા કે જીવનમાં કંઇક દુઃખ આવે તે દિવસે ઠાકોરજીને કંઇક વધારે સામગ્રી આરોગાવવી અને મનોરથ કરવો.

સુખ આવે ત્યારે આપણે મનોરથ કરીએ છીએ દીકરાના ઘરે દીકરો આવે ત્યારે ઠાકોરજીને કંઇક સામગ્રી આરોગાવીએ. વેપારમાં કંઇક કમાઇએ ત્યારે ઠાકોરજીનો મનોરથ કરીએ, એ તો આનંદની વાત છે; પણ દુઃખ આવે ત્યારે આનંદ મનાવજો કે પ્રભુએ આપણી અરજ સાંભળી. હવે અમારા માટે એની કૃપાનાં દ્વાર ખૂલી ગયાં. હવે અમારે બીજો જન્મ લેવો નહિ પડે, અમારા આ જીવનમાં જ સર્વ અપરાધો નિવૃત થશે.

પ્રભુ આવા કૃપાનાથ છે. તેઓ કેવી કૃપા કરે છે? શૂળીનો ઘા સોયના ઘાથી સરાવી દે છે. ‘બસોબાવન વૈષ્ણવોની વાર્તા’માં આવો એક પ્રસંગ છેઃ

ગંગાજીના કિનારે સુંદર વનપ્રદેશમાં એક મજાની પર્ણકુટિ બાંધીને ગુસાંઇજીનાં સેવક એક વૈષ્ણવ દંપતી રહેતાં અને ઠાકોરજીની સેવા કરતાં. એક દિવસ કાશીથી વીસ વર્ષ સુધી જયોતિષશાસ્ત્રનો અભ્યાસ કરીને એક યુવાન વિદ્વાન બ્રાહ્મણ પોતાના વતન પાછા જવા નીકળેલા. એમણે અહીં રસ્તામાં મુકામ કર્યો. અચાનક ઘર-આંગણે અતિથિ આવ્યાં છે, એટલે વૈષ્ણવ પતિ-પત્નીએ આગ્રહ કર્યો કે આપ અહીં રોકાઇ જાઓ. પ્રસાદ લઇને કાલે આગળ વધજો. પેલા બ્રાહ્મણ રોકાઇ ગયા. ગંગાજીમાં સ્નાન

કરી આવી, પોતાના જપ-પાઠ કરીને બેઠા. પ્રસાદના સમયની રાહ જુએ છે ત્યાં મનમાં વિચાર આવ્યો કે જેમણે પ્રેમથી મારો આટલો સત્કાર કર્યો એમનું ભાગ્ય કેવું છે, તે મારા જ્યોતિષજ્ઞાનનો ઉપયોગ કરીને જોઇ નાખું. હું જે વિદ્યા શીખ્યો છું, એનો સર્વપ્રથમ ઉપયોગ એમના માટે કરું.

એમણે પ્રશ્નકુંડળી મૂકી. ગણિત ગણ્યું, તો એમને જવાબ એવો મળ્યો કે આ જે વૈષ્ણવ બ્રાહ્મણને ત્યાં તું ઊતર્યો છે, એને હમણાં મધ્યાહ્ન-સમયે રાજાના સિપાઇઓ આવીને પકડી જશે. એના ઉપર ખૂનનો આરોપ મુકાશે. અને આજે બપોરે જ એને ફાંસીએ ચઢાવવામાં આવશે. આ યુવાન જ્યોતિષીને ભારે દુઃખ થયું: અરેરે! પહેલું જ આવું ખરાબ જ્યોતિષ જોવાનું મારા ભાગ્યમાં આવ્યું? અને આવી વાત તો કહેવાય પણ કેવી રીતે? ન કહેવાય, ન સહેવાય અને ન રહેવાય. એ તો મૌન થઇને બેસી રહ્યા છે.

બીજી બાજુ, પેલા બ્રાહ્મણ વૈષ્ણવ ઠાકોરજીને રાજભોગ ધરીને જપ કરવા બેઠા. મધ્યાહ્ન થઇ ગયા. મધ્યાહ્નનો કાળ વીતી ગયો. ત્યારે બ્રાહ્મણ વૈષ્ણવ ફરી ગંગાજીમાં સ્નાન કરી આવ્યા. પછી આવીને પેલા મહેમાનને કહે છે, 'ચાલો ભાઇ! પ્રસાદ લઇ લો.' પેલા જ્યોતિષી બ્રાહ્મણ કહે, 'ઊભા રહો. મારે પ્રસાદ નથી લેવો. હું આ મારા જે જ્યોતિષના ગ્રંથો લઇને આવ્યો છું, એને પહેલાં ગંગાજીમાં પધરાવી આવું. પછી બીજી વાત.' વૈષ્ણવ કહે, અરે ભાઇ! આવા કીંમતી ગ્રંથો ગંગાજીમાં પધરાવી દેવાય? શું બન્યું છે એવું? એ કહે છે, 'મારી વિદ્યા ખોટી પડી. મેં તો હમણાં તમારું ભવિષ્ય જોયું હતું કે આજે બપોરે રાજાના સૈનિકો તમને પકડી જશે. પછી ખૂનનો આરોપ મૂકી ફાંસીને માંચડે ચડાવશે. પણ એવું બન્યું નહીં. આ ગ્રંથ બધા ખોટા છે.'

વૈષ્ણવ કહે, 'તમારું જ્યોતિષ ખોટું નથી કે આ ગ્રંથ પણ ખોટા નથી. તમે કહ્યું તે બધો અનુભવ હું કરી ચૂકયો છું. બપોરે જપ કરવા બેઠો ત્યારે મને ઝોકું આવી ગયું. ઊંઘમાં મને સ્વપ્ન આવ્યું. એમાં રાજાના સિપાઇઓ આવ્યા અને મને પકડી ગયા. ખૂનનો આરોપ મુકાયો અને મને ફાંસીના માંચડે ચઢાવ્યો. ગળામાં ગાળિયો પણ નંખાયો. પણ ગાળિયો નંખાતાંની સાથે જ હું જાગી ગયો. સ્વપ્નમાંયે પેલા માણસો મને અડયા. મારી અપરસ છોવાઇ, એટલે હું નહાવા ગયો હતો. તમારું જ્યોતિષ સાચું છે, પણ જે સજા મારે જીવતાં જીવ ભોગવવાની હતી, એ મારા કૃપાળુ પ્રભુએ મને સ્વપ્નમાં ભોગવાવી છે. 'હા કૃપાનાથ! માટે શ્રીહરિરાયચરણ વિનંતી કરે છે: આપ આવા કૃપાનાથ છો.

શ્રીહરિરાયચરણ બીજાં અનેક શિક્ષાપત્રોમાં ખૂબ સુંદર ઉદાહરણો આપીને આ વાત સમજાવે છે. આપણા ઘરમાં આપણું ઘરમાં આપણું, નાનું બાળક હોય, એ

ભાંખોડિયાં ભરતું, સગડીની પાસે આવે. સગડીનાં લાલ અંગારાને પકડે. એને લાગે કે આ બહુ સરસ મજાનું રમકડું છે, સુંદર દડો છે. લાવ, હું એને પકડી લઉં. આપણે એને પકડવા દઈશું? ના, એનો હાથ ખેંચી લઈશું; કારણ કે આપણે જાણીએ છીએ કે આ રમકડું નથી, એ તો બાળકને દઝાડી દેશે. પેલું બાળક રડશે અને ધમપછાડા કરશે, બાળહઠ કરશે, તો આપણે એને બીજાં રમકડાં આપીને મનાવીશું; પણ પેલો અંગારો તો એના હાથમાં નહિ જ આવવા દઈએ. શ્રીહરિરાયચચરણ કહે છે કે આપણે જીવો પણ આવા બાળક જેવા છીએ. આ દુનિયામાં, આ સંસારમાં આપણા માટે શું લાભદાયક છે અને શું નુકશાનકારક છે, તેની આપણને ખબર નથી. આપણને શાનાથી ફાયદો છે, એ પ્રભુ પોતે જાણે છે. કઇ બાબતથી નુકશાન છે, તે પણ પોતે જાણે છે. માટે પ્રભુકૃપા કરીને, જેનાથી નુકશાન થવાનું હોય, એ ગમે એટલી સુંદર લાગતી વસ્તુ હોવા છતાંયે આપણા હાથમાં આપતા નથી. એ ઝૂંટવી લે છે; કારણ કે પ્રભુ જાણે છે કે 'જીવ! તું તો બાળક જેવો છે. તને લાગે છે રમકડું, પણ રમકડું નથી. આ તો મારા માટે જીવલેણ વસ્તુ છે. એ તારા કામની નથી.' માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ તમે આપણા પ્રભુનાં સર્વ કાર્યોમાં પૂર્ણ વિશ્વાસ રાખો. જે સમયે આપણને જે પરિસ્થિતિમાં મૂકે એમાં આનંદ માણતાં શીખો. એ પરિસ્થિતિમાં આપણા ઉપર પ્રભુની કૃપા થઇ રહી છે, અને એ આપણા લાભમાટેની જ છે એવો દઢ વિશ્વાસ મનમાં કેળવતાં શીખો. કારણ કે આપણા પ્રભુ એ કૃપાનાથ છે. જગતના કોઈ જીવ ઉપર એ અવદયા નથી કરતા, તો પછી એમના કૃપાપાત્ર એવા પુષ્ટિજીવો ઉપર તો અવકૃપા કરે જ કેમ? માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'દયામ્ કુરુ'- આપ દયા કરો.

બીજું સંબોધન કર્યુંઃ ગોપીનાથ! તમે ગોપીજનોના નાથ છો. જેમ ગોપીજનો ઉપર કૃપા કરી, એમ અમારા ઉપર પણ કૃપા કરો. ગોપીજનો ઉપર પ્રભુએ કેટકેટલી કૃપા કરી છે! જે ગોપીજનો ભેદ નહોતાં જાણતાં, જે ગોપીજનોને જ્ઞાન નથી, આચાર નથી, વિચાર નથી, જે શૂદ્ર જાતિમાં જન્મેલાં છે, એ ગોપીજનોના નાથ બનીને પ્રભુ એમનાં આંગણામાં ખેલ્યા છે, માટે શ્રીહરિરાયચરણ પ્રભુને વિનંતી કરે છે કે આપ અમારા ઉપર દયા કરો. દયાનિધે! તમે દયાનિધિ છો. વ્રજનાથ! તમે વ્રજનાથ છો. રમાનાથ! તમે લક્ષ્મીજીના પતિ છો નિજનાથ! તમે નિજભક્તોના નાથ છો, તમે તો દુર્વાસાને પણ કહી દીધું હતું, કે 'હે દુર્વાસા! હું તો મારા ભક્તને પરાધીન છું. હું કંઇ સ્વતંત્ર નથી. મારો ભક્ત જેમ કહે એમ હું કરું છું.'

તમે કહેશો કે ઠાકોરજી આપણી સાથે પણ આવું કરે ખરા? આપણને વશ થઇને રહે ખરા? હા, આજે ઠાકોરજી 'ભક્તવશ્યય'- ભક્તને આધીન છે જ. જયારે આપણે

વહેલું બહારગામ જવાનું હોય એટલે સવારે ચાર વાગે ઠાકોરજીને જગાડીએ તો ચાર વાગે જાગે છે અને આપણે સવારે નવ વાગે ઊઠીએ, તો ઠાકોરજી દશ વાગે જાગે. પરાધીન- એ કયારે ફરિયાદ કરે છે કે 'આજ મને મોડો કેમ જગાડયો? અથવા આજે વહેલો કેમ જગાડયો? હજુ મારી ઊંઘ પૂરી થઇ નથી.'' જે આપો એ પ્રેમથી આરોગી લે છે. એ કોઇ દિવસ એવી ફરિયાદ કરે છે કે 'આજે મને આ સામગ્રી ન ભાવી!' અરે, ક્યારેક આપણે મીઠું ભૂલી જઇએ, ક્યારેક એમાં ખાંડ ભૂલી જઇએ, ક્યારેક એ સામગ્રી ક્યાંક દાઝી જાય, જે થાય એ, તો પણ પ્રેમથી આરોગી લે છે; પરંતુ એ કહે છે કે ''હું પરાધીન છું. મેં મહાપ્રભુજીને વચન આપ્યું છે.'' શું વચન આપ્યું છે? કે જે વૈષ્ણવ મને આપની કાનિથી જે ભોગ ધરશે એ હું પ્રેમથી આરોગીશ.

શ્રીગુસાંઈજીની આજ્ઞા છેઃ કોઇ પણ સ્થિતિમાં, કોઇ પણ પ્રકારે, કોઇ પણ ભક્ત જે કાંઇ આરોગાવે તે પ્રભુ પ્રેમથી આરોગે છે. પેલા રામાનંદ પંડિતે રસ્તામાં જલેબી આરોગાવી, તો ઠાકોરજી એની જલેબી આરોગ્યા. પેલાં બ્રાહ્મણ દંપતીએ ગોળ અને વડા આરોગાવ્યાં તો એના ગોળ અને વડા પણ આરોગ્યાં છે. કુંભનદાસજીએ કુંડ ઉપર કેરીઓ આરોગાવી, તો એ કેરીઓ આરોગી લીધી છે. અને પદ્મનાદાસજીએ છોલા આરોગાવ્યા તો એ છોલા પણ આરોગી લીધા છે. ઠાકોરજી આપણને જેટલા પરાધીન છે, જેટલા વશ છે, એટલા આપણે ઠાકોરજીને કદી વશ થયા ખરા? આ વિચારવા જેવી બાબત છે.

આપણે આપણા ઘરના નાના બાળકનું જેટલું ધ્યાન રાખીએ છીએ, એના સોમા ભાગનું પણ ધ્યાન આપણે ઠાકોરજીનું રાખ્યું ખરું? એ વિચારજો બાળકને તમે ઊઠાડતાં જો જો. તમારા નાના બાળકને તમે કેટલા પ્રેમથી ઊઠાડો છો? કેટલા કાલાવાલા કરીને ઊઠાડો છો; અને જો ન ઊઠે તો કહો છો કે ભલે ઊંઘવા દો. હમણાં થોડી વાર રહીને ઊઠશે. એને શું કામ છે? અને આપણે મંદિરમાં મંગળાનાં દર્શન કરવા જઇએ, હાથ ઉપર ઘડિયાળ હોય, મંદિરની દીવાલ ઉપર ઘડિયાળ હોય સાત વાગ્યાનો મંગળાના દર્શનનો સમય લખેલ હોય, અને કાંટો પાંચ મિનિટ પછી સાત મિનિટ ઉપર થાય, એટલે આપણો બડબડાટ શરૂ થાય. મગજનો પારો ચઢવા માંડેઃ 'હજુ દર્શન નથી થયાં, ટાઇમ ન સચવાય તો શું કરવાનું? અમે બધાં કંઇ નવરા બેઠાં છીએ?' આપણા આ વર્તન વિશે વિચાર કરવા જેવો છે. આપણે તો નવરા નથી, પણ નવલાખ ગાયો જેના ત્યાં ડોલે છે, વ્રજનો જે રાજા છે, એનો દીકરો શું નવરો છે?

એક ગામમાં ફરિયાદ થઇ. ભગવદ્વાર્તામાં આ ફરિયાદ આવી, કે અમારે ત્યાં દર્શનનું બહુ મોડું થાય છે. ગમે ત્યારે દર્શન કરાવે છે. મેં ફરિયાદ કરનારને કહ્યુંઃ તમે

ત્રણ દિવસ પૂરતું, તમારા ઘરમાં જે બે વર્ષનો દીકરો છે, એને બરાબર સાતના ટકોરે બહાર ડ્રોઈંગરૂમમાં ખુરસીમાં બેસતો કરી દો. અને ચોથા દિવસે મુખિયાજી બરાબર સાત વાગે તમને દર્શન કરાવશે. કહે, 'એ તો કેમ બને? છોકરું છે!' મેં કહ્યું, 'અંદર બેઠો એ કોણ છે? તમારો જે છોકરો પોઢ્યો છે એ તો બે વર્ષનો છે, પણ આ તો છ દિવસનો છે. એણે શકટભંજનલીલા છ દિવસે કરી છે. એને કયાં ગરજ છે દર્શન આપવાની? તમને ગરજ હોય તો સાત વાગે સવારે નહીં, પણ સાંજના સાત વાગ્યા સુધી બેસી રહો. અને ન હોય તો હાથ જોડીને ચાલવા માંડો.'

અમરેલીનો એક પ્રસંગ છે. ત્યાં શ્રીલાલમણિજી મહારાજ થઇ ગયા. ત્યાં વૈષ્ણવોની આવી જ ફરિયાદ ચાલી. એક દિવસ આપે ત્રણ ચાર આગેવાન વૈષ્ણવોને આજ્ઞા કરીઃ પાછળ બગીચામાં આવો. બગીચામાં પાછળની બાજુએ ગયા, તો ત્યાં મંદિરની બારી. આપે આજ્ઞા કરી. અહીં ચૂપચાપ ઊભા રહો. પાંચેક મિનિટ પછી પૂછયું, કંઇ અવાજ સંભળાયો? વૈષ્ણવો હાથ જોડીને કહેવા લાગ્યા, 'હા મહારાજ, કોઈક નાના બાળકનાં ઝીણાં-ઝીણાં નસકોરાંનો અવાજ આવે છે. આપશ્રીએ કહ્યું 'કહો, એ બાળકને જગાડું?' વૈષ્ણવો હાથ જોડીને કહે, 'ના મહારાજ, હવે પછી અમે કદી આવી ફરિયાદ કરવા નહીં આવીએ.' આપણા પ્રભુ સાક્ષાત્ બિરાજે છે. એ કોઇ શિલાની કે કોઈ ધાતુની મૂર્તિ માત્ર નથી. એ સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ નંદનંદન છે. એ વ્રજનાથ છે, એ રમાનાથ છે, એ નિજનાથ છે. અને માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપ અમારા આવા નિજનાથ છો. અમારા પરાધીન બનીને આપ રહ્યા છો. અમે આપને જયારે જગાડીએ ત્યારે આપ જાગી જાઓ છો અને જગાડવા પછી પણ અમે નિરાંતે મંગળભોગ ધરીએ તો તમે કેટલીકવાર ડાહ્યાડમરા થઇને, ગાદી ઉપર બિરાજીને રાહ જોયા કરો છો કે જયારે ધરશે ત્યારે આરોગીશ, બેઠા છીએ એટલી વાર. અને નથી ધરતાં તોય બેસી રહો છો. મિસરીની કટોરી ધરીને આપણે રસ-પૂરીનું જમણ જમીએ તોય એ જોયા કરે છે કે 'વાહ! મારો ભક્ત કેટલો રાજી છે! ભલે મને નથી મળ્યું, પણ એ તો લે છે ને?' પ્રભુ તો પ્રસન્ન રહે છે, પણ આપણા દિલમાં કોઇ દિવસ તિરાડ પડતી નથી.

શ્રીગોકુલનાથજીનો એક પ્રસંગ છે. એમના કૃપાપાત્ર સેવક કલ્યાણ ભટ્ટે એક વાર પ્રશ્ન કર્યોઃ 'કૃપાનાથ! આપ જે વૈષ્ણવોના જુદા જુદા પ્રકાર જણાવો છો, તેમાં તાદશી વૈષ્ણવ કેવા હોય?' આપે આજ્ઞા કરી કે 'કોઇક દિવસ પ્રત્યક્ષ દર્શન કરાવીશ.' પછીના માગસર માસની સુદ સાતમે આપનો જન્મદિવસ આવ્યો. શ્રીગોકુલેશ પ્રભુએ આખાય ગોકુળ ગામના વૈષ્ણવોને મહાપ્રસાદ લેવાનું નોંતરું આપ્યું. સૌ હરખાતા-હરખાતા

મહાપ્રસાદ લેવા આવીને પાતળ ઉપર બેસી ગયા. મહાપ્રસાદ પીરસાઇ ગયો. જય બોલાવીને સૌએ લેવાની શરૂઆત કરી, ત્યારે એક વૈષ્ણવ મહાપ્રસાદ લેવાને બદલે પાતળ ઉપર બેઠા રડયા કરે છે. આજુબાજુ બેઠેલા વૈષ્ણવો તેને ટપારે છેઃ 'પ્રસાદ ટાણે રડે છે તે તને શોભે છે? મહાપ્રસાદ લે! ને કેટલી સુંદર સામગ્રી ઠાકોરજીએ આરોગી છે! ચાખ તો ખરો.' પણ પેલો વૈષ્ણવ તો રડયા જ કરે છે. શ્રીગોકુલેશ પ્રભુ ત્યાં પધાર્યા. વૈષ્ણવોએ ફરિયાદ કરી કે મહારાજ! આ મૂર્ખ વૈષ્ણવ રડે છે. આપે એની સામે જોયું, પછી પૂછયું, 'કેમ રડે છે તું? મહાપ્રસાદ કેમ નથી લેતો?' દીનતાથી તેણે કહ્યું 'મહારાજ! નિષ્કિંચન વૈષ્ણવ છું. મારે ત્યાં આ ધરવાની ત્રેવડ કયાંથી હોય! હું તો મારા પ્રભુને દાળ બાટી આરોગાવીને આવ્યો છું. મારા પ્રભુ આવી કોઇ સામગ્રી આરોગતા નથી. અને પ્રભુ નથી આરોગ્યા તો હું આ મારા મોંમાં કેમ લઉં?' આપ એટલા બધા પ્રસન્ન થયા અને આજ્ઞા કરી કે 'જા, તને મહાપ્રસાદ પહોંચી ગયો. તું ભાગી જા અહીંથી.' જે રડતો હતો તે હવે હસતો હસતો ત્યાંથી દોડી ગયો.

કલ્યાણ ભટ્ટને આપે આજ્ઞા કરી કે કલ્યાણ ભટ્ટ! આ તાદશી. જે પોતાના પ્રભુના સુખમાં જ પોતાનું સુખ માણે એનું નામ તાદશી વૈષ્ણવ. માટે અહીંયાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપ નિજનાથ છો. ભક્ત-પરાધીન છો. કેમ પરાધીન બન્યા? કારણ કે, ભકત તમારો પોતાનો બનીને રહ્યો છે, માટે તમે ભક્તોને પરાધીન બન્યા છો. માટે તમે દયા કરો. જગત્પતેઃ તમે જગતના પતિ છો.

ગોકુલાધીશ ગોપીશ વ્રજાધીશ વ્રજપ્રિય ।
વ્રજાનન્દ નિજાન્દ ગોકુલાનન્દ ગોપ્રિય ॥

આ આઠ નામમાં શ્રીહરિરાયચરણ જુદા જુદા વ્રજભક્તોના ભાવથી વિનંતી કરી રહ્યા છે કે ગોકુલાધીશ બનીને ગોકુળમાં વસતા, નંદબાવા યશોદાજી આદિ સર્વ ગોપ-ગોપી, ગ્વાલ આદિનું આપે રક્ષણ કર્યું છે, પોષણ કર્યું છે; અને ગોકુલાનંદ સ્વરૂપે આપે એમને આનંદનું દાન કર્યું છે. જે રીત તમે આ બધા ગોકુળવાસીઓ ઉપર દયા કરી છે, તે રીતે તમે અમારા ઉપર પણ દયા કરો. બીજી વિનંતી કરે છે કે આપ ગોપીજનો માટે ગોપીશ અને નિજાનંદ સ્વરૂપે ગોપીજનોના સ્વામી બનીને એ નિજભક્તોને આપના આનંદનું દાન કર્યું છે. માટે તો બ્રહ્માજીને પણ કહેવું પડયું છે કે આ વ્રજભક્તોનું ભાગ્ય તો જુઓ! આ નંદગોપ અને વ્રજવાસી ભક્તોની તો શી વાત કરવી?

ઘણાં ઘરોમાં ભજનની કેસેટ વાગે છે. એ કેસેટમાં એક ભજન સાંભળું છું, ત્યારે મનમાં હસવું આવે છે. એમાં ભજન ગવાય છે, ''શ્રીવલ્લભ, તમે અમારે પનારે પડયા છો.'' એવા ભાવનું કોઇક એક ભજન એ કેસેટમાં ખૂબ વાગે છે. આપણે એમના પનારે

પડયા છીએ કે એ આપણે પનારે પડયા છે? શી હાલત છે તે કંઇ ખબર નથી, પણ અહીં સૂરદાસજી કહે છે કે જેવા છીએ એવા તોય તમારા છીએ. તમે અમને અપનાવી લીધા છે, સ્વીકારી લીધા છે, અને આ ભારતવર્ષ છે, માટે છૂટાછેડા આપવાના નથી; તુમહિ હમારી લાજ બઢાઇ- તમે અમારી લાજ રાખશો તો રહેશે. બિનતી સુનો હરિ મેરે- હે હરિ! મારી વિનંતી તમે સાંભળો. તમારા હાથમાં મારી લાજ છે. ઘરમાં જો વડીલ ડાહ્યો હોય તો એ બધાંની આબરૂ સાચવે છે અને બાંધી મૂઠી રાખે છે. પણ વડીલ જો શાણા-સમજુ ન હોય, તો ઘેર ઘેર કહેતા ફરે કે અમારા ઘરના ફલાણા આવા ને ઢીકણા તેવા. ગામમાં સૌનો ધજાગરો બાંધે. સૂરદાસજી કહે છે, આપ તો એવી કૃપા કરો છો કે અમે જેવા છીએ તેવા પણ અમારી લાજ તમે રાખો છો. સબ તજ તુમ સરણાગત આયો- અમે બધું છોડીને તમારે શરણે આવ્યા છીએ. દ્દઢ શરણ ચરણ ગહે- સૂરદાસ પ્રભુ તુમ્હારી કૃપા તેં, પાયે સુખ જુ ઘનેરે- પ્રભુ મળ્યા તો બધું મળ્યું. માટે આપણે જેવા હોઇએ તેવા, કશું ન આવડે તો કાંઇ નહિ. કેવળ રોજ વારંવાર શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીને બ્રહ્મસંબંધ અને પંચાક્ષરમંત્ર કે અષ્ટાક્ષર મંત્રનું સ્મરણ કરીને એટલું કહેવું કે ‘હું તમારો છું. હું તમારો છું.’ જો આપણે એના બન્યા રહીશું તો એ આપણા બન્યા રહેશે. માટે અહીં શ્રીહરિરાયચરણે વિનંતી કરીઃ અમે જેવા છીએ એવા, પણ અમે તમારા છીએ, માટે દયામ્ કુરુ-દયામ્ કરુ.

હવે અહીં એક પ્રશ્ન થાય છેઃ આ શિક્ષાપત્ર જયારે વાંચતો હતો, ત્યારે મનમાં એક પ્રશ્ન થયો હતો કે, કે દયા કરવા માટે પ્રભુને અહીંયાં આપણે વિનંતી કરી એટલે આપણે છૂટી ગયા. દોષનો ટોપલો પછી શું ભગવાન ઉપર નાખી દેવાનો કે ‘ભાઇ અમે તો વિનંતી કરી હતી, પણ એમણે સાંભળી નહીં; અને દયા કરી નહીં, અમે શું કરીએ? આજે આપણે દોષનો ટોપલો પ્રભુના માથે નાંખવા માંડયો છે. ઘણા વૈષ્ણવો વાત વાતમાં એમ કહે કે અમને સેવા કરવાનું મન બહુ છે. સખડીભોગ ધરવાની ઇચ્છા બહુ થાય છે પણ જીવ શું કરી શકે? ઠાકોરજી કરાવશે ત્યારે કરીશું. ઠાકોરજી કૃપા કરશે ત્યારે થશે.

આમ કહેવું એ ખરેખર પ્રભુના માથે દોષનો ટોપલો નાંખવા બરાબર છે. કેમ? તો શ્રીમહાપ્રભુજીએ આપણને બ્રહ્મસંબંધ કૃપા કરી આપ્યું, ત્યારે જ કૃપા કરી દીધી છે કે હવે તમે સેવા કરો. તમને સેવા કરવાનો અધિકાર અમે આપ્યો છે પણ એ કૃપાનો સ્વીકાર આપણે કર્યો નથી. એક મજાનો પ્રસંગ યાદ આવે છેઃ એક બુદ્ધિશાળી માણસ હતો, પણ બુદ્ધિનો ઉપયોગ નહોતો કરતો. એણે મકાન બનાવ્યું, પણ બધાં બારી-બારણાં બંધ રાખીને બેઠો. અંદર બેઠો બેઠો એ બૂમબરાડા પાડવા માંડયો કે સૂર્યનો

પ્રકાશ ઘરમાં આવતો નથી. કોઇક સૂર્યને કહો કે થોડો પ્રકાશ એના ઘરમાં આપે. કોઇ ડાહ્યા માણસે આ શોર સાંભળી બહારથી જ કહ્યું: 'ભલા માણસ, સૂર્યને કહેવાની જરૂર નથી. સૂર્ય તો એનો પ્રકાશ મોકલે છે, પણ તારા મગજમાં કંઇક ખામી છે. તું બારી-બારણાં ખોલી નાંખ. સૂર્યનો પ્રકાશ તારા ઘરમાં પણ આવશે! બારી-બારણાં ખોલવાનો શ્રમ આપણે લેવાનો છે. એ શ્રમ કંઇ સૂર્ય લેવા માટે આવવાનો નથી.

એક મજાનો હાસ્ય-પ્રસંગ છે: બળબળતા ઉનાળાના દિવસોમાં બપોરે એક દુકાનેથી શેઠ જમવા માટે ઘેર આવ્યા. સુંદર મજાની રસોઇ બનાવીને, શેઠનાં પત્ની થાળી પીરસીને શેઠની સામે મૂકીને બાજુમાં બેઠાં છે. વીજળી વેરણ થયેલી, એટલે હાથથી ખસનો પંખો નાખી રહ્યાં છે. ખૂબ ઠંડક રાખી છે. પત્ની વિચારે કરે છે કે શેઠ બહુ મહેનત કરે છે. માટે અહીં ઘરમાં એમને જરાય શ્રમ ન પડે, એટલે જાતે રોટલીના ટુકડા કરીને, રસમાં બોળીને એમના મોંમાં મૂકીને સ્વામીને જમાડે છે. પહેલો કોળિયો હજુ તો શેઠના મોમાં મૂકયો છે. જમણા હાથે એ જમાડે છે અને ડાબા હાથે પંખો નાખે છે. છતાં શેઠના આખા શરીરેથી જળની ધારાઓ વહેવા માંડી. પરસેવાના ફુવારા છૂટવા માંડ્યા. પ્રેમાળ પત્નીએ બહુ લાગણીભર્યા અવાજે પૂછયું, 'આપને હું જરાય શ્રમ નથી થવા દેતી, છતાંય આપને આટલો બધો પરસેવો કેમ થયો છે?' ત્યારે શેઠ ગુસ્સે થઇને કહે છે: 'શું શ્રમ નથી થવા દેતી, કોણ ચાવે છે, તારો બાપ? ચાવવાનું કામ તો હું જ કરું છું. પછી પરસેવો તો થાય જ ને?'

બીજી બધી અનુકૂળતા પ્રભુએ કરી, પણ સેવા તો હાથથી જ કરવી પડશે ને? બીજું કોણ કરવાનું છે? આપણે પેલા મૂર્ખ માણસની જેમ બારી-બારણાં બંધ કરીને બેઠાં છીએ, અને કહીએ છીએ કે સૂર્યનો પ્રકાશ આવતો નથી; અને સૂર્ય કૃપા કરતો નથી. કયાંથી કરે? કારણ કે આપણે સેવા કરવાની તૈયારી રાખી નથી. અંગ્રેજીમાં એક કહેવત છે: વ્યકિત જો પર્વત ઉપર ન જાય તો પર્વતે વ્યકિત પાસે જવું. આ પ્રભુએ કૃપા કરી, અને સામે ચાલી આપણા ઘરમાં આવીને બિરાજ્યા કે લે, તું મારા સુધી નથી આવી શકતો, તો હું તારા ઘરે આવીને બિરાજયો છું. હવે તો મારી સેવા કર! અને સેવા કરવાની એટલે શું કરવાનું? જીવ શું કરી શકે? અરે, કંઇ ન બને તો સવારે સ્નાન કરીને પ્રભુને એક મિસરીની કટોરી તો પ્રેમથી ધરી શકે કે નહિ?

હમણાં એક ગામમાં જવાનું થયેલું. વિશાળ કુટુંબ હતું એમનું. ઘરનાં જે વડીલ ગૃહિણી હતાં, એ ઠાકોરજીની પ્રેમથી સેવા કરે. એ ઘરના એમના પુત્રો, પુત્રવધૂઓ, એમની દીકરીઓ, એ સૌ રાત્રે બેઠેલાં ત્યારે મારા સ્વભાવ પ્રમાણે મેં પૂછયું કે 'તમે કંઇ કરો છો?' એટલે કહે, 'ના, અમે મહાપ્રસાદ લઇએ છીએ.' મેં કહ્યું, 'કેમ આવું? તમે કેમ

સેવામાં નથી જોડાતાં?' એમની પાંસે કોઇ જવાબ નહોતો. પણ આજે આપણા ઘરમાં પરિસ્થિતિ આવી છે કે ઘરમાં એક જણ સેવા કરે, અને બાકીના બધાં મેવા ખાય. મને લાગે છે, આ પરિસ્થિતિ બદલવા જેવી છે. સૌ સેવામાં પણ જોડાય. આપણે આપણાં બાળકોને સેવામાં નહિ જોડીએ, તો એ મોટાં થશે ત્યારે સેવાના સંસ્કાર એમનામાં આવશે કયાંથી? અને એટલા માટે પ્રેમથી બાળકોને કહો, 'નાહીને સેવામાં આવો. કશું ન બને તો એક મિસરીની કટોરી ઠાકોરજીને ધરો. પાસે બેસીને જે આવડે એ પાઠ કરો, ચરણસ્પર્શ કરો, દંડવત્ પ્રણામ કરો.' આખા દિવસમાં પા કલાક પ્રભુનો.

જો સવારમાં આટલાથી પણ શરૂઆત આપણા ઘરમાં થશે, સૌ સેવામાં જોડાશે તો એ સેવાનો એક અનોખો આનંદ આવશે. અહીંયાં બે દિવસથી પેલી નાની દીકરીના મુખે ભગવદ્વાર્તા સાંભળીએ છીએ. થોડા સમય પહેલાં મારે ભગવદ્વાર્તા માટે સૌરાષ્ટ્રના ઉપલેટા ગામમાં જવાનું થયેલું. ત્યાં એક પરમ ભગવદીય વૈષ્ણવ. એમના દીકરાનો દીકરો નાનો, અઢી વર્ષની ઉંમરનો. સવારે ઊઠે ત્યારથી એ સ્તોત્ર પાઠ બોલવા માંડે. આપણે સૌએ શરમાવા જેવી વાત તો એ છે કે જે શુદ્ધ ઉચ્ચારથી એ સ્તોત્ર પાઠ બોલે, એવા શુદ્ધ ઉચ્ચાર બહુ થોડાના હશે? અને એને એમ કહેવામાં આવે કે બેટા, સર્વોત્તમસ્તોત્રનો ઓગણીસમો શ્લોક બોલ, એટલે એ ઓગણીસમો શ્લોક શરૂ કરે. કદાચ તમે મને કહો તોપણ મારાથી સીધો ઓગણીસમો શ્લોક જ શરૂ ન થાય. પણ એ ઓગણીસમો શ્લોક જ શરૂ કરે. તમે એને એમ કહો કે નવરત્નનો છઠ્ઠો શ્લોક શરૂ કર, તો એ નવરત્નનો છઠ્ઠો શ્લોક શરૂ કરે. તમે એને એમ કહો કે બેટા. આજે ઊંધેથી આગળ જા, તો એ છેલ્લા શ્લોકથી પહેલા શ્લોક સુધી પણ કડકડાટ બોલી જાય. અને સતત રમતો હોય, ખાતો-પીતો હોય. એના દાદા નવરા હોય - સેવાના અનોસરના સમયમાં - ત્યારે એમની ગોદમાં એને બેસાડીને આ જ ભગવન્નામ લેવડાવ્યા કરે અને એ લીધા કરે. એટલા બધા સ્તોત્ર પાઠ આજે એને મોઢે છે કે એ જોઇને મને થયું કે ખરેખર આવા પુષ્ટિજીવો ઉપર શ્રીમહાપ્રભુજીની કેટલી બધી કૃપા છે? આનું કારણ શું? આનું કારણ એક જ છેઃ બચપણના સંસ્કાર.

આપણે નાનપણથી જ આપણા ઘરમાં આ પ્રકારના સંસ્કારો બાળકને આપ્યા નથી. આપણે પણ આપણા ઘરમાં જો આપણાં બાળકોને નાનપણથી જ આવા સંસ્કારો આપીશું, તો એ બાળકો મોટાં થશે ત્યારે આ સંસ્કારોનું બીજ એમના મનમાં ઊગવાનું જ છે. એ કદીયે નિષ્ફળ જવાનું નથી. અને માટે અહીંયાં એક પ્રશ્ન થયો કે શું દયા કરવાની વિનંતી કરી એટલે આપણે છૂટી ગયાં? આપણે બધું જ પ્રભુની કૃપા ઉપર છોડતાં હોઇએ તો વાત જુદી છે. આજે પ્રયોગ કરજો. આજ સાંજે ઘરે જઇને રસોઇ બનાવવાની ખટપટમાં ન

પડશો. પ્રભુકૃપા કરે, અને તમારી સામે ભોજનની થાળી આવે તો પ્રસાદ લેજો. પણ એ તો નથી બનતું. જો એને માટે પ્રયત્ન કરીએ, તો પછી જીવે ભગવત્ સેવા અને સ્મરણ માટે પણ પોતાનો પ્રયત્ન તો કરવો જ જોઇએ.

માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરીઃ 'નિવર્ત્ય સર્વતશ્ચેતો. જીવે ત્રણ કાર્ય કરવાંઃ પહેલું કાર્ય દુનિયાની સર્વ બાબતોમાંથી ચિત્તને પાછું ખેંચી લેવું, ચિત્તને સંકોરી લેવું. દયારામભાઇએ આ વાત બહુ સુંદર રીતે સમજાવી છેઃ 'જગત જાણે એ છે કે જંજાળી, રાખે હૃદે ત્રિકમજી શું તાળી.' દુનિયામાં ભલે બધા એમ જાણે કે આ માણસ બહુ જંજાળી છે. દુનિયામાં બહુ રચ્યો-પચ્યો રહે છે; પણ દુન્યવી સર્વ કાર્યો કરતાં-કરતાં મન પ્રભુની અંદર પરોવેલું રાખવાનું છે. અને તમારે- બહેનો અને માતાઓને- તો આ કામ બહુ સહેલું છે. 'મથન કરે મોહન જશ ગાવે, સુમર સુમર હરિગુણ સચુપાવે.' ઘરમાં કામ કરતાં જાઓ અને મનમાં પ્રભુના ગુણનું સ્મરણ કરતાં જાઓ. પણ આજે શું થઇ ગયું? મોઢેથી ગુણગાન બંધ થઇ ગયું અને સવારથી પેલો રેડિયો ચાલુ થઇ ગયો. હાથેથી કામ અને મોઢેથી ભગવન્નામ, હાથેથી કામ અને મનમાં ભગવન્નામ. આવી જો આપણે બરાબર ટેવ પાડી દઇએ તો તો જેમ એક ગાડી ચલાવનાર સુંદર મજાની ગાડી ચલાવે છે, અને એ ગાડી ચલાવતા હોય ત્યારે આપણે આંખ મીંચીને એની ગાડીમાં નિરાંતે બેઠાં હોઇએ છીએ, કે આપણે સલામત છીએ. વાંધો નહિ આવે. એમના મનમાં હજારો વિચારો ચાલતા હશે, પણ એની ગાડી ચલાવવાની બાબતમાં જરાયે રૂકાવટ નથી આવતી. જયાં બ્રેક મારવાની હોય, ત્યાં જ એની બ્રેક વાગે. જયારે આપણે તો ગમે ત્યાં બ્રેક લાગે છે અને ગમે ત્યાં એકસેલેટર દબાઇ જાય છે. સેવામાં લૌકિક બાબતોનું એકસેલેટર અપાય છે, અને લૌકિક બાબતોમાં ભગવન્નામની બ્રેક વાગતી હોય છે. માટે અહીંયાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ ચિત્તને બીજા બધામાંથી નિવૃત કરી દો. યાદ રાખજો, ચિત્તને નિવૃત કરવાનું છે, શરીરને નહિ. આપે આજ્ઞા કરી છે તેમ શ્રીમહાપ્રભુજીએ શ્રીભક્તિવર્ધિનીમાં પણ કહ્યું છેઃ વ્યાવૃત્તિ કરતાં-કરતાં પણ પ્રભુમાં ચિત્ત રાખો. માટે તો પેલા નારાયણદાસજી દીવાને રસ્તો શોધી કાઢ્યો કે 'ભૈયા ગોકુલ કબ ચલેંગે?'

મુંબઇમાં એક વૈષ્ણવ છે. એમના પરિચયમાં આવ્યો, ત્યારે મેં જોયું કે તેઓ એટલા બધા જંજાળી માણસ કે એમા શરીરથી જેટલું કામ થાય એના કરતાં સો ગણું ઝડપથી એમનું મગજ દોડે. બહુ ફાસ્ટ લાઇફ જીવનાર. એમ લાગે કે એ માણસ દુનિયાદારીમાં રચ્યો-પચ્યો છે. મને શરૂઆતમાં એમના માટે એક આશ્ચર્ય એવું રહ્યા કરે, કે એમનો જમણો હાથ હમેશાં એમના ઝભ્ભાના ખીસામાં કેમ રહે છે? એ માત્ર જમવા બેઠા હોય ત્યારે, અથવા તો સહી કરતા હોય ત્યારે જ એમનો જમણો હાથ બહાર જોઉં. એક-બે

વાર એમને પૂછયું પણ ખરું કે આ તમારો જમણો હાથ સતત ખીસામાં રાખીને કેમ ફરો છો? કંઇ તકલીફ છે હાથે? ત્યારે કહે કે ના, એ તો ટેવ પડી ગઇ છે. મને વાત માનવામાં ન આવી. પછી એમના નિકટના કુટુંબીજન પાસેથી જાણવા મળ્યું કે, એમને અષ્ટાક્ષર મંત્ર જપવાની ટેવ પડી છે. આંગળી ફર્યા જ કરે. અને કોઇ ન જુએ એટલા માટે હાથ ખીસામાં રાખે છે. સતત કામ ચાલતું હોય, જીભ ચાલતી હોય, ઉપર ત્રણ-ચાર ફોન પડયા હોય અને ઘંટડીઓ વાગ્યા કરતી હોય, પણ મનમાં અષ્ટાક્ષરનું રટણ ચાલ્યા જ કરતું હોય. આ જાણ્યા પછી અને એમની સાથે અતિ આત્મીયતા થયા પછી હું એમને પૂછું કે આ કેમ ફાવે છે? કહે કે એમાં ફાવવાનું શું છે? મન મનનું કામ કરે છે અને શરીર શરીરનું કામ કરે છે. બહુ આનંદ આવે છે આમાં તો.

તમે બધું કરો, પણ ચિત્ત બીજા બધામાંથી કાઢીને પ્રભુમાં જોડી દો. આ કરવા માટેનો બહુ સુંદર ઉપાય આપણા વડવાઓએ બતાવ્યો છે. આપણા ઘરમાં એક-એક ખંડની જેટલી દીવાલો હતી, ત્યાં ઠાકોરજીનાં ચિત્રજી લગાડવામાં આવતાં હતાં. જે બાજુ તમે નજર કરો ત્યાં તમને પ્રભુનાં દર્શન થાય. કામ કરતાં-કરતાં પ્રભુનાં દર્શન થઇ જાય. પણ હવે તો એવું થયું છે કે બધી દીવાલો ઉપર પ્રભુનાં ચિત્રજી લગાડાય નહિ, કારણકે ઘરમાં આમ શોભે નહિ. મારા ઘરમાં જે આવે છે તે બધા કહે છે કે તમે તમારી દીવાલનો એક પણ ખૂણો ખાલી નથી રાખ્યો. મેં કહ્યું કે ના, હજુ થોડી જગ્યા ખાલી છે. ત્યાં ગોઠવાય તેવાં ચિત્રોની શોધમાં છું. અને એટલા માટે હું તો કહું છું, કે તમારી વેપારની પેઢી છે, ઓફિસ છે, દુકાન છે, ત્યાંય તમારી સામે ઠાકોરજીનાં ચિત્રજી પધરાવી નાખો. કામ કરતાં-કરતાં તમારું ધ્યાન ત્યાં જશે. અને ધ્યાન જેટલી મિનિટો અને સેંકટો ત્યાં જશે એટલી વાર તમારું ચિત્ત એમાં રોકાશે અને એમ કરતાં કરતાં ટેવ પડી જશે કે બહારથી કામ કર્યા કરો, મનથી પ્રભુનું નામ જપ્યા કરો, પ્રભુનું સ્મરણ કર્યા કરો અને જુઓ તમને કેવો આનંદ આવે છે!

શ્રીહરિરાયચરણે બીજી આજ્ઞા કરીઃ નિરુદ્ધ્ય ચરિતે હરેઃ! પ્રભુના ચરિત્રમાં મનને રોકી રાખો. વાતો કરવી હોય તો ભગવલ્લીલાની વાતો કરો. તમને જો સંગીતનો શોખ હોય તો કીર્તન સાંભળો. તમને જો ગાવાનો શોખ હોય, તો કીર્તન ગાઓ. જો વાતો સાંભળવાનો શોખ હોય તો ભગવલ્લીલાની વાતો સાંભળો. જો તમારી જીભને બહુ વાતો ગમતી હોય તો પ્રભુની લીલાની વાતો કરો, લૌકિક વાતો બંધ કરો. માટે પહેલા જ શિક્ષપત્રના પ્રારંભમાં શ્રીહરિરાયચરણે ખૂબ સુંદર વાત કહીઃ નિરુદ્ધવચનો. વાણી ઉપરનો સંયમ તો જીવનમાં બહુ જરૂરી છે. વચનનો-વાણીનો નિરોધ કરો. શક્ય હોય તો પ્રતિજ્ઞા લો કે દિવસમાં ઓછામાં ઓછો આટલો સમય મૌન ધારણ કરીશું, પણ એ એવું મૌન નહિ કે નિશાની કરીને વાતો

કરવી, સ્લેટમાં લખીને વાતો કરવી. મૌન એટલે મૌન. જેના ચિત્તમાં મૌન હોય, મનમાં શાંતિ હોય, પ્રભુસ્મરણ હોય, એવું મૌન. એક અક્ષરથી જવાબ અપાતો હોય તો બે શબ્દ ન બોલવા. દુનિયાના આરોગ્યશાસ્ત્રીઓ આજે એમ કહે છે કે જે માણસ બોલવામાં સંયમ રાખે છે અને ઓછું બોલે છે એ વધારે લાંબું તંદુરસ્ત જીવન જીવે છે. અમારા શિક્ષકોને તંદુરસ્તીમાં ભારે મુશ્કેલી પડે છે. એનો અમને જાતઅનુભવ છે. માફ કરજો, બહેનોને પણ જરૂર અનુભવ થતો હશે કે બહુ બોલ્યા પછી થાક લાગે છે. પરંતુ આપણી જીભને એવી કુટેવ પડી ગઇ છે કે કોઇ સાંભળનાર મળે એટલે એની સ્વીચ ઓટોમેટિક ચાલુ થઇ જાય છે- જાણે ટેપરેકર્ડર! પછી મંદિરમાં આવીએ, રસ્તામાં ચાલીએ, ઘરે હોઇએ કે ગમે ત્યાં હોઇએ.

એક અંગ્રેજ ભાષાશાસ્ત્રીએ બહુ મજાની વાત કરી છે. હું મારા વિદ્યાર્થીઓને જયારે ભાષા શીખવું છું ત્યારે પહેલા જ દિવસે આ વાક્ય શીખવું છું કે શિક્ષકોએ બાળકોને બાળપણમાં ભાષા એટલા માટે શીખવવાની છે કે એને વધારે બોલતો કરવો છે. કારણ કે મોટા થયા પછી- લગ્ન થયા પછી એને બોલવાનું બંધ કરવાનું છે. પછી ઘરમાં બોલનારું એવું પાત્ર આવશે કે જે પેલાને બોલવા જ નહિ દે, માટે નાનપણમાં બોલી લેવું. અહીં કહેવાનું તાત્પર્ય એ છે કે નિરુદ્ધવચનઃ- વાણીનો સંયમ રાખો. શ્રીહરિરાયચરણ પણ અહીંયાં આજ્ઞા કરે છે કે પ્રભુના ચરિત્રમાં જો નિરોધ કરવો હોય, મનને ચોંટાડેલું રાખવું હોય, તો તમારી સર્વ ઇન્દ્રિયોને કાચબાની જેમ અંદર સંકોચી લેવી પડશે. અને એની શરૂઆત કરવી પડશે વાણીથી. વાણીમાં સંયમ કરીને, મનમાં પ્રભુની લીલાઓનું ક્રમ પ્રમાણે ચિંતન કરવા માંડો. પ્રભુના ચરિત્ર-ચિંતન દ્વારા નિરોધ થશે. અને ત્રીજું કર્તવ્ય બતાવ્યું કે આ બંને કરવાં હોય તો 'સ્થીયતાં સજ્જનૈઃ સહ.' અહીંયાં સજ્જન એટલે ભક્ત. ભગવદ્‌ભક્તના સંગમાં રહો. ભગવદ્‌ભક્તોના સંગથી, સત્સંગથી, લૌકિકમાંથી આપણી ચિત્તવૃત્તિઓ વળતી જશે, વાણીનો નિરોધ થતો જશે, મન પ્રભુની લીલાઓમાં લાગતું જશે. અને એમ થશે ત્યારે છેવટે શું થશે? 'હૃદિકૃત્ય કૃપાવશ્ય.' પ્રભુ કૃપાને વશ થઇ, હૃદયની અંદર પધારશે.

માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે આ કળિકાળમાં પ્રભુને પ્રાપ્ત કરવા માટેનો જો કોઇ પણ માર્ગ હોય, તો આ એક જ માર્ગ છેઃ ભગવદ્‌ભક્તોના અને ભગવદ્‌ગ્રંથોના સત્સંગ દ્વારા લૌકિક બાબતોમાંથી ધીમે ધીમે બને તેટલી ચિત્તની આસક્તિને ઘટાડતા જવું, ચિત્તને પ્રભુમાં લગાડતા જવું, અને ચિત્તમાં પ્રભુના ચરિત્રનું ચિંતન કરતાં કરતાં મન અને સર્વ ઇન્દ્રિયોન એમાં જોડતા જવું. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ આ પણ જો ન બની શકે, તો એક છેલ્લો ઉપાય છે, અને તે છે પ્રભુની શરણભાવના, શ્રીમહાપ્રભુજીએ 'વિવેકધૈર્યાશ્રય' ગ્રંથમાં સમજાવ્યુ છે, આજના સમયમાં આપણા

સૌના માટે, આજના આપણા જીવનમાંના પ્રશ્નોના ઉકેલ માટે જો કોઈ સુંદર રસ્તો હોય, તો તે છેઃ 'હે વૈષ્ણવો! તમારા ઉપર દુઃખ આવે ત્યારે તમે રોદણાં ન રડશો. તમે કોઈ સામાન્ય મનુષ્ય નથી, તમે શિયાળનાં બચ્ચાં નથી. તમે સિંહના બાળ છો. દુઃખનાં રોદણાં રડવાથી કંઈ દુઃખ દૂર થતું નથી, માટે તમે વિવેક રાખો-વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ'-પ્રભુ પોતાની ઇચ્છા પ્રમાણે કામ કરે છે. આ સર્વ કંઈ પ્રભુની ઇચ્છા પ્રમાણે બને છે, એવો વિવેક રાખીને જીવનમાં આવતાં ત્રણે પ્રકારનાં દુઃખો-આધિ, વ્યાધિ અને ઉપાધિ-ધીરજપૂર્વક સહન કરો. અને એ સહન થાય કે ન થાય એ સ્થિતિમાં 'અશકયે વા સુશકયે વા સર્વથા શરણં હરિઃ' - અશક્ય પરિસ્થિતિ હોય કે સુશક્ય પરિસ્થિતિ હોય, આનંદની સ્થિતિ હોય કે દુઃખની સ્થિતિ હોય, પ્રભુનું સ્મરણ રાખો. 'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'

અહીં પણ શ્રીહરિરાયચરણે છેલ્લા બે શ્લોકમાં એ જ આજ્ઞા કરી છે કે તમે પ્રભુની શરણભાવના દૃઢતાથી પકડી રાખો, કે હું તમારે શરણે છું. જેવો છું એવો હું તમારો છું, તમારે મને જેમ રાખવો હોય તેમ રાખજો, હે કૃષ્ણ! તમે કેવા છો? તમે કોઈનું દુઃખ જોઈ શકતા નથી, તમે સર્વને સુખ આપનારા છો. તમે નિજજનોના દુઃખને જોઈને સદાય કરુણાસાગર થઈ પરિપ્લાવિત બનો છો, માટે હું તમારા શરણે છું. આવા કરુણાસાગર કૃષ્ણ આપણને અલૌકિક સ્વામી તરીકે પ્રાપ્ત થયા હોય, પછી આપણે શીદને ફિકર કરવી? દયારામભાઈએ પણ કહ્યું કેઃ

> *'ચિત્ત તું શિદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે,*
> *જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે.'*

એ જેવું વાજિંત્ર વગાડશે એવો સૂર એમાંથી નીકળવાનો છે. તું શું કરવા આ બધી મથામણ કરી રહ્યો છે? શ્રીહરિરાયચરણ અહીં પ્રભુની શરણભાવનાને દૃઢ બનાવવા માટે આપણને સમજાવી રહ્યા છે, 'અમંદપરમાનન્દો નિજાનન્દાશ્રયસ્થિતઃ, સ્વરૂપાનંદદાતા ચ...' શા માટે શ્રીમહાપ્રભુજીએ બીજા કોઈ દેવ નહિ, અને સાક્ષાત્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણનું આપણને શરણ આપ્યું? શ્રીહરિરાયચરણ અહીંયાં આજ્ઞા કરે છેઃ 'અમંદપરમાનન્દો'- જેમનો પરમાનંદ અમંદ છે, જે કદી પણ ઘટતો નથી, જે પૂર્ણાનંદ છે, જે કયારેય અધૂરો આનંદ કોઈને આપતા નથી. વળી, 'નિજાનન્દાશ્રયસ્થિતઃ'-જે હંમેશાં નિજાનન્દના આશ્રયને સ્થિત બિરાજે છે, જે સદાય આનંદમય લીલાઓ કરે છે. જે સર્વ ભક્તોને પોતાની આનંદમય લીલાઓનું દાન કરે છેઃ સ્વરૂપાનંદદાતા-પોતાની સર્વ લીલાઓનું દાન કરનારા એવા શ્રીકૃષ્ણઃ શરણં મમ- એ શ્રીકૃષ્ણ મારું શરણ છે. હવે મારે કોનો ભય રાખવો? આવો સમર્થ સ્વામી પ્રાપ્ત થયો છે, હવે માર આ

કરાલકાળની પણ બીક રાખવાની જરૂર નથી. કદાચ મારાથી સેવા કે સત્સંગ બને કે ન બને, પણ એ મારા સ્વામી શ્રીકૃષ્ણનું શરણ પકડયું છેઃ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ.'

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ

તસ્માત્ સર્વાત્મના નિત્યં શ્રીકૃષ્ણઃ શરણં મમ ।
વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ ॥

સર્વાત્મભાવપૂર્વક, પ્રેમપૂર્વક, અષ્ટાક્ષર મહામંત્ર સતતમ્-હમેશાં બોલ્યા કરો. આ જ મારો અભિપ્રાય છે. શ્રીમહાપ્રભુજીએ મહોર મારી છે કે મને પૂછો, તો તમારે બીજું કંઇ કરવાની જરૂર નથી. માનસી ગંગાના ઘાટ ઉપર કૃષ્ણ ચૈતન્યજી શ્રીમહાપ્રભુજીને મળ્યા. મિલન થયું છે બે પરમ ભગવદીયોનું. એક હરિસંગ-કીર્તનમાં પ્રેમ રાખનારા અને બીજા પ્રભુને અત્યંત પ્રિય એવા શ્રીવલ્લભ. કૃષ્ણ ચૈતન્યજી કહે છેઃ શ્રીવલ્લભ! મને એમ લાગે છે કે આ કરાલ કલિકાળમાં ભલે ગમે તેટલા અવગુણો હોય, પણ એક મોટો ગુણ એનામાં છે. જીવ બીજું કોઇ સાધન કદાચ, ન કરી શકે તો કંઇ નહિ, પણ એક વખત જો પ્રેમથી ભગવન્નામ લઇ લે તો તેનો ઉદ્ધાર થઇ જાય. શ્રીમહાપ્રભુજી કહે છે, ચૈતન્યજી! હું તમારી સાથે સંમત નથી. એક વાર ભગવન્નામ લેવાથી કશું નહિ થાયઃ કારણ કે આ કરાલ કલિકાળ છે. દુઃસંગ ભારે પ્રબળ છે. ગાયના શીંગડા ઉપર રાઇનો દાણો ઠરે એટલો સમય પણ ભગવન્નામથી વિમુખ ન થવાય. વિચાર કરો. આપણે ચોવીસ કલાકમાં કેટલો સમય ભગવન્નામ લઇએ છીએ? અને થોડાક સમય માટે કેવળ ભગવન્નામ લીધું એટલે આપણે સર્વસ્વ કરી લીધું એમ માનવું તે પણ ખોટું છે. કારણ કે ભગવન્નામ લેનારનો તો જાત-અનુભવ છે કે ભગવન્નામ લેવાય તેટલો વખત એ આનંદનો અનુભવ થાય, પણ ભગવન્નામ લેવાનું બંધ થાય એટલે પાછું મન લૌકિક આવેશમાં દુઃખ અનુભવે. માટે શ્રીમહાપ્રભુજીએ આપણને બતાવ્યું કે તમે તમારું આખું જીવન સદાય સેવામય બનાવી લ્યો. સેવા અને સ્મરણમાં જીવનને એવું વણી લો કે તમારા હૃદયમાં સદાનંદ પ્રભુ સેવા-સ્મરણરૂપે સદાય તમને આનંદ આપ્યા કરે. માટે ભગવદીયોએ ગાયું 'કહો મનસિ શ્રીકૃષ્ણઃ શરણં મમ' હે મન! તને જો કંઇ પણ પણ બોલવાનું મન થાય, તમે કંઇ પણ વાત કરવાની ઇચ્છા થાય, તને કંઇ પણ વિચાર કરવાની જરૂરિયાત જણાય, તો તું બીજું કશું કહેવાને બદલે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલ. શ્રીવિઠ્ઠલ ગિરિધરનલાલકો, ગહો કમલચરન. પ્રભુનું નામ લેતાં-લેતાં, પ્રભુના ચરણકમળને પકડી લો. એના ચરણારવિંદમાં દાસ-દાસી બનીને આપણે રહીએ. એના ચરણારવિંદનો દૃઢ, અનન્ય આશ્રય કરીને રહીએ, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કેઃ આ કરાલ કલિકાળમાં પ્રભુ આપણા ઉપર દયા કરીને આપણને બચાવશે. આમ, અહીંયાં તેરમા શિક્ષાપત્રમાં અગિયાર શ્લોક દ્વારા

શ્રીહરિરાયચરણે અત્યારના સમયની દુઃખદ પરિસ્થિતિનું વર્ણન કરતાં-કરતાં જીવે કેવી રીતે સત્સંગ કરી, પોતાનું ચિત્ત પ્રભુમાં લગાડવું, અને દૃઢ શરણભાવના અને આશ્રય રાખવાં તેનો તથા કળિયુગને જીતવાનો અને ભવસાગર તરવાનો ઉપાય આપણને બતાવ્યો.

॥ ઈતિ શ્રીહરિરાયજી કૃત ત્રયોદશમ્ શિક્ષાપત્રમ્ શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતમ્ સમાપ્તમ્ ॥

શિક્ષાપત્ર ચૌદમું

શ્રીમત્પ્રભુપદયુગલે સ્થાપ્યં ચેતશ્ચમત્કારિ ।
તદનુગ્રહણાદેવ હિ ભવતિ તદીયસ્ય સર્વતઃ સકલમ્ ॥૧॥

શ્રીઠાકોરજી અને શ્રીગુસાંઇજીનાં ચરણાવિન્દ ચમત્કારી છે. તેમાં ચિત્તને સ્થાપન કરવું. જેઓ તેમાં 'તદીય' છે, તેમનું સર્વસ્વ તેમના અનુગ્રહથી જ સિદ્ધ થશે. (૧)

અન્યાશ્રયસ્તદીયૈકપદાશ્રયવિરોધકૃત્ ।
પ્રભોરુદાસીનતાયાઃ કારણં ત્યજ્યતાં દ્રુતમ્ ॥૨॥

તેવા તદીયો માટે અન્યાશ્રય કરવો એ એકમાત્ર તેમના આશ્રયભાવનો વિરોધી છે. પ્રભુ જો ઉદાસીન હોય, તો એવા અન્યાશ્રયને કારણે જ. માટે તેવા અન્યાશ્રયનો તરત જ ત્યાગ કરવો. (૨)

અસત્સંગસ્ય ચ ત્યાગો ભાવબાધકતા યતઃ ।
યથા વ્યાઘ્રો બાધકઃ સ્યાત્ શરીરાદેઃ શરીરિણઃ ॥૩॥

અસત્સંગનો ત્યાગ કરવો; કારણ કે તેનાથી ભગવદ્‌ભાવનો નાશ થાય છે. જેમ દેહધારીના દેહને વ્યાઘ્ર બાધક છે, તેમ અન્યાશ્રય તેમને બાધક છે. (૩)

અસત્સંગસ્થતા પ્રોકતઃ શ્રીમદાચાર્યપંડિતૈઃ ।
અધ્યાસઃ સ્વશરીરાદૌ તદીયત્વપ્રકારતઃ ॥૪॥

શ્રીમદાચાર્યજી મહાપંડિત છે. તેઓશ્રીએ તો એમ કહ્યું છે કે જીવને પોતાના શરીર વગેરેમાં અસત્સંગ હોવા એ તેના અધ્યાસરૂપ છે, અને તદીયો માટે તેમનાં શરીરાદિ તો તદીયત્વના ભાવની દૃષ્ટિએ ભગવત્સંબંધી છે. (૪)

વિધાય સર્વથા ભીતિં વિધેયેતરયોગતઃ ।
સત્સંગેન સ્વમાર્ગૈકનિષ્ઠત્વેન ચ સર્વથા ॥૫॥

માટે ચિત્તને અન્યથા જોડવું એ ભયરૂપ છે એમ સમજી સર્વથા તેને પુષ્ટિમાર્ગીય સાધનમાં જોડવું, તદર્થે પુષ્ટિમાર્ગમાં નિષ્ઠા રાખી, સત્સંગને જ સેવવો. (૫)

સમર્પણાડનુસંધાનં વિધેયં મિલિતૈઃ સદા ।
ઇદમેવાડસ્મદાચાર્ય- માર્ગે સાધનમુત્તમમ્ ॥૬॥

ભગદીયોની સાથે મળી સદા સમર્પણનું અનુસંધાન કરવું. આચાર્યશ્રીના માર્ગમાં આ જ સર્વથી ઉત્તમ સાધન છે. (૬)

સ્વાચાર્યચરણદ્વંદ્વદઢાશ્રયણમાદતૈઃ ।
વિધેયં તેન સકલમસ્મિન્ માર્ગે ભવિષ્યતિ ॥૭॥

જો જીવ આપણા આચાર્યશ્રીનો આદરપૂર્વક દઢ આશ્રય કરે, તો આ માર્ગમાં સર્વ કાંઇ સિદ્ધ થઇ શકે છે. (૭)

શિક્ષાપત્ર ૧૪મું

તેરમું શિક્ષાપત્ર યથાશકિત અને યથામતિ વિચાર્યું હતું, જેમાં શ્રીહરિરાયચરણે અંતમાં આપણને આજ્ઞા કરી હતી કે જયારે આ કરાલ કલિકાળ આવ્યો છે, જયારે સેવા અને સત્સંગમાંથી આપણો અનુરાગ ઘટતો જાય છે; ત્યારે બીજું કંઇ ન બને તો શ્રીકૃષ્ણઃ શરણં મમ. એ સર્વસામર્થ્યવાન પરમાનંદ એવા શ્રીકૃષ્ણ આપણું શરણ બની રહે, આપણે એમનો દઢ આશ્રય કરીને રહીએ, તો પ્રભુ જરૂર દયા અને કૃપા કરશે.

પ્રભુનો અનન્ય રીતે આશ્રય કરવો અને બીજા સર્વનો આશ્રય છોડવો એટલે શું? અનન્ય આશ્રય અને અન્યાશ્રય એ શું છે? શા માટે અન્યાશ્રયને શ્રીહરિરાયચરણે મહાન બાધક કહ્યો છે? એ આ ચતુર્દશ શિક્ષાપત્ર દ્વારા આપણને બતાવે છે.

આમ તો ચૌદમું શિક્ષાપત્ર નાનકડું શિક્ષાપત્ર છે. ફકત સાત શ્લોકનું શિક્ષાપત્ર છે, પણ સાત શ્લોકમાં અન્યાશ્રય અને અન્યાશ્રય દ્વારા આપણા જીવનને ગ્રસી જનાર દુ:સંગના સ્વરૂપને શ્રીહરિરાયચરણે ખૂબ સુંદર સમજાવ્યું છે. માટે એના વિષયને સમજાવતાં કહ્યું: 'ચતુર્દશે ચ દુ:સંગપરિત્યાગ નિરૂપણમ્।' આ ચૌદમા શિક્ષાપત્રમાં અન્યાશ્રયના ત્યાગ દ્વારા અને અનન્યાશ્રય કેળવીને દુ:સંગ કેવી રીતે છોડી શકાય એનું ખૂબ સુંદર રીતે નિરૂપણ કરવામાં આવ્યું છે, માટે આ શિક્ષાપત્રનો પ્રારંભ કરતાં તેરમા શિક્ષાપત્રનું અનુસંધાન શ્રીહરિરાયચરણ આપણને કરાવે છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમદ્ પ્રભુપદયુગલે- અર્થાત્ શ્રીઠાકોરજી અને શ્રીગુસાંઇજીનાં ચરણકમળમાં આપણા ચિત્તનું સ્થાપન કરવું. આ ચિત્ત ભારે ચમત્કારિક છે, ચિત્તની ચમત્કૃતિ એટલી બધી છે કે આપણે ઘણી વાર આપણા પોતાના ચિત્તને સમજી શકતા નથી. આપણે મનનો દઢ સંકલ્પ કરીને જપ-સ્તોત્ર-પાઠ કરવા, ભગવન્નામ લેવા, સેવા કરવા બેઠા હોઇએ, પણ એ મન વારંવાર આઘુંપાછું થઇ ભટકયા જ કરે, એ મન આપણે જયાં રાખવું હોય ત્યાં રહે નહિ. આપણે તો સામાન્ય જીવો છીએ. પરંતુ બસો બાવન ભગવદીયોમાં પણ એવા ભગવદીયોએ બતાવ્યું કે શ્રીગુસાંઇજીની પૂર્ણ કૃપા ન થાય તો ચિત્ત પ્રભુમાં ચોંટેલું રહેતું નથી તેવા બે પ્રસંગો આપણે જાણીએ છીએઃ રાજનગરના એક વૈષ્ણવ શૃંગાર કરતાં કરતાં જોડા ખરીદવાનો વિચાર કરે, ત્યારે તેમની પુત્રવધૂએ

આવેલ માણસને કહ્યું કે શેઠ મોચીખાને જોડા ખરીદવા ગયેલ છે. બીજા એવા એક ભગવદીય છે શેઠ દામોદરદાસ સંભરવાળા. રાજયના દીવાન છે, નગરશેઠ છે. શ્રીદ્વારકાધીશ પ્રભુને લાડ લડાવે છે, સેવા કરતાં કરતાં મનમાં વિચાર આવ્યો કે રાજય માટે ઘોડા ખરીદવાના છે. એમની પેલી કૃપાપાત્ર દાસીએ આવેલ માણસને કહ્યુ કે શેઠ ઘોડા ખરીદવા ગયા છે. આવા ભગવદીયોનું ચિત્ત તો કયારેક જ પ્રભુથી દૂર જાય છે, બાકી તો સદાસર્વદા પ્રભુમાં લાગેલું રહે છે. જયારે આપણા માટે પરિસ્થિતિ એના કરતાં જુદી જ છે, આપણુ ચિત્ત કયારેક જ પ્રભુમાં જોડાયેલુ રહે છે, બાકી તો મોટાભાગે તે પ્રભુથી દૂર ને દૂર રહેતું હોય છે. માટે શ્રીહરિરાયચરણે અહીં આજ્ઞા કરી કે આ માર્ગની ચાવી એક જ છે, તમારા ચિત્તને પ્રભુનાં ચરણારવિંદ સાથે ચોંટાડી દો.

એમ કરવાથી પ્રભુનો અનુગ્રહ થતાં તમારા સર્વ પ્રકારના મનોરથ સિદ્ધ થશે. એવા ભગવદીય થઇ ગયા કે જેમણે બાહ્ય રીતે બહિર્મુખ કહેવાય એવું જીવન જીવી બતાવ્યુ. પણ એક ક્ષણ એમના ચિંત્તને શ્રીગુસાંઇજીના ચરણારવિંદથી દૂર ન કરે. આગ્રામાં ગુલાબદાસજી થઇ ગયા. વૈષ્ણવોના મુખથી એમણે સાંભળ્યું કે શ્રીગુસાંઇજીનો સેવક થાય, એ વૈષ્ણવ ગમે તેવો પાપી હોય, અપરાધી હોય, પણ શ્રીગુસાંઇજી પોતાના બળથી એનો ઉદ્ધાર કરે છે. ગુલાબદાસજીએ વિચાર કર્યો કે આ વાતની ખાતરી કરવી જોઇએ. તેમણે ગોકુળ આવીને બ્રહ્મસંબંધ લીધું. પછી પૂછવાયે ઊભા નથી રહ્યા કે હવે મારે શુ કરવું? મનથી નિર્ણય કર્યો કે વૈષ્ણવ બન્યો એ વખતે જેટલાં પાપ કરતો હતો, તેનાથી અનેકગણાં પાપ હવે કરવાનાં છે. જોઉં, કેવી રીતે શ્રીગુસાંઇજી મારો ઉદ્ધાર કરે છે! ફરી આગ્રા પહોંચ્યા. વૈષ્ણવનો વેશ છોડયો. સમર્પિત ખાનપાન છોડયું અને અસમર્પિત લઇ રહ્યા છે. ગુલાબખાન એવું નામ ધારણ કરીને ગણિકાઓના મહોલ્લામાં પડયા પાથર્યા રહે છે, બહારથી સૌને એમ લાગે છે કે તેઓ ભ્રષ્ટ થઇ ગયા છે. આવા ભ્રષ્ટ વાતાવરણમાં આવી રીતે બહારથી ભ્રષ્ટ જીવન જીવવાનો પ્રયોગ કરતાં કરતાં એમનું ચિત્ત સદાય શ્રીગુસાંઇજીના ચરણકમળોમાં ચોંટેલુ છે.

શ્રીગુસાંઇજીનાં ચરણકમળ અને વદનકમળનુ નિશદિન ધ્યાન છે, બાહ્ય રીતે વેશ અને વાતાવરણ વિચિત્ર છે. એક વૈષ્ણવને શ્રીગુસાંઇજીએ આગ્રા મોકલ્યા. આજ્ઞા કરી કે તારે તારો કોઢ મટાડવો છે ને? આગ્રા જા, ત્યાં મારો એક કૃપાપાત્ર સેવક છે, ગુલાબદાસ. એના વર્તન સામે ન જોઇશ, એને જઇને એટલુ જ કહેજે કે શ્રીગુસાંઇજી તને યાદ કરે છે. એ વૈષ્ણવ આગ્રા આવ્યા. ગણિકાઓના લત્તામાં પૂછે છે કે અહીં ગુલાબદાસ નામના વૈષ્ણવ રહે છે? સૌ કહે છે, ભલા માણસ, અહીં કંઇ વૈષ્ણવ આવતા હશે! તેઓ ગલીએ ગલીએ ફરે છે અને ગુલાબદાસ ગુલાબદાસ કરીને બૂમો

પાડે છે. કોઇકે કહ્યું કે અહીં ગુલાબદાસ તો નથી, પણ ગુલાબખાન છે. જુઓ, પેલી ગટરની ગલીમાં એ પડયો છે. ત્યાં જઇ વૈષ્ણવે ત્રણ વખત ગુલાબદાસના કાનમાં કહ્યું: 'તમને શ્રીગુસાંઇજી યાદ કરે છે.' આટલું સાંભળતાં જ વિરહતાપ પ્રબળ બનતાં ગુલાબદાસ લીલામાં પહોંચી ગયા.

આવો દઢ આશ્રય, આવો અનન્ય આશ્રય, એ વૈષ્ણવોનું કર્તવ્ય છે, એમ શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી. પરંતુ હવે આપ સમજાવે છે કે આપણું ચિત્ત આટલું આટલું સાંભળવા છતાં,આટલું આટલું જાણવા છતાં, આટલું આટલું સમજવા છતાં કેમ પ્રભુનાં ચરણકમળમાં ચોંટતું નથી? એનું કારણ શું? મહાભારતમાં પણ દુર્યોધને, 'હું ધર્મને જાણું છું, પણ એ ધર્મની પ્રવૃત્તિઓ હું કરી શકતો નથી. હું અધર્મને જાણું છું, મારે આ ન કરવું જોઇએ એની મને ખબર છે, પણ હું એને છોડી શકતો નથી.' ચિત્ત પ્રભુમાં નથી ચોંટતું એનું કારણ અન્યાશ્રય.

'અન્યાશ્રય' શબ્દ બે શબ્દનો બનેલો છેઃ અન્ય અને આશ્રય. બીજાનો આશ્રય કરવો એનું નામ અન્યાશ્રય. અન્ય એટલે બીજા, જે પોતાના નથી તે. અન્યાશ્રયની વ્યાખ્યા કરીએ તો સીધીસાદી આવી થાય કે જે આપણા પોતાના નથી એમનો આશ્રય કરવો એનું નામ અન્યાશ્રય. આશ્રય કરવો એટલે એનો ભરોસો રાખીને એને શરણે રહેવું.

આ આશ્રયને આપણે લૌકિક ઉદાહરણોથી સમજીએ, બાળક માતાપિતાનો આશ્રય કરીને રહે છે. આપણે આપણા બાળકને બપોરે સુવાડી દઇએ છીએ, ત્યારે બાળક માતાપિતાનો ભરોસો રાખીને ઘસઘસાટ ઊંઘે છે. મારી માતા, મારા પિતા મને ઘરમાં એકલા મૂકીને કયાંય ચાલ્યાં નહીં જાય, એવો એને દઢ વિશ્વાસ છે. આ બાળકોનો મા-બાપ પ્રત્યેનો દઢ આશ્રય. પત્ની પોતાના પતિનો આશ્રય કરીને રહે છે. પત્નીને વિશ્વાસ છે કે ગૃહસ્થજીવનની જે કંઇ જરૂરિયાતો છે, એ સર્વ પૂરી કરવા માટે પતિ સમર્થ છે અને મારી તથા કુટુંબની જરૂરિયાતો તથા આવશ્યકતાઓ મારા પતિ પરિપૂર્ણ કરશે. મારા પતિ મને વિના કારણે દુઃખી નહિ કરે. પરિણામે, એ સ્ત્રી પોતાના પતિ ઉપર વિશ્વાસ રાખીને, પતિનો આશ્રય કરીને પોતાના ગૃહસ્થાશ્રમ ધર્મનું સુંદર રીત પાલન કરે છે. કોઇ નોકર હોય, તો તેને તેના શેઠ ઉપર દઢ વિશ્વાસ હોય છે કે હું મારા શેઠને વફાદાર છું. હું તેમનું બરાબર કામ કરું છું, તો મારા મુશ્કેલીના પ્રસંગમાં મારા શેઠ મારી સર્વ મુશ્કેલીઓ દૂર કરવા તત્પર રહેશે. આનું નામ અનન્યાશ્રય.

પુત્ર કે પુત્રીને કોઇ પણ વસ્તુની આવશ્યકતા ઊભી થાય તો એ પડોશી પાસે માગવા નથી જતાં, અથવા ઘરે આવેલા મહેમાનો પાસે નથી માગતા; એ તો પોતાનાં

માતાપિતા પાસે જ માંગે છે. બીજાં કોઇ સગાં-વહાલાં પાસે પણ માંગતા નથી. વેલો વૃક્ષની મદદ વિના ચઢી ન શકે, એમ મન પણ કોઇની મદદ વિના, કોઇના ટેકા વિના એકલું રહી શકતું નથી, ટકી શકતું નથી, જીવી શકતું નથી. જેના કુટુંબમાંથી કુટુંબીજનનું હરિશરણ થવાનું બને, એ પછીની વ્યકિત પહેલી ભાંગી પડે છે. એના વિના એ જીવી શકતી નથી; કારણ કે એનો આશ્રય એણે ગુમાવી દીધો છે. મનનો આ સ્વભાવ છે, કે કોઇનું અવલંબન રાખીને રહે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે લૌકિકમાં તમે તમારા કુટુંબમાં કોઇનું અવલંબન રાખો છો એમ અલૌકિકમાં તમે પ્રભુનું અવલંબન રાખીને રહો, પ્રભુનો આશ્રય કરીને રહો.

શ્રીમહાપ્રભુજીને પૂછીએ કે, 'મહારાજ, ધર્મશાસ્ત્રમાં સાંભળ્યું છે કે દેવોની તેત્રીસ કરોડની સંખ્યા છે. કદાચ હવે તો એમાંય ખાસ્સો વધારો થયો હશે. તો એ તેત્રીસ કરોડ દેવતાઓમાંથી બીજા કોઇને નહિ, અને યશોદાત્સંગલાલિત એવા શ્રીકૃષ્ણને તમે અમારા અલૌકિક પતિ તરીકે કેમ પસંદ કરી આપ્યા? એમની જ સાથે અમારું લગ્ન કેમ કરી આપ્યું? અમારે એમનો જ આશ્રય કરીને રહેવું 'કૃષ્ણ એવ ગતિર્મમ'- એનું કારણ શું? અમે બીજા કોઇ દેવનો આશ્રય કરીને રહીએ, તો તમને શો વાંધો છે?

શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે 'હે જીવ! જેમ લૌકિકમાં પેલી દીકરીએ એના દાદાને કહ્યું કે તમે એવો વર ન જોશો, કે જે ખૂબ ઊંચો હોય અને મારા ઘરનાં તોરણ રોજ તોડતો હોય. તમે મારે લાયક પતિ શોધી લાવજો, જે રૂડો-રૂપાળો હોય'. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે હું તમારે માટે અલૌકિક એવો ઉત્તમમાં ઉત્તમ પતિ શોધી લાવ્યો છું. શ્રીકૃષ્ણ તો સાક્ષાત્ મન્મથ-મન્મથરૂપ છે, કામદેવના પણ કામદેવ છે. એના રૂપની તોલે આવે એવું બીજા કોઇનું રૂપ નથી. એ મુરલીમનોહરની બાંકી છટાની તોલે બીજા કોઇની છટા નહિ આવે. બીજું કારણ એ છે, કે માનવનો એક સહજ સ્વભાવ છે: જે ન હોય તે મેળવવું. આપણે સૌ પણ એક જ વસ્તુ મેળવવા માટે આટલી બધી ધમાચકડી કરીએ છીએ. તે છે આનંદ.

કોઇને તમે પૂછો કે તું આ પ્રવૃત્તિ શું કરવા કરે છે? તો એ કહેશે કે હું આનંદ મેળવવા કરું છું. ચાના બંધાણીને પૂછો, શા માટે ચા પીએ છે? કહેશે કે મને મજા આવે છે. શા માટે મિષ્ટાન ખાઓ છો? - મજા આવે છે. શા માટે રોજ જુદી જુદી સાડી પહેરીને આવો છો?- આનંદ આવે છે. શા માટે આટલા મોંઘા કિંમતી સોનાના દાગીના પહેરો છો? - મજા આવે છે. શા માટે પાનાં રમો છો અને ઉજાગરા કરીને આ પિકચર જોવા પૈસા બગાડો છો? જવાબ મળશે કે મજા આવે છે. સૌ જે કંઇ પ્રવૃત્તિ કરે છે, તે મજા શોધવા કરે છે. જાણેઅજાણે સૌને આનંદની ભૂખ છે.

આપણે આપણી જાતને જો પૂછીએ, કે જે કંઇ પ્રવૃત્તિઓ આનંદ શોધવા કરીએ છીએ, એમાંથી આપણને ખરેખરો આનંદ મળે છે ખરો? જવાબ મળશે, ના. મિષ્ટાન્ન ખાધું, આનંદ આવ્યો; પણ પછી અકળામણ શરૂ થઇ અને દુઃખ શરૂ થયું થોડાં વર્ષો પછી, ડાયાબિટીસ પણ શરૂ થાય. જે આનંદ દુન્યવી ભોગોમાં મળે છે તે ક્ષણિક છે, હંમેશ માટેનો નથી. સોનાના દાગીના પહેર્યા, ત્યારે આનંદ આવ્યો. પણ ભીડમાં દર્શન કરવા જતાં ફડક છે કે કયાંક ચેઇન ખેંચાઇ ન જાય, અને આનંદ ઊડી ગયો. આનંદ સદાકાળ માટે દુનિયામાં કોઇનોય ટકતો નથી. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે શાસ્ત્રોએ આનંદની ગણતરી કરી બતાવી છે. આપણે જુદી જુદી વસ્તુઓનું માપ કાઢીએ છીએ. દૂધને લિટરમાં માપીએ, ઘઉંને કિલોમાં માપીએ, એમ આનંદનું માપ કાઢવું છે, તો શાસ્ત્રોએ એમ કહ્યું કે માની લો, આખી દુનિયાનો કોઇ એક જ રાજા હોય, અને જેટલો સર્વોચ્ચ આનંદ હોય તે આનંદનું એક માપ. આવા સો આનંદ બરાબર ગંધર્વનો એક આનંદ. ગંધર્વના સો આનંદ બરાબર અપ્સરાનો એક આનંદ. આમ, આનંદની ગણતરી ભગવાનના નિવાસધામ અક્ષરબ્રહ્મના આનંદ સુધી થઇ. સમુદ્રમાં સો નદીઓ ઠલવાય કે ઉનાળામાં ગમે તેટલા જળનું બાષ્પીઅભવન થાય, સમુદ્ર એટલો ને એટલો જ રહે. એ ક્યારેય સુકાય નહિ અને ક્યારેય છલકાય નહિ. તેમ અક્ષરબ્રહ્મમાં બિરાજમાન આપણા પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ પૂર્ણાનંદ છે. એના આનંદમાં ક્યારેય વધઘટ થતી નથી. એ બધો આનંદ આપી દે, તોય કદી તે ઓછો નથી થતો. માટે શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે પાંચ રૂપિયા ખીસામાં હોય, અને કોઇ એની પાસે માગવા જાય, તો બહુબહુ તો એ એને પાંચ રૂપિયા આપી દેશે, પચીસ નહિ આપી શકે. બીજા દેવો એમની મર્યાદા પ્રમાણએ થોડુંક ફળ કદાચ તમને આપશે, પણ પૂર્ણ આનંદ તમને કોઇ નહિ આપી શકે. એ તો કેવળ યશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ આપશે; કારણ કે તે પૂર્ણાનંદ છેઃ

"પ્રાકૃતાઃ સકલા દેવાઃ ગણિતાનંદકં બૃહત્
પૂર્ણાનંદો હરિસ્તસ્માત્ કૃષ્ણ એવ ગતિર્મમ."

ત્રીજું કારણ આપ બતાવે છે કે આ પ્રભુએ આખાય જગતનું સર્જન કર્યું છે. જગત અને આકાશમાં જે ગ્રહમંડળ આપણે જોઇએ છીએ, એ સર્વ પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે. પ્રભુએ સ્વયં પોતાનામાંથી પ્રગટ કરેલ છે. તે કેમ અને કેવી રીતે પ્રગટ કર્યું તે સમજવા એક ઉદાહરણ જોઇએ.

એક કરોડપતિ શેઠ છે. એને એમ થયું કે કારખાનું બનાવીએ. ચાલો મજા આવશે. તો શું એ શેઠ એના પાયા જાતે ખોદશે? શું જાતે એનું મકાન ચણશે? જાતે એની મશીનરી ઊંચકી લાવીને એમાં ગોઠવશે? જાતે બધું કામ કરશે? ના. એ જુદા જુદા કામ

માટે જુદા જુદા માણસોની નિમણૂક કરશે. એની બધી વ્યવસ્થા ગોઠવી દેશે અને પછી એ તો પોતાની એરકન્ડીશન્ડ ઓફિસમાં આરામથી બેસીને તેનો આનંદ લેતો રહેશે. દુનિયાની રોજિંદી ખટપટમાં પોતાનું મગજ બગાડશે નહિ. તેમ પ્રભુએ પણ આ જગતરૂપી એક મોટું કારખાનું બનાવ્યું છે. ફેકટરી બને ત્યારે ત્રણ મૅનેજરની જરૂર પડેઃ એક પ્રોડકશન કરનાર પ્રોડકશન મૅનેજર, બીજો વહીવટ કરનાર ઍડમિનિસ્ટ્રેટિવ મૅનેજર અને ત્રીજો કવોલિટી કંટ્રોલ મૅનેજર, જે કંઇ પ્રોડકશન થાય, એ બધું બરાબર થાય, એને રાખવું અને જે કંઇ નબળો માલ બને એનો નાશ કરવો. પ્રભુએ પણ ત્રણ આવા મૅનેજરો પેદા કરીને. તેમને આ જવાબદારી સોંપી. બ્રહ્માજીને આજ્ઞા કરી કે તમે જગતના પ્રોડકશન મૅનેજર, જગતનું સર્જન કર્યા જ કરો. વિષ્ણુને આજ્ઞા કરી કે તમે એનું વ્યવસ્થા-તંત્ર સાચવજો. અને મહાદેવજીને આજ્ઞા કરી કે તમે કવોલિટી કંટ્રોલ કરજો, જે સારા હોય અને સાચવજો અને નબળા હોય એને ધીમેધીમે વિદાય કરતા રહેજો. રોજ સવાર પડે અને છાપાના પહેલા પાના ઉપર તમે વાંચો છો કે આજે આટલા માણસો મરાયા.

આપણે જાણીએ છીએ કે મૅનેજર એ મૅનેજર છે અને શેઠ એ શેઠ છે. એ બે વચ્ચેનો તફાવત આપણને ખબર છે. એકલા મૅનેજર પણ કશું ન કરે, એના હાથ નીચે એનો એકેક આસિસ્ટન્ટ જોઇએ. મદદ કરનાર. માટે બીજાં દેવ દેવીઓને, શકિતની જરૂર પડે તે પ્રમાણે પ્રભુની માયાશક્તિએ પ્રકટ કર્યા. સૌને સૌનું કામ સોંપી દીધું છે, સૌને જવાબદારીઓ સોંપી દીધી છે, સૌને કેટલાક અધિકારો પણ સોંપી દીધા, જેમ મોટા કારખાનામાં સોંપાય, કે પાંચ રૂપિયા સુધીનો ખર્ચ કરવો હોય તો તને સત્તા, કોઇકને પચીસ રૂપિયાનો ખર્ચ કરવાની સત્તા, કોઇને પાંચસો રૂપિયાનો ખર્ચ કરવાની સત્તા, તો કોઇકને પાંચ હજાર રૂપિયા આપવાની સત્તા. તેમ જુદાં જુદાં દેવદેવીઓને પણ જુદી જુદી સત્તા આપી દીધી છે. શ્રીભાગવતના દશમ સ્કંધમાં ભગવાને યોગમાયાને આજ્ઞા કરી કે તું આ જગતમાં જુદાં જુદાં સ્થાને જુદાં જુદાં નામ ધારણ કરીને રહે. જે પ્રવાહી સૃષ્ટિ છે, જે તારી પાસે આવે અને પૂજન-અર્ચન કરે. એને તેની ઇચ્છા મુજબ લૌકિક ફળ આપ્યા કરજે. એ સૌને સાચવી લેજે. બધા મને ડીસ્ટર્બ કરવા ન આવે. હું તો કેવળ મારા જે પુષ્ટિ જીવો છે તેમને સાચવીશ.

પુષ્ટિ જીવો એટલે કોણ? 'પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રંથ'માં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પુષ્ટિ જીવો એટલે પ્રભુના સાક્ષાત્ શ્રીઅંગમાંથી પ્રકટ થયેલા તેવા જીવો. કેવળ ઠાકોરજીની સેવા કરવા માટે જ પ્રભુએ પુષ્ટિ જીવોને પ્રગટ કર્યા છે. માબાપ દીકરાને જન્મ આપે, એ એક જ હેતુથી કે એ અમારી સેવા કરે, પ્રભુએ પુષ્ટિ જીવોને જગતમાં

એટલા માટે જ પ્રગટ કર્યા કે તમારે બીજું કંઇ કરવાની જરૂર નથી. તમે કેવળ મારી સેવા કરો. બાકીનું કરનારાં તો દુનિયામાં ઘણાં છે, તે લોકો કર્યા કરશે. આમ, આખા જગતની રચના પ્રભુએ કરી. એના સ્વામી સર્વતંત્ર એવા પ્રભુ છે, એનાથી મોટું દુનિયામાં બીજું કોઇ નથી.

જો આપણે પેલી ફેકટરીના માલિક કરોડપતિ શેઠ સાથે ઘર જેવો સંબંધ હોય, તો એના ઝાંપે ઊભા રહેલા ગુરખાને હાથ જોડીને 'ભૈશાબ મને અંદર જવા દે,' એમ કહીને પગે પડીશું? ના, તમે તો છાતી કાઢીને ચાલ્યા જશો. તમને કોઇ રોકનારું નહિ મળે; કારણ કે શેઠ સાથે તમારો સીધો સંબંધ છે. માટે શ્રીમહાપ્રભુજી અહીં આજ્ઞા કરે છે કે મેં શ્રીકૃષ્ણને તમારા અલૌકિક સ્વામી તરીકે સ્થાપ્યા છે, કે જે જગતના નાથ છે. એનાથી મોટું બીજું કોઇ નથી. હવે તમારે બીજાની સાથે સંબંધ રાખવાની જરૂર શી છે? બીજાની આવશ્યકતા તમને પડવાની નથી. માટે 'કૃષ્ણ એવ ગતિર્મમ.'

આ પ્રમાણે આપણે આપણા પ્રભુની અલૌકિક શકિતનો વિચાર કર્યો. જો આપણને જે કંઇ જોઇએ છે, તે કોઇ આપી શકે તેમ હોય તો કેવળ પ્રભુ છે. એવા પ્રભુ આપણા માથે બિરાજે છે ત્યારે એવા પ્રભુનો દૃઢ આશ્રય છોડીને આપણે બીજાનો આશ્રય શા માટે કરવો પડે?

આપણે હવે એક બીજી દૃષ્ટિથી અન્યાશ્રયનો વિચાર કરવાનો છે. લૌકિકમાં એક પતિવ્રતા નારી પોતાના પતિને પોતાનું સર્વસ્વ ગણીને એના સુખે સુખી અને એના દુઃખે દુઃખી બનીને રહે છે. જો એ નારી પોતાના પતિને છોડીને અન્ય પુરુષ સાથે એ પ્રકારનો સંબંધ બાંધે, તો આપણે એની નિંદા કરીએ છીએ. એને વ્યભિચારી કહીએ છીએ. વ્યભિચાર એ જીવનનો દોષ છે, એ જીવનનો ગુણ નથી. એનાથી જીવનમાંથી શાંતિ ચાલી જાય છે, એનાથી જીવનમાંથી હંમેશ માટેનું મંગલમય સ્વરૂપ ચાલ્યું જાય છે. એનાથી ક્ષણિક સુખ સિવાય બીજું કશું પ્રાપ્ત થતું નથી; પરંતુ તે પતિવ્રતા નારી પોતાના ઘરમાં રહેલા બીજા પુરુષો સાથે કદી તિરસ્કારનો દુર્વ્યવહાર કરતી નથી. તેના ઘરમાં તેના સસરા પણ હોય, તેના જેઠ પણ હોય, દિયર પણ હોય, મહેમાનો પણ આવ્યા હોય, તે સૌનું સન્માન તે કરે છે, સૌને આદર આપે છે. સૌની અનુકૂળતા સાચવે છે. પરંતુ પોતાનું સર્વસ્વ તો કેવળ પોતાના પતિને જ સોંપે છે. બીજા કોઇને સોંપવાનો સ્વપ્નમાં વિચાર સરખો પણ કરતી નથી.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે અલૌકિકમાં પણ આ જ પ્રકાર આપણે આપણા જીવનમાં ઉતારવાનો છે; કારણકે આપણે જયારે અષ્ટાક્ષર મહામંત્રની દીક્ષા લીધી, ત્યારે પ્રભુ સાથે આપણું સગપણ થયું હતું. બ્રહ્મસંબંધ થયું, ત્યારે લગ્ન થયું. જેમ લૌકિક

લગનમાં બ્રાહ્મણ અને અગ્નિની સાક્ષીએ લગ્નગ્રંથિથી જોડાનારાં પતિ-પત્ની, સપ્તપદીના મંત્રો દ્વારા પ્રતિજ્ઞા લે, અને દામ્પત્ય-જીવન જીવવાનો પ્રારંભ કરે, તેમ બ્રહ્મસંબંધ દ્વારા અલૌકિક અગ્નિ સ્વરૂપ એવા શ્રીમહાપ્રભુજી અને શ્રીતુલસીની સાક્ષીએ સપ્તપદીના મંત્રરૂપી બ્રહ્મસંબંધના મંત્રના ઉચ્ચાર દ્વારા આપણે પણ પ્રભુ સાથેનો આપણો અલૌકિક સંબંધ જોડયો અને આપણે પ્રભુને નિવેદન કર્યું કે આ બધું તમારું છે અને તમને બધું સમર્પણ કરુ છું. આજથી હવે તમારો દાસ બનીને રહેવાની પ્રતિજ્ઞા કરું છું. આજથી હે પ્રભુ! તમે મારા અલૌકિક પતિ બન્યા છો. એટલે આપણા સ્વામી એ આપણા પોતાના અને તે સિવાય બીજા બધા પારકા. માટે શ્રીઠાકોરજી-યશોદોત્સંગલાલિત એ જ કેવળ આપણા પોતાના. શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી, યશોદોત્સંગલાલિત એવા શ્યામસુંદરને જ તમે તમારું પરમતત્ત્વ, તમારા પ્રાણપ્રિય જાણો. એ સિવાય જો બીજું કોઇ શ્યામસુંદરની સમાન છે એમ તમને કહે તો એને આસુર માનજો.

શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે પ્રેમનો સ્વભાવ છે એકાગ્રતાનો. જયાં પ્રેમ હોય ત્યાં એકાગ્રતા સધાય. પ્રેમ હમેશાં સંકોચન માગે. પ્રેમમાં આપણી સર્વ ઇન્દ્રિયો કે વૃત્તિઓ, જે ચોમેર ફેલાયેલી હોય તે કોઇ એકમાં કેન્દ્રિત થાય. પ્રેમ હમેશાં કેન્દ્રિત થાય, કદી વિકેન્દ્રિત કે વિભાજિત બની શકે નહિ. જયારે આદર, સન્માન એ હમેશાં વ્યાપક સ્વરૂપનાં છે. શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે આ આખુંયે જગત પ્રભુનું આધિભૌતિક સ્વરૂપ છે. સદ્ અને ચિદ્ અંશ સ્વરૂપે આ જગતમાં રૂપ અને નામના ભેદથી પ્રભુ બિરાજી રહ્યા છે, માટે જગતમાં સર્વને આદર આપવો એ આપણો સ્વભાવ છે. આદર સર્વને અપાય, સન્માન સર્વનું હોય, તિરસ્કાર કોઇનો ન હોય, પરંતુ સ્નેહ તો એકને જ થાય, સન્માન સૌને વહેંચાય, સમર્પિત એકને જ થવાય. જે લૌકિક માટે સાચું છે તે અલૌકિક માટે પણ છે. માટે શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું: પૂર્ણ પુરુષોત્તમ એવા સર્વસમર્થ પરમાનંદ પ્રભુ તમને પૂરેપૂરો આનંદ આપવાને સક્ષમ છે, તે તમારે માથે બિરાજે છે, ત્યારે હવે તમારે પ્રેમ કરવો હોય તો કેવળ એને જ કરો. સેવા એકની જ થાય, ઉપાસના અનેકની થાય, માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે આપણે ત્યાં સેવા છે, અને સેવા એ પ્રેમની અભિવ્યકિત છે.

પતિ-પત્ની પોતાના દામ્પત્ય પ્રેમની અભિવ્યકિત જાહેરમાં નથી કરતાં. પ્રેમનું જાહેરમાં પ્રદર્શન ન હોય, એનું દર્શન ન હોય. એ તો 'સ્ટ્રીકટલી બેડરૂમ અફેર' છે, એમાં બીજા કોઇને ડોકિયું કરવાનો પણ અધિકાર નથી. જો એવું લાગે કે કોઇક વ્યકિતની આ બારણા સામે નજર છે, તોપણ દંપતી દામ્પત્ય-જીવનના વ્યવહારમાં

નહિ જોડાઇ શકે. સેવા પણ આવા એક અલૌકિક પ્રેમનું સ્વરૂપ છે. જયાં પ્રભુ અને આપણી વચ્ચે અન્ય કોઇ ત્રીજી વ્યકિત અંતરાયરૂપ બનતી હોય, એવા સંજોગોમાં સેવા એ જાહેર નથી. માટે આપણે આપણા ઘરમાં સેવા કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજીએ બતાવ્યું કે પ્રભુને પ્રેમ કરવો છે તો પછી તમારા પ્રેમને એક જ પાત્રમાં ઢોળી દો. એનો અભિષેક એક જ સ્થાનમાં કરી દો, નહીંતર એ પ્રેમ ન રહેતાં વ્યભિચાર બની જશે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી- 'કૃષ્ણ એવ ગતિર્મમ'- કેવળ કૃષ્ણ એ જ મારું શરણ, એ જ મારું સર્વસ્વ એને જ હું પ્રેમ કરું, એની જ સેવા કરું, એનું જ સ્મરણ કરું, એમાં જ રાતદિવસ ઓતપ્રોત રહું; કારણ કે એ મારો અલૌકિક પતિ છે. સુખ આપશે તોપણ એ જ આપશે, એના સિવાય બીજું મારું કોઇ નથી. આવો દૃઢ આગ્રહ, આવી સમજ, આવી શ્રદ્ધા, એનું નામ અનન્ય આશ્રમ.

એનો અર્થ એવો નહિ કે બીજાનો તિરસ્કાર કરવો. અમારાં દાદીમા એમની બાળપણની વાત કરતાં એમ કહેતાં કે નાનપણાં ઘરમાં અમને એમ કહેવામાં આવતું કે દરજી પાસે કપડાં સીવડાવવા જવાનું હોય તો 'કપડા સીવ' એમ ન બોલાય; કારણ કે 'સીવ' શબ્દ બોલીએ તો મહાદેવજીનું નામ આવે એટલે અન્યાશ્રય થઇ જાય. આ અણસમજ છે. મહાદેવજીનું નામ દેવાથી અન્યાશ્રય નથી થતો. કોઇનુંય નામ દેવાથી અન્યાશ્રય નથી થતો. હા, તમે તમારા અલૌકિક સ્વામી એવા પ્રભુને છોડીને, કોઇ દેવ નહિ, પણ જો માણસનો આશ્રય કરો તોય અન્યાશ્રય થઇ જાય.

અન્યાશ્રય સૂક્ષ્મ છે. સૌ પ્રથમ તે મનમાં જન્મે છે, વાણી દ્વારા પ્રગટ થાય છે, અને ક્રિયા દ્વારા દેખાય છે. અન્યાશ્રય મનમાં કેવી રીતે જન્મે? ઉનાળાના દિવસોમાં રાત્રે પવન ન હોય, અગાસીમાં પણ સખત ગરમી લાગતી હોય, આપણે અકળામણ અનુભવતાં હોઇએ, ત્યાં સુંદર પવન છૂટે અને આપણે રાજી થઇને મનમાં કહીએ કે વાહ! આ પવને આપણને કેવી શીતળતા આપી! આવો તમે મનમાં એક વિચાર કર્યો કે મજાનો પવન આવી ગયો અને મજા આવી ગઇ, તો તમે કોનો આશ્રય કર્યો? - પવનનો આશ્રય કર્યો. પવનનો આશ્રય કર્યો એટલે ભગવદાશ્રય છૂટયો. વિચાર એવો આવવો જોઇતો હતો કે પ્રભુએ કૃપા કરી અને આવો પવન આવ્યો. એના બદલે વિચાર એવો કર્યો કે આ સુંદર પવન આવ્યો અને આપણને આનંદ આવ્યો. આમ, અન્યાશ્રયનો વિચાર પહેલા મનમાં થાય છે. પછી વાણી દ્વારા બોલાય. માનો કે આપણે નોકરી કરતા હોઇએ અને શેઠ અચાનક પગાર વધારી આપે એટલે મનમાં આપણે શેઠ ઉપર રાજી થઇએ, અને કહીએ કે તમારા જેવા ભગવાને નહિ. તો મન દ્વારા શેઠનો આશ્રય થયો, એ વાણી દ્વારા પ્રગટ થયો. પછી એ ક્રિયામાં પરિણમે. શેઠે આટલું બધું

રાખ્યું છે તો ચાલો, સેવામાં થોડું મોડુંવહેલું થાય તો કાંઇ વાંધો નહિ, શેઠને સાચવી લ્યો. પ્રભુને સાચવવાને બદલે શેઠને સાચવવા માંડયા ત્યાં એ અન્યાશ્રય ક્રિયામાં આવ્યો.

અરે, કયારેક તો આપણે આપણો પોતાનો જ અન્યાશ્રય કરી બેસીએ! અન્યમાં આપણી જાત પણ આવે. આપણાથી કોઇક સારું કામ થાય, અને ફુલાઇ જઇને એમ કહીએ કે બીજા કોઇની તાકાત છે? આ તો હું જ કરું! આમ, આપણી જાતનો આશ્રય થાય ત્યાં પણ અન્યાશ્રય ગણાય, કારણ કે ભગવદાશ્રય છૂટયો છે. પ્રભુ સિવાય દુનિયામાં કોઇનો પણ આશ્રય કરવો એનું નામ અન્યાશ્રય.

આજે ઘણાં એમ કહે છે કે તમે આટલા સંકુચિત શું કામ થાઓ છો? દુનિયામાં સર્વત્ર પ્રભુ બિરાજે છેઃ 'સર્વદેવનમસ્કારઃ કેશવં પ્રતિ ગચ્છતિ' સર્વ દેવમાં ભગવાનને જુઓ. આ અન્યાશ્રય સંકુચિતતાનું લક્ષણ છે. એક વિદ્વાન પ્રિન્સિપાલ સાહેબે મને આ પ્રશ્ન કરેલોઃ મેં એમને કહેલું કે તમારી ઉદારતા માટે મને બહુ માન થાય છે, આપનામાં આટલી બધી ઉદારતા છે, તો આપ આપની પત્નીની બાબતમાં પણ આટલા જ ઉદાર હશો! આપની પત્ની પણ યથેચ્છ વિહરે અને ચાહે તેની સાથે સંબંધ રાખે એવી છૂટ આપ આપતા હશો, કારણ કે આપ ઉદાર છો. ત્યારે કહે, 'એ કેમ બને? 'જો એ ન બની શકે, તો અમે પ્રભુને આવો પ્રેમ કરીએ ત્યારે અમને સંકુચિત શી રીતે કહેશો!' પ્રેમમાં સંકુચિતતા આવે જ. સન્માનમાં વ્યાપકતા છે. સૌનું સન્માન કરો. તમે પસાર થતા હો ને વચ્ચે દેવમંદિર આવે, તમારી ત્યાં નજર પડી, તો તમે મસ્તક નમાવીને કે હાથ જોડીને 'જયશ્રીકૃષ્ણ' કરો એ આપણો વ્યવહાર છે. દેવ પણ ભગવદ્ અંશ છે. એમની સામેથી મોં ફેરવી લઇ અપમાન ન કરાય, પરંતુ સાથે સાથે એ વિચારવાનું છે કે સામે ચાલીને જવાનું આપણા માટે આવશ્યક નથી. રસ્તે મળેલા સૌને આપણે 'કેમ છો?' કહીને હાથ ઊંચો કરતા નથી, પણ નજર પડે તો કહીએ છીએ.

શ્રીગુસાંઇજી આપણને બહુ સુંદર રીતે આ વાત સમજાવે છે કે તમારું વર્તન જેટલું મહત્ત્વનું છે તેના કરતાં વર્તનની પાછળનો વિચાર વધુ મહત્ત્વનો છે. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે કે લૌકિક-વૈદિકમાં જે કાર્યો કરવાં પડે, તે કાપટય-ભાવથી કરો, તો એમાં અન્યાશ્રય નહિ લાગે. લગ્ન આવ્યું. ગ્રહશાંતિ કરવી પડશે, એ વૈદિક કાર્ય છે. લગ્નની વિધિ છે માટે કરવી. બધાં મહેમાનોને બોલાવીએ છીએ, તેમ દેવ પણ પ્રભુના અંશ હોઇ મહેમાન છે. ભલે આપણે ત્યાં આવે. એમને સન્માનપૂર્વક જરૂર બોલાવીએ, પણ એ ગણપતિજી આપણા વિઘ્નને દૂર કરશે, એવો ભાવ રાખીને જો ગણેશપૂજન કરીશું, તો અન્યાશ્રય થાય છે. સર્વ ગ્રહો આપણા ગ્રહોની પીડા દૂર

કરશે એવો ભાવ રાખીને ગ્રહશાંતિ કરીશું, તો અન્યાશ્રય થશે. જે વૈદિક વિધિ છે તે કરવી. પણ હૃદયમાં એ વિધિ કરતાં કોઇ ફળની આકાંક્ષા, કોઇ કામના કે આશ્રયની ભાવના નથી, તો ત્યાં અન્યાશ્રય નથી.

શ્રીગોકુલનાથજીના એક સેવક હતા, બ્રાહ્મણ વૈષ્ણવ. એમની જ્ઞાતિમાં એકલા જ વૈષ્ણવ, એટલે જ્ઞાતિના લોકોએ બોલાવીને કહ્યું, 'તમે આપણા ઈષ્ટદેવ મહાદેવજીના મંદિરમાં આવીને દર્શન નહિ કરો, તો અમે તમને ન્યાત બહાર મૂકીશું. પહેલાંના જમાનામાં માણસને ન્યાત બહાર મૂકે, તો એને જીવવું અઘરું બની જાય. આ વૈષ્ણવે વિચાર કર્યો કે પ્રભુને પરિશ્રમ બહુ પડશે. એમણે કહેવડાવ્યું કે હું આવતી કાલે આવીશ, બીજા દિવસે રાજભોગ સુધીની સેવા પહોંચીને ગયા. કોઇની સામે નજર કર્યા વિના પોતાના પ્રભુ શ્રીગોકુલેશ પ્રભુનું સ્મરણ કરતાં કરતાં એ તો ગર્ભગૃહ સુધી પહોંચી ગયા, કયાંય જોયા જાણ્યા વિના આંખો મીંચીને શ્રીગોકુલેશ પ્રભુનું સ્મરણ કરતાં કરતાં હાથ જોડીને એમણે ત્રણ વાર મોટેથી કહ્યું: 'શ્રીપાર્વતીપતયે નમઃ' બ્રાહ્મણો ખુશ થઇ ગયા, અને સૌ સૌના ઘરે ગયા. આ વૈષ્ણવ સાંજે ભગવદ્વાર્તામાં ગયા. વૈષ્ણવોએ કહ્યું, તમે આજથી ભગવદ્વાર્તામાં આવશો નહિ. તમે અન્યાશ્રય કર્યો છે. બ્રાહ્મણ વૈષ્ણવે હાથ જોડીને દીનતાથી કહ્યું, આપ મોટા છો. જે દંડ આપશો એ સ્વીકારી લઇશ. પણ મારી વાત તમે સાંભળો. હું ગયો છું એ વાત સાચી, પણ મને બીજી કશી ખબર નથી. હું શ્રીપાર્વતીપતયે નમઃ બોલ્યો છું એ વાત પણ સાચી. છતાં મને એ તો કહો કે આપણા ગુરુદેવજીનાં વહુજીનુ નામ શું છે? વૈષ્ણવો કહે કે અરે! એ તે કંઇ પૂછવાનો વિષય છે, પાર્વતી વહુજી. તો મેં એમનું સ્મરણ કરીને કહ્યું કે 'શ્રીપાર્વતીપતયે નમઃ' મેં બીજા કોઇનું સ્મરણ નથી કર્યું, કારણ કે હું બીજા કોઇને ઓળખતો નથી. હું તો ઓળખું છું કેવળ મારા સ્વામીને. સૌ વૈષ્ણવો પ્રસન્ન થયા. કહેવાનું તાત્પર્ય એ છે કે અન્યાશ્રય મનનો છે, અન્યાશ્રય વાણીનો છે, અન્યાશ્રય ક્રિયાનો છે.

ચોર્યાસી-બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં તો આવા અનેક પ્રસંગો આ ભગવદીયોએ લીલારૂપી નાટય કરીને આપણને બતાવ્યા છે કે અમે જો અન્યાશ્રય કર્યો તો અમને એ બાધક બન્યો છે. તમે પણ જો એ કરશો તો તમને પણ બાધક બનશે. સૌથી પહેલાં આપણે મનના અન્યાશ્રયનો વિચાર કરીએ.

કનોજના શેઠ દામોદરદાસ સંભરવાળા શ્રીમહાપ્રભુજીના ખૂબ કૃપાપાત્ર સેવક. એક વખત શ્રીમહાપ્રભુજી એમને ત્યાં પધાર્યા છે. ભોજન કરીને બપોરે પોઢયા છે. દામોદરદાસજી ચરણસેવા કરી રહ્યા છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, દામોદરદાસ, હું તમારી સેવાથી બહુ પ્રસન્ન છું, તમે કાંઇક માંગો. દામોદરદાસજીએ હાથ જોડી કહ્યું, 'મહારાજ, આપની કૃપાથી મારે કાંઇ નથી જોઇતું.' 'ભલે તારે ન જોઇએ તો કાંઇ

નહિ, તારી પત્નીને બોલાવ, એને પૂછી લે.' એમનાં પત્નીને બોલાવ્યાં દામોદરદાસનાં પત્ની ભગવદીય છે. હાથ જોડીને વિનંતી કરે છે, 'મહારાજ બધું છે, પણ આ સંપત્તિને જાળવે એવો દીકરો નથી!' જુઓ, વાણીનો અન્યાશ્રય થયો. સંપત્તિને જાળવવા માટેનો આશ્રય, સંપત્તિ સાચવવા માટે દીકરો માગ્યો. શ્રીમહાપ્રભુજીએ તો કહ્યું: 'ભલે, દીકરો થશે.' મહિનાઓ વીતી ગયા, એમને ત્યાં પુત્ર થવાનો પ્રસંગ આવ્યો. દામોદરદાસજીનાં પત્ની મહેલના ગોખમાં બેઠાં છે. એ વખતે દાસીએ આવીને પૂછયું, શેઠાણી બા! ફળિયામાં એક જોશી આવ્યો છે. એ જોશીનું ભવિષ્યકથન સાચું પડે છે, તમારે માટે હું પૂછી આવું કે તમને દીકરો થશે કે દીકરી? શેઠાણી મૌન રહ્યાં, જવાબ ન મળ્યો. મૌન રહીને મનનો અન્યાશ્રય કર્યો. જોશીમાં એમનું મન લાગ્યું. દાસી જોશી પાસે જઇને પૂછી આવી. પાછી આવીને સમાચાર આપ્યાં. શેઠાણી બા, જોશી કહે છે કે તમારે દીકરો થશે.' એ જાણીને શેઠાણીનું મોં મલકાયું. મનનો અન્યાશ્રય વધ્યો. જોશીના વચનમાં વિશ્વાસ વધ્યો, શ્રીમહાપ્રભુજીના વચનમાંથી વિશ્વાસ ઘટયો. અડેલમાં બિરાજેલ શ્રીમહાપ્રભુજીએ આ ઘટના જાણી. દામોદરદાસજીને અડેલ બોલાવીને આજ્ઞા કરી: દામોદરદાસ, તારી પત્નીએ અન્યાશ્રય કર્યો છે. જોશીના વચનમાં શ્રદ્ધા રાખી અને મારા વચનમાં અશ્રદ્ધા સેવી. મારું વચન તો મિથ્યા નહિ જાય. તારે ત્યાં દીકરો તો થશે, પણ મ્લેચ્છ પાકશે. અન્યાશ્રયનું આ પરિણામ! આ મનનો અન્યાશ્રય છે.

હવે વાણીનો અન્યાશ્રય કેવો બાધક બન્યો એ જોઇએ. શ્રીમહાપ્રભુજીનાં કૃપાપાત્ર એક વૈષ્ણવ બાઇ છે. નિષ્કિંચન છે, પણ શ્રીબાલકૃષ્ણલાલજીની એટલી બધી કૃપા છે કે પ્રભુ એની પાછળ પાછળ ફર્યા કરે છે. મૈયા-મૈયા કરી માગતા જાય છે અને માગીને આરોગતા જાય છે. એના ગામમાં માપણી કરનારા સરકારી નોકરો આવ્યા. કોઇકે કહ્યું, ડોશી! આ તમારું મકાન રસ્તામાં આવે છે તેથી કપાઇ જશે. જેંને સાક્ષાત્ પ્રભુનો આવો અનુભવ છે એ ડોશીને મનમાં અન્યાશ્રય થયો અને ભગવદાશ્રય છૂટયો: 'મારું મકાન જતું રહેશે તો હું શું કરીશ?' પરિણામે પેલા માણસોને જઇને કહે છે: ભૈશાબ, હું તો ગરીબ વિધવા બાઇ છું. મારા આ મકાનની જરાક ફિકર રાખજો. જમીન માપનારાઓએ દયાભાવે કહ્યું, 'તમારી જમીન અમે નહિ કાપવા દઇએ.' જુઓ, શ્રીબાલકૃષ્ણલાલજી સાક્ષાત્ દર્શન આપે, માંગી માંગીને આરોગે, એવાં કૃપાપાત્ર વૈષ્ણવ બાઇના મુખમાંથી ત્યારે નીકળી ગયું, 'તેં મને જિવાડી!' અંદર બિરાજતા પ્રભુ તરત અપ્રસન્ન થઇ ગયા: એણે તને જીવાડી તો જા એના શરણે. પ્રભુ અપ્રસન્ન થઇને દર્શન આપતા બંધ થઇ ગયા, એટલું જ નહિ; ત્યાંથી અંતર્ધાન થઇ ગયા. ત્યારપછી એ વૈષ્ણવ માજીની સેવા એક દિવસ પણ અંગીકાર ન કરી. આ વાણીનો અન્યાશ્રય!

વાણીના અન્યાશ્રયનું આવું જ બીજું સુંદર દૃષ્ટાંત અમારા કાંકરોલીના ઘરના એક પૂજ્ય ગોસ્વામી બાળકના જીવનમાંથી પ્રાપ્ત થાય છે. કાંકરોલીના ઘરમાં શ્રીગિરધરલાલજી મહારાજ થઇ ગયા. ત્યારે શ્રીદ્વારકાધીશ પ્રભુ ગોકુળમાં બિરાજે. શ્રીગિરધરલાલજીના પુત્ર શ્રીદ્વારકાનાથજી મહારાજ. આપનો વિદ્યાવ્યાસંગ વિશેષ. વિદ્યાધ્યયન માટે કાશી પધારેલા. ઘણાં વર્ષ કાશીમાં વિદ્યાધ્યયન કર્યું. જેમ જેમ અધ્યયન થતું ગયું તેમ તેમ આપને લાગવા માંડયું કે હજુ તો ઘણું જાણવાનું બાકી રહે છે. બીજી બાજુ દ્વારકાધીશ પ્રભુની સેવા કયારે ફરીથી પ્રાપ્ત થશે, એની વિકળતા થવા માંડી. એવામાં એક તાંત્રિક ત્યાં આવ્યો. એણે શ્રીદ્વારકાનાથજી મહારાજને કહ્યું કે હવે સૂર્યગ્રહણ નજીકમાં આવે છે. મારી પાસે સરસ્વતી મંત્ર છે. આપ ગંગાજીની ધારામાં ઊભા રહો, આપની જીભ ઉપર હું સરસ્વતી મંત્ર લખી દઉં, આપને સર્વ શાસ્ત્રો કંઠાગ્ર થઇ જશે. અને પછી આપ સ્વસ્થાને પધારો. જલદી જલદી ગોકુળ પાછા પધારવાની અભિલાષામાં વાક્‌પતિ વિબુધેશ્વરના વંશજ શ્રીદ્વારકાનાથજી મહારાજે પોતાની જીભ ઉપર સરસ્વતી મંત્ર લખાવ્યો. વાણીનો અન્યાશ્રય કર્યો. એ જ રાત્રે સ્વપ્નમાં શ્રીદ્વારકાધીશ પ્રભુએ એમના પિતૃચરણ શ્રીગિરધરલાલજી મહારાજને આજ્ઞા કરી કે આપનો પુત્ર આવો અન્યાશ્રય કરીને ગોકુળ આવી રહ્યો છે, તેથી હું તેમની સેવા અંગીકાર નહિ કરું. તેમને આપ કહેવરાવો કે ગોકુળમાં ચરણ ન મૂકે. વાણીના અન્યાશ્રયનું આ પરિણામ!

આપણે તો બોલવામાં ક્યારેય વિચાર કરતા નથી, વિવેક રાખતા નથી. કોઇક જરા સરખી મદદ કરે તો આપણે એને ભગવાનથીયે વિશેષ કહી દઇએ. માખણના બધા ડબ્બા ખોલી નાખીએ! પરંતુ આપણે ભૂલી જઇએ છીએ કે એમાં આપણે અભાનપણે અન્યાશ્રય કરી રહ્યા છીએ; કારણ કે એ જીવ પાસે મદદ કરાવવાની પ્રેરણા એને કરી કોણે?

આપણા જીવનમાં પ્રતિક્ષણ આ અલૌકિક ભગવત્‌કૃપાનો અનુભવ કરીને, એ કૃપાબળ દ્વારા આપણું રક્ષણ અને પોષણ કરનાર પ્રભુનું આપણે સ્મરણ ન કરી શકીએ? આપણને બીજાએ જીવાડયા, બીજાએ બચાવ્યા, એવો વિચાર કેમ આવે? આપણા સમર્થ સ્વામી એક જ છે. માટે દયારામભાઇએ ગાયું, ''એક વર્યો શ્રીગોપીજનવલ્લભ, નહીં સ્વામી બીજો, નહીં સ્વામી બીજો,'' ભગવદીયોએ પણ ગાયું: 'ઓર કોઇ સમજે તો સમજે ભલે.' બીજાઓને જે સમજવું હોય તે સમજે. અમે તો આના પ્રેમદીવાના છીએ, અમે તો અમારા પ્રિયતમની પ્રેમમસ્તીમાં એવા તો ખોવાઇ ગયા છીએ કે 'હમકો ઇતની સમજ ભલી, ઠાકુર હમારે નંદનંદન, ઠકુરાની વૃષભાનલલી.'

આશ્ચર્યની વાત એ છે કે સંકુચિતતાની વાતો આપણે જ કરીએ, બીજા સૌ એની વિલક્ષણતા સ્વીકારે. ગયા વર્ષે અમારી કૉલેજની એક દીકરી અમારી સાથે પ્રવાસમાં આવેલી, ત્યારે એક યાત્રાધામમાં આવેલા હિન્દુ મંદિરની બહાર ઊભી રહેલી, કારણ કે તે જૈન હતી. સહજ રીતે મેં એને પૂછયું, 'બહેન, તું અંદર જઇ આવી?' એટલે મને કહે કે 'સર, ત્યાં અમારા ભગવાન કયાં છે? આગળ અમારું દેરાસર આવશે ત્યાં દર્શન કરી આવીશ.' આગળ જયારે જૈન દેરાસર આવ્યું ત્યારે સૌથી પહેલી એ જાય તે સ્વાભાવિક હતું, પણ બાકીનાં બધાં એમ કહીને દર્શન કરવા ગયાં કે 'બધાં ભગવાન એક છે, ચાલો!' 'બધા ભગવાન એક છે' એમ જયારે આપણે કહીએ છીએ ત્યારે એ હકીકત ભૂલી જઇએ છીએ કે પૂર્ણ પુરુષોત્તમ પ્રભુએ જગતની રચના કરી, પોતાના કલા, વ્યૂહ, અંશરૂપી જુદાં જુદાં દેવદેવીઓને પ્રકટ કર્યાં. એમને જુદી જુદી સત્તા આપી અને મર્યાદા પણ આપી. એ પ્રમાણે સૌ જુદા જુદા પ્રવાહી, કર્મમાર્ગી, મર્યાદા જીવોનું તેઓ પોષણ કરે છે.

હવે અન્યાશ્રયનો ત્રીજો પ્રકાર ક્રિયાનો અન્યાશ્રય જોઇએ. ઘરઘરમાં આ અન્યાશ્રય આજે વ્યાપી ગયો છે. તે સમજીને કરીએ છીએ, કયારેક અણસમજમાં કરીએ છીએ. ભગવદીયોનાં ચરિત્રો દ્વારા જો એનો વિચાર કરીએ તો બસોબાવન ભગવદીયોની વાર્તામાં એ વૈષ્ણવોનાં ચરિત્રો છે. અમદાવાદમાં લાડવણિક જ્ઞાતિનાં શ્રીગુસાંઇજીનાં સેવક પતિ-પત્ની છે. નિષ્કિંચન સ્થિતિ છે. શ્રીમદનમોહનલાલજી એમના માથે બિરાજે છે. ખૂબ પ્રેમથી બંને સેવા કરે છે. બપોરે અનોસરના સમયમાં પતિ પરચુરણની થેલી લઇને બજારમાં જાય. રૂપિયાના પરચુરણની ઢગલી કરીને બેસે. એ પરચુરણ વેચતાં જે દલાલી મળે એ લઇને સાંજે ઘેર આવે. એમાંથી લૂણટીકડા પ્રભુને આરોગાવે. અને પોતે પ્રેમથી મહાપ્રસાદ લે.

એમની બાજુમાં એમની જ્ઞાતિનાં એક શ્રીમંત દેવીભકત કુટુમ્બના સભ્યો રહે. એ દેવીભકત કુટુમ્બનાં શેઠાણી વિચાર કરે છે કે અમારી આખી જ્ઞાતિ અમારે ત્યાં આવે છે. માતાજીની ભક્તિ કરે છે, દર્શન કરે છે, અમારાં વખાણ કરે છે, પણ અમારા પડોશી આ વૈષ્ણવ અમારી સામે કોઇ દિવસ જોતા નથી. એમને નમાવું ત્યારે ખરી. પણ એવો મેળ આવતો નથી. એક દિવસ અનાયાસ બપોરના સમયે આ વૈષ્ણવબહેનને કોઇ કામ પ્રસંગે ઓટલે આવવું અને પેલાં શેઠાણીને બહાર આવવું. શેઠાણીએ એમના હૃદયની અંદર પ્રેમના જેટલા શબ્દો હશે એ બધા ખોટા રૂપિયાની જેમ ઠાલવી દીધાં: અહોહો, બહેન! તમે તો આજે ઘણાં વર્ષે દર્શન આપો છો. ધન્યભાગ્ય અમારાં. દર્શન કરીને અમારાં નેત્ર ઠર્યાં. તમે તો વૈષ્ણવ છો, ઇકોતર કુળ તારી દો એવાં. ક્યારેક તો

અમને દર્શન આપતાં રહો! આ બહેનથી બોલાઇ જવાયું: બહેન સમય જ કયાં મળે છે? જુઓને, સવાર-સાંજ ઠાકોરજીની સેવા હોય, બપોરે કામ હોય અને અમારે કયાં તમારા જેવું છે? બધું કામ જાતે કરવાનું હોય! જુઓ, મનમાં ઊંડે ઊંડે દ્રવ્યના સંકોચને કારણે, દ્રવ્ય નહીં હોવાનું દુઃખ વાણીમાં પ્રગટ થયું. પેલી દેવીભકત શેઠાણીએ આ વાત પકડી લીધી. અરે બહેન! એમાં શું? અમારે ત્યાં પણ આવી જ ખરાબ સ્થિતિ હતી. પણ આ માતાજી અમારા ઘરમાં આવ્યાં અને અમારો દિવસ ફર્યો. તમે પણ આવતીકાલથી માતાજીની સેવા કરો, તો તમારો દિવસ પણ બદલાઇ જશે. વૈષ્ણવ બહેન કહે છે: ના, ના, અમે તો ઠાકોરજીની સેવા કરીએ. અમારાથી માતાજીની સેવા ન થાય. પેલી બાઇ એને સમજાવે છે, ઠાકોરજીની સાથે સાથે થોડીક માતાજીની પૂજા પણ કરી લેજો. માતાજી જે પૈસો આપે તે તમે ઠાકોરજીમાં વાપરજો. દુઃસંગની અસર પેલી વૈષ્ણવ બહેનના ઉપર થઇ. શેઠાણીએ લાવીને એક માતાજીની મૂર્તિ પકડાવી દીધી. ક્રિયાનો અન્યાશ્રય શરૂ થયો. એ મૂર્તિ ઘરમાં મૂકી. પતિના આવવાની રાહ જોઇને તેઓ ઓટલે બેસી રહ્યાં. સાંજે પતિ આવ્યા ત્યારે એમણે પૂછયું, કેમ આજે સ્નાન નથી કર્યું? પ્રભુને અવેર થઇ રહી છે. તારી તબિયત સારી નથી? પત્ની ચિડાઇને કહે છે, તબિયતને શું ઝાટકા પડવાના હતા? પણ હવે કયાં સુધી આ ઢસરડા કરવાના? જરા બાજુમાં તો જુઓ, કેવી લીલાલહેર છે! ઠાકોરજીએ આપણને શું આપ્યું? આજે તો હું બાજુમાંથી માતાજીની મૂર્તિ લઇ આવી છું. તમે બે પૈસાનો પૂજાપો બજારમાંથી લઇ આવો. પહેલાં માતાજીની પૂજા કરીશ, પછી ઠાકોરજીની સેવા.

વૈષ્ણવ તેને બહુ સમજાવે છે કે તને આ શું ગાંડપણ સૂઝયું છે? પણ બાઇ એકની બે નથી થતી. બાઇના વચનનો દુઃસંગ વૈષ્ણવને પણ લાગ્યો. બાઇના વચનનો વિરોધ ન કરી શકયા. પૂજાપો લેવા માટે ગયા. ગાંધીને ત્યાંથી પૂજાપો લઇ આવતાં ઉતાવળમાં પોતાની પરચુરણની થેલી ત્યાં રહી ગઇ અને ગાંધીના રૂપિયાની થેલી હતી તે ભૂલથી ઊંચકી લીધી. ગાંધીએ બૂમ પાડી, ચોર ચોર! લોકો પકડીને એને કાજી પાસે લઇ ગયા. એ જમાનામાં ચોરને ભારે શિક્ષા થતી. કાજી કહે, એવી શિક્ષા કરો કે ગામમાં આવી લુચ્ચાઇ કોઇ ન કરે. એમનું માથું બોડાવી, ચૂનો ચોપડાવી, મોઢે મેંશ લગાડી અવળા ગધેડે બેસાડી ગામમાં ફેરવો. વૈષ્ણવને ખૂબ જ પશ્ચાત્તાપ થયો.

શ્રીમહાપ્રભુજી 'પુષ્ટિપ્રવાહ મર્યાદા' ગ્રંથમાં આજ્ઞા કરે છે કે 'પ્રભુ જેના ઉપર અનુગ્રહ કરે છે તેને દંડ આપીને પણ તેની ભૂલ સુધારે છે.' પ્રભુએ આ જીવની ભૂલ તરત સુધારી. અરે, મેં સહેજ આટલો અન્યાશ્રય કર્યો અને આટલો દંડ ભોગવ્યો! ત્યાં એ બહેનને પણ દુઃખ થયું કે અરે! મેં આટલો અન્યાશ્રય કર્યો, એમાં મારા પતિને આટલું

દુ:ખ પડયું! જઇને મૂર્તિ પાછી આપી આવ્યાં: 'લો બહેન, આ મૂર્તિ! હજુ તો ઘરમાં આવી છે, પૂજાયે થઇ નથી અને અમે દુ:ખી દુ:ખી થઇ ગયાં, ન જોઇએ અમારે આ મૂર્તિ!'

કાંકરોલીના ઘરનો એક બીજા પ્રસંગ યાદ આવે છે. શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજના સમયમાં કાંકરોલીમાં દ્વારકાદાસ કરીને એક મુખિયાજી થઇ ગયા. પ્રભુની બહુ પ્રેમથી સેવા કરે. પણ એમને સંતાન નહિ. એમનાં પત્નીએ સંતાનપ્રાપ્તિ માટે ઘણા પ્રયત્નો કર્યા, પણ ભગવદ્ ઇચ્છા નહિ. એમ કરતાં કરતાં કોઇએ કહ્યું, કાંકરોલીમાં બડો બાગ છે. ત્યાં પ્રભુને આરોગવાના મીઠા જળની એક વાવડી છે. બાજુમાં એક પીરની કબર છે. એ પીર હાજરાહજૂર છે, જોઇએ તે આપે છે. તમે એને ખુશ કરો તો દીકરો મળશે. મુખિયાજીનાં પત્નીએ જયારે બહુ આગ્રહ કર્યો ત્યારે મુખિયાજી લાચાર બનીને મહાપ્રસાદનો ડબરો, પ્રસાદી માળા અને બીડાં લઇને રાજભોગ પછી ત્યાં ગયા. પેલો પીર સામે આવ્યો. ક્રોધથી લાલ નેત્રો કરીને મુખિયાજીને કહે છે, જેની સેવા કરવા માટે હું અહીં બેઠો છું, જેની વાવડીની રક્ષા કરવાની સેવા મને મળી છે એને હું મારું સૌભાગ્ય માનું છું, અને તમને તો એની સાક્ષાત્ સેવા મળી છે. આજે તો મારું સૌભાગ્ય છે કે સેવાના બદલામાં મને આ મહાપ્રસાદ મળ્યો, પણ જો એ ચાર હાથવાળા ચતુર્ભુજ શ્રીદ્વારકાધીશ પ્રભુ તમને દીકરો ના આપી શકે, તો હું કયાંથી લાવી આપવાનો છું? ભાગી જાઓ અહીંથી. ખબરદાર, જો ફરી આવ્યા છો તો! ધ્રુજતા ધ્રુજતા મુખિયાજી ઘેર આવ્યા. એમ કહેવાય છે કે તેમને આ ઘટનાની એવી પ્રબળ અસર થઇ કે છ મહિનાનો ખાટલો થયો. જયારે શરીર સ્વસ્થ થયું, ત્યારે સેવામાં સ્નાન કરવા પરનાળામાં ગયા, ત્યાં પગ લપસ્યો અને એમનો દેહ છૂટી ગયો. પ્રભુએ એમની સેવાનો અંગીકાર ન કર્યો.

આ સર્વ પ્રસંગો બતાવે છે કે અન્યાશ્રય આપણા પ્રભુને જરાપણ રુચતો નથી. લૌકિકમાં પતિ અને પત્ની બેવફા બને તો એકબીજાને રુચતું નથી, તો આપણા એ લૌકિક પ્રભુથી આપણી બેવફાઇ શેં ખમાય? આપણા અલૌકિક પ્રભુમાં આપણો સર્વ સ્નેહ ઢોળી, એમનામાં દૃઢ વિશ્વાસ રાખવાનો બદલે, આપણે આપણી લૌકિક તુચ્છ કામનાઓને સંતોષવા ઘેર ઘેર ભટકતા, ભીખ માગતા ફરીએ તે સર્વતંત્ર સ્વતંત્ર એવા પ્રભુને કેમ ગમે?

આપણો દીકરો કે આપણી દીકરી કોઇકની પાસે વસ્તુ માગે તો માબાપ એને તરત જ ખાનગીમાં ઠપકો આપે છે કે બીજા પાસે મંગાય? તારે જોઇએ તો અમારી પાસે માગ. ડાહ્યા છોકરા બીજાની પાસે ન માગે. તો આપણે શ્રીવલ્લભના ડાહ્યા સેવકો, પ્રભુનાં ડાહ્યાં બાળકો. એનાં જ થઇને રહેલાં, જેની કૃપાથી આપણને બ્રહ્મસંબંધ થયું,

પ્રભુએ આપણો હાથ પકડયો, એ પ્રભુને છોડી- એમનામાં અવિશ્વાસ લાવી, આપણે જો બીજે માગતા ફરીશું, બીજે બધે શોધતા ફરીશું, તો તે આપણા સ્વામીને કેવી રીતે રુચે? આપણે એમ કહેતા ફરીએ છીએ કે દુનિયામાં બધે ઈશ્વર દેખાય છે. સર્વત્ર ઈશ્વર જોવો તે એક વસ્તુ છે. શુદ્ધાદ્વૈત દૃષ્ટિ એ એક વસ્તુ છે, અને પુષ્ટિમાર્ગીય ભક્તિ દ્વારા પ્રભુને સ્નેહ કરવો એ બીજી બાબત છે. પ્રેમની અંદર પહેલાં કહ્યું એમ કોન્સેન્ટ્રેશન જોઇએ. આપણા સેવ્ય સ્વરૂપમાં આપણે આપણું સર્વ કોન્સેન્ટ્રેશન કરીએ છીએ. ભલે જગતમાં સર્વત્ર ભગવદ્ દર્શન કરીએ, પરંતુ સેવા તો આપણા માથે બિરાજતા પ્રભુની જ કરીએ. એ જ પ્રભુ આપણું સર્વસ્વ છે, એ પ્રભુની સેવા જ આપણું એકમાત્ર કર્તવ્ય છે. એમની સેવા આપણો ધર્મ સમજીને કરવાની છે.

ગુજરાતીના લબ્ધપ્રતિષ્ઠ સાક્ષર શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ એક સુંદર કથા લખી છે. 'સરસ્વતીચંદ્ર'. એની નાયિકા છે કુમુદસુંદરી. એને સરસ્વતીચંદ્ર નામના સુશિક્ષિત યુવાન સાથે પ્રેમ છે. એની સાથે સગપણ થયું હતુ, પણ પ્રભુને મંજૂર નહોતું. સગપણ ફોક થયું. એક વ્યભિચારી લંપટ એવા પ્રમાદધન સાથે પછી એ કન્યાનુ લગ્ન થાય છે. સંજોગવશાત્ તેના શ્વસુરગૃહે પેલો સરસ્વતીચંદ્ર મહેમાન બનીને આવ્યો છે. બાજુના ઓરડામાં રહ્યો છે. વચમાં એક દ્વાર છે અને ત્યાં પણ સાંકળ વાસેલી છે. સરસ્વતીચંદ્રના પ્રેમને યાદ કરીને કુમુદસુંદરી સાંકળ ખોલીને સરસ્વતીચંદ્ર પાસે જવા પગ ઉપાડે છે. એની સર્વ ઇન્દ્રિયો સરસ્વતીચંદ્રને પોકારી રહી છે. ત્યારે એનું હૈયું અને એની વાણી કહી રહ્યાં છે કે તું ખોટું કરે છે કુમુદ, તને આ ન શોભે. 'પ્રમાદધન મુજ સ્વામી સાચા'- તે સતત બોલ્યા કરે છે. જો એક લૌકિક સ્ત્રી પોતાના લંપટ વિષયી વ્યસની પતિની અંદર પણ પોતાના મનને જોડવા સભાનતાથી આટલો બધો પ્રયત્ન કરી શકતી હોય તો સર્વ સામર્થ્યવાન અલૌકિક પરમાનંદ સ્વરૂપ આપણા સ્વામીરૂપે યશોદાત્સંગલાલિત આપણને પ્રાપ્ત થયા હોય, તો એમને છોડીને આપણે બીજે બધે ભટકતા ફરીએ એને આપણું દુર્ભાગ્ય નહિ તો બીજું શું માનીએ? જયાં સુધી મન બીજે જઇને ભટકતું રહેશે ત્યાં સુધી સ્નેહ કયાંથી રહેવાનો છે? સ્નેહ હમેશાં સ્વાર્પણ માગે છે. જયાં ત્યાગ નથી, જયાં શરણાગતિ નથી, ત્યાં એકાગ્રતા નથી. જયાં સ્વાર્પણ નથી, ત્યાં સ્નેહની વાત નથી. માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે અન્યાશ્રય થયો એટલે ભગવચ્ચરણના આશ્રયનો વિરોધ થવાની શરૂઆત થઇ. પ્રભુનો આપણે વિરોધ કરવાની શરૂઆત કરી.

લૌકિકમાં તો કદાચ હવેના સમયમાં એવું બનશે કે પતિ-પત્નીને નહીં બને અને કોઇ કોઇકને બેવફા નીવડશે તો છૂટાછેડા લઇને છૂટાં પડશે. પણ પ્રભુ કહે છે કે હું તો

શ્રીમહાપ્રભુજીને વચનથી બંધાઇ ચૂકયો છું કે તમે મને જેનો હાથ સોંપશો એનો હાથ હું છોડવાનો નથી. માટે જીવ આ જન્મમાં જો મારો બનીને નહિ રહે, મારી સેવા નહિ કરે તો તેને બીજા જન્મમાં મારી સેવા કરવી પડશે. અરે, બીજા જન્મે સેવા નહિ કરે તો ત્રીજા જન્મે કરવી પડશે. અને ત્રીજા જન્મે નહિ કરે તો ચોથા જન્મે કરવી પડશે. પણ હું એને છોડવાનો નથી. નથી ને નથી. માટે આપણને પ્રભુથી છૂટાછેડા મળે એવી કોઇ શક્યતા નથી. કોઇ કોર્ટ આપણને છૂટાછેડા અપાવી શકે તેમ નથી. આ એવું ગઠબંધન છે કે ગઠબંધન ખુદ પ્રભુથી પણ છૂટે એમ નથી. માટે કેવળ એના બનીને રહો અને એનો આનંદ મેળવો.

શ્રીમહાપ્રભુજીએ વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરીઃ અન્યની સેવા ન કરશો. અન્યમાં બધા આવી ગયા. દેવાદિથી માંડીને સૌ આવી ગયા. જાતે ચાલીને એમને ત્યાં ન જવું. આપણા પ્રભુને છોડીને અન્યને વિનંતી ન કરવી. બધાનો ત્યાગ કરજો. આપણે ત્યાં બસોબાવન ભગવદીયોની વાર્તામાં એક પ્રસંગ છે. એક વૈષ્ણવને કોઢ નીકળ્યો છે. દર્દ સહન થતું નથી. ઘણી ઔષધિ કરી, પણ બધા ઉપાય વ્યર્થ. તો વિચાર કરે છે કે અન્યાશ્રય તો કરવો નથી. કરવું શું? તેઓ શ્રીજીબાવાને વિનંતી કરે છે કે પ્રભુ! મારો રોગ મટાડો, હે પ્રભુ! મારો રોગ મટાડો. શ્રીજીબાવાએ ગુસ્સે થઇ શ્રીગુસાંઇજીને આજ્ઞા કરી, 'કાકાજી, આ તમારો સેવક મને રોજ ચીડવે છે કે મારો રોગ મટાડો. તે હું કંઇ વૈદ્ય છું? રોગ મટાડવો હોય તો જાય વૈદ પાસે.' શ્રીગુસાંઇજીએ વૈષ્ણવને બોલાવીને કહ્યું કે, 'તમે પ્રભુને કેમ પરિશ્રમ આપો છો?' વૈષ્ણવ હાથ જોડીને વિનંતી કરે છે, 'મહારાજ, હું શું કરું? આપના શરણે આવ્યો છું. આપે શ્રીજીબાવાને સોંપ્યો છે. અન્યાશ્રય કરવો નથી અને મારાથી સહન થતું નથી. તો જે મારા છે એને કહું છું, બીજા કોને કહેવા જાઉં?' શ્રીગુસાંઇજીએ પછી તો એ વૈષ્ણવ ઉપર કૃપા કરી, અને એના રોગનું નિવારણ કર્યું. કહેવાનું તાત્પર્ય એ છે કે 'અશક્યે વા સુશક્યે વા સર્વથા શરણમ્ હરિઃ' આપણે ગમે તે પરિસ્થિતિમાં હોઇએ પણ હમેશાં શ્રીઠાકોરજીનું સ્મરણ અને શરણ રાખવું. બીજા કોઇનું શરણ રાખવાની જરૂર નથી.

થોડાક સમય પહેલાંનો એક પ્રસંગ તમને કહું. ભગવત્કૃપાથી તમારી શ્રદ્ધા કદાચ દૃઢ બનશે. લગભગ દોઢેક વર્ષ પહેલાં એક શહેરમાં શિક્ષાપત્ર સપ્તાહનો કાર્યક્રમ હતો. શ્રીગોકુલનાથજીના ઘરના સેવક એક વૈષ્ણવ પરિવારે એ મનોરથ કરેલો. મનોરથી કુટુંબમાં જે માતા હતાં તે પાકાં મરજાદી હતાં એમનો યુવાન દીકરો પાકો શૈવભકત. છતાંય માતાની ઇચ્છાથી એણે આ સર્વ વ્યવસ્થા ગોઠવેલી. એ રોજ મને લેવા આવે, મૂકવા આવે. રોજ ત્યાં બેસીને કથા સાંભળે. બીજા કે ત્રીજા દિવસે એણે મને કહ્યું કે

મારે તમારી સાથે થોડી વાત કરવી છે. એણે પોતાના આખા જીવનની વાત કહી, અને કહ્યું કે હું મહાદેવજીમાં આસકત બન્યો છું. મને એ સિવાય બીજું કંઇ રુચતું નથી. તમે અન્યાશ્રય છોડવાનું કહો છો, તો આ બધું સાંભળ્યા પછી મને પણ એમ થાય છે કે જો હવે હું કૃષ્ણ-ભકિત કરું તો મહાદેવજી ખીજાય ખરા? કારણ કે એ તો ભારે ગુસ્સે થાય એવા છે, એમની મને બીક લાગે છે. મેં એમને સમજાવ્યા કે મહાદેવજી તો પરમ ભાગવત છે. જો કોઇ જીવ શ્રીકૃષ્ણના શરણે આવે છે, તો મહાદેવજી પ્રસન્ન થાય છે. મહાદેવજીએ પોતાના દૈવી એવા અનેક જીવોને આજ્ઞા કરી છે કે તમે શ્રીમહાપ્રભુજીના સેવક થાઓ. માટે તમે આ વિચાર ન કરશો. છતાંય એના મનમાં ગડમથલ ચાલ્યા કરે. કાર્યક્રમના અંતિમ દિવસે શ્રીહરિરાયચરણની એક આજ્ઞા એના હૃદયમાં બરાબર પ્રકાશ કરી ગઇ કે તમે સર્વ શંકા-આશંકાઓ મૂકી દઇ, શ્રીવલ્લભાચાર્યની કૃપાથી નિશ્ચિંત બની જાઓ, તમારું સર્વ રીતે કલ્યાણ થશે. એણે મને રાત્રે કહ્યું કે હવે તમે મને બતાવો કે આવતી કાલથી મારે શું કરવું? મેં કહ્યું કે તમે હવે હવેલીએ દર્શન કરવા જવાનું શરૂ કરો. રોજ સવારે મહાદેવજીનાં દર્શન કરવાનો નિયમ છે, તો સવારે રોજ હવેલીએ મંગળાનાં દર્શન કરવા જજો. સ્તોત્ર પાઠ કરો. એણે કહ્યું કે ભલે હું કરીશ. એ કરતાં રહ્યાં, પણ સાથે સાથે એનું મન હજુ મહાદેવજી તરફ ખેંચાતું હતું અને પરિણામે વારંવાર મહાદેવજીના મંદિરે ગયા વિના એમને બિલકુલ ચેન નહોતું પડતું. એમ કરતાં કરતાં આઠેક મહિના ગયા. અષાઢ મહિનાની અમાસનો દિવસ હતો. એના બીજા દિવસે શ્રાવણ માસ શરૂ થતો હતો. એ મહાદેવજીના મંદિરના મહંત હતા, જેમની સાથે એમને બહુ નિકટનો સંબંધ થયેલો. એમણે બોલાવીને કહ્યું: બેટા, મહાદેવજીની ઇચ્છા એવી છે કે આવતીકાલથી તું આ મંદિરમાં ન આવીશ. હવે તું નહિ આવે તો મહાદેવજી પ્રસન્ન થશે. બીજા દિવસથી તેણે ત્યાં જવાનું બંધ કર્યું અને ત્યારથી એ ભાઇ કહે છે કે: મને હવે વધારે આનંદ ઘેર પ્રભુની સેવામાં આવે છે, ભગવદ્વાર્તામાં આવે છે. સ્તોત્રપાઠ અને જપમાં આવે છે, હવેલીએ દર્શનમાં આવે છે. એટલે એકવાર જો શ્રદ્ધા રાખીને પ્રેમપૂર્વક આપણે કેવળ પ્રભુના બનીને રહીએ કે હું કેવળ તમારો છું, મારે બીજું કોઇ નથી, તો પ્રભુ પણ આપણા બનીને રહેશે.

શ્રીઆચાર્યચરણ આજ્ઞા કરે છે કે અન્યાશ્રય એ એવો વિષમ રોગ છે કે જે પ્રભુનાં ચરણારવિંદમાં આપણા ચિત્તને ચોંટવા દેતો નથી. માટે એ અન્યાશ્રયથી આપણે અવશ્ય બચવું પડશે. અન્યાશ્રય ભગવચ્ચરણારવિંદના આશ્રયને છોડાવનાર છે, એટલું જ નહિ; પ્રભુને ઉદાસીન બનાવનાર છે. માટે દ્રુતમ્-જેટલો બને તેટલો જલદી એનો આપણે ત્યાગ કરવો જોઇએ.

આપણા પુષ્ટિપુરુષોત્તમ યશોદોત્સંગલાલિત શ્યામસુંદરલાલ, જેમની સાથે શ્રીમહાપ્રભુજીએ આપણું બ્રહ્મસંબંધ કરાવીને અલૌકિક લગ્ન કરાવી આપ્યું છે એ આપણા અલૌકિક પતિ છે, એ આપણા અલૌકિક સ્વામી છે, એ આપણું સર્વસ્વ છે, માટે તેઓ આપણા પોતાના છે, સ્વ છે. એમના સિવાય દુનિયામાં બીજા જે કોઇ છે એ સર્વ આપણા માટે અન્ય છે, પરાયા છે, પારકા છે. આ ખ્યાલ આપણે સૌએ હૃદયમાં બરાબર ધારણ કરી લેવાની જરૂર છે. કારણ કે પુષ્ટિમાર્ગ એ કોઇ કાયદાનો માર્ગ નથી, પુષ્ટિમાર્ગ એ કોઈ સાધનનો માર્ગ નથી, પુષ્ટિમાર્ગ એ વેપારી વૃત્તિનો માર્ગ નથી, કે આપણે કંઇક કરીશું, આપણે કંઇક આપીશું, આપણે કંઇક ખર્ચીશું, એના બદલામાં પ્રભુ આપણને કંઇક આપશે. પુષ્ટિમાર્ગ એ બદલો મેળવવાનો માર્ગ નથી, માટે 'બાલબોધ' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ પ્રારંભમાં જ આપણને કહી દીધું કે વૈષ્ણવો, તમે તમારા જીવનનો રાહ નક્કી કરી લો, તમારે શું જોઇએ છે તે બાબતમાં નિશ્ચિંત બની જાઓ. એક અંગ્રેજ ફિલસૂફે બહુ સુંદર કહ્યું છેઃ તમે કેટલું દોડો છો એ મહત્ત્વનું નથી, તમારે જે દિશામાં જવું છે. એ દિશામાં તમે દોડો છો કે નહિ એ બહુ મહત્ત્વનું છે. આપણે જવું છે અમદાવાદ અને મુંબઇની દિશામાં દોડયા કરીએ તો મહેનત માથે પડે, અમદાવાદ ન પહોંચાય. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમે તમારા જીવનની દિશા નિશ્ચિત કરી લો. તમે જે માર્ગે ચાલવા માગો છો, તમે જે પ્રાપ્ત કરવા માગો છો, એને બરાબર જાણી લો અને સમજી લો, જેથી બીજાનું જોઇને તમને ભવિષ્યમાં કોઇ પ્રકારનો અસંતોષ ન રહી જાય, જેથી ભવિષ્યમાં તમને માર્ગ બદલવાની ઈચ્છા ઊભી ન થાય. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે જગતમાં બે માર્ગ છેઃ એક ભોગનો, અને બીજો ભકિતનો. ભોગના માર્ગમાં જીવ ઈશ્વર પાસેથી આલોક અને પરલોકમાં મોજશોખ અને ભોગવિલાસ ભોગવવાની આશા અને અપેક્ષા રાખીને જીવે છે અને એના માટે પ્રયત્ન કરે છે. તમારે જો ભોગનો માર્ગ જોઇતો હોય, તો તમે શિવજી પાસે જજો, શિવજી તમને ભોગ આપશે.

જગતનો એક નિયમ છે કે દુનિયામાં જે વસ્તુ આપણને પ્રિય હોય, તે આપણે બીજા કોઇને આપતા નથી, પરંતુ જે વસ્તુ અપ્રિય હોય, જે વસ્તુ ન ગમતી હોય, એ બહુ આગ્રહપૂર્વક બીજાને પધરાવી દઇએ છીએ. ઘરમાં કયાંકથી સાડી આવી. એના રૂપ-સંગ ગમ્યાં નહિ, તો કબાટમાં છેક નીચે ગડી કરીને ગોઠવી રાખી છે. છ-આઠ મહિના વીતી ગયા છે. નણંદબાની ઘરે પધરામણી થઇ છે. ભાભીએ નહોતું એટલું બધું વહાલ શબ્દોમાં ઠાલવીને પેલી સાડી એમના હાથમાં મૂકી દીધી, 'ખાસ તમારા માટે જ આણી છે.' આમ, ન ગમે એ બીજાને પધરાવી દેવું એ આપણો સ્વભાવ છે. મંદિરનો

વહીવટ કરનાર જાણે છે કે એની ગોલખમાંથી જેટલું ખોટું નાણું નીકળે છે એટલું બીજે કયાંયથી નથી નીકળતું, કારણ કે નથી ચાલતું એ બધું ઠાકોરજીના ઘરે આપી આવો. તો શ્રીમહાદેવજી પરમ ભાગવત છે. એમને પ્રભુની ભક્તિ પરમ પ્રિય છે. પરિણામે મહાદેવજી ભકિતનું દાન કોઇને કરતા નથી, તેઓ ભકિતમાં એવા મસ્ત છે કે એમને ભોગ ભોગવવાનો વિચારસરખો નથી, એ સ્મશાનમાં પડયા રહેવામાં પણ આનંદ માણે છે. એટલે જ એમની પાસે જઇને એમ કહે છે કે 'બાપજી, થોડી સંપત્તિ આપો,' તો મહાદેવજી કહે છે કે ટોપલા ભરીને લઇ જા, મારે કંઇ કામની નથી. પ્રભુ જેના ઉપર ખીજે છે, જેને દૂર રાખવા માંગે છે એને થોડી સંપત્તિ આપી દે છે. નાનું બાળક આપણને હેરાન કરતું હોય, પજવતું હોય, તો એના હાથમાં તમે કેડબરી ચોકલેટ પધરાવી દો એટલે એ રાજી થઇને રમવા ચાલ્યું જાય. પછી તમે તમારી મસ્તીમાં જીવ્યા કરો. આવી સંપત્તિરૂપી કેડબરી ચોકલેટ પ્રભુ આપણા હાથમાં આપી દે છે કે લઇ જા અને ચાટયા કર, મને હેરાન કરવા આવીશ નહીં. આથી મહાદેવજી ભોગ આપે છે. ત્યારે વિષ્ણુ પાસે તમે જઇને કહો કે મહારાજ, થોડી લક્ષ્મી આપોને! વિષ્ણુ કહેશે, 'મૂર્ખ! તારા ઘરમાં પૂછી આવ. તારી પત્ની તું કોઇને આપીશ? લક્ષ્મી તો મારી પત્ની છે, એ હું તને કેમ આપું? એ તને ન મળે પણ તારે ભકિત જોઇએ તો મારે ત્યાં ઢગલાબંધ પડી છે, જોઇએ એટલી લઇ જા. માટે વિષ્ણુ ભકિત આપે છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી, 'ભકિત જોઇએ તો ભગવાન શ્રીકૃષ્ણના ચરણનો આશ્રય લો, ભોગ જોઇએ તો મહાદેવજીનાં ચરણનો આશ્રય લો. પણ આપણે તો દૂધ દહીંમાં પગ રાખવા છે. મહારાજ, અમને ભકિતનું નાટક કરવા દો, અને ભોગ પણ ભોગવવા દો. પરિણામે આપણે ભક્તિનું નાટક કરીએ છીએ, ભકિતનો દેખાવ કરીએ છીએ, અને ભોગ ભોગવવા માટે આપણે બીજા અનેકનો આશ્રય કરીને અન્યાશ્રય કરીએ છીએ.

શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યું કે ભકિતનું સ્વરૂપ જુદું છે. જ્ઞાન અને કર્મ કરતાં ભકિત એ જુદું તત્ત્વ છે, એક જુદો પદાર્થ છે. જ્ઞાન અને કર્મની રીતે ભકિતનો વિચાર નહિ કરી શકાય, ભકિતનો વિચાર કરતાં ભકતોએ કહ્યું કે:

'હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને.'

જે પહેલું પોતાનું માથું આપી દેવા તત્પર બની શકે તે ભકિત કરી શકે, એ પ્રભુને પ્રેમ કરી શકે. જે મધરાતે પોતાનાં પતિ, સંતાન, ઘર, કુટુંબ, લોકલાજ આ બધાંનો ત્યાગ કરીને વૃંદાવનમાં દોડી જઇ શકે એ જ પ્રભુની રાસલીલાનો આનંદ માણી શકે. માટે ભકિતનું

સ્વરૂપ ભોગના સ્વરૂપ કરતા જુદું છે. ભોગમાં મેળવવાની લાલચ છે, ભકિતમાં સર્વસ્વ આપી દેવાની તત્પરતા છે. આપી દેવામાં જે આનંદ છે, તે બીજા પાસેથી લેવામાં નથી. આ વાત જે સમજી શકે તે ભકિતનો આનંદ લઇ શકે. માતા કંઇક સુંદર વસ્તુ લઇ આવશે તો પોતાના બાળકને આપવામાં તેને આનંદ આવશે, જાતે એ વસ્તુનો ઉપયોગ કરવામાં તેને આનંદ નહિ આવે. ભકતનો આનંદ પ્રભુના સુખમાં છે, પ્રભુની પ્રસન્નતામાં છે. ભકતને પોતાનો કોઇ જુદો આનંદ નથી, પોતાનું જુદું અસ્તિત્વ નથી. જ્ઞાની અને ભકત વચ્ચે મોટો તફાવત એ છે કે જ્ઞાની એમ કહે છે કે આખુંયે જગત પ્રભુનું સ્વરૂપ છે, માટે આ થાંભલામાં પ્રભુ છે, આ પંખામાં પ્રભુ છે, આ લાઇટમાં પ્રભુ છે, મનુષ્યોમાં પ્રભુ છે, સર્વમાં પ્રભુ છે:

'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપે અનંત ભાસે,
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું, શૂન્યમાં શબ્દ થઇ વેદ વાસે.'

ભકત એમ કહે છે કે શ્યામસુંદર! તારામાં મારું આખું જગત છે. તારી બહાર કયાંય મારું જગત નથી, મને તું મળ્યો એટલે આખું જગત મળી ગયું. તારા વિનાનું જગત મારે કોઇ જ કામનું નથી, મારે તો કેવળ તું જ જોઇએ, અને તું એટલે મુરલી મનોહર. સાક્ષાત્ મન્મથ-મન્મથ, કોટિકંદર્પલાવણ્ય, બાલસ્વરૂપે યશોદાજીની ગોદમાં ખેલનારો. કિશોર સ્વરૂપે સુબલ, સુદામા, મધુમંગલ સાથે વૃંદાવનમાં ગૌચારણ કરનારો અને માધુર્ય સ્વરૂપે સર્વ વ્રજભકતોના મનોરથ પરિપૂર્ણ કરનારો. તારામાં મારું આખુંયે જગત છે, મારું અસ્તિત્વ છે. જો તું નથી તો આ જગત મારે કોઇ કામનું નથી. તારા વિના આ જગતની સંપત્તિ મારા કોઇ હિસાબની નથી, માટે ભગવદીયોએ ગાયું: 'તેરે એક રોમકી છબિ પર, જગત વારિ સબ નાખૌ.' જો તારા એક રોમનું પણ મને દર્શન થઇ જાય તો એના ઉપર આખા જગતનું રાજ્ય ઓવારી દઉં. આ ભક્તનું જગત છે. ભકતના સ્નેહનું જગત કંઇક વિલક્ષણ છે. ભકતનું જે ભાવિ વિશ્વ છે, તે એના હ્લદયમાં સીમિત થઇ ગયું છે, એના શ્યામમાં સીમિત બની ગયું છે. માટે તો પેલી ગોપી કહે છે, શ્યામસંગે ન જવાની પ્રતિજ્ઞા કરું ખરી, પણ 'મન કહે હું પલક ન નિભાઉં-પણ મારું મન એક પલક પણ તે પ્રતિજ્ઞા નિભાવવા તૈયાર નથી. આ ભક્તનું ભાવવિશ્વ છે. ભકત જગતનાં કાર્યો કરે છે, પણ તેના પ્રત્યેક કાર્યમાં તેને દુનિયાનું ભાન નથી, તેને ભાન છે કેવળ પોતાના પ્રિયતમનું. મહી વેચવા નીકળેલી પેલી ગોપી એના રોમરોમમાં કૃષ્ણમય બની ગઇ છે, પરિણામે મુખમાંથી 'મહી લ્યો- મહી લ્યો' ને બદલે શબ્દ નીકળે છેઃ માધવ લ્યો - માધવ લ્યો. ભક્ત જ ભગવાનને પણ વેચી શકે અને ભગવાન ભકતના ભાવનું સ્વરૂપ ધારણ કરી શકે. ભક્તના સ્નેહની આ તાકાત છે.

આપણા બસોબાવન વૈષ્ણવની વાર્તામાં એક વાર્તા છેઃ એક વૃદ્ધ માજી છે. શ્રીમદનમોહનલાલજીની એટલા પ્રેમથી સેવા કરે કે સાઇઠ વર્ષ થયાં હોવા છતાંય ઘર બહાર પગ મૂકયો નથી. તેમને ખબર નથી કે શ્રીમદનમોહનલાલજી સિવાય પ્રભુનું બીજું કોઇ સ્વરૂપ હોઇ શકે. એક વખત શિયાળામાં એક વૈષ્ણવ તેમને ત્યાં અચાનક ઠાકોરજી પધરાવીને આવ્યા છે. શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ છે. માજીને એવો ભાવ જાગ્યો કે આ સખત ઠંડીમાં મારા પ્રભુનાં શ્રીઅંગ ખૂબ અકડાઇ ગયાં છે. પરિણામે તેઓ તેલ લઇને તેનું મર્દન કરે છે. અંગીઠી પ્રગટાવીને પ્રભુને ઉષ્ણ તાપ આપે છે, ગદલ ધરે છે અને ઉષ્ણ સામગ્રીઓ આરોગાવતાં વિનંતી કરે છે, ‘હે પ્રભુ! તમને કેટલો શ્રમ થઇ રહ્યો છે!’ પ્રભુ વિચારે છે કે હું એના ભાવનું સ્વરૂપ ધારણ કરીને શ્રીમદનમોહનલાલ સ્વરૂપે દર્શન નહિ આપું, ત્યાં સુધી આ મા મને શયનભોગ નહિ ધરે. શ્રીબાલકૃષ્ણલાલજીને એ માના ભાવથી શ્રીમદનમોહનલાલજી બનવું પડયું છે. આ ભકતનું ભાવવિશ્વ છે.

પંચમ ગૃહના એક તિલકાયત મહારાજશ્રી હતા. ચંદબાવામાં તેમની એટલી આસકિત કે એમની સેવા છોડીને શ્રીનાથજીની સેવા કરવાની તૈયારી નથી. એક વાર શ્રીનાથજીની સેવા કરવા પધાર્યા ખરા, પણ હૃદયમાં, હસ્તમાં, નેત્રોમાં, એક જ ભાવ છે કે મારા ચંદબાવા સામે બિરાજે છે. શ્રીજીબાવાને શૃંગાર કર્યા, પછી વેણુજી ધરાવવા જાય છે! શ્રીજીબાવા ઠાડાં વેણુજી ધરે અને ચંદબાવા તો આડાં વેણુજી ધરે. તેમને એટલો બધો વિરહતાપ થયો કે શ્રીજીબાવાને ચંદબાવાને સ્વરૂપ ધારણ કરી આડાં વેણુ ગ્રહણ કરવાં પડયાં. આ ભક્તનો પ્રેમ અને એનું ભાવવિશ્વ.

ભકત પોતાના પ્રભુ સિવાય બીજા કોઇનોય વિચાર કરતો નથી. પોતાની જાતને ભૂલી જાય, પોતાના પ્રેમને ભૂલી જાય, પોતાના કુટુંબને ભૂલી જાય, પોતાના સર્વસ્વને ભૂલી જાય. યાદ રહે એક જ વસ્તુ-મારા પ્રભુ. ઊંઘતાં, જાગતાં, બેસતાં, ખાતાંપીતાં એક જ બાબતનું સ્મરણ રહે- મારા સ્વામી. મારા પ્રભુ શું કરતા હશે? એમને સુખ થતું હશે?

શ્રીપદ્મનાભદાસજીનો પ્રસંગ યાદ કરીએ છીએ ત્યારે આપણાં રુંવાડાં ઊભાં થઇ જાય છે, જેમણે શ્રીમથુરેશ. પ્રભુને છોલા આરોગાવ્યા. છોલા એટલે તળેલા ચણા. તેમનાં નેત્રોમાંથી અશ્રુની ધારા વહી જાય છે કે હે પ્રભુ! બીજી કોઇ વસ્તુ હું મારે ત્યાં અંગીકાર કરાવી શકતો નથી. શ્રીમહાપ્રભુજીના ઘેર સર્વ સામગ્રી છે, આપ આજ્ઞા કરો તો હું આપને ત્યાં પધરાવું. શ્રીમથુરેશજી આજ્ઞા કરે છે, ‘ના પદ્મનાભદાસ, મને તમારે ત્યાં જે આનંદ આવે છે તે ત્યાં નહિ આવે.’ એ શ્રીમથુરેશજી જયારે શ્રીગિરિધરજીના ત્યાં પધાર્યા, ત્યારે શ્રીગુસાંઇજીના જયેષ્ઠ કુમાર શ્રીગિરિધરજીએ છપ્પનભોગનો

અદ્‌ભુત મનોરથ કર્યો. એક એક સામગ્રીનું એક એક નંગ એક એક મણ વજનનું હતું! વિચાર કરો, એ કેવો છપ્પન ભોગ હશે! ભોગ ધરાવી બીડી આરોગાવતાં આરોગાવતાં પૂછે છેઃ 'બાવા, યે ભોગ કૈસો લગ્યો?' શ્રીમથુરેશજી અનમના છે. જવાબ નથી આપતા. ફરીથી વિનંતી કરે છે, ત્યારે કહે છેઃ 'પદ્મનાભદાસ કી છોલાકી થાલીકે એક છોલા કે સ્વાદ બરાબર આપકે છપ્પન ભોગકો સ્વાદ નહીં આયો!' એક છોલાના સ્વાદ બરાબર આખા છપ્પન ભોગનો સ્વાદ પ્રભુને ન આવ્યો, કેમ? સેવા સ્નેહપ્રધાન છે. સેવા ક્રિયાપ્રધાન નથી. ઠાકોરજી સાધન સંપત્તિથી પ્રસન્ન નથી થતા, એ તો ભાવના ભૂખ્યા છે, ગુંજામાળાથી અને મિસરી ભોગથી બહુ રાજી થઇ જાય છે, તો એટલું જ અંગીકાર કરાવો. આવું માની આપણે બેસી રહીએ છીએ.

એક શહેરમાં જવાનું થયું. એક ખૂબ શ્રીમંત વૈષ્ણવને ત્યાં પ્રભુ બિરાજે. ઘરમાં જેટલાં માણસ એનાથી વધારે ઓરડા. આરસ સિવાય મકાનમાં બીજું કાંઇ દેખાય નહિ, અને ઘરમાં જેટલાં કુટુંબી તેનાથી બેવડા તો નોકરો. તે ઘરની અંદર સીડી ચઢવાની જે જગ્યા હોય, તેની નીચે જે ગોખલો હોય, તેની અંદર કબાટ બનાવેલું અને ત્યાં ઠાકોરજી બિરાજે. કારણ? આ ઘર બન્યું તે પછી ઠાકોરજી પધરાવ્યા. બધાંને ઘરમાં રૂમ વહેંચી આપ્યા. ઠાકોરજી માટે ક્યાંય જગ્યા ન રહી, એટલે અહીં પધરાવ્યા. એ તો ભાવના ભૂખ્યા છે! ગરુડ જેવું જેનું સિંહાસન હોય, તેને અમે શું આપીએ? દીનતાનો ભાવ કરે. મેં કહ્યું, તમારા ઘરમાં જેટલો સમય વધુ રહીએ એટલો સમય વધારે બહિર્મુખ થવાય.

પ્રભુને ભક્ત કહે છેઃ મહારાજ, હું તમને કંઇ જ આપી શકું તેમ નથી. ગરુડ જેવું સિંહાસન, કૌસ્તુભ મણિ જેવું જેનું આભૂષણ, લક્ષ્મીજી સ્વયં આપને ત્યાં બિરાજે, ત્યાં હું આપને શું આપું? આપને ત્યાં કશી વસ્તુની ખોટ નથી. પણ ભક્તને યાદ કરતાં કરતાં એક વસ્તુની યાદ આવે છે, 'મહારાજ! તમારે ત્યાં બધું છે, પણ એક વસ્તુ નથી. જે વસ્તુ તમારી પાસે નથી એ મારી પાસે છે અને મારે એની જરૂર નથી. તમારે એની ખૂબ જરૂર છે. કહો તો આપી દઉં?' પ્રભુ પૂછે છે, 'શું છે એવું કે જે મારા જેવા જગતના નાથ પાસે નથી અને તારી પાસે છે? જેની મારે જરૂર છે અને તારે જરૂર નથી? ભક્ત કહે છે, 'મહારાજ, એવું એક હૃદય છે મારી પાસે. આપની પાસે હૃદય હતું તો ખરું, પણ બીજા ભક્તો ચોરી ગયા. હવે તમારી પાસે હૃદય રહ્યું નથી. મારી પાસે હૃદય છે તે નકામું છે. તમારે હૃદયની બહુ જરૂર છે, કારણ કે તમે બહુ નિષ્ઠુર બની ગયા છો. અમે આટઆટલું રડીએ છીએ! અમે રડવાનો પ્રયત્ન કરીએ, તો તમે અમને રડવા પણ દેતા નથી, અમે તમારાં દર્શન માટે દોડવાનો પ્રયત્ન કરીએ, તો અમને દોડવા દેતા નથી. અમને ગુણગાન

ગાવાનું મન થાય, તો આ જીભથી અમને ગુણગાન ગાવા દેતા નથી. તમે બહુ નિષ્ઠુર બની ગયા છો. માટે મહારાજ, તમારે એક નાનકડા હૃદયની જરૂર છે, જો તમે કહો તો મારું હૃદય તમને આપી દઉં.'

ભક્ત પ્રભુને શું આપી શકે? ભક્ત પ્રભુને પોતાનું હૃદય આપી દે, સ્નેહ આપી દે, એટલે સર્વસ્વ આપી દે. જેણે પોતાનું હૃદય, પોતાનો સ્નેહ બીજાને આપી દીધો, તે પોતે પછી કેવો છે ને કેવો નહિ, એની કશી ખબર રહેતી નથી! તેના ગુણ-અવગુણની એને પડી નથી. એ જેવો હોય એવો પણ મારી આંખનો તારો છે. ધોંધીજીએ બહુ સુંદર કહ્યું: 'ધોંધી કે પ્રભુ તુમ બહુનાયક,' તમારે તો અનેક ભક્તો સુખદાન કરનારા છે, હું તમને શું સુખ આપું? 'તોહુ મેરે નયનકે તારે,'- તોય મારે માટે તો મારી આંખની કીકી જેવા છો. તમારા સિવાય મારું બીજું કોઇ નથી. આવો પ્રેમ પ્રભુમાં થવો, એ શ્રીમહાપ્રભુજીને અપેક્ષિત છે.

પ્રેમ માટેનું બીજ બ્રહ્મસંબંધ દ્વારા આપણા હૃદયરૂપી ખેતરમાં શ્રીમહાપ્રભુજીએ રોપી આપ્યું. હવે એ પ્રેમરૂપી બીજમાંથી અંકુર પ્રકટ કરવાનો છે. એમાંથી વૃક્ષ પ્રકટ કરવાનું છે, જેથી સુંદર ફૂલ અને ફળ આવે. એ આપણી અભિલાષા છે. પ્રભુમાં પ્રેમ થયો એમ કયારે માનવું? એનું બેરોમીટર કયું? કોઇ કહે કે મને પ્રભુમાં પ્રેમ છે, એટલે તમે માની લેશો? ના, દુનિયામાંથી પ્રેમ ઘટતો જાય, દુનિયામાંથી મમત્વ ઘટતું જાય, અને પ્રભુમાં તે વધતું જાય ત્યારે માનજો કે હવે પ્રેમને પાંદડાં ફૂટવાં માંડયાં. આપણું મમત્વ દુનિયામાં, દુન્યવી ભોગવિલાસમાં વધતું જાય છે, પરિણામે ભોગવિલાસને પ્રાપ્ત કરવા આપણે સાન-ભાન ગુમાવીને ગાંડાની જેમ ભટકીએ છીએ. આપણામાં કહેવત છે કે 'ગરજવાનને અક્કલ ન હોય!' એમ આપણને કોઇ કહે કે આ દોરો બાંધો, એટલે એ દોરો બાંધી લઇએ. કોઇ કહે, ફલાણા દેવળમાં જઇ આવો, એટલે ત્યાં જઇએ. કોઇ કહે અહીં જઇ આવો, તો અહીં જઇ આવીએ. કોઇ કહે અહીં પાણી રેડી આવો, તો પાણી રેડી આવીએ, અખાએ બહુ સુંદર કહ્યું:

"પથ્થર એટલા પૂજે દેવ, તુલસી દેખી તોડે પાન,
કથા સૂણી સૂણી ફૂટયા કાન, તોય ન આવ્યું અખા બ્રહ્મજ્ઞાન!"

- કેમ આવું બન્યું? કારણ કે આ બધું કર્યું, કેવળ ભોગવિલાસ ભોગવવાની હીનભાવનાથી, કેવળ સ્વાર્થથી પ્રેરાઇને. પરિણામે, જેમ ડૂબતો માણસ તણખલાને પકડે, એમ આપણે દુનિયામાં સૌને પકડવા ગયા. બાપજી તમે બચાવો, બાપજી તમે કંઇક આપી દો. બાપજી તમારી પાસે ઇલમ હોય તો તમે આપો. આપણે બધે દોડયા, ત્યારે પ્રભુ ખડખડાટ હસ્યા કરે. જા, ભીખ માગ્યા કર. ભીખ માગવાનો તારો સ્વભાવ છે. કશેથી ન

મળે, તો પછી રોતો-ધોતો મારી પાસે આવજે, હું તને જોઇ લઇશ. આજે આપણી આ સ્થિતિ થઇ ગઇ છે. વિચાર કરજો, આપણે અન્યાશ્રય કરીએ છીએ એની પાછળ ઊંડે ઊંડે આપણા જીવનમાંથી દુઃખ કેમ જલ્દીથી ચાલ્યું જાય અને ભોગ ભોગવાય એવી ક્ષૂદ્ર વાસના સિવાય બીજો કોઇ ભાવ રહેલ નથી. માટે શ્રીઆચાર્યચરણોએ આજ્ઞા કરીઃ દુઃખ તો આવે ને જાય. ધીરજ રાખીને સહન કરતાં શીખો.

એક સુંદર વાર્તા છે બસોબાવન વૈષ્ણવોની વાર્તામાં. એક રાજા છે, એને પુત્ર નથી. પચાસ વર્ષ થઇ ગયાં છે. રાજાએ વિચાર કર્યો હવે શું પુત્ર થાય? ભગવાનની જેવી ઇચ્છા! જો પુત્ર નથી જ થવાનો, તો બાકીની જિંદગી ભગવાનના ધ્યાનમાં વિતાવું અને સંન્યાસ લઇ લઉં. ચાર ચાર રાણીઓ છતાં પુત્ર થયો નહિ, તેથી કાલે રાજા સંન્યાસ લેવાનો છે. તે ગામમાં એક બ્રાહ્મણ મહાદેવજીના ભક્ત રહે. મહાદેવજી એને સાક્ષાત્ દર્શન આપે. બ્રાહ્મણે મહાદેવજીને વિનંતી કરી, 'અમારો રાજા બહુ ધાર્મિક સ્વભાવનો છે. એને એક દીકરો આપો ને!' મહાદેવજી કહે, 'દીકરો આપવાનું કામ મારું નથી, પણ કાલે હું ભગવાનને પૂછીને કહીશ.' બીજા દિવસે મહાદેવજી ભગવાનને પૂછવા વૈકુંઠમાં ગયા. ભગવાને કહ્યું, મહાદેવજી! એના ભાગ્યમાં દીકરો નથી. મહાદેવજીએ આવીને આ સમાચાર કહ્યા. બ્રાહ્મણ નિરાશ થઇ, રાજાને કહી આવ્યો. રાજાએ કહ્યું, હું તમને એ જ કહેતો હતો. આ જ ગામમાં શ્રીગુસાંઇજીના સેવક એક વૈષ્ણવ બ્રાહ્મણ રહે. પતિ-પત્ની બંને ખૂબ પ્રેમથી સેવા કરે. આવ્યા-ગયા વૈષ્ણવોનો પણ એટલા જ પ્રેમથી સત્કાર કરે. એક વિરકત વૈષ્ણવ અચાનક ઘેર આવ્યા. ખૂબ પ્રેમથી તેમની સેવા કરી. વિરકત વૈષ્ણવે કહ્યુંઃ તમે કંઇક માંગો. બ્રાહ્મણ વૈષ્ણવ કહે, 'તમારી પ્રસન્નતાથી મારે માથે પ્રભુ બિરાજે છે. મારે હવે કંઇ નથી જોઇતું.' પરંતુ એમનાં પત્નીએ કહ્યું, 'અમારે કંઇ નથી જોઇતું, પણ આ ગામનો રાજા બહુ ધાર્મિક છે, એના રાજયમાં પ્રભુની સેવા કરવાનો બહુ આનંદ છે, કોઇ પજવણી નથી, પણ એ ધાર્મિક રાજાને એકાદ દીકરો મળે, તો આખી પ્રજાને આનંદ થાય.' વિરકત વૈષ્ણવે કહી દીધુંઃ 'એક શું, ચાર દીકરા થશે!' વૈષ્ણવ બ્રાહ્મણે દરબારમાં જઇને આ શુભ સમાચાર આપ્યા કે આપ બાર મહિના સંન્યાસ લેવાનો વિચાર માંડી વાળો. રાજા થોભી ગયા. પ્રભુ હમેશાં પોતાના ભક્તોની વાણીને સત્ય કરે છે. બાર મહિનામાં ચારેય રાણીને ત્યાં એક-એક દીકરો અવતર્યો. ચોઘડિયાં વાગ્યાં. પેલા મહાદેવજીના ભકત તો ડઘાઇ ગયા કે આ શું? મહાદેવજીએ રાત્રે દર્શન આપ્યાં, ત્યારે પૂછયું- 'તમે તો કહેતા હતા કે રાજાને દીકરો નથી, પણ એને તો ચાર દીકરા થયા!' તો કહે, 'ઊભો રહે, હું ભગવાનને પૂછી આવું.' ભગવાન કહે મહાદેવજી, દીકરા મેં કયાં આપ્યા છે? એ તો મારા ભક્તે આપ્યા છે.

મારો ભક્ત વચન આપી આવે, પછી તે કહે એમ મારે કરવું પડે. તેની આગળ મારું કશું ચાલે નહિ!

વિચાર કરો: જેના ભકતમાં આવું સામર્થ્ય છે એના સ્વામીમાં કેટલું સામર્થ્ય હશે? આપણે ત્યાં અનેક પ્રસંગો છે કે આ ભગવદીયોએ ભગવચ્ચરણામૃત આપીને અનેક મૃત વ્યકિતઓને જીવંત કરી છે, અનેક વચન આપીને પુત્ર આપ્યા છે, ઇચ્છિત વસ્તુઓ આપી છે અને પ્રભુની ઇચ્છા વિરુદ્ધ જઇને પણ આપ્યું છે, ત્યારે પ્રભુને એ સર્વ ઇચ્છાઓ પૂરી કરવી પડી છે! આવા સર્વસામર્થ્યવાન ભગવદીયો કે જેમના માથે શ્રીગુસાંઇજી, શ્રીમહાપ્રભુજી બિરાજે છે, એમના સામર્થ્યના બળથી આ ભગવદીયો નિર્ભય બનીને એમનાં ચરણારવિંદનો અનન્ય આશ્રય રાખીને રહે છે.

અને આ ભક્તોની દઢતા પણ કેવી? જામનગરના સવજીભાઇ મોચી શ્રીગુસાંઇજીના સેવક થયા છે. આજ્ઞા થઇ છે કે વૈષ્ણવની જેમ જીવો. વૈષ્ણવી વેષ ધારણ કર્યો છે, સેવાસ્મરણ કરે છે. બ્રાહ્મણોને ઈર્ષા આવી કે એક મોચી અમારા બ્રાહ્મણની જેમ રહે? રાજાને ફરિયાદ કરી. મહારાજ, હદ થઇ ગઇ. અત્યાર સુધી દૂધનું દહીં બનતું હતું, પણ હવે તો દહીંનું દૂધ બનવા માંડયું છે. બ્રાહ્મણ જો અપકર્મ કરે તો મોચી જેવો થાય, પણ મોચી હવે તમારા રાજયમાં બ્રાહ્મણ થવા માંડયા! સવજીભાઇને બોલાવી પૂછયું. સવજીભાઇ કહે છે કે આ મારો બીજો જન્મ છે. હવે હું મોચી નથી, હું તો વૈષ્ણવ છું. એમના હાથમાં આપવામાં આવી છે, છાશની દોણી. શ્રીગુસાંઇજીનું સ્મરણ કરી ઉપર ઉપરણો ઢાંકી દીધો. એક ક્ષણ પછી તે રાજાને કહે છે: ચાખી જુઓ, છાશ છે દૂધ? શ્રીગુસાંઇજીના કૃપાબળથી એ છાશ દૂધ બની ગઇ! આવા સર્વસામર્થ્યવાન સ્વામી આપણા માથે બિરાજે છે.

નરહરિ જોશીનું સ્મરણ કરો. રાણા વ્યાસના ઉપર જયારે આક્ષેપ આવ્યો ત્યારે જેમણે ભરસભામાં તપાવેલું લોખંડનું પૈડું હાથમાં પકડી રાખ્યું, છતાં એમના હાથને કશું થયું નહિ. આ સામર્થ્ય કોનું છે? આ સામર્થ્ય કેવળ શ્રીવલ્લભ અને શ્રીવિઠ્ઠલનું છે. આવા સર્વસામર્થ્યવાન, સૌભાગ્યનાથ આપણા માથે બિરાજતા હોય, એમની છત્રછાયામાં આપણે હોઇએ, છતાં એમના ઉપર અવિશ્વાસ કરીને, રંક ભિખારી જેવા બનીને આપણી તુચ્છ વિષયવાસના અને ભોગેચ્છાઓને સંતોષવા માટે પેલા ભૂંડની જેમ જમીન ઉપરનો એંઠવાડ શોધવા માટે ઘરઘર ભટકીએ તો શું હાથમાં આવે?

ભગવદીયોએ કહ્યું છે કે ભાઇ, મનનો સ્વભાવ છે કે કોઇકને વળગી રહેવાનો. તો પછી આપણા પ્રાણનાથને વળગીને કેમ ન રહીએ? બીજાને વળગવા શું કામ જઇએ? મનનો સ્વભાવ છે દુ:ખ આવી પડે ત્યારે માગવાનો. જો માગવાનું મન થઇ જાય, તો

પછી આપણા પ્રભુ પાસે શું કરવા ન માગીએ? પણ જીવ એવો છે કે પ્રભુ પ્રસન્ન થઇને એમ કહે કે તું માગ, તો એને માગતાંય ન આવડે! આપણને પ્રભુ કદાચ માગવાનું કહે તો શું માગીશું? વિચારી રાખજો, તમારે શું જોઇએ છે? નહીંતર એ વખતે હાંફળા-ફાંફળા થઇને જોઇતું કંઇક માગી બેસીશું અને આવેલો મોકો ગુમાવી દઇશું.

શ્રીહરિરાયચરણે માગ્યું: 'પિય તોહે નૈનન હિ મેં રાખૌં' અમારે બીજું કાંઇ નથી જોઇતું. આ બે નેત્રોમાં તમે આવીને બિરાજી જાઓ, આ નેત્રોમાં હું તમને કેદ કરી દઉં. 'તેરી એક રોમ કી છબી પર જગત વારી સબ નાખૌં, ભેટો સકલ અંગ સાંવરકો, અધર સુધા રસ ચાખૌં, રસિક પ્રિતમ સંગમ કી બાતેં, કાહુ સોં નહિ ભાખૌ' આપણને પ્રભુ જો સ્વપ્નમાંય દર્શન આપી દે તો વહેલી સવાર પડે ઘરે લાઉડ સ્પીકર મુકાવીને જાહેરાત શરૂ કરી દઇએ. ઘણી વાર સાંભળવા મળે છે કે ફલાણા વૈષ્ણવને શ્રીમહાપ્રભુજી કે શ્રીનાથજી હાજરાહજૂર છે! જેને હાજરાહજૂર છે તે કોઇને કહેતો નથી, કારણ કે એ તો એની 'બેડરૂમ અફેર' છે. કોઇને કહેવાનો વિષય નથી. એની વાત સ્વપ્નમાંયે ન થાય. બેડરૂમમાં ઝઘડો થયો હોય તો કોઇ ન જાણે, અને પ્રેમ થયો હોય તો પણ કોઇ ના જાણે. તો ઠાકોરજી હાજરાહજૂર છે એવી વાત માનતાં વિચાર કરવો પડે. 'પ્રગટ કિયે રસ જાય'- મોટાઓની આજ્ઞા છે, જો તમને પ્રભુ કદાચ અનુભવ કરીને જતાવે તો એને હૃદયમાં ધારણ કરજો.

પરમાનંદદાસજી કહે છે, અમે તમારી પાસે માંગીએ છીએ: 'યહ માંગો શ્રીગોપીજનવલ્લભ, માનુષ જન્મ ઔર હરિ સેવા'- મારે બીજું કંઇ નથી જોઇતું. તમારે જેટલા જન્મ આપવા હોય એટલા આપજો. પણ મનુષ્ય જન્મ અને ઠાકોરજીની સેવા આપજો. ઘણા વૈષ્ણવો કહે છે, કે હવે ઠાકોરજી બોલાવી લે તો સારુ. અમારાં દાદીમા પણ કયારેક કહેતાં કે ભાઇ! હવે ઠાકોરજી બોલાવી લે તો સારું.' હું એમને પૂછતો કે બા ત્યાં જઇને શું કરશો? એ કહેતાં કે ઠાકોરજીની સેવા કરીશું. મે કહ્યુ 'અહીં શું કરો છો?' 'ઠાકોરજીની સેવા કરીએ છીએ.' મે કહ્યું, બા, તમને અહીં તો ઠાકોરજીની મંગળાથી શયનપર્યન્તની અષ્ટપ્રહરની સર્વ સેવા પ્રભુએ શ્રીમહાપ્રભુજીની કાનીથી આપી છે. ત્યાં તો તમારો જેટલો અધિકાર હશે એટલી જ સેવા મળશે, બધી નહિ મળે. તો પછી અહીં જ રહીને બધી સેવા કરોને? ત્યાં શું વધારે છે? જે અહીં છે તે જ ત્યાં છે. અને જે ત્યાં છે એ જ અહીં છે. જે ત્યાં બિરાજે છે એ જ આપણા ઘરમાં બિરાજે છે. એનાથી આપણા ઘરમાં બિરાજનારો જુદો નથી. જે દિવસે આપણને દૃઢ વિશ્વાસ બેસશે કે મારા ઘરમાં બિરાજે છે એ જ નાથદ્વારમાં બિરાજે છે. તો એ મારા ઘરમાં બિરાજનારને છોડીને બીજે શું કામ જાઉં? ત્યારે ઘરમાં બિરાજનાર પ્રત્યક્ષ થઇને દર્શન આપશે.

માટે પરમાનંદદાસજીએ માગ્યું કેઃ 'માનુષ જન્મ ઔર હરિ સેવા, બ્રજ બસવો દીજે મોહિ દુર્લભ' મને વ્રજવાસ આપજો. ''શ્રીવલ્લભકુલકો હોઉં ચેરો'' શ્રીવલ્લભકુળનો મને સેવક કરજો. ''વૈષ્ણવજનકો દાસ કહાઉં''- હું વૈષ્ણવોનો દાસાનુદાસ બનીને રહીશ. ''શ્રીયમુનાજલ નિત્ય પ્રતિ ન્હાઉં, મન-વચન-કર્મ કૃષ્ણ ગુણ ગાઉં, શ્રીમદ્ ભાગવત સુનૌ નિત્ય, ઇન તજ ચિત્ત કહુ ના લાઉં, પરમાનંદ એહ માંગત નિત નિરખૌં કબહુ ન અઘાઉં.'' રોજ-રોજ દર્શન કરું, પણ મને કયારેય એનો સંતોષ ન થાય. જયારે આપણને તો એક ક્ષણ દર્શન કરીએ અને સંતોષ થઇ જાય છે કે કયારે હવે અહીંથી ભાગીએ!

એક વૈષ્ણવ હતા. આજે પણ છે. ત્રીસ વર્ષથી શ્રીઠાકોરજી એમને ત્યાં સખડી આરોગે છે. મેં એમને પૂછયું કે તમારા ઠાકોરજીના શ્રીકંઠમાં કેટલી માળાઓ ધરેલી છે? કઇ કઇ માળાઓ છે? કારણ કે શ્રીનાથજીનાં ચિત્રજી એમના ત્યાં બિરાજે છે. મને કહે ભાઇ, એ તો ગણ્યું નથી. જુઓ, ત્રીસ વર્ષથી જે સેવા કરે છે એને પોતાના ઠાકોરજીના સ્વરૂપનું પણ ભાન નથી. બીજા એક વૈષ્ણવ શ્રીગોસ્વામી બાળક પાસે આવ્યા, આવીને ખૂબ રડયાં. રડતાં રડતાં વિનંતી કરીઃ મહારાજ, સખડી ભોગ ધરે ત્રીસ ત્રીસ વર્ષ થયાં, પણ આજ સુધી શ્રીઠાકોરજીએ ઝાંખી આપવાની કૃપા કરી નથી. મને કયારે ઝાંખી થશે? હું સાંભળી રહ્યો હતો; કારણ કે તે દિવસે સખડી ભોગ ધરવાનું સૌભાગ્ય મને મળ્યું નહોતું. જવાબની રાહ જોતો હતો કે જો મને પણ કોઇ મુદત આપે તો હું સખડી ભોગ ધરવાનો પ્રારંભ કરું. આપે તો ગંભીરતાથી કહ્યું કે પ્રભુનાં દર્શન તમને કયારેય નહીં થાય, ત્રીસ જન્મમાં પણ નહિ થાય. હું તો ચમકયો. સખડી ભોગ ધરનારનેય ત્રીસ જન્મમાં દર્શન નહિ થાય! મેં પૂછયું, કૃપાનાથ, આમ કેમ આજ્ઞા કરો છો? ત્યારે કહે કે પછી એકાંતમાં કહીશ. આપે એકાંતમાં કહ્યું કે તમે સખડી ભોગ ધરો છો એટલે ઠાકોરજી ઉપર ઉપકાર કરી નાખો છો કે દર્શન આપે જ? પ્રેમ હોય તો આરોગાવો, બાકી પ્રભુ સખડીના ભૂખ્યા નથી કે તમારે ત્યાં આવીને આરોગે.

વાત આટલી જ છે કે જેને પ્રભુમાં સ્નેહ છે, એને પ્રભુ સિવાય બીજી કોઇ વાત નથી. એની એકાગ્રતા કેવળ પ્રભુમાં છે, બીજા કોઇમાં નથી. આવો સ્નેહ કેવળ પુષ્ટિ ભક્તોએ કર્યો છે એમ નથી. મર્યાદા ભક્તોએ પણ આવો એકાગ્રતાનો સ્નેહ કર્યો છે. મીરાંબાઇને યાદ કરો, 'મેરે તો ગિરધર ગોપાલ, દૂસરો ન કોઇ!' એમ ગાનાર મીરાંબાઇને સાંભળીએ એટલે કહીએ કે ધન્ય-ધન્ય મીરાંબાઇ! તુલસીદાસજી વ્રજમાં આવ્યા. એમના નાના ભાઇ નંદદાસજી સાથે છે. શ્રીનાથજીનાં દર્શન કરવા લઇ ગયા. શ્રીજીબાવાનાં શૃંગારનાં દર્શન ખુલ્યાં છે, અદ્‌ભુત દર્શન થઇ રહ્યાં છે. એ સમયે

સાંવરિયાનાં દર્શન કરતાં સૌનું મસ્તક ઝૂકી ગયું છે, નથી ઝૂકયું કેવળ તુલીસદાસજીનું. તેઓ હાથ જોડયા વિના ઊભા છે. નંદદાસજી જોઇ રહ્યા છે કે અહીં આવીને મારા ભાઇ મારા ઈષ્ટને હાથ નહીં જોડે! શ્રીગિરિરાજબાવાને વિનંતી કરે છે: બાવા, તુલસી મસ્તક તબ નમે, 'ધનુષ ધરો લે હાથ' એ ભક્તની વિનંતી પ્રભુએ સ્વીકારી. શ્રીરામચન્દ્રજી સ્વરૂપે દર્શન આપ્યાં અને તુલસીદાસજીએ દંડવત્ પ્રણામ કર્યા. શ્રીગુસાંઇજી પાસે ગયા, પણ તુલસીદાસજી નમન નથી કરતા. શ્રીગુસાંઇજી રઘુનાથજીને બોલાવે છે. આગલા દિવસે જાનકી વહુજી સાથે રઘુનાથજીનું લગ્ન થયું છે. શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છે: તમારો સેવક આવ્યો છે, તમારા સ્વરૂપે દર્શન આપો. સીતાપતિ-સ્વરૂપે દર્શન થયાં. તુલસીદાસજી દંડવત્ પ્રણામ કરતાં કહે છે, હું તો શું વર્ણન કરું? આ ગોકુળ ગામ એ તો સાક્ષાત્ અયોધ્યાપુરી છે.

આવા ભક્તોએ પોતાની અનન્યતા સિદ્ધ કરી છે. આપણે એ ભક્તોના માર્ગે માર્ગે ચાલવાનું છે. આપણે આવી અનન્યતા સિદ્ધ કરવાની છે. તમે કહેશો કે અનન્યતા સિદ્ધ કરવામાં મારું મન કયાંક મુશ્કેલી અનુભવે છે. વાત સાચી છે કે અન્યાશ્રય મનમાં પહેલાં જાગે છે. બહારની ક્રિયાથી કોઇનો અન્યાશ્રય માપશો નહિ, નહીંતર ભૂલમાં પડશો. કોઇની ક્રિયા જોઇને એના વિષેનો નિર્ણય બાંધશો નહિ, નહીંતર તમારો નિર્ણય કયાંક ખોટો પડશે. શ્રીગુસાંઇજીના એક સેવક હતા. આજ્ઞા કરી કે આગ્રા જઇને ઠાકોરજી માટે સામગ્રી લઇ આવો અને રાત પહેલાં આવી જજો. બે ગાડાં ભરીને સામગ્રી લઈને પાછા આવે છે. સાંજ પડી ગઇ છે. રસ્તો ઢોળાવવાળો છે. બળદ ચડી શકતા નથી. બહુ પ્રયત્ન કર્યો પણ કોઇ ઇલાજ નથી. ત્યાં બાજુમાં એક ભૈરવની દેરી છે, ત્યાં એક પૂજારીની ઝૂંપડી છે. પૂજારીને પૂછયું, કોઇ માણસ મદદ કરે એવો અહીંયાં મળશે? પૂજારી કહે, અહીં જંગલમાં કોણ હોય? પણ ભૈરવ અમારો ચમત્કારી છે. એક ગાડા દીઠ એક નાળિયેર આપશો તો ગાડાં ઢાળ ચડી જશે. પેલા વૈષ્ણવે ઠાકોરજીને આરોગવાનાં નાળિયેરમાંથી બે નાળિયેર પૂજારીના હાથમાં આપ્યાં. પ્રભુને કરવું તે ગાડાં ઢાળ ચડી ગયાં. રાત પડતાં ગોકુળ આવી ગયા. સાથેના વૈષ્ણવે શ્રીગુસાંઇજીને ફરિયાદ કરી: મહારાજ, વૈષ્ણવે અન્યાશ્રય કર્યો છે. ભૈરવને નાળિયેર ચઢાવ્યાં છે. શ્રીગુસાંઇજીએ પેલા વૈષ્ણવને પૂછયું. વૈષ્ણવ કહે છે, ના મહારાજ. ભૈરવને મેં નાળિયેર નથી ચઢાવ્યાં. પણ આપની આજ્ઞા છે કે કોઇનું મફત કશું લેવું નહિ. મજૂરી કરે એને પૂરતી મજૂરી ચૂકવવી. ભૈરવે ગાડાં ખેંચવામાં ખૂબ મજૂરી કરી. ગાડાં ખેંચવાનાં એણે નાળિયેર માગ્યાં, માટે મેં નાળિયેર આપ્યાં છે. હવે આપ કહો, જો મેં અન્યાશ્રય કર્યો હોય તો જે દંડ કરો તે ભોગવું. આપ પ્રસન્ન થયા અને આજ્ઞા કરી, જો

હૃદયમાં આ ભાવ હોય તો અન્યાશ્રય થયો ગણાય નહિ. અન્યાશ્રય એ તો મનનો છે. આપણું સર્વ લૌકિક પણ પ્રભુને માટે છે એવું માનીએ તો કયાંય અન્યાશ્રય નહિ થાય.

માટે આ વાત પકડી લ્યો કે દુનિયામાં જે કંઇ કરીએ તે પ્રભુના સુખ માટે કરવાનું છે. સિનેમા જોવા જાઓ તો પણ પ્રભુના સુખ માટે જાઓ. અમારા કાંકરોલીના ઘરમાં ભવાઈવાળા શ્રીગિરધરલાલજી મહારાજ થઈ ગયા. રોજ કાંકરોલીમાં શયનમાં દર્શન પછી ભવૈયા ભવાઇ કરે. વૈષ્ણવો કહે કે આ ભવાયાઓને કિમતી જણસો મહારાજ લુંટાવી દે છે. નાથદ્વારાથી શ્રીતિલકાયતજી મહારાજને વિનંતી કરીને બોલાવ્યા કે આપ કંઇક શિખામણ આપો. તિલકાયતજી મહારાજ પધાર્યા. ભવાઈ થઇ રહી છે. થોડીક વાર પછી એક બાળકનો ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. તિલકાયતજી આજુબાજુ જુએ છે કે કોણ ખડખડાટ હસે છે? કોઇ બાળક દેખાણું નહિ. નજર શ્રીગિરધરજી મહારાજ તરફ ગઇ. તેમની ગોદમાં શ્રીદ્વારકાધીશ પ્રભુ સાક્ષાત્ બિરાજયા છે અને ખડખડાટ હસી રહ્યા છે. શ્રીતિલકાયત મહારાજની પ્રસન્નતાનો કોઇ પાર નથી. આપે શ્રીહસ્તમાં પહેરેલાં રત્નજડિત કડાં ઉતારી પ્રભુને ન્યોછાવર કરી, ભવૈયાઓને અર્પણ કરીને આપ નાથદ્વારા પધાર્યા. વૈષ્ણવો પાછળ દોડયા કે મહારાજ, અમે તો તમને શિખામણ આપવા બોલાવ્યા હતા, ત્યાં તમે ય આ જ કાર્ય કર્યું? આપે આજ્ઞા કરી, વૈષ્ણવો! એ તમે નહિ સમજો. અમારા પ્રભુની પ્રસન્નતા થતી હોય તો આ કડાં શું, પણ અમારું સર્વસ્વ લુંટાવી દઇએ. માટે આપણું સર્વ જીવન કેવળ પ્રભુના સુખ માટે છે, એ ભાવનાથી જો જીવન જીવવા માંડશો તો એમાં અન્યાશ્રયની કયાંય ગંધ નહિ રહે. સવારે ઊઠીને બ્રશ કરીએ છીએ. આજ સુધી એમ માનીને કરતા આવ્યાં છીએ કે આપણું મોઢું ચોખ્ખું થાય, આપણને સારું લાગે, એમ વિચારીને કરશો તો સારું લાગે, એનો અન્યાશ્રય થશે. પણ હવે આ ભાવનાથી કરો કે મારા પ્રભુને મારા મુખની વાસ ન આવે, મારા પ્રભુની પ્રસન્નતા રહે, મારી તંદુરસ્તી જળવાશે, તો મારા પ્રભુની સુંદર રીતે ટહેલ બની આવશે. માટે હું બ્રશ કરુ છું તો અન્યાશ્રય નહિ થાય. એ પ્રભુ તમારી બ્રશ કરવાની ભાવનાનો પણ અંગીકાર કરશે. તમને સુંદર વસ્ત્ર-આભૂષણોનો શોખ છે, પહેરો. જરૂર પહેરો. પણ એ ભાવના રાખીને પહેરો કે મારા શ્યામસુંદર 'દિન દુલ્હે મેરો કુંવર કનૈયા'- એ તો રોજનો વરરાજા છે. રોજ રોજ અમારા વૃષભાનદુલારીને ત્યાં લગ્ન કરવા ઘોડી ઉપર સવાર થઇ, શોભાયાત્રા કાઢીને પધારે છે. અમે એના વરઘોડામાં રોજ જઇએ છીએ. એના વરઘોડામાં કંઇ સાદા વેશે જવાય? ઠાઠમાઠથી જવું પડે. માટે બધું પહેર્યું છે. આપણને આ સ્વરૂપમાં જોઇને એ રાજી થાય. માટે પહેર્યું છે. આ ભાવથી તમે પહેરશો તો તમને કોઇનો અન્યાશ્રય નહિ થાય. ફરવા જવું છે.

કાશ્મીર જાઓ, કન્યાકુમારી જાઓ, કચ્છમાં જાઓ. જયાં જવું હોય ત્યાં જાઓ, પણ ભાવ એક રાખો કે મારા હૃદયમાં મારા પ્રભુ પધાર્યા છે અને એના આનંદ માટે જઉં છું. આમ, પ્રભુના સુખ માટેનો હૃદયમાં વિચાર રાખો. પુત્ર પણ પ્રભુના માટે છે, પત્ની પણ પ્રભુના માટે છે, પતિ પણ પ્રભુના માટે જ છે અને સુંદર મજાનું ઘર પણ પ્રભુના માટે છે. ધંધો પણ પ્રભુના માટે જ છે. નોકરી પણ પ્રભુના માટે જ છે. આપણે ત્યાં તો નોકરી એ પણ સેવા અને ધંધો એ પણ સેવા છે, કારણ કે એના દ્વારા જે કંઇ આવશે એ મારા પ્રભુના સુખના અંગીકાર માટે હશે. આ ભાવ લઇને આપણે જો કાર્ય કરીશું તો કયાંય પછી અન્યાશ્રયની ગંધ નહિ આવે.

આપણે પવનનું ઉદાહરણ જોયું હતું કે ગરમીમાં પવન આવે ત્યારે મન રાજી થાય, તો પ્રવનનો આશ્રય થયો. પણ એ વખતે વિચાર એવો કરવો કે 'આ પવનથી મારા હૃદયમાં બિરાજેલા મારા પ્રભુ કેટલી શીતળતા અનુભવે છે! મારા પ્રભુને કેટલું સુખ થઇ રહ્યું છે! એ પ્રભુએ જે સુખ અંગીકાર કર્યું એ સુખનો પ્રસાદી પવન હવે હું પણ જીવનમાં માણું છું.' તમે જો આ રીતે પ્રભુના પ્રસાદને અંગીકાર કરશો તો તમને કયાંય પછી અન્યાશ્રયની ગંધ પણ નહિ આવે. તમે જે કરશો એ સર્વ બાબત ભગવદ્ આશ્રિત બની જશે. શ્રીમહાપ્રભુજીની એક જ આજ્ઞાનું ધ્યાન રાખવાનું છે, કે દુનિયામાં જે કંઇ કાર્ય કરવું પડે એ કાપટય ભાવથી કરો. એમાં આસકિત ન રાખશો. શહેરની એક સોસાયટીમાં સત્યનારાયણની કથા વારંવાર થયા કરે, અને ત્યાં એવો કંઇક પ્રકાર કે આવું કંઇ આમંત્રણ આવે ત્યારે સૌએ જવું. આ સોસાયટીનો એક વણલખ્યો નિયમ. ત્યાં એક વૈષ્ણવ પરિવાર રહે. પત્નીએ પૂછયું: આ તો ભારે મુશ્કેલી ઊભી થઇ ગઇ. પતિએ કહ્યું, કોઇ મુશ્કેલી નથી. પ્રભુ ઉપર દૃઢ વિશ્વાસ છે ને! આપણે બીજા લૌકિક મનુષ્યોને કોઇ કાર્ય પ્રસંગે મળવા જઇએ છીએ કે નથી જતાં? કાર્યપ્રસંગે મળવા જઇએ છીએ એટલે એનો આશ્રય કરતાં નથી, તો આ કાર્ય પ્રસંગે આપણે એમને મળવા જઇએ છીએ, આપણા હૃદયમાં બીજો કોઇ ભાવ નથી, એનો કોઇ આશ્રય નથી, માટે કાપટય ભાવથી ત્યાં જવું. મનમાં અષ્ટાક્ષરનું રટણ કરતાં થોડીક ક્ષણો બેસવું, અને કદાચ હાથમાં પ્રસાદનો પડિયો આપી દે, તો કોઇ પણ દેવના પ્રસાદનું અપમાન ન કરવું, માટે એ પ્રસાદ લઇ લેવો. લાવીને ઘેર મૂકવો, અને જે કોઇએ પ્રસાદ લેતું હોય, એને આપી દેવો. પરંતુ આપણા હૃદયનો ભાવ શો છે, એની બીજાની આગળ વાત ન કરવી કે ચર્ચા ન કરવી. આપણે આવાં અનેક લૌકિક કાર્યો કરવાં પડતાં હોય છે. વેપારીઓને શારદાપૂજન કરવું પડતું હોય છે, એને તમે જો એવો ભાવ વિચારીને કરો કે અમે શારદાપૂજન કરીએ છીએ, માટે લક્ષ્મીજી પ્રસન્ન થઇને અમારું આવતું વર્ષ

સારું કરશે તો એ જરૂર અન્યાશ્રય છે. પરંતુ તમે એવો વિચાર કરીને કરો કે આ એક પ્રસંગ છે, આ એક રૂઢિ છે, અને એ રૂઢિ અમે કરીએ છીએ, પરંતુ અમારા પ્રભુ સિવાય બીજા કોઇનો અમને આશ્રય નથી. તો ત્યાં અન્યાશ્રયનો કોઇ પ્રસંગ ઊભો થતો નથી. માટે જીવનમાં આવતા આવા પ્રસંગોએ આપણે જો સમજપૂર્વક વર્તીએ તો આપણે કોઇની ટીકાને પાત્ર ન બનીએ. અરે, આપણે તો વૈષ્ણવ છીએ, વૈષ્ણવનું હૃદય તો કેટલું બધું કોમળ હોવું જોઇએ કે ‘પરદુઃખે ઉપકાર કરે, તોય મન અભિમાન ન આણે.’ પરંતુ આપણે ત્યાં શું બને છે? જેમ જેમ વૈષ્ણવતાની દિશામાં આગળ વધતા જઇએ તેમ તેમ ત્રણ વસ્તુ આપણામાંથી જતી જાય છે અને એમાંથી એક છે દયા. વૈષ્ણવતાના માર્ગે વધનારમાંથી દયા ઓછી થતી જતી હોય એવો અનુભવ આપણા વ્યાવહારિક જીવનમાં જોવા મળે છે. જેમ જેમ ઠાકોરજીની સેવામાં તમે આગળ વધતા જાઓ, તેમ-તેમ તમારું હૃદય કઠોર બનતું જશે એવો અનુભવ આપણને થશે; અથવા બીજાઓને જોઇને પણ એવું લાગશે અહંતા આવે છે, અહંકાર આવે છે, તેથી દયા ચાલી જાય છે, અને પરિણામે કયારેક આપણે બીજાનું અપમાન કરી બેસીએ છીએ. એનું પરિણામ એવું આવે છે કે જે ઘરમાં ઠાકોરજી સખડી આરોગતા હોય, તે ઘરમાં એમનાં સંતાનો ઠાકોરજીથી પૂરાં વિમુખ થઇ જાય છે. અમારા પાટણમાં એક સમયે સિત્તેર મરજાદી વૈષ્ણવો હતા. આજે બે જ વૈષ્ણવ મરજાદી ઘર રહ્યાં છે. અને બાકીનાં જે મરજાદી વૈષ્ણવો હતાં, તેમનાં કુટુબનો વિચાર કરીએ છીએ તો એમનાં બાળકો પ્રભુથી વિમુખ થઇ ગયેલાં છે. કારણ કે તેમણે પોતાના કુટુંબીજનો સાથે ભારે તિરસ્કારપૂર્વક અને ઉપેક્ષાપૂર્વક વ્યવહાર કર્યો છે. આંબાની ઉપર કેરીઓ આવતી જાય, એમ આંબો નીચે નમવો જોઇએ, આંબો ઊંચો ન થાય. જેમ જેમ એ આંબાની કેરીઓને ઉનાળાની ગરમીનો તાપ વધુ અને વધુ લાગતો જાય, તેમ એ આંબાની ખાટી કેરીઓમાં મીઠો રસ થતો જાય, અને એની મીઠાશ વધતી જાય. દુનિયાનો તાપ સહન કરીને જેનું હૃદય મીઠા ભગવદ્ રસથી ભરેલુ બને તે વૈષ્ણવ. વૈષ્ણવનું હૃદય કેરી જેવું હોય. આંબાની જેમ સદાય ઝૂંકેલુ હોય, આમ્રરસની જેમ સદાય મીઠા રસથી ભરેલું હોય. માટે આપણે સૌને સાથે રાખીને જો આ માર્ગે આગળ વધવું હોય, તો સૌને પ્રેમથી સમજાવશો.

એક ગામમાં એક દિવસ આવા જ કાર્યક્રમ પ્રસંગે વૈષ્ણવોને વિનંતી કરેલી કે તમારા ગળામાં જેટલા દોરા હોય, હાથે અને પગે જેટલા બાંધ્યાં હોય, એ બધા અહીં શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદમાં આવીને મૂકી દેજો. અને તમારાં એ સૌ દેવદેવીઓને વિનંતી કરીને કહેજો કે આ બધું છોડવાથી કંઇ અપરાધ લાગવાનો હોય, એ બધો રમેશભાઇને લાગજો. શ્રીમહાપ્રભુજીની કૃપાથી તમારો વાળ કોઇ વાંકો નહિ કરે.

અમારા એક સ્નેહી વૈષ્ણવ છે, તે ઠાકોરજીની સેવા કરે છે, ભોગ ધરે છે. ઘેર આવ્યા, શનિવારનો સાંજનો દિવસ. અચાનક વૈષ્ણવ ઘેર આવે એટલે આપણું હૃદય બહુ રાજી થઈ જાય, પ્રભુ કૃપા કરીને સામગ્રી અંગીકાર કરે છે એવો ભાવ પ્રગટે. આગ્રહ કર્યો કે આજે તો તમારે પ્રસાદ લેવો જ પડશે. એટલે કહે કે ના, આજે તો હું પ્રસાદ લઇ નહિ શકું, કારણ કે મારે શનિવાર છે. મેં કહ્યું આજે દુનિયાભરમાં શનિવાર છે. એટલે કહે ના, પણ મારે શનિવાર છે, મેં કહ્યું કે અરે! તમે ઠાકોરજીની સેવા કરો છો અને શનિવાર કરો છો? કેમ શનિવાર કરો છો? એટલે કહે કે મને શનિ નડે છે. અરે! તમારું ભલું થાય. ઠાકોરજીને સખડી ધરનારને શનિ નડે? તમારા હાથની સખડી ઠાકોરજી આરોગે કેવી રીતે? બીજા એક ભાઇને પૂછયું, તો તેઓ કહેઃ હું રવિવાર કરું છું. કેમ? બસ એમજ. આમ તો હું અન્યાશ્રય નથી કરતો; પણ જરા અઠવાડિયામાં એકાદ દિવસ ન લઈએ તો સાંજે પેટમાં ઠીક રહે છે. ત્યારે મેં કહ્યું કે ભાઇ, જો એ જ ભાવનાથી કરતા હો તો એકાદશી કરો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે કે વૈષ્ણવે ચોવીસ એકાદશી અને જયંતીનાં ચાર વ્રત કરવાં. પણ તમે આમ શું કરવા કરો છો? સવાલ એ છે કે આપણે આપણા નિર્બળ મનને સમજાવી શકતા નથી, અને પરિણામે બહારથી એને માટેનાં કોઇક બહાનાંઓ આપણે શોધી કાઢીએ છીએ. મારા એક મિત્ર, કૉલેજમાં પ્રૉફેસર છે. કોણ જાણે કયાંથી એમના હાથમાં મારી જન્મ તારીખ આવી ગઇ હશે. તેમણે આંકડાથી ગણતરી મૂકીને મને કહ્યું, તમારો ગુરુ નબળો છે. મેં કહ્યું તદ્દન ખોટી વાત છે. તમારું ગણિત ખોટું અને તમારી વાત ખોટી. મારો ગુરુ જેટલો સબળો છે, એટલો દુનિયામાં કોઇનો નથી.

પ્રભુ તેના આશ્રયે રહેલાની કયારેક કસોટી કરશે. કારણ કે પ્રભુને ગમે છે. આપણને પણ આપણી સાથે રહેલાની, આપણા સ્નેહીની કયારેક કસોટી કરવાનું મન થાય છે કે જોઇએ, કેટલા પાણીમાં છે. જરા ચકાસી જોઉં. પ્રભુ પણ પોતાના પ્રેમીને ચકાસી લે છે, કયારેક પોતાના ભક્તને પણ ચકાસી લે છે. પણ પ્રભુ એવા દયાળુ છે કે તે પોતાના ભક્તને, પોતાના આશ્રયે આવેલા જીવને કયારેય કોઇ મુશ્કેલીમાં મૂકતા નથી. માટે તો ગીતમાં પ્રભુએ શ્રી અર્જુનને આજ્ઞા કરી કે અર્જુન, બીજી બધી વાત હવે તું જવા દે. તેં ઘણું બધું પૂછી લીધું, તેં ઘણું બધું જ્ઞાન મેળવી લીધું, ઘણી બધી ચર્ચાઓ કરી લીધી અને ઘણા બધા તર્કવિતર્ક પણ કરી લીધા. હવે સો વાતની એક વાત તને કહી દઉંઃ તું બધું ભૂલી જા અને એક વાત પકડી લે. મારા એકલાને શરણે આવી જા. તું બીજો વિચાર જ ન કર. હું તારું સર્વ રીતે, સર્વ કંઇ કરી કરીશ અને તને સર્વ પાપમાંથી છોડાવીશ. પ્રભુની આ પ્રતિજ્ઞા છે કે મારા ભક્તના સર્વ યોગક્ષેમ હું વહન કરું છું. જે કોઇ કલ્યાણકારી કાર્ય કરે છે, એની કયારેય દુર્ગતિ થતી નથી. આપણું કાર્ય

એક જ છે. સ્નેહપૂર્વક પ્રભુની સેવા કરવી. સ્નેહપૂર્વક પ્રભુનાં ગુણગાન ગાવાં, સ્નેહપૂર્વક એના જ બનીને રહેવું. આપણા સમગ્ર જીવનના કેન્દ્રમાં, સ્નેહપૂર્વક એને મૂકી દેવા, એના ચરણનો દઢાશ્રય કરી લેવો, જેવા છીએ એવા તમારા છીએ, એવું દઢતાથી સ્વીકારી લેવું, એ આપણા વૈષ્ણવનું કર્તવ્ય છે, એ આપણો અનન્ય આશ્રય છે, એ આપણા આશ્રયની દઢતા છે.

દયારામભાઇએ અન્યાશ્રયને જુદાં જુદાં ઉદાહરણો આપીને 'ભકિતપોષણ'માં ખૂબ સુંદર રીતે સમજાવ્યો છે. શ્રી દયારામભાઇ કહે છે કે ઠાકોરજીને છોડીને બીજા દેવોમાં જેનું મન મોહ પામે, તે કામધેનુને મૂકીને પાડાને દોહી રહ્યો છે એમ માનવું. શાસ્ત્રોએ કામધેનુનું સુંદર વર્ણન કર્યું છે. તે એવી ગાય છે કે જે સર્વ ઈચ્છિત વસ્તુઓ આપે. જો એ ઘર આંગણે આવી જાય, તો પછી કશું કરવાપણું રહે જ નહિ. આવી કામધેનુ ગાય મળી જાય, એને મૂકીને મહિષી-પુત્ર એટલે પાડાને કોઇ મૂર્ખ માણસ જ દોહ્યા કરે, શું એ પાડો કદી પણ દૂધ આપશે ખરો? ગાયને દોહવાનું મૂકીને પાડાને દોહવાની મહેનત કરવી, એ જેટલી મૂર્ખતાની વાત છે એટલી મૂર્ખતાની વાત આપણા પ્રભુને છોડીને બીજાને પોતાના કરવાની છે.

દયારામભાઇ બીજું સુંદર ઉદાહરણ આપે છે. 'તરસ્યો ગંગાતીરે ખોદે ખાડો.' ગંગાજીના કિનારે જઇએ, સુંદર મજાનાં ગંગાજી વહેતાં હોય. શીતળ, પાવન ગંગાજીનું જળ હોય, અને આપણે કહીએ કે ના, એ જળ હું નહીં પીઉં, હું તો અહીં ખાડો ખોદીશ, એમાંથી જળ આવશે, એને હું ગાળીશ, શુદ્ધ કરીશ, અને પછી પીશ. તો ભોગવ કરમ. અને દુ:ખી થયા કર, એમાં બીજા કોઇને શું? દયારામભાઇ કહે છે કે આ મૂર્ખ માણસનાં લક્ષણ છે, આ સમજુ અને ડાહ્યા માણસનાં લક્ષણ નથી.

એમણે આપણા પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુ અને એમની સાથે અન્ય સૌની ખૂબ સુંદર રીતે સરખામણી કરીને પુષ્ટિ પુરુષોત્તમ પ્રભુની શ્રેષ્ઠતા સમજાવી છે. 'કોડી ઉપાસન મલિનનું,' મલિન એટલે ભૂત-પ્રેત. એની કિંમત કેટલી? કોડી જેટલી. પહેલાંના સમયમાં કોડીનું ચલણ હતું. 'જનનું તામ્રમુદ્રા સમ જાણો'- માણસની કિંમત કેટલી? તો કહે કે તાંબાના પૈસા જેટલી. 'રૂપૈયો સુરસેવના'- દેવોનું મૂલ્ય કેટલું? તો રૂપિયા જેટલું. 'વ્યૂહ કંચન મ્હોર પ્રમાણો,' વ્યૂહાત્મક સ્વરૂપો છે, એમની કિંમત કેટલી? તો સોનામહોર જેટલી. અને ઠાકોરજી 'હરિહીરો'- ઠાકોરજીની કિંમત હીરા જેટલી. દયારામભાઇ આગળ કહે છે: 'સર્વ એ' દ્રવ્ય હીરાથી થાય, હીરો કોઇનો કર્યો ન કહેવાય'- હીરો લઇને બજારમાં જઇએ અને કહીએ કે ભાઇ આમાંથી એક સોનામહોર આપ, તો તરત જ આપશે. કોઇકને કહીએ કે આનો રૂપિયો આપ તો તરત જ આપશે.

કોઈને કહીએ કે આના દશ પૈસા આપ, તોપણ તે તરત આપશે. કોઈકને કહીએ કે આની એક કોડી આપ, તો તરત જ આપશે. પરંતુ તમે કોડી લઈને બજારમાં જાઓ અને કહો કે આનો હીરો આપ; તો કહેશે કે મગજ ઠેકાણે છે? તમે દશ પૈસા લઈને બજારમાં જાઓ અને કહો કે ભાઈ આનો હીરો આપ, તમે રૂપિયો લઈને જાઓ અને કહો કે હીરો આપ, અરે તમે સોનામહોર લઈને જાઓ અને કહો કે એક લાખ રૂપિયાનો હીરો આપ, તો કહેશે કે અહીંયાં નહીં મળે. દયારામભાઈ કહી રહ્યા છે કે, હીરા જેવા હરિ મળ્યા, પછી શું કરવા તમે આ સોનામહોર, રૂપિયો, તામ્રમુદ્રા, કોડી એ બધાં માટે ફાંફાં મારો છો?

એમણે એક બીજું સુંદર ઉદાહરણ આપ્યું: ‘જગતવૃક્ષ મૂળ હરિ મૂળ પોષે વૃક્ષ પોષાય.’ આપણે એક વૃક્ષ વાવીએ, એક મજાનો છોડ વાવીએ. એ છોડને ઉછેરવો છે. તમારા છોડને જળ સીંચવું હશે તો કયાં સીંચશો? એની ડાળ ઉપર, એના પાન ઉપર કે એના મૂળમાં? આપણે કહીશું કે જળ તો મૂળમાં સિંચાય. અને મૂળમાં સીંચીએ તો ડાળ અને પાન લીલાં રહે. અહીં દયારામભાઈ કહે છે કે આ જગત એક વૃક્ષ છે. એનું મૂળ કયાં છે? તો ‘જગત વૃક્ષ મૂળ હરિઃ ઠાકોરજી એનું મૂળ છે, પ્રભુમાંથી આ જગત પ્રગટ થયું છે. ‘મૂળ પોષે વૃક્ષ પોષાય’- તમે જો મૂળને પોષણ આપશો, તમે જો પ્રભુની સેવા કરશો, પ્રભુનો દ્દઢાશ્રય કરશો તો એ દ્વારા આખા જગતની સેવા થઈ જશે. ‘પ્રતિશાખા જળ સીંચીએ, તેથી તરુવર તૃપ્તિ ન થાય’ એની ડાળીએ ડાળીએ જળ રેડો તો એ વૃક્ષને કાંઈ પહોંચતું નથી. એમ જગતમાં સૌનો આશ્રય કરતાં ફરીએ, જગતમાં સૌની સેવા કરતાં ફરીએ, પણ આપણા પ્રભુની જ સેવા ન કરીએ, આપણા પ્રભુનો જ આશ્રય ન કરીએ, તો એનાથી જે પુષ્ટિજીવનું કર્તવ્ય છે, એ પરિપૂર્ણ થતું નથી.

એમણે એક બીજું સુંદર ઉદાહરણ આપ્યું છે. ભૂખ લાગે ત્યારે આપણે પૂછીએ, કે ભૂખ કયાં લાગે? નાનાં બચ્ચાને આપણે કહીએ, ભૂખ લાગી- ભૂખ લાગી- તો કયાં ભૂખ લાગી? ત્યારે તે પેટ બતાવે છે, કે પેટમાં ભૂખ લાગી છે. ભૂખ પેટમાં લાગી છે, પણ પ્રસાદ કયાં મૂકીએ છીએ? તો મોંમાં મૂકીએ છીએ. દયારામભાઈ કહે છે ‘મુખ દ્વારા સૌ ઇન્દ્રિયો સંતોષે.’ મુખમાં પ્રસાદ મૂકીએ તો એનાથી આખા શરીરનું પોષણ થાય. ‘ભોજન અંગે લીંપ્યું કોઈને ન પોષે,’ પણ આખા શરીર ઉપર એ અનાજને, પ્રસાદને ચોપડી દો, તો પેટ ભરાશે ખરું? દયારામભાઈએ બહુ સુંદર ઉદાહરણો આપીને આ સમજાવ્યું છે. ભાઈ, પેટને ભૂખ લાગી છે તો મુખને પ્રસાદ આપો. એમ તમારે આ જગતની અંદર જીવવું છે, જગતમાં રહેવું છે, તો જગતના મૂળ એવા પ્રભુનો દ્દઢાશ્રય કરીને રહો, તો તમારે જગતમાં રહેવાનું સુલભ બની જશે. પછી તમારે કોઈની અપેક્ષા રાખવી નહિ પડે.

એમણે એક બીજી સુંદર વાત કહી. પ્રભુનો સ્વભાવ કેવો છે એ તો જુઓ. 'જનના અવગુણ પણ ગુણ જાણે'- આપણા પ્રભુ આવા કપાળ છે. આપણે અવગુણ કરીએ તો પ્રભુ એને ગુણ જાણે. પ્રભુ એવા દયાળુ કે આપણે ભગવન્નામ કદાચ ન લઇએ તો ય પ્રભુ કહેશે તું બહુ ડાહ્યો, તું બહુ સારો છે. ચાલ મને બહુ ઓછો યાદ કરે છે, મને ઓછો હેરાન કરે છે. 'જનના અવગુણ પણ ગુણ જાણે-અવળું પડે અન્ય દેવને' જયારે બીજા દેવનો સ્વભાવ કેવો છે? કે વાતવાતમાં વાંકું પડી જાય. 'સામું દુઃખ દે શત્રુ પ્રમાણે.' અને જયારે વાંકું પડે ત્યારે અન્ય દેવ એ જાણે આપણા દુશ્મન બની ગયા હોય, એમ પછી આપણને દુઃખ પણ આપે છે.

એક બ્રાહ્મણ હતો. પત્ની ખૂબ બિમાર પડી. ઘણા ઉપચાર કર્યા, પણ કોઇ પરિણામ ન આવ્યું. એને કોઇકે બતાવ્યું કે ભૈરવી દેવીનો મંત્ર તું જપ. રાતદિવસ એ ભૈરવી દેવીનો મંત્ર જપે છે, કે 'ભાર્યા મે રક્ષતુ ભૈરવી.' આખી રાત અને આખો દિવસ જપતાં-જપતાં બીજે દિવસે રાત પડી. છત્રીસ કલાકમાં ભૈરવીને રાજી થવાનો વખત નહિ મળ્યો. છત્રીસ કલાકે વખત મળ્યો, એ પ્રગટ થઇ. ત્યારે આ થાકેલા બ્રાહ્મણની જીભને લોચો વળી ગયો, અને બોલાઇ ગયું 'ભાર્યા મેં ભક્ષતુ ભૈરવી.' મારી પત્નીને ખાઇ જા. અને એ જ વખતે પેલી પ્રસન્ન થયેલી ભૈરવી એની પત્નીને કોળિયો કરી ગઇ. કહેવાનું તાત્પર્ય આ છે કે બીજા દેવ વિધિવિધાન યોગ્ય ન થાય તો એનું આવું અવળું પરિણાંમ પણ આપે છે. જયારે આપણા પ્રભુ તો એવા ઉદાર છે કે પોતાના ભકતના કોઇ પણ કાર્યનો વિચાર કરતા નથી. 'અમર અલ્પ વર અધિક પ્રયત્ન'- દેવોને તમે બહુ રીઝવો, બહુ પ્રયત્ન કરો ત્યારે થોડુંક આપે છે. અને થોડુંક આપે એટલે વધુમાં વધુ શું આપે? તો સ્વર્ગ આપે. સ્વર્ગ એટલે શું? સ્વર્ગ એટલે એટલું જ કે આપણને રૂપિયાની નોટો મળી જાય, અને લઇને કાશ્મીર જઇએ, ત્યાં ફાઇવ સ્ટાર હૉટેલમાં, ખીસામાં રૂપિયા હોય ત્યાં સુધી આપણી ખૂબ સારી આગતા-સ્વાગતા થાય, જે દિવસે એમ કહીએ કે તમારું બીલ ચૂકવાય એમ નથી, એ દિવસે કહે કે હવે જાઓ. આ સ્વર્ગ પુણ્ય હોય એટલું ભોગવીને પાછા આવો. 'અમર અલ્પ વર અધિક પ્રયત્ન'- ત્યારે પ્રભુ કેવા છે! 'કોડી સાટે આપે રત્ન' માટે આપણે પ્રભુનો સ્વભાવ જાણીને, આપણે અગિયાર રૂપિયાની ભેટ લખાવીને અગિયારસો રૂપિયા લેવાનો સોદો કરવા માટે આવીએ છીએ. દીકરો થશે તો પલને ઝુલાવીશું. એટલે પહેલાં દીકરો આપો અને પછી તમારા પલનાની વાત. આપણી આ વણિકવૃત્તિને અને ભક્તિને એ બેને કયારેય ઊભાં રહે બનતું નથી. ભકિતમાં વણિકવૃત્તિ છોડવી પડે, કદાચ એટલા માટે જ ચોર્યાસી વૈષ્ણવોમાં એક પણ મુખ્ય વૈષ્ણવ વણિક નથી. બસોબાવનમાં શ્રીગુસાંઇજીએ વણિકોને

કૃપા કરીને સનાથ કર્યા છે, પણ શ્રીમહાપ્રભુજીએ ચોર્યાસીમાં એક પણ વણિકને સનાથ નથી કર્યો. બ્રાહ્મણ ભકિત કરી શકે, કારણ કે માથું મૂકી દે છે. ક્ષત્રિયનો એ સ્વભાવ છે. શૂદ્રનો પણ એ સ્વભાવ. માથું મૂકી દેવાનો વણિકનો સ્વભાવ નહિ. આપણો સ્વભાવ પારકાનું માથું ઉતારી લેવાનો. એટલે ભકિત આપણને ફાવે નહીં; પણ શ્રીવલ્લભે એવી કૃપા કરી કે ગુજરાતમાં ત્રણ વાર પધાર્યા. શ્રીગુસાંઇજી એવી કૃપા કરી કે તેઓ ગુજરાતમાં છ વાર પધાર્યા. શ્રીગોકુલનાથજીએ પણ કૃપા કરી કે એમણે કેવળ ગુજરાતનો પ્રદેશ કર્યો. આપણા સ્વભાવને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને ફેરવી નાંખ્યો છે. ગુજરાતની સર્વ વણિક જ્ઞાતિઓ, શ્રીમહાપ્રભુજી અને શ્રીગુસાંઇજીના પ્રતાપબળથી ધર્મ પરિવર્તન કરીને જૈનમાંથી વૈષ્ણવ થઇ ગઇ. ભકિત આપણને દુરારાધ્ય હતી, તે એમની કૃપાથી સુઆરાધ્ય થઇ છે, ત્યારે હવે આપણે એક જ વાત પકડી લઇએ: એક વર્યો શ્રીગોપીજન વલ્લભ, નહિ સ્વામી બીજો મારે, નહિ સ્વામી બીજો મારે. નહિ સ્વામી બીજો.

'અન્યાશ્રય' શબ્દના શ્રીગોપેશ્વરજી પોતાની ટીકામાં બીજા ત્રણ અર્થ કરે છે. આપ આજ્ઞા કરે છે કે ભગવચ્ચરણારવિંદનો આશ્રય છોડીને અન્યનો આશ્રય કરવો એનું નામ અન્યાશ્રય. આપે એક બીજો અર્થ કર્યો, ભગવદીયોના ચરણનો આશ્રય ન કરવો, એનું નામ અન્યાશ્રય. એટલે કે ભગવદ્ ભક્તોનો સત્સંગ પ્રાપ્ત થતો હોય, ત્યારે એવા ભગવદ્ ભક્તોના સત્સંગથી દૂર રહેવું અને વિમુખ રહેવું એ પણ અન્યાશ્રય છે. આપે અન્યાશ્રયનું ત્રીજું સ્વરૂપ બતાવ્યુ કે ભગવદીયોનું સ્થાન વ્રજભૂમિ છે, એનો આશ્રય રાખવો નહીં, એનું નામ પણ અન્યાશ્રય. આપણું ઘર એ વ્રજ છે. કારણ કે એમાં પ્રભુ બિરાજે છે. પ્રભુની પ્રતિજ્ઞા છે કે 'વ્રજ તજ અનત ન જાઉં'- પ્રભુ કદી વ્રજ છોડી બીજે બિરાજતા નથી. માટે ઘર એ વ્રજ છે. વૈષ્ણવ એ વ્રજ છે, કારણ કે વૈષ્ણવના હૃદયમાં પ્રભુ બિરાજે છે. શ્રીહરિરાયચરણની આજ્ઞા છે, કે અન્યાશ્રય એ પ્રભુની ઉદાસીનતા માટેનું એક કારણ છે, માટે એને બને તેટલી જલદી છોડી દેજો. શ્રીગુસાંઇજીએ પણ આજ્ઞા કરી કે ભગવચ્ચરણરજનું સેવન કરનાર માટે અન્યાશ્રય એ મરણથી પણ અધિક બાબત છે. આપ કહે છે કે હાથીની સવારી કરનાર ગધેડાની કદી સવારી કરતો નથી. આપણને આપણા સ્વામી મળ્યા એટલે હવે એ છોડીને બીજે કયાં જઇએ? અંતમાં આપે આજ્ઞા કરી કે આ અન્યાશ્રય આપણા ભગવદ્ ભાવમાં બાધક બને છે, એનાથી દુ:સંગ પ્રાપ્ત થાય છે. આ દુ:સંગ વાઘ જેવો ભયંકર છે. દુ:સંગથી જડભરતને પણ ત્રણ જન્મ લેવા પડયા, એમ આપણને પણ ભગવત્પ્રાપ્તિમાં વિલંબ થવાનો સંભવ છે. આપે દુ:સંગનો એક બીજો અર્થ અહીં બતાવ્યો છે. શરીરના અધ્યાસ-અહંતા અને મમતામાં

ફસાઇ જવું, એ પણ દુ:સંગ છે. કારણ કે અહંતા-મમતામાં ફસાયેલો જીવ પ્રભુને ભૂલી જાય છે, પ્રભુનાં ગુણગાનને ભૂલી જાય છે, પ્રભુના સ્વરૂપને ભૂલી જાય છે, પ્રભુની સેવા ભૂલી જાય છે. એનો એક જ ઉપાય શ્રીહરિરાયચરણે બતાવ્યો કે આપણો દેહ કૃપા કરીને પ્રભુએ સેવા માટે આપ્યો છે, એને સેવા અને સ્મરણમાં જોડવો. સેવા અને સ્મરણ કરતાં-કરતાં ભગવદીયોનો સત્સંગ કરીને આપણને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને બ્રહ્મસંબંધનું જે દાન કર્યું છે, એ સમર્પણ મંત્રનું હમેશાં સતત અનુસંધાન રાખવું, 'હે કૃષ્ણ! હું તમારો છું, હે કૃષ્ણ હું તમારો છું' પંચાક્ષર મંત્રનું સતત ભાવન કરતા રહેવું. જો આ પ્રમાણે સેવા, સ્મરણ અને સમર્પણ મંત્રનું ભાવન આપણા ચિત્તમાં ચાલ્યા કરશે તો અન્યાશ્રય રૂપી રાક્ષસને આપણા શરીર, મન અને વાણીથી દૂર રહેવું પડશે, એ આપણું કંઇ પણ અહિત નહિ કરી શકે, કારણ કે સર્વસમર્થ પ્રભુ આપણા માથે બિરાજે છે.

આથી શ્રીઆચાર્યચરણના ચરણારવિંદનો આપણે દૃઢાશ્રય રાખવો. એમ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરતાં છેલ્લા શ્લોકમાં આજ્ઞા કરે છે: શ્રીઆચાર્યચરણના ચરણકમળમાં દૃઢાશ્રય રાખીને જે રહે છે, એને આ પુષ્ટિમાર્ગમાં સર્વ કંઇ સિદ્ધ થાય છે. શ્રીહરિરાયચરણની આજ્ઞાની આ અલૌકિક વાણીમાં વિશ્વાસ રાખજો. શ્રીહરિરાયચરણે આ મહોર મારી આપી છે કે તમે સર્વ સંશયોને છોડી દો, સર્વ શંકા-કુશંકાઓને છોડી દો, તમે કેવળ શ્રીમહાપ્રભુજીનાં ચરણ પકડી લો અને એ પકડી લેશો તો આ માર્ગમાં તમારું સર્વ કંઇ શુભ થશે, સર્વ કંઇ કલ્યાણ થશે, તમારું સર્વ કંઇ હિતકારી થશે, તમારે જરાયે ચિંતા કરવાની નથી. આનાથી વધુ કઇ ખાતરી જોઇએ છે?

"ઇતિ શ્રીહરિરાયજી કૃત ચતુર્દશ શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતમ્ સમાપ્તમ્."

શિક્ષાપત્ર ચૌદમાનો સારાંશ

શ્લોક સંખ્યા ૭

વિષય : દુ:સંગથી બચવા અન્યાશ્રયનો ત્યાગ

અન્યાશ્રયનો અર્થ : અન્ય + આશ્રય = અન્યાશ્રય

- આપણા સ્વામી શ્રીયશોદોત્સંગલાલિત પ્રભુ સિવાય બાકીનાં બધાં આપણા માટે અન્ય છે. તેમનો આશ્રય ભકિતમાર્ગમાં બાધક છે.
- ભકિતમાર્ગનો પાયો સ્નેહ છે. સ્નેહમાં સંકીર્ણતા છે, વ્યાપકતા નથી. તેથી સ્નેહ એકને જ થાય. બાકીના બધાને આદર અપાય. સ્નેહ અને આદર વચ્ચેનો ભેદ સમજવો.
- અન્યાશ્રય પાછળનો સૂક્ષ્મ હેતુ - દુ:ખનિવૃત્તિ અને ભોગેચ્છા, આપણા પ્રભુના સામર્થ્યમાં અવિશ્વાસ, આપણી વણિક્‌વૃત્તિ કારણભૂત છે.
- અન્યાશ્રયની પ્રક્રિયા- મનમાં શરૂ થાય, વાણી અને ક્રિયા દ્વારા બહાર વ્યકત થાય.
- અન્યાશ્રયથી પ્રભુની અપ્રસન્નતા.
- શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદનો દૃઢ આશ્રય રાખવાથી બધાં કાર્યો સિદ્ધ થાય છે.

શિક્ષાપત્ર પંદરમું

યદંગીકૃતજીવાનાં ન દુઃખં લેશતોઽપિ હિ ।
સદાનન્દઃ સદાનન્દત્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૧॥

જેમનો પ્રભુએ અંગીકાર કર્યો છે તેમને લેશમાત્ર પણ દુઃખ હોય નહિ. પ્રભુ સદાનંદ છે, તેવા સદાનંદ પ્રભુનું સદા સ્મરણ કરવું (૧)

યો નિજાનતિસંતપ્તાન્ સ્વકૃતે વીક્ષ્ય વિસ્મિતઃ ।
પ્રાદુર્ભવત્યચિરતઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૨॥

જે જીવોનો પ્રભુએ અંગીકાર કરેલો છે તેમને વિયોગથી અતિ સંતપ્ત થયેલા જોઇ પ્રભુ વિસ્મય પામ્યા અને પોતે (આચાર્યરૂપે) પ્રકટ થયા. આવા પ્રભુનું આપણે સદા સ્મરણ કરવું. (૨)

યઃ સ્વતઃ સેવકાનાં હિ પરાશ્રયનિવારકઃ ।
કૃપાસરિત્પતિઃ કૃષ્ણઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૩॥

તે પ્રભુ જ પોતાના સેવકોના પરાશ્રયને પોતાની મેળે જ નિવારશે. કારણ કે દયાના સાગર એવા કૃષ્ણ આપણા પતિ છે. માટે એમની સ્મૃતિ સદાસર્વદા કરવી. (૩)

હૃદયસ્થઃ સમસ્તાનાં ધુનોતિ વિષયાદરમ્ ।
દયાદામોદરઃ શ્રીમાંતસ્તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૪॥

તે પ્રભુ સર્વ ભકતોના હૃદયમાં વાસ કરી રહેલા છે. જીવને વિષયો પ્રત્યે જે આદર પોતાના હૃદયમાં રહેલો છે તેને તે પ્રભુ જ ફીટાડશે; કારણ તે દામોદર દયાળુ છે. વળી તે લક્ષ્મીના પતિ છે માટે સદા તેમનું જ સ્મરણ કરવું (૪)

યઃ પ્રાણપ્રેષ્ઠગોપીનાં સંગં ગોપયતિ સ્વતઃ ।
નિલાયનાદિલીલાભિઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૫॥

તે પ્રભુ ગોપીજનના પ્રાણપ્રિય છે, તે નિલાયનાદિ લીલા વડે એટલે છૂપી છૂપી ખેલનરૂપ ક્રીડા કરી અનધિકારીઓથી ગોપીજન સાથેના પોતાના સંગને છુપાવે છે. માટે આપણે સદાયે તેમની જ સ્મૃતિ કરવી (૫)

યઃ ઉદ્ધવેન ભકતેન સ્વસ્વરૂપમબોધયત્ ।
ગોપિકાનાં હૃદંતસ્થઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૬॥

તે ગોપિકાઓના હૃદયની અંદર સ્થિતિ કરી રહેલા છે. જેમણે પોતાના ભકત ઉદ્ધવને (ગોપિકા દ્વારા) પોતાના સ્વરૂપનો બોધ કર્યો, તેવા પ્રભુની આપણે સદા સ્મૃતિ કરવી (૬)

યઃ સ્વમાહાત્મ્યબોધાય પ્રાદુર્ભાવિતવાન્સ્વયમ્ ।
પ્રભુઃ શ્રીવલ્લભાચાર્યાઃ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૭॥

પોતાનું માહાત્મ્ય પ્રકટ કરવાને તે પ્રભુ સ્વયં શ્રીવલ્લભરૂપે પ્રકટ થયા. આપણે તે પ્રભુનું સ્મરણ કરવું (૭)

યસ્ય સ્મરણમાત્રેણ સકલાર્તિવિનાશનમ્ ।
તત્ક્ષણાદેવ ભવતિ તત્સ્મૃતિઃ ક્રિયતાં સદા ॥૮॥

તેમના સ્મરણ માત્રથી સર્વ પ્રકારની આર્તિ તત્ક્ષણ નાશ પામશે. માટે આપણે સદા સર્વદા તેમની જ સ્મૃતિ કરવી (૮)

શિક્ષાપત્ર: ૧૫

ચૌદમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને સમજાવ્યું કે ભગવચ્ચરણારવિંદના આશ્રયથી આપણને વિમુખ બનાવનાર અન્યાશ્રયથી આપણે સંપૂર્ણ દૂર રહેવું જોઇએ. જે અન્યાશ્રયથી દૂર રહે છે, અને ભગવચ્ચરણારવિંદની તદ્દન સમીપ રહે છે, તેને દુઃસંગ કદી પણ બાધા કરી શકતો નથી. અન્યાશ્રયથી દુઃસંગ આવે છે અને દુઃસંગ આવવાથી આપણો ભગવદ્ભાવ નાશ પામે છે.

''ઉપદેશઃ પંચદશે ભગવત્ સતતં સ્મૃતેઃ।''

પંદરમું શિક્ષાપત્ર ભગવાનનું સતત સ્મરણ કરવાનો ઉપદેશ આપે છે. આઠ શ્લોકોનું આ નાનકડું શિક્ષાપત્ર છે. આઠેય શ્લોકના અંતમાં, શ્રીહરિરાયચરણ એક જ વાત આપણને બતાવે છે:

''તત્ સ્મૃતિઃ ક્રિયતામ્ સદા.''

તેમનું હમેશાં સ્મરણ કરો. પ્રભુની લીલાના ચિંતન દ્વારા પ્રભુનું સ્મરણ કરવું, એ જીવનું મુખ્ય કર્તવ્ય છે. શ્રીમહાપ્રભુજીએ પણ પુષ્ટિમાર્ગીય જીવના અલૌકિક ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ ચતુઃશ્લોકીમાં બતાવ્યા. તેના અંતે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી :

''સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજયં ઇતિ મે મતિઃ।''

તેમાં પહેલું સ્થાન આપ્યું સ્મરણને. અને પછી ભજન એટલે સેવાને. એ બંનેનો ત્યાગ ન કરવો, એ બંનેને ન છોડવાં. શ્રીવલ્લભ આજ્ઞા કરે છે કે જો તમે મને પૂછતા હો તો મારો અભિપ્રાય એવો છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે એના જીવનમાં બે બાબતોને પકડી રાખવી, સ્મરણ અને સેવા. માટે ભકતોએ ગાયું:

''નિત્યપ્રતિ ક્ષણું ક્ષણું સમરીએ શ્રીવલ્લભનો પરિવાર રે રસના.''

શ્રીગોપાલદાસભાઇ ત્યાં બે ક્રિયાવિશેષણો વાપરે છે. સ્મરણ કયારે કરવું? તો નિત્યપ્રતિ- દરરોજ કરવું. દરરોજ પણ કયારે? સવારમાં કરવું, બપોરે કરવું, સાંજે કરવું, રાત્રે કરવું, પથારીમાં સૂતા હોઇએ અને ઊંઘ ન આવે ત્યારે કરવું? ગોપાલદાસભાઇ કહે છેઃ ક્ષણું ક્ષણું સમરીએ. દિવસની પ્રત્યેક ક્ષણે સ્મરણ કરતા

રહીએ, એક ક્ષણ પણ સ્મરણ વિનાની ન જાય, એવા સ્મરણનું રમણ, આપણા મનમાં ચાલવું જોઇએ.

શ્રીહરિરાયચરણનાં વહુજી મહારાજ કૃત ચિંતનનું સુંદર પદ છે. તેમાં પોતે આજ્ઞા કરે છેઃ ''નંદનંદન સખી સુંદર વ્હાલો, ચિંતન તેનું કરીએ જી.'' આ ધોળ રોજ બોલવા જેવું છે, રોજ ગાવા જેવું છે. તો એ સૌનું સ્મરણ આપણે રોજ કરવું. શ્રીહરિરાયચરણ આ આઠ શ્લોકમાં બંને સ્વરૂપોનું સ્મરણ કરવાની આજ્ઞા કરે છે.

આપણી ફરિયાદ એવી છે કે પ્રયત્ન કરવા છતાં સ્મરણ થતું નથી, સ્મરણમાં રુચિ ઊભી થતી નથી. સ્મરણમાંથી મન છટકી જાય છે, એનો ઉપાય શો કરવો? શ્રીઆચાર્યચરણે શ્રીસુબોધિનીજીમાં આજ્ઞા કરી છે, કે સ્મરણ કયારે થાય? કોઇ પણ વ્યકિત કે કોઇ પણ પદાર્થમાં આપણને જયારે ખૂબ પ્રેમ થાય, તેમાં આપણી આસક્તિ વધતી જાય, ત્યારે આપણને તેની યાદ વધુને વધુ આવતી જાય, પ્રેમને અને યાદને સીધો સંબંધ છે, ગરમી વધે તેમ બેરોમીટરમાં પારો વધવા માંડે, તેમ હૃદયમાં કોઇના પણ પ્રત્યે પ્રેમ વધવા માંડે, પછી તે કોઇ વ્યકિત કે કોઇ પદાર્થ કે કોઇ પરિસ્થિતિ હોય કે કોઇ ઘટના હોય, પણ તેના પ્રત્યેનો પ્રેમ વધતો જાય, તેમ તેની યાદ વધતી જાય. આપણે બહારગામ જઇએ છીએ, ઘર સાથેનું આપણા મનનું જોડાણ ભારે છે. એટલે ઘર વારંવાર યાદ આવે છે. બહાર જઇએ. સ્વજનથી છૂટા પડીએ, એટલે સ્વજન વારંવાર યાદ આવે. ભલભલી વ્યકિત પોતાનાં સ્વજનોને યાદ કરીને કાં તો તે યાદને હૃદયની અંદર સંઘરી રાખે, કાં તો તે યાદને શબ્દો દ્વારા બહાર પ્રગટ કરે, અને આવી યાદમાંથી જ 'રઘુવંશ'માં આવે છે, તેવો 'અજવિલાપ' થયો. આવી કોઇક યાદમાંથી 'મેઘદૂત'માં બન્યુંતે પ્રમાણે પેલા યક્ષે આકાશનાં વાદળોની સાથે તેની પત્નીને સંદેશો મોકલવાની ગાંડી ઘેલછા કરી. અને ત્યાં કવિ કાલિદાસને પણ એમ કહેવું પડયુંઃ ''કામાર્તા હિ પ્રકૃતિકૃપણાશ્ચેતનાચેતનેષુ.'' વ્યકિત જયારે કામાંધ બને છે ત્યારે સાન-ભાન ગુમાવી દે છે. યાદ એવી પ્રબળ બને છે કે પછી તેને ભાન રહેતું નથી કે આ જડ વાદળ મારી યાદમાંથી જન્મેલો સંદેશો લઇ જશે કે નહિ લઇ જાય? અને તેમાંથી મજાનું સુંદર 'મેઘદૂત' આપણને મળ્યું. યાદ દયામાંથી નથી જન્મતી તે યાદ રાખજો. યાદને ઉલટાવશો તો દયા થશે. દયામાંથી યાદ જન્મતી નથી, પણ યાદ જન્મે છે પ્રેમમાંથી, અને કયારેક યાદ જન્મે છે કડવાશમાંથી. જેના પ્રત્યે હૃદયમાં રોષ થશે, જેના પ્રત્યે હૃદયમાં કડવાશ થશે, જેના પ્રત્યે હૃદયમાં લાગણીઓ ભભૂકી ઊઠશે, તેની યાદ પણ આપણને હમેશાં સતાવ્યા કરશે. કંસને કૃષ્ણની યાદ દુશ્મનાવટમાંથી આવે છે. દુશ્મનાવટ પણ યાદ લાવે છે. કયારેક આપણું કોમળ બનેલું હૃદય દયાથી દ્રવીભૂત થાય તો ક્યારેક કયારેક કોઇ

ગરીબના દુઃખની યાદ આવી જાય ખરી. આમ યાદને સંબંધ છે, હૃદયની લાગણીઓ સાથે. જેના હૃદયમાં લાગણીઓનો સ્રોત વહે છે, જેનું હૃદય કોમળ છે, તેના હૃદયમાં યાદ સદાય પ્રગટયા કરે છે. તમે કેટલાકને કહેતા સાંભળશો કે આપણને કોઈની યાદ ન આવે. આપણે તો મસ્તરામ. શું કરવા કોઈને યાદ કરીએ? એના હૃદયને ઢંઢોળશો તો માલૂમ પડશે કે તેનું હૃદય નિષ્ઠુર છે. તેનું હૃદય સ્વકેન્દ્રિત છે. પોતાની જાત સિવાય તે બીજા કોઈનો વિચાર કરતો નથી. એમ, હૃદયની લાગણીઓમાંથી સ્મરણ જન્મે છે. મનોવિજ્ઞાન પણ યાદનો આ જ સિદ્ધાંત આપે છે.

આ સ્મરણ ત્રણ પ્રકારે જન્મે છે. આપણે પ્રસંગને, વ્યકિતને, પદાર્થને યાદ કરીએ છીએ. તમે કેટલીકવાર જોશો કે આપણે કોઈકને બહુ ભૂલી ગયા હોઈએ. અલ્પ પરિચય હોય, અને કોઈ વ્યકિત મળે ત્યારે ઠોકી ઠોકીને યાદ કરાવીએ છીએ, તમને યાદ નથી? તમને યાદ નથી? ના. પણ યાદ કરો, યાદ કરો, એમ પ્રયત્નપૂર્વક યાદ રાખવા પ્રયત્ન કરીએ છીએ. માની લો કે બજારમાં ખરીદી કરવા જવું છે. તો શું શું ખરીદવું છે તેને પ્રયત્નપૂર્વક મગજમાં યાદ રાખીને ખરીદી કરવા જઈએ છીએ. તો વિદ્યાર્થી પ્રયત્નપૂર્વક યાદ રાખીને પરીક્ષા આપવા જાય છે. શિક્ષક પ્રયત્નપૂર્વક સ્વાધ્યાયને યાદ રાખીને તેને શીખવવા વર્ગમાં જાય છે. આ સર્વમાં પ્રયત્ન છે. આપણે ઘણી બધી બાબતો પ્રયત્નપૂર્વક યાદ રાખીએ છીએ.

બીજું એક સ્મરણ છે, જે સહજ રીતે થઈ આવે છે. તેમાં કોઈ પ્રકારનો પ્રયત્ન કરવો પડતો નથી. તમે ગમે તે કામ કરતા હો, અને છતાંય તમને કોઈ બીજી વસ્તુની યાદ આવી જાય, તે સહજ સ્મરણ છે. તે વખતે આપણા મનનું પૃથક્કરણ કરવા જેવું છે કે હું અત્યારે આ કામ કરી રહ્યો છું અને મને બીજી વ્યકિતની યાદ કેમ આવી? વિચાર કરીશું તો તેની પાછળનું રહસ્ય સમજાશે કે તેની પાછળ તે વ્યકિત સાથેનો આપણા હૃદયનો પ્રેમનો સંબંધ જોડાયેલો છે, માટે તે વ્યકિતની અનાયાસે પણ યાદ આવે છે. જયાં પ્રેમ છે ત્યાં યાદમાં, સ્મરણમાં કોઈ આયાસ કે પ્રયત્ન કરવો પડતો નથી, તે તો આપોઆપ સ્વતઃ સ્મરણ થઈ આવે છે. કેમ થાય છે તે કોઈ સમજાવી શકતું નથી. સ્મરણનો આ એક બીજો પ્રકાર છે.

સ્મરણનો એક ત્રીજો પ્રકાર પણ છે. અને તે છે સંસ્કારજન્ય સ્મરણ. આપણા બાળપણના સંસ્કારોને લઈને, પૂર્વજન્મના સંસ્કારોને લઈને કેટલુંક સ્મરણ આપણે સાથે લઈ આવ્યા છીએ. અને પરિણામે એ યાદ આપણા હૃદયપ્રદેશ ઉપર હમેશાં અંકિત રહે છે. કોઈ આપણને અડધી રાતે ઉઠાડીને કહે, યમુનાષ્ટક બોલો. અને આપણી કેસેટ શરૂ થઈ જાય છે. આ છે સંસ્કારજન્ય સ્મરણ. કારણ કે આપણને યમુનાષ્ટક બોલવાનો સંસ્કાર સુદૃઢ થયેલો છે.

આમ, વિવિધ પ્રકારે દરેક વ્યકિત સ્મરણ કરતો હોય છે, ત્યારે શ્રીઆચાર્યચરણ સ્મરણનું વિજ્ઞાન શ્રીસુબોધિનીજીમાં સમજાવતાં આજ્ઞા કરે છે કે જયારે આપણે પ્રયત્નપૂર્વક સ્મરણનો અભ્યાસ કરવા માંડીએ, ત્યારે ધીમે ધીમે સ્મરણ મનનો અભ્યાસ બની જાય છે, મનની ટેવ બની જાય છે. તમે રોજ પુસ્તકમાં જોઈને પાઠ બોલો, તો ધીમે ધીમે તે પાઠ વગર ગોખે મુખાપઠ થઇ જશે. શ્રીસર્વોત્તમજીના છેલ્લા શ્લોકમાં શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છેઃ

શ્રદ્ધાવિશુદ્ધબુદ્ધિર્યઃ પઠત્યનુદિનં જનઃ ।
સ તદેકમનાઃ સિદ્ધિ-મુક્તાં પ્રાપ્નોત્યસંશયઃ ।
અતઃ સર્વોત્તમ સ્તોત્રં, જપ્યં કૃષ્ણરસાર્થિભિઃ ॥

શ્રીગોકુલનાથજી શ્રીસર્વોત્તમજીની ટીકામાં એક પ્રશ્ન ઊભો કરે છેઃ 'શ્રીગુસાંઇજી પહેલાં આજ્ઞા કરે છે કે વૈષ્ણવોએ દરરોજ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક શ્રીસર્વોત્તમજીનો પાઠ કરવો. અને છેલ્લી પંકિતમાં આજ્ઞા કરે છે કે શ્રીસર્વોત્તમ સ્તોત્રનો જપ કરવો, તો પાઠ કરવો અને જપ કરવો એ બેમાં ફરક શો? શ્રીગોકુલનાથજી આ બંનેનો તફાવત સમજાવે છે. આપ આજ્ઞા કરે છે કે જયાં સુધી એ સ્તોત્ર આપણને મોંઢે આવડતું નથી, ત્યાં સુધી તેના ઉચ્ચારણમાં પુસ્તકની જરૂર રહેશે, ત્યાં સુધી તેનો મોટેથી પાઠ કરવો. જયારે પુસ્તકની આવશ્યકતા ન રહે, પાઠ મોંઢે થઇ જાય ત્યારે તેનો મનમાં જપ કરવો. તેનું મનમાં સ્મરણ કરવું. માટે શ્રીઆચાર્યચરણ સમજાવે છે કે એકવાર જો પ્રયત્નપૂર્વક સ્મરણ કરવાની ટેવ પાડવામાં આવે તો પછી મનને સ્મરણ કરવાની ટેવ પડી જાય છે, આદત પડી જાય છે. પછી મન સહજ રીતે, વગર પ્રયત્ને, અનાયાસ સ્મરણ કર્યા જ કરે છે. શ્રીમહાપ્રભુજી આગળ સમજાવે છે કે આમ મનને જયારે સ્મરણની ટેવ પડી જાય, અનાયાસ સ્મરણ થયા કરે, સ્મરણ કરવું એ મનનો સ્વભાવ બની જાય; પછી મન ધીમે ધીમે એમાં તલ્લીન બનતું જાય છે. ચિત્તનું એમાં પ્રવણ થતું જાય, ચિત્તની એ સ્મરણમાં એકાગ્રતા થતી જાય, શ્રીઆચાર્યચરણ કહે છે કે એવું એકાગ્રતાપૂર્વકનું સ્મરણ એટલે સંસ્મરણ-સારી રીતે કરવામાં આવેલું સ્મરણ. આ સંસ્મરણ ફલાત્મક છે. એવા સંસ્મરણથી હૃદય હંમેશાં અલૌકિક આનંદનો અનુભવ કરે છે.

ભૂતકાળમાં અનુભવેલી આ મધુર કે કડવી બાબતોનું સહજ રીતે સ્મરણ કરવાનો મનનો સ્વભાવ હોવાના કારણે ગુજરાતી સાહિત્યના ખ્યાતનામ કવિ કલાપીએ પણ કહ્યુંઃ ''માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાવો.'' ભૂતકાળમાં જેને માણ્યું છે, એનું સ્મરણ કરવામાં એક આનંદ છે. આમ, સ્મરણ કરવા માટે કોઇ પાત્રની જરૂર પડે, કોઈ પદાર્થની જરૂર પડે, કોઇ પ્રસંગ-વિશેષની જરૂર પડે કે કોઇ અનુભવની પણ જરૂર પડે.

મનનો સ્મરણ કરવાનો સ્વભાવ હોવાથી જો મન સ્મરણ ન કરે તો મનનું મરણ થાય. એ મન જીવી શકતું નથી, જયારે લૌકિક બાબતોના સ્મરણમાં મન અટવાઇ જાય છે ત્યારે અલૌકિક બાબતોમાં મનનું મરણ થતું હોય છે, મન લાગતું હોતું નથી. માટે આપણી ફરિયાદ છે કે આપણું મન સ્મરણમાં નથી લાગતું, કારણ કે આપણા પ્રભુમાં જેટલો ઉત્કટ પ્રેમ હોવો જોઇએ, એટલો ઉત્કટ પ્રેમ હજુ આપણને થયો નથી. ઉત્કટ પ્રેમ થાય તો મન પ્રભુમાં લાગે. માટે શ્રીમહાપ્રભુજી પ્રભુમાં મન લાગે તે માટે સ્મરણના વિવિધ પ્રકારો બતાવે છે કે તમારા મનની અનુકૂળતા પ્રમાણે તમે જપ કરો. તમે પાઠ કરો, તમે પ્રભુનાં કીર્તન ગાવ, તમને જેમાં રુચિ હોય એ પ્રકારે પ્રભુના રૂપનું સ્મરણ કરો, તમે પ્રભુના ગુણોનું સ્મરણ કરો, તમે પ્રભુની લીલાઓનું સ્મરણ કરો, કારણ કે સ્મરણ ત્રણ બાબતોનું થાયઃ રૂપનું, કાર્યનું અને ગુણોનું

ભગવદીયોએ કીર્તનમાં પ્રભુના સ્વરૂપનું ચિંતન કર્યું છે, લીલાઓનું સ્મરણ કર્યું છે, પ્રભુના ગુણોનું પણ સ્મરણ કર્યું છે. દરેક વ્યકિતના મનની રુચિની ભિન્નતાઓને જોઇને શ્રીમહાપ્રભુજી સૌને માટે એક જ દવા નથી બતાવતા. આપ આજ્ઞા કરે છેઃ તમને પ્રભુએ સુંદર રાગ આપ્યો છે, કંઠ આપ્યો છે, કીર્તનમાં આસકિત આપી છે, તો કીર્તન દ્વારા પ્રભુનું સ્મરણ કરો. કીર્તનમાં પણ અષ્ટસખાની વાણીનું અનુસંધાન કરો. કારણ અષ્ટસખાને જે ભગવલ્લીલામાં સાક્ષાત્ દર્શન થયાં, એ લીલાનું ગાન એમના હૃદયમાં બિરાજીને પ્રભુએ પોતે કર્યું છે અને કરાવ્યું છે. એ મહાનુભાવ ભકતોનું સામર્થ્ય નહોતું કે ગાન કરી શકે. વિચાર કરો, કુંભનદાસજી કયાં શાસ્ત્રીય સંગીત શીખવા ગયા હતા? સૂરદાસજીને કોણે સંગીત, સાહિત્ય આ સર્વ કંઇ શીખવ્યું હતું? માટે આપણા કીર્તન-સાહિત્યને પંચમ વેદની ઉપમા આપવામાં આવી છે. એ ભગવદ્વાણી ભગવદીયોના મુખારવિંદના માધ્યમ દ્વારા પ્રગટ થયેલી અલૌકિક વાણી છે. એમાં જે રસ પ્રગટ થયો છે, તે જગતના બીજા કોઇ સાહિત્યમાંથી નથી મળવાનો.

કીર્તનની અનુકૂળતા ન હોય, તો પાઠ કરો. પાઠમાં આસકિત હોય તો તમે પ્રભુના સ્તોત્રના પાઠ કરો. શ્રીહરિરાયચરણે ચોર્યાસી બસોબાવન વૈષ્ણવોની વાર્તાના ભાવપ્રકાશમાં, એ વાત બહુ સ્પષ્ટ રીતે સમજાવી છે. શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઇજી આદિ મહાનુભાવોની વાણીનો પાઠ કરો. તુલસાના પ્રસંગમાં આપ આજ્ઞા કરે છે કે તુલસાની ઉપર શ્રીમથુરેશજીની આટલી કૃપા કેમ હતી? તેનું કારણ છે કે તુલસા શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો યથાવકાશ પાઠ કરતાં હતાં. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીની વાણી ફલાત્મક છે, સ્વરૂપાત્મક છે, ભાવાત્મક છે. માટે જો એ વાણીને જીભ દ્વારા ઉચ્ચારવામાં આવે, કર્ણ દ્વારા તેને હૃદયમાં પધરાવવામાં આવે, તો

એ ફલાત્મક વાણી આપણા હૃદયના મલીન વિચારોને શુદ્ધ કરીને આપણા હૃદયને ભગવદ્ભાવથી પૂરિત કરે છે. માટે શ્રીમહાપ્રભુજીની અલૌકિક દિવ્ય વાણીનો, એ વાક્પતિ વિબુધેશ્વરનાં વચનામૃતોનો, ષોડશ ગ્રંથ આદિ ગ્રંથોનો નિયમપૂર્વક પાઠ કરવો એ સ્મરણનો એક બીજો પ્રકાર છે.

સ્મરણનો ત્રીજો પ્રકાર શ્રીમહાપ્રભુજીએ બતાવ્યો. અષ્ટાક્ષર મહામંત્ર અને નિવેદન મંત્રનું સદા સર્વદા સ્મરણ કરવું. અષ્ટાક્ષર મહામંત્રનો બને તેટલો જપ કરવો. અપરસમાં હોઈએ ત્યારે પંચાક્ષર મંત્રનો અને બ્રહ્મસંબંધ મંત્રનો બને તેટલો જપ કરવો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જેમ સૂરદાસજીને સંયોગ અને વિપ્રયોગનો રસાનુભવ થયો તેમ આપણને પણ શ્રીમહાપ્રભુજીની કૃપાથી સંયોગવિપ્રયોગનો રસાનુયોગ થશે. કારણ આ બંને મહામંત્રો સ્વરૂપાત્મક અને ફલાત્મક છે.

આમ જપ, પાઠ, કીર્તન, ભગવલ્લીલાઓનું ચિંતન આ સર્વ કંઈ સ્મરણના જુદા જુદા પ્રકારો છે. એમાં આસક્તિ થાય, એ રીતે સ્મરણને બનાવ્યું રાખવું તે આપણું કર્તવ્ય છે. પ્રશ્ન આવીને ઊભો રહે છે, સ્મરણ કેવી રીતે કરવું? શ્રીમહાપ્રભુજીએ ફરી આજ્ઞા કરી અને તેની રીતે બતાવી, સ્મરણ પ્રેમપૂર્વક કરવું-સદા કરવું, મુદા કરવું, ગોવિંદસ્વામીએ કીર્તનમાં ગાયું:

"ગોવિંદ પ્રભુ બિના સ્નેહ સુવા લૌં; રસના કહાજુ નચૈયે."

મનમાં પ્રેમ નથી પણ કોઈકે કહ્યું છે કે અષ્ટાક્ષરનો જપ કરો. એટલે આપણે અષ્ટાક્ષરનો જપ કરવા માંડયાં છીએ. હાથમાં જપમાળા છે, આંગળાં ફર્યા કરે છે, જપમાળાના મણકા ફરતા જાય છે, જીભ અને હોઠનો ફડફડાટ થાય છે પણ મનમાં બીજી ગડમથલો ચાલે છે, તેની કોઈને ખબર નથી. જોનારને એમ લાગે છે કે ભાઈ જપ કરે છે, ભગવન્નામ લેવાય છે, પણ એ ભગવન્નામ હૃદયમાં રહેતું નથી. કૂવામાંથી પ્રાચીન સમયમાં કોશ દ્વારા પાણી નીકળતું. ભગવન્નામરૂપી અલૌકિક જળ આપણા કૂવામાંથી, મુખરૂપી કુંભમાંથી નીકળે છે ખરું, પણ તે હૃદયમાં ઠલવાતું નથી. કારણ કે પેલો કોશ નીચેથી ચિરાયેલો છે, બધું જળ ચાલ્યું જાય છે, અને ધરતી સૂકી રહી જાય છે.

લૌકિક પ્રસંગ લઈને આ વાત સમજીએ. એક વૈષ્ણવ પરિવારમાં એક નાના દીકરાએ તેના પિતા પાસે હઠ લીધી. 'પપ્પા, મને એક સુંદર મજાનો જીવતોજાગતો પોપટ લાવી દો.' પિતાએ બહુ સમજાવ્યો, પણ દીકરો માન્યો નહીં. છેવટે પિતાએ એક સરસ મજાનો પોપટ લાવી આપ્યો. સુંદર પાંજરું હતું. પિતાએ કહ્યું, 'બેટા, આ પોપટ બહુ જ ચતુર છે. તેને બિલાડી ખાઇ ન જાય એટલા માટે તું તેને શીખવી દે કે બિલાડી આવે એટલે ઊડી જવું. આટલું બોલતાં શીખવી દે.' દીકરાએ વારંવાર બોલીને પોપટને

બોલતાં શીખવી દીધું, 'બિલાડી આવે એટલે ઊડી જવું.' પોપટ રાતદિવસ બોલે છે. 'બિલાડી આવે એટલે ઊડી જવું.' એક દિવસ પાંજરું ખુલ્લું રહી ગયું અને બિલ્લીબાઇ આવ્યાં. પોપટ બોલ્યો 'બિલાડી આવે એટલે ઊડી જવું.' બિલાડીએ પાંજરામાં મોં નાંખ્યું, પોપટ બોલ્યો 'બિલાડી આવે એટલે ઊડી જવું.' બિલાડી પોપટને ખાઇ ગઇ, ત્યારેય પોપટ છેલ્લે બોલ્યો, 'બિલાડી આવે એટલે ઊડી જવું.' આપણો જપ આવો છે. 'બિલાડી આવે એટલે ઊડી જવું.' આપણે બોલીએ છીએ, પણ શું બોલીએ છીએ, તેની સમજ નથી. તેના અર્થનું અનુસંધાન નથી. માટે શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી કે આવો જપ તે મર્યાદા છે. જેમાં વાણી પવિત્ર થાય છે, જેમાં આપણો એટલો સમય જાય છે, પરંતુ એનાથી વિશેષ જે ભગવત્સ્વરૂપના અલૌકિક આનંદનો અનુભવ થવો જોઇએ, એ થતો નથી. માટે ગોવિંદ સ્વામીએ કહ્યું કે જો હૃદયમાં સ્નેહ નથી, તો 'સુવા લૌં' એટલે પોપટની જેમ, 'રસના કહાજુ નચૈયે'- આ જીભને નચાવ્યાનો શો અર્થ છે? પ્રેમ વિનાનું ગાણું અને ઘી વિનાનું ખાણું એ બંને નકામાં. યમુનાષ્ટકના એક વાર ૧૦૮ પાઠ કરવાનો પ્રસંગ હતો. પચાસેક પાઠ થયા હશે, પછી પાઠ કરનારા પૈકી કેટલાક ઈશારાથી જે ભાઇ ગણતરી કરતા હતા તેમને પૂછતા કે કેટલે આવ્યું? જયારે સોએ સંખ્યા પહોંચી ત્યારે કેટલાકના મોં ઉપર એમ જણાયું કે ચાલો, હવે હમણાં પૂરું થશે. પેલા ભાઇએ છેલ્લે એક આંગળી બતાવી, ત્યારે ઝડપ વધી, અને છેલ્લે શ્રીયમુનાજીની જય બોલાવી, ત્યારે સૌના મો ઉપર એવો ભાવ હતો કે હાશ છૂટયા!

શ્રીમહાપ્રભુજીએ સ્મરણ કરવાની રીત બતાવી કે હમેશાં સ્મરણ કરો, મુદા એટલે આનંદપૂર્વક સ્મરણ કરો. જો એ સ્મરણમાંથી આનંદ ચાલ્યો જાય તો પછી તે સ્મરણ અલૌકિક ફળ આપનારું રહેતું નથી, તે કેવળ જીભને પવિત્ર કરનારું જ રહે છે. માટે આનંદપૂર્વક સ્મરણ કરવાની ટેવ પાડવી. એકાદ બે ઠેકાણે એવું પણ જોવા મળ્યું કે વૈષ્ણવો એમ કહે કે આજે પાઠમાં જવું પડશે. કારણ કે વેવિશાળ છે એટલે ન જઇએ તો તેમને ખોટું લાગે. યમુનાજીને ખોટું લાગે તેનો વાંધો નહિ; પરંતુ વેવાણને ખોટું લાગવું જોઇએ નહિ. આવા બધા પ્રકારે જે સ્મરણ કરીએ છીએ તેને શ્રીમહાપ્રભુજીએ મર્યાદા સ્મરણ કહ્યું છે. 'જપે મર્યાદા'- મર્યાદાથી આપણે જપ કર્યો છે.

સ્મરણનો પુષ્ટિ પ્રકાર કયો? 'ધ્યાને પુષ્ટિઃ' એક લૌકિક ઉદાહરણથી સમજીએ. પસાચેક વર્ષ પહેલાંની વાત છે. એક વૈષ્ણવ પરિવારમાં વિધવા માતાનો એકનો એક દીકરો મુંબઇની કૉલેજમાં અભ્યાસ કરે. નાનપણમાં સગપણ થયેલું. સાસરિયાંએ લગ્નની ઉતાવળ કરી, ચાલુ અભ્યાસે વચમાં વૅકેશનમાં લગ્ન લેવાયું. દીકરી પણ થોડુંક અંગ્રેજી ભણેલી. સુશીલ, સંસ્કારી. લગ્ન થયાં. લગ્ન પછી એ નવોઢા સાસરે આવી.

નવદંપતીનો થોડો પ્રારંભિક સહવાસ છે. પરસ્પરને સમજવા માટેનો પ્રયત્ન કરે છે. પતિ પોતાની મુંબઇની મુશ્કેલીઓ પોતાની પત્નીને કહે છે. હૉસ્ટેલમાં કેમ રહેવું પડે, કેવી તકલીફ પડે, શું દુઃખ પડે! કૉલેજ ખૂલતાં તેને પાછા જવાનું થયું. વહુ હજુ સાસરે છે. હવેલીની બાજુમાં રસ્તા પરનું તેમનું ઘર છે. એક દિવસ સવારે સાસુમાએ વહુને કહ્યું કેઃ 'વહુ બેટા! જરા ચોખા વીણી કાઢોને. હું મંગળાનાં દર્શન કરીને આવું છું.' ઓટલે આવીને વહુ ચોખા વીણવા બેઠી છે. રસ્તા પર અવરજવર ઘણી છે. વાહનોનો કોલાહલ છે, ચારેબાજુ રેડિયાનો અવાજ પણ હશે. એ બધાની વચ્ચે હાથમાં ચોખાની થાળી લઇને બેઠેલી વહુ ચોખામાં આંગળી ફેરવતી જાય છે; પણ મન, આંખો, હાથ ચોખા વીણવામાં લાગ્યાં નથી. તેને યાદ આવે છે તેનો પતિ! તે અત્યારે ઊઠયા હશે, તેમને કોણ ચા બનાવીને પાશે? તેમને કેટલી ત્યાં તકલીફ પડતી હશે? તેમને કોણ કપડાં ધોઇ આપતું હશે? તેમને હૉસ્ટેલનું કેવું ગંદું ખાવું પડતું હશે? પતિના સ્મરણમાં તે એવી ખોવાઇ જાય છે કે ચોખા વીણવાનું યાદ આવતું નથી. આજુબાજુ કોણ આવે-જાય છે, તેનું તેને ભાન રહેતું નથી. આજુબાજુ કેટલો કોલાહલ છે તેની તેને કંઇ ગતાગમ નથી, તેની આંગળી ચોખાની થાળીમાં ફર્યા કરે છે. પતિનું નામ છે અશોક. આંગળીથી થાળીની અંદર અનાયાસે વગર વિચારે સ્વતઃ અંગ્રેજીમાં અશોકનો સ્પેલિંગ લખ્યા કરે છે અને ભૂંસ્યા કરે છે. મન અશોકમાં ડૂબી ગયું છે, મન અશોકમય બની ગયું છે, ત્યાં સાસુમા મંગળાનાં દર્શન કરીને પાછાં આવ્યાં. કેટલો સમય ગયો તેનું પણ વહુને ભાન નથી. સાસુમા પાંચ મિનિટથી આવીને વહુની આ ચેષ્ટા જોતાં ઊભાં છે, તેની પણ તેને ખબર નથી. છેવટે સાસુમા પૂછે છેઃ 'બેટા, ચોખા વીણાઇ ગયા?' વહુ ઝબકીને જાગી. તેના ધ્યાનનો ભંગ થયો. એકદમ બધા ચોખા બે હાથથી ભેગા કરીને કહે, 'હા, બા વીણાઇ ગયા.' જમાનો જોયેલાં સાસુમા મનમાં હસ્યાં. થાળી લઇને અંદર ચાલ્યાં ગયાં. આવું ધ્યાન પેલી યુવાન દીકરીનું તેના પતિમાં હતું, દૂર દૂર રહેલા તેના પતિમાં તેનું મન ખોવાઇ ગયું હતું. ભર રસ્તામાં બેઠેલી એ નારીને તેના પતિ સિવાય કોઇના શબ્દનો અવાજ પણ સંભળાતો નહોતો. તેનું નામ ધ્યાન. ચિત્તની આવી અવસ્થા જયારે પ્રભુ માટે આપણી થાય, ત્યારે 'ધ્યાને પુષ્ટિઃ'

એવું ધ્યાન આપણા ભગવદીયોમાં જો કોઇને ભગવત્કૃપાથી સિદ્ધ થયું હોય તો રાજા આશકરણજીને! યુદ્ધનો સમય છે, આશકરણજીનું લશ્કર નદીના એક કિનારે પડાવ નાંખીને પડયું છે. સામે કિનારે દુશ્મન રાજાનું લશ્કર પડયું છે. રાજા ચઢી આવ્યો છે, આશકરણજીના ગઢનો કોળિયો કરી જવા માટે. સવારે નદીમાં સ્નાન કરી, એકાંતમાં એક વૃક્ષની છાયા નીચે બેસીને આશકરણજી પોતાના સેવ્ય શ્રીમોહન-

નાગરની માનસી સેવા કરી રહ્યા છે. ત્યાં આવીને સેનાપતિ વિનંતી કરે છેઃ 'મહારાજ, દુશ્મન રાજાએ હુમલાની તૈયારી કરી છે. આપણા લશ્કરની આપ આગેવાની લો.' આશકરણજી યુદ્ધનો વેશ સજે છે. બખ્તર ચઢાવે છે, મસ્તક પર શિરટોપ ધરે છે, શસ્ત્રો સજે છે. પોતાના પાણીદાર અશ્વ ઉપર ઠેકડો મારીને ચઢી જાય છે. આ સર્વ ક્રિયા કરતાં-કરતાં પણ આશકરણજીનું મન એમના સેવ્ય શ્રીમોહનનાગરમાં લાગેલું છે. આજુબાજુ કોણ છે, શું થઇ રહ્યું છે, એનું કંઇ ભાન નથી. એમનો ઘોડો સ્વતઃ લશ્કરમાંથી માર્ગ કરતો કરતો મોખરે જઇને ઊભો છે. ચારેબાજુએ યુદ્ધના હોંકારા પડકારા થઇ રહ્યાં છે. યુદ્ધનો પ્રારંભ થાય છે. 'મારો કાપો', 'મારો કાપો'ની ચીસો પડી રહી છે. સૌ પોતાનો ઈષ્ટદેવનું સ્મરણ કરીને કીકીયારીઓ પાડી રહ્યા છે, તલવારો વીંઝાય છે, ભાલાઓ ઝીંકાય છે. તીર છૂટે છે. કેટલાયનાં માથાં કપાય છે, હાથપગ કપાય છે. મૃત્યુની કારમી ચીસોથી આખુંયે મેદાન કંપી ઊઠયું છે. લોહીના લાલ રંગ સિવાય બીજો કોઇ રંગ નથી. મૃત્યુની કારમી ચીસ સિવાય બીજો કોઇ અવાજ નથી. મારવાની ક્રૂરતા અને દુશ્મનનો બદલો લેવાની વેરની ભાવનાની આગ સિવાય હૃદયમાં બીજી કોઇ વાત નથી. એવા એ ભયંકર વાતાવરણમાં નિશ્ચલ ભાવે પોતાના ઘોડા ઉપર બેસીને આશકરણજી પોતાના શ્રીમોહનનગર માટે એક પછી એક સામગ્રીઓ સિદ્ધ કરતા જાય છે. સામગ્રીઓ સિદ્ધ કરી રાજભોગ ધરવા માટે એક એક સામગ્રીની સજાવટ થઇ રહી છે. છેલ્લે કઢીનો ડબરો લઇને આશકરણજી માનસીમાં ભોગ ધરવા જઇ રહ્યા છે, ત્યાં તો દુશ્મનોનો રાજા આશકરણજીને શોધતો શોધતો, લશ્કરમાંથી જગ્યા કરતો કરતો, પોતાના હાથીને આશકરણજીના ઘોડાની સામે લાવીને ખડો કરી દે છે. મૂછમાં હસે છે, આંખોમાં ક્રોધની જવાળાઓ છે, 'ઠીક, આજે આ ભગતડો લાગમાં આવ્યો છે. તેની મીંચેલી આંખો છે, કયાંક ડૂબી ગયો હશે! મારો એક ભાલો ઝીંકાશે અને એના હૃદયને ફાડીને બે ટુકડા કરી નાંખશે.' દુશ્મનનો રાજા ગોઠણભેર ઊભો થઇ જાય છે. હાથીની અંબાડીમાં ઊભો થયેલો એ રાજા પોતાનું બધું જોર અજમાવી વજનદાર ભાલો આશકરણજીની છાતીને નિશાન બનાવીને ઝીંકે છે, પણ જેને માથે શ્રીમોહનનગર બિરાજે, એનો વાળ કોણ વાંકો કરે? આશકરણજીનો ઘોડો ચાર પગે કૂદ્યો, ભાલો છાતીનું નિશાન ચૂકી ગયો, ઘોડાના જમણા કાનને લસરકો લઇને ભાલો ચાલ્યો ગયો. પણ કૂદતા ઘોડા સાથે આશકરણજીના હાથનો કઢીનો ડબરો છલકાઇ ગયો. ધ્યાનભંગ થઇ ગયું. વસ્ત્રો કઢીથી રંગાઇ ગયાં, જયાં લોહીના લાલ રંગ સિવાય બીજો કોઇ રંગ નહોતો, ત્યાં કઢીનો પીત રંગ દષ્ટિગોચર થયો. બાજુમાં રહેલા સેનાપતિજી વિચારે છે, 'આ શું? અહીં કઢી કયાંથી?' આશકરણજી અલૌકિક ભાવનાને

છુપાવીને કહે છેઃ 'સેનાપતિજી, મને કઢી બહુ ભાવે છે. હું છૂપી રીતે સાથે લઇને આવ્યો હતો. ઘોડો કૂદ્યો એટલે ઢોળાઇ ગઇ.' અને પછી સામા રાજાના દાંત ખાટા કરી દે એવું યુદ્ધ કર્યું. જો રાજા યુદ્ધના મેદાનમાં આવા નિશ્ચલ ભાવે પ્રભુની માનસી સેવામાં, એના સ્મરણમાં, એના રમણમાં એકાગ્ર થઈ શકતા હોય તો આના કરતાં દુનિયામાં કોઈ વિષમ પરિસ્થિતિ આપણા માટે હોઇ શકે ખરી? સ્મરણની કેટલી ઉત્કટતા હશે! સ્મરણની કેટલી એકાગ્રતા હશે! માનસી સેવાની કેવી ફલાત્મક ભાવસ્થિતિ હશે! આ પ્રસંગનું જયારે સ્મરણ કરું છું, ત્યારે ત્યારે રોમ રોમ પ્રફુલ્લિત બનીને એ મહાનુભાવનાં ચરણોમાં મારું મસ્તક સદાયને માટે ઝૂકી જાય છે. આશકરણજી પાસેથી વૈષ્ણવી જીવન જીવવાની, દુન્યવી સંઘર્ષોને સામી છાતીએ ખેલતાં ખેલતાં હૃદયની ભગવત્સ્મરણ અને સેવા કરવાની આ રીત અને પ્રીત શીખવાની છે. આશકરણજીને આપણા વૈષ્ણવી જીવનનો આદર્શ બનાવીને જો હૃદયમાં સ્થાપી દઇએ, તો મને લાગે છે કે જીવનની કોઇ પરિસ્થિતિની આપણને ફરિયાદ રહેશે નહિ કે આ સ્થિતિમાં અમારાથી સ્મરણ થતું નથી. માટે સ્મરણની આવી ઉત્કટ સ્થિતિનો વિચાર કરીને, આ રીત અને પ્રીતનો વિચાર કરીને, શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે 'ધ્યાને પુષ્ટિઃ' આવું ભગવત્સ્વરૂપનું, ભગવલ્લીલાનું, ભગવદ્ ગુણોનું ધ્યાન કરવું, એનું નામ પુષ્ટિ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે સ્મરણની પૂર્વભૂમિકા કીર્તન છે. સ્મરણ કયારે થાય? કાનથી સાંભળ્યું હોય ત્યારે થાય. મુખથી કીર્તન કર્યું હોય તો તેનું સ્મરણ થાય. માટે આપ આજ્ઞા કરે છે કે પ્રભુનું હમેશાં લીલાના અનુસંધાનપૂર્વક સ્મરણ કરવું. શ્રીહરિરાયચરણે આપણે માટે, લીલાનું સ્મરણ થઇ શકે તે માટે કૃપા કરી, આપણને ખૂબ સુંદર પદો આપ્યાં, 'નિત્યલીલા' આપી, 'પ્રાતઃસમે ઊઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા,' બીજુ કંઈ ન બને તો રોજ આ નિત્યલીલાનું ગાન કરવું. એનાથી મંગળાથી શયન પર્યન્તની પ્રભુની નિત્યલીલાનું ક્રમબદ્ધ રીતે સ્મરણ થશે. સ્મરણના અનેક પ્રકારો પ્રાચીન ભગવદીયોએ બતાવ્યા છે. પ્રાચીન ભગવદીયો એવી પણ આજ્ઞા કરે છે કે રોજ સાંજ 'શ્રીગોવર્ધનવાસી સાંવરેલાલ, તુમ બિન રહ્યો ન જાય હો બ્રજરાજ લડે તે લાડિલે,' એ પદનું ભાવપૂર્વક કીર્તન અને સ્મરણ કરવામાં આવે તો એ લીલાનો જરૂર અનુભવ થશે. 'વ્રજ ઐસી મેરે મન ભાઇ,' એ વ્રજયાત્રાના પદનું જો સ્મરણ કરવામાં આવે તો વ્રજયાત્રાનું પ્રત્યક્ષ, અલૌકિક ફળ પ્રાપ્ત થશે. આમ, આ બધાં કીર્તનો દ્વારા આ સર્વ લીલાઓ આપણા હૃદયની અંદર સુદૃઢ રીતે શ્રીમહાપ્રભુજીની કૃપાથી સદાયને માટે પ્રસ્થાપિત થાય છે. એ લીલાઓમાં બિરાજતું એ ભાવાત્મક અને ફલાત્મક સ્વરૂપ પોતાના સ્વરૂપાનંદનો આપણને અનુભવ પણ કરાવે છે.

કિશોરીબાઇનો પ્રસંગ આપણે જાણીએ છીએ કે કેટલી દુઃખદ પરિસ્થિતિમાં પણ એમણે શ્રીયમુનાજીનું સતત સ્મરણ કર્યું! શ્રીગુસાંઇજીના એક સેવક હતા. કામવનમાં કૃષ્ણકુંડ ઉપરનાં શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીમાં બેસીને છ માસ સુધી તેમણે શ્રીસર્વોત્તમ સ્તોત્રનો ખૂબ ઉત્કટતા અને વિરહપૂર્વક પાઠ કર્યો. તેમને શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને દર્શન આપ્યાં. આમ, લૌકિકનું રમણ જો છૂટે તો અલૌકિક સ્મરણ થાય, અને અલૌકિકનું સ્મરણ થાય, તો મનના વિષય વિકારનું મરણ થાય. માટે શરૂઆતમાં પ્રયત્નપૂર્વક, નિયમપૂર્વક પણ સ્મરણ કરવાની ટેવ પાડવાની જરૂર છે.

નાનું બાળક વિદ્યાભ્યાસ કરવા માંડે છે. ત્યારે એને ઝટ એકડો આવડી જતો નથી. એકડો શીખવો બહુ અઘરો છે. એ બાળકને એક વાર એકડો આવડી ગયો, પછી બાકીના અંક એને માટે બહુ સરળ બની જાય છે. સૌ માતાઓનો અને બહેનોનો અનુભવ છે. તમે રોટલી વણવા બેઠાં ત્યારે પહેલા દિવસે સરસ મજાની ગોળમટોળ રોટલી બનાવતાં નહોતી આવડતી. ક્યાંક તમારી બાના હાથનું વેલણ એ પોંચા ઉપર પડ્યું હશે! આજે કેવી સરસ મજાની ગોળમટોળ રોટલી વણાઇ જાય છે? એ વણાતી જોઇએ ત્યારે અમારા જેવાને એમ થાય કે વગર કંપાસે એકસરખું વર્તુળ કેવી રીતે તૈયાર થાય? તમને પૂછવામાં આવે તો તમે એમ કહો કે એમાં શું, એ તો લૂવો લઇને ઓરસિયા પર મૂકીને વેલણ ફેરવીએ એટલે થઇ જાય; કારણ કે એની પાછળની વર્ષોની સાધના છે. એમ ભગવત્કૃપાથી સ્મરણ સિદ્ધ થાય એ એક વાત છે, પરંતુ એ સ્મરણ માટે જીવે પણ પ્રયત્ન કરવો પડે છે. સાધના કરવી પડે છે. એને માટે ધીરજની જરૂર પડે છે.

એક વૈષ્ણવનો અનુભવ છે. એક દિવસ ભગવદ્વાર્તા સાંભળીને બીજા દિવસે જપ કરવાનો પ્રારંભ કર્યો. સાંજે ભગવદ્વાર્તામાં આવ્યા એટલે ફરિયાદ કરી, કે હું જપ કરવા બેસી ગયો, બરાબર નાહીને બ્રાહ્મમુહૂર્તમાં બેઠો, ઘરમાં બધાંને બૂમ પાડીને કહી દીધું કે કોઇએ અવાજ નહીં કરવો. સંપૂર્ણ શાંતિ રહેવી જોઇએ, બહારથી સંપૂર્ણ શાંતિ રહી. જપ કરવા બેઠો, પણ મન ચોંટ્યું નહિ. મેં હસતાં-હસતાં કહ્યું કે હજુ આજે શરૂઆત કરી છે. આટલું જલદી જો મન ચોંટી જાય તો એને ભગવત્કૃપા માનવી. કરોળિયાને યાદ રાખીને પ્રયત્ન ચાલુ રાખવો. જાળ બનાવવા એ કેટલો પ્રયત્ન કરે છે! જાળ ન બને, નીચે પછડાય, તોપણ જાળ બને ત્યારે જ જંપે. એમ આપણે પણ સ્મરણ માટે સતત સભાન રીતે પ્રયત્ન ચાલુ રાખીએ, મન પ્રભુમાં જોડવાનો આગ્રહ રાખ્યા કરીએ, આઘુંપાછું થતું મન વળી ઠેકાણે લાવી દઇએ, તો શ્રીમહાપ્રભુજીની કૃપાથી ધીમે ધીમે તે મનને પણ સ્મરણનું રમણ સહજ બની જશે.

આથી આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે તમે જિંદગીમાં જે કામ કર્યું જ નહિ હોય, તેનું સ્મરણ કયાંથી થાય? તમે સેવા કરી જ નહિ હોય તો તમને તેનું સ્મરણ કયાંથી થવાનું છે? માટે સેવા કરો, સ્મરણ કરતાં કરતાં સેવાનો તમને જે અલૌકિક અનુભવ થયો છે, એ સેવાનું ધ્યાન કરતાં જાવ. ભગવદીયોએ સ્મરણ દરમ્યાન સેવાના, ધ્યાન કરવાના અનેક માર્ગો બતાવ્યા છે. અર્થના અનુસંધાનપૂર્વક સ્મરણ કરવું. આપણે ભણેલાં ન હોઈએ, અર્થ ન આવડે, કદાચ શુદ્ધ ઉચ્ચાર ન આવડે, તોપણ તેની ફિકર ન કરવી. ભગવન્નામ છે, તેથી તે ફલિત થવાનું જ છે. મન એમાં લાગેલું રહે તે માટે ભગવદીયોએ અનેક માર્ગો બતાવ્યા છે. યમુનાષ્ટકનું ચિંતન કરતાં હોઈએ ત્યારે શ્રીયમુનાજીના સ્વરૂપનાં જે ચિત્રજીનાં તમે દર્શન કર્યાં હોય તે સ્વરૂપનું ચરણારવિંદથી મસ્તક સુધીનું ધ્યાન કરવું. તમે ગોકુળ ગયાં છો, મથુરા ગયાં છો. વિશ્રામઘાટ પર, ઠકુરાણીઘાટ પર, યમુનાજીનાં પાન કર્યાં છે, દૂધ ચઢાવ્યું છે, ભોગ ધર્યાં છે, એ સર્વનું સ્મરણ કરો. સર્વોત્તમજીના પાઠ કરો છો ત્યારે એકસોઆઠ નામમાં બિરાજતા શ્રીમહાપ્રભુજીનાં એકસોઆઠ વિવિધ અલૌકિક સ્વરૂપોનું અર્થાનુસંધાન નથી બનતું, તો શ્રીમહાપ્રભુજીનાં ચિત્રજીનાં જે દર્શન કર્યાં તેમના ચરણારવિંદથી મસ્તક સુધીના સ્વરૂપનું ચિંતન કરતાં કરતાં તમે જે જે બેઠકજીએ ગયાં છો, ત્યાં ઝારી-ચરણસ્પર્શ કર્યાં છે. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી તમારી યત્કિંચિતિ સેવા અંગીકાર કરી છે, તે સર્વનું તમે સ્મરણ કરતાં રહો. આમ, મનને સ્મરણના રમણમાં રોકાયેલું રાખો કે જેથી મન બીજા કોઇ રમણમાં ફસાય નહીં. ભગવદીયોએ એમ પણ બતાવ્યું કે રોજ વ્રજવાસ નથી થયો, તો મનથી સદાયે ગોકુળમાં રહેવું. 'રે મન સદા ગોકુલમેં રહીએ; ગોવિંદઘાટ ઔર છોંકરકી છૈયાં, બેઠક દર્શન પૈએ.' - મનથી રોજ એક વાર ગોકુળ જઇ આવવું, રોજ શ્રીમદ્ ગોકુળનું ધ્યાન ધરવું, મનથી શ્રીનાથજી જઇ આવવું, જતીપુરા જઇને શ્રીગિરિરાજ બાવાનાં મનથી દર્શન કરીને દંડવત્ પ્રણામ કરીને, મનથી શ્રીગિરિરાજ બાવાની પરિક્રમા કરી આવવી, આ સર્વ પ્રકારો છે. આ સર્વ સ્મરણના પ્રકારોમાંથી જે આપણા મનને રુચે એવા પ્રકારને સ્વીકાર લેવો, પણ મન એમાં રોકાય, મન એમાં રમણ કરતું રહે, એવો સદાય જાગૃત રીતે પ્રયત્ન કરવો, એમ શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી.

આ શિક્ષાપત્રના બીજા, ત્રીજા અને છેલ્લા બે - એમ કુલ ચાર શ્લોકમાં શ્રીમહાપ્રભુજીનું સ્મરણ કરવાની શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે. એ ચાર શ્લોકમાં શ્રીમહાપ્રભુજીના દિવ્ય સામર્થ્યનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રીમહાપ્રભુજી કેવા છે? પોતાના ભકતોના તાપને સહન કરી શકતા નથી, પરિણામે પોતાના દૈવી, એવા પુષ્ટિ જીવોનો વિચાર કરીને, એમને શરણે લઇને પ્રભુને સોંપવા માટે, એમને ફરીથી નિત્યલીલાની પ્રાપ્તિ કરાવવા માટે આપ શ્રીઆચાર્યચરણ સ્વરૂપે ભૂતળ ઉપર પધાર્યા

છે. શ્રીઆચાર્યચરણ એવા કૃપાનિધાન છે કે પોતાના સેવક કદાચ અન્યાશ્રય કરી બેસે, તોપણ એના અન્યાશ્રયના દોષનો કિંચિત્ દંડ આપીને એ દોષનિવારણ કરી, એના હૃદયને પોતાના ચરણારવિંદ સાથે જોડી આપે છે. પોતાનું અલૌકિક માહાત્મ્ય પ્રગટ કરવા માટે આપે ભૂતળ ઉપર પ્રગટ થઈને, પોતાના સ્વરૂપને પોતે શ્રીમુખે શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથો દ્વારા આપણી સમક્ષ પ્રગટ કર્યું છે. તેમના સ્મરણ માત્રથી સર્વ દુઃખ દૂર થાય છે. સર્વ ચિંતાઓ દૂર થાય છે, માટે આપણે રોજ એમને વંદન કરતાં કહીએ છીએ -

ચિંતાસંતાન-હંતારો યત્પાદાંબુજરેણવઃ ।
સ્વીયાનામ્ તાન્ નિજાચાર્યાન્ પ્રણમામિ મુહુર્મુહુઃ ॥

બાકીના ચાર શ્લોકથી શ્રીહરિરાયજી શ્રીઠાકોરજીનું સ્મરણ કરે છે. એમાં શ્રીઠાકોરજીના અલૌકિક સામર્થ્યનું નિરૂપણ કરતાં આજ્ઞા કરે છે કે પ્રભુ અંગીકૃત ભક્તોનું દુઃખ દૂર કરે છે, પ્રભુ સદા આનંદનું દાન કરે છે. પ્રભુ સદાય ભક્તોના હૃદયની અંદર બિરાજે છે, પ્રભુ દામોદરલીલા દ્વારા પોતાના ભક્તોને વશ કરે છે, અને ક્યારેક પ્રભુ ભક્તોથી છુપાઈને, ભક્તોના હૃદયના તાપને અને પ્રેમને વશ થઈને પધારે છે. પ્રભુ પોતાના સ્મરણ દ્વારા પોતાના સ્વરૂપનો ભોગ કરાવે છે.

છેલ્લા શ્લોકમાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે જેમના સ્મરણ માત્રથી એક ક્ષણમાં જ આપણાં સર્વ દુઃખ દૂર થઈ જાય, એમનું હમેશાં સ્મરણ કરવું. આવા આપણા પ્રભુ અને મહાપ્રભુ એ બંને કૃપાસાગર છે. દયારામભાઈએ અને બીજા ભગવદીયોએ સ્મરણનો પ્રકાર બતાવ્યો, 'નટવર છબી નંદલાલની, એનું ચિંતન કરે ચિત્ત માંહ્ય.' કેવી રીતે ચિંતન કરવું? દયારામભાઈ કહે છેઃ 'મોર મુગટ શિર તિલક કુંડલ,' પ્રભુના મુખારવિંદનાં જે દર્શન કર્યાં છે, એનું સ્મરણ કરવું. શ્રીજીબાવાની કૃપાથી ઘણીવાર આપણે શ્રીનાથદ્વારા જવાનું થાય. દર્શન કરીએ, "માઈ આજ ઔર કાલ, ઔર દિન પ્રતિ ઔર ઔર દેખિયે રસિક શ્રીગિરિરાજધરન." રોજ દર્શન કરો અને રોજ નવીનતા. 'નિત્યપ્રતિ નયી છવિ બરની સકે કૌન કવિ.' આપણે આઠ દિવસ રહીએ કે આઠ મહિના રહીએ, દર્શન કરીને પાછા આવીએ ત્યારે કોઈ પૂછે કે તમે શ્રીજીબાવાને આટલા બધા નીરખ્યા, તો એક દિવસના એમના સ્વરૂપના, લાવણ્યના, શૃંગારના વર્ણન દ્વારા કંઈક આનંદ આપો. તો આપણે કહીશું કે એ તો કશું યાદ નથી. કેમ આવું બને છે? કારણ કે મનમાં આપણને એનું સ્મરણ રહેતું નથી. અહીંથી ઘેર જઈએ અને ઘરે જતાંની સાથે જ બધું ભૂલી જઈએ.

એક ફિલસૂફે શ્રોતાઓના ચાર પ્રકાર બતાવ્યા. ઉત્તમ શ્રોતા કોણ? જે માખણ જેવો

હોય એ ઉત્તમ શ્રોતા, કેમ કે માખણનો સ્વભાવ છે કે એને ગરમ કરો એટલે એનું ઘી થઇ જાય, પણ પછી એ ઘીને તમે ફ્રીજમાં મૂકો કે ગમે તેવું ઠંડું કરો, પણ એનું માખણ ન થાય. એક વાર શ્રવણ કરવાથી જેનું હૃદય હંમેશ માટે પીગળી ગયું એ ઉત્તમ શ્રોતા. એક વારના શ્રવણથી જેના હૃદયનું પરિવર્તન થઇ ગયું એ ઉત્તમ શ્રોતા. બીજા નંબરે આવે મીણબત્તી. મીણને તમે ગરમ કરો એટલે પીગળીને પ્રવાહી થઇ જાય. ઠીક ઠીક સમય સુધી પ્રવાહી રહે, પછી જેમ જેમ ઠંડું પડે એમ ગઠ્ઠો થઇ જાય આપણે પણ ભગવદ્ વાર્તાનું સ્મરણ કરીએ, તે પછી થોડા દિવસ સુધી એની અસર આપણા હૃદય ઉપર, આપણી બુદ્ધિ ઉપર, આપણી ક્રિયામાં રહે. આજે સ્મરણ કર્યું તો થોડા દિવસ સ્મરણની ટેવ રહેશે, અને વળી પાછી ધીમે ધીમે ઓછી થતી જશે. આ મીણબત્તી જેવો સ્વભાવ. ત્રીજા નંબરે આવે લાખ જેવો શ્રોતા. પેલું સીલ કરવાનું વૅકસ આવે છે ને લાલ રંગનું! ખૂબ તપાવો ત્યારે પીગળે પણ એને અગ્નિથી થોડુંક દૂર કરો એટલે ગઠ્ઠો થઇ જાય. અહીં આપણું હૃદય અત્યારે પીગળી ગયું હોય, મનમાં નિર્ણય થઇ ગયો કે આજથી જ આપણે આ જપ, સ્તોત્રપાઠ, સ્મરણ ઘરે જઇને જ શરૂ કરી દેવાં છે. પણ આ મંડપની બહાર નીકળીએ એટલે પાછું બધું ભૂલી જવાય. લાખ જેવું હૃદય. ચોથો પ્રકાર છે ફાઇબર ગ્લાસ. ફાઇબર ગ્લાસ એવો આવે છે કે ગમે તેવી આગમાં નાંખો તોય એને કોઇ અસર ન થાય. એ શ્રોતા એમ માને છે કે આ બધું બીજાને માટે છે, આપણે માટે નથી. આપણે તો કેવળ સાંભળવું, અને કયાંક એવું કહેવું કે બહુ સારું કહે છે, બહુ સારું કહે છે, બસ પતી ગયું. એનાથી વિશેષ કાંઇ નહીં. આપણા હૃદયને કંઇ અસર ન થાય, તો સમજવું કે આપણે ફાઇબર ગ્લાસ જેવા છીએ.

ભગવદ્વાર્તામાં તમે જે શ્રવણ કરો, એનું તમે ઘેર જઇને બીજાની આગળ કીર્તન કરો. એના દ્વારા તમારું સ્મરણ દૃઢ થશે. મને યાદ આવે છે, મારાં દાદીમા. હું ખૂબ નાનો હતો, ત્યારે એ રોજ ભગવદ્વાર્તામાંથી આવે ત્યાં સુધી એમની રાહ જોતો હું જાગું. જાગવાનું કારણ એક જ અને તે પ્રસાદનો લોભ. એ આવે એટલે પ્રસાદ માગું. તેઓ પ્રસાદ આપીને કહે 'ભાઇ, હીંચકામાં સૂઇ જા. જો હું તને વાર્તા કહું.' હીંચકામાં સુવાડી, હીંચકો નાખતાં નાખતાં ભગવદ્વાર્તામાં એમણે જે કંઇ સાંભળ્યું હોય. એ ભગવદ્વાર્તા મને સમજણ પડે કે ન પડે, મારી સમજની દરકાર કર્યા વિના, પોતાના ચિંતન માટે કહી જાય, અને પછી એ સૂવા જાય, ત્યાં સુધીમાં હું કદાચ સૂઇ ગયો હોઉં. વર્ષો સુધીનો એમનો આ ક્રમ મેં જોયો. તેઓ જે ભગવદ્ વાર્તા સાંભળે એ બીજાની આગળ સતત કહ્યા કરે, એનું રટણ કર્યા કરે. મને લાગે છે કે એમની કૃપાના આ સંસ્કારો, મારા મન અને હૃદયમાં છે. કહેવાનું તાત્પર્ય કે સ્મરણ એમનેમ નહીં થાય,

તમે શ્રવણ કરો, એ શ્રવણ કરો એનું કીર્તન કરો. કીર્તન દ્વારા સ્મરણના સંસ્કારો સુદૃઢ થશે.

શ્રીઆચાર્યચરણની કૃપાથી આવું ભગવત્સ્મરણ આપણા હૃદયમાં પૂર્ણ પ્રેમથી સદાયને માટે બિરાજે, અને આપણું મન પ્રભુનાં સ્વરૂપલીલા, ગુણ અને સ્મરણના રમણમાં સદા માટે આનંદવિભોર બની જાય, એ હેતુથી જ ભગવદીયોએ માગ્યું છે, 'મેરે તો ગિરધર હી ગુણગાન. આપણે પણ શ્રીમહાપ્રભુજીનાં ચરણારવિંદમાં એ જ માગીએ કે 'મેરે તો ગિરિધર હી ગુણગાન'- પણ એ ગુણગાન કોરું ન બને, એ ગુણગાન લીલાના અનુસંધાનવાળું બને, માટે ભગવદીયોએ કહ્યું: 'યે હી મૂરત ખેલો નયનમેં, યે હી હૃદયમેં ધ્યાન'- એ જ સ્વરૂપ નેત્રોમાં ખેલે, એ જ સ્વરૂપ હૃદયની અંદર બિરાજે, એ જ સ્વરૂપ વાણી દ્વારા ઉચ્ચારિત થાય બસ, આટલું જો પ્રાપ્ત થાય, તો શ્રીઆચાર્યચરણ નિરોધ-લક્ષણમાં આજ્ઞા કરે છે કે આનાથી બીજો કોઇ વધારે મંત્ર જરૂરી નથી, આનાથી બીજું કોઇ સ્તોત્ર જરૂરી નથી. કેવળ પ્રભુમાં તમારું મન રમમાણ થઇ જાય, નિરોધ થઇ જાય, એ માટે સ્મરણ કરતા રહો.

"ઈતિ શ્રીહરિરાયજી કૃતં પંચદશ શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્."

શિક્ષાપત્ર પંદરમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૮

વિષય : ભગવત્-સ્મરણ

- સતત શ્રીમહાપ્રભુજી અને શ્રીઠાકોરજીનાં સ્વરૂપ, ગુણ, લીલા આદિનું ચિંતન કરતાં રહેવું.
- હૃદયમાં પ્રયત્નપૂર્વક કરવામાં આવે તે સ્મરણ.
- ટેવ પડવા પછી વિના આયાસે થતું રહે તે સંસ્મરણ.
- ભગવદ્-વિષયમાં ચિત્ત રમમાણ રહે તે ચિંતન.
- આવા સ્મરણ માટે શ્રવણ અને કીર્તન આવશ્યક છે.
- સ્મરણ શ્રદ્ધા અને વિશુદ્ધ બુદ્ધિપૂર્વક કરવું.
- સ્મરણ સતત આનંદપૂર્વક કરવું.

શિક્ષાપત્ર સોળમું

સદા સ્વભક્તહૃદયાવાસઃ સ્વાચાર્યભાવિતઃ ।
યશોદાઽતિપ્રિયઃ શ્રીમાન્ નન્દસૂનુર્વ્રજેશ્વરઃ ॥૧॥
સ્મરણીયો યથાશકિત સેવનીયસ્તથા પુનઃ ।
તાદૃશૈઃ સહ સંગેન કથનીયશ્ચ સર્વથા ॥૨॥

શ્રીયશોદાજીએ અતિ પ્રિય, શોભાયમાન, શ્રીનંદરાયજીના પુત્ર, વ્રજના પતિ અને શ્રીમદાચાર્યજીના ભાવથી ભાવિત એવા પ્રભુ સદા પોતાના ભકતના હૃદયમાં બિરાજેલા છે. તે જ પ્રભુ સ્મરણ કરવા યોગ્ય, યથાશકિત સેવા કરવા યોગ્ય અને તાદશી વૈષ્ણવોના સંગમાં સર્વથા ગુણગાન કરવા યોગ્ય છે. (૧-૨)

અહર્નિશં વ્રજાધીશઃ પ્રપંચાસ્મૃતિસાધકઃ ।
સ્વકીયપક્ષપાતી ચ નિજાસકત્યા નિરોધકૃત્ ॥૩॥
સ્મરણીયઃ કૃપાપારાવારો વિદિતરૂપવાન્ ।
સ એવાસ્મત્સર્વકર્તા ચિંતાણુરપિનો હૃદિ ॥૪॥

તે વ્રજાધીશ અહર્નિશ પ્રપંચની વિસ્મૃતિ કરાવનાર છે. પોતાના ભકતના પક્ષપાતી છે અને પોતાના પ્રત્યે આસકિત કરાવી નિરોધ સિદ્ધ કરે છે અને પોતાના સ્વરૂપને પ્રગટ કરી તેના સ્વાનુભવ કરાવે છે. તે જ પ્રભુ આપણું સર્વ સિદ્ધ કરનારા છે, માટે હૃદયની અંદર યત્કિંચિત્ પણ ચિન્તા કરવી નહિ. (૩-૪)

સતામપ્યસતાં વાઽપિ સ્વકીયાનાં કૃપાનિધિઃ ।
કરિષ્યતિ સ્વતઃ સર્વમતશ્ચિંતા ન કાઽપિ હિ ॥૫॥

પ્રભુભકત સાત્ત્વિક હોય કે તામસ હોય, જે પ્રભુનો થયો છે તેના તે કૃપાનિધિ છે. તેવાનું સર્વ કાંઇ પ્રભુ પોતે કરી લેશે. માટે ચિંતા કદાપિ કરવી નહીં. (૫)

સત્સંગાઽભાવતો નિત્યમસત્સંગસ્વભાવતઃ ।
વર્તતે વિષયાવેશૈશ્ચક્રાઽરૂઢેવ મન્મતિઃ ॥૬॥

સત્સંગનો અભાવ હોવાથી અને સ્વભાવ નિત્ય અસત્સંગ કરવાનો થઇ પડવાથી, વિષયતાના આવેશને લીધે મારી મતિ ચક્રારૂઢ થઇ હોય એમ ભમે છે. (૬)

નૈતસ્મિન્સમયે કોડપિ સહાયો મમ વર્તતે ।
વિના શ્રીવલ્લભાચાર્યચરણાંબુરુહાશ્રયાત્ ॥૭॥

આ સમયે શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ચરમકમળના આશ્રય વિના મને અન્ય કોઈની પણ સહાય નથી. (૭)

તતશ્ચ્યુતા મતિઃ કાલબલાત્ કેવલલૌકિકે ।
નિત્યં સ્થિતા તતો ભીતિર્ભૂયસી જાયતે હૃદિ ॥૮॥

કાળબળ વડે મારી મતિ ભ્રષ્ટ થઈ ગઈ છે અને કેવળ લૌકિકમાં નિત્ય રહેવાથી મારા હૃદયમાં મોટો ભય લાગે છે. (૮)

કિંવા કો વેદ ભગવાન્ કરુણાત્મા ચિકીર્ષતિ ।
ન જાને તેન મે ચેતઃ ખિન્નં ભવતિ સર્વથા ॥૯॥
વિશેષઃ પ્રેમજિત્પત્રાદ્બોદ્ધવ્ય સકલોડપિ હિ ।
અનેનૈવ વયં કિંચિત્ સ્વાસ્થ્યં મન્યામહે હૃદિઃ ॥૧૦॥

અહો! તે દયાળુ પ્રભુ મારુ શું કરવા માગે છે. તેની મને ખબર નથી. માટે મારું ચિત્ત સર્વથા ખિન્ન રહે છે. વિશેષ સર્વ કંઈ પ્રેમજીના પત્રથી જાણજો. તેનાથી અમને હૃદયમાં કંઈક સ્વાસ્થ્ય પ્રાપ્ત થાય છે. (૯-૧૦)

શિક્ષાપત્ર-૧૯

સોળમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ દશ શ્લોકમાં ચિંતા નિવૃત્તિનો પ્રકાર આપણને સમજાવવાના છે પહેલી નજરે તમને એમ લાગશે કે પ્રત્યેક શિક્ષાપત્રને આગળના શિક્ષાપત્રના વિષય સાથે કોઈ અનુસંધાન નથી; પરંતુ સૂક્ષ્મતાથી વિચાર કરશો તો પ્રત્યેક શિક્ષાપત્રમાં આપ જે માર્ગ બતાવે છે, તે માર્ગને સમજતાં, આપણા મનમાં જે પ્રશ્નો જાગે છે, તેનો જવાબ પછીના શિક્ષાપત્રમાં આપ આપી દે છે.

પંદરમા શિક્ષાપત્રમાં સ્મરણનું ચિંતન કરતાં આપણાં મનમાં પ્રશ્ન જાગે છે કે સ્મરણ કરવા માટે જોઈએ એવું મન અમારું નથી; કારણ કે અમારું મન આ કરાલ કલિકાળમાં સતત ચિંતા અને વ્યગ્રતાથી ગ્રસ્ત રહે છે. એવી ચિંતામાં સતત મૂંઝાતા, પીડાતા, મનમાં પ્રયત્નપૂર્વક પણ સ્મરણ કેવી રીતે બની આવે?

શ્રીહરિરાયચરણ આ સોળમાં શિક્ષાપત્રમાં આપણને તેનો ઉત્તર આપે છે. તેમાં આપ પ્રથમ ચાર શ્લોક દ્વારા આપણને આપણા કર્તવ્યનું ફરીથી સ્મરણ કરાવે છે. આપ આજ્ઞા કરે છે કે ચિંતા-નિવૃત્તિનો એક જ ઉપાય છે-પુષ્ટિમાર્ગીય વૈષ્ણવે પોતાના કર્તવ્યને વળગી રહેવું. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ

સદા સ્વભકતહૃદયાવાસઃ સ્વાચાર્યભાવિતઃ ।
યશોદાઽતિપ્રિયઃ શ્રીમાન્ નંદસૂનુર્વ્રજેશ્વરઃ ॥
સ્મરણીયો યશાશકિત સેવનીયસ્તથા પુનઃ ।
તાદશૈઃ સહ સંગેન કથનીયશ્ચ સર્વથા ॥

શ્રીહરિરાયચરણે ફરીથી આગળના પંદરે શિક્ષાપત્રોનો સાર આ બે શ્લોકમાં આપી દીધો. અહીં 'યથાશકિત' પદ આપે દેહલી-દીપક ન્યાયે 'સ્મરણીય' અને 'સેવનીય', એ બે પદની વચમાં મૂક્યું છે. દેહલી-દીપક ન્યાય એટલે શું? જયારે લાઈટો નહોતી અને કરકસરનો જમાનો હતો, કેરોસિનનું નાનું ટમટમિયું ઘરમાં રહેતું, ત્યારે આપણા વડીલો એમ કહેતા કે બે ઓરડાના ઉંબરા વચ્ચે દીવો મૂકો, એટલે બે ઓરડામાં થોડો થોડો પ્રકાશ આવશે અને કામ ચાલશે. વચ્ચે મૂકેલો દીવો બંને ઓરડામાં પ્રકાશ આપે, એ દેહલી-દીપક ન્યાય. અહીં 'યશાક્તિ' પદ બંનેને લાગુ પડે છે. 'યથાશક્તિ

સ્મરણીયઃ' અને 'યથાશકિત સેવનીયઃ' એટલે યથાશકિત સ્મરણ કરવું અને યથાશકિત સેવન કરવું. કોની સેવા કરવી? કોનું સ્મરણ કરવું? પ્રભુનું સ્વરૂપ પહેલા શ્લોકમાં આપે બતાવ્યું- પોતાના ભકતના હૃદયની અંદર જે હંમેશ માટે બિરાજમાન છે. તેથી પ્રભુની પ્રતિજ્ઞા છેઃ 'વ્રજ તજ અનત ન જાઉં'- વ્રજ એ પ્રભુના ભક્તનું હૃદયકમળ છે.

વળી આપણા આ પ્રભુ કેવા છે? આપણા શ્રીઆચાર્યચરણ દ્વારા શ્રીઆચાર્યચરણના ભાવથી ભાવિત છે. માટે તો પ્રભુએ શ્રીયશોદામાને પણ કહ્યું: ''ભોગશૃંગાર યશોદામૈયા, શ્રીવિઠ્ઠલનાથકે હાથકો ભાવે' શ્રીવલ્લભના ગૃહે જે આનંદ છે, એ બીજે નથી. માટે તો આપણે ત્યાં સેવ્ય કરીને પ્રભુ પધરાવી આપવાનો શ્રીમહાપ્રભુજીએ પ્રકાર બતાવ્યો. શ્રીમહાપ્રભુજી આપણને સમજાવે છે કે શ્રીઠાકોરજી અમારા પ્રિયતમ છે, અમારા હૃદયમાં બિરાજમાન છે, અમારા હૃદયમાં ભાવથી ભાવિત એવા પ્રભુને તમારી વિનંતીથી અમે તમારા ઉપર પધરાવીએ છીએ. ચોર્યાસી વૈષ્ણવમાં પ્રત્યેક વૈષ્ણવને આપે આજ્ઞા કરી છે, 'હે વૈષ્ણવ! હું તમને આજે આ મારું સર્વસ્વ સોપું છું,' આવી જયારે આપે આજ્ઞા કરી હશે, ત્યારે એ સર્વસ્વ એવા પ્રભુને સ્વીકારતાં પેલા વૈષ્ણવને કેટલો રોમાંચ થયો હશે! શ્રીસ્વામિનીજી સ્વરૂપ એવા શ્રીવલ્લભ પોતાનું સર્વસ્વ એવા પ્રભુ આપણને પધરાવી આપે, એ એમની કેટલી મહત્કૃપા! માટે અહીં આજ્ઞા કરી કે પ્રભુ 'સ્વાચાર્યભાવેન' આપણા ઘેર બિરાજે છે, આપણે મનોરથ અંગીકાર કરે છે, એ બધું શ્રીમહાપ્રભુજીની કાનીથી કરે છે, નહીં કે આપણી પોતાની બુદ્ધિથી. વળી, આ પ્રભુ નંદબાવાના લાલ છે, અને વ્રજના સ્વામી છે. આવા પ્રભુ આપણને પ્રાપ્ત થયા છે.

. શ્રીહરિરાયજી હવે આજ્ઞા કરે છે યથાશકિત- તમારી શકિત હોય એટલું તેમનું સ્મરણ કરો. ગભરાઈને નાસી ન જતા કે અમારાથી તમે કહો છો તે પ્રમાણે સ્મરણ નહિ બને, માટે અમે બિલકુલ સ્મરણ નહિ કરીએ. આજે થોડું સ્મરણ બનશે તો કાલે વધારે થશે. શ્રીમહાપ્રભુજીએ કયાંય એવો આગ્રહ રાખ્યો જ નથી કે તમે આટલા સમયની જ સેવા કરો. 'સર્વનિર્ણય'માં તો આપે આજ્ઞા કરી કે સેવા એક કાલ કરો, અથવા દ્વિકાલ કરો કે ત્રિકાલ કરો, અથવા તમારી અનુકૂળતા હોય એટલી કરો, પણ જેટલી સેવા કરો, એ પ્રેમથી કરો. બડબડાટ કરતાં કરતાં, ધમપછાડા કરતાં કરતાં, આંખો ચઢાવીને, કકળાટ કરીને સેવા ન કરશો. એના કરતાં તો સેવા ન કરો. ઠાકોરજીને એવી સેવા નથી ગમતી. કાલ સવારે તમારા પતિ અને બાળક જાગે ત્યારે ખોટી ખોટી રીસ કરી, મોઢું ચઢાવી, એમની સામે સવારે ચાનો કપ આપી જુઓ. પછી પૂછજો કે આજે આ પીવામાં કેવી મજા આવી? તો આપણે પણ આવું મોઢું ચઢાવી, બડબડાટ કરી, કકળાટ કરતાં કરતાં પ્રભુની

સેવા કરીએ, ભોગ ધરીએ તો એને અંગીકાર કરવામાં પ્રભુને કેમ આનંદ આવે! માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે સેવા આનંદથી કરો, ભાવથી કરો.

'સેવનીય' શબ્દને આપણે એક લૌકિક ઉદાહરણ લઇને સમજીએ તો સેવાનું હાર્દ સમજાઇ જશે. 'સેવન' શબ્દ ગુજરાતીમાં બે અર્થમાં વપરાય છે. કોઇ પક્ષી પોતાના ઇંડાને સેવે એને પણ આપણે સેવન કરવું કહીએ છીએ. એ પ્રક્રિયા સમજીએ તો સેવાની પ્રક્રિયા સમજાશે. પક્ષી શું કરે છે? ઇંડા ઉપર માદા પક્ષી સતત બેસીને પોતાના શરીરની ગરમી એને આપ્યા કરે છે. અને એટલો સમય પોતાના પેટ માટે કયાંય દાણા શોધવા જતું નથી કે પાણી શોધવા ય જતું નથી. ત્યાંનું ત્યાં જ બેસી રહે છે. એના હૃદયમાં શ્રદ્ધા છે કે એક દિવસ આ ઇંડામાંથી મારું બાળક બહાર આવશે, અને એના હૃદયની શ્રદ્ધાને કારણે, એની હૂંફથી સેવાઇને એક દિવસ એ ઇંડું ફાટે છે, અને એમાંથી એ બચ્ચું બહાર આવે છે. આપણે ત્યાં સેવામાં પણ આ જ ભાવ છે. શ્રીગુરુદેવ આપણને ચિત્રજી સ્વરૂપે કે ઠાકોરજી સ્વરૂપે જે સ્વરૂપ પધરાવી આપે છે, એ સ્વરૂપમાં સાક્ષાત્ પ્રભુ બિરાજેલા છે. ભલે કદાચ આપણને આપણી ભૌતિક આંખોથી એમનાં પ્રત્યક્ષ, સાક્ષાત્ દર્શન થતાં નથી. પણ આ કોઇ ચિત્ર નથી, આ કોઇ કાગળ નથી, આ કોઇ ધાતુ નથી, આ કોઇ કાષ્ઠ નથી, આ કોઇ શિલાખંડ નથી. આ સાક્ષાત્ યશોદોત્સંગલાલિત છે. એવો એમના માટે હૃદયની અંદર ભાવ રાખીશું, એવી હૃદયની અંદર શ્રદ્ધા રાખીશું, એવો એમના માટેનો હૃદયમાં પ્રેમ રાખીશું, અને તે પ્રેમથી જે કંઇ બને, મિસરીની કટોરી બને તો મિસરીની કટોરી ધરીશું. અરે! એક મિનિટ ધરતા હો તો એક મિનિટ, પણ એની સામે હસતા મોંઢે જાઓ, એની સામે પ્રેમથી જાઓ, હૃદયને પ્રેમથી છલકાવતા છલકાવતા જાઓ, નેત્રોમાં પ્યારનો સાગર ઉભરાવતા જાઓ, એની સન્મુખ એ મિસરીની કટોરી ધરી, શ્રીમહાપ્રભુજીની કાનીથી આરોગવાની વિનંતી કરો અને જુઓ, શ્રીમહાપ્રભુજીની કાનીથી સાક્ષાત્ આરોગે છે કે નથી આરોગતા? આમ, જો આપણે એમની સેવા કરીશું તો જેમ પેલા ઇંટામાંથી એક દિવસ એક બચ્ચું પ્રગટ થયું હતું, તેમ આપણા પ્રેમથી, શ્રીમહાપ્રભુજીની કૃપાથી પ્રભુ સાક્ષાત્ આપણા ભાવને અંગીકાર કરવા આપણી સન્મુખ પ્રગટ થઇ, આપણા ઘરમાં આ જ દેહથી, આ જ ઇન્દ્રિયોથી, આ જ નેત્રોથી, આ જ હાથથી, આ જ મોંથી, આ જ જીભથી આ જ કાનથી, આ જ પગથી આપણી સર્વ સેવા અંગીકાર કરશે. બોલશે, ચાલશે, માંગશે, નાચશે, કૂદશે, આપણી પાછળ પાછળ ફરશે, અને સર્વ પ્રકારે આનંદનું દાન કરશે. આપણા ઉપર કૃપા કરશે એ ભવિષ્યની વાત છે, પણ આજે એવા અનેક ભગવદીયો છે, જેમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી આજે પણ આ સાનુભવ થઇ રહ્યો છે.

ઘણા એમ કહે છે કે આજે કોને પ્રભુનો સાનુભવ થાય છે? થતો હશે તે કોઇ મને કે તમને કહેવા નહિ આવે. ઘૂવડને સૂર્ય ન દેખાય તો વાંક ઘૂવડનો, સૂર્યને શું? માટે પ્રભુમાં વિશ્વાસ રાખો. મિસરી ધરવાનું બને તો મિસરી ધરતાં ધરતાં પ્રેમથી હૃદયની અંદર એવો પરિતાપ કરો કે હે પ્રભુ! હું કેવળ તમને મિસરી ધરીને આ બધું લઉં છું. મને એવી કયારે અનુકૂળતા કરી આપશો કે હું આપને સર્વ સામગ્રી અંગીકાર કરાવી, આપના એ સાક્ષાત્ અધરામૃતને ગ્રહણ કરી શકું?

આમ, પ્રભુની યથાશકિત સેવા અને તેમનું સ્મરણ કરવા ઉપરાંત ‘સર્વથા’- હમેશાં, કોઇ પણ પરિસ્થિતિમાં તાદશી વૈષ્ણવો સાથે ભગવદ્ વાર્તા કરવી, ભગવદ્ ગુણાનુવાદ ગાવા. શ્રવણ, કીર્તન અને સ્મરણ આ ત્રણ જો આપણે કર્યા કરીશું, તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણે ચિંતા કરવાનું કોઇ કારણ રહેશે નહિ. આપણાં પ્રભુ એવા છે કે આપણા હૃદયમાં ચિંતાને રહેવા જ નહીં દે. આપણી સર્વ ચિંતાઓને આપ દૂર કરશે. અને તેથી સાત્ત્વિક, રાજસ અને તામસ સર્વ ભક્તો જે આપના શરણે આવે છે, તે સર્વના મનોરથોને આપ પૂર્ણ કરે છે, માટે આપણે કદી પણ ચિંતા કરવી નહિ.

આજની સ્થિતિ માટે ચિંતન કરતાં આપ આજ્ઞા કરે છે કે આજે મારા માટે એવી સ્થિતિ આવી ગઇ છે કે મને સત્સંગ નથી. ચારેબાજુએ દુ:સંગ છે. વિષયાવેશમાં પણ મારી મતિ ફસાઇ ગઇ છે અને એ દુ:ખથી મારી બુદ્ધિ મલિન બની ગઇ છે. આપ આવી રીતે દીનતા કરતાં આપણને સમજાવી રહ્યા છે કે આપણા સૌની આવી સ્થિતિ છે. આપણને કોઇ પણ પ્રકારની સહાય બહારથી પ્રાપ્ત થવાની નથી. ત્યારે કોની સહાય છે? શ્રીઆચાર્યચરણના ચરણકમળના આશ્રય સિવાય બીજા કોઇની સહાય અત્યારે નથી. એવી સ્થિતિમાં આપ આજ્ઞા કરે છે ચિંતા છોડી દઇ પ્રભુનાં સેવા-સ્મરણ કરો, સત્સંગ કરો અને શ્રીમહાપ્રભુજીના ચરણનો દઢ આશ્રય રાખો તો આ કલિકાળ કોઇ રીતે બાધા નહિ કરે. શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં પોતાના સેવકોને શિખામણ આપવા માટે ખૂબ સુંદર રીતે દીનતા પ્રગટ કરે છે.

॥ઇતિ શ્રી હરિરાયજી કૃતમ્ ષોડશ શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતમ્ સમાપ્તમ્॥

શિક્ષાપત્ર સોળમાનો સારાંશ

શ્લોક સંખ્યા ૧૦

વિષય : ચિંતાનિવૃત્તિ

- ચિંતાનિવૃત્તિ માટે વૈષ્ણવોએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે સ્વકર્તવ્યોનું યથાશકિત પાલન કરવું.
- આપણાં મુખ્ય ચાર કર્તવ્યોં

(૧) સ્મરણ (૨) સેવા (૩) સત્સંગ (૪) શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો દ્દઢ આશ્રય

શિક્ષાપત્ર સત્તરમું

યદુક્તમસ્મદાચાર્યૈઃ ગૌણમુખ્યવિભેદઃ ।
ત્યાગો ગૃહધનાદિનામથવા કૃષ્ણયોજનમ્ ॥૧॥

આપણા આચાર્યશ્રીએ ત્યાગના ગૌણ ને મુખ્ય એવા બે પ્રકારના ભેદ વર્ણવ્યા છે. ગૃહ, ધન આદિનો ત્યાગ કરવો તે અને તેનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ કરવો તે.(૧)

વૈરાગ્યપરિતોષાદેરત્યાગોઽપિ નિરૂપિતઃ ।
તથા વિષયભોગસ્ય ત્યાગોઽપિ વિનિબોધિતઃ ॥૨॥

વળી એવો પણ બોધ કરવામાં આવેલો છે કે વૈરાગ્ય અને પરિતોષનો ત્યાગ ન કરવો, પરંતુ વિષયભોગનો ત્યાગ કરવો. (૨)

તથા સત્સંગમાઽત્યાગઃ સર્વત્રૈવ વિશેષતઃ ।
અન્યાશ્રયપરિત્યાગ ઉક્તો બાધકરૂપતઃ ॥૩॥

તદુપરાંત, સત્સંગનો ત્યાગ કરવો નહિ, પણ અન્યાશ્રયનો વિશેષમાં ત્યાગ કરવો; કારણ કે તે બાધકરૂપ છે. (૩)

એવં નિરૂપિતૌ ત્યાગાઽત્યાગૌ સર્વત્ર સર્વશઃ ।
ન જીવાઃ સ્વબલાત્ કિંચિત્ કર્તું શક્નુવતે સ્વતઃ ॥૪॥

આમ, ત્યાગ-અત્યાગનો ભેદ સર્વ ઠેકાણે અને સર્વત્ર નિરૂપિત કરેલો છે, પરંતુ જીવો પોતાના બળથી આમાં કશું જ કરી શકતા નથી. (૪)

અતઃ કથં ભવેન્માર્ગસ્થિતિર્જીવેષુ સર્વથા ।
ફલાશાઽપિ કથં કાર્યાજનૈસ્તત્રાઽસ્થિતૌ પુનઃ ॥૫॥

(જો એમ હોય) તો પછી સર્વથા જીવની માર્ગમાં શી સ્થિતિ થાય? અને માર્ગમાં તેની સ્થિતિ ન થાય ત્યાં સુધી તે ફળની આશા પણ શી રીત રાખી શકે? (૫)

તથાઽપિ શ્રીમદાચાર્યચરણાશ્રયણાદપિ ।
અશક્યમપિ યચ્છક્યં તદ્ભવેત્સર્વથૈવ હિ ॥૬॥

આમ, જે વસ્તુ અશક્ય છે તે પણ જો શ્રીમદાચાર્યજીના ચરણનો આશ્રય હોય, તો નિશ્ચયપૂર્વક સર્વ રીતે શક્ય બને છે. (૬)

યદિ દુઃસંગદોષેણ ન ભવેચ્છિથિલં મનઃ ।
યદિ વા કાલદોષેણાઽવિશ્વાસોઽપિ ભવેન્ન હિ ॥૭॥

તે માટે દુઃસંગના દોષથી મન શિથિલ ન થવું જોઈએ તથા તેને કાળદોષથી અવિશ્વાસ ન આવવો જોઈએ. (જો આમ થાય તો અશકય બને.) (૭)

અવિશ્વાસો ન કર્તવ્યઃ’ ઈત્યુકતેઃ સ તુ બાધકઃ ।
અયમેવાઽસ્ય માર્ગસ્ય મૂલમાશ્રયસાધકઃ ॥૮॥

‘વિવેકધૈર્યાશ્રયમાં આજ્ઞા કરી છે કે અવિશ્વાસ ન કરવો; અવિશ્વાસ કરવો એ બાધક છે. પુષ્ટિમાર્ગમાં વિશ્વાસ જ આશ્રયસાધક છે, તે જ મૂળ(તત્ત્વ) છે. (૮)

આશ્રયેણૈવ સકલં સિદ્ધિમેતિ ન સંશયઃ ।
પૃથક્શરણમાર્ગોકિતરત એવ પ્રભોરપિ ॥૯॥

આશ્રયથી સર્વ સિદ્ધ થઈ શકે છે એ ચોક્કસ છે. એથી જ શ્રીગુસાંઈજીએ ‘પૃથક્શરણમાર્ગોપદેષ્ટા’ એવું શ્રીઆચાર્યચરણનું નામ કહ્યું છે. (૯)

શરણસ્થમુદ્ધાર કૃતિવિજ્ઞાપનાદપિ ।
વિવેકધૈર્યભક્ત્યાદિસાધનાભાવવાદતઃ ॥૧૦॥

વળી, શ્રીઆચાર્યજી મહાપ્રભુએ ‘કૃષ્ણાશ્રય’માં ‘શરણસ્થસમુદ્ધારક’ એવા શબ્દો વડે ભગવાનની સ્તુતિ કરી છે. તેમ જ વિવેકધૈર્યભકિતનાં સાધનોથી રહિત હોય તેવાઓ માટે પણ કૃષ્ણ એ જ આશ્રય છે એવું કહ્યું છે. આશ્રયથી સકળ સિદ્ધ થાય છે. (૧૦)

સન્માર્ગવિદ્ભિઃ સતતં કૃતપ્રભુપદાશ્રયૈઃ ।
તદુકતવાકયભાવાર્થવિભાવનપરાયણૈઃ ॥૧૧॥
યથાશકિતસ્વમાર્ગીય પ્રભુસેવાપરૈરપિ ।
વિરૂદ્ધકૃતિ સંદેહદાહનોદ્યોગતત્પરુઃ ॥૧૨॥
નિરંતરં સ્વમાર્ગીયસતાં સંગસમન્વિતૈઃ ।
સ્થેયં સંસારવિમુખૈઃ સ્વગુરું પ્રણતૈરપિ ॥૧૩॥

તેથી જેઓ માર્ગની રીત અનુસાર પ્રભુસેવામાં યથાશકિત ઉદ્યુક્ત થયેલા હોય અને તેનાથી વિરુદ્ધ કૃતિ કે સંશયને દૂર હઠાવવાનો ઉદ્યમ કરવામાં તત્પર હોય, તથા જેઓ હમેશાં પોતાના માર્ગના સત્પુરુષોનો સંગ કરી રહેતા હોય અને સંસારથી વિમુખ બની પોતાના શ્રીઆચાર્યજી પ્રત્યે અત્યંત નમ્ર હોય, તેવા ભગવદીયો સાથે રહેવું. (૧૧-૧૩)

શિક્ષાપત્ર : ૧૭

ષોડશ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે આપણને આજ્ઞા કરી કે ભકતના હૃદયની અંદર સદાય બિરાજમાન શ્રીમહાપ્રભુજીના ભાવથી ભાવિત એવા યશોદોત્સંગલાલિત પ્રભુની વૈષ્ણવોએ યથાશકિત સેવા, સ્મરણ અને કથા હમેશાં કરવાં જોઇએ. તે કરવાથી જીવનની લૌકિક અને અલૌકિક સર્વ પ્રકારની ચિંતાઓ શ્રીઆચાર્યચરણના ચરણકમળના આશ્રયથી સદાને માટે નિવૃત્ત થશે. જે સેવા, સત્સંગ અને સ્મરણના અલૌકિક ત્રિવેણીસંગમમાં સદાયને માટે નિમગ્ન રહેવાની શ્રીહરિરાયચરણે ષોડશ શિક્ષાપત્રમાં આજ્ઞા કરી, તેમાં પ્રતિબંધ કરનાર કેટલીક બાબતો વિષે શ્રીહરિરાયચરણ હવે સપ્તદશ શિક્ષાપત્રમાં આપણને આજ્ઞા કરે છે. આ સત્તરમા શિક્ષાપત્રને આપણે જો બરાબર સમજી લઇએ, તો પુષ્ટિમાર્ગીય પ્રકારે જીવન જીવવાનું કાર્ય શ્રીમહાપ્રભુજીની કૃપાથી આપણા માટે તદન સરળ અને સુશક્ય બની જાય.

પુષ્ટિમાર્ગીય પ્રકારનું જીવન એ કોઇ જુદા પ્રકારનું જીવન નથી. જયારે આજથી ૫૦૦ વર્ષ પૂર્વે શ્રીમદ્ આચાર્યચરણે આપણા પુષ્ટિજીવો માટે પુષ્ટિમાર્ગનો પ્રકાશ કર્યો, ત્યારે આપ ખૂબ સારી રીતે જાણતા હતા, કે માનવીનો એક સહજ સ્વભાવ છે. એના કુટુંબમાં પેઢીઓથી જે પરંપરામાં એ જીવન જીવતો આવ્યો છે એ જીવન જીવવાની પદ્ધતિમાં તે રાતોરાત ફેરફાર કરી શકતો નથી. આપણે આપણી જીવન જીવવાની પદ્ધતિ રાતોરાત બદલી શકતા નથી. માણસ પોતાની ચાલ; પોતાની ટેવો, પોતાનો સ્વભાવ જલદી બદલી શકતો નથી અને માણસ પોતાની જીવન જીવવાની રીતને પણ જલદી બદલી શકતો નથી.

શ્રીઆચાર્યચરણે આ વાત બરાબર સમજી લીધી હતી. પરિણામે આપે આજ્ઞા કરી:

'સેવકાનાં યથા લોકે વ્યવહાર: પ્રસિદ્ધ્યતિ ।
તથા કાર્યં સમર્પ્યૈવ સર્વેષાં બ્રહ્મતા તત: ॥'

હે વૈષ્ણવો, તમે બ્રહ્મસંબંધ લઇને પુષ્ટિમાર્ગના માર્ગે ચાલવા માટે તૈયાર થશો, તો તમારે જીવન જીવવાની પદ્ધતિમાં કોઇ મોટા ફેરફાર કરવાની આવશ્યકતા નથી. તમારે વેશ બદલવાનો નથી, તમારે વાણી, ખાનપાનની ટેવો કે તમારા જીવનની શૈલી

પણ બદલવાની નથી. આજ સુધી તમે તમારા માટે બધું કરતા હતા, તમારું પેટ ભરવા માટે વેપાર કરતા હતા, નોકરી કરતા હતા, ખેતી કરતા હતા, ઘરકામ કરતા હતા, પણ હવે તમારે એ બધું પ્રભુને માટે કરવાનું છે. ક્રિયા બધી એની એ જ કરવાની છે. ક્રિયામાં કોઇ ફેર કરવાનો નથી, પરંતુ એ ક્રિયા પાછળનો ભાવ હવે બદલાઇ જવાનો છે. આજ સુધી એ સર્વ ક્રિયા આપણે આપણા માટે કરતા હતા. હવે એ સર્વ ક્રિયા પ્રભુને સમર્પણ કરવા માટે કરવાના છીએ. ફરક માત્ર આટલો જ. તમે જે કંઇ કરો તે પ્રભુને સમર્પણ કરીને, એના દ્વારા તમારું જીવન જીવો.

શ્રીમહાપ્રભુજીએ મનોવિજ્ઞાનનો સિદ્ધાંત જ આપણને સમજાવ્યો. જીવનને સન્માર્ગે લઇ જવાનો એક રસ્તો એવો છે કે જેમાં તમે ક્રિયામાં ફેરફાર કર્યા વગર તમારા જીવનના માર્ગને ભગવન્માર્ગે વાળી લો છો જેને અંગ્રેજીમાં ‘ચેનલાઇઝેશન’ (માર્ગાન્તીકરણ) કહેવામાં આવે છે. આપણે આપણા બગીચામાં વૃક્ષોને પાણી પાવા માટે નીક બનાવીએ. પૂર્વ દિશામાં વહેતી એ નીકના જળને ઉત્તર દિશામાં વહેવડાવવું હોય તો એને ઉત્તર તરફ વાળી લઇએ એટલે જળ ઉત્તર દિશામાં વહેવા માંડે. જીવનની ક્રિયાઓનો માર્ગ બદલી નાખો, ક્રિયાઓ પાછળનો હેતુ બદલી નાખો, ક્રિયાઓ બદલવાની જરૂર નથી, ક્રિયાઓનુ ચેનલાઇઝેશન કરો, એનાથી ‘સબ્લીમેશન’ એટલે ઊર્ધ્વીકરણ થશે ભોગવિલાસના ક્ષુલ્લક દુન્યવી મોજશોખમાં ફસાયેલી ઇન્દ્રિયો ભગવદ્‌ગામી બનશે, નિષ્કામ બનશે, વિશુદ્ધ બનશે. એ નિષ્કામ અને વિશુદ્ધ ઇન્દ્રિયો દ્વારા અલૌકિક ભગવદ્ આનંદની આપણે અનુભૂતિ કરી શકીશું. એટલે શ્રીઆચાર્યચરણે ચેનલાઇઝેશન દ્વારા સબ્લીમેશનનો એક સુંદર જીવનમાર્ગ બતાવ્યો. પુષ્ટિમાર્ગ અને પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો એ કેવળ નિરાંતના સમયમાં બેસીને વાતો કરવાનો વિષય નથી. એ ‘વે ઑફ લાઇફ’ છે, એ જીવન જીવવાનો એક નક્કર માર્ગ છે. એવો માર્ગ રાયથી માંડીને રંક સુધી, જાતિના ભેદ વિના સ્ત્રી અને પુરુષ, આબાલવૃદ્ધ સહુ, સાધનસંપત્તિના ભેદ વિના, શહેર અને ગ્રામમાં રહેનાર સૌ કોઇ સરળતાથી અપનાવી શકે, હંમેશ માટે અપનાવી શકે.

સત્તરમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણે તેર શ્લોક દ્વારા જે આજ્ઞા કરી છે, એને એક વાક્યમાં કહી દેવી હોય તો એમ કહેવાય કે ‘જીવનથી ભાગશો નહિ અને જીવનને ભોગવશો નહિ.’ જીવનને પ્રભુમય બનાવી એ જીવનનો આનંદ માણો. સંન્યાસ ગ્રહણ કરીને ભગવાં વસ્ત્રો પહેરવાની જરૂર નથી. ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહીને જીવતાં જીવ અહીં નર્કનો અનુભવ કરવાની જરૂર નથી, અહીં. કેવળ જરૂર છે સર્વ ઇન્દ્રિયો અને વૃત્તિઓને પ્રભુગામી બનાવી, પ્રભુને સમર્પિત કરી, પ્રભુ દ્વારા પ્રાપ્ત થનાર સ્વરૂપાનંદનો આસ્વાદ કરવાની.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે શ્રીમહાપ્રભુજીએ આપણને સૌને એક લાકડીએ હાંકયા નથી. તમે બીજા માર્ગોમાં જોશો તો તમને ભગવત્પ્રાપ્તિનો એક જ ઉપાય બતાવવામાં આવ્યો હશે. શ્રીમહાપ્રભુજી જાણે છે કે જગતમાં પ્રગટેલા બધા પુષ્ટિજીવો સરખી શકિત લઇને, સરખો અધિકાર લઇને, સમાન રુચિ લઇને આવેલા નથી. મનોવિજ્ઞાનનો સિદ્ધાંત આપે ખૂબ સુંદર રીતે ઉપયોગમાં લીધો છે. No two persons are identical. There are individual differences.

બે વ્યકિતઓ કદી એક સમાન હોતી નથી. ગુજરાતીમાં કહેવત છે કે 'પાંચે આંગળીઓ સરખી નથી.' આપણા સૌનો જો આપણે અભ્યાસ કરીશું તો આપણામાં રહેલા વૈવિધ્યને આપણે સમજી શકીશું. કોઇકને ફૂલની માળા સિદ્ધ કરવામાં આનંદ આવશે. કોઇકને કીર્તન કરવામાં કોઇકને સામગ્રી કરવામાં કોઇકને પ્રભુને શૃંગાર ધરવામાં, કોઇકને બહારની સેવા કરવામાં, કોઇકને સ્વાધ્યાય કરવામાં, કોઇકને કથામાં, કોઇકને જપમાં, કોઇકને મહાપ્રસાદ લેવામાં તો કોઇકને પ્રસાદ લેવડાવવામાં આનંદ આવશે. સૌને એમ કહી નહિ શકાય કે તમે આ એક જ કાર્ય કરો. શ્રીમહાપ્રભુજીએ સૌને એક જ આજ્ઞા કયારેય કરી નથી. ચોર્યાસી વૈષ્ણવની વાર્તાનો આપણે જો સૂક્ષ્મતાથી અભ્યાસ કરીશું તો આ વાત આપણને સ્પષ્ટ સમજાશે કે શ્રીમહાપ્રભુજીએ ઘણા વૈષ્ણવોને બ્રહ્મસંબંધ થતાંની સાથે જ આજ્ઞા કરી કે ભગવત્સ્વરૂપ પધરાવી ભગવત્સેવા કરો.' કેટલાક વૈષ્ણવોને આજ્ઞા કરી 'તમારાથી સેવાનો પ્રકાર નહીં નભે. તમને હું હસ્તાક્ષર પધરાવી આપું છું, તમે જે રસોઇ બનાવો તે તેમને ભોગ ધરીને લઇ લેજો.' કેટલાકને આજ્ઞા કરી 'તમને શ્રીનવનીતલાલનાં વસ્ત્ર સેવા પધરાવી આપું છું, એમને ભોગ ધરીને લેજો' જેનો જેવો સ્વભાવ છે, જેવી રુચિ છે, એ પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ સૌને જીવન જીવવા માટે સેવાની વિવિધ આજ્ઞાઓ કરી છે. માટે શ્રીમહાપ્રભુજી પોતાના ષોડશ ગ્રંથોમાં, નિબંધમાં સુબોધિનીજીમાં પણ કયાંય સૌના માટે એક જ આજ્ઞા કરતા નથી. આપ એવા સારા ડૉકટર છે કે પ્રત્યેક રોગીના રોગનું નિદાન કરી, એના રોગનાં લક્ષણો પારખી, એને અનુકૂળ દવા આપે છે, સૌને માટે એમના ત્યાં એક જ દવા નથી.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિજીવોના આ વૈવિધ્યને સમજીને બે પ્રકારના ભગવદ્ધર્મનું નિરૂપણ પોતાના ગ્રંથોમાં કર્યું છે. આપના મતે ઉત્તમ વૈષ્ણવો- ઉત્તમ ભગવદીયો માટેનો જીવન જીવવાનો એક પ્રકાર આપે બતાવ્યો છે, અને આપણા જેવા સામાન્ય વૈષ્ણવો માટે જીવન જીવવાનો, ભગવત્ સન્મુખ થવાનો એક બીજો પ્રકાર આપે બતાવ્યો છે. શ્રીમહાપ્રભુજીએ આમ જે બે

પ્રકાર બતાવ્યા એ શ્રીહરિરાયચરણ ગૌણ અને મુખ્ય વિશેષણથી અહીં આપણને બતાવી રહ્યા છે. વૈષ્ણવી જીવન જીવવાના આ બે પ્રકારો આપણે સમજવાના છે. એમાંથી કયો પ્રકાર આપણે આપણા જીવનમાં અનુકૂળ રીતે, હંમેશ માટે આચરી શકીશું એનો વિચાર કરવાનો છે, અને એ પ્રમાણે એના આચરણનો આપણે ખૂબ જ આગ્રહપૂર્વક પ્રારંભ પણ કરવાનો છે.

પહેલાં શ્રીહરિરાયચરણ ગૌણ પ્રકાર બતાવે છે. શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોએ ભગવાં કપડાં પહેરીને સંન્યાસ લેવાની જરૂર નથી. ભગવત્સેવા કરવા માટે ગૃહસ્થાશ્રમ જેવો ઉત્તમ આશ્રમ બીજો કોઇ નથી. ઘરમાં રહીને ઠાકોરજીની સેવા કેવી રીતે કરશો? તમે બ્રાહ્મણ હો તો તમારો બ્રાહ્મણ ધર્મ, ક્ષત્રિય હો તો ક્ષત્રિય ધર્મ, વૈશ્ય હો તો વૈશ્ય ધર્મ, શૂદ્ર હો તો શૂદ્ર ધર્મ, બ્રહ્મચારી હો તો બ્રહ્મચર્યાશ્રમનો ધર્મ, ગૃહસ્થ હો તો ગૃહસ્થાશ્રમનો ધર્મ, વાનપ્રસ્થ હો તો વાનપ્રસ્થાશ્રમનો ધર્મ- એ સર્વ ધર્મ બજાવતાં બજાવતાં તમે ભગવત્સેવા કરો. આપ આજ્ઞા કરે છે, જો સર્વ કુટુંબીજનો સેવામાં અનુકૂળ હોય, તો સૌને સેવામાં સામેલ કરો. કોઇને સેવાથી દૂર ન કરશો, કોઇને હડધૂત ન કરશો, 'આઘા રહો, આઘા રહો; મને અડશો નહિ, મને અડશો નહિ.' એમ ના કરશો. સૌને કહો કે પ્રેમથી સેવામાં આવો. પરંતુ માનો કે કુટુમ્બીઓ ઉદાસીન છે, એમ કહે કે અમને નહિ ફાવે, તમારે જેમ કરવું હોય એમ કરો, અમને વાંધો નથી, તો 'ઉદાસીને સ્વયં કુર્યાત્' તમે જાતે સેવા કરો. પરંતુ માનો કે એ કુટુંબીઓ પ્રતિકૂળ છે, ઘરમાં સેવા કરવા દેતાં નથી, તો 'પ્રતિકૂલે ગૃહમ્ ત્યજેત્'. પ્રતિકૂળતા હોય તો ઘર છોડી દો. પેલાં કુટુંબીઓને ન કહશો કે તમે આ ઘરમાંથી જતાં રહો. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે ગમે તેવો સમય હોય, પણ સેવા છોડશો નહીં; કારણ કે સેવા કેવળ ઘરમાં જ બની શકશે. સેવાનો જે આનંદ આપણને ઘરમાં આવશે, એ આનંદ તમે ઠાકોરજીને ઝાંપીજીમાં પધરાવીને બહારગામ જશો તો ત્યાં એટલો આનંદ નહિ આવે. તમે ચાહે વ્રજમાં જાઓ, ચાહે નાથદ્વારમાં જાઓ કે કોઇ બેઠકજીમાં જાઓ; કારણ કે ઘરની અંદર તમે તમારા પ્રભુને જે લાડ લડાવી શકશો, જે મનોરથ કરી શકશો, પ્રભુના સુખ માટેની જે સર્વ સુવિધાઓ પ્રાપ્ત થશે, એ બહાર કયાંય નહિ થાય. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જેના ઘરમાં ભગવત્સેવા બિરાજે છે, એનું ઘર બ્રહ્મબોધન કરાવનારું છે; કારણ કે એ ગોલોક છે, વ્રજ છે, ગોકુળ છે, ગિરિરાજજી છે. એ યમુનાજીનો કુલીન પ્રદેશ છે. જો આ ભાવ આપણને આવી જાય, તો પછી ઘર છોડીને બીજે કયાંય જવાનું મન નહિ થાય.

શ્રીગુસાંઇજીનો એક પ્રસંગ છે: શ્રીગિરધરજીએ એકવાર વિનંતી કરી, 'કાકાજી,

મારો એક મનોરથ છે. શ્રીજીબાવાને સર્વ સ્વરૂપો સાથે છપ્પનભોગ આરોગાવવો છે. ‘શ્રીગુસાંઇજીના અનુગ્રહથી મનોરથ સંપન્ન થયો. આપનાં એક બેટીજી-શોભાબેટીજી હતાં. એમના માથે શ્રીમહાપ્રભુજીના સેવ્ય શ્રીદ્વારકાધીશજી પ્રભુ બિરાજે. શોભાબેટીજી પણ ભોગ ધરવા માટે શ્રીજીબાવાના મંદિર તરફ અપરસમાં પધારી રહ્યાં છે. રસ્તામાં શ્રીગુસાંઇજી સામે પધાર્યા, ‘શોભા, કહાં જા રહી હો?’ ‘કાકાજી, ભોગ ધરને કે લિયે.’ ‘તેરે યહાં કૌન બિરાજે, શોભા? વાપસ જાવ.’ શોભાબેટીજીનું મન ખિન્ન થયું. અરે! આવો અદ્‌ભુત મનોરથ અને એની સેવાથી હું વંચિત રહીશ? પરંતુ કાકાજીની આજ્ઞા નથી. પાછાં ઘેર પધારે છે, હાથ ખાસા કરીને નિજમંદિરમાં જાય છે, ત્યાં દર્શન કરે છે, તો ત્યાં પોતાના સેવ્ય શ્રીદ્વારકાધીશ પ્રભુની સાથે શ્રીજીબાવા સહિત સાતે સ્વરૂપો બિરાજીને રાજભોગ આરોગી રહ્યાં છે!

એક બાઇ મેળો મ્હાલવા નીકળી, નાનું બાળક એણે કેડમાં વળગાડયું. મેળામાં જતાં, મેળાની ચીજવસ્તુઓ જોઇને એવી ઘેલી બની ગઇ કે એના આનંદમાં ગરકાવ થઈને તે ભૂલી ગઇ કે બાળક કેડમાં છે. બાળકને એવું ભૂલી ગઇ કે થોડા સમય પછી જતાં-આવતાંને પૂછે કે ‘મારા દીકરાને જોયો?’ સૌ હસે છે. એની એક પડોશણ મળી. પૂછે કે, ‘બહેન, મારા દીકરાને જોયો?’ પડોશણ કહે છે ‘ઘેલી રે ઘેલી, તારી કેડમાં કોણ છે?’ ત્યારે સફાળી હાંફળી-ફાંફળી ફેરવવા લાગી ‘હા, હું તો ભૂલી જ ગઇ કે આ તો કેડમાં છે.’

આપણુંય સેવામાં આવું છે. ઠાકોરજી ઘરમાં બિરાજયા છે અને એમને ગામપરગામ શોધવા નીકળ્યાં છીએ! કયાંક શ્રીજીબાવાનાં દર્શન થશે, કયાંક શ્રીમહાપ્રભુજીનાં દર્શન થશે! આપણે પૂછતાં ફરીએ છીએ મહાપ્રભુજી બતાવો ને! સૌ કોઇ હસે છે, મૂર્ખ! એ તો મારા ઘરમાં બિરાજે છે, કયાં શોધવા નીકળ્યો છે? આપણા ઘરમાં બિરાજતા પ્રભુને સખડી ધરાવતાં આપણને કોણ જાણે અનેક બહાનાં બતાવવાનું મન થાય છે. અને દર વર્ષે શ્રીમહાપ્રભુજીનો ઉત્સવ આવે એટલે મન થઇ આવે કે ચાલો ચંપારણ્ય જઇએ. ત્યાંથી જગન્નાથપુરી જઇને શ્રીમહાપ્રભુજીને સખડી આરોગાવીએ. અરે! શ્રીઠાકોરજી સ્વરૂપે તમારા ઘરમાં બિરાજતાં પ્રભુ, એમનું મુખારવિંદ એટલે સાક્ષાત્ મહાપ્રભુજી છે. એ તમારે ત્યાં તમારી સખડી આરોગવાની રાહ જોતા બિરાજયા છે, એમને આરોગાવવી નથી એ માટે બહાનાં શોધીએ છીએ, અને મહાપ્રભુજીને સખડી આરોગાવવા માટે છેક જગન્નાથપુરી સુધી લાંબા થવું છે! આપણી આ બુદ્ધિને માટે શું કહેવું?

શ્રીહરિરાયચરણ અહીં આ વાત આપણને સમજાવે છે કે ઉત્તમ ભગવદીય અને મધ્યમ ભગવદીય- એ બંનેના ભગવદ્‌ધર્મમાં શો તફાવત? ગૌણ ત્યાગ કયો અને મુખ્ય

ત્યાગ કયો? વૈષ્ણવે શાનો ત્યાગ કરવો જોઇએ? વૈષ્ણવે શાને પકડી લેવું જોઇએ? ત્રણ શ્લોક દ્વારા શ્રીહરિરાયચરણે જે ત્યાગ-અત્યાગ બતાવ્યો છે એને સમજીએ.

શ્રીહરિરાયચરણે બતાવેલા ત્યાગને સમજતાં પહેલાં થોડાક ત્યાગ શીખવા જેવા છે. ભગવદીયોની સન્મુખમાં, શ્રીવલ્લભકુળની સન્મુખમાં, ભગવદ્ધામમાં અને ભગવદ્વાર્તાના સ્થળમાં લૌકિક વાત કરવી, એને શ્રીહરિરાયચરણ ચોસઠ મુખ્ય અપરાધોમાંનો એક અપરાધ ગણાવે છે, માટે ત્યાં આપણા મોં ઉપર મૌનની પટ્ટી બાંધીને જઇએ. પ્રભુનાં દર્શન કરતાં વાણી અને મન દ્વારા આપણે એટલો મોટો કોલાહલ કરતાં હોઇએ છીએ કે એ સંગીતકલાસાગર જે પોતાના પરમ મહાનુભાવ ભગવદીયોની વ્રજબાનીનાં કીર્તનો ઉત્સુક બનીને સાંભળતા બિરાજયા હોય, એમને કીર્તનનો આનંદ લેવાથી આપણે વંચિત કરી દઇએ છીએ. ભગવદ્ધામની અંદર કેમ વર્તવું એની પણ એક શિસ્ત છે, એનો એક વિવેક છે. એ વિવેક ભૂલી જવાય છે. શ્રીદયારામભાઇએ બહુ સુંદર કહ્યું છેઃ વૈષ્ણવ રસ્તામાં મળે, ત્યાં ખૂબ પ્રેમથી હાથ જોડીને ભગવત્સ્મરણ થાય; પણ શ્રીઠાકોરજીની સન્મુખમાં વૈષ્ણવને હાથ જોડીને જયશ્રીકૃષ્ણ ન કરાય. કરીએ તો અપરાધ લાગે, કારણ શ્રીઠાકોરજીની સન્મુખમાં બીજાને હાથ ન જોડાય. આપણે સમજતાં નથી કે શ્રીઠાકોરજીની સન્મુખમાં દર્શન કરીને પાછા ફરતાં પીઠ ન કરાય, વલ્લભકુળને પીઠ ન કરાય, વલ્લભકુળની સન્મુખમાં વૈષ્ણવોને જયશ્રીકૃષ્ણ ન કરાય, હાથ ન જોડાય, શ્રીઠાકોરજી અને શ્રીવલ્લભકુળ બેય બિરાજતા હોય, ત્યાં શ્રીઠાકોરજીને જ હાથ જોડાય અને દંડવત્ પ્રણામ થાય. આ બધો વિવેક છે. આ વિવેકને આપણે ન સમજીએ તો વૈષ્ણવી જીવનનો આનંદ નહિ આવે. આપણે માટે આ સમજ ખૂબ જરૂરી છે. એટલે આજે પહેલો ત્યાગ એ શીખી લઇએ કે આટલા સ્થાનમાં આપણા મોં ઉપર મૌનની પટ્ટી બાંધી દઇએ. ભગવદ્વાર્તાના સ્થળમાં પ્રવેશ કરીએ ત્યારથી માંડી ત્યાંથી બહાર નીકળીએ ત્યાં સુધી; ભગવદ્મંદિર, બેઠકજી વગેરે ભગવદ્ધામમાં પ્રવેશ કરીએ ત્યાંથી લઇને બહાર આવીએ ત્યાં સુધી અને શ્રીવલ્લભકુળના સન્મુખમાં લૌકિક વાત ન કરવી. આ ત્રણ સ્થાનોમાં- ભગવદીયો સામે, શ્રીગુરુદેવ સામે અને શ્રીવલ્લભકુળ સામે તથા ઠાકોરજીના ધામમાં લૌકિક વાત ન કરવી. મૌનની પટ્ટી મોં ઉપર આપણે બાંધી દઇએ તો આપણા મનની એકાગ્રતા વિશેષ થશે. આ પહેલો ત્યાગ શીખી લઇએ.

પુષ્ટિમાર્ગ એ આપણા સુખનો માર્ગ નથી. પુષ્ટિમાર્ગ એ ભગવત્સુખનો માર્ગ છે. તત્સુખનો માર્ગ છે. તત્સુખમાં ત્રણેનું સુખ- શ્રીઠાકોરજીનું, શ્રીવલ્લભકુળનું અને વૈષ્ણવોનું. ત્રણેના સુખ માટે આપણાથી બનતું બધું કરી છૂટવું એનું નામ પુષ્ટિમાર્ગ. એ

સર્વની સેવા કરવામાં, એ સર્વને પ્રસન્ન કરવામાં જે કંઇ આનંદ આવે એ આનંદને ભગવત્કૃપાથી માણવો, એ આપણું સુખ, એનાથી જુદું આપણું કોઇ સુખ ન હોય. જો આ ભાવનાને સમજી લઇએ, તો મને લાગે છે કે પ્રભુનાં દર્શનમાં, સાન્નિધ્યમાં આપણી ઘણી ગરબડ ઓછી થઇ જાય. પ્રભુનાં દર્શન કરવામાં જે આનંદ છે, એના કરતાં બીજાંને પ્રભુનાં દર્શન કરાવવાની અનુકૂળતા કરી આપવામાં વધારે આનંદ માનવો. કોઇક વૈષ્ણવ પ્રભુનાં સારી રીતે દર્શન કરી શકે, એ માટે આપણે ખસી જઇને એમને જગ્યા કરી આપી શકીએ, તો એ દિવસે માનવું કે આજે આપણી સેવા થઇ છે. એ સેવા પ્રભુ જરૂર અંગીકાર કરશે; કારણ કે પેલા વૈષ્ણવને તમે દર્શન કરી આપવાની જે અનુકૂળતા કરી આપી હશે, એથી એના હૃદયમાં જે પ્રસન્નતા થઇ હશે એ પ્રસન્નતા પ્રભુ દ્વારા તમારા હૃદય સુધી પહોંચશે. આ બીજો ત્યાગ છે.

જીવનમાં ત્રીજો ત્યાગ જરૂરી છે, અને તે છે આપણા વિચારોને બીજાના ઉપર ઠોકી ન બેસાડીએ- ઘરમાં કે ઘરની બહાર. શ્રીગુસાંઇજીનો એક પ્રસંગ યાદ આવે છે. શ્રીગુસાંઇજીનાં કૃપાપાત્ર સેવક તાજબીબીએ શ્રીગુસાંઇજીને વિનંતીપત્ર મોકલ્યો, ‘મહારાજ, હું અકબરની એક બેગમ છું. અકબરની બીજી ઘણી બેગમો છે. મને મનમાં એવી ઇચ્છા છે કે મારો પતિ કેવળ મારો બનીને રહે, બીજી કોઇ બેગમનો ન બને. મને કોઇ એવો મંત્ર લખી આપો કે જેને લઇને હું અકબરને વશ કરી લઉં. શ્રીગુસાંઇજીએ એક દોહરો લખીને મોકલ્યો. આજ્ઞા કરી કે આ પત્રને તાવીજમાં મૂકીને ગળામાં પહેરી રાખજો. ‘મંત્ર, તંત્ર અરુ જંત્ર, જિન કરો કોય, પતિ કહે સો કીજિયે આપુ હિ બસ હોય!’ બીજું કશું ન કરશો, તમારા પતિ કહે તેમ કરો, તો તમારા પતિ તમને વશ થઇ જશે. તાજે તો એ પત્ર તાવીજમાં મૂકીને ગળામાં લટકાવી દીધો. કોઇકે અકબરને ચાડી કરી કે તાજબાનુએ ગળામાં વશીકરણ મંત્ર લટકાવ્યો છે. અકબરે તાવીજ ખોલાવ્યું અને વાંચ્યું. એ રાજી થઇ ગયો કે આનાં કરતાં વધુ સારી શિખામણ કોઇ આપી શકે ખરો! ‘પતિ કહે સો કીજિયે, આપુ હિ બસ હોય’ આપણા આગ્રહને બીજા ઉપર ઠોકી ન બેસાડીએ. સૌને પ્રેમથી સમજાવીએ. કદાચ એવું બને કે ઘરમાં ભગવત્-સેવા-કથાનાં બધાં અનુરાગી ન હોય, તો એ સૌને પ્રભુને ધરાવ્યો હોય એ કણિકા મહાપ્રસાદ લેવડાવ્યા જ કરો, બીજું કશું કહ્યા વિના, જેના ગળામાં થઇને પેટમાં મહાપ્રસાદ પધારે છે, એનું મન અને એની બુદ્ધિ ભગવત્કૃપાથી બદલાય છે. માટે તમારો આગ્રહ કોઇના ઉપર ઠોકી ન બેસાડશો, પરંતુ સૌને સાથે રાખીને ચાલો. સૌના સુખમાં આપણું સુખ જુઓ, સૌના માટે આપણી જાતને થોડી ઘસવી પડે, જાતને થોડું સહન કરવું પડે તો હસતે મોંઢે સહન કરતાં શીખો, કોઇની સામે મોઢું કટાણું ન કરશો, કોઇની સામે મોઢું બગાડશો નહિ, અને કદાચ આપણા માટે બીજા કોઇને તકલીફમાં મૂકવાં પડે તો સદાય એનું દુઃખ રાખ્યા કરજો કે મારે લીધે તમને બધાંને

કેટલી બધી તકલીફ પડી! પોતાના સુખનો વિચાર કરે એ વૈષ્ણવ નહિ, બીજાના દુઃખનો ત્યાગ કરાવે એ વૈષ્ણવ.

શ્રીહરિરાયચરણ આવા વૈષ્ણવને માટે અલૌકિક ભગવદ્ ધર્મનું આચરણ કરવામાં કઇ કઇ બાબતોનો ત્યાગ કરવો જોઇએ અને કઇ કઇ બાબતોને સ્વીકારવી જોઇએ તેની આજ્ઞા કરતાં ત્રણ દોષ બતાવે છેઃ (૧) સંગદોષ (૨) અન્નદોષ અને (૩) કલિદોષ. કલિદોષ એટલે કાળદોષ. સમયને કારણે જે દોષ થાય એ કલિદોષ છે. દુઃસંગને લઇને દોષ આવે તે સંગદોષ. પ્રભુને અસમર્પિત એવું અન્ન લેવાથી જે દોષ થાય એ અન્નદોષ. આ ત્રણ દોષમાંથી છૂટવા માટે ત્રણ વસ્તુનો ત્યાગ અને ત્રણ વસ્તુનો સ્વીકાર બતાવે છે.

સૌથી પહેલો ત્યાગ બતાવ્યો ઘર, ધન આદિનો ત્યાગ કરવો. તમે કહેશો કે એ તો કેમ બને? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે વાંધો નહિ, એનો ત્યાગ ન કરો; કારણ કે એ તો ગૌણ ત્યાગ છે. જ્ઞાનમાર્ગ અને કર્મમાર્ગે બતાવેલો ત્યાગ છે. પુષ્ટિમાર્ગીય સંન્યાસ જુદા પ્રકારનો છે. તો શું કરશો? એ ઘર, ધન, સગાંવહાલાં એ સૌને શ્રીઠાકોરજીમાં જોડી દો. એ પુષ્ટિમાર્ગીય સંન્યાસ છે. સૌને છોડીને, સંન્યાસી બનીને નીકળી પડવું, એ મર્યાદામાર્ગીય સંન્યાસ છે.

એવા સંન્યાસ લેનારનો આપણે વિચાર કરીએ, ત્યારે શ્રીગુસાંઇજીનો એક પ્રસંગ યાદ આવે છે કાશીમાં હનુમાનઘાટ ઉપર શ્રીગુસાંઇજી સંધ્યાવંદન કરતા હતા ત્યારે એક સંન્યાસીએ આવીને કહ્યું, તમે શાના આચાર્ય? તમે કયાં ત્યાગી છો? ખરા ત્યાગી તો અમે છીએ. શ્રીગુસાંઇજી મૌન રહ્યા. સંધ્યાવંદન કરીને તરત જ તેમણે જળ લઇને સંકલ્પ કર્યો કે મારું સર્વસ્વ હું દાનમાં આપી દઉં છું અને પોતે કેવળ એક ધોતી ધારણ કરીને ઊભા રહી ગયા. પછી સંન્યાસીને કહ્યું, આપ તો ત્યાગી છો. હવે આપનું જે કંઇ હોય તે દાન કરી દો. સંન્યાસી કહે, હું સંન્યાસી છું, મારી પાસે શું છે જેનું દાન કરી દઉં? શ્રીગુસાંઇજી કહે, 'આ કમંડળ, આ કોપીન વસ્ત્ર છે તે આપી દો દાનમાં.' સંન્યાસી કહે, આપી દઉં તો હું શું કરું? બીજું કયાંથી લાવું? શ્રીગુસાંઇજી ખડખડાટ હસ્યા અને કહ્યું, તો પછી તમે ત્યાગી શાના? તમારી પાસે છે તેમાં તમને આસકિત છે, અમારી પાસે જે છે એમાં અમને આસકિત નથી. સંસારમાં રહેવા છતાં જેને સંસારમાં આસકિત નથી એનું નામ સાચો ત્યાગી. ઘર છોડવા છતાં જેને ઘરમાં આસકિત છે, તે ત્યાગી નથી. ધન છોડવા છતાંય જેને ધનમાં આસકિત છે, એ ત્યાગી શાનો?

થોડાં વર્ષ પહેલાંનો પ્રસંગ છે. એક શંકરાચાર્ય મહારાજ નાથદ્વારા ગયા. ત્યાં તો શ્રીતિલકાયત મહારાજ બિરાજે. શ્રીતિલકાયત મહારાજે એમનું સ્વાગત કર્યું. શ્રી

શંકરાચાર્ય મહારાજે કહ્યું ‘સાચો ત્યાગી કોણ? અમે સાચા ત્યાગી છીએ. તમે ગૃહસ્થ છો, ભોગી છો,’ શ્રી તિલકાયતજીએ કહ્યું, ‘તેની ચર્ચા આપણે કાલે કરીશું. આજની રાત તમે મારી સાથે રહો.’ ધનુર્માસના શીતકાલના દિવસો હતા. આપે કહ્યું. ‘આપના માટે પલંગ ઢળાવું?’ તો કહે ‘ના, અમે સંન્યાસી, મૃગચર્મ ઉપર સૂઇ જઇએ.’ સખત ઠંડી હતી. શંકરાચાર્ય મહારાજ મૃગચર્મ ઉપર સૂઇ ગયા. આપશ્રી છત્રીપલંગ ઉપર મશરૂની ગાદીમાં, રેશમી રજાઇમાં પોઢયા. રાત્રે બે વાગ્યે શંખનાદ થતાં પહેલાં, આપના ખવાસે વિનંતી કરીઃ કૃપાનાથ, શંખનાદનો સમય થયો. તરત જ આપ રજાઇ છોડીને ઠાડા થઇ ગયા, અને સ્નાન કરવા પધાર્યા. શંકરાચાર્યજી તો ધ્રુજતા ધ્રુજતા સૂઇ ગયા છે. વિચાર કરે છે કે સર્વસ્વનો ત્યાગ કરવા છતાં ઠંડીમાં હું ઊભો થઇ શક્યો નથી અને આપ આટલા રાજસ વાતાવરણમાં બિરાજવા છતાં ભગવત્‌સેવાર્થે સર્વનો ત્યાગ કરી શકે છે!

ધન, ગૃહ આ સર્વને પ્રભુમાં જોડી દેવું, એનું નામ પુષ્ટિમાર્ગીય સંન્યાસ. આપણો સંન્યાસ કેવો છે? વહેલી સવારે સેવામાં નાહીએ, રાજભોગ થાય ત્યાં સુધી જે સમય થવાનો હોય તે થાય, ભૂખ ન લાગે, તરસ ન લાગે, થાક ન લાગે દેહના ધર્મો કોઇ પીડા ન કરે, અને સર્વ કંઇ સેવા પહોંચી, અનોસર કરી, ગૌગ્રાસ કાઢી, સર્વ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવી, છેવટે તમે પ્રસાદ લો. એ મહાપ્રસાદ શીતળ થઇ ગયો હોવા છતાં તમે એ મહાપ્રસાદ કેવળ દેહના પોષણ માટે લો છો. સ્વાદ માટે નથી લેતા. વળી પાછા તરત જ સાંજના સમયની સેવા માટેની તૈયારીમાં લાગી જાઓ છો. ઠાકોરજી માટેની સામગ્રીઓ સિદ્ધ કરવાની છે, અનાજ વીણવાનું છે, વસ્ત્રો સિદ્ધ કરવાનાં છે, માળાઓ પરોવવાની છે. સેવાનાં અનેક કાર્યો છે, કયાંય થાક નથી, આળસ નથી, કંટાળો નથી, સ્વસુખનો વિચાર નથી, સવારથી રાત સુધી અને રાત્રે સૂઇ ગયા પછી પણ ભગવત્‌સુખ સિવાય બીજો કોઇ વિચાર નથી. આપણે ગૃહસ્થ હોવા છતાંય આ સંન્યાસ નથી, તો બીજું છે શું? આનું નામ પુષ્ટિમાર્ગીય સંન્યાસ. માટે શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે તમારા ગૃહને, ધનને, કુટુંબને તથા તમારી સર્વ વૃત્તિઓને પ્રભુની સેવામાં જોડી દો.

શ્રીમહાપ્રભુજીએ ‘ભકિતવર્ધિની’માં ગૃહસ્થજીવન જીવવાના બે પ્રકાર બતાવ્યા અવ્યાવૃત્ત થાવ અને સેવા કરો અથવા વ્યાવૃત્તિ સાથે સેવા કરો. વ્યાવૃત્તિ એટલે પેટ ભરવા માટે જે કંઇ પ્રવૃત્તિ કરીએ તે. ધંધો કરીએ, ખેતી કરીએ, નોકરી કરીએ એ બધી વ્યાવૃત્તિ છે. જેમાં પ્રભુ સિવાય બીજી બાબતોમાં આપણું મન રોકાયેલું રહે તે વ્યાવૃત્તિ. તો એ સર્વ બાબતોમાંથી મનને કાઢી લઇ, એ સર્વ પ્રવૃત્તિઓનો ત્યાગ કરી, કેવળ દૃઢ ભગવદાશ્રય રાખી, અવ્યાવૃત્ત બનીને સેવા અને સત્સંગ દ્વારા ઠાકોરજીનું સેવન કરો.

કેવળ પ્રભુ સિવાય જીવનમાં બીજી કોઈ પ્રવૃત્તિ નહી, આનું નામ અવ્યાવૃત્ત જીવન. આ ઉત્તમ ભગવદ્ ધર્મ છે, જે ગદાધરદાસજીએ પોતાના જીવનમાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી આચરી બતાવ્યો છે. કશું નહોતું ત્યારે શ્રીઠાકોરજીને જળનાં ઝારીજી ધર્યા, અને ઝારીજીનું જળ લઈને તેઓ રહ્યા. આ ભગવદ્ધર્મ ગજનધાવને પોતાના જીવનમાં આચર્યો. અનેક ભગવદીયો આવા અવ્યાવૃત્ત બનીને. કેવળ ભગવદાશ્રય રાખીને, જે સમયે ભગવદિચ્છાએ જે પ્રાપ્ત થયું એનાથી જીવનનિર્વાહ કરીને પ્રભુના સેવાસ્મરણમાં તત્પર રહ્યા છે. આ ઉત્તમ ભગવદ્ ધર્મ છે. વૈષ્ણવ જીવનનો આ ઉત્તમમાં ઉત્તમ કલ્પ છે, ઉત્તમમાં ઉત્તમ માર્ગ છે. પણ આ માર્ગ બહુજનસમુદાય માટેનો નથી. આ તો થોડા વીરલાઓનો માર્ગ છે. સૌ કોઈ આ માર્ગે ચાલી નહિ શકે.

સૌ કોઈ માટે શ્રીમહાપ્રભુજીએ બીજો માર્ગ બતાવ્યો છેઃ ભલે તમે વ્યાવૃત્તિ કરતા હો, ભલે તમે ધંધો કરો, નોકરી કરો, ઘરકામ કરો કે બીજી કોઈ પણ પ્રવૃત્તિ કરો. પરંતુ 'હરૌ ચિત્તમ્' તમારું ચિત્ત પ્રભુમાં રાખીને, તમારી વ્યાવૃત્તિની પ્રવૃત્તિઓ કરતાં કરતાં જે સમય મળે, એમાં સત્સંગ, સેવા વગેરે તમારી શકિત પ્રમાણે હમેશાં કર્યા કરો. આ મધ્યમ માર્ગ છે. તમને હજુ પ્રભુમાં દૃઢ વિશ્વાસ નથી. બેઠો, તો તમે કદાચ તમારી વ્યાવૃત્તિને છોડી ન શકો એ બનવાજોગ છે; પરંતુ વ્યાવૃત્તિ કરતાં પણ મન પ્રભુમાં રહેવું જોઈએ. પ્રભુની સેવા આપણી અનુકૂળતા પ્રમાણે થતી રહેવી જોઈએ.

તમે કહેશો કે તમે આ બધાં જે ઉદાહરણો આપો છો એ પ્રાચીન વૈષ્ણવોનાં ઉદાહરણો આપો છો. એ ભગવદીયો તો કૃપાપાત્ર હતા, એમણે આ બધું કર્યું ને સિદ્ધ થયું. આજે શું? આજે બે ભગવદીયોનું સ્મરણ થાય છે, જેમણે પોતાના જીવનમાં શ્રીમહાપ્રભુજીની આજ્ઞા ચરિતાર્થ કરી છે. એક યુવાન વૈષ્ણવ છે. બૅન્કમાં બીજા શહેરમાં નોકરી કરે છે એકલા છે અને ચાલીસ વર્ષે પણ અપરિણીત છે. ઠાકોરજીને સખડીભોગ ધરે છે. સવારે ચાર વાગે ઊઠીને સાત વાગ્યા સુધીમાં રાજભોગ સુધીની સર્વ સેવા પહોંચી લે છે. પછી બરાબર સાત વાગ્યાની બસ પકડીને નોકરી કરવા રોજ બીજા શહેરમાં જાય છે. જતાં આંખમાંથી આંસુ આવી જાય છે. પ્રભુને વિનંતી કરતા જાય છે કે આખો દિવસ ઘરમાં આપને એકલા મૂકીને જવું પડે છે, પણ બીજો ઉપાય નથી. મોટો બંટો ભરીને અનોસરમાં ધરે છે. રાત્રે આઠ વાગે પાછા આવે છે. આવીને ફરીથી અપરસમાં સ્નાન કરીને સાંજની ઉત્થાપનથી શયન સુધીની સેવા પહોંચે છે. રાત્રે અગિયાર વાગે મહાપ્રસાદ લે છે. ત્યાર પછી બીજા દિવસે સવારે માટે પુષ્પની માળા, ટોકરી વગેરે સિદ્ધ કરવાની સર્વ સેવાનું કાર્ય કરી, થોડુંક ભગવદ્વાર્તાનું વાચન કરી, રાત્રે બાર વાગ્યા પછી સૂઈ જાય છે. રોજ સવારે ચાર વાગ્યા પહેલાં જાગી, ચાર

વાગે અપરસમાં નહાય છે. તેઓ કહે છે કે ભગવત્સેવામાં અનુકૂળ એવી પત્ની ભગવત્કૃપાથી મળશે તો ભલે, બાકી પ્રભુ એ જ મારા પતિ છે. મને ખૂબ આનંદ છે.

હમણાં એક બીજા ભગવદીયનાં મુંબઈમાં દર્શન થયાં. ડૉક્ટર છે, નાની યુવાન વય છે. મુંબઈના દૂરના પરામાં રહે છે. હજુ હમણાં જ એમણે ઘરે પ્રભુને પધરાવ્યા છે. સખડીભોગ ધરે છે. તેઓ અને તેમનાં પત્ની સેવામાં નહાય છે. બે નાનાં બાળકો છે, સામાન્ય સ્થિતિ છે. પણ એમનાં પત્નીનો આગ્રહ એવો છે કે અમારા પ્રભુના સુખમાં અમારું સુખ. પત્નીએ પતિને પ્રેમથી કહ્યું, મારા દાગીના શું કામના છે? વેચી દો બધા, પણ પ્રભુના સુખમાં જરાય ઊણપ આવવા ન દેશો. દશ હજાર રૂપિયા ખર્ચી પ્રભુને બિરાજવા માટેનું મંદિર બનાવ્યું. સવારે આઠ વાગે તો મંગળભોગ ધરીને નીકળી જાય, પછી એમના દવાખાને જાય. રાત્રે નવ વાગે ઘરે આવે, પછી પ્રસાદ લે, પછી ફૂલની માળા કરી, ભગવદ્ વાર્તા વાંચી, રાત્રે અગિયાર વાગે સૂઈ જાય. એમના દવાખાનાના ટેબલમાં ષોડશ ગ્રંથનું પુસ્તક મૂકી રાખે. કંઈ કામ ન હોય ત્યારે એમાંથી પાઠ કર્યા કરવાના. આજે આવા યુવાન ભગવદીયો છે, કારણ કે શ્રીમહાપ્રભુજીના આ સર્વ સિદ્ધાંતો બિરાજમાન છે.

આપણે ત્યાં સિદ્ધાંતો એ કેવળ વાતો નથી, કેવળ આદેશ નથી; એ તો જીવન જીવવાની જડીબુટ્ટી છે, જીવન જીવવાની સોનેરી ચાવી છે, માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે આ બંને માર્ગમાંથી તમને જે માર્ગ અનુકૂળ હોય એ રીતે તમે જીવન જીવો. પણ તમને પ્રભુએ જે સંપત્તિ આપી છે, જે ઘર આપ્યું, કુટુંબ આપ્યું, ધન આપ્યું, વિદ્યા આપી, અનેક પ્રકારની શકિતઓ આપી, તે સૌનો વિનિયોગ તમારા સુખ માટે ન કરશો. શ્રીહરિરાયચરણે ત્યાગ અને અત્યાગનો પહેલો સિદ્ધાંત આપણને બતાવ્યો. આપણું સર્વ કંઈ હોય તેનો ત્યાગ કરવો અને એ સર્વનો પ્રભુના સુખમાં વિનિયોગ કરાવવો, એ અત્યાગ. એ જ આપણું જીવન અને એ જ આપણું કર્તવ્ય.

આપ હવે બીજા શ્લોકમાં બીજી બે બાબતોનો ત્યાગ અને અત્યાગ આપણને સમજાવે છે; વૈરાગ્ય અને પરિતોષ એ બંને હંમેશ માટે ધારણ કરવા. તમે તરત જ પ્રશ્ન કરશો કે હમણાં કહેતા હતા કે આપણે વૈરાગ્ય લેવાની જરૂર નથી. તો આ કયો વૈરાગ્ય આવ્યો? શ્રીહરિરાયચરણે વૈરાગ્યની સુંદર વ્યાખ્યા કરી છેઃ લૌકિકમાંથી આપણા રાગની નિવૃત્તિ થવી એનું નામ વૈરાગ્ય. ગૃહસ્થાશ્રમ છોડવો એનું નામ વૈરાગ્ય નથી. શ્રીમહાપ્રભુજીએ આપણને સમજાવ્યું કે પુત્ર એટલા માટે કે તે ભગવત્ સેવામાં સહાયક બને, પત્ની એટલા માટે કે ભગવત્ સેવામાં સહાયક બને. 'પુ' નામના નર્કમાંથી ટાળવા માટે પુત્ર નથી જોઈતો, ભગવત્ સેવામાં સહાયક બને એવો પુત્ર જોઈએ છે. માટે

શ્રીહરિરાયચરણ અહીં લૌકિક રાગના વૈરાગ્યની આજ્ઞા કરે છે. 'જગત જાણે એ છે જંજાળી', એમ સર્વ પ્રકારની જંજાળ વચ્ચે રહેવા છતાંય જળકમળવત આપણે રહી શકીએ, આપણું મન સદાય માટે મનમોહન સાથે જોડાયેલું રહે, એનું નામ વૈરાગ્ય. દુનિયામાં ફરવા છતાંય આપણે દુનિયાથી લેપાઇએ નહિ એનું નામ વૈરાગ્ય. દુનિયાની કોઇ પણ અસર આપણા મન પર ન થાય, એનું નામ વૈરાગ્ય. સંસારમાંથી રાગની નિવૃત્તિ થાય ત્યારે પ્રભુમાં પ્રેમ વધતો જાય. અને એ વખતે પરિતોષ-સંતોષ થવો જોઇએ. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, ભગવત્ કૃપાથી જયારે જે કંઇ પ્રાપ્ત થાય, એમાં આનંદ માનીને એને પ્રભુમાં અંગીકાર કરાવતાં શીખો.

દ્રવ્ય મળે તો જ ભગવત્ સેવા થાય, એ વાત ખોટી છે. જયારે પ્રભુકૃપાથી જેટલું દ્રવ્ય મળે, જયારે પ્રભુકૃપાથી જેવું ઘર મળે, જયારે પ્રભુકૃપાથી જેવી અનુકૂળતા મળે, ત્યારે એ સર્વમાં પ્રભુના સુખનો વિચાર કરવો એનું નામ પરિતોષ. સંગ્રહવૃત્તિ છોડી દો. શ્રીગોકુલેશ પ્રભુએ એક વચનામૃતમાં ધન અને દ્રવ્ય શબ્દનો તફાવત ખૂબ સુંદર બતાવ્યો છે. જેને તિજોરીમાં ધારણ કરી રાખવામાં આવે છે તે ધન. અને જે ભગવત્કાર્યોમાં દ્રવીભૂત થાય, વહેતું રહે એ દ્રવ્ય. આપણને પ્રભુએ આપેલું દ્રવ્ય આપણે બીજાને માટે વહેતું રાખીએ, ભગવત્કાર્યોમાં એનો ઉપયોગ થતો રહે તે જરૂરી છે.

શેઠ પુરુષોત્તમદાસના જીવનનો પ્રસંગ છે. તેઓ દક્ષિણની યાત્રાએ ગયા. મંદાર પર્વત પર રાત્રિનું રોકાણ કર્યું છે. મધુસૂદન ભગવાન પોતે બ્રાહ્મણનું સ્વરૂપ લઇને શેઠજીની પરીક્ષા કરવા આવ્યા. સાથે એક બ્રાહ્મણ વિરકત વૈષ્ણવ. પહેલાં તેને જગાડી બ્રાહ્મણ સ્વરૂપે પધારેલા મધુસૂદન ભગવાન કહે છે: આ પારસમણિ છે, લોઢાનું સોનું કરે છે. મારે કોઇ કામનો નથી, એને તું રાખી લે. પેલો વિરકત કહે છે: મારે પણ શા કામનો છે? પેટ ભરવા પાશેર ચૂન જોઇએ તે પ્રભુ રોજ મને આપી દે છે, મને પરિતોષ છે, સંતોષ છે, પણ આ મણિ શેઠને આપો. એમને ઉપયોગમાં આવશે. મધુસૂદન ભગવાને શેઠને જગાડયા. 'લો શેઠ આ પારસમણિ.' શેઠ પૂછે છે કે 'આ શા કામમાં આવે?' ભગવાન કહે છે 'લોખંડનું સોનું કરે.' શેઠે કહ્યું, 'વિરકત બ્રાહ્મણને આપો, એ ગરીબ છે. 'બ્રાહ્મણ કહે 'ના, મારે તો પાશેર ચૂન જોઇએ છે તે મને પ્રભુ આપે છે. 'શેઠ હસતાં હસતાં કહે છે: વૈષ્ણવ, તમને પાશેર જોઇએ છે તો પ્રભુ પાશેર આપે છે, મને પાંચશેર જોઇએ છે તો પ્રભુ રોજ મને પાંચશેર આપે છે. મારે આ મણિ જોઇતો નથી.' આનું નામ પારિતોષ. પ્રભુ જે વખતે જે આપે એમાં આનંદ માણો. આપણને અડધો પ્યાલો શીતળ જળ મળ્યું, તો બડબડાટ કર્યો. આપણે એમાંથી આનંદ નથી લેતા. જે પરિસ્થિતિમાં પ્રભુ રાખે એમાં આનંદ લેતાં શીખવું, કયારેય લોભ ન રાખવો. પણ સંતોષ રાખવો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે લૌકિક રાગ અને લોભનો ત્યાગ કરવો. પ્રભુમાં અલૌકિક રાગ અને પરિતોષને સ્વીકારી લો. દુનિયામાં આપણે વિષય ભોગવવામાં સૌથી વધારેને વધારે તલ્લીન બનતા જઇએ છીએ. આપણું જીવન કોણ જાણે, પણ 'સૅકસસેન્ટર્ડ' (વાસના-કેન્દ્રિત) બનતું જાય છે. આપણા આજના સાહિત્યને જુઓ, કહેવાતી કલાઓને જુઓ, આજના સંગીતને જુઓ, ભોજનને જુઓ, આજની વાતોને જુઓ, વિચારોને જુઓ, જીવનમાં સૅકસ સૅકસ અને સૅકસ. નાનાં બાળકોથી માંડીને શ્વેત કેશધારી સુધી સહુના મન ઉપર સૅકસનાં વાદળોએ ભારે ઘટાટોપ જમાવ્યો છે. એમાં આપણી સર્વ ઇન્દ્રિયો એટલી બધી લાલાયિત બની છે, મોહિત બની છે, અંધ બની છે કે તેને લીધે આપણે સારાસારનો કોઇ વિવેક રાખી શકતા નથી. આપણું જનજીવન આજે આવું બની ગયું છે.

આ સંજોગોમાં શ્રીમહાપ્રભુજી આપણને આજ્ઞા કરે છે કે ગૃહસ્થાશ્રમ વિષયભોગ ભોગવવા માટે નથી, કેવળ ઇન્દ્રિયોપભોગ માટે નથી, પણ એ ઇન્દ્રિયોના નિગ્રહના માટે છે. ગૃહસ્થ રહેવા છતાંય, દામ્પત્યની ફરજ બજાવવા છતાંય, ઇન્દ્રિયોના નિગ્રહ દ્વારા આપણી સર્વ વૃત્તિઓ ઉપર સંયમ રાખી, વિષયના કાદવમાં પશુઓની જેમ એને ફસાઇ ન જવા દેવી, એમાં આપણી માણસાઇ છે. જે કેવળ વિષયરસમાં ડૂબેલા રહે છે, એમનામાં પશુતાનાં દર્શન થાય, માણસાઇનાં દર્શન ન થાય. માટે શ્રીઆચાર્યચરણે આજ્ઞા કરી કે વિષયની અંદર ડૂબતી ડૂબતી ઇન્દ્રિયો હૃદયને પણ ડૂબાડી દે છે, એ એકાદશ ઇન્દ્રિયો સહિતનું હૃદય વિષયાક્રાંત બને તો પ્રભુ એવા હૃદયમાં કદી પધારે નહિ.

બાઇબલે પણ આ જ વાત કહી છે. 'કાં તો તમે જગદીશની સેવા કરો ને જગતને છોડો, અને કાં તો દુનિયામાં રચ્યાપચ્યા રહો અને જગદીશને ભૂલી જાઓ' બંનેને સાથે રાજી ન રાખી શકાય. વિષયોમાં રચ્યાપચ્યા રહેનાર વિશ્વેશ્વરને કેવી રીતે પોતાની સર્વ ઇન્દ્રિયોનો વિષય બનાવી શકે? માટે ગોપીજનોએ પ્રભુને રાસલીલામાં સૌથી પહેલાં વિનંતી કરે કે 'હે પ્રભુ! અમે આપનાં ચરણકમળમાં અમારા સર્વ વિષયોનો લૌકિક ત્યાગ કરીને આવ્યાં છીએ.' ભગવલ્લીલાનું ગુણગાન અને ચિંતન કરવાનો અધિકાર કોને છે? શ્રીગુસાંઇજીને 'શૃંગારરસમંડન'ના પ્રારંભમાં આજ્ઞા કરી છે કે વૈષ્ણવો! તમારું મન જો શુદ્ધ અને નિર્દોષ છે, તમારા મનમાં વિષયવાસનાનો અંશ પણ નથી, તો જ ભગવદ્ રસનું અવગાહન કરજો. બાકી કૃપા કરીને આ ગ્રંથનું પાન ન કરશો. જેના મનમાં વિષયવાસનાનો કાદવ ઊછળે છે, તેણે પ્રભુની રસાત્મક લીલાઓનું ગુણગાન કરવું જોઇએ નહિ, કારણ કે એ ભગવલ્લીલાઓના વિશુદ્ધ સત્ત્વને વિકૃત નજરથી વિચારવાથી માંડીને એ લીલાઓનું ક્યારેક પોતાના જીવનમાં અનુકરણ કરવા સુધીની

વિકૃતિની હદે આપણું મન પહોંચે તો પણ નવાઇ નથી. જો આવું કંઇક આપણે કરી બેસીએ તો મને લાગે છે કે આપણે આચાર્યચરણના માર્ગથી હજારો માઇલ દૂર ફેંકાઇ જઇએ; માટે બહુ સાવધાન રહેવાની જરૂર છે.

શ્રીશંકરાચાર્યજીનો એક પ્રસંગ યાદ કરીએ. એક વાર શ્રીશંકરાચાર્યજી પોતાના શિષ્યોની સાથે એક ગામમાં પ્રવેશ કરે છે. ગામના ગોંદરે એક હરિજનનું ઘર છે. એની પત્ની રોટલા ટીપે છે. 'ભિક્ષાંદેહિ' કહીને શ્રીશંકરાચાર્યજીએ રોટલો લીધો અને ભોજન કર્યું. શિષ્યોએ પણ રોટલો લઇને ભોજન કર્યું. ગામ વીંધીને બધા બીજા દરવાજે પહોંચ્યા. ત્યાં એક લુહારની કૉઢ હતી, સીસું ઊકળતું હતું. 'ભિક્ષાં દેહિ' કહ્યું. તેમને જળ પીવું હતું, લુહારે એમના એ પાત્રની અંદર ઊકળતા સીસાનો રસ રેડયો. શ્રીશંકરાચાર્યજી ગટગટાવી ગયા. શિષ્યો ઊભા રહી ગયા. 'ભિક્ષાંદેહિ' કહેવાની કોઇની હિંમત નથી. શ્રીશંકરાચાર્યજી હસતાં હસતાં કહે છે કે 'પીઓ, બહુ સુંદર છે.' શિષ્યો કહે, 'મહારાજ! અમારી શકિત નથી.' શ્રીશંકરાચાર્યજી કહ્યું: 'રોટલો ખાવાની શકિત હોય તો આ સીસું પીવાની પણ શકિત હોવી જોઇએ.' માટે ગુરુ કહે તે કરવું, પણ ગુરુ જેમ કરે તેમ ન કરવું. મોટાઓનાં વચનોને અનુસરાય, મોટાઓની કૃતિને ન અનુસરાય; કારણ કે મોટાંઓની કૃતિ પાછળનો ભાવ આપણે જાણતા નથી. આપણું એ સામર્થ્ય નથી.

એક બીજી સુંદર વાત બતાવે છે કે પરિતોષ રાખતાં કઇ બાબતોનો ત્યાગ કરવો? પરિતોષ પાછળનો ભાવ શ્રીગોપેશ્વરજી ટીકામાં ખૂબ સુંદર બતાવે છે. પ્રભુની સેવામાં કયું દ્રવ્ય વાપરવું એનો પણ વિવેક રાખવા જેવો છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી છે: બે પ્રકારનાં દ્રવ્ય પ્રભુની સેવામાં ન વાપરવાં. એક ચોરીનું દ્રવ્ય અને બીજું, પાપનું દ્રવ્ય પ્રભુની સેવામાં ન વાપરવું. ભગવદીયોની વાર્તા પરના 'ભાવપ્રકાશ'માં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી છે કે પોતાની પ્રામાણિક મહેનતના દ્રવ્યથી જ પ્રભુની સેવા કરવી. દેવું કરીને દ્રવ્ય પ્રભુને અંગીકાર કરાવવું નહિ, કોઇનું પચાવી પાડેલું દ્રવ્ય પ્રભુને અંગીકાર કરાવવું નહિ, કોઇને છેતરીને, કપટ કરીને મેળવેલું દ્રવ્ય પણ પ્રભુને અંગીકાર કરાવવું નહિ; કારણ કે એનાથી પ્રભુની પ્રસન્નતા રહેતી નથી.

વર્ષો પહેલાં એક વૈષ્ણવ થઇ ગયા. નોકરી કરતાં કરતાં થોડુંક દ્રવ્ય એકત્રિત થયું. વિચાર કર્યો કે કંઇક વેપાર કરીને પ્રભુને લાડ લડાવું. શાનો વેપાર કરવો એનો વિચાર કરતાં થયું, કે કોઇ પણ જાતનો વેપાર કરીશ, તો એમાં નિસાસાનું દ્રવ્ય આવશે; કારણ કે માણસ કંઇ પણ ખરીદવા આવશે એ પ્રેમથી ખરીદવા નહિ આવે. નછૂટકે ખરીદવા

આવશે, એટલે એમાં નિસાસો હશે. એનાથી મારા પ્રભુ રાજી નહિ રહે, સામગ્રી પ્રભુ પ્રેમથી કેમ અંગીકાર કરશે? એમને થયું કે માણસનું મન એવું છે કે આવશ્યક બાબતોમાં દ્રવ્ય ખર્ચાયા પછી જે કંઇ બચે તે મોજશોખમાં વાપરે. માટે મોજશોખની ચીજવસ્તુનો વેપાર કરવો, જેમાં નિસાસાનું દ્રવ્ય ન આવે. ખૂબ પ્રામાણિકતાથી વેપાર કરવો, કોઈને છેતરવાનો વિચાર ન આવે. એ ભગવદીયનો પરિવાર આજે પણ ખૂબ પ્રામાણિકતાથી વેપારને વિકસાવીને ભગવત્ સેવામાં એ દૈવી સંપત્તિનો વિનિયોગ કરાવી રહ્યો છે.

સાધનસંપત્તિથી પ્રભુ પ્રસન્ન થતા નથી. શ્રીપદ્મનાભદાસના છોલાથી પ્રભુ એટલા જ પ્રસન્ન થયા, જેટલા શ્રીદામોદરદાસ સંભરવાળાના ઘેર રાજભોગથી પ્રસન્ન થયા. આ સર્વ સામગ્રી અંગીકાર કરતાં પ્રભુ ભક્તના હૃદયના શુદ્ધ પ્રેમભાવને અંગીકાર કરે છે. એ વાતને આપણે બરાબર સમજી લઈએ, તો આ ત્યાગ અને અત્યાગ સમજમાં આવશે.

ત્રીજા શ્લોકમાં સંગદોષની નિવૃત્તિ માટે કોનો ત્યાગ કરવો અને કોને ધારણ કરવા એની શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે. સંગદોષની નિવૃત્તિ માટે અન્યાશ્રયનો સંપૂર્ણ ત્યાગ કરવો. અન્યાશ્રય વિષે શ્રીહરિરાયચરણની કૃપાથી આપણે અગાઉ ચિંતન કર્યું છે, માટે એટલુંતો જરૂર યાદ રાખીશું કે પ્રભુને અન્યાશ્રય ખૂબ જ અપ્રિય છે. નંદબાવા અંબિકા વનમાં ગયા, ત્યારે નંદબાવાનો પણ અન્યાશ્રય છોડાવવા પ્રભુએ સર્પ દ્વારા નંદબાવાને ગ્રસાવ્યા. અને નંદબાવાનો અન્યાશ્રય છોડાવ્યો. વ્રજવાસીઓ ઈન્દ્રયાગ કરતા હતા, એ અન્યાશ્રય પણ પ્રભુએ છોડાવ્યો છે. આ અન્યાશ્રયનો પરિત્યાગ આપણે ક્યારે કરી શકીએ? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ સત્સંગનો અત્યાગ એટલે સત્સંગને ધારણ કરવાથી અન્યાશ્રયને આપણે દૂર કરી શકીશું. સત્સંગ કેવી રીતે કરવો? સર્વત્ર, સર્વ સ્થાનમાં, જ્યાં જ્યાં જવાનું થાય ત્યાં ત્યાં સર્વ જગ્યાએ સત્સંગને શોધતા રહેવું. ભગવદીયોના સત્સંગને મેળવવા માટે પ્રયત્નશી રહેવું. વિશેષ કરીને સત્સંગની ભૂખ રાખવી. જેટલો આગ્રહ મહાપ્રસાદ માટે રાખીએ છીએ એટલો આગ્રહ સત્સંગ માટે રાખીએ. સત્સંગ એ મનનો મહાપ્રસાદ છે. મહાપ્રસાદ એ દેહનો મહાપ્રસાદ છે, એ દેહનું પોષણ કરે છે. એનાથી સર્વ ઈન્દ્રિયો ભગવત્ સન્મુખ બનવા શુદ્ધ થાય છે. મનના પોષણ માટે સત્સંગરૂપી મહાપ્રસાદ-ભગવદ્ વાણીનું અધરામૃત અત્યંત આવશ્યક છે. સત્સંગ એકલો હશે, સેવા એકલી હશે તો એ બંને અધૂરાં છે.

કુંભનદાસજીના પ્રસંગમાં એ વાત સમજાવી છે. શ્રીગુસાંઇજીએ કુંભનદાસજીને પૂછ્યું, 'તમારે દીકરા કેટલા?' સાત પુત્રના પિતા શ્રીકુંભનદાસજી જવાબ આપે છેઃ

'મહારાજ મારે દોઢ દીકરો છે.' 'દોઢ કેવી રીતે?' 'કૃપાનાથ, સેવા અને સત્સંગ એ બંને કરે તે આખો દીકરો. એકલી સેવા કે એકલો સત્સંગ કરે એ અડધો દીકરો. ચતુર્ભુજદાસ બંને કરે છે માટે આખો દીકરો. કૃષ્ણદાસ કેવળ ગાયોની સેવા કરે છે, માટે એ અડધો દીકરો.' આપણે બેમાંથી એકેય ન કરીએ તો કેટલા દીકરા? વિચારી જુઓ.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે: વિશેષતઃ એટલે કે વિશેષતાપૂર્વક, આગ્રહપૂર્વક, જયાં જયાં જઇએ ત્યાં ત્યાં નિયમપૂર્વક સત્સંગનો સ્વીકાર કરવો, સત્સંગને માટે તડપન રાખવી, સત્સંગ વિના જીવવું નહિ. જેમ સેવા વિનાનું જીવન એ સૂતકી જીવન છે, તેમ સત્સંગ વિનાનું જીવન પણ ભગવન્મય જીવન નથી. માટે જીવનનાં બે પાસાં સેવા અને સત્સંગ- એ બંને માટે અન્યાશ્રયનો ત્યાગ અને સત્સંગનો સ્વીકાર; વિષયભોગનો ત્યાગ, લૌકિકમાં વૈરાગ્ય અને પરિતોષ, એ બંનેનો સ્વીકાર અને સાથે લૌકિકમાં ગૃહ અને આસકિતનો ત્યાગ કરવાથી ભગવત્ સેવામાં ગૃહ, કુટુંબ આદિનો વિનિયોગ થશે.

ભૂખ્યાને ભોજનનો થાળ બતાવ્યા પછી કોઇ એમ કહે કે આ થાળ તને બતાવ્યો ખરો; પણ તું એ જમી નહિ શકે. તો પેલા ભૂખ્યાની સ્થિતિ કેવી થાય? શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે વૈષ્ણવો! આ ત્રણ શ્લોકમાં મેં જે બાબતોમાં ત્યાગ કરવાનું અને જે બાબતો ધારણ કરવાનું કહ્યું, એ કરવાની શકિત તમારામાં નથી એ હું જાણું છું - તમે નહિ કરી શકો; કારણ કે તમારામાં એ માટે ક્ષમતા નથી, એ માટેનું બળ નથી. જીવ પોતાની શકિતથી આ ત્યાગ અને અત્યાગ કરી શકતો નથી. જયારે જયારે જીવે એવો વિચાર કર્યો છે કે હું આ કરીશ ત્યારે ત્યારે પ્રભુ એના હૃદયમાં બિરાજીને હસતાં હસતાં કહી રહ્યા છે કે કરી બતાવ ને! તું કરી શકવાનો છે? તારું બળ હું જોઉં તો ખરો! જયારે જીવ નથી કરી શકતો ત્યારે પ્રભુ ખડખડાટ હસે છે, પણ જીવ નથી કરી શકતો એના ક્રોધમાં, એ પ્રભુના હાસ્યને, પ્રભુના ઠપકાને સમજી શકતો નથી. ખેંચ-પકડ કરતાં એ ન પકડાય ત્યારે બમણું જોર આવે. દુર્બળ માણસ બમણી તાકાત લગાવવા જાય, ત્યારે ક્રોધ થાય. આપણે દુર્બળ, અશકત જીવ, આપણું ધાર્યું નથી થતું ત્યારે વધારે ક્રોધ કરીએ છીએ.

નરસિંહ મહેતાએ એક પદમાં બહુ સુંદર કહ્યું: 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જયમ શ્વાન તાણે.' આપણા બધામાં આ અજ્ઞાનતા છે. વજનદાર માલસામાન ભરીને ગાડું જતું હોય અને ગાડાની નીચે એક નાનકડું દુર્બળ કૂતરું ચાલતું હોય, ત્યારે એ કૂતરું માને છે કે આખું ગાડું હું ઊંચકીને ચાલું છું. તો બળદ શું કહેશે? બળદ કહે છે, ચાલ, મારે શું? પ્રભુ પણ જીવને કહે છે કે તારા જીવનનો ભાર તો હું ખેંચું

છું, અને છતાંય પેલા કૂતરાની જેમ તું જો એમ માનતો હોય કે તારા જીવનરૂપી ગાડાનો ભાર તું ખેંચે છે, તો તારી જાતે તું માન, અને માનીને દુઃખી થા.

આપણામાં એક કહેવત છેઃ 'મારે મોગલ ને ફુલાય પીંજારા.' પહેલાંના જમાનાની આ વાત છે. જયારે મોગલોએ યુદ્ધમાં લડી, જીત મેળવતાં મેળવતાં લગભગ આખું હિન્દુસ્તાન જીતી લીધેલું, ત્યારે એમની જોડે મજૂરી કરવા આવેલા પીંજારા જ્ઞાતિના લોકો બહુ ફુલાય કે કેવી જીત મેળવી! એમ સર્વશકિતમાન પ્રભુ આ સર્વ કાર્ય કરે છે, અને આપણે પીંજારા જેવા, કશું નહિ કરનારા ફુલાઇએ છીએ. જીવનું આવું છે. શ્રમ પ્રભુ કરે છે, આપણા જીવનની ગાડી પ્રભુ ચલાવે છે અને ફુલાઇએ છીએ આપણે, કે વાહ! હું કેવું જીવનનું ગાડું ચલાવી રહ્યો છું! માટે શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી કે જીવ! તું ન માનીશ કે તું સ્વતઃ- તારી પોતાની જાતે, તારી પોતાની બુદ્ધિ અને તાકાતથી મેં ઉપર બતાવ્યા એ ત્યાગ તું કરી શકીશ અથવા જેમને સ્વીકારવાના છે એમનો તું સ્વીકાર કરી શકીશ.

આપણે શ્રીહરિરાયચરણને પૂછીએ કે મહારાજ, જો અમે આ કશું ન કરી શકવાના હોઇએ, તો પુષ્ટિમાર્ગમાં અમારી સ્થિતિ કેવી થશે? અમને પુષ્ટિમાર્ગનું ફળ કેવી રીતે મળશે? શ્રીહરિરાયચરણ એનો જવાબ આપે છે. આ જવાબ આપણા જીવનનો પાયો છે. આ પાયા ઉપર આપણે શ્રીઆચાર્યચરણના સિદ્ધાંતો પ્રમાણે આપણા વૈષ્ણવી જીવનની મહેલાત રચાવાની છે. જો પાયો કાચો કે બોદો હશે, ઊંડો નહિ હોય, તો એ ઈમારત સુદૃઢ નહિ બને. માટે પહેલાં પાયાને બરાબર સમજી લઇએ.

શ્રીહરિરાયચરણે જવાબ આપ્યો કે જીવ પોતાના બળથી, પોતાની બુદ્ધિથી, પોતાની જાતે કશું કરવા સમર્થ ન હોવા છતાં શ્રીમદાચાર્યચરણ શ્રીમહાપ્રભુજીના ચરણકમળના આશ્રયથી બધું કરી શકશે. અહીં 'ચરણકમળ' પદ એકવચનમાં છે. 'ચરણકમળ' પદ એક વચનમાં વપરાય ત્યારે શ્રીસ્વામિનજીનાં ચરણકમળનું ધ્યાન કરવું. શ્રીસ્વામિનીજીની કૃપા વિના ભગવત્ પ્રાપ્તિ અશકય છે. જો શ્રીસ્વામિનીજી કૃપા કરે તો જ આપણી સર્વ બાધાઓ અશેષ દૂર થઇ શકે. આપણા સર્વ પ્રતિબંધો નિવૃત્ત થશે. માટે અહીં શ્રીહરિરાયચરણ શ્રીસ્વામિનીજીના ચરણારવિંદ સ્વરૂપ, શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય કરવાની પુષ્ટિજીવોને આજ્ઞા કરે છે. શ્રીહરિરાયચરણે પોતાના એક પદમાં આ વાત ખૂબ સુંદર રીતે બતાવી છેઃ 'રસિક-ચરણ-શરણ રહત હૈ બડભાગી જન- અપનો કરી ગોકુલપતિ ભરત તાહિ બાથે.' 'મારા રસિક શ્રીવલ્લભના ચરણારવિંદને દૃઢ રીતે પકડીને જે શરણે રહે છે એ બડભાગી જન છે.' આપણે કેટલાક મનુષ્યો માટે એમ કહીએ છીએ કે 'ભાગ્યશાળી છે.' કેટલાક માટે કહીએ છીએ 'આ વધારે ભાગ્યશાળી છે.'

કેટલાક માટે કહીએ છીએ, 'આ મહાન ભાગ્યશાળી છે.' ભાગ્યની વૃદ્ધિના એ પ્રકારો છે. અંગ્રેજીમાં જેને માટે સુપરલેટિવ ડિગ્રી વપરાય, સંસ્કૃતમાં જેને શ્રેષ્ઠતાવાચક કહેવાય એ ભાવ આ 'બડભાગી' પદ દ્વારા સમજાય છે. શ્રીમહાપ્રભુજીના ચરણના શરણે રહેનાર મનુષ્યના ભાગ્યનો કોઇ પાર નથી. એને શું ફળ પ્રાપ્ત થાય? શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી: 'અપનો કરી શ્રીગોકુલપતિ, ભકત તાહિ બાંથે'- હે જીવ! શ્રીમહાપ્રભુજીના, શ્રીસ્વામિનીજીના ભાવાત્મક ચરણારવિંદને દ્રઢતાથી પકડી રાખે છે, દ્રઢતાથી પોતાના મસ્તક ઉપર ધારણ કરી રાખે છે, તેને શ્રીઠાકોરજી પોતે સાક્ષાત્ પોતાની બે ભુજાઓના આલિંગનમાં ભીંસી દે છે. જીવને જરૂર પડતી નથી, પ્રભુને શોધવા જવાની. પ્રભુ સ્વયં એ જીવને શોધતાં શોધતાં જયાં જીવ હોય છે ત્યાં આવે છે, અંગ્રેજીમાં એક કહેવત છે: વ્યકિત પર્વત પાસે ન જાય, ત્યારે પર્વત વ્યકિત પાસે આવે છે. શ્રીવલ્લભના ચરણનો આશ્રય કરનારને પ્રભુ સામે પધારીને સાક્ષાત્ પોતાના સ્વરૂપાનંદનું દાન કરે છે. તેથી આ પુષ્ટિમાર્ગ-કૃપાનો માર્ગ છે. માટે અહીં શ્રીહરિરાયચરણે આજ્ઞા કરી, હે વૈષ્ણવો! તમે શ્રીઆચાર્યચરણના ચરણકમળનો આશ્રય રાખજો.

એનાથી શું થશે? જે શકય હશે, જે તમારા બળથી તમે સિદ્ધ નહીં કરી શકો,એ બધું જ સિદ્ધ થઇ જશે. એ બધું શકય બનશે. આપણી બુદ્ધિ ન ચાલે એવા અનેક પ્રસંગો બને. તમારે એને ચમત્કાર કહેવો હોય તો ચમત્કાર કહો, ભગવત્ કૃપાનું નામ આપવું હોય તો ભગવત્ કૃપાનું નામ આપો. શ્રીમહાપ્રભુજી તો આજ્ઞા કરે છે કે ચમત્કાર હીન વસ્તુ છે. ચમત્કારથી મોહિત થવાની કંઇ જરૂર નથી. ચમત્કાર માટે પ્રભુને પરિશ્રમ આપવાની જરૂર નથી, પરંતુ ભગવત્કૃપાબળના અનેક પ્રસંગો શ્રીમહાપ્રભુજીએ પોતાના દિવ્ય ચરિત્રમાં બતાવ્યા છે. જયાં જે જીવ શ્રીમહાપ્રભુજીના ચરણનો આશ્રય રાખીને રહ્યા છે, ત્યાં એ જીવનું સર્વ રીતે શ્રીમહાપ્રભુજીએ રક્ષણ કર્યું છે.

કૃષ્ણદાસ મેઘનનો એક પ્રસંગ યાદ કરો. પોતાના વિદ્યાગુરુને ત્યાં શ્રીકૃષ્ણદાસજી ગયા છે. શ્રીવલ્લભ સાક્ષાત્ પરબ્રહ્મ પુરુષોત્તમ છે, તે સિદ્ધ કરવા માટે શ્રીકૃષ્ણદાસજી હાથમાં અગ્નિ લે છે. શ્રીવલ્લભના કૃપાબળ પ્રતાપે કૃષ્ણદાસજીના હાથ દાઝતા નથી. શ્રીવલ્લભનું આ પ્રગટ પ્રતાપબળ આજે પણ ભૂતળ ઉપર વૈષ્ણવો અનુભવે છે. મોરબીમાં શ્રીવલ્લભના પ્રગટ પ્રતાપબળનાં દર્શન આપણે સૌએ મચ્છુની રેલ વખતે કર્યાં છે. બેઠકજીએ જનારા અનેક વૈષ્ણવો શ્રીવલ્લભના પ્રગટ પ્રતાપબળનાં દર્શન ત્યાં કરતા હોય છે. શ્રીમહાપ્રભુજીનો દ્રઢ આશ્રય રાખનારા જીવને આજે પણ શ્રીમહાપ્રભુજી છોડતા નથી. અરે, જે જીવ એમના શરણે નથી આવ્યો તેનેય નથી છોડતા તો પછી શરણે આવેલાને તો કેમ છોડે?

પાંચ વર્ષ પહેલાંની એક ઘટના છે. શ્રીમહાપ્રભુજીનાં ખેરાળુના બેઠકજીના નવનિર્માણનું કાર્ય ચાલતું હતું. રંગકામ કરનાર કોન્ટ્રાકટર ઠાકરડા જ્ઞાતિનો, ગરીબ સ્થિતિનો હતો. ખૂબ ભાવથી કામ કરે. એક રાતે એવી પરિસ્થિતિ આવી કે તેની સાથે કામ કરનારા બીજા મજૂરોને ખવડાવવા માટે શાક લાવવા પૈસા પણ નહિ. તે એવો સ્વમાની કે બને ત્યાં સુધી કોઇની પાસે માગે નહિ. રાત્રે બાર વાગ્યા, એક વાગ્યો પણ તેને ઊંઘ નથી આવતી. બેઠકજીની બહારના બાંકડા ઉપર બેસી રહ્યો છે. તેને થાય છે કે કાલે સવારે મારા મજૂરો સામે મારી બાંધી મૂઠી ખૂલી જશે. હું બેઆબરૂ બની જઇશ, હું મારા માણસોને રોટલા અને શાક નહિ ખવડાવી શકું. કોની પાસે માગવા જઉં? રાતના બે વાગ્યાનો સુમાર થયો છે. ત્યાં કિશોરવય ધારણ કરેલ, શ્વેત ધોતી અને ઉપરણો ધારણ કરેલ, સ્કંધપ્રદેશ પર જેમના શ્યામ કેશ લહેરાય છે, તેવા શ્રીવલ્લભ મંદ ગતિએ તેની સન્મુખ પધાર્યા. તેને પૂછે છે, ‘ઇશ્વરલાલ, તું કેમ ચિંતા કરે છે? તને શાની મૂંઝવણ છે? તારે શું જોઇએ છે? તેને નવાઇ લાગી કે મુખિયાજીને ત્યાં રાતોરાત કોણ મહેમાન આવ્યા હશે! કાલ રાત સુધી તેમને મેં જોયા નથી. તેમણે મારું નામ કયાંથી જાણ્યું? અને આ અડધી રાતે મને પૂછવા આવ્યા છે? ડૂબતો માણસ તણખલું પકડે તેમ તેણે તો કહ્યું, ‘મારે બીજું કશું નથી જોઇતું, કાલે મારા માણસોને ખવડાવવા માટે શાક લાવવાના પૈસા નથી. મને બે રૂપિયા મળે તો શાક લાવીને હું મારી આબરૂ બચાવું. પછી તો બપોરે હું વ્યવસ્થા કરી લઇશ. મહેસાણા જઇશ એટલે મારી વ્યવસ્થા થઇ જશે.’ આપે પોતાની મુઠ્ઠી ખોલી અને બે રૂપિયા રોકડા તેમના હાથમાં મૂકી દીધા, ‘લે, સૂઇ જા.’ ઇશ્વરલાલ નિશ્ચિંત બનીને ઊંઘી ગયો. સવારે જઇને શાક લઇ આવ્યો અને કામ ચાલુ કરી દીધું. થોડા દિવસ પછી બેઠકજીના અંદરના ચોકમાં રંગકામ કરતો કરતો ગયો, ત્યાં શ્રીમહાપ્રભુજીના દ્વિનેત્રવાળા ચિત્રજીનાં દર્શન કર્યાં. મુખિયાજીને પૂછયું, મુખિયાજી, આ કોણ? ‘મુખિયાજી કહે, ‘જેમનું આ સ્થાન છે તે પોતે શ્રીમહાપ્રભુજી છે.’ ઇશ્વરલાલ કહે કે ‘ભૈશાબ, સાચી વાત કહું: થોડા દિવસ પહેલાં અડધી રાત્રે આવીને તેમણે મને હાથોહાથ બે રૂપિયા આપ્યા છે.’ મુખિયાજી કહે, ‘તે બે રૂપિયા કયાં ગયા?’ ‘અરે, તેનું તો શાક લાવી દીધું.’ બીજી એક વાર સ્વપ્નમાં તેને આજ્ઞા કરી, ઇશ્વરલાલ, અમુક જગ્યાએ સવા રૂપિયો પડયો છે, તે લે અને તારું કામ ચલાવ.’ તેનું પરિણામ એ આવ્યું કે રંગકામ કરનાર તે માનવીને પણ એટલી દૃઢ શ્રદ્ધા બેસી કે પછી ત્રણ ચાર મહિને અમારે ત્યાં રંગકામ માટે આવેલો. ત્યારે બધું કાર્ય પૂરું થયા પછી મને કહે, ‘ભાઇ, તમે મને જે પૈસા થશે તે તો આપશો જ, પણ મને આ ચિત્ર છે તે આપો. મેં કહ્યું, ‘શું કરશો?’ બીજું તો કાંઇ નહિ, પણ તેમનાથી હું સુખી થયો છું.

તેમના મંદિરનું કામ કર્યા પછી મારું દેવું ચૂકવાઇ ગયું છે, મેં ઘર ખરીદ્યું, મેં દીકરી પરણાવી અને હવે હું ઘણો સુખી છું. મારા ઘરમાં હું તેમને પધરાવીશ, રોજ દીવો કરીને હાથ જોડી, તેમનાં દર્શન કરીશ.'

જે શરણે નથી આવ્યો એનેય શ્રીમહાપ્રભુજી પોતાની સામે ખેંચતા હોય, તો આપણે તો તેમના શરણે છીએ, આપણા પર તેમની કૃપા છે, આપણે તેમના ચરણનો દઢાશ્રય રાખીએ, તો શ્રીમહાપ્રભુજી આપણો વાળ વાંકો કેમ થવા દે? માટે બીજું કશું ન બને તો કાંઇ નહિ, 'આશરો એક દઢ શ્રીવલ્લભાધીશકો,'- એટલું તો કરીએ. 'દઢ ઈન ચરનન કેરો ભરોસો'- એટલું રોજ રટયા કરીએ, શ્રીમહાપ્રભુજીના બનીને રહીએ. મનનો એ સ્વભાવ છે કે જેનું રટણ કરીશું એનામય બની જઇશું. આજે એવા અનેક ભગવદીયો છે, જેમને શ્રીમહાપ્રભુજીની કૃપાથી સતત એવી અનુભૂતિ રહે છે કે શ્રીમહાપ્રભુજી સદાય મારી સન્મુખ છે. શ્રીમહાપ્રભુજી સદાય મારી સાથે છે. માટે શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય રાખો. તે આપણાં અશકય દેખાતાં સર્વ કાર્યોને પણ સુશકય કરી આપશે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, શ્રીમહાપ્રભુજીના ચરણારવિંદના આશ્રયથી અશકય લાગતાં એવા કામમાં જે કંઇ રૂકાવટો આવતી હશે, એ બધી દૂર થઇ શકશે.

પણ શ્રીમહાપ્રભુજીનો દઢ આશ્રય કયારે થાય? શ્રીમહાપ્રભુજી 'વિવેકધૈર્યાશ્રય'માં આજ્ઞા કરે છે, 'કદી અવિશ્વાસ ન કરવો.' આપણે ડગલે ને પગલે અવિશ્વાસ કરીએ છીએ, માટે પ્રભુ પણ આપણો વિશ્વાસ નથી કરતા. અવિશ્વાસ હમેશાં બાધક છે. શ્રીમહાપ્રભુજીએ ત્યાં બે સુંદર ઉદાહરણ આપ્યાં છે. કોની જેમ અવિશ્વાસ ન કરો, અને કોની જેમ વિશ્વાસ કરવો? રામાયણમાંથી આપે ઉદાહરણ આપ્યુ. લંકામાં જયારે હનુમાનજીને પકડીને રાવણની સભામાં હાજર કરવામાં આવ્યા, ત્યારે જેમણે આખી લંકાનું દહન કરી નાખ્યું એવા હનુમાનજીને કેવી રીતે કાબૂમાં રાખવા. એની રાવણને ચિંતા હતી, તેથી હનુમાનજીને બ્રહ્માસ્ત્ર મંત્રથી બાંધવામાં આવ્યા. બ્રહ્માસ્ત્ર મંત્ર સૂતરના દોરામાં સિદ્ધ કરેલો, અને તે સૂતરનો કાચો તાંતણો શ્રીહનુમાનજીની આજુબાજુએ એક થાંભલા સાથે બાંધેલો. હનુમાજી ચૂપચાપ ઊભા રહી ગયા; કારણ કે બ્રહ્માસ્ત્ર મંત્રને માન આપવું જોઇએ. ભગવચ્છાસ્ત્રનો વિરોધ ન કરી શકાય. ભગવચ્છાસ્ત્રનું ઉલ્લંઘન ન થાય, પણ રાવણ જેવો વિદ્વાન, ચાર વેદનો જ્ઞાતા, એ સમયનો પ્રકાંડ પંડિત, એને આ બ્રહ્માસ્ત્રમાં-મંત્રમાં અવિશ્વાસ આવ્યો, કોઇ સામાન્ય માણસને અવિશ્વાસ નથી આવ્યો. એ કહે છે, 'આવા બળવાન વાનરને આ સૂતરના કાચા તાંતણાથી બાંધો, તેથી ઓછો બંધાઇ જવાનો છે! અરે, એને લોખંડની ભારેખમ

સાંકળથી બાંધી દો.' રાવણની આજ્ઞા થઇ, એટલે એના શરીરની આજુબાજુ લોખંડની સાંકળો વીંટાળવામાં આવી. બ્રહ્માસ્ત્ર મંત્રની દિવ્ય શકિત લોપ પામી ગઇ; કારણ કે એમાંથી વિશ્વાસ ચાલ્યો ગયો. હનુમાનજી મનમાં મલકાયા કે મારા રામજીએ બહુ કૃપા કરી, હવે મને છૂટ આપી દીધી કે તારું બળ અજમાવ. અત્યાર સુધી બળ હતું, પણ હું લાચાર બનીને ઊભો હતો. એમણે સહેજ છાતીના બંધ ફુલાવ્યા કે પેલા સૂતરના કાચા તાંતણાની જેમ સાંકળના અંકોડા તૂટી ગયા અને હનુમાનજી મુકત બની ગયા. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે, બ્રહ્માસ્ત્ર મંત્રમાં જેમ રાવણે અવિશ્વાસ કર્યો એમ તમે ભગવત્ સિદ્ધાંતોમાં અને ભગવત્ સ્વરૂપમાં, એમના સામર્થ્યમાં, અવિશ્વાસ ન કરશો. ત્યારે વિશ્વાસ કોની જેમ રાખશો? શ્રીમહાપ્રભુજીએ બીજું ઉદાહરણ આપ્યું. ચાતકની જેમ વિશ્વાસ રાખશો. ચાતક પક્ષી શું કરે? બીજાં પક્ષીઓ તો જયાંથી જળ મળે ત્યાંથી પી લે, પણ ચાતક પક્ષી બીજા કોઇ જળાશયનું જળ પીતું નથી. કવિઓ એમ કહે છે કે ચાતક પક્ષીના કંઠમાં એક કાણું છે. એનો આગ્રહ છે કે સ્વાતિ નક્ષત્રમાં જો મેઘ વરસાદ વરસાવે, તો આકાશમાંથી સીધાં જે જળબિંદુઓ પડે એ જ કંઠમાં ઝીલી લેવાં. અને ગળે ઉતારવાનો પ્રયત્ન કરવો. ભલે પેલા કંઠના કાણામાંથી ફરી પાછું એ જળ બહાર નીકળી જાય, પણ ચાતક સ્વાતિ નક્ષત્રના મેઘના જળ સિવાયનું બીજું કોઇ જળ પીતું નથી. એનો દૃઢ વિશ્વાસ હોવાથી પ્રભુ બીજા કોઇ નક્ષત્રમાં વરસાદ વરસાવે કે ન વરસાવે; પણ પોતાના ચાતક માટે સ્વાતિ નક્ષત્રમાં અવશ્ય વરસાદ વરસાવે. માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે આ બ્રહ્માસ્ત્ર અને ચાતક એ બેનો વિચાર કરજો. એક બાજુ રાવણ જેવો જ્ઞાની, જેણે અવિશ્વાસ કર્યો છે અને બીજી બાજુ ચાતક પક્ષી જેવું એક અબુધ પક્ષી, જેનામાં કોઇ જ્ઞાન નથી. સમજ નથી, બુદ્ધિ નથી, જેને કોઇએ શીખવ્યું નથી, એનો આવો એક અતિ આગ્રહ છે કે જળ પીવું તો સ્વાતિ નક્ષત્રનું, આકાશમાંથી પડતું જળ સીધું ઝીલી લેવું. તો પ્રભુ એનો મનોરથ પૂર્ણ કરે છે. માટે ચાતકના જેવો દૃઢ આગ્રહ રાખો, દૃઢ વિશ્વાસ રાખો. પ્રભુ પોતાના ભક્તને કદી પણ ઊની આંચ આવવા દેતો નથી.

શ્રીમહાપ્રભુજીએ સાથે સાથે આ બહુ સુંદર આજ્ઞા કરી છે. જે વખતે જે કંઇ પ્રાપ્ત થાય, એમાં જરાય મમત્વ રાખ્યા વિના એને પ્રભુને અંગીકાર કરાવી દો. કોઇક દિવસ ખૂબ સંપત્તિ મળી જાય, તો પ્રભુને છપ્પન ભોગ આરોગાવી દો. અને કોઇ દિવસ કાંઇ ન મળે તો પ્રભુને ઝારી ભરી, એ જળ લઇને રહો. આજેય ભૂતળ ઉપર એવા ભગવદીયો છે, જે પ્રભુને સખડી નથી ધરી શકતા. એવી અનુકૂળતા નથી તો વર્ષોથી એમણે પ્રભુને ૧૦૦ ગ્રામ મગફળીના દાણા ભોગ ધરીને એનાથી પોતાનો

જીવનનિર્વાહ ચલાવ્યો છે અને સર્વ કાર્ય સુંદર રીતે કર્યું છે. જયારે એ પણ શકિત ન રહી, દાંત પડી ગયા ત્યારે દૂધ વગેરે લઇ શકે એ જ લઇને પોતાનો જીવનનિર્વાહ કરે છે. મારા પ્રભુ જે આરોગે એ જ મારાથી લેવાય, એ સિવાયનાં ગમે તે બીજાં છપ્પન પકવાન હોય, મારે માટે એ ત્યાજ્ય છે, મારે માટે એ વર્જ્ય છે, મારે માટે એ કોઇ કામનાં નથી. આવો આગ્રહ કયારે આવે? પ્રભુની અંદર આપણો સ્નેહ વધતો જાય, આત્યંતિક સ્નેહ વધતો જાય ત્યારે આવે. માતા ઘેર હોય, કોઇક સંબંધી આવે અને એમ કહે કે હું અમેરિકાથી આવ્યો છું. અને આ એક ચોકલેટ અમેરિકાથી ખાસ તમારા દીકરા માટે લાવ્યો છું, અહીં આવી નહિ મળે. માતા એને ઊંચી મૂકી રાખશે કે નિશાળેથી દીકરો જયારે આવશે ત્યારે એને હું આપીશ. ગમે તેવી સારી હશે, માતાને નાનપણમાં એ ભાવતી હશે, પણ એના મનમાં ચોકલેટ મોંમાં મૂકવાનું મન નહીં થાય, મારા દીકરાને આ ચોકલેટ બહુ ભાવે છે. એ આવશે એટલે એને આપીશ ત્યારે એ કેટલો રાજી થઇ જશે! દીકરા ઉપરનો આત્યંતિક સ્નેહ એની માતા પાસે એ ચોકલેટ ઊંચી મુકાવી દે છે, અને દીકરો આવે ત્યારે એને આપે છે. દીકરો નાચતો કૂદતો એ મોંમાં મમળાવે, ત્યારે માતાની આંખમાંથી આનંદનાં આંસુ આવી જાય. મારા દીકરાને એ કેટલી ભાવે છે. આ પ્રેમ જો પ્રભુ તરફ વળી જાય, તો આપણે ન્યાલ થઇ જઇએ. પણ આપણે તો મિસરીની કટોરી ધરીએ ત્યારે આંખમાં આવાં હર્ષનાં કોઇ બિંદુ આવતાં નથી કે આ મિસરી મારા લાલને કેટલી ભાવે છે! આપણે તો કટોરી એમની સામે હડસેલીને કહીએ છીએ કે ઝટ આરોગી લેજો. જલદી થાય તેવી સેવા, ઇન્સ્ટન્ટ સેવા જોઇએ. એક મિનિટમાં થઇ રહે એવી, અડધી મિનિટમાં થઇ રહે, એક સેકંડમાં થઇ રહે, કશું ન કરીએ અને છતાં સેવા થઇ કહેવાય! શું કરીએ અને અમારા નામે સેવા ચઢી જાય! શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે: બધું કરશો, પણ પ્રભુને સ્નેહ નહીં કરો તો પ્રભુ એ સેવાને અંગીકાર નહિ કરે; કારણ કે આપણને હજુ વિશ્વાસ જ થયો નથી.

આ માર્ગનું મૂળ જ આ છે. સૌથી પહેલાં તમારે આશ્રય રાખવો પડશે. કોની જેમ આશ્રય રાખશો? એક લૌકિક દૃષ્ટાંતને સદાય હૃદયમાં ધારણ કરજો. હમણાં આપણે પોપટ અને બિલાડીને યાદ કર્યાં. બિલાડી શિકારની શોધમાં નીકળે છે. બિલાડીનો દુશ્મન કોણ? ઉંદર. જો હાથમાં આવી જાય તો તરાપ મારીને મોંમાં પકડી લે છે. બરાબર દાંત વચ્ચે તેની એવી ગરદન પકડે કે તેના રામ રમી જાય. પછી તેનો કોળિયો કરી જાય. પણ તે જ બિલાડી તેના તે જ દાંત વચ્ચે તેના બચ્ચાંને ગરદને પકડી, એક ઘરથી બીજે ઘર અને બીજે ઘરથી ત્રીજે ઘર જાય. આપણામાં કહેવાય કે બિલાડી સાત ઘર ફરે. એમ ફરતી રહે ત્યારે તે બિલાડી તેના બચ્ચાને કેવી રીતે મોંમાં રાખી શકે?

દાંતનો જરા પણ તીક્ષ્ણ ભાગ તેના બચ્ચાની કોમળ ડોકને ન સ્પર્શે તેમ. આપણા પ્રભુ પુષ્ટિજીવોને આવી રીતે સાચવે છે, અને પ્રવાહી જીવોને બિલાડી ઉંદરને પકડે તેવી રીતે પકડે છે. આ વાત સમજી લેશો, તો કયારેય પ્રભુ ઉપર અવિશ્વાસ નહીં આવે.

એક ગુજરાતી કવિએ બહુ સુંદર કહ્યું છે. 'જે ગમે જગતગુરુદેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો.'- જે પ્રભુને ગમે તેમાં આપણે રાજી રહેવું, મનમાં કદી તેનો શોક ન કરવો. મનને એવું બનાવી દો, પ્રભુને કહો કે મને ચીડવવાથી મને દુઃખ થાય તેનાથી તમે રાજી થાઓ છો તો ભલે, હું પણ એમાં રાજી છું પણ તમે હસતા રહો, તમે કયારેય ઉદાસ ન બની જશો. મારે તમારા હસતા મુખનાં દર્શન કરવાં છે. તેના માટે જે કંઇ વેઠવું પડે તે બધું જ વેઠવાની મારી તૈયારી છે.

'જે ગમે જગદ્‌ગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો, આપણો ચિંતવ્યો અર્થ કંઇ નવ સરે, ઊગરે એક ઉદ્વેગ ધરવો!' જયાં આપણું ધારેલું કંઇ બનતું ન હોય, તો શીદને ઉદ્વેગ ધરવો? શા માટે મનમાં દુઃખી થવું? દુઃખી થવાથી કોઇનાં દુઃખ દૂર થયાં છે ખરાં? પેલી કિસા ગૌતમીને યાદ કરજો. બુદ્ધ ભગવાને એને કહેલું કે 'જા, એવા ઘરમાંથી રાઇના દાણા લઇ આવ, જે ઘેર કદી કોઇનું મૃત્યુ થયું ન હોય. તારા દીકરાને સાજો કરી દઉં.' સૌના ઉપર દુઃખ આવે છે. બીજાનું વધારે દુઃખ જોઇને આપણે વિચારવું કે પ્રભુએ આપણા પર તો કેટલી દયા કરી છે કે આપણા સુખનો કોઇ હિસાબ નથી. દુઃખથી ડરે એ વૈષ્ણવ નહિ, દુઃખમાં રાજી થાય એ વૈષ્ણવ. દુઃખમાં પ્રભુની આગળ કકળાટ કરે એ વૈષ્ણવ નહિ, દુઃખમાં પ્રભુને સામગ્રી આરોગાવે એ વૈષ્ણવ. ઘણી વાર માતાને ચીડવીને પેલું બાળક કેવું રાજી થાય છે? બસ, એમ પ્રભુ આપણને દુઃખ આપી કેવા રાજી થાય છે! દેહની સ્વસ્થતા ભલે ન રહે, પણ કદી મનની સ્વસ્થતા ગુમાવશો નહિ. માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, સદૈવ શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો આશ્રય રાખવો. શ્રી 'કૃષ્ણાશ્રય' ગ્રંથમાં શ્રીમહાપ્રભુજીએ વિનંતી કરી છે, એ વિનંતી પ્રભુને સતત કર્યા કરવી કે હું આપના શરણે આવ્યો છું. આપ કૃપા કરીને મારો ઉદ્ધાર કરો. હું કેવો છું? વિવેક, ધૈર્ય, આશ્રય વગેરેથી રહિત છું. મારામાં મારું કોઇ સામર્થ્ય નથી, આપ મારા ઉપર કૃપા કરો. આટલી વિનંતી કરતાં કરતાં જીવે કેવળ ભગવદાશ્રય અને શ્રીમહાપ્રભુજીનો આશ્રય ધારણ કરવો.

શ્રીહરિરાયચરણ હવે છેલ્લી આજ્ઞા કરે છેઃ આવી આશ્રય માટેની દઢતા કયારે આવશે? આપ આજ્ઞા કરે છેઃ સ્વમાર્ગીય ભગવદીયોની સાથે રહેવાથી આવશે, સત્સંગ કરવાથી આવશે. સત્સંગ કોનો કરવો? શ્રીહરિરાયચરણ ભગવદીયોનાં લક્ષણો આપણે બરાબર જાણી લેવાનાં છે કે ભગવદીયોનો સત્સંગ કરતાં કરતાં આપણે પણ એમના

જેવા થવા પ્રયત્નશીલ રહેવાનું છે. જે ભગવન્માર્ગને સારી રીતે જાણે છે, જેમને શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું ખૂબ સુંદર જ્ઞાન છે, સમજ છે, આચરણ છે, તેમનો સત્સંગ કરવો.

જ્ઞાન શબ્દને સમજાવતાં શાસ્ત્રોએ એનું પૃથક્કરણ એવું કર્યું કે મનુષ્ય કોઇ પણ વિષયની માહિતી મેળવે, તેમાંથી સમજ આવતી જાય. તે સમજનો તેના જીવનમાં ઉપયોગ કરતો થાય, તેનું ઉપયોજન તેના જીવનમાં થાય, ત્યારે તે જ્ઞાન બને છે. તેને આપણે ડહાપણ કહીએ છીએ. પશ્ચિમના મીમાંસકોએ કહ્યુંઃ જ્ઞાન એ ડહાપણ છે. આપણા મીમાંસકોએ કહ્યું, જ્ઞાન એ ભગવત્‌સ્વરૂપ છે, કેવળ ડહાપણ નથી. માટે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં બિરાજતું નામસ્વરૂપ હૃદયમાં ધારણ કરવું, ભગવદ્‌જ્ઞાન દ્વારા ભગવત્‌સ્વરૂપનો અનુભવ કર્યો હોય એવા ભગવદીયોનો સંગ કરવો.

ભગવદીયોનું બીજું લક્ષણ બતાવ્યું કે કેવળ જ્ઞાન પૂરતું નથી. તે જીવનમાં ઊતરવું જોઇએ. એ જ્ઞાનના પરિણામ સ્વરૂપે જેમણે સતત પ્રભુનાં ચરણકમળનો આશ્રય કર્યો છે, જેમને આશ્રય સિદ્ધ થયો છે, તે આશ્રય સિદ્ધ થયા પછી પણ હવે અમારે કશું કરવાપણું બાકી નથી, એમ માનીને બેસી રહેવાને બદલે જે શ્રીમહાપ્રભુજીનાં, શ્રીગુસાંઇજી આદિનાં વચનામૃતોના ભાવનું સદાય વિભાવન કરે છે, ચિંતન કરે છે, તેમાંથી નવા નવા અર્થને સતત પ્રાપ્ત કરતા રહે છે, એવા ભગવદીયોનો સંગ કરવો.

શ્રીહરિરાયચરણે ત્રીજું લક્ષણ આપ્યુંઃ જે યથાશકિત સ્વામાર્ગીય રીતે પ્રભુની સેવામાં પરાયણ બનેલા છે, પ્રભુની સેવામાં તત્પર છે, જેમણે પોતાને ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલ શ્રીમહાપ્રભુના સિદ્ધાંતોને જીવનમાં અક્ષરશઃ આચરિત કરવાનો પ્રયત્ન કર્યો છે, એવા ભગવદીયોનો સત્સંગ કરવો.

તેમનો સત્સંગ કરતાં કરતાં આપણે શું કરવું? જ્યાં જ્યાં કૃતિમાં અને સિદ્ધાંતમાં, આચારોમાં અને વિચારોમાં પહેલી નજરે કંઇક વિરોધ દેખાય ત્યાં ત્યાં એ સંદેહને સમજપૂર્વક દૂર કરવાનો, એનો નાશ કરવાનો પ્રયત્ન કરવો, બળપૂર્વક પ્રયત્ન કરવો અને તેમાં સદાય તત્પર રહેવું.

આપણને પ્રશ્ન થશે કે આ ભગવદીયોના મુખમાંથી શ્રીમહાપ્રભુજી આદિના ગ્રંથો સાંભળવાના છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સમજવાના છે, તો પછી એ વાંચનાર વૈષ્ણવોનાં લક્ષણ જોવાની જરૂર શી? આપણે એમની સાથે શી મતલબ? કોઇ રસોઇ બનાવે છે એની શી મતલબ? આપણે તો ખોરાકથી મતલબ છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે ના, એવું નથી, રસોઇની મતલબ પછી, રસોઇ કોણ બનાવે છે તેની મતલબ પહેલી. આપશ્રી ચોર્યાસી વૈષ્ણવોની વાર્તાના 'ભાવપ્રકાશ'માં આજ્ઞા કરે છે કે

શ્રીમહાપ્રભુજીના જે સેવક નથી, જેમને શ્રીમહાપ્રભુના સિદ્ધાંતમાં વિશ્વાસ નથી, તેમનો સંગ કદાપિ ન કરવો.

ચોર્યાસી વૈષ્ણવોની વાર્તામાં એક પ્રસંગ પ્રાપ્ત થાય છે. ઉજ્જૈનમાં મુકુંદદાસજી નામના એક વૈષ્ણવ છે. શ્રીસુબોધિનીજીના ભારે મર્મજ્ઞ છે. સદાય શ્રીસુબોધિનીજીના રસમાં મગ્ન છે. તેમની વિદ્વત્તાની કીર્તિ સર્વત્ર પ્રસરેલી છે. ઉજ્જૈનના વિદ્વાનોએ એક વાર મુકુંદદાસજીને આગ્રહ કર્યો કે મુકુંદદાસજી, તમે એક વાર અમારું ભાગવત સાંભળવા આવો. ત્યારે મુકુંદદાસજીએ કહ્યું, ભાઇ મને ફુરસદ નથી. બ્રાહ્મણો રોજ આગ્રહ કરે, ત્યારે કહે કે મને ફુરસદ નથી. એમ કરતાં કરતાં સૂર્યગ્રહણનો સમય આવ્યો. ગ્રહણ કાર્ય દરમિયાન તો કોઇ પ્રવૃત્તિ હોય નહિ. મુકુંદદાસજી ચોપાટ રમવા બેઠા હતા. આ વિદ્વાનોએ તેમને ઝડપ્યા. મુકુંદદાસજી, અત્યારે તો તમે કશું કામ કરતા નથી. ચોપાટ રમી રહ્યા છો, અમારું ભાગવત સાંભળો. મુકુંદદાસજી કહે, મને તેમાં રસ નથી. તો વિદ્વાનો કહે, તમારું ભાગવત અમને સંભળાવો. મુકુંદદાસજીને ખેંચીને ક્ષિપ્રા નદીને કિનારે લઇ ગયા. ત્યાં મુકુંદદાસજીએ શ્રીમદ્ ભાગવતના એક શ્લોકનાં શ્રીસુબોધિનીજીનું સ્વારસ્ય સમજાવવા માંડયું. ગ્રહણકાળ વીતી ગયો. બીજો પણ ઘણો સમય ગયો. બ્રાહ્મણો કહે છે, હવે ક્ષમા કરો. અમારી ધીરજ ખૂટી ગઇ છે. આટલા ઊંડાણથી એક શ્લોકનું સ્વારસ્ય આપે બતાવ્યું. અમે તમારી બરોબરી નહિ કરી શકીએ.

શ્રીહરિરાયચરણ અહીં ભાવપ્રકાશમાં પ્રશ્ન કરે છેઃ મુકુંદદાસજીએ બ્રાહ્મણોના મુખથી શ્રીમદ્ ભાગવત કેમ ન સાંભળ્યું? ભગવન્નામ તો ભગવત્ સ્વરૂપાત્મક છે. કોઇનાય મુખથી લેવાય તોપણ ભગવન્નામનું પાવિત્ર્ય અખંડ રહે. તો મુકુંદદાસજીને શો વાંધો હતો? શ્રીહરિરાયચરણ પ્રશ્ન કરીને આપણા માટે એનો ઉત્તર પણ આપે છે. આપ આજ્ઞા કરે છે કે ભગવન્નામ ભગવત્ સ્વરૂપાત્મક છે તે વાત સાચી છે. એના પાવિત્ર્ય સંબંધે કોઇ પણ વિવાદ નથી. પરંતુ જેમ મહાપ્રસાદ હોય, તોપણ કોઇનું જૂઠણ આપણે લેતા નથી, તેમ ભગવન્નામ કોના મુખમાંથી પ્રગટ થયું છે, એનો પણ વિચાર કરીને વિવેકપૂર્વક એનું શ્રવણ કરવું જોઇએ; કારણ કે ભગવન્નામ જેના મુખમાંથી પ્રગટ થાય છે, એ એના હૃદયમાંથી પધારે છે. જેના હૃદયમાં શ્રીમહાપ્રભુજી સર્વ લીલાપરિકર સહિત બિરાજે છે, એના હૃદયમાંથી પ્રગટ થયેલું ભગવન્નામ, એ ભગવદીયના મુખમાંથી જો પ્રગટ થઇને આપણા કાનરૂપી પડિયામાં ઠલવાઇને, આપણા હૃદયમાં એ હરિરસ પધારે, તો એ હરિરસ આપણા હૃદયને પણ શુદ્ધ અને અલૌકિક બનાવી શકે છે. શ્રીસુબોધિનીજીમાં શ્રીમહાપ્રભુજી સમજાવે છે, વક્તાના હૃદયમાં બિરાજતા ભગવત્ સ્વરૂપમાં યુગલ ચરણકમળના સ્પર્શથી ભગવત્ સ્વરૂપાત્મક બનીને હૃદયમાં

રહેલો એ લીલા દ્રવીભૂત આનંદાત્મક રસ શબ્દાત્મક બનીને જયારે મુખમાંથી પ્રગટ થાય છે, ત્યારે અગરુની સુવાસની જેમ આપણા કાન અને હૃદયને સુગંધિત અને પવિત્ર કરે છે.

સ્વામી રામકૃષ્ણ પરમહંસનો પ્રસંગ આપણે જાણીએ છીએ એક માતા બાળકને લઇને તેમની પાસે ગઇ: ‘સ્વામીજી, હું ગરીબ બાઇ છું, બાળકને ગોળ ખાવાની વધારે રુચિ છે, મને પરવડે એમ નથી. એને શિખામણ આપો કે એ ગોળ ન ખાય. ‘સ્વામીજીએ સાત દિવસ પછી આવવાની મુદત આપી. અઠવાડિયા પછી ગયેલી બાઈની સાથે આવેલા દીકરાને સ્વામીજીએ વહાલથી કહ્યું, ‘બેટા, ગોળ ન ખાઇશ.’ બાળક માની ગયો. બાઇ કહે, ‘સ્વામીજી, એ જ દિવસે આટલું કહી દીધું હોત તો મને ધક્કો ન પડત! અને સાત દિવસનો મારો ગોળ બચી જાત.’ સ્વામીજી કહે છે, ‘મા, મને પણ ગોળ ખૂબ ભાવતો હતો. જયાં સુધી હું એનો સંપૂર્ણ ત્યાગ ન કરું, ત્યાં સુધી તારા બાળકને કેવી રીતે ઉપદેશ આપું? એ ત્યાગ કરતાં મને સાત દિવસ લાગ્યા. માટે હું આજે કહી શકું કે બેટા, ગોળ ન ખાઇશ.’

આપણે પેલી દંતકથાને જાણીએ છીએ. અને ઇચ્છીએ કે તે દંતકથા જ રહે, સત્યઘટના ન બને. એક કથાકાર ચાતુર્માસમાં કથા કરી રહ્યા છે. ચાતુર્માસની કથામાં આવ્યું કે રીંગણ ચાતુર્માસમાં ત્યાજ્ય છે. એનું શાક ચાતુર્માસમાં ન થાય, ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ અપરાધ લાગે. એ જ દિવસે એક ખેડૂત ખેતરના તાજા રીંગણ પોથી ઉપર પધરાવી ગયો. કથા પૂરી થઇ એટલે કથાકારે ગોરાણીને બોલાવીને કાનમાં કહ્યું: ઝટપટ આ રીંગણાં ઘરે લઇ જઇને શાક રાંધી કાઢજો. ગોરાણી કહે, ‘પણ તમે તો હમણાં જ કથામાં કહ્યું કે આ ત્યાજ્ય છે.’ કથાકાર કહે, ‘કથામાં કહેવા માટે ત્યાજ્ય છે, બાકી ખાવા માટે ત્યાજ્ય નથી.’ આમ, વક્તાને કહેવા માટે એની પાસે એક વાત હોય, અને એના જીવનમાં આચરવા માટે અંગત બીજી વાત હોય, તો એના મુખની વાણી કયારેય બીજાઓને અસર ન કરે.

શ્રીહરિરાયચરણ ‘ભાવપ્રકાશ’માં આજ્ઞા કરે છે: પુષ્ટિમાર્ગમાં તો કોઇ પુણ્યને અવકાશ નથી, એની આવશ્યકતા નથી, તો વૈષ્ણવે શા માટે આનાકાની કરી? સત્સંગનો જે અલૌકિક આનંદ હતો એ તો એમને પ્રાપ્ત થઇ ચૂકયો હતો, તો આ બ્રહ્મરાક્ષસને ફળ આપવાની ના કેમ પાડી? આપ એનો ખુલાસો કરે છે. સત્સંગનું ફળ એટલે શું? સત્સંગનું ફળ એક જ. સાક્ષાત્ શ્રીયુગલસ્વરૂપ, શ્રીમહાપ્રભુજી સહિત, લીલા-પરિકર સહિત, હૃદયની અંદર બિરાજી પોતાના રસાનંદનો અનુભવ કરાવે તે. હવે આ ફળ બીજાને કેવી રીતે અપાય? આ ફળની પ્રાપ્તિ કરવી હોય તો

એ પ્રાપ્તિ કરાવે એવા અધિકારી વૈષ્ણવો પાસે જઈને સત્સંગ કરવો પડે. શ્રીમહાપ્રભુજીએ પણ આજ્ઞા કરીઃ તાદૃશી વૈષ્ણવો સાથે સત્સંગ કરવો. શ્રીહરિરાયજી વૈષ્ણવોની વિવિધ કક્ષાઓ પણ બતાવે છે. એમાં તાદૃશી એ સર્વોચ્ચ કક્ષા છે. જેમને સદાય ભગવદ્‌રસનો સાનુભવ છે, ભગવત્‌સ્વરૂપનો સાનુભવ છે. આવા વૈષ્ણવો ન મળે તો શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનો સત્સંગ કરવો. એવા ગ્રંથો કદાચ વાંચવા અને સમજવાની આપણી ક્ષમતા ન હોય તો શ્રીહરિરાયચરણે છેવટે આજ્ઞા કરી દીધી કે બીજું કંઇ ન બને તો સતત ભગવન્નામ લીધા કરો. સૂરદાસજીએ બહુ સુંદર વાત કહીઃ 'હરિજન સંગ છીનક હોહી,' જો ભગવદ્ ભકતોનો સંગ એક ક્ષણ માટે પણ આપણને મળી જાય તો? વૈષ્ણવનો સંગ કયારે મળે? શ્રીગિરધરલાલ, શ્રીગોવર્ધનનાથ આપણા ઉપર કૃપા કરે, તો વૈષ્ણવનો સંગ પ્રાપ્ત થાય. જે દિવસે વૈષ્ણવનો સંગ મળે એ દિવસે માનવું કે આજે પ્રભુની આપણા ઉપર કૃપા થઇ છે. એનું પરિણામ શું આવે? 'સકલ કુતર્ક વાસના નાસે', આપણા બધા કુતર્કો નાશ પામે, આપણી બધી લૌકિક વાસના અને આસકિતઓ ચાલી જાય. 'હરિ સુમરે સુમરાવે', પ્રભુનું આપણને સતત સ્મરણ બની રહે, અને આપણે બીજાને પણ પ્રભુનું સ્મરણ કરાવતા રહીએ. સત્સંગથી જેની જડબુદ્ધિ હોય, એ ભગવત્ સિદ્ધાંતથી ચતુર બુદ્ધિવાળો બને મંદબુદ્ધિ નિર્મળ બને. આવું થાય ત્યારે 'મનમોહન પાવે.' પ્રભુને એ ભકત બહુ પ્રિય બને છે. આવા ભકતોનો સંગ જો એક ક્ષણ પણ પ્રાપ્ત થાય, તો આપણું ભાગ્ય માનીને તેમનો સત્સંગ કરવો.

શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની વાત સ્વમાર્ગીય, પુષ્ટિમાર્ગીય વૈષ્ણવના મુખેથી જ સાંભળવી, બીજાના મુખેથી નહિ. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની વાત જો શ્રીમહાપ્રભુજીનો સેવક ન હોય, એવી કોઇ વ્યકિત કરતી હોય તો તે આપણા માટે અગ્રાહ્ય છે. અહંતા, મમતા, લૌકિક આસકિત એ સર્વ છોડીને સ્વગુરુ એટલે આપણા ગુરુદેવ શ્રીમહાપ્રભુજીના ચરણકમળમાં સદાય પ્રણત રહીને, સદાય દીનભાવે એમની આજ્ઞામાં રહીને, ભગવદીયોની સાથે રહેવું. 'નિરોધલક્ષણ'માં પણ શ્રીમહાપ્રભુજીની આ જ આજ્ઞા છેઃ 'મોટાઓની કૃપા થાય ત્યારે ભગવત્ કીર્તન સ્નિગ્ધ-ઘી ચોપડેલા ભોજન જેવું બની જાય છે, અને લૌકિક વાર્તા લુખ્ખા ભોજન જેવી બની જાય છે.'

ભગવદ્‌વાર્તાનો ઉત્તમમાં ઉત્તમ આદર્શ બસોબાવનમાંના બે ભગવદીયોએ આપ્યો છે. 'વકતા' અને 'શ્રોતા'ના નામથી એ બે ભગવદીયો પ્રસિદ્ધ છે. અમદાવાદવાસી એ બંને પડોશમાં રહે; સેવા અને ભગવદ્‌વાર્તામાં તત્પર. બંનેએ વિચાર કર્યો કે

ગોકુળવાસ કરી, થોડો સમય વ્રજની કોઇક નિકુંજમાં બેસી ભગવલ્લીલાનું અવગાહન કરવું. પત્નીને સાથે લઇ આ બંને પરિવાર, પ્રભુને પધરાવીને ગોકુળ આવ્યા. બંનેએ પોતપોતાની પત્નીને વિનંતી કરીઃ 'તમે પ્રભુની સેવા કરો. અમે થોડાક દિવસ એકાંતમાં સત્સંગ કરીએ.'

પત્નીને પ્રભુ સોંપી બંને સત્સંગ માટે એકાંતમાં ચાલ્યા ગયા. ત્યાં ભગવદ્વાર્તામાં બેઠા. કોઇને દેહનું કે કુટુંબનું ભાન નથી, તરસનું-નિદ્રાનું ભાન નથી. એમ કરતાં કરતાં ચાલીસ દિવસ વીતી ગયા. ચાલીસ દિવસ રાતદિવસ સતત ભગવદ્વાર્તા ચાલી. ગાયો ચારતા ગ્વાલોએ જોયું કે આ બે ભગવદીયો અનોખી રીતે ભગવદ્વાર્તા કરે છે. જળપાન કરવા પણ ઊઠતા નથી. એમના દેહ ટકે તે માટે લાવો, એમને દૂધ આપીએ. એકતાળીસમાં દિવસે તાંસળું ભરીને દૂધ મૂક્યું. ભગવદીયોએ વિચાર કર્યો કે ભગવદ્ ઇચ્છાથી પ્રાપ્ત થયું છે. તો માનસીમાં પ્રભુને આરોગાવીને લઇ લેવું. બંનેએ દૂધ લઇ લીધું અને ભગવદ્વાર્તાનો ક્રમ ચાલુ રાખ્યો. એમ કરતાં કરતાં છ મહિના સુધી સતત એક બેઠકે બેસીને ભગવદ્વાર્તા કરી. ત્યાં ભગવદ્ ઇચ્છાથી એમનો દેહ છૂટી ગયો. ઘણો સમય વીતી ગયો, પણ પતિ પાછા ન આવ્યા. બંને પત્નીઓ એમના પતિને શોધવા નીકળ્યાં. શોધતાં શોધતાં આ સ્થળે આવ્યાં. ગ્વાલોએ કહ્યુંઃ 'પેલી દૂર નિકુંજમાં બે વૈષ્ણવો ઘણા મહિનાઓથી બેઠેલા હતા અને અમે એમને દૂધ આપતા હતા, પણ હવે ત્યાં જણાતા નથી.' ત્યાં જઇને જોયું તો હાડકાંનો ઢગલો. બંને પત્નીઓ વિચાર કરે છે કે એમનો અંતિમ સંસ્કાર તો કરવો જોઇએ, પણ આ હાડકાંને કેવી રીતે જુદાં પાડીએ! ત્યારે બે ભગવદીયોમાં એક ભગવદીય એવા હતા કે જે સતત ભગવદ્વાર્તા કર્યા કરે, બોલ્યા કરે; અને બીજા ભગવદીય સતત સાંભળ્યા કરે. જે સાંભળ્યા કરતા હતા તે શ્રોતાની પત્નીએ કહ્યુંઃ બહેન, તમે જરાક ઊભાં રહો. હું મારા પતિનાં હાડકાં ઓળખીને વીણી લઇશ. બાકી રહે એ તમારાં પતિનાં અસ્થિ. શ્રોતાનાં પત્નીએ હાડકાં અલગ કર્યાં. વક્તાનાં પત્ની પૂછે છેઃ બહેન, તમે આ અસ્થિ શાના આધારે એકઠાં કર્યાં? આમાં કંઇ તફાવત તો લાગતો નથી! પેલાં બહેન કહે છેઃ તમે જરા ધ્યાનથી જુઓ. પ્રત્યેક હાડકાની આરપાર બારીક છિદ્રોનાં દર્શન થશે. તમારા પતિનાં હાડકામાં એવાં બારીક છિદ્રો નહીં હોય. જોયું તો વાત સાચી હતી. વક્તાનાં પત્ની પૂછે છેઃ બહેન, એનું કારણ શું? ત્યારે શ્રોતાનાં પત્ની એટલી જ ગંભીરતાથી કહે છેઃ એનું કારણ એક જ છે, તમારા પતિએ ભગવદ્વાર્તાનો રસ મુખથી રેલાવ્યો છે, અને મારા પતિએ ધરાઇ-ધરાઇને રસનું પાન કર્યું છે. એવું પાન કર્યું છે કે એ હાડકાંની આરપાર રસ ઊતરી ગયો છે, પરિણામે હાડકાંની આ પરિસ્થિતિ થઇ છે.

આમ ભગવદ્વાર્તાના રસથી જડ હાડકાં પણ દ્રવીભૂત થઈ જાય. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા ભગવદીયોની સાથે રહીને તમારે સદાય સત્સંગ કરવો. એ સત્સંગથી જ શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો દ્રઢાશ્રય થશે. શ્રીમહાપ્રભુજીના દ્રઢ આશ્રયથી સર્વ પ્રકારના ત્યાગ અને અત્યાગ કરવા તમે સમર્થ થશો. એના પરિણામે સ્વરૂપે સેવા, ભગવદ્ ગુણગાન, અનોસરના સમયમાં દુઃખભાવન, દીનતા દ્વારા વિરહ અને વિપ્રયોગ કરતાં કરતાં શ્રીમહાપ્રભુજીની કૃપાથી અને શ્રીસ્વામિનીજીની કૃપાથી વિપ્રયોગધર્મી સ્વરૂપ તમારા હૃદયમાં બિરાજી, એક કાલમાં અનેક લીલાઓના આંતરરમણનો અનુભવ કરાવી, પરમરસનું રસદાન પણ અવશ્ય થશે. અગિયારમા શિક્ષાપત્રથી લઈને આ સત્તરમા શિક્ષાપત્ર સુધીમાં શ્રીહરિરાયચરણે આ જ આજ્ઞા કરી છે.

॥ ઈતિ શ્રીહરિરાયજી કૃતં સપ્તદશં શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્॥

શિક્ષાપત્ર સત્તરમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૦

વિષય : વૈષ્ણવી જીવન માટે આવશ્યક ત્યાગ અને અત્યાગ

- શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખવો.
- તે આશ્રય તેમની કૃપાથી સિદ્ધ થશે.
- વૈષ્ણવી જીવન જીવવાના બે માર્ગોઃ
  (૧) ઉત્તમ માર્ગ- અવ્યાવૃત્તિપૂર્વક સેવા-સ્મરણ
  (૨) મધ્યમ માર્ગ- વ્યાવૃત્તિ સહિત સેવા-સ્મરણ
- સારા વૈષ્ણવી જીવન માટેની આવશ્યક બાબતોઃ
  (૧) શ્રીહરિ, ગુરુ, વૈષ્ણવ પ્રત્યેનો વિવેક સમજી તે પ્રમાણે વર્તન.
  (૨) ભગવદ્ધામ અને ભગવદ્વાર્તામાં મૌન-સેવન.
  (૩) સ્વસુખ માટે નહિ, તત્સુખ માટે જીવવું.
  (૪) સૌ સાથે દીનતા, પ્રેમ રાખો.
- કલિયુગમાં ત્રણ દોષ બાધક : (૧) સંગદોષ (૨) અન્નદોષ (૩) કલિદોષ.
- આ દોષોથી બચવા ત્રણ પ્રકારના ત્યાગ અને અત્યાગઃ
  (૧) ધન, ગૃહ, કુટુંબ આદિનો સ્વસુખ માટે ત્યાગ, તત્સુખમાં અત્યાગ (વિનિયોગ)
  (૨) લૌકિક રાગ અને લોભનો ત્યાગ, પ્રભુમાં અલૌકિક રાગ અને પરિતોષનો અત્યાગ.
  (૩) દુઃસંગનો ત્યાગ, સત્સંગનો અત્યાગ.

શિક્ષાપત્ર અઢારમું

કાલઃ સ્વકાર્યં કુરુતે ન જાનાતિ જનો યતઃ ।
પ્રમાદ્યતિ હરેઃ કાર્યે સ્વાત્મકાર્યેડતિવિહ્વલઃ ॥૧॥

કાળ પોતાનું કામ કરે જાય છે. જીવને તેની ખબર પડતી નથી. તેથી તે પ્રભુનાં કાર્ય કરવામાં પ્રમાદ કરે છે અને પોતાનાં લૌકિક કાર્યોમાં પણ વિહ્વળ બને છે. (૧)

કેવલૌદરિકત્વં તુ તદીયાનાં ન ચોચિતમ્ ।
ન પૂરયેત્ કિમુદરં સેવકાનાં કૃપાનિધિઃ ॥૨॥

જેઓ ભગવાનના છે, તેમને કેવળ ઉદરપોષણ માટે જ વ્યાપાર કરવો એ યોગ્ય નથી. જેઓ પ્રભુના સેવકો છે, તેમનું ઉદર શું કૃપાનિધિ પ્રભુ નહિ પૂરે? (૨)

ચિંતા કાપિ ન કાર્યેતિ પ્રભુવાક્યં વિચિંત્યતામ્ ।
અજ્ઞાનિનો જ્ઞાનિનશ્ચ યદિ સ્યાત્સમતા કૃતૌ ॥૩॥

શ્રીમહાપ્રભુજી 'નવરત્ન'માં 'કશી પણ ચિંતા ન કરવી' એવું જે કહે છે, તેની ઉપર ચિંતન કરો. વળી, તેઓશ્રીએ અજ્ઞાની અને જ્ઞાની બંનેની કૃતિમાં સમતા નિરૂપિત કરી છે. (૩)

તદા તુ સાધનાભાવાત્ કિં વૃત્તં જ્ઞાનિનઃ ફલમ્ ।
વિરહેણ હરિસ્ફૂર્ત્યા સર્વત્ર કલેશભાવનાત્ ॥૪॥
લીલાડતિરિકતસૃષ્ટૌ હિ નિરાનંદત્વનિશ્ચયાત્ ।
યથા કથંચિદ્વિસ્મૃત્ય પ્રપંચં હૃદયે ન્યસેત્ ॥૫॥

તો પછી જયાં સાધનનો જ અભાવ હોય, ત્યાં જ્ઞાનીને પણ શું ફળ થવાનું? લીલા સિવાયના પદાર્થમાં આનંદ ન હોવાથી કલેશ થાય અને કલેશથી વિરહ થતાં હરિની સ્ફૂર્તિ થાય. તેથી જેમ તેમ કરી પ્રપંચની વિસ્મૃતિ કરો અને હૃદયમાં શ્રીકૃષ્ણની સ્થાપના કરો. (૪-૫)

કૃષ્ણં ગૂઢં સદાનંદં તથા લીલાયુતં સદા ।
રસં સ્વસમનામાનં ભકતભાવાત્મકં પુનઃ ॥૬॥

કૃષ્ણ ગૂઢ, સદાનંદ, લીલાયુકત, રસરૂપ ને પોતાના સમાન નામવાળા તથા ભકતના ભાવાત્મક છે. (૬)

યશોદોત્સંગલાલિતં મુગ્ધભાવસમાવૃતમ્ ।
પ્રપંચવૈરિણં બાધહેતુલૌકિકનાશનમ્ ॥૭॥

તે યશોદાના લાડીલા, મુગ્ધ ભાવોથી ભરેલા, પ્રપંચના વૈરી અને બાધક હોય તેવાં લૌકિક કારણોનો નાશ કરનારા છે. (૭)

સ્વપ્રવેશાય કામાદિસર્વદોષનિવારકમ્ ।
સ્વાર્થત્યક્તાખિલસ્વીયપરમાર્તિમહોત્સવમ્ ॥૮॥

પોતાનો પ્રવેશ થઇ શકે એ હેતુથી તે કામાદિક સર્વ દોષોને નિવૃત્ત કરે છે. જેઓ પોતાને માટે સર્વસ્વનો (લૌકિક-વૈદિક) ત્યાગ કરી, વિપ્રયોગની આર્તિ કરે છે, તેમને માટે ઉલ્લાસ ધારણ કરે છે. (૮)

શ્રીમદાચાર્યહૃદયશેષપર્યંકશાયિનમ્ ।
અનંતભાવરૂપાત્મગોપીરમણતત્પરમ્ ॥૯॥

તે શ્રીમદાચાર્યજીના હૃદયરૂપી શેષશય્યામાં પોઢી રહ્યા છે અને વ્રજભકતોની સાથે રમણ કરવામાં તત્પર હોવાથી ભાવરૂપી અનંત સ્વરૂપો ધારણ કરે છે. (૯)

મધુપાડલિજવોદ્યુક્તરોમાલિસુવિરાજિતમ્ ।
પ્રસન્નવદનાંભોજં કરુણારસવદ્દૃશમ્ ॥૧૦॥

ભ્રમર-પંકિતના વેગવાળી રોમપંકિતથી તે અત્યંત શોભિત છે. તેમનું વદનકમળ સદા પ્રસન્ન રહે છે અને તેમની આંખો દયારસથી આર્દ્ર હોય છે. (૧૦)

બર્હિપિચ્છશિરોભૂષં શૃંગારરસરૂપિણમ્ ।
એવંવિધાનંતગુણં વિધાય હૃદયે સદા ॥૧૧॥

તેમણે શિર ઉપર મયૂરપિચ્છનો મુકુટ ધારણ કર્યો છે અને શૃંગારરસનું રૂપ પ્રગટ કર્યું છે. એવા અનંત ગુણોથી પૂર્ણ શ્રીકૃષ્ણને હૃદયમાં (વારંવાર) ધારણ કરવા. (૧૧)

તસ્ય સેવાં પ્રકુર્વીત, યાવજ્જીવં સ્વધર્મતઃ ।
ન ફલાર્થં ન ભોગાર્થં ન પ્રતિષ્ઠાપ્રસિદ્ધયે ॥૧૨॥

જીવ જયાં સુધી જીવે ત્યાં સુધી પોતાનો ધર્મ છે એમ સમજી તેમની સેવા કરવી. તેમાં ભોગ, ફળ કે પ્રતિષ્ઠાની દૃષ્ટિ રાખવી નહિ. (૧૨)

શ્રીમદાચાર્યમાર્ગેણ નાન્યેનાપિ કદાચન ।
ન કલ્પિતપ્રકારેણ ન દુર્ભાવસમન્વયાત્ ॥૧૩॥

આવી સેવા કેવી હોય, તે શ્રીમદાચાર્યજીએ 'સર્વનિર્ણય' ગ્રંથમાં નિરૂપિત કરી છે. સેવા તે રીતે કરવી, અન્ય માર્ગની રીતે નહિ. અગર તો કોઇ કલ્પિત પ્રકાર અનુસરવો નહિ. તેમ કરતાં દુર્ભાવ આવી ન જાય એ જોવું. (૧૩)

તત્ત્વં વિદિત્વા પરમં યશોદોત્સંગલાલિતમ્ ।
શ્રીમદાચાર્યતત્પુત્રાન્ હિત્વાસ્મત્સ્વામિનીરપિ ॥૧૪॥
તત્તુલ્યબુદ્ધ્યા નાશઃ સ્યાત્ સર્વથેતિ વિનિશ્ચયઃ ।
એતાવતી સતી શિક્ષા સંક્ષિપ્તા ધ્રિયતાં હૃદિ ॥૧૫॥

શ્રીયશોદોત્સંગલાલિત શ્રીકૃષ્ણ, શ્રીમદાચાર્યજી, તેઓશ્રીના પુત્ર અને શ્રીસ્વામિનીજી (વ્રજભકતો)- આ ચાર પરમ તત્ત્વરૂપ છે. એમની સાથે અન્યની તુલના કરવાથી બુદ્ધિનો સર્વથા નાશ થાય છે. માટે સંક્ષેપમાં આટલી શિખામણ હૃદયમાં ધારણ કરવી. (૧૪-૧૫)

અન્યેઽપિ ચોપદેષ્ટવ્યા યદિ સ્યુરધિકારિણઃ ।
મિલંતિ સ્વેચ્છયા શ્રદ્ધાયુતાઃ પૃચ્છંતિ ચેત્તદા ॥૧૬॥

જો અન્ય કોઇ અધિકારી મળી આવે અને શ્રદ્ધાળુ બની પોતાની સ્વેચ્છાથી પૂછે તો તેને પણ આ ઉપદેશ કરવો. (૧૬)

જીવતત્પરતાસિદ્ધૌ કૃપાલુસ્તેષુ તુષ્યતિ ।
યથા વિષયિણાં તોષો દૂતિકાસુ તથા હરેઃ ॥૧૭॥

જો જીવની ભગવત્પરતા આવી રીતે સિદ્ધ થાય, તો દયાળુ પ્રભુ આવા ભગવદ્ આર્તિ કરનારા ઉપર પ્રસન્ન થાય છે. જેમ કોઇ કામી પુરુષ દૂતી ઉપર પ્રસન્ન થાય છે, તેમ ભગવદ્ વાર્તા કરનાર ભક્ત પર હરિ પ્રસન્ન થાય છે. (૧૭)

શિક્ષાપત્ર: ૧૮

૧૮મા શિક્ષાપત્રમાં ૧૭ શ્લોક છે. એમાં આપ એ બાબતનું નિરૂપણ કરી રહ્યા છે કે આપણે વૈષ્ણવોએ કેવળ પેટ ભરવા માટે જીવવાની જરૂર નથી, પેટ ભરવા ખાતર ધર્માચરણ કરવાની પણ જરૂર નથી. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતને સમજીને આપની આજ્ઞાનું સાચા હૃદયથી પરિપાલન કરવાનું છે.

શ્રીહરિરાયચરણ પ્રથમ શ્લોકમાં આજ્ઞા કરે છે કે આપણે જાણતા નથી કે સમય કેટલો ઝડપથી પસાર થઇ રહ્યો છે? બહુ મોડી ખબર પડે છે કે આટલાં બધાં વર્ષો વીતી ગયાં. માણસ બીજું બધું થોભાવી શકે, સમયને થોભાવી શકતો નથી. સમય તો પોતાનું કામ કર્યા જ કરે છે, તે જાણતા હોવા છતાંય આપણે આપણા જીવનની બાબતમાં ભારે દુર્લક્ષ સેવતા હોઇએ છીએ, આપણા ભગવત્કાર્યમાં પ્રમાદ એટલે આળસ કરીએ છીએ. લૌકિક કાર્યો કરવામાં આપણને ઘણો પ્રમોદ એટલે કે આનંદ આવે છે.

થોડાક વખત પહેલાંની આ વાત છે. એક ગામમાં જવાનું થયેલું. જે વૈષ્ણવને ત્યાં મુકામ હતો, તેમના ઘરમાં તેમનાં વૃદ્ધ માતુશ્રી હતાં. તેમને ત્યાં તેમના પ્રભુ સખડીભોગ આરોગતા. મેં જોયું કે મા ૬૮-૭૦ વર્ષની ઉંમરે પણ સવારે વહેલાં ચાર વાગે જાગી જાય, શિયાળો હોય, ઉનાળો હોય કો ચોમાસુ હોય. જાગીને તેમના મુખે ભગવન્નામ ન હોય. ઝાપટ-ઝુપટ શરૂ કરી દે. સવારે આઠ સાડા આઠ વાગ્યા સુધી તે બધું કામ કર્યા જ કરે. બધું કામ પરવારીને પછી નિરાંતે સેવામાં નહાય. સેવામાં હોય ત્યારે અંદરથી તેમની પુત્રવધૂઓને સૂચનાઓ આપ્યા જ કરે, 'આમ કરો, તેમ કરો. આમ કરો, તેમ કરો.' સાંજે બધું કામ પતાવીને છ સાડા છ વાગ્યે નહાય અને ઝડપથી સેવા પરવારીને બહાર આવીને ઘરના કામમાં લાગી જાય. મેં માને હળવેથી પૂછયું: 'મા! તમારાં ભાગ્ય છે કે પ્રભુ તમારે માથે બિરાજે છે, તમારા હાથની સખડી આરોગે છે. તમારે ઘરની કોઇ જવાબદારી નથી, બે મજાની સંસ્કારી, ગુણિયલ પુત્રવધૂઓ છે, ઘરની બધી જવાબદારી સંભાળનારી છે અને છતાંય તમે ઘરના કામમાં આટલાં બધાં રચ્યાંપચ્યાં કેમ રહો છો?' માએ કહ્યું કે: ભાઇ, ઘરકામમાં મને ઠીક રહે છે. સેવામાં જોઇએ એવું મન લાગતું નથી.'

આ જે વાત છે તે એકલાં તે માજીની નથી, આપણી સૌની છે. દુનિયામાં આપણને જે આનંદ આવે છે તે આનંદ આપણને સેવામાં આવતો નથી, તે આનંદ આપણને જપ-પાઠમાં નથી આવતો, તે આનંદ આપણને ભગવદ્વાર્તા વાંચવા, સાંભળવામાં નથી આવતો. માટે અહીં શ્રીહરિરાયજીએ આપણને ટકોર કરી કે, તમે ન સત્સંગ કર્યો, ન તમે શ્રીમહાપ્રભુજીમાં આસકિત વધારી. તમને મેં ના પાડી હતી કે સંસારમાં રચ્યાપચ્યા જીવો સાથે ઝાઝો પ્રેમનો સંબંધ ન રાખતા. છતાં તમે લૌકિકમાં આસકત રહ્યા. તેનું કારણ શું? શ્રીહરિરાયજી આપણા રોગનું કારણ અહીં પારખે છે. આપણને ભગવત્કાર્યોમાં પ્રમાદ છે, આળસ છે. સેવા તો હવે સ્વીકારી છે; એટલે કરવી જ પડશે! થશે, મોડી-વહેલી થશે, એમાં શી ઉતાવળ છે? કયાં ઠાકોરજી બોલે છે? કયાં ઠાકોરજી ઝઘડે છે? કયાં ઠાકોરજી રડે છે? દુનિયાનુ બધું કામ પતાવી દો, નિરાંતે ચા પી લો, નિરાંતે નાસ્તો કરી લો, નિરાંતે છૈયાં છોકરાંનું કામ પરવારી નિશાળે મોકલી દો, પતિને દુકાને રવાના કરી દો- બધું કામ કરી લો, પછી નિરાંતે ઠાકોરજી પાસે જઇશું! ઝટપટ પતાવી દઇશું, તેઓ ભાવના ભૂખ્યા હોય છે! આમ, લૌકિક પ્રમોદ આપણને બહુ જ ગમે છે, એમાં બહુ જ આનંદ આવે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આને કારણે ભગવદ્ધર્મોનું પાલન કરવામાં, સેવા કરવામાં, પ્રભુનું નામ-સ્મરણ કરવામાં, ભગવદ્વાર્તા વાંચવા અને સાંભળવામાં આપણને રુચિ થતી નથી, આપણને રસ પડતો નથી.

શ્રીમહાપ્રભુજીએ પણ આ જ વાત આસુરવ્યામોહલીલા કરતાં પહેલાં પોતાનાં બાળકોને અને વૈષ્ણવોને, સૌને સમજાવી હતી; છેલ્લી શિખામણ આપી હતી, ‘તમે ભવિષ્યમાં જો બહિર્મુખ થઇ જશો તો આ સમયનો પ્રવાહ તમને ખેંચી જશે.’ બહિર્મુખ એટલે શું? અને અંતર્મુખ એટલે શું? સખડી ભોગ ધરનાર પેલાં માજીને આપણે ભગવત્સન્મુખ છે એમ કહીશુ કે બહિર્મુખ છે એમ કહીશું? ભલે એમણે સેવાની ક્રિયા કરી, પણ મન કયારેય સેવામાં જોડાયું નથી. તેમનું મન હમેશાં બહિર્મુખ હતું. અમદાવાદના પેલા વણિક શેઠ વૈષ્ણવને ઠાકોરજીને શૃંગાર ધરતાં મનમાં વિચાર આવે છે કે જોડા સડી ગયા છે, આજે મોચીની દુકાનેથી ખરીદીને પછી દુકાને જઇશ. તેમનું મન કયાં છે? પ્રભુની સન્મુખ છે કે બહિર્મુખ છે?

અહીં શ્રીહરિરાયચરણ આપણને સમજાવે છે કે જીવનની અંદર ધર્માચરણ આપણે કેવી રીતે કરીશું? અને ધર્માચરણ શા માટે કરીશું? ધર્મ એ વાર્તાનો વિષય નથી, ધર્મ એ ચર્ચાનો વિષય નથી, ધર્મ એ સાંભળવાનો વિષય નથી, ધર્મ એ તો જીવનમાં આચરવાનો વિષય છે. આજે આપણે સૌ એમ કહીએ છીએ કે આપણા વૈષ્ણવોમાં ધાર્મિકતા બહુ વધી છે.

હમણાં એક સ્થળે છપ્પનભોગ થયો. ત્યાંથી આવનાર વૈષ્ણવોએ કહ્યું કે છપ્પનભોગના દિવસે ચાર લાખ વૈષ્ણવો ત્યાં એકત્ર થયા હતા. આપણે કહીશું કે આપણી ધાર્મિકતા બહુ વધી છે, પણ આપણામાં ધર્મ વધ્યો છે ખરો? ધર્મશીલતા આપણામાં વધી છે ખરી? શ્રીહરિરાયચરણ આપણને અહીં આ પ્રશ્ન પૂછી રહ્યા છે ધાર્મિકતા અને ધર્મશીલતા એ બે જુદી જુદી બાબતો છે. મંદિરે જઇએ, દર્શન માટે ધક્કાધક્કી કરીએ, કોઇકને ઠોંસાકોણી મારીએ, આગળ જવા મળ્યું હોય તો હિરણ્યકશિપુએ રોપેલા થાંભલાની જેમ ઊભા થઇ જઇએ. એ ધાર્મિકતા ભલે હશે, ધર્મશીલતા નથી. દર્શન કરીને આવનાર વૈષ્ણવોને પૂછવાનું મન થયું કે આજે શ્રીઠાકોરજીએ શા શૃંગાર ધર્યા હતા? શ્રીમસ્તકે શા શૃંગાર હતા? આપના કર્ણમાં કેવાં આભૂષણ હતાં? આપના શ્રીકંઠમાં કેટલી માળાઓ બિરાજતી હતી? આપણે સૌ કહીશું કે એ કંઇ અમને ખબર નથી, અમે તો સુંદર મજાના ગુલાબી સાજના દર્શન કર્યાં, અમે તો સુંદર મજાની ફૂલમંડલીનાં દર્શન કર્યાં, અમે તો આજુબાજુ કોણ કોણ ઊભાં છે એમનાં દર્શન કર્યાં. શ્રીઠાકોરજીના મુખારવિંદનાં દર્શન નથી કર્યાં! એ તો દર્શન કરનાર મહાનુભાવ જ ગાય કે ‘કમલ સી અખિયાં લાલ તિહારી, તિનસોં તકી-તકી તીર ચલાવત બેધત છતિયાં હમારી.’ પણ આપણી છાતી વીંધાતી હોય તો કહીએ ને કે ‘બેધત છતિયાં હમારી?’ આ આપણી ધાર્મિકતા છે!

સૌ એમ માને છે કે વૈષ્ણવ રોજ મંદિરે દર્શન કરવા આવે છે. પણ એ વૈષ્ણવનું હૃદય કહે છે કે હું ઠાકોરજીનાં દર્શન નથી કરતો, હું કેવળ હાજરી પુરાવું છું. આપણે અષ્ટાક્ષરનો જપ કરીએ છીએ. એક માળા તમે કરતા હો તો એટલી મિનિટ તમારું મન એ અષ્ટાક્ષર મંત્રના ભાવનું ચિંતન કરવામાં લાગેલું હોય છે? જેના શરણે હું છું એમ કહીએ છીએ એ યુગલ સ્વરૂપનું-ચિંતન આપણે એ વખતે કરીએ છીએ ખરા? ના. આપણે પેલા પોપટની જેમ અષ્ટાક્ષર મંત્રનું રટણ કરી જઇએ છીએ. આપણી એ ધાર્મિકતા છે, ધર્મશીલતા નથી. માટે તો સૂરદાસજીને ગાવું પડયું. પણ સૂરદાસજી બહુ વિવેકી છે, દીન છે. બીજાને સલાહ આપવાને બદલે પોતાના મનને સંબોધીને ગાય છે: ‘મન રે તું ભૂલ્યો જનમ ગવાય.’ હે મન, તું આ દુનિયામાં સાચો રસ્તો જોવાનો ભૂલીને ખોટા રસ્તે તારો જન્મ ગુમાવી રહ્યું છે, ‘ખબર ન પડી તોકો સિર પર કાલ સદા મંડરાવે’- તારા માથા ઉપર કાળનું ચક્ર સદાય ફર્યા કરે છે. વિચાર કરો, કાલ સુધી આપણે કેટલા નાના હતા! અને આજે કેટલા મોટા થઇ ગયા! માથે સફેદ વાળ આવી ગયા!

જવાહરલાલ નહેરુ એમની આત્મકથામાં કહે છે કે હું નાનો ત્યારે મારી વર્ષગાંઠ આવતી, ત્યારે મને બહુ આનંદ થતો. હું એવું વિચારતો કે આ વર્ષગાંઠ વર્ષમાં એક જ વાર

કેમ આવે છે? રોજરોજ કેમ નથી આવતી? પણ હવે જયારે સફેદ વાળ માથે આવ્યા છે ત્યારે કોઇ મને યાદ કરાવે કે આજે તમારી વર્ષગાંઠ છે, ત્યારે મને દુઃખ થાય છે અને નિસાસો નીકળે છે કે જિંદગીમાંથી હવે એક વર્ષ ઓછું થયું!

જ્યાં સુધી સમય ચાલ્યો જાય છે, વેડફાઇ જાય છે એનું ભાન નહીં થાય ત્યાં સુધી આપણે પણ આપણો જન્મ ગુમાવ્યા કરીશું. 'ખાનપાન અટકયો નિસિવાસર, જિહ્વા લાડ લડાવે.' સૂરદાસજીએ શરણે આવ્યા પછી કયારેય અસમર્પિત નથી લીધું. એ ગાઇ રહ્યા છે કે હે મન, તું આ જીભને લાડ લડાવવામાં તારી જિંદગી પૂરી કરી રહ્યું છે, રાતદિવસ ખાનપાન સિવાય તને બીજા કોઇ વિચાર આવતા નથી.

આપણે બે બાબતોમાં રચ્યાપચ્યા છીએ: એક જીભમાં. જીભનાં બે કામ - ખૂબ ખાવું અને ખૂબ બોલવું. આ બંને કામ આપણને બહુ પ્રિય છે. ખાતાં ખાતાં બોલીએ છીએ અને બોલતાં બોલતાં ખાઇએ છીએ. એ સિવાય બીજું કંઇ કરતા નથી. બીજા રચ્યાપચ્યા છીએ વિષયવાસનામાં. લૌકિકના, મોજમજાના પ્રમોદ સિવાય આપણને બીજા કશામાં રસ નથી. ચિત્તમાં એક જ વાત છે. સવારે ઊઠયા એટલે આજે શું રાંધીશું? અને આજે કયાં ફરવા જઇશું? એ સિવાય નથી પ્રભુના સ્વરૂપનું ચિંતન, નથી સેવામાં કયો મનોરથ કરવો એનો વિચાર. માટે તો સૂરદાસજી બીજા પદમાં કહે છે 'દેખો દુર્મતિ યહ સંસારકી.' આ સંસારના લોકોની ખરાબ બુદ્ધિ તો જુઓ! 'હરિ સો હીરા છોડ હાથ તેં બાંધત પોટ વિકારકી.' પ્રભુ હરિ જેવો હીરો આપ્યો, એને ગોખલામાં પધરાવી દીધો અને દુનિયાની મોજમજાની પોટલી બાંધતા ફરી રહ્યા છીએ! માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે હે પ્રિય વૈષ્ણવો, તમે આ જીવન પેટ ભરવા ખાતર ન જીવશો. શ્રીહરિરાયચરણની આ આજ્ઞા આપણે સમજવા જેવી છે.

શાસ્ત્રો એમ કહે છે કે ૮૪ લાખ યોનિમાં ફરતાં ફરતાં જીવ અંતે મનુષ્ય યોનિને પ્રાપ્ત કરે છે. પ્રભુને પ્રાપ્ત કરવા માટે મનુષ્ય યોનિ સિવાય બીજી કોઇ યોનિ કામમાં આવતી નથી. ધર્મનું આચરણ કેવળ મનુષ્ય યોનિમાં જ શકય છે, એવો મનુષ્યદેહ પ્રભુએ કૃપા કરીને આપ્યો. શ્રીમહાપ્રભુજીએ એવી કૃપા કરી કે વૈષ્ણવકુટુંબમાં આપણને જન્મ આપ્યો અને આપણને બ્રહ્મસંબંધ આપીને પોતાના બનાવ્યા-વૈષ્ણવ કર્યા. પ્રભુને પ્રાપ્ત કરવા માટે હવે અંતર કેટલું? કોઇ એમ પૂછે કે અહીંથી સ્વર્ગ કેટલું દૂર? કયાંથી કૂદકો મારીએ તો સ્વર્ગમાં જલદી પહોંચી જવાય? તો શાસ્ત્રો એમ કહે છે કે સિદ્ધપુરથી સ્વર્ગ તદ્દન નજીક છે. એક કૂદકો મારીએ તો સીધા સ્વર્ગમાં પહોંચી જાવ. સિદ્ધપુર એટલે? જેનું જીવન સિદ્ધ બન્યું છે, જેણે પોતાના જીવનમાં ધર્મનું આચરણ શાસ્ત્રોની આજ્ઞા પ્રમાણે કર્યું છે એને માટે સ્વર્ગ નજીક છે. આપણને સ્વર્ગનું તો કામ

નથી, 'વ્રજ વ્હાલું રે વૈકુંઠ નહીં આવું, ત્યાં નંદનંદન કયાંથી લાવું?' આપણને તો વ્રજ જોઇએ છે, વૈકુઠ પણ નથી જોઇતું. એવું વ્રજ આપણા ઘરમાં, આપણા જીવનમાં કયારે પ્રાપ્ત થાય?

શ્રીમહાપ્રભુજીને શ્રીઠાકોરજીએ બ્રહ્મસંબંધની આજ્ઞા આપી. પછી શ્રીમહાપ્રભુજીએ હરસાનીજીને પૂછયું: 'દમલા, તૈને કછુ સૂન્યો?' દમલાજીએ કહ્યું: 'સૂન્યો તો સહી, પરિ સમજયો નહીં.' આપણી સ્થિતિ પણ આવી છે. સાંભળીએ છીએ તો ખરા, પણ સમજતા નથી. સમજણ કયારે કહેવાય કે જયારે જીવનમાં ઉતારવા માંડીએ. ઘણીવાર વૈષ્ણવો પૂછે છે કે અમારે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો જાણવા છે, સમજવા છે. હું એમને કહું છું કે ભાઇ, પુષ્ટિમાર્ગમાં સમજવા જેવું બહુ ઓછું છે, કરવા જેવું ઘણું છે. 'સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યં ઇતિ મે મતિઃ।' બસ, આટલું જો સમજાઇ જાય તો પછી કંઇ સમજવાનું બાકી નથી રહેતું. સ્મરણ અને સેવા એ બે ન છોડવાં, એમ શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે. હવે સ્મરણ કરવું એમાં શું સમજવાનું છે? સ્મરણ શરૂ કરી દેવાનું છે. સેવા કરવી એમાં શું સમજવાનું છે? ગુરુદેવની આજ્ઞા લઇને આવતી કાલથી સેવાની શરૂઆત કરી દેવાની છે. પણ આપણે શું કરીએ છીએ? કેવળ વાતો જ કરીએ છીએ. નંદદાસજીએ કહ્યું કે 'દીપક બાતનસે ના બરે.' દીવો સળગાવવો હોય તો વાતો કરવાથી દીવો ન સળગે. આપણે પંખાની સ્વીચો બંધ કરી દઇએ અને બેઠાં બેઠાં બૂમો પાડીએ કે પંખો ચાલુ કરો, પંખો ચાલુ કરો. તો થશે ચાલુ? કોઇકે ઊઠીને સ્વીચ ચાલુ કરવી પડશે.

શ્રીહરિરાયચરણ પણ આજ્ઞા કરે છે કે તમે પેટ ખાતર ન જીવો, પ્રભુ ખાતર જીવો. ફેર કેટલો છે? જીવન જીવવાની પદ્ધતિમાં તમારે કોઇ ફેર નથી કરવાનો. આજ સુધી તમે જે કાર્યો કરતાં હતાં તે બધાં ચાલુ રાખવાનાં છે. આપણે પેટ ખાતર જીવતા ત્યારે પણ ઘરમાં રહેતા, પ્રભુ ખાતર જીવીશું. તો પણ ઘરમાં રહીને જીવીશું. આપણા મનને બદલી નાખવાનું છે. ક્રિયાઓને બદલવાની જરૂર નથી. પેલાં માજી ચાર વાગે ઊઠીને કચરો વાળતાં, એ પેટ માટે વાળતાં, ઘર માટે વાળતાં. આપણે આવતી કાલે સવારે કચરો વાળીએ ત્યારે પ્રભુ માટે વાળીએ કે આ મારું ઘર, એ ગોકુળનું એક નાનકડું ઘર છે. યશોદામાના નંદાલયની બાજુમાં આવેલું છે. પ્રભુ મારી કુટિરમાં પધાર્યા છે, અહીં ખેલવાના છે. એમના નાના કોમળ લાલ લાલ ચરણારવિંદને એક કાંકરી પણ ના ખૂંચે માટે હું આ બુહારી કરું છું, આ ભાવથી આવતી કાલે કચરો વાળજો. જુઓ પછી, તમને એક અનોખો આનંદ આવશે. ઘરમાં રોજ ઘસીઘસીને પોતું કરો છો. હવે એ ભાવથી કરજો કે આ ઘરમાં પ્રભુ કેવળ ગોખલામાં કે કબાટમાં નથી બિરાજતા, આખા ઘરમાં

ખેલે છે. એમને પ્રસન્નતા થાય એ માટે હું ઘરને સુંદર શણગારું છું, સ્વચ્છ અને સુઘડ રાખું છું. તો જુઓ, એ સેવા બની જશે. એનો આનંદ આવશે. તેમ રોજ જુદી જુદી રસોઇ કરો છો, પેટના સુખ માટે, જીભના સ્વાદ માટે. કાલથી એવો વિચાર કરો કે આ સામગ્રી મારા પ્રભુને આરોગાવવા માટે હું બનાવું, કારણ કે 'આજ ગોપાલ પાહુને આયે'- પ્રભુ મહેમાન બનીને મારે ત્યાં પધાર્યાં છે. જુઓ, તમને કેટલો આનંદ આવે છે! તમને સારાં વસ્ત્રો પહેરવાનો શોખ છે. ખુશીથી પહેરો, અલંકાર પહેરો; પણ વિચાર એવો રાખો કે આ પહેરીને મારા પ્રભુની સામે જઇશ, મારા પ્રભુ જોઇને બહુ રાજી થશે. પ્રભુના રાજીપા માટે હું આ પહેરું છું. જુઓ, તમારું આખું કામ બદલાઇ ગયું.

વ્રજભક્તો પણ આ જ કરતાં હતાં. ગોકુળમાં ઠાકોરજી પધાર્યા ત્યારથી વ્રજભક્તોના જીવનમાં કૃષ્ણ સિવાય બીજું કંઇ હતું જ નહીં. જાગતાં હતાં કૃષ્ણને જગાડવા માટે, રસોઇ કરતાં હતાં કૃષ્ણને જમાડવા માટે, સૂઇ જતાં હતાં, કૃષ્ણનું સ્વપ્નું જોવા માટે, વનમાં જતાં હતાં કૃષ્ણને છાક આરોગાવવા માટે, 'પ્રાત સમે ઊઠી વ્રજબાલા, ગાવત મંગલ ગીત રસાલા.' એમનું જીવન શરૂ થતું હતું કૃષ્ણનાં મંગલ ગીતોથી. 'કર સિંગાર મથનિયાં ધોવે.' એ પોતે સ્નાન કરી, શૃંગાર કરી પછી જળની માટલી ધોતાં, કેમ કે આમાં જે જલ ભરીશ એ મારા કૃષ્ણ આરોગવાના છે. 'અપનો અપનો દહ્યો બિલોવે, મથન કરે મોહન જશ ગાવે.' ઘરમાં દહીં વલોવે છે, પણ યશ ગાય છે પ્રભુના. ઘરકામ કરતાં જાવ, પ્રભુને યાદ કરતાં જાવ, તો આપણું જીવન પણ પ્રભુમય બની જશે, આપણું ઘર પ્રભુમય બની જશે, આપણું આખું કુટુંબ પ્રભુમય બની જશે. શ્રીહરિરાયચરણ અને શ્રીગોપેશ્વરજી અહીં આજ્ઞા કરે છે કે સેવાના બાકીના સમયમાં વૈષ્ણવોએ વ્યાવૃત્તિ અવશ્ય કરવી. પણ વિચાર એ કરો કે મારા પ્રભુને લાડ લડાવવા માટે હું નોકરી કરું છું. મારા ઘરમાં બધા વૈષ્ણવો છે, વૈષ્ણવોની સેવા માટે હું વેપાર કે નોકરી કરું છું. આપણી નોકરી અને વેપાર એ પણ સેવા બની જશે, આપણી ઊંઘ સેવા બની જશે. આપણે સિનેમા જોવા જઇએ. ભલે જાવ, ખુશીથી જાવ; પણ મનમાં વિચાર એ કરો કે ગોદમાં મારા પ્રભુજી બિરાજી રહ્યા છે, તે આનંદ લઇ રહ્યા છે માટે હું જાઉં છું. તો સિનેમા જોવાનું પણ સેવા બની જશે.

આજ સુધી આ જગતમાં આપણે પોતાને માટે જીવતા હતા, શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે તમે બ્રહ્મસંબંધ લીધું છે, તમારું બધું પ્રભુને સોપી દીધું છે, હવે તમે પ્રભુના માટે જીવો. શ્રીમહાપ્રભુજી 'સર્વનિર્ણય'માં ત્યાં સુધી આજ્ઞા કરે છે કે જો ઘરમાં રહીને શ્રીઠાકોરજીની સેવા તમારાથી ન બને તો એ ઘર છોડીને જતા રહો, તમને ઘરમાં

રહેવાનો અધિકાર નથી. ઘરમાંથી કયાં જશો? શ્રીમહાપ્રભુજી સમજાવે છે કે યાત્રા કરો. રખડયા કરો. જેનાથી સેવા ન બને એણે યાત્રા કરવી, આજે આપણે આ જ કરીએ છીએ. ઘરમાં સેવા નથી બનતી, ચાલો બેઠકો કરવા. ઘરમાં સેવા નથી બનતી, ચાલો શ્રીનાથજી. ઘરમાં સેવા નથી બનતી, ચાલો વ્રજમાં! ત્યાં જઇને શું કરીએ છીએ? આપણા મનને પૂછી લેવાનું. સૂરદાસજીએ કહ્યુ 'હે જીવ, હે મન, તું આ દુનિયાના સંબંધોમાં લપટાયો છે. તું એમ માને છે કે તારી આ પત્ની છે તો તું સુખી છે, આ દીકરો છે તો સુખી છે. પણ યાદ રાખજે, 'બિન ગોપાલ નહીં કોઇ અપનો.' ઠાકોરજી વિના તારું કોઇ સગું નથી.

સાચા સગા છો શ્રીનાથજી, સોહાગી મારે સાચા સગા શ્રીનાથજી,
બીજું સગું સૌ મુખથી કહેવાનું, દુઃખમાં કોઈ નહીં આવે સાથજી.

દુઃખ આવે ત્યારે બધાં આવીને આશ્વાસન તો આપી જાય, પણ આપણું દુઃખ બીજું કોઇ ભોગવવા આવતું નથી. ભોગવવું પડે છે કેવળ હૃદયમાં બિરાજતા પ્રભુને. આપણું શરીર રોગ ભોગવે ત્યારે પ્રભુને પણ પરિશ્રમ પડે છે. સૂરદાસજી કહે છે, 'કૌન માત-પિતા સુત ઘરની.' કોણ બાપ ને કોણ મા, કોણ પત્ની ને કોણ દીકરો! 'યહ સબ જગ રેનકો સુપના.' આ દુનિયા તો એક રાતનું સ્વપ્ન છે. છતાંય આપણને એ સ્વપ્નું વધારે મીઠું લાગે છે. 'મન મલિન ઘર ઘર પ્રતિ ડોલત, ઉદર ભરત હેત'- હે મન, તું કેટલુ ગંદું છે, મલિન છે! બે કોળિયા અનાજ માટે ઘેર ઘરે ભટકે છે.

આપણને જોઇએ એટલું ઠાકોરજી આપતા હોવા છતાંય વધારે ને વધારે કેમ મળે એના પ્રપંચમાં ફસાયેલા છીએ. હજાર મળે એને દસ હજાર જોઈએ, દસ હજાર મળે એને લાખ જોઈએ. લાખ મળે એને કરોડ જોઇએ અને કરોડ મળ્યા પછી આપણી કરોડ ભાંગી જાય છે. એ કરોડને સાચવવાની ઉપાધિનાં પોટલાં એવાં આવે છે કે નથી સેવા સૂઝતી, નથી સ્મરણ સૂઝતું. મુંબઇમાં એક વૈષ્ણવને ત્યાં એક દિવસ જવાનું થયું. બહુ જ રાગભોગ શૃંગાર પ્રભુને અંગીકાર કરાવવાની એમની તૈયારી. ઠાકોરજીને શૃંગાર આપવા બેઠેલા અને બાજુમાં ટેલિફોન. મિનિટે મિનિટે ઘંટડી વાગતી. શૃંગાર ધરતા જાય, વાતો કરતા જાય. મેં કહ્યું, આ બધું પહેલાં પતાવી લો ને! પછી ધરજો શૃંગાર. કેમ કે તમારા મોંના છાંટા પ્રભુને ઊડે છે. તમે નારાયણની સેવા કરો છો કે નારાયણનાં પત્નીની સેવા કરો છો!

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે તમે પેટ ખાતર કદી ન જીવશો, જીવનમાં સંતોષ રાખજો. શ્રીગોપેશ્વરજી તો એવી આજ્ઞા કરે છે કે આપણે દિવસમાં એક પ્રહર અને ચાર ઘડી નોકરી કે વેપાર કરવો. બાકીનો સમય સેવા-સ્મરણ કરવાં.

શ્રીગુસાંઈજીના એક સેવક થઈ ગયા. તે એકલા હતા. નોકરી કરવાની જરૂર પડી. શ્રીગુસાંઈજીના સેવક નારણદાસ દીવાનને ત્યાં નોકરીએ ગયા. એમણે સાવચેતી રાખીને પોતે શ્રીગુસાંઈજીના સેવક છે એવું બતાવ્યું નહીં. શરત એટલી કરી કે હું તમારે ત્યાં બપોરેના બાર વાગ્યે આવીશ અને ચારના ટકોરા પડશે એટલે ઊભો થઈ જઈશ. તમે જે પગાર આપતા હો એનાથી ભલે અડધો આપજો, પણ ચાર વાગ્યા પછી એક મિનિટ ઊભો નહીં રહું. દીવાને કહ્યું, ભલે. તેઓ રાજભોગ ધરીને, પ્રસાદ લઈને જાય ત્યારે ઠાકોરજીને વિનંતી કરી કે આપ ઘરમાં ખેલજો. આ ખિલોનાં છે, હું ચાર વાગે આવીશ. ઠાકોરજી એમનો છેડો પકડીને પૂછે, 'સાંજે આવીશ ત્યારે મારા માટે શું લાવીશ?' એ કહે 'આજે તમારા માટે સુંદર કેરી લાવીશ.' ઠાકોરજી આજ્ઞા કરે, ભલે જાવ. ચાર વાગે એટલે તરત ઊભા. ચાર કલાકમાં કામ કરે આઠ કલાકનું. એ જાણતા હતા કે જે મને પગાર આપે છે એનો શેઠને મારે બરાબર લાભ આપવો જોઈએ, પ્રામાણિકતાથી મારે નોકરી કરવી જોઈએ. બજારમાંથી કેરી લઈને ઘેર આવે. સાંકળ ખખડાવે. ઠાકોરજી અંદરથી પૂછે, મારા માટે શું લાવ્યો? તે કેરી બતાવે ત્યારે પ્રભુ દ્વાર ખોલે. પ્રભુ એમના ઉપર પ્રસન્ન કેમ હતા? એ પ્રભુનું સુખ વધારે વિચારતા. પોતાના જીવન માટે નોકરી કરતા નહોતા. પ્રભુની પ્રસન્નતા માટે નોકરી કરતા હતા. માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે વૈષ્ણવે પેટ ભરવા ન જીવવું, વૈષ્ણવે પ્રભુની સેવા કરવા માટે જ જીવવું.

આપણે જોઈ ગયા કે આપણામાં ધાર્મિકતા છે પણ ધર્મશીલતા નથી. શ્રીહરિરાયચરણ આ શિક્ષાપત્રમાં આપણને ધર્મશીલતા સમજાવે છે કે વૈષ્ણવમાં કેવું જીવન જીવવાની તૈયારી જોઈએ? આપણે કેવું જીવન જીવીશું? સંસ્કૃત સુભાષિતકારે તો બહુ સાચું કહ્યું:

"આહારનિદ્રભયમૈથુનં ચ, સામાન્યમેતદ્ પશુભિર્નરાણાં."

ખાવું, ઊંઘવું, બીક લાગે તો ભાગી જવું અને પ્રજા ઉત્પન્ન કરવી આ ચાર તો પશુ પણ કરે છે અને આપણે પણ કરીએ છીએ. આપણામાં અને પશુમાં ફેર શો?

આપણું જીવન પણ આ પશુઓના જેવું બનતું જાય છે. ત્યારે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આપણે વૈષ્ણવ તરીકે જીવવું હોય, વૈષ્ણવ તરીકે રહેવું હોય તો શું શું કરીશું? સૌથી પહેલાં તો આપ કહે છે કે આ સંસારમાં કયાંય સાચો આનંદ નથી, બધે કલેશ છે એ વાત બરાબર સમજી લેજો. સાચો આનંદ કયાંય નથી, જે કંઈ છે એ ઝાંઝવાનું પાણી છે, મૃગજળ છે. દુનિયામાં જેને આપણે આનંદ કહીએ છીએ, એ આનંદ છે જ નહીં, એ તો દુઃખનું કારણ છે. સાચો આનંદ કેવળ પ્રભુ છે, તે આનંદ પ્રભુ જ આપી શકશે અને તે કેવળ પ્રભુમાં જ પ્રાપ્ત થશે.

થોડાંક વર્ષો પહેલાંની વાત છે. મુંબઇમાં 'હરેકૃષ્ણ'વાળાનો આશ્રમ છે, ત્યાં જવાનું થયું. એ આશ્રમના મુખ્ય સંચાલક સ્વામીજીને મળવાનું થયું.વાતવાતમાં મેં એમને પૂછયું કે આપ નામસ્મરણ કરો છો એમાં આપને જે આનંદ આવે છે, એ આનંદ હંમેશ માટે ટકી રહે છે ખરો? એમણે અડધી મિનિટ મારી આંખોમાં આંખો પરોવીને મને પૂછયું, મારે સાચું કહેવું જોઇએ? મેં કહ્યું, ચોક્કસ આપણે પ્રભુની સામે ઊભા છીએ, ખોટું તો બોલાય જ કેમ? એમણે કહ્યું કે ભગવન્નામ લઇને એટલો વખત અમને આનંદનો અનુભવ થાય છે; પણ પછી એ આનંદ ખોવાઇ જાય છે. મેં કહ્યુ એનું કારણ શું? તેઓ કહે, એ અમે શોધી શકયા નથી.

એનું કારણ શ્રીમહાપ્રભુજીએ શોધ્યું છે. ભગવન્નામ ચૂકી જઇએ એટલે મન પાછું બહિર્મુખ થાય છે, સંસારમાં રચ્યુંપચ્યું થાય એટલે પાછો એ આનંદ જતો રહે છે.

કુંભનદાસજીની વાર્તા તમે બહુ સારી રીતે જાણો છો. એક દિવસ સવારે કુંભનદાસજી સ્નાન કરીને ખેતરમાં વૃક્ષની નીચે બેઠા છે. શ્રીજીબાવા સામેથી પધાર્યા છે, ગોદમાં બિરાજયા છે અને કહે છે, કુંભના, આજે તને ખાનગી વાત કહેવા આવ્યો છું, તું કોઇને કહીશ નહીં હોં! કુંભનદાસજી કહે છે, ભલે, હજી શ્રીજીબાવા વાત શરૂ કરે એ પહેલાં તો સામેના દરવાજામાંથી રાજા માનસિંહ આવે છે, શ્રીજીબાવા એને જોતાં, ભાગી જઇને વૃક્ષની પાછળ સંતાઇ જાય છે. કુંભનદાસજી મનમાં ને મનમાં અપ્રસન્ન થાય છે કે આ યમદૂત કયાંથી આવ્યો, જે મને મારા પ્રભુથી દૂર લઇ જાય છે! આ તો અક્રૂર છે. આપણે પણ આવું થાય છે. માંડ પ્રભુમાં મન પરોવાય ત્યાં કોઇક અક્રૂર મનમાં આવીને ઊભો રહી જાય છે. એ અક્રૂરનું નામ એની ફોઇએ ખોટું પાડયું છે, એ અ-ક્રૂર નથી, એ ક્રૂર છે; કારણ કે પ્રભુને દૂર લઇ જનારો છે. મનમાં સહેજ પ્રભુનું ધ્યાન આવે, ઝારીજી ભરતાં, 'નમામિ, યમુનામહં' બોલીએ ત્યાં કોઇક બૂમ પાડે એટલે પાછું મન બહાર રવાના. અક્રૂર આવી ગયો. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા અક્રૂરોથી ચેતતા રહેવા માટે સૌથી પહેલાં આપણા મનને સમજાવી દેવાની જરૂર છે કે આ દુનિયામાં જીવવું હોય તો પાણીમાં જેમ કમળ જીવે એવી રીતે જીવજો. કમળ પાણીમાં રહે છે, પણ પાણીથી ભીંજાતું નથી.

શ્રીદયારામભાઇએ બહુ સુંદર વાત 'ભક્તિપોષણ'માં બતાવી, 'જગત જાણે, એ છે જંજાળી.' જગતને એમ જણાવા દેજો કે આ માણસ તો બહુ જંજાળી છે, પણ 'રાખે હ્રદે ત્રિકમજી શું તાળી.' - હ્રદયમાં એ એકલો જાણે છે કે મારી તાળી તો મારા પ્રભુ ત્રિકમલાલ સાથે છે, બીજા કોઇ સાથે નથી. હરતાં ફરતાં, ખાતાં પીતાં, દુનિયામાં ફરતા એને એક જ દર્શન થાય છે; 'પ્રભુ નંદ કુમારો મે સ્વામિની વૃષભાનુજા, કૃતાર્થોહમ્, કૃતાર્થોહમ્, કૃતાર્થોહમ્ ન સંશયઃ' એ આસમાનને જુએ છે અને એને શ્યામસુંદરનાં

દર્શન થાય છે. એ કોઈકનાં નેત્રોની કીકી જુએ છે અને એને 'શોભા સલૂણા શ્યામની દેખાય છે. એ કમળ જુએ છે અને એને શ્યામસુંદરનાં રકિતમ નેત્રોનાં દર્શન થાય છે. એને પ્રત્યેક વસ્તુમાં પોતાના પ્રભુ સિવાય બીજા કોઈનાં દર્શન થતાં નથી. ભલે ને એ પેન્ટશર્ટ પહેરે છે, ભલેને એ લેટેસ્ટ યુરોપિયન સ્ટાઈલના પોષાક પહેરે છે, ભલે એ ચિત્રો જુએ છે, સિનેમા જુએ છે, નાટક જુએ છે, દુનિયામાં પાનાં રમે છે-બધું કરે છે; પણ એનું ધ્યાન તો એક જ છે, શ્યામસુંદરમાં. બીજે ક્યાંય નથી.

દુનિયામાં બધું કરતાં-ખાતાં પીતાં, ઊઠતાં બેસતાં, રમતાં, હસતાં, વાતો કરતાં એ શ્રીજીબાવાનું મલકતું મુખારવિંદ આપણને બધે દેખાયા કરે, એમાં જ રચ્યાપચ્યા બન્યા રહીએ, એ સિવાય બીજી કોઈ વાત ન હોય એવું જીવન બનાવી દેવાનું છે. એવું જીવન બનાવી દેવા માટે તો 'પ્રભુ કયારે પ્રાપ્ત થાય,'- એનો વિરહ બહુ જરૂરી છે. આપણે તો હજી પ્રભુની સેવા શરૂ નથી કરી, ત્યાં વિરહ થાય કયાંથી? હજી તો કન્યા જોઈ નથી કે નક્કી કરી નથી, કન્યા સાથે સંબંધ બંધાયો નથી, ત્યાં એનો 'વિરહ કરો' એમ કોઈ કહે, તો એનો વિરહ કરવો કેવી રીતે? પ્રેમ થયા પહેલાં વિરહ થતો નથી. પ્રભુને પ્રેમ કરતાં શીખવો હોય તો સેવા કરવી પડશે, કેવળ વાતોનો પ્રેમ પુષ્ટિમાર્ગમાં નહિ ચાલે.

ગુજરાતના એક જાણીતા લેખક અને કવિ થઈ ગયા ઝવેરચંદ મેઘાણી. એમણે દુનિયાના પ્રેમ માટે જે કહ્યું છે એ પુષ્ટિમાર્ગના દૈવી પ્રેમ માટે પણ સાચું છે. 'પ્રેમનો લાડુ વાતો કરવાના પોચા પાણીથી નથી બંધાતો, એમાં તો જોઈએ છે ખપી જવાની તાકાતનું પાકી તાવણનું ઘી.' આપણા બધાંનો પ્રેમનો લાડુ વાતોનો લાડુ છે, ખપી જવાની તાકાતનો લાડુ નથી. ઠાકોરજી ઉપર બહુ પ્રેમ છે એમ કહી છીએ ખરા અને એ પ્રભુને રોજ મિસરીની કટોરી ધરીને આપણે મનગમતાં પકવાન અને ફરસાણ રોજ ઝાપટીએ છીએ!

હમણાં સૌરાષ્ટ્રના એક વૈષ્ણવની વાત સાંભળી. ઘેર બે દીકરાનું સાથે લગ્ન છે. ગામડાના ખેડૂત વૈષ્ણવ છે. બે વહુઓને ચડાવવા માટે દાગીના બનાવવાના છે. પત્નીએ કહ્યું કે, બે જણને કંઈ નહીં તો પાંચ પાંચ તોલા સોનું તો આપવું પડશે. ઘરમાં દસ તોલા છે, એને ભગાવીને બન્ને વહુઓના પાંચ પાંચ તોલાના દાગીના બનાવી દઈએ. વૈષ્ણવ કહે કે ના, એ નહીં બને, ઘરમાં જે દસ તોલા સોનું છે એના ત્રણ ભાગ થશે. તમારા દીકરાની વહુ પછી, આપણો દીકરો અંદર બિરાજે છે, એની વહુ પણ આવવાની છે. પહેલાં આપણા ઠાકોરજીના ચાર તોલાના શૃંગાર કરાવો, પછી તમારી બે વહુઓના ત્રણ ત્રણ તોલાના શૃંગાર થશે. આનું નામ ખપી જવાની પાકી તાવણનું ઘી!

આપણે તો કહીએ છીએ કે એને તો ગુંજામાળા ધરી એટલે રાજી રાજી! આખો શૃંગાર થઇ ગયો. હા, વાત સાચી છે. તે ગુંજામાળાથી રાજી થઇ જાય છે, જો આપણે કેવળ ગળામાં તુલસીની માળા પહેરીને રહીએ તો. પણ આપણા ગળામાં સોનાનો અછોડો હોય, આપણા કાનની અંદર સાચા હીરાનાં એરિંગ હોય, આપણા હાથમાં સોનાનાં કંકણ હોય અને આપણા પ્રભુને એકલી ગુંજાની માળા ધરીએ તો એ આપણી લુચ્ચાઇ છે, એ આપણું ઠગારાપણું છે, પ્રભુ પ્રત્યેનો એ પ્રેમ નથી. માટે શ્રીહરિરાયચરણ અહીં સમજાવે છે કે પ્રભુને પ્રાપ્ત કરવાનો વિરહ તો ત્યારે થશે કે જયારે પ્રભુના સુખ માટે આપણે આપણું સર્વસ્વ ન્યોછાવર કરી દઇશું. પ્રભુ તો પેલા અકિંચન વૈષ્ણવને મળે, જે વૈષ્ણવ નાનકડી ઝૂંપડીમાં ઠાકોરજીને પધરાવીને ચોમાસાના મૂશળધાર વરસાદમાં ઝૂંપડીની બહાર પલળતાં બેસી રહ્યા છે. પ્રભુ આજ્ઞા કરે છે કે તમે અંદર આવો, તમે પલળો છો, એ મારાથી સહન થતું નથી.

ત્યારે આપણે શું કરીએ છીએ? આપણે પંખા નીચે સૂઇ રહીએ છીએ, આપણે અગાસીમાં સૂઇ જઇએ છીએ, આપણે પ્રભુએ આપ્યું હોય તો ઍરકન્ડીશનર વસાવીએ છીએ. ત્યારે વિચારીએ છીએ કે ઘરમાં મારા પ્રભુ કયાં પોઢયાં છે? એમને કેટલો પવન આવે છે? એમનું સુખ શું છે? આપણો પ્રેમ એ વાતો કરવાનો પોચા પાણીનો પ્રેમ છે, આપણો પ્રેમ ખપી જવાની તાકાતનો પાકી તાવણના ઘીનો પ્રેમ નથી.

એક વૈષ્ણવનાં દર્શન થયાં. સાંજનો સમય છે, ઘેર આવેલા છે. તેમને સુંદર મજાનું લીંબુનું પ્રસાદી જળમાં કરેલું શરબત આપવામાં આવ્યું. તેમણે ઘડિયાળ સામે જોઇને કહ્યું, હમણાં મૂકી રાખો, હું કલાક રહીને લઇશ. મને હમણાં જરા ઠીક નથી. એ વાતો કરતા રહ્યા મારી સાથે. પાંચ વાગ્યા એટલે તેમણે કહ્યું, હવે હું પેલું શરબત લઇશ. મેં કહ્યું, તમે આપેલું કારણ બરાબર નથી, શરબત ન લેવાનું કારણ કંઇક જુદું છે. જો વાંધો ન હોય તો કહો. તેમણે કહ્યું ભાઇ, બીજું કંઇ કારણ નથી. અમારા ઘેર સાડાચારથી પાંચના વચ્ચે ઠાકોરજીને ઉત્થાપન થાય છે. તમે શરબત આપ્યું ત્યારે અમારા ઠાકોરજી જાગ્યા નહોતા. હજી તેમને શીતળ જળનાં ઝારીજી અને ઉત્થાપનના ભોગનો શીતળ પનો ધરાવ્યો નહીં હોય. મારા પ્રભુ ન આરોગ્યા હોય તો મારાથી કેમ લેવાય?

શ્રીગોકુળનાથજીને કલ્યાણ ભટ્ટ પૂછે કે, કૃપાનાથ! તાદશી વૈષ્ણવ કેવો હોય? તાદશી વૈષ્ણવનું લક્ષણ શ્રીગોકુળનાથજીએ કલ્યાણ ભટ્ટને મુખારવિંદથી વચનામૃત કરીને નથી સમજાવ્યું. આજ્ઞા કરી કે કોઇક દિવસ દર્શન કરાવીશ. પછી આવ્યો શ્રીગોકુળનાથજીનો જન્મ દિવસ. આખા ગોકુળના વૈષ્ણવોને મહાપ્રસાદનું નિમંત્રણ છે. સૌ મહાપ્રસાદ લેવા બેઠા છે. કલ્યાણ ભટ્ટ સાથે શ્રીગોકુલેશ પ્રભુ પધારે છે. એક

વૈષ્ણવે ફરિયાદ કરી, મહારાજ! આ બાજુમાં બેઠા છે તે વૈષ્ણવ આજે આપના જન્મદિવસના મંગલ દિને રડી રહ્યા છે, આંસુ પાડે છે. શ્રીગોકુલેશ પ્રભુએ તેમને પૂછયું, વૈષ્ણવ, કેમ રડો છો? વૈષ્ણવ ગળગળા થઈ ગયા. થોડી વાર પછી હાથ જોડીને કહે છેઃ 'કૃપાનાથ! આપની આજ્ઞાથી મહાપ્રસાદ લેવા આવ્યો છું; પણ મારા પ્રભુનું સ્મરણ થઈ આવ્યું. હું તેમને તો બાજરીનો રોટલો અને શાક આરોગાવીને આવ્યો છું. આમાંની એકેય સામગ્રી મારા પ્રભુએ આરોગી નથી. એટલે મારા મોંમાં આ મહાપ્રસાદ જતો નથી. પ્રભુને યાદ કરીને રડું છું. શ્રીગોકુલેશ પ્રભુ એ વૈષ્ણવને ઊભા કરે છે. તેમનાં અશ્રુ લૂછે છે અને પ્રેમથી આજ્ઞા કરે છે કે 'જાવ, તમે આવ્યા એટલે મને આનંદ થયો. જલદી ઘેર પહોંચી જાવ.' પેલા વૈષ્ણવ હવે હસવા લાગ્યા છે, દોડતા દોડતા ઘેર જાય છે. આપે કલ્યાણ ભટ્ટને આજ્ઞા કરીઃ 'આ તાદશી વૈષ્ણવ. તેના ઠાકોરજી નથી આરોગ્યા એવી એક પણ વસ્તુ લેવા માટે એ તૈયાર નથી!' માટે શ્રીદયારામભાઈએ મર્મવાક્ય કહ્યુંઃ 'વૈષ્ણવ નથી થયો તું રે હરિજન નથી થયો તું, શીદ ગુમાનમાં ઘૂમે.'

આજેય આવા વૈષ્ણવો છે હોં. તમે પાટણની પુષ્ટિમાર્ગીય પાઠશાળાનાં જે પુસ્તકો વાંચો છો અને ઉપયોગ કરો છો, તેનું બધું કાર્ય સેવાભાવે કરનાર અમારા મુરબ્બી પરમ ભગવદીય શ્રીરમણિકભાઈ છે તે આ કક્ષાના વૈષ્ણવ છે. ઘરમાં જોયું કે ઠાકોરજીને સખડી ભોગ ધરવાની અનુકૂળતા નથી એટલે તેમણે તેમની યુવાનીમાં નિર્ણય કર્યો, કે ઠાકોરજીને હું સો ગ્રામ મગફળીના દાણા ધરી શકીશ. તો તે સો ગ્રામ મગફળીના દાણા શ્રીઠાકોરજીને ધરે અને એટલા જ લઈને એ જીવે. તેમના દાંત પડી ગયા. દાણા ચાવવા કેવી રીતે? એટલે તેનો ભૂકો કરીને ઠાકોરજીને ધરે અને તે લઈને રહે. તે પણ ન લઈ શકાય એવી સ્થિતિ આવી એટલે લીલો મેવો, તુલસી વગેરે જે ઠાકોરજીને ધરે એ લઈને આજે એ રહે છે, એ સિવાયનું કશું લેતા નથી. છેલ્લાં ત્રીસ વર્ષથી એમણે અનાજ જોયું નથી. આ તાદશી વૈષ્ણવ. એમનાં દર્શન કરીએ તો આપણે પાવન થઈ જઈએ.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે જો આવો પ્રેમ પ્રભુમાં થાય, તો પ્રભુને પ્રાપ્ત કરવાનો વિરહ થશે. નંદદાસજીએ તો વિરહના પ્રકારો બતાવ્યા. તેમાંનો એક વિરહ છે પ્રત્યક્ષ વિરહ. ઠાકોરજી ન બિરાજતા હોય ત્યારે તો વિરહ થાય, પણ સામે ઠાકોરજી બિરાજતા હોય અને વિરહ થાય, આંખોમાંથી આંસુ ચાલ્યાં જાય કે હમણાં અહીંથી પધારી જશે તો મારું શું થશે? શૃંગાર ધરતા જાય, એક એક માળા ધરાય અને આંખમાંથી આંસુ ટપકી જાય અને પૂછતા જાય કે તમે પધારી તો નહીં જાવ ને? તમે અહીં જ બિરાજશો ને? તમે હમેશાં મારી સેવા અંગીકાર કરશો ને! આનું નામ પ્રત્યક્ષ વિરહ. આવું જીવન બનાવવું છે. એ કયારે બને? સંસારની વિસ્મૃતિ થાય ત્યારે.

સંસારની વ્યાખ્યા શ્રીમહાપ્રભુજીએ કરી. સંસાર એટલે અહંતા અને મમતા. આ હું કરું છું એ કહેવાનું બંધ કરી દઈએ. આ મારું છે એનું નામ મમતા.

એક બહુ જ રમૂજી પ્રસંગ છે. સૌરાષ્ટ્રના એક ગામમાં એક ગોસ્વામી બાળક પધાર્યા. એક વૈષ્ણવે કહ્યું: 'કૃપાનાથ! અમારું શું છે? અમારું કંઇ નથી, આ જે છે તે આપનું છે!' એ વૈષ્ણવને આપશ્રીએ હસતાં હસતાં કહ્યું: 'એમ, આ બધું જ અમારું?' એટલે કહે: 'હા કૃપાનાથ!' આપનું જ છે.' 'સારું ત્યારે આ ઘરની ચાવીઓ મને સોંપી દો ને!' 'હેં....હેં...!' આપણું આવું છે હોં. પ્રભુને આપણે કહીએ ખરા કે પ્રભુ, આ બધું તમારું; પણ આપણે જ એ વાપરીએ છીએ, પ્રભુને માટે કશું વાપરતા નથી! માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે, અહંતા અને મમતાને હૃદયમાંથી કાઢી નાખવી. ઘરમાં રહે છે એ સૌ વૈષ્ણવ છે. વૈષ્ણવોની સેવા આપણને મળી છે, એવો વૈષ્ણવી ભાવ આપણે આપણાં કુટુંબીજનોમાં અને સગાંવહાલામાં રાખીએ, તો મને લાગે છે કે જીવનમાં કલેશ નહીં આવે, જીવનમાં આનંદ આવશે. સાસુ અને વહુ છે એમ માનીશું ત્યાં સુધી સાસુ-વહુની આંખો લડશે. નણંદ ભોજાઇના સંબંધોને યાદ કરીશું તો એમની આંખો લડશે. બાપ દીકરાનીયે કયારેક લડશે. મા-દીકરી પણ કયારેક ઊંચા અવાજે બોલશે. પણ જે દિવસે એમ માનીશું કે આ બધા વૈષ્ણવ છે- તે દિવસે આપણો વ્યવહાર બદલાઈ જશે. મારા ઉપર હમણાં એક વૈષ્ણવનો પત્ર આવ્યો કે અમારાથી બીજું નથી બનતું. ઘરમાં ઠાકોરજીની સેવા નથી બનતી, વૈષ્ણવોની સેવા કરવાનું મન છે. અમને કંઇક રસ્તો બતાવો. મેં એમને લખ્યું કે ભાઇ, વૈષ્ણવોની સેવા કરવાનો મનોરથ તમારો ઉત્તમ છે. ગામમાં વૈષ્ણવને શોધવા નીકળો એ પહેલાં તમારા ઘરમાં જેટલા છે એ બધા વૈષ્ણવો છે, એમની સેવા શરૂ કરી દો. જુઓ, પછી તમને કેટલો આનંદ આવે છે. તમે સૌને ઘેર રસોઇ કરીને જમાડો છો એ વૈષ્ણવની સેવા છે, તમે ઘરમાં સૌનાં કપડાં ધૂઓ છો એ વૈષ્ણવની સેવા છે, તમે ઘરમાં સૌને માટે પથારી કરી દો છો એ વૈષ્ણવની સેવા છે. આપણે ઘરના વૈષ્ણવોની સેવા છોડીને બહારના વૈષ્ણવોની સેવા કરવા દોડીએ, તો ઘરના વૈષ્ણવો કેટલા અપ્રસન્ન થાય? હું તો એમ કહું કે દીકરાને તમે ફરવા લઇ જાવ અને દીકરો થોડોક રાજી થાય એ પણ વૈષ્ણવની સેવા છે, જો એ ભાવથી તમે એને લઇ જાવ તો.

વૈષ્ણવની સેવા કરવાનો ભાવ રાખીને જો આપણે ઘરમાં સૌને રાજી કરવાનો સવારથી રાત સુધી પ્રયાસ કરીશું, મીઠું બોલીને સૌના મનને પ્રસન્ન કરીશું, કડવું કહીને કોઇનું દિલ ન દુભાવીએ તો એ વૈષ્ણવની મોટામાં મોટી સેવા થશે. આ રીતે કરતાં કરતાં આપણું હૃદય શુદ્ધ બનશે, પ્રભુ પ્રત્યે પ્રેમવાળું બનશે. એમાં ઠાકોરજી આવીને કયારે બિરાજી જશે એની ખબર જ નહીં પડે.

બ્રહ્મસંબંધ લીધું એ દિવસથી શ્રીઠાકોરજી આપણા હૃદયના મંદિરના દ્વારે આવીને ઠાડા છે. સતત ડોર-બેલ વગાડયા જ કરે છેઃ 'દરવાજો ખોલો, મારે અંદર આવવું છે,' પણ આપણે અંદરથી નફ્ફટ થઇને કહીએ છીએ કે 'મહારાજ, હમણાં ફુરસદ નથી. બહાર ઊભા રહો. હું ઘરડો થઇશ, જંજાળ છોડીશ પછી તમે કૃપા કરશો અને સેવા કરાવશો ત્યારે દરવાજો ખોલીશ.' આપણે ફરિયાદ કરીએ છીએ કે અમારે સેવા કરવી છે, પ્રભુ કૃપા કરશે ત્યારે કરીશું, શ્રીમહાપ્રભુજીની કૃપા થશે તો કરીશું. આવું કોઇ કહે છે ત્યારે મને હસવું આવે છે.

ત્યારે મને એક મૂર્ખ માણસ યાદ આવે છે. એણે એના ઘરનાં બધાં બારી-બારણાં બંધ કરી દીધાં અને બૂમો પાડવા માંડયો કે કોઇ સૂર્યને કહો કે એનાં કિરણો મારા ઘરમાં આપે, કોઇ સૂર્યને કહો કે મારા ઘરમાં કિરણો નાખવાની કૃપા કરે. પડોશીઓ બહારથી કહે છે, ભલા માણસ! સૂર્યને કહેવા જવાની જરૂર નથી, સૂર્ય તો બધાની ઉપર કૃપા કરે છે. આ બારીબારણાં ખોલી નાખ ને! શ્રીમહાપ્રભુજીએ આપણને બ્રહ્મસંબંધ આપ્યું ત્યારેથી સેવા કરવાની કૃપા કરી જ છે. આપણે આપણાં આંખ, કાન, નાક, મોં રૂપી બારીબારણાં બંધ કરી દીધાં છે એ ખોલી નાખીએ, અને આપણે સેવા કરવા તત્પર થઇ જઇએ, તો પ્રભુ સેવા લેવા તત્પર છે જ.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવી સેવા કરતાં કરતાં તમને પછી જગતમાં બધે પ્રભુની જ સ્ફૂર્તિ થશે. તમને હંમેશ એમ થશે કે બધામાં મારા પ્રભુ બિરાજે છે. એવા પ્રભુના અનન્ય દાસ બનીને જો આપણે રહીએ, તો આપણા ઉપર પ્રભુ અવશ્ય કૃપા કરશે. પ્રભુ સાક્ષાત્ દર્શન આપી, માગી માગીને આરોગતા આવ્યા છેં અને આજે પણ આરોગે છે. સવાલ એટલો જ છે કે આપણી આંખોનાં બારણાં ખોલી કાઢીએ, આપણા કાનના દરવાજા ખોલી નાખીએ, આપણા મોંના બંધ ખોલી કાઢીએ, આંખોથી પ્રભુને નીરખીએ, કાનથી પ્રભુના ગુણ સાંભળીએ, મોંથી પ્રભુના ગુણ ગાઇએ, હાથથી પ્રભુની સેવા કરીએ, પગથી પ્રભુનાં દર્શન કરવા દોડીએ. જુઓ પછી, એ પ્રભુ કેવા આપણી હથેળીમાં આવીને બિરાજે છે! પછી એ પ્રભુ એમ કહેશે, મને શ્રીમહાપ્રભુજીને ત્યાં પાછા ન પધરાવીશ!

કનોજના વિદ્વાન પ્રતિષ્ઠિત બ્રાહ્મણ કથાકાર પદ્મનાભદાસજી. એમના પગમાં કનોજનો રાજા નમતો, હજારોની મેદની જેની કથા સાંભળવા એકઠી થતી. એવા કનોજ શહેરના એક નંબરના વિદ્વાન બ્રાહ્મણ! સૌ રસ્તામાં જેમને હાથે જોડે એ શ્રીવલ્લભના શરણે આવે છે. કથા બંધ કરે છે. જીવન જીવવા માટે જે હાથમાં કેવળ પોથી પકડે છે એ હાથથી કુહાડી લઇને જંગલમાં જઇને લાકડાં કાપે છે, ચીરે છે, ભારીઓ બાંધે છે, માથે ઊંચકે છે, કનોજના બજાર વચ્ચે ઊભા રહીને એ લાકડાંની

ભારીઓ વેચે છે. એના ચણા લાવીને એના છોલા ઠાકોરજીને આરોગાવે છે! શું કોઇ એમને પૂછતા નહીં હોય કે પદ્મનાભદાસ, વૈષ્ણવ થઇને તમે આવા થઇ ગયા? શું કોઇ એમની મશ્કરી કરતું નહીં હોય? શું કોઇ એમની ટીકા કરતું નહીં હોય? શું કોઇ એમને કટુ વચન કહેતું નહીં હોય? શું એમનાં પત્નીએ કે ઘરનાં બીજાં કોઇએ એનો વિરોધ કર્યો નહીં હોય? પદ્મનાભદાસજીની અડગ ટેક છે, મારા ગુરુદેવની આજ્ઞાનું પાલન કરતાં આ માથું કપાઇ જાય તોપણ ભલે!

આવી અડગતા, આવી અનન્યતા જયારે આપણામાં આવશે ત્યારે એ પ્રભુ સાક્ષાત્ આપણી સાથે ખેલશે, માગીને આરોગશે. એને માટે ગોલોકમાં જવાની જરૂર નથી, એને માટે નિત્યલીલામાં જવાની જરૂર નથી. શ્રીમહાપ્રભુજી એવા કૃપાળુ છે કે આ શરીરથી, આ હાથથી સાક્ષાત્ પ્રભુ આપણી સાથે ખેલે, માગીને આરોગે, સર્વલીલાનાં દર્શન કરાવે એવી કૃપા કરવા તૈયાર છે, પણ એ કૃપાને ઝીલવા આપણી તૈયારી છે? એક બહુ ગરીબ માણસને કરોડ રૂપિયાની લૉટરી લાગી, કોઇકે સમાચાર કહ્યા; પણ એ રૂપિયા જીરવવાની તાકાત નહીં, તેથી તેનું મગજ ફરી ગયું!

માટે શ્રીહરિરાયચરણ હવે હૃદયની અંદર જે પ્રભુને પધરાવવાના છે એ પ્રભુનું સ્વરૂપ, એમનાં વીસ લક્ષણો આ શિક્ષાપત્રમાં બતાવે છે.

શ્રીકૃષ્ણ તત્ત્વ ગૂઢ છે, તે વાણીથી સમજી શકાય તેવું નથી. એક સાધુ પ્રવચન આપતા હતા. એમણે કોઇકને પૂછયું કેઃ 'મારું પ્રવચન કેવું છે?' ત્યારે સમજદાર માણસે કહ્યું કેઃ 'જેણે જિંદગીમાં લાડુ જોયો જ નથી, લાડુ ચાખ્યો નથી, એ માણસ લાડુ ઉપર પ્રવચન કરે એના જેવું છે, કારણ કે તમે તો તપ અને વૈરાગ્યમાં રચ્યાપચ્યા રહેનારા, તમને ભકિતનું સ્વરૂપ કયાંથી અનુભવમાં આવ્યું હોય? તમે ભકિતનું નિરૂપણ કેવી રીતે કરી શકો?' 'માંહીં પડયા તે મહાસુખ માણે, દેખણહારા દાઝે જોને.' સૂરદાસજી તો એમ કહે છે કે ભાઇ, ગોળ ખાધો હોય એ ગોળનો સ્વાદ નથી બતાવી શકતો. કૃષ્ણ તત્ત્વ ગૂઢ છે. અનુભવ વિના એ સમજાય નહીં, કોઇને સમજાવી શકાય પણ નહીં. જે ગોપીજનોએ એમનો અનુભવ કર્યો હતો એ ગોપીજનો કૃષ્ણમય બની ગયાં. આપણે એમનો અનુભવ કરીએ તો આપણે પણ એમનામય બની જઇએ. ''કૃષ્ણનામ જબતેં શ્રવન સુન્યોરી આલી'' હજી તો તે ગોપીએ કૃષ્ણનું નામ જ સાંભળ્યું છે, દર્શન કર્યાં નથી તોય કહે છેઃ ''ભૂલી ભવન હૌં તો બાવરી ભઇ રી.'' આપણે તો દર્શન કર્યા પછીય મગજ ઠેકાણે છે કે ઘેર પાછું જવાનું છે. અહીં શ્રીનાથદ્વારામાં જિંદગીભર શ્રીજીબાવા પાસે ચોંટી નથી રહેવાનું! ચાલો, જલદી દર્શન કરો અને પેટીઓ ભરવા માંડો. કૃષ્ણમ્ ગૂઢમ્. આ કૃષ્ણ ગૂઢ છે.

સદાનંદમ્-કૃષ્ણ સદા આનંદમય છે. 'લીલામૃતમ્'- એમની એકેએક લીલા આનંદ આપનારી અમૃતમય છે. 'રસમ્'- એ તો અલૌકિક રસનો સાગર છે. કૃષ્ણનો રસ જેણે પીધો હોય એ જાણે, બીજા એની મસ્તીને ન માણી શકે. ''સમનામાનમ્''- એમની સમાન બીજું કોઈ નથી. 'ભકતભાવાત્મકમ્'- એ કૃષ્ણ ભકતના ભાવનું સ્વરૂપ ધારણ કરીને પધારે છે. તમને શ્રીજીબાવાના સ્વરૂપમાં આસકિત છે તો એ તમારી સામે શ્રીજીબાવાનું સ્વરૂપ ધારણ કરીને પધારશે, તેમને શ્રીબાલકૃષ્ણલાલજીમાં આસકિત છે તો એ શ્રીબાલકૃષ્ણલાલજીનું સ્વરૂપ ધારણ કરીને પધારશે, તમને શ્રીદ્વારકાધીશ પ્રભુમાં આસકિત છે તો તમારે માટે એ ચતુર્ભુજ દ્વારકાધીશ બનીને પધારશે અને તમને પેલા વ્રજવાસીની જેમ 'પરે'માં આસકિત છે તો એ તમારો 'પરે' બનીને પણ પધારશે. તમારે એને મિત્ર બનાવવો છે, તો મિત્ર બનીને આવશે. તમારે એને દુશ્મન બનાવવો છે તો તે દુશ્મન બનીને આવશે. તમારે એને ગુરુ બનાવવો છે તો ગુરુ બનીને આવશે. તમારે એને શિષ્ય બનાવવો છે તો શિષ્ય બનીને આવશે. તમે જેવો ભાવ હૃદયમાં સેવશો એવું સ્વરૂપ ધારણ કરીને આવશે. તમે એમ કહેશો કે 'લાલા, તું આ મલ્લકાચ્છ ધારણ કરીને આવે, એમાં મને આનંદ નથી, તું પેન્ટ-બુશશર્ટ પહેરીને આવ!' તો એ કૃષ્ણ પેન્ટ બુશશર્ટ પહેરીનેય તમારે માટે આવશે. પણ એવો ભાવ હૃદયમાં પ્રકટવો જોઈશે. આમ કૃષ્ણ 'ભકતભાવાત્મકમ્' છે. ભકતનો જેવો જેવો ભાવ. એવું એવું સ્વરૂપ કરીને એ ભકતની કુંજમાં પધારે છે. બિરાજે છે, વિલાસ કરે છે. માટે તો શ્રીગોપાલદાસભાઈએ 'શ્રીવલ્લભાખ્યાન'માં ગાયું છે કે 'સકલ વ્રજમાં વ્હાલો પોઢિયા.' આપણા ઘેર ઘેર ઠાકોરજી પધારે છે અને બિરાજે છે. 'યશોદોત્સંગલાલિતમ્'.- એ પ્રભુ યશોદાની ગોદમાં ખેલનારા છે.

આમ, આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ પ્રભુનાં વીસ લક્ષણો બતાવતાં છેવટે આજ્ઞા કરે છે કે 'અનંતગુણમ્'- એ અનંત ગુણોવાળો છે, એમના ગુણોનું તો વર્ણન જ ન થઈ શકે.

આવા પ્રભુ મળ્યા ત્યારે આપણે શું કરવું? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ 'તસ્ય સેવાં પ્રકુર્વીત' 'બીજું બધું ભૂલી જાવ, બધું જ્ઞાન ભૂલી જાવ. માત્ર આ નંદનંદનની સેવા કરવા લાગી જાવ.' અંગ્રેજીમાં એક મજાની કહેવત છેઃ 'where knowledge ends, love begins' જયાં જ્ઞાન અટકી જાય છે, ત્યાં પ્રેમની શરૂઆત થાય છે. જ્ઞાન હોય ત્યાં સુધી પ્રેમ થઈ શકતો નથી. બધું ભૂલી જાવ, કેવળ ઠાકોરજીમય બની જાઓ, એની સેવામાં રચ્યાપચ્યા થઈ જાવ. આપણી સાથે બિરાજેલા પ્રભુની સેવા સારી રીતે કરો, પ્રેમપૂર્વક કરો, દીનતાથી કરો. રાજાની સાથે ભયથી જેમ આપણે અંતર

રાખીએ એમ પ્રભુ પ્રત્યે પણ એમનો અપરાધ ન થાય, એમની અપ્રસન્નતા ન થાય એની સાવચેતી રાખીને સેવા કરો.

શ્રીદયારામભાઇએ 'ભકિતપોષણ'માં ૧૦૧ ચંદ્રવાળા લખ્યા. કોઇકે પૂછયું: 'દયારામભાઇ, આ ૧૦૧ ચંદ્રવાળા વાંચવાની અમને ફુરસદ નથી, અડધી લીટીમાં એનો સાર કહી દો ને!' શ્રીદયારામભાઇએ કહ્યું: 'સેવો શ્રીકૃષ્ણ કૃપાળ.' આ ૧૦૮ ચંદ્રવાળાનો સાર એક જ- ઠાકોરજીની સેવા કરો. સેવા એ એકડો છે, બાકીનાં બધાં મીંડાં છે. એકડા વિનાનાં મીંડાંવાળો ચેક લખજો અને બેંક શું આપે છે તે બેગ ભરીને લઇ આવજો! ઠાકોરજીની સેવા વિનાનું બાકીનું બધું એકડા વિનાના મીંડાં જેવું છે!

આપણે સેવા કેવી રીતે કરવી? શ્રીહરિરાયચરણ ખૂબ સુંદર રીતે સમજાવે છે- 'સ્વધર્મત:.' આપણો સ્વધર્મ છે એમ સમજીને કરવી. સેવા કયા હેતુથી ન કરવી? 'ન ફલાર્થમ્'- મને ઠાકોરજી છોકરો આપે એને માટે સેવા ન કરતા, ધંધામાં બરકત આવે એના માટે સેવા ન કરતા, દીકરાને સારી વહુ મળે, એને માટે બીજા બધા પ્રયત્ન કરજો. 'મચ્છરને મારવા માટે મશીનગન ન વપરાય.' આ લૌકિક કાર્યો મચ્છરને મારવા જેવાં છે અને સેવા એ મશીનગન જેવી છે. લૌકિક કાર્યો સિદ્ધ કરવા સેવાનો ઉપયોગ ન કરાય; તારા લાખ રૂપિયાના છોકરા માટે એકાવન રૂપિયાનું પલનું કરાવીને તારે એને ઠગી લેવા છે? મને લાગે છે કે આપણી આ વાણિયાવૃત્તિ છે. વાણિયાવૃત્તિને અને ભકિતને કયારેય સંબંધ નથી. શ્રીમહાપ્રભુજીના ૮૪ વૈષ્ણવોમાં એકેય વાણિયો નથી, તે આટલા માટે જ! કારણ કે વણિકવૃત્તિ હમેશાં બીજાનું લેવાની દાનત રાખે, બીજાને આપવાની દાનત ન રાખે! શ્રીહરિરાયચણ આજ્ઞા કરે છે: 'ઠાકોરજીને બધું આપો, ઠાકોરજી પાસે કશું માગશો નહીં.' 'ન ભોગાર્થમ્'- એક વૈષ્ણવ છે. એમનાં મા મરજાદી છે. એમના દીકરા મને કહે કે મેં બાને કહ્યું છે, તારે જે કરવું હોય તે કરવું ઠાકોરજીનો પ્રસાદ અમને બહુ ભાવે છે. શીતકાળમાં સૌભાગ્ય સૂંઠ મળશે માટે ભોગ ધરીએ, મને રસ બહુ ભાવે છે માટે આરોગાવું! ના, તમારા ભોગ માટે તમારી મોજમજા માટે ઠાકોરજીની સેવા ન કરશો, ઠાકોરજીને રમકડું ન બનાવશો. 'ન પ્રતિષ્ઠા પ્રસિદ્ધયે' - કેટલાક વૈષ્ણવો સેવા કરે અને પછી કહેવડાવે કે આજે મારા ઠાકોરજીના અન્નકૂટ છે, દર્શન કરવા આવજો. આજે અમારા ત્યાં ઠાકોરજીનો અમુક મનોરથ છે, દર્શન કરવા આવજો. ઠાકોરજીની સેવા તો એકાંતમાં કરવાની છે.

શ્રીમહાપ્રભુજી 'સુબોધિનીજી'માં સ્પષ્ટ આજ્ઞા કરે છે કે સેવા તો એકાંતમાં થાય. પ્રેમ જાહેરમાં થાય ખરો? એ તો 'બેડ-રૂમ અફેર' છે, 'ડ્રોઇંગ રૂમ અફેર' નથી. સેવાને આપણે 'ડ્રોઇંગ રૂમ અફેર' બનાવી દીધો છે. બીજાને બોલાવી બોલાવીને બતાવીએ

છીએ કે જુઓ, મારા ઠાકોરજીનું મંદિર કેવું છે? જુઓ, મારા ઠાકોરજીના શણગાર કેવા છે? જુઓ, મારા ઠાકોરજી માટે કેટલું હું લાવ્યો છું?

એક વૈષ્ણવને ત્યાં જવાનું થયું. મને કહે કે અમારા ઠાકોરજીનું શૈયામંદિર જુઓ, અમે ઍરકન્ડીશન્ડ બનાવ્યું છે! મેં કહ્યું, માફ કરજો, મારે શૈયામંદિરનાં દર્શન નથી કરવાં. મને ઠાકોરજીનાં દર્શનનો જ આનંદ છે. આપને પણ વિનંતી કરું કે જે અપરસમાં ન હોય તેને શૈયા મંદિર ન બતાવાય. તમારા ઠાકોરજીનું 'પ્રદર્શન' ભરવાનું બંધ કરો. ઠાકોરજીનું પ્રદર્શન ન થાય. આ બધું બીજાને ખબર પડે એ દિવસે તમારા ઠાકોરજી તમારાથી પીઠ કરીને બિરાજી જશે. ઠાકોરજીને આ બધું ગમતું નથી. તમે એકાંતમાં એમને કેવો પ્યાર કરો છો એ જ પ્રભુને ગમે છે.

એક વિદ્વાન વૈષ્ણવે એક પ્રશ્ન કર્યો કે 'ઠાકોરજીના હું શૃંગાર કરી લઉં, પછી મને પ્રશ્ન થાય છે કે પ્રભુના આ સ્વરૂપને નીરખીને હું એમને ચુંબન કરી લઉં! તે મારાથી ઠાકોરજીને ચુંબન થાય?' ત્યારે એમના ગુરુદેવ તરફથી એમને એવી આજ્ઞા આપવામાં આવી કે, 'તમે અમને પૂછતા હો તો જાહેરમાં એક જ કહેવાનું કે આમ ન થાય; કારણ કે તમારા મોંનો સ્પર્શ થાય, તો ઠાકોરજી છોવાઇ જાય, અને ફરીથી પંચામૃત સ્નાન કરાવવું પડે. પણ એકાંતમાં તમારા અને ઠાકોરજી વચ્ચે કોઇ ન હોય અને મનમાં ઉમળકો આવે ત્યારે જે કરવું હોય તે એમની આંખોમાં પૂછીને કરી લેજો, અમને પૂછવા ન આવશો; કારણ કે એ તમારા બે વચ્ચેનો મામલો છે, એમાં ત્રીજાને પૂછવા ન જવાય. દીકરો અને વહુ પરણ્યા પછી કશું પૂછવા નથી આવતાં.

આજે આપણે શ્રીઠાકોરજીની સેવાને રમત બનાવી દીધી છે, એક પ્રદર્શનની વસ્તુ બનાવી દીધી છે અને એના પરિણામે આપણી સેવામાં આપણો ભાવ નથી, દીનતા નથી અને પ્રભુની પ્રસન્નતા નથી. શ્રીહરિરાયચરણ લાલબત્તી ધરે છે કે 'તમે ફળ માટે, તમે ભોગ ભોગવવા, તમે પ્રતિષ્ઠા મેળવવા, તમે પ્રસિદ્ધિ મેળવવા સેવા ન કરશો. ન કરશો...'

શ્રીહરિરાયચરણ એક બીજી લાલબત્તી ધરે છે, 'શ્રીમહાપ્રભુજીએ સેવાની જે રીત અને પ્રીત બતાવી છે એ પ્રમાણે જ સેવા કરજો, 'ન કલ્પિત પ્રકારેણ.' હમણાં એક વૈષ્ણવે એમ પૂછ્યું કે 'સૂતકમાં અમે સેવા ન કરીએ તો પંદર દિવસ સુધી ઠાકોરજી વિના અમારાથી રહેવાતું નથી. શું અમે અમારા છોકરાને સૂતકમાં બીજે મોકલી દઇએ છીએ? ઠાકોરજીની સેવા અમે તો સૂતકમાં પણ કરવાના.' મેં કહ્યું: 'ભાઇ, તમારે શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું હોય તો કહેવા આવવાની જરૂર શી છે? જેમ કરવું હોય તેમ કરો!' અહીં શ્રીહરિરાયચરણ સ્પષ્ટ આજ્ઞા કરે છે: 'સેવા કરો તો

શ્રીમહાપ્રભુજીએ બતાવેલા માર્ગ પ્રમાણે જ સેવા કરો, બીજી કોઇ રીતે નહીં! માટે 'સેવાકૃતિર્ગુરોરાજ્ઞા.' કોઇ અન્ય રીતે સેવા ન કરશો. કલ્પિત પ્રકારે સેવા ન કરશો.'

કલ્પિત પ્રકાર કેવો હોય? હમણાં એક વૈષ્ણવે એમ કહ્યું: અમે તો ઉનાળામાંય લગ્ન હોય તો ભારે કપડાં પહેરીએ જ છીએ ને! તો ઉત્સવ હોય તો ઠાકોરજીને ઉનાળામાં ભારે કપડાં ધરીએ તો શો વાંધો?' આ કલ્પિત પ્રકાર છે. ન ધરાય. એ તો અનુભવ થાય ત્યારે સમજાય. પ્રભુને એક મલમલનો નાનો સરખો તનિયો અને મોતીની એક માળા પણ કેટલો શ્રમ આપી રહી છે! પ્રભુ તો કહે છે કે મારાથી આ સહન નથી થતું.

'ન દુર્ભાવ સમન્વયાત્'- દુર્ભાવથી પણ સેવા ન કરવી. દુર્ભાવ કયો? આપણે ભોજન કરીને ઠાકોરજીને મિસરી ધરીએ એને શ્રીગોપેશ્વરજી ટીકામાં દુર્ભાવ કહે છે. આપણે સોનાનાં આભૂષણ પહેરીએ અને ઠાકોરજીને કેવળ ગુંજામાળા ધરીએ તો એ દુર્ભાવ છે. આપણે દર મહિને નવી સાડી લાવીએ અને ઠાકોરજીને વર્ષો જૂનાં વસ્ત્રો ધર્યાં કરીએ તો એ દુર્ભાવ છે.

તો કેવી રીતે સેવા કરવી? શ્રીહરિરાયજી છેલ્લી આજ્ઞા કરે છે કે શ્રીઠાકોરજીની સાથે શ્રીસ્વામિનીજી પણ બિરાજમાન છે, શ્રીઠાકોરજીના મુખારવિંદ સ્વરૂપે શ્રીમહાપ્રભુજી પણ બિરાજમાન છે અને જુદી જુદી માળા અને પુષ્પમાળા સ્વરૂપે સૌ વ્રજભકતો પણ બિરાજમાન છે. આ સૌને એક જ ગણજો, જુદાં જુદાં ગણશો નહીં.

ઘણા વૈષ્ણવો એમ કહે છે કે શ્રીમહાપ્રભુજીને સખડી ભોગ આરોગાવવા માટે જગન્નાથપુરી જવું છે. અરે ભાઇ, તમારે ત્યાં જ ઠાકોરજીને પધરાવીને એમને સખડી ભોગ ધરવા માંડો. મુખારવિંદ સ્વરૂપથી શ્રીમહાપ્રભુજી રોજ તમારે ત્યાં સખડી આરોગશે. જગન્નાથપુરી દોડવાની શી જરૂર છે! ઠાકોરજીની સેવા આપણે ઘેર બનતી નથી એટલે મંદિરે જવાનું વધારે મન થાય! મંદિરે જઇને પણ અંદરની તો સેવા મળી નહીં, એટલે બહાર શ્રીમહાપ્રભુજીનાં બીજાં ચિત્રજી પધરાવ્યાં અને જુદો પ્રકાર શરૂ કર્યો! શ્રીમહાપ્રભુજીને મિસરી ધરો, ઘેરથી દૂધઘર લાવીને ધરો, ઝારી ભરો, ફૂલમંડલી કરો અને ફૂલના શૃંગાર કરો. આમ, પચ્ચીસ વૈષ્ણવોના એક મંડળે શરૂ કરી શ્રીમહાપ્રભુજીની સેવા! એટલે બીજા મહિલા મંડળે શરૂ કરી બીજી બાજુ શ્રીયમુનાજીની સેવા! કોઇના ઘરમાં આપણે જઇએ, એ સામે બેઠો હોય, એમને આપણે પૂછીએ નહીં કે કેમ છો? મજામાં છો? એમની સાથે વાત ન કરીએ અને એમનો ફોટો લટકે છે એને જઇને ફૂલની માળા પહેરાવીએ તો પેલા કહેશે: 'હું જીવતો જાગતો અહીં તારી સામે છું. હું ન હોઉં ત્યારે મારા ફોટાને માળા પહેરાવજે, બાપા! ઠાકોરજી

સામે બિરાજે છે, એમની ટહેલ મૂકીને વળી પછી શ્રીમહાપ્રભુજીની જુદી ટહેલ, શ્રીયમુનાજીની જુદી ટહેલ! આ બધું અણસમજનું પરિણામ છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'ભગવત્સ્વરૂપોમાં આવી ભેદબુદ્ધિ કદી રાખવી નહીં. આપણે ત્યાં બિરાજતું એક સ્વરૂપ, એજ શ્રીજીબાવા. એમની સાથે શ્રીસ્વામિનીજી પણ બિરાજે છે, શ્રીમહાપ્રભુજી પણ બિરાજે છે, શ્રીગુસાંઇજી પણ બિરાજે છે, શ્રીયમુનાજી પણ બિરાજે છે અને કોટાનકોટિ વ્રજભકતોનાં યૂથો પણ એ જ સ્વરૂપમાં બિરાજે છે. આવો ભાવ રાખીને એમની સેવા કરવી.'

શિક્ષાપત્રના અંતમાં શ્રીહરિરાયજી શ્રીગોપેશ્વરજીને આજ્ઞા કરે છે કે 'મેં આટલી જે શિખામણ તમને ટૂંકાણમાં આપી એ તમે હૃદયમાં પ્રેમપૂર્વક ધારણ કરજો.' પહેલી વાત, હૃદયમાં ધારણ કરજો. જો તમને કોઇ સામેથી પ્રશ્ન કરીને પૂછે તો તમે એમને સમજાવજો અને ન પૂછે તો મૌન રહેજો! ભગવદ્વાર્તાનો રસ જેને પીવો હોય એને પાઇ શકાય, જેને તરસ ન હોય એને ન પાઇ શકાય.

આમ, આ ૧૮મા શિક્ષાપત્રમાં પેટ ભરવાની ચિંતા છોડીને, લૌકિક પ્રમોદ છોડીને, સેવા સ્મરણમાં જે પ્રમાદ કરીએ છીએ એ છોડીને શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણેનું વૈષ્ણવી જીવન કેવી રીતે જીવવું એ શ્રીહરિરાયચરણે આપણને બતાવ્યું.

"ઈતિ શ્રીહરિરાયજી વિરચિતં અષ્ટાદશ શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્."

શિક્ષાપત્ર અઢારમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૭

વિષય : પેટ ભરવાની ચિંતા છોડી સેવા-સ્મરણ કરવાં

- પેટ ખાતર ધર્માચરણ ન કરવું.
- સંસારાસકિતના કારણે સેવા-સ્મરણમાં ચિત્ત લાગતું નથી.
- આપણી સર્વપ્રવૃત્તિ ભગવત્સેવા અને ભગવત્સુખના વિચારોથી કરવી.
- ભગવત્સ્વરૂપનાં વીસ લક્ષણોનું ચિંતન કરતાં ભગવત્સ્મરણ અને ચિંતન કરવું.
- સેવા આજીવન સ્વધર્મ સમજીને કરવી.
- સેવા ફળ માટે, ભોગ માટે, પ્રતિષ્ઠા કે પ્રસિદ્ધિ માટે ન કરવી.
- સેવા મનકલ્પિત પ્રકારે કે દુર્ભાવથી ન કરવી.

શિક્ષાપત્ર ઓગણીસમું

ઈદાનીં વર્તતે કાલઃ કરાલઃ કલિરીદશઃ ।
યસ્મિન્ વિનશ્યતિ મતિઃ સતામપિ કુસંગતઃ ॥૧॥

વર્તમાન કલિકાળ એવો કરાલ છે કે તેમાં સત્પુરુષોની બુદ્ધિ પણ દુઃસંગથી નાશ પામે છે. (૧)

સત્સંગો દુર્લભો યત્ર સતતં સત્પ્રસંગતઃ ।
કથાઃ કૃષ્ણચરિત્રૈકયુતા નિત્યં ભવંતિ હિ ॥૨॥

સત્પુરુષના સતત સંગમાં કૃષ્ણચરિતની કથા નિત્ય થાય છે, એવો સત્સંગ દુર્લભ છે. (૨)

નિજાચાર્યપદાંભોજસેવિનસ્તુ સુદુર્લભાઃ ।
અદંભિનઃ કૃષ્ણસેવાકથાચિંતનતત્પરાઃ ॥૩॥

આપણા શ્રીમદાચાર્યજીના ચરણકમળને સેવનારા તો એથીયે દુર્લભ છે. જેઓ તેવા હોય છે, તેઓ તો દંભ વગરના અને કૃષ્ણની સેવાકથાનું ચિંતન કરવામાં તત્પર હોય છે. (૩)

અહં તુ સર્વથા નિત્યં તથા સત્સંગવર્જિતઃ ।
ક્લિશ્યામિ મનસા નૂનં નિરાનંદેન નિત્યશઃ ॥૪॥

પરંતુ હું તો સર્વ રીતે હમેશાં સત્સંગથી વર્જિત છું, અને આનંદ ન હોવાથી નિત્ય મન કલેશમાં રહે છે. (૪)

બાષ્પનિઃસરણોપાયં ન પશ્યામિ મહીતલે ।
કો વા મદીયહૃદયદુઃખં દૂરીકરિષ્યતિ ॥૫॥

હું આંસુ ઢાળવાનો ઉપાય પણ પૃથ્વીના પટ પર જોતો નથી. મારા હૃદયમાં જે દુઃખ છે તે કોણ દૂર કરશે? (૫)

વ્રજવાસસ્તથા શ્રીમદ્યમુનાદર્શનં ગતમ્ ।
દૂરે ગોવર્ધનદશિર્દૂરે તન્નાથદર્શનમ્ ॥૬॥

વ્રજવાસ, શ્રીયમુનાજીનાં દર્શન, શ્રીગિરિરાજનાં દર્શન અને શ્રીગોવર્ધનધરનાં દર્શન - આ સર્વ દૃષ્ટિથી દૂર થયું છે. (૬)

વિષયાક્રાંતિતો દૂરે ભગવદ્ભાવસંતતિઃ ।
દેશાંતરસ્થિતસ્યાડદ્ય દૂરે સંગઃ સતામપિ ॥૭॥

વિષયાક્રાન્તિને કારણે ભગવદ્ ભાવનાના મનોરથો પણ જતા રહ્યા છે. મારી સ્થિતિ દેશાંતરમાં થવાથી સત્પુરુષોનો સંગ પણ નથી. (૭)

તદભાવાત્ કથા દૂરે તતો વિમુખતા હૃદઃ ।
એવંવિધસ્ય સતતં શ્રીકૃષ્ણઃ શરણં મમ ॥૮॥

સત્સમાગમના અભાવથી ભગવત્કથા દૂર થઈ છે. આથી હૃદય વિમુખ થયું છે. જો કે આવો થઈ ગયો છું; છતાં નિરંતર શ્રીકૃષ્ણ મારો આશ્રય છે. (૮)

કો વેદ કૃષ્ણઃ કિં કર્તા ન જાનેડહં કૃપાનિધિઃ ।
તથાપિ શ્રીમદાચાર્યશરણં કરવૈ મનઃ ॥૯॥

કોણ જાણે કૃપાનિધિ શ્રીકૃષ્ણ શું કરશે? જો કે હું તેમાં કશું જાણતો નથી, છતાં મનોમન શ્રીઆચાર્યચરણના શરણની ભાવના કરું છું. (૯)

વિશેષઃ પ્રેમજિત્ પત્રાદ્બોદ્ધવ્યઃ સર્વવૃત્તયુક્ ।
અનેન કેવલેનૈવ કિંચિત્સ્વસ્થં મનો મમ ॥૧૦॥

વિશેષ વૃત્તાંત પ્રેમજીના પત્રથી જાણશો. આમ, કેવળ બોધથી મારું મન કંઈક સ્વસ્થ રહે છે. (૧૦)

શિક્ષાપત્ર ૧૯મું

અઢારમાં શિક્ષાપત્રમા શ્રીહરિરાયચરણે આપણને વૈષ્ણવી જીવન કેવું હોય તે સમજાવ્યું. વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ આપણને બતાવ્યો, અને અંતે આજ્ઞા કરી કે એના વિશે વધારે જાણવાની જિજ્ઞાસા જે પ્રદર્શિત કરે એની આગળ આ સિદ્ધાંતો કહેવા અને સમજાવવા. ઓગણીસમા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ કેવી રીતે અમલમાં મૂકી શકાય, તેનો ઉપાય બતાવી રહ્યા છે.

ઓગણીસમા શિક્ષાપત્રના દશ શ્લોકમાં, વર્તમાન સમયમાં આપણે શું કરવું જોઇએ, એની સુંદર આજ્ઞા આપે કરી છે. આ શિક્ષાપત્ર જાણે ગાગરમાં સાગર ભર્યો હોય એવું છે!

આ શિક્ષાપત્રના પ્રારંભમાં શ્રીહરિરાયચરણ કળિયુગનો પ્રભાવ બતાવે છે. આ કળિયુગ કેવો છે?- **કાલઃ કરાલઃ કલિઃ ।** એના માટે એક વિશેષણ વાપર્યું-'કરાલઃ' કરાલ શબ્દમાં કળિયુગની બધી તોફાની વૃત્તિ અને પ્રવૃત્તિનો ખ્યાલ આપી દીધો. આ કળિયુગ ભયંકરમાં ભયંકર છે.

આપણે જાણીએ છીએ કે આપણાં મન ઉપર સમયની પણ બહુ મોટી અસર પડતી હોય છે. એટલા માટે શાસ્ત્રકારોએ પણ આપણને આજ્ઞા કરી કે 'જો તમારે જપ પાઠ કરવા હોય, પ્રભુના સ્વરૂપનું ધ્યાન કરવું હોય તો એના માટે ઉત્તમ સમય છે. બ્રાહ્મ મુહૂર્ત- પરોઢ પહેલાંનો સમય.' એ વખતનું વાતાવરણ દિવ્ય અને શાન્ત હોય છે, જેની અસર આપણા મન ઉપર વિશેષ થાય છે. બપોરનો સમય આપણા શરીરમાં આળસ પ્રેરનારો હોય છે. એ સમયે ભગવન્નામમાં મન લાગતું નથી. સાંજનો સમય આપણી મનોવૃત્તિને બહાર ખેંચી જનારો સમય છે, જયારે આપણને એમ થાય છે કે ચાલો, ઘરની ચાર દીવાલોમાંથી કયાંક ભાગી છૂટીએ, ફુરસદનો શ્વાસ લઇ આવીએ, મુકિતનો અનુભવ કરી આવીએ.

આમ, સમયની પણ એક અસર આપણા મન ઉપર, આપણી ક્રિયાઓ ઉપર થતી હોય છે. સત્યુગ, દ્વાપરયુગ અને ત્રેતાયુગમાં ઋષિમુનિઓ જે તપશ્ચર્યા કરી શકતા એ કળિયુગમાં શકય નથી, કારણ કે કળિયુગ 'કરાલ' છે, ભયંકર છે.

કળિયુગ કેવો ભયંકર છે એ સમજાવતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ ખરાબ વિચારવાળા મનુષ્યોના સંગથી સારા માણસોની - ભકતોની, ભગવદીય જીવન ગાળનાર વૈષ્ણવોની બુદ્ધિ પણ બગડી જવાનો પૂરો સંભવ છે. કળિયુગ આપણી બુદ્ધિને બગાડનાર છે. આ સમયમાં ભલભલાની બુદ્ધિ બગડી જાય છે. જો આવું ન હોય તો શ્રીઠાકોરજીની સેવા કરનાર, પ્રભુને સખડી ભોગ ધરનાર વૈષ્ણવોને વ્રજમાં કે નાથદ્વારામાં ઠાકોરજીને ભોગ ન ધરાઇ હોય એવી બજારુ વસ્તુ ખાવાનું મન ન થાય! જો આ કળિયુગનો પ્રભાવ આપણા મન ઉપર ન હોત, તો મંદિરમાં આપણને ધક્કામુક્કી કરવાનું મન ન થાય. આપણને બીજાની નિંદા કરવામાં રુચિ ન થાય; પરંતુ કળિયુગ એવો ભયંકર છે કે આપણી બુદ્ધિને પ્રભુ તરફ વાળવાને બદલે લૌકિક સંસાર તરફ વાળે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છેઃ 'આવા કળિયુગમાં તમે ધોળા દિવસે દીવો લઇને શોધવા જશો તોય તમને સાચો સત્સંગ નહીં મળે.' શા માટે શ્રીહરિરાયચરણ 'સાચો સત્સંગ' એમ કહે છે? તમે કહેશો કે અમે સત્સંગ તો ઘણો કરીએ છીએ, અમે પ્રવચનો સાંભળીએ છીએ. હવે તો પ્રવચન સાંભળવા માટે કથાના સ્થળે જવાની જરૂર નથી રહી, કેસેટો તૈયાર છે. ઘરમાં અનુકૂળતાએ કેસેટ ચાલુ કરી દીધી અને લાંબા થઇને સૂતાં સૂતાં સત્સંગ કર્યાનો સંતોષ આપણે માનતા થયા છીએ. શ્રીહરિરાયચરણે આને સત્સંગ નથી ગણતા.

શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે 'કેવા ભગવદીયનો સંગ મળે તો એને સત્સંગ કહેવાય?' એવા ભગવદીયનાં લક્ષણો આ શિક્ષાપત્રમાં આપણને બતાવ્યાં છે. સૌથી પહેલું લક્ષણ એ છે કે જે વૈષ્ણવ પોતે-જાતે પ્રભુની સેવા કરતા હોય અને કૃષ્ણલીલા નિત્ય સાંભળતા હોય, સેવા-શ્રવણ-કીર્તન અને મનન - આ ચારેય બાબતોમાં જેનું મન અને ઈન્દ્રિયો પરોવાયેલાં હોય એવા વૈષ્ણવોનો સત્સંગ કરવો.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે 'જે જાતે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોનું પાલન કરતા હોય, એ પ્રમાણે વર્તન કરતા હોય અને પછી બીજાને પણ એ પ્રમાણે જીવવાનો માર્ગ બતાવતા હોય, એનો સત્સંગ કરવો.'

શ્રીગોપેશ્વરજી ટીકામાં સુંદર દ્દષ્ટાંત આપે છે. કોરું કપડું હોય, એને ભીના કપડા સાથે મૂકીએ તો ભીના કપડાનો ભેજ કોરું કપડું ચૂસી, તે ભીનું બને છે; પણ ભીનાં કપડાં ઉપર કોરાં કપડાંનો ઢગલો કરીએ તો એનો ભેજ આવતો નથી. જે જાતે કશું ન કરતો હોય એના શબ્દો બીજાના હૃદય ઉપર, મન ઉપર અસર કરતા નથી. આપણો સત્સંગ એ મનોરંજનનું સાધન નથી, એ ભગવદ્વાણી છે; જે ભગવદીયના મુખમાંથી

નીકળે છે. એનું સુંદર વર્ણન શ્રીમહાપ્રભુજી 'ગોપીગીત'નાં સુબોધિનીજીમાં કરે છે: 'ભગવદીયના હૃદયમાં સાક્ષાત્ પ્રભુ બિરાજતા હોય છે જયારે એ હૃદયમાંથી વાણી પ્રકટ થાય છે ત્યારે પ્રભુનો સાક્ષાત્ સ્પર્શ અનુભવેલી, અગરુની સુવાસ જેવી એ વાણી, હરિરસ એના મુખમાંથી વિના પ્રયત્ને બહાર પ્રકટ થાય છે, સાંભળનાર પોતાના કાન રૂપી પડિયામાં એ રસને ઝીલી લે છે અને એ રસ પોતાના હૃદયમાં પધરાવે છે.'

આમ, પ્રભુની લીલાનું વર્ણન કરતી વાણી પણ ભગવદ્વાણી છે. એની વાણી જ ફલરૂપ છે, જે સિદ્ધાંતો પ્રમાણે જીવન જીવે છે.

માટે સત્સંગ કોનો કરવો, એની આજ્ઞા કરતાં શ્રીહરિરાયચરણ સમજાવે છે કે જેણે શ્રીમહાપ્રભુજીના ચરણકમળનો દૃઢ આશ્રય કર્યો છે, શ્રીવલ્લભને પોતાના સ્વામી બનાવીને એમના ચરણમાં પોતાનું જીવન સોંપી દીધું છે, જે 'શ્રીવલ્લભઃ શરણં મમ' એમ કેવળ બોલતો જ નથી, જીવનની દરેક કસોટીની પળે 'શ્રીવલ્લભ કરે તે ભલું' એવો દૃઢ વિશ્વાસ ધરાવે છે. શ્રીવલ્લભની આજ્ઞા પ્રમાણે જીવન જીવે છે એવા વૈષ્ણવના મુખથી ભગવદ્વાર્તા સાંભળવી.'

આજે એવા ઘણા વૈષ્ણવો છે, જે શ્રીમહાપ્રભુજીની વાણીનો પાઠ કરે છે, એમાં શ્રદ્ધા રાખે છે; પરંતુ એમાં જે આજ્ઞા થઇ છે એનું પાલન કરતા નથી!' 'ચતુઃશ્લોકી'નો પાઠ આપણે પ્રેમથી રોજ કરીએ છીએ પણ એ આજ્ઞાનું પાલન આપણે કરતા નથી. સેવા કરવાની વાત આવે છે ત્યારે બહાનાં તૈયાર હોય છે. આવા વૈષ્ણવને માટે આપણે એમ ન કહી શકીએ કે એને શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ છે. જો વિશ્વાસ છે, તો એમની આજ્ઞાનું પાલન કરવું એ આપણું કર્તવ્ય છે.

આવા વૈષ્ણવનું એક બીજું લક્ષણ બતાવ્યું: એનામાં કોઇ દંભ નથી, એ જેવું વિચારે છે એવું જ કરે છે, જેવું કરે છે એવું જ બોલે છે. ઘણી વખત આપણાં પોતાનાં બે સ્વરૂપો હોય છે- જાહેરમાં જુદું અને ઘરમાં જુદું! કારણ કે આપણે દંભ કરીએ છીએ, દંભમાં જીવીએ છીએ. આપણું એક જ સ્વરૂપ હોય- શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોની જે વાત કહીએ એ પ્રમાણે જ એનું આચરણ પણ કરીએ. કૃષ્ણની સેવા અને કથામાં તત્પર હોય એવા વૈષ્ણવનો સત્સંગ જો મળે તો શ્રીહરિરાયચરણ કહે છે કે તમે રાહ જોશો નહીં, મળે એટલો સત્સંગનો લાભ લઇ લેજો.

શ્રીગુસાંઇજીના બે વૈષ્ણવોની વાત આવે છે. બે અપરિચિત વૈષ્ણવો છે, જુદા-જુદા ગામના છે. કામ પ્રસંગે બીજા ગામ જવા નીકળેલા. આવા ભરઉનાળાની બપોરે, રસ્તામાં એક વાવ પાસે ભેગા થઇ ગયા. પરસ્પરના લલાટમાં તિલકનાં દર્શન થયાં એટલે હાથ જોડી ભગવત્સ્મરણ કર્યા. વાવમાં ઊતરી જળ પીધું અને પરસ્પરને વિનંતી

કરી કે 'થોડુંક બેસીને ભગવદ્વાર્તાનો આનંદ લઇએ.' ચોવીસ મિનિટ એમણે ભગવદ્વાર્તા કરી. મનપ્રસન્ન થઇ ગયું. દીવાલ ઉપર લખ્યું, 'એક ઘડી જીવ્યા.' અને ત્યાંથી ભગવત્સ્મરણ કરી, સૌ સૌના રસ્તે પડયા. એક રાજાએ આ વાંચ્યું. એને વિચાર આવ્યો, આ માણસ મૂર્ખ છે! ચોવીસ મિનિટ જીવ્યો, એમાં જન્મ્યો કયારે, અહીં આવ્યો કયારે, આ લખ્યું કયારે! એના વૈષ્ણવ દીવાને સમજાવ્યું કે 'મહારાજ! ઉંમરમાં જિંદગી ન મપાય. એ જિંદગી તો ખોટી છે. સાચી જિંદગી તો એટલી જ, જે શ્રીઠાકોરજીનાં સેવા-સ્મરણમાં ખર્ચાય છે. બાકીનો બધો વખત નકામો છે!' વિચાર કરજો, ચોવીસ કલાકમાં સેવા સ્મરણમાં આપણી કેટલી મિનિટો વપરાય છે? આખી જિંદગીનું સરવૈયું કાઢજો. સાઇઠ વર્ષમાં આપણે કેટલા દિવસ સેવાસ્મરણમાં ખર્ચતા હોઇશું અને કેટલો મોટો સમય લૌકિક વાતોમાં ફસાયેલા રહી જિંદગીને વેડફી નાખતા હોઇશું?

શ્રીગુસાંઇજીના બીજા એક સેવક હતા. એમના ગામમાં સત્સંગ થાય એવા કોઇ વૈષ્ણવ નથી. રોજ રાત્રે ભગવદ્વાર્તા સાંભળવા પાંચ ગાઉ દૂર બીજા ગામમાં જાય છે. ઉનાળો હોય, શિયાળો હોય કે ચોમાસુ હોય; તેઓ નિર્ભય થઇને આગ્રહપૂર્વક બીજા ગામમાં રોજ નિયમિત ભગવદ્વાર્તા સાંભળવા જાય છે. પોતાના ઘર અને સંપત્તિના રક્ષણની ફિકર રાખ્યા વિના જાય છે.

શ્રીમહાપ્રભુજી પણ દામોદરદાસ હરસાનીજીને થોડા થોડા સમયે આજ્ઞા કરે છે: 'દમલા, ભગવદ્વાર્તા કિયે બડી દેર ભઇ.'

સત્સંગનો આવો આગ્રહ આપણે ત્યાં છે. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: 'આવા ભગવદીયોનો સંગ મળવો સુદુર્લભ છે. પ્રભુ કૃપા કરે તો જ આવા ભગવદીયોનો સંગ પ્રાપ્ત થાય. અને પ્રાપ્ત થાય ત્યારે ખાવાપીવાની, ઊંઘવા-જાગવાની ચિંતા છોડીને એમની ભગવદ્વાર્તાનો લેવાય એટલો લાભ લેવો જોઇએ.'

શ્રીગુસાંઇજીના સેવક હતા કૃષ્ણ ભટ્ટજી. એમને ત્યાં વ્રજમાંથી અચ્યુતદાસજી આવે છે. કૃષ્ણ ભટ્ટજી વિનંતી કરે છે કે 'અચ્યુતદાસજી, ભગવદ્ વાર્તાનો લાભ આપો.' કૃષ્ણ ભટ્ટે તેમનાં પત્નીને વિનંતી કરી કે 'તમે ઠાકોરજીની સેવા પહોંચજો, અમે ઓરડીમાંથી બહાર ન આવીએ ત્યાં સુધી અમને બોલાવશો નહીં.' એ બંને ભગવદીયો ત્રણ દિવસ અને ત્રણ રાત સતત ભગવદ્વાર્તાના રસમાં તલ્લીન થઇ ગયા.

આવો સત્સંગનો પ્રભાવ છે. સત્સંગનું આવું વ્યસન જો આપણે આપણા જીવનમાં કેળવીએ તો એના કારણે આપણું મન, આપણી બુદ્ધિ, આપણું ચિત્ત, આપણું અંતઃકરણ, આપણી સર્વ ઇન્દ્રિયો ભગવદ્ગામી બનશે. કારણ, મનનો એક સ્વભાવ છે: જે બાબતનો એ વિચાર કરે છે એમાં એ રચ્યુ પચ્યું રહે છે. પૈસા કમાવાનો વિચાર કરે

તો એનું ચિત્ત પૈસા કમાવાના રસ્તા શોધવામાં રચ્યુપચ્યું હોય છે, નોકરી-ધંધાનો વિચાર કરે એનું ચિત્ત એમાં રચ્યુ પચ્યું હોય છે. લૌકિકમાં અનેક બાબતોમાં વિચારમાં પડનારનો જીવ એમાં તલ્લીન બને છે.

દક્ષિણમાં એક રાજાના દીવાન હતા. વર્ષના અંતે રાજયનું સરવૈયું મેળવતા હતા. એક પૈસાની ભૂલ આવતી હતી. દીવાનનો આગ્રહ કે એક પણ પૈસાની ભૂલ ન આવવી જોઇએ. એ પોતાના ઘરની એક ઓરડીમાં બેસી ગયા. ઘરમાં સૌને કહ્યું કે 'મને ખલેલ કરશો નહીં.' સતત ત્રણ દિવસની મથામણ પછી એ પૈસાની ભૂલ શોધી કાઢી. એમને એટલો બધો આનંદ થયો કે બારણું ખોલીને એ બાળકની જેમ નાચતા-કૂદતા બહાર આવ્યા અને બૂમો પાડવા લાગ્યાં 'મિલ ગયા, મિલ ગયા, મિલ ગયા!' એ જ વખતે એમના ગુરુ અનાયાસ ત્યાં આવી ચડયા. પૂછયું: 'બેટા, કયા મિલ ગયા?' ગુરુજીને જોઇને એ કહે છે: 'ગુરુદેવ! હિસાબ મિલ ગયા!' ગુરુદેવ કપાળ પટકયું અને કહ્યું: 'રે મૂર્ખ, તારો એક પૈસાનો હિસાબ કરવા માટે તેં ત્રણ ત્રણ દિવસ સુધી આટલી તલ્લીનતાથી આટલી મહેનત કરી! આ ત્રણ દિવસ અંદર બેસીને જો પ્રભુનું નામસ્મરણ કર્યું હોય તો પૈસા નહીં, પ્રભુ મળી જાત!' તેં તારા ત્રણ દિવસ ગુમાવી નાખ્યા.'

મને લાગે છે કે આપણે પણ આમ 'મિલ ગયા' કરવામાં જિંદગી ગુમાવી દીધી છે. સત્સંગ કરવાનો આવે ત્યારે અનેક બહાનાં કાઢતાં ફરીએ છીએ.

શ્રીહરિરાયચરણ તો અહીં કોનો સત્સંગ કરવો, એનાં લક્ષણો જ આપે છે. પણ આપણા માટે તો શ્રોતા કેવો હોય, આપણે કેવી રીતે આ ભગવદ્વાર્તા સાંભળવી એ પણ યાદ રાખવા જેવું છે.

બીજા શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજી એવી આજ્ઞા કરે છે કે 'લૌકિક વિષયોમાં વૈરાગ્ય સેવીને, લૌકિક કાર્યોમાં સંતોષ રાખીને, ચિત્ત પ્રભુમાં એકાગ્ર કરીને, ભગવદ્વાર્તાનું શ્રવણ કરવું.' આપણે શ્રવણ કરવા અહીં બેઠા છીએ. હાજરી પૂરીએ તો એમ કહેવાય કે આટલા વૈષ્ણવોએ આજે ભગવદ્વાર્તા સાંભળી; પણ આપણું મન અહીં છે કે કેમ એ કેવળ આપણે જ જાણીએ છીએ. મનની હાજરી પૂરી શકાતી નથી. શરીરની હાજરી પૂરી શકાય છે. મન વિનાની ભગવદ્વાર્તાનું શ્રવણ આપણને વિસ્મૃતિ કરાવે છે. ભગવદ્વાર્તા યાદ નથી રહેતી એનું કારણ એક જ છે કે મન લગાડીને સાંભળ્યું નથી.

અલીખાનજી અને એમનાં દીકરી પીરજાદીની જેમ ભગવદ્વાર્તા સાંભળવી જોઇએ. એક વખત શ્રીગુસાંઇજીએ અલીખાનજીની રાહ જોતાં પોથી ખોલી નહોતી. વૈષ્ણવોએ પૂછયું કે 'મહારાજ! અમે આટલા બધા હાજર છીએ અને તમે કોની રાહ

જુઓ છો?' ત્યાં અલીખાનજી અને એમનાં દીકરી પીરજાદી આવ્યાં છે. શ્રીગુસાંઇજી સૌ વૈષ્ણવોને પૂછે છે કે 'કાલે પોથીમાં નિશાન મૂકવું હું ભૂલી ગયો છું. મને યાદ નથી, કાલે ભગવદ્વાર્તા કયાં સુધી કરી! યાદ કરાવશો?' સૌ નીચું જોઇ ગયા, કારણ કે કોઇને યાદ નહોતું કે કયા પ્રસંગ આપણા સાંભળવામાં આવેલા. છેવટે, અલીખાનજી અને પીરજાદીએ હાથ જોડીને વિનંતી કરી: 'જય કૃપાનાથ! આજ્ઞા કરો તો ગઇકાલની ભગવદ્વાર્તા કહીએ અને આજ્ઞા કરો તો અમે આવવા લાગ્યાં ત્યારથી માંડીને રોજેરોજની ભગવદ્વાર્તા કહીએ.'

શ્રીગુસાંઇજીના સેવક પેલા 'શ્રોતા' અને 'વકતા' નામના બે વૈષ્ણવો વ્રજમાં આવીને એકાંતમાં છ મહિના સતત ભગવદ્વાર્તામાં તલ્લીન થઇ ગયા, એમાં એમનો દેહ છૂટી ગયો. આપણી ભગવદ્વાર્તા માટે આના સોમા ભાગની પણ આસકિત છે? આપણી જાતને આ પ્રશ્ન કરવાનો છે, કારણ કે સત્સંગ ન કરીએ ત્યાં સુધી આપણું મન લૌકિકમાં જ ભમ્યા કરશે, ભગવલ્લીલામાં મન લાગશે નહીં.

શ્રીહરિરાયચરણ, સાક્ષાત્ શ્રીમહાપ્રભુજીનું સ્વરૂપ, તેઓ પણ અહીં દીનતામાં, પોતાને સત્સંગ નથી મળતો એનો ખેદ કરી રહ્યા છે. પોતે શિક્ષાપત્ર રાજસ્થાનમાં આવેલ જેસલમેર શહેરમાં બિરાજીને લખ્યું છે, જે શહેરમાં વૈષ્ણવો નથી, ભગવદ્વાર્તાનો સત્સંગ નથી, પરિણામે આજ્ઞા કરે છે: 'અહીં સત્સંગ નથી. પરિણામે મારું જીવન અહીં કલેશમાં વીતી રહ્યું છે.' આપ આજ્ઞા કરે છે કે 'આ પૃથ્વી ઉપર મારા દુઃખને રડવા માટે, મારી સામે એ દુઃખને સમજી શકે એવું કોઇ નથી. મારી આ વ્યથાને કોણ દૂર કરશે?' શ્રીહરિરાયચરણ પોતાને ભગવદ્વાર્તા- સત્સંગ કરનાર કોઇ પાત્ર નથી મળ્યું એનો ખેદ કરી રહ્યા છે. આપને એમ લાગે છે કે ભલે મને સત્સંગ તો ન મળ્યો, પણ મને આવી દુ:સંગવાળી ભૂમિમાં કયાં રહેવાનું મળ્યું કે જયાં પ્રભુનાં દર્શન નથી, પ્રભુનું સ્મરણ નથી, પ્રભુની સેવા નથી! તેમને યાદ આવી જાય છે વ્રજભૂમિ. તેમને યાદ આવી જાય છે શ્રીનંદનંદનની એ ક્રીડાભૂમિ. તેમને યાદ આવી જાય છે શ્રીગિરિરાજબાવાની એ તળેટી. 'તન પુલકિત વ્રજરજમેં લોટત ગોવિંદ કુંડમેં નાહિયે.' પરિણામે, આપ આજ્ઞા કરે છે: 'અરે! અત્યારે મને વ્રજવાસ પણ નથી મળ્યો. મને વ્રજમાં અત્યારે રહેવાનું મળે તોય એ વ્રજની લતા-પતામાં, એ વ્રજની કુંજ-નિકુંજમાં હું કયાંક મારા એ લાડીલા નંદનંદનને શોધતો ફર્યા કરું. પેલી વ્રજાંગનાની જેમ, હું ત્યાંની મધુમાલતીને પૂછું, ત્યાંના આંબાને પૂછું, ત્યાંની બોરસલીને પૂછું, ત્યાંની કદંબને પૂછું, મલ્લિકાને પૂછું: 'તમે શ્યામને જોયા છે? હે દયિત, હે પ્રિયતમ! આપ પ્રકટ થાવ, દર્શન આપો. એમનાં દર્શન માટે વ્રજની કુંજ-નિકુંજ, ગામ-ગામ, ઘર-ઘરમાં ફર્યા કરુ, તેવો

વ્રજવાસ પણ કયાં છે?' માટે તો ભકતોએ ગાયું કે 'હે બહેન! જો દુનિયામાં રહેવાનું જ હોય, તો ચાલને ગોકુળ જઇને રહીએ.' 'સુખનિધિ શ્રીગોકુળકો બસવો.' વસવાટ જ કરવો હોય તો ગોકુળના વાસ જેવું સુખ, એવો અલૌકિક આનંદ બીજે કયાંય નહીં આવે. હે બહેન, ત્યાં યમુનાજીનો તટ છે, ત્યાં કદાચ શ્યામસુંદરનાં દર્શન થઇ જશે!'

નંદદાસજીએ એમના ભાઇને પણ કહેલું: 'ભાઇ! તમને અરણ્યમાં જ રહેવાનું મન હોય, તો અહીં આવીને વૃંદાવનમાં જ વસો ને!' જો એક વાર આ મનને વૃંદાવનનો રંગ લાગી જાય, તો મનના બધા વિકારો છૂટી જાય. કામ જાય, ક્રોધ જાય, લોભ જાય, મદ જાય, મોહ જાય, બસ યુગલ સરકારની છબીમાં મન ખોવાઇ જાય. યુગલ સરકારને શોધવામાં મન દોડવા માંડે, યુગલ સરકારનાં દર્શન માટે નેત્રો તડપતાં થઇ જાય. પણ આપણે અહીં છીએ તો વ્રજની યાદ આવે છે, વ્રજમાં જઇએ ત્યારે વ્રજ યાદ નથી આવતું, ઘર યાદ આવે છે. માટે શ્રીમહાપ્રભુજીએ આપણા ઉપર એવી કૃપા કરી, આપણા ઘરને વ્રજ બનાવી આપ્યું. જયાં નંદનંદન બિરાજે એ વ્રજ. આપણા ઘરમાં જો એ બિરાજતા હોય તો ઘર એ વ્રજ છે, ન બિરાજતા હોય તો ઘર એ સ્મશાન છે.

માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'મને ગોકુળનો વાસ મળે, વ્રજનો વાસ મળે તો શ્રીયમુનાજીનાં દર્શન થાય. મને યુગલ સ્વરૂપનાં દર્શન થાય. અરે, હરિદાસવર્ય શ્રીગિરિરાજબાવાની તળેટીમાં રહેવા મળે તો ગિરિરાજબાવાની જે કૃપા પુલિંદીઓ ઉપર થઇ હતી, એવી કૃપા કદાચ મારા ઉપર પણ થઇ જાય!' શ્રીગિરિરાજબાવા કેવા છે? આપ ગોવર્ધન છે. 'ગો' એટલે ગાયો, 'ગો' એટલે ઉપનિષદ અને 'ગો' એટલે ઇન્દ્રિયો. આપણા શરીરની જે ઇન્દ્રિયોનો પ્રભુમાં પ્રેમ વધારનાર, માટે એમનું નામ છે ગોવર્ધન, શ્રીગિરિરાજબાવાની, શ્રીયમુના મહારાણીજીની કૃપા વિના જીવ પ્રભુના માર્ગે આગળ વધી શકતો નથી, કારણ કે શ્રીઠાકોરજી બિરાજે છે. શ્રીગિરિરાજબાવાના હૃદયની ભીતરની નિકુંજમાં. ગિરિરાજબાવા એટલે ભકતનું વિરહાત્મક સ્વરૂપ. પોતાનું એ હૃદય ખોલી દે તો એમની ભીતર બિરાજતા યુગલ સ્વરૂપનાં, શ્રીમદનમોહનલાલ અને શ્રીસ્વામિનીજીનાં દર્શન થાય. માટે આપણે શ્રીગિરિરાજબાવાની તળેટીમાં રહેવાનું પસંદ કરીએ છીએ, માટે આપણે શ્રીગિરિરાજબાવાનું સેવન કરીએ છીએ, માટે આપણે શ્રીગિરિરાજબાવાની પરિક્રમા કરીને એમને વિનંતી કરીએ છીએ:

'હે ભકતવત્સલ! હે મહાકારુણિક! અમે માગીએ છીએ કે 'માનુષ દેહ ઔર હરિ સેવા, બ્રજ બસવો દીજે મોહિ સુલભ.' મને મનુષ્યનો દેહ જન્મોજન્મ આપજો. મારે લીલામાં નથી આવવું, મારે ગોલોકમાં પણ નથી આવવું; મારે તો આ મનુષ્યનો દેહ

લઈ, શ્રીવલ્લભશરણ ગ્રહણ કરી, નંદનંદનની સેવા કરતાં કરતાં, જયાં નંદનંદન બિરાજે એવા વ્રજની અંદર વસવું છે, આ વ્રજની રજમાં લોટવુ છે, વ્રજરજ રૂપે બિરાજતા નંદનંદનને હૃદય ભરીભરીને ભેટવું છે. હે ગિરિરાજબાવા! અમારા ઉપર કૃપા કરવી હોય તો આટલી કૃપા કરો; કારણ કે આપ હરિદાસવર્ય છો. અમને હરિના દાસના પણ દાસ બનાવજો.

'દૂરે તન્નાથ દર્શનમ્'- શ્રીહરિરાયચરણ વિરહમાં વિનંતી કરે છે કે 'મારા શ્રીગિરિરાજબાવાના સ્વામી એવા શ્રીગોવર્ધનધરણ શ્રીનાથજી બાવા, એ પણ દૂર-દૂર સિંહાડમાં-મેવાડમાં બિરાજી રહ્યા છે. એમનાંય મને દર્શન નથી. આવી સ્થિતિમાં હું કેમ કરીને જીવીશ?'

શ્રીહરિરાયચરણના આ વિરહનું ચિંતન કરીએ છીએ એટલે ચતુર્ભુજદાસજી યાદ આવી જાય. શ્રીજીબાવા વ્રજમાંથી મથુરા પધાર્યા. ચતુર્ભુજદાસજીને વ્રજમાં દર્શન નથી થતાં, પ્રાણનાથના વિરહમાં વ્યાકુળ બનેલા એ ભકતકવિ ગોવિંદકુંડના વૃક્ષ નીચે વિવશ બનીને પ્રભુના વિરહમાં રોજ સાંજે ગાઈ રહ્યા છેઃ 'શ્રીગોવર્ધનવાસી સાંવરે લાલ, તુમ બિન રહ્યો ન જાય, વ્રજરાજ લડેતે લાંડિલે.' ચતુર્ભુજદાસનો એ વિરહ, એની એકાદ કણિકા આપણા હૃદયમાં બિરાજે એટલા માટે વૈષ્ણવો, રોજ સાંજે ગોવર્ધનવાસીનું આ પદ વિરહપૂર્વક, આતુરતાપૂર્વક ગાઈએ, તો શ્રીવલ્લભની કાનિથી કયારેક જરૂર આપણને પણ ગૌચારણ કરીને પાછા પધારતાં શ્રીગોવર્ધનધરણનાં દર્શન થઇ જાય. કાબૂલમાં જો માધવદાસજીને દર્શન થતાં હોય, તો આપણને પણ અહીં પ્રભુનાં દર્શન કેમ ન થાય?

પરંતુ આપણી પાસે સત્સંગ નથી. સત્સંગના અભાવમાં આપણું હૃદય કોરા કાપડ ઉપર કોઇ પણ રંગ ખૂબ સહેલાઈથી લાગી જાય. તેમ હૃદયરૂપી કોરા સફેદ કાપડ ઉપર દુઃસંગના અનેક ગંદા રંગ લાગી જાય છે.

શ્રીહરિરાયચરણ આમ વિરહ કરતાં કરતાં આપણા પ્રશ્નોનો જવાબ આપવા તત્પર બન્યા છે. આપણે દીનભાવે આપશ્રીને પૂછીએઃ 'કૃપાનાથ! આપ સત્સંગનો આટલો બધો મહિમા ગાવ છો, એનું કારણ શું? અમે ઘરમાં બેસીને કેવળ પુસ્તકો વાંચી લઇએ તો શું એનાથી અમને સત્સંગ ન મળે?'

આપ આપણને સમજાવે છે કે તાદશી વૈષ્ણવના સમાગમથી જે ભાવ હૃદયમાં પ્રકટે છે, એ ભાવ કેવળ વાંચવાથી પ્રગટતો નથી. એ ભગવદીયનાં દર્શન, એ ભગવદીયની વાણી આપણા હૃદયની મલિનતાને ધોઇ નાખે છે.'

સત્સંગમાં આપણને રસ નથી પડતો, માટે સત્સંગમાં આપણને આનંદ નથી આવતો. રુચિ નથી થતી એનું કારણ બતાવતાં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે, જેનું

મન વિષયવાસનામાં રોકાયેલું છે, તેના હૃદયમાં ભગવદ્‌ભાવ પ્રકટ થતો નથી. મનનો સ્વભાવ છે કે એક સમયે, એક જ બાબતમાં મન રોકાયેલું રહે. એક સમયે મન બે બાબતોનો કદી વિચાર કરી શકતું નથી.

મધ્યપ્રદેશના એક શહેરમાં એક વૈષ્ણવ પરિવાર રહે. એમનો વ્યાપારકારોબાર મોટો હોવા છતાં તે આખો પરિવાર શ્રીઠાકોરજીની સેવામાં ખૂબ તત્પર છે. ઘરના વડીલ પણ બપોરે રાજભોગ સુધીની બધી સેવા ખૂબ શાન્તિથી પહોંચ્યા પછી બાર એક વાગ્યે દુકાને જાય અને ચાર વાગે તો પાછા નીકળી જાય. મન પ્રભુમાં એવું લાગેલું કે વ્યાપારમાં ચિત્ત બરોબર ચોંટે નહીં. પણ ધીમે ધીમે વ્યાપાર ઘટતો ગયો, દેવું વધતું ગયું. પરિણામ એ આવ્યું કે દુકાન વેચવી પડી, ઘર ગીરે મૂકવું પડયું. ઘર ન છોડાવી શકવાથી ખાલી કરવાનો વખત આવી ગયો. ઘર ખાલી કરવાની આગલી રાતે આખા કુટુંબને ભેગું કરીને વૈષ્ણવ એમનાં દીકરાદીકરીઓને પૂછે છેઃ 'આજે આપણી કસોટીનો દિવસ છે. નક્કી કરી લો, તમારે શું જોઇએ છે? પ્રભુ જોઇએ છે કે વ્યવહાર જોઇએ છે? જગદીશ જોઇએ છે કે જગત જોઇએ છે? સૌએ એકી અવાજે કહ્યુંઃ 'પિતાજી! ઝૂંપડીમાં રહેવું પડશે તો ઝૂંપડીમાં રહીશું, ભીખ માગવી પડશે તો ભીખ માગીશું; પણ ઠાકોરજીની સેવા અમારે છોડવી નથી. આ ઘર પણ જેને ત્યાં આપણે ગીરે મૂકયું છે એને આપી દો. ચાલો, કોઇક નાના ભાડાના મકાનમાં જઇને રહીએ, ત્યાં સુખેથી પ્રભુની સેવા કરીશું!'

જેનું મન શ્યામના રંગમાં રંગાયું છે, એવા ભકતો ભલે ગમે તેવો નિયમ લે કે 'શ્યામ રંગ સમીપે ન જાવું,' તોય એ ભકત કહે છે કે 'મુખે નેમ લીધો પણ મન કહે ના પલક નિભાવું.' - મન એ નિયમને નિભાવવા તૈયાર નથી. એવી રીતે જેનું મન વિષયવાસનામાં ચકચૂર છે, ગળાડૂબ છે એ સેવા કરે કે સ્મરણ કરે; એનું ચિત્ત સેવાસ્મરણમાં લાગતું નથી. હર પળે એના મન ઉપર વિષયવાસનાનો ઘોડો સવાર થઇને બેઠો હોય છે.

શ્રીગુસાંઇજી પાસે ત્રણ મનુષ્યો આવ્યા. 'મહારાજ! અમને વૈષ્ણવ કરો.' શ્રીગુસાંઇજી તેમને પૂછે છેઃ 'તમને કંઇ શોખ છે?' એકે કહ્યુંઃ 'હા મહારાજ, મને સુંદર વસ્ત્રોનો શોખ છે.' બીજાએ કહ્યુંઃ 'હા મહારાજ, મને સુંદર અત્તરનો શોખ છે.' ત્રીજાએ કહ્યુંઃ 'ના મહારાજ, મને આ દુનિયામાં કંઇ શોખ નથી. શ્રીગુસાંઇજીએ ત્રીજાને કહ્યુંઃ 'ભાઇ તું વૈષ્ણવ નહીં થઇ શકે. તું જ જો બાવો છે, તને કંઇ શોખ નથી, તો તું અમારા ઠાકોરજીને શું લાડ લડાવી શકવાનો! આ માર્ગ પ્રભુને લાડ લડાવવાનો માર્ગ છે આપણા બધા શોખ પ્રભુને અંગીકાર કરાવવાનો માર્ગ છે.'

આપણને અલંકારોનો શોખ છે, તો એ અલંકાર પહેલાં પ્રભુને ધરાવો. પછી એ પ્રસાદી અલંકારો આપણે વાપરીએ. આપણને ફરવાનો શોખ છે, પ્રભુને સાથે લઈને ફરવા નીકળો. આપણને વસ્ત્રોનો શોખ છે, સુંદર વસ્ત્રો પ્રભુને અંગીકાર કરાવીને પ્રસાદી વસ્ત્રો આપણે વાપરીએ. આપણને સુંદર ભોજનનો શોખ છે, પ્રભુને સુંદર સામગ્રી આરોગાવો અને પછી એ મહાપ્રસાદ તરીકે લો. આપણે પત્ની જોઈએ છે, પુત્ર જોઈએ છે તો પત્ની એટલા માટે લાવીએ કે જે સેવામાં સહાયક બને, પુત્ર એટલા માટે જન્મે કે જે સેવામાં સહાયક બને. બધું પ્રભુ પ્રીત્યર્થે કરી દો, જીવનને પ્રભુના માર્ગે વાળી દો. પ્રભુના પરિશ્રમમાં આપણું સુખ જુઓ, પ્રભુના પરિશ્રમમાં આપણું દુઃખ જુઓ તો પછી હૃદયમાં કયાંય વિષયવાસના નહીં રહે, કયાંય આપણા મોજશોખ માટે જીવવાનો વિચાર નહીં રહે, જયાં જયાં જઈશું ત્યાં ત્યાં આપણને એમ થશે કે આ મારા પ્રભુને લાયક છે.

નંદદાસજી એક પદમાં કહે છેઃ 'ઉત્તમ અવતાર કહાજો, શ્રીવલ્લભકુમાર ન જાન્યો.' શ્રીવલ્લભ અને શ્રીગુસાંઈજીને નથી જાણ્યા તો આ ઉત્તમ વૈષ્ણવ અવતાર મળ્યો તે શું કામનો? 'ચર્ચા ન કીની વલ્લભવરકી, રચી પાખંડ બહુ બાનો'- પાખંડી પોષાક પહેર્યો અને શ્રીવલ્લભના સ્વરૂપની ચર્ચા નથી કરી, તો આ જીવન નકામું છે. 'રસિક કથા સુની નહીં શ્રવનન' આ કાનનો ઉપયોગ પ્રભુના ગુણગાન સાંભળવામાં ન કર્યો. 'રહ્યો વિષય રસ હી લપટાનો'- તેને નિંદારસમાં જો આનંદ આવ્યો, તો આ અવતાર નકામો જશે. પરંતુ શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'હું આ બધું તમને કહું છું, પણ પેલા સત્સંગ મળવો તો દુર્લભ છે'.

આવો સત્સંગ કરાવનાર વૈષ્ણવ કયાં છે? શ્રીહરિરાયચરણ કહે છેઃ 'વાત સાચી છે, એવા ભગવદીયો નથી.' તો આવા સમયમાં શું કરવું? આ સંજોગોમાં. સતત 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' નું રટણ કરવું.

શ્રીમહાપ્રભુજીએ પણ 'નવરત્ન'માં એ જ આજ્ઞા કરીઃ હમેશાં પ્રેમપૂર્વક 'શ્રીકૃષ્ણઃ શરણ મમ'નું રટણ કરતા રહો. કહેવું બહુ સહેલું છે, પણ સતત 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નું રટણ થાય, એ બહુ અઘરું છે, હોં. આપણે બે માળા કરીએ, પાંચ કે અગિયાર કરીએ અને મન થાકવા માંડે છે, જીભ થાકવા માંડે છે, શરીરના અંકોડા દુઃખવા માંડે છે અને એમ થાય છે કે કયારે નિયમની માળા પૂરી થાય અને કયારે છુટ્ટી થાય?

ઘણી વાર વૈષ્ણવોને જોઉં છું જપ કરતાં. માળાના મણકા ફરે અને સાથે સાથે તેમની ચિત્તની વૃત્તિઓના મણકાય ફરતા જ હોય. મણકો હાથમાં ફર્યા કરે અને એ બોલતા હોય, કોઈની સાથે વાત કરતા હોય. ત્યારે મને અમારા એક ડૉકટર મિત્ર યાદ આવે છે. મારા

પરમ સ્નેહી છે. તેમની હૉસ્પિટલની ચેમ્બરમાં એક વાર અનાયાસ જવાનું થયેલું. એક દર્દીને તપાસતાં મારી સાથે વાતો કરતા. સ્ટેથોસ્કોપ દર્દીની છાતી ઉપર ફર્યા કરતું હતું અને તે મારી સાથે વાતોમાં તત્પર હતાં. દર્દીને વિદાય કર્યા પછી અમે બે એકલા પડયા એટલે મેં પૂછયું: 'ડૉકટર, આ દર્દીની છાતીના કંઇ ધબકારા સંભળાયેલા ખરા તમને? આ સ્ટેથોસ્કોપનો ઉપયોગ તેના રોગનું નિદાન કરવામાં થયેલો?' મને કહેઃ 'કેમ આવું પૂછે છે? મેં કહ્યું કેઃ 'સ્ટેથોસ્કોપ તો તમારા ગળામાં વળગેલું પડયું છે, કાનમાં તો ભરાવેલું પણ નથી અને તમે તેની છાતી ઉપર ઠોકયા કર્યું!' મને કહેઃ ભાઇ તેને તાવ આવ્યો છે. તાવની દવા ખાશે એટલે તાવ ઊતરી જશે. આ તો તેની શાંતિ માટે, તેને એમ ન લાગે કે ડૉકટરે મફતના રૂપિયા લઇ લીધા એટલે મફતના બે ગોદા મારી દીધા!' મને લાગે છે કે આપણે પણ ધર્મનું આચરણ કરીએ છીએ એવું મનને મનાવવા માળાના મણકા ફેરવી લઇએ છીએ, પણ મન તે માળામાં લાગતું નથી. પોપટની જેમ બોલાતું હોય તો ભલે, પણ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' બોલાય છે, ત્યારે મનમાં તે શ્યામસુંદરની અલબેલી છબી કયારેય આપણા ચિત્તપટ ઉપર સ્થિર થાય છે ખરી? માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે કે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ'નો જપ સતત કરવો હોય તો પહેલાં ટેવ પાડવી પડશે, નિયમપૂર્વક ટેવ પાડવી પડશે કે રોજ મારે આટલી માળા સવારે અને આટલી માળા સાંજ ફેરવવાની. તેના કારણે મનને, જીભને એક એવી ટેવ પડી જશે કે પછી કોઇપણ કામ કરતાં, આપણા મનમાં સતત અષ્ટાક્ષરનું રટણ ચાલ્યા કરશે.'

આપણે ત્યાં અષ્ટાક્ષર મંત્રનો સતત જપ કરનારા બે ભગવદીયોનાં ચરિત્રો છે. એક તો શ્રીગુસાંઇજીના સેવક ચાચા શ્રીહરિવંશજી. અષ્ટાક્ષર મંત્ર એમને ફલિત થયો હતો. એક વખત એવું બન્યું કે મથુરાથી ગોકુળ જવું છે. સાંજ પડી ગઇ છે, નાવ કિનારે નથી. સાથે એક વૈષ્ણવ છે. ચાચાજીએ વૈષ્ણવને કહ્યું કેઃ 'હું અષ્ટાક્ષર બોલતો બોલતો યમુનાજીના જળ પર ચાલીશ, તું મારા પગલે પગલે પાછળ પાછળ ચાલજે અને અષ્ટાક્ષર બોલજે.' બંને જણ આ રીતે યમુનાજીના જળ ઉપર ચાલતા ચાલતા આગળ વધ્યા. થોડેક ગયા એટલે વૈષ્ણવને વિચાર આવ્યો 'ચાચાજી પણ અષ્ટાક્ષર બોલ છે, હું પણ બોલું છું. શા માટે પાછળ પાછળ ચાલું? સાથે સાથે કેમ ન ચાલું?' અને એ સાથે ચાલવા ગયા, ત્યાં ડૂબ્યા. આમ આપણે પણ ભગવદીયોની સાથે નથી ચાલવાનું, દાસાનુદાસ બનીને ચાલવાનું છે. જો સાથે ચાલવા જઇશું તો અહંકાર આવશે. અહંકાર આવશે, તો આપણે અષ્ટાક્ષર બોલતા હોઇશું છતાં એ ફલિત નહીં થાય. માટે અષ્ટાક્ષરનો જપ કરો, અષ્ટાક્ષરનું રટણ કરો તો કોઇને કહેશો નહીં.

હમણાં અમેરિકાથી આવેલા એક વૈષ્ણવની સાથે વાત કરવાનું થયું. એમણે કહ્યું કે

હું મારા ઘેરથી મારી ઑફિસે મોટરમાં જાઉં છું. મને ત્રણ કલાક જતાં અને ત્રણ કલાક આવતાં થાય છે. જતાં અને આવતાં મોટર ચલાવતાં ચલાવતાં યમુનાષ્ટકના પાઠ કર્યા કરું છું. દિવસમાં છ કલાક પ્રભુનું નામ દેવાય છે, બાકી વખત મળતો નથી. અમારા ઘરમાં એવો શિરસ્તો રાખ્યો છે કે સાંજે અમે ભોજન માટે ડીનર ટેબલ ઉપર બેસીએ, ત્યારે ઘરનાં સૌ-અમારાં બાળકો અમે બધાં હાથ-પગ ધોઇ, ભોજન પીરસાયા પછી જેટલા પાઠ અમને બધાંને આવડે એટલા બોલીએ અને પછી જ અમે ભોજન કરીએ.'

અમેરિકામાં રહેનાર વૈષ્ણવો પણ જો ભગવત્સ્મરણનો આગ્રહ રાખી શકે, તો આપણે તો બહુ સહેલું છે. શ્રીગુસાંઇજીના બીજા એક સેવક છે, તે શરણે આવ્યા ત્યારે શ્રીગુસાંઈજીએ આજ્ઞા કરી: 'તું ગિરિરાજ જા. ત્યાં દંડવતી શિલાની સામે છ મહિના બેસીને અષ્ટાક્ષરનું રટણ કર. 'એમણે છ મહિના અષ્ટાક્ષરનું રટણ કર્યું. શ્રીગુસાંઈજીએ ફરી આજ્ઞા કરી: 'બીજા છ મહિના હવે પંચાક્ષરનું રટણ કર.' એમણે બીજા છ મહિના સતત પંચાક્ષરનું રટણ કર્યું. પરિણામે એક વર્ષ થતાં થતાં શ્રીઠાકોરજી એમને સાક્ષાત્ દર્શન આપવા લાગ્યા.

હમણાં થોડાંક વર્ષો પહેલાં મુંબઈના એક વૃદ્ધ ભગવદીય વૈષ્ણવે કહેલો પ્રસંગ તમને કહું: એમને એવો મનોરથ થયો કે વ્રજના એકાંત સ્થળમાં જઈને શ્રીસર્વોત્તમ સ્તોત્રનું રટણ કરું. નિયમ માટે એમણે ૧૦૮ પાઠ રોજ કરવાનું વ્રત રાખ્યું. ચંદ્ર સરોવર ઉપર આવીને રહ્યા. શ્રીગુસાંઈજીના વિરહનાં બેઠકજી સામે બેસીને વિરહપૂર્વક એ રોજ શ્રીસર્વોત્તમજીના ૧૦૮ પાઠ કરે અને અષ્ટાક્ષરની ૧૦૮ માળા કરે. તેમનો અનુભવ વર્ણવતાં કહે, 'પહેલા જ દિવસે રાત્રે હું મારી ઓરડીમાં સૂતો હતો. આગળ ચંદ્ર સરોવરનો ચોક હતો. રાત્રે નૂપુરના ઝણકાર સાંભળતાં હું જાગી ગયો. બારીમાંથી જોઉં છું તો યુગલ સરકાર કોટાનકોટિ વ્રજભક્તો સાથે ત્યાં રાસ કરી રહ્યા છે.' આમ, ત્યાં ૪૧ દિવસ સુધી એમને રોજ રાત્રે અવનવી લીલાઓનાં પ્રભુએ દર્શન કરાવ્યાં. પોતાનો અનુભવ એ દરરોજ નોટમાં લખી લેતા કે જેથી ચિત્તમાંથી વીસરાઇ ન જાય.

આજે પણ પ્રભુનું નામ-સ્મરણ પ્રેમથી કરનારને પ્રભુ સાક્ષાત્ દર્શન આપે છે; કારણ કે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં શ્રીમહાપ્રભુજીનું એક નામ છે 'સ્વયશોગાન સંહૃષ્ટ, હૃદયાંભોજવિષ્ટર:' પોતાનાં યશોગાન સાંભળવાથી શ્રીવલ્લભના હૃદયરૂપી કમળની પાંખડીઓ વિકસિત થાય છે. પોતાનું યશોગાન શ્રીઠાકોરજીને અને શ્રીમહાપ્રભુને બહુ પ્રિય છે. માટે, આપણી જે રીતથી રુચિ હોય- જપમાં રુચિ હોય તો જપ, સ્તોત્રપાઠમાં રુચિ હોય તો સ્તોત્રપાઠ, કીર્તનમાં રુચિ હોય તો કીર્તન, અષ્ટાક્ષરના રટણમાં રુચિ હોય તો અષ્ટાક્ષરનું રટણ, શ્રીમહાપ્રભુજીના ગ્રંથોના સ્વાધ્યાય અને વાચનમાં રુચિ

હોય તો તે જે રુચિ તે રીતે ભગવન્નામ સાથે આપણા હૃદયને જોડાયેલું રાખીશું તો શ્રીહરિરાયચરણની કૃપાથી આપણને જરૂર પ્રભુનાં દર્શન થશે, મન પ્રભુમાં લાગેલું રહેશે, ચિત્તમાંથી વિષય-વિકારો નાબૂદ થતાં હૃદય અને ઇન્દ્રિયો પ્રભુનાં સેવા-સ્મરણ માટે તત્પર બનશે.' આ આજ્ઞા સાથે દસ શ્લોકમાં આ શિક્ષાપત્ર અહીં સમાપ્ત થાય છે.

'ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં એકોનવિંશતિતમં શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્.'

શિક્ષાપત્ર ઓગણીસમાનો સારાંશ

શ્લોક સંખ્યાં : ૧૦

વિષય : સત્સંગ

- સત્સંગ કોનો કરવો?
  (૧) શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ રાખનારનો.
  (૨) શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનું પાલન કરનારનો.
  (૩) જે કહે તે જ કરે તેવા ભગવદીયનો.
- સત્સંગના અભાવમાં વિરહ
- સત્સંગના અભાવમાં અષ્ટાક્ષર મંત્રનો સતત જપ.

શિક્ષાપત્ર વીસમું

સમાચારાડવગત્યૈવ સંતોષો જનિતો મહાન્ ।
સદોષેડપિ હરિર્જીવેડનુગ્રહં કુરુતે સ્વતઃ ॥૧॥

સમાચાર જાણી ઘણો સંતોષ થયો. દોષવાળા જીવ ઉપર પણ પ્રભુ પોતે જ કૃપા કરે છે. (૧)

પ્રમેયબલમાસાદ્ય કિમસાધ્યં તદા ભવેત્ ।
અતઃ પ્રથમદોષાણાં ચિંતા નૈવ વિધીયતામ્ ॥૨॥

જો પ્રમેય બળ પ્રાપ્ત થાય, તો શું અસાધ્ય હોય? માટે પ્રથમના દોષોની ચિંતા કરવી નહિ. (૨)

સંજાતભગવદ્ભાવમપથ્યમિવ સદ્ગુણમ્ ।
લોકનિંદાભવં દુઃખં ન ધર્તવ્યં હિ માનસે ॥૩॥

જો ભગવદ્ભાવ કડવી દવાની પેઠે પણ પ્રાપ્ત થાય, તો તે એક સદ્ગુણ જ છે. એથી લૌકિક નિંદાનું દુઃખ થાય, છતાં મનમાં કશું લાવવું નહીં. (૩)

અગ્રે તુ સાવધાનત્વં વિધેયં સર્વથા પુનઃ ।
દુઃસંગાદિમહાદોષા નાશયંત્યેવ તત્ક્ષણાત્ ॥૪॥

પરંતુ આપણે આગળ ઉપર સર્વથા સાવધાન રહેવું. દુઃસંગાદિ મહાદોષ છે, તે ભગવદ્ભાવનો ક્ષણમાં નાશ કરે છે. (૪)

અસજ્જનકૃતા નિંદા તુષ્ટ્યૈ સત્ત્વવિનિશ્ચયાત્ ।
યતસ્તેષાં ન રોચંતે સંત એવ હિ સર્વથા ॥૫॥

જો અસજ્જનો નિંદા કરે, તો તેનાથી ધૈર્યની વૃદ્ધિ થાય છે; માટે તેનાથી સંતોષ પામવું. અસત્યપુરુષોને સત્પુરુષો સર્વથા ગમતા નથી. (૫)

માર્ગવિશ્વાસરહિતાઃ પૂર્વદોષૈકદષ્ટયઃ ।
યતો નામૈવ હિ હરેઃ સર્વદોષનિવર્તકમ્ ॥૬॥

એવા પુરુષોને માર્ગમાં વિશ્વાસ હોતો નથી. તેમને સર્વથા દોષદષ્ટિ હોય છે. ખરું જોતાં તો એક હરિનું નામ જ એવું છે, જે સર્વ દોષોની નિવૃત્તિ કરે. (૬)

તદપિ શ્રીમદાચાર્યવદનાંબુજનિઃસૃતમ્ ।
તત્પ્રકાશિતમાર્ગસ્ય સર્વસમ્પાદનક્ષમમ્ ॥૭॥

તેમાં પણ શ્રીઆચાર્યચરણના મુખકમળમાંથી જે અષ્ટાક્ષરમંત્ર પ્રગટ નીકળ્યો છે, અને જે માર્ગને (તેના ખરા સ્વરૂપમાં) પ્રકાશિત કરી રહ્યો છે, તે જ સિદ્ધિને સંપાદન કરાવનારો છે. (૭)

તતોઽપિ બ્રહ્મસંબંધઃ સર્વદોષનિવર્તકઃ ।
નિર્દોષાઽનન્દ સેવાઽપિ દોષાઽભાવપ્રસાધિકા ॥૮॥

તેનાથી પણ બ્રહ્મસંબંધ સર્વદોષ નિવર્તક છે. ભગવાન નિર્દોષ છે. જે નિર્દોષ હોય તે જ આનંદરૂપ હોઇ શકે. તેથી આનંદસ્વરૂપ ભગવાનની સેવા કરવાથી જીવને તે જ દોષરહિત બનાવે છે. (૮)

ગુણગાનં તુ સર્વેષાં દોષાણાં વિનિવારકમ્ ।
ગુણગાને જ્ઞાનમાર્ગાત્ ઉત્કર્ષઃ પ્રભુણોદિતઃ ॥૯॥

વળી, પ્રભુનાં ગુણગાન સર્વદોષોને નિવારે છે. જ્ઞાનમાર્ગથી ગુણગાન શ્રેષ્ઠ છે એવું શ્રીઆચાર્યચરણે પ્રતિપાદન કરેલું છે. (૯)

જ્ઞાનં સકલદોષાણાં દાહકં પરિકીર્તિતમ્ ।
તથાપિ ન પ્રભોઃ પ્રાદુર્ભાવે યત્પ્રતિબંધકમ્ ॥૧૦॥
તન્નિવર્તયિતુમશકતમતો ન્યૂનં નિરૂપિતમ્ ।
તતઃ સ્વાચાર્યસાંનિધ્યં ક્ષણાદ્ભાવપ્રદાયકમ્ ॥૧૧॥

શાસ્ત્રમાં બતાવ્યું છે કે જ્ઞાન સકળ દોષોને બાળીને ભસ્મીભૂત કરે છે; છતાં તે પ્રભુના પ્રાદુર્ભાવમાં જે પ્રતિબંધક હોય તેનો નાશ કરી શકતું નથી. જ્ઞાન તેનો નાશ કરવામાં અસમર્થ હોવાથી તેને ન્યૂન ગણવામાં આવ્યું છે. આથી આપણા આચાર્યશ્રીનું સાંનિધ્ય જ ક્ષણમાં ભાવનું દાન કરે છે. (૧૦-૧૧)

તદ્ દિદૃક્ષાઽર્તિતાપાનાં ક્રમાદેવેહ સંભવાત્ ।
તત ઉત્તરભાવસ્ય ભાવનં વહ્નિરૂપતઃ ॥૧૨॥

શ્રીકૃષ્ણની દર્શનેચ્છા, આર્તિ ને તાપ- આ ક્રમ પુષ્ટિમાર્ગમાં પ્રગટ થાય છે. આ પછી વિપ્રયોગાગ્નિથી વિરહાત્મક ભાવના સિદ્ધ થાય છે. (વ્રજભકતનો ભાવ અગ્નિરૂપ છે, તે સિદ્ધ થાય તો શ્રીઆચાર્યજી હૃદયમાં પધાર્યા છે એમ જાણવું) (૧૨)

ક્ષણેન દોષસંઘસ્ય નાશકં સર્વથા મતમ્ ।
એવં ભૂતે સ્થિતે માર્ગે નૂનં યેષામભાગ્યતઃ ॥૧૩॥
અવિશ્વાસસ્તતસ્તેષાં ન ગતિઃ કાપિ વિદ્યતે ।
અતઃ સ્વયં શ્રુતં યદ્વા ભાગ્યાદ્હૃદિ સમાગતમ્ ॥૧૪॥
તદેય હિ દૃઢં સ્થાપ્યં સર્વથા જીવનાડવધિ।
નાલ્પજ્ઞવચનાચ્ચાલ્યા બુદ્ધિરાપાતસુંદરાત્ ॥૧૫॥

જો ઉપર પ્રમાણે વિયોગાગ્નિના ભાવનો ઉદય થાય, તો એક ક્ષણમાં દોષનો સમૂહ નાશ પામે, એવો આ પુષ્ટિમાર્ગ છે. ખરેખર, આવા માર્ગમાં જેનું અભાગ્ય હોય તેને જ અવિશ્વાસ આવે, આવા અવિશ્વાસુની કોઇ ગતિ નથી. તેથી આપણે આવા ભાવ વિશે સાંભળ્યું હોય કે તેવો ભાવ આપોઆપ હૃદયમાં સુભાગ્યે ઉદય પામ્યો હોય, તો તેને જીવન-પર્યન્ત હૃદયમાં દૃઢપણે સ્થાપન કરી રાખવો. ભલે કોઇ અલ્પજ્ઞનાં વચનો ઉપર ઉપરથી સુંદર જણાતાં હોય, છતાં તેવાં વચનોથી બુદ્ધિને ચલાયમાન થવા દેવી નહિ. (૧૩-૧૫)

સત્ત્વનિશ્ચયતઃ સંગઃ સાધકો નહિ સંશયાત્ ।
યત્ર વૈ વિપરીતૈવ કૃતિસ્તત્ર ભ્રમઃ કથમ્ ॥૧૬॥

સત્ત્વનિષ્ઠાવાળાનો સંગ સર્વ સિદ્ધ કરનારો છે, તેમાં શંકા લાવવી નહિ. જયાં કૃતિ માર્ગથી વિપરીત હોય ત્યાં વૈષ્ણવતાનો આભાસ પણ કયાંથી થાય? (૧૬)

તત્ર ભ્રાંતાઃ પરં મૂઢાસ્તત્સંગઃ ખલુ બાધકઃ ।
અતઃ સત્સંગસહિતસ્તિષ્ઠેત્સર્વત્ર સર્વદા ॥૧૭॥

તેથી જેઓ પુષ્ટિમાર્ગમાં ભ્રાન્ત છે, તેઓ ખરેખર મૂઢ છે. માટે સર્વ જીવોએ સત્સંગ સાથે જ હમેશાં રહેવું. (૧૭)

સેવાં કુર્વન્સદાચારો ધર્મે માર્ગસ્થિતોડપિ ચ ।
અવિરુદ્ધવચો વકતા હ્યવિરુદ્ધકૃતિપ્રિયઃ ॥૧૮॥

જેઓ સેવા કરતા હોય, સદાચાર પાળતા હોય, ધર્મમાર્ગમાં સ્થિત હોય અને અવિરુદ્ધ વચન બોલનારા અને અવિરુદ્ધ કૃતિ કરનારા હોય તેનો સંગ કરવો. (૧૮)

સ્વાચાર્યમાત્રવાકયૈકનિષ્ઠઃ સતતભાવુકઃ ।
તદીયજનસંસૃષ્ટઃ સર્વસંગવિવર્જિતઃ ॥૧૯॥

જેઓ આપણા આચાર્યશ્રીનાં વચનોમાં એકનિષ્ઠાવાળા હોય અને નિરંતર ભગવદ્ભાવવાળા હોય, તેવા વૈષ્ણવોના સંગમાં રહેવું. બીજાનો સંગ છોડી દેવો. (૧૯)

શિક્ષાપત્ર ૨૦મું

વીસમા શિક્ષાપત્રમાં શ્લોકોની સંખ્યા ઓગણીસની છે. અઢારમા શિક્ષાપત્રમાં આપે વૈષ્ણવોનું જીવન કેવું હોય એમ સમજાવેલું, એના અનુસંધાનમાં વીસમા શિક્ષાપત્રમાં આપ, શરણે આવ્યા પછી આપણે શું કર્તવ્ય કરવું જોઇએ તે આપણને સમજાવે છે.

આપણને ઘણી વાર એવો પ્રશ્ન થાય કે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા, બ્રહ્મસંબંધ લીધું, પણ અગાઉ આપણે ઘણા દોષો કરેલા હશે. આપણા એ બધા અપરોધો નિવૃત્ત થયા હશે ખરા?

હમણાં આપણા સમાજમાં 'કર્મનો કાયદો' પુસ્તક બહુ મોટા પ્રમાણમાં વંચાય છે અને વિચારાય છે. કર્મનો કાયદો આપણને બધાંને ચિંતાતુર બનાવે છે, કારણ કે આપણે લૌકિકમાં કહીએ છીએ કે વાવ્યું હશે એવું લણવાનું છે. જેવાં કર્મો કર્યાં હશે એવું ફળ મળશે. આગલા જન્મનાં કર્મો પણ ભોગવવાં પડશે. એટલે આપણને ભય લાગે છે કે બ્રહ્મસંબંધ લીધું પણ આપણું શું થશે? આપણાં કંઇ બધાં કર્મો તો સારાં નહીં જ હોય! અજાણતાં પણ અપરાંધ કર્યા હશે, એનું ફળ આપણને કેવું મળશે?

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: વૈષ્ણવો, તમારા અગાઉના જીવનની તમે ચિંતા ન કરશો. બીજા મનુષ્યોને ભલે કર્મનાં ફળ ભોગવવાં પડે, તમે શ્રીમહાપ્રભુજીના શરણે આવ્યા છો, તમારે હવે અગાઉના કર્મોનું ફળ નહીં ભોગવવું પડે, શ્રીમહાપ્રભુજી તમારું રક્ષણ કરવા સર્વસમર્થ છે. આ પુષ્ટિમાર્ગ છે, કૃપાનો માર્ગ છે, શૂળીએ ચઢવાનું હશે તો એ સ્વપ્નમાં શૂળીએ ચડાવશે.'

આપણે ત્યાં એક ભગવદીયની વાર્તા છે. શ્રીગુસાંઇજીના સેવક પતિ-પત્ની ગંગાજીના રમણીય કિનારે પર્ણકુટિ બાંધીને એકાંતવાસ કરતાં ભગવત્સેવા કરે છે. ત્યાં એક દિવસ એક પંડિત કાશીમાં વીસ વર્ષ વિદ્યાભ્યાસ કરીને જયોતિષશાસ્ત્ર શીખીને-ગામ પાછા જતાં મુકામ કરે છે. વૈષ્ણવે આવેલ મહેમાનને આગ્રહપૂર્વક વિનંતી કરી કે 'આજે પ્રસાદ અહીં લેજો.' પેલા જયોતિષી ત્યાં રોકાઇ ગયા. એમણે વિચાર કર્યો કે 'મારા જયોતિષના જ્ઞાનનો પહેલો ઉપયોગ આ બ્રાહ્મણ વૈષ્ણવ માટે કરું, જરા એમનું ભવિષ્ય જોઉં.' ગણિત માંડયું. એમને લાગ્યું કે બાર વાગશે એટલે આ પ્રદેશના રાજાન

સૈનિકો આવશે, આ બ્રાહ્મણ વૈષ્ણવ ઉપર ખૂનનો ખોટો આરોપ મુકાશે, એમને બાંધીને લઇ જશે અને શૂળીએ ચડાવી દેશે. મનમાં બહુ ખેદ થયોઃ 'મારી હાજરીમાં આવું બનશે? આ ભકતની આવી સ્થિતિ થશે?' એ તો પોતાનાં બધાં પુસ્તકો ભેગાં કરીને, ઉદાસ બનીને બેસી રહ્યા. બાર વાગ્યા, સાડાબાર, એક વાગવા આવ્યો. જુએ તો કોઇ સૈનિક આવ્યા નહીં. વિચાર કરે છેઃ શું મારી વિદ્યા ખોટી? શું મારું ગણિત ખોટું? કે પછી આ શાસ્ત્ર ખોટું? એટલામાં પેલા બ્રાહ્મણ વૈષ્ણવ સ્નાન કરવા ગંગા-કિનારે આવ્યા. પેલા પંડિત પણ પોતાના બધા ગ્રંથો લઇને ગંગાજીમાં પધરાવવા આવ્યા. બ્રાહ્મણ વૈષ્ણવ પૂછે છેઃ 'ભાઇ, આ ગ્રંથો કેમ ગંગાજીમાં પધરાવી દો છો?' 'ભક્તરાજ! આજે મારું જ્ઞાન ખોટું પડયું.' 'શું હતું?' પંડિતે બધી વાત કરી.

એ વૈષ્ણવ કહે કે 'ભાઇ, તમે કહો છો એ બધું મેં ભોગવી લીધું છે. આજે હું શ્રીઠાકોરજીને રાજભોગ ધરાવી. રોજની જેમ જપ કરવા બેઠો, ત્યાં મને ઝોકું આવી ગયું. ઝોકામાં મને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તમે કહ્યો તે બધો અનુભવ મેં કર્યો. મારા શરીરને શૂળી ઉપર મડદાની જેમ લટકતું મેં જોયું, પરિણામે હું છોવાઇ ગયો એટલે હું સ્નાન કરવા જઇ રહ્યો છું. તમે ચિંતા ન કરશો, તમારી વિદ્યા સાચી, તમારું ગણિત સાચું, શાસ્ત્રો પણ સાચાં. પણ પ્રભુ એવા કૃપાળુ છે કે શૂળીનો ઘા સ્વપ્ન દ્વારા ભોગવાવી લે છે.'

અહીં પણ શ્રીહરિરાયચરણ એ જ આજ્ઞા કરે છેઃ બ્રહ્મસંબંધ લેતાં પહેલાં અને બ્રહ્મસંબંધ લીધા પછી પણ ગઇકાલ સુધી, અરે, આજ સુધી જે કંઇ દોષ કર્યા હશે એનું શું થશે, એની ચિંતા કરશો નહીં! શરણાગતિ પૂર્વના દોષોની ચિંતા કરવાની કદી જરૂર નથી. કારણ, બ્રહ્મસંબંધ થતાં બધા દોષોની નિવૃત્તિ થાય છે.'

સૂરદાસજી શ્રીમહાપ્રભુજીના શરણે આવે છે. પછી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છેઃ 'સૂરદાસજી, કંઇક ભગવદ્યશ ગાવ.' ત્યારે સૂરદાસજી ગાય છેઃ હૌં સબ પતિતનકો ટીકો, હૌં સબ પતિતનકો નાયક'- હું બધા પતિતોમાં શ્રેષ્ઠ છું!' શ્રીમહાપ્રભુજીને આ વાણી ન ગમી. આપે આજ્ઞા કરીઃ 'સૂર હ્વૈ કે કાહે કો ઘિઘિયાત હૈ?' હવે તું વૈષ્ણવ છે, મારો સેવક છે, સિંહનું બચ્ચું છે. હવે આવાં રોદણાં શું રડે છે કે હું પતિત છું ને પાપી છું, હું દુષ્ટ છું ને લબાડ છું. ક્રોધી છું ને કામી છું! અરે ભાઇ, તું જેવો છે એવો છે. આ રોદણાં રડીશ એટલે કંઇ ફેર પડી જવાનો છે! રડવાથી પતિત માણસ પુણ્યશાળી બની જવાનો છે? તું શા માટે રોદણાં રડે છે? તું જેવો છે એવો પ્રભુએ તને સ્વીકારી લીધો છે, પ્રભુએ તને એનો દાસ બનાવી દીધો છે. હવે તો કંઇક ભગવદ્યશ ગા. હવે તો આપણે પ્રભુના સેવક બન્યા છીએ, પ્રભુ સાથે આપણું અલૌકિક લગ્ન થયું છે, આપણે સૌભાગ્યવાન બન્યા છીએ.

આપણે ઊઠો, ગાવ, કૂદો, આનંદ કરો, હવે રોદણાં શાનાં રડવાનાં? એ સમય તો પૂરો થઇ ગયો.'

જંગલમાં રોદણાં કોણ રડે? રાત પડે કૂતરાં રડે અને શિયાળવાં રડે. સિંહ અને વાઘ કદી રોદણાં રડતા નથી, એ તો ગર્જના કરે છે. આપણે કોનાં બાળક? આપણે શ્રીમહાપ્રભુજીનાં બાળક છીએ. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને શરણે લીધા છે. આપણે એમની નાદસૃષ્ટિ છીએ, એ આપણા દાદાજી છે. દાદાજીના શરણે ગયા પછી ભલા, કોઇ નાનું બાળક રડે ખરું? એ તો એના મોટાભાઇ સાથે તોફાન થાય તો રડે, એની બહેન ટપલી મારે તો રડે; પણ દાદાની ગોદમાં એ ચડી બેસે ત્યારે તો એ કિલકિલાટ હસતું હોય. આપણે હવે શ્રીમહાપ્રભુજીના શરણે છીએ. જો હવે આપણે કંઇ કરવા જેવું હોય તો એક જ છે- આનંદથી નાચતાં, ઝૂમતાં, પ્રભુના યશ ગાતાં પ્રભુની સેવા કરવાની. શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી એટલે શ્રીસૂરદાસજીએ 'વ્રજ ભયો મહરકે પુત જબ યહ બાત સુની, આનંદે સબ લોગ ગોકુલ ગણિત ગુની' એ આખી વધાઇ, દર્શન કરતાં કરતાં ગાઇ છે.

માટે શ્રીહરિરાયચરણ અહીં આજ્ઞા કરે છે: તમે તમારા પહેલાંના દોષોનો વિચાર કરીને ચિંતા ન કરશો, એમાં તમારા મનને ખરાબ ન કરશો, એમાં સમય વેડફી ન નાખશો.' જીવના ગમે તેવા દોષો હશે, પણ ઠાકોરજી પોતાના શરણે આવેલા જીવ ઉપર હમેશાં કૃપા જ કરે છે. પ્રભુનો આ સ્વભાવ છે. બાળક ગમે તેવું તોફાન કરે, પણ મા એને ખોળામાં લઇને લાડ કરે છે. મા એમ કહે કે 'તને ખાવા નહીં આપું.' તોય ભોજનનો વખત થાય એટલે બાળક જયાં હોય ત્યાંથી બોલાવીને ખવડાવે. પ્રભુએ એમની ગોદમાં આપણને લીધા છે, આપણને અભય આપ્યું છે, આપણને એમના શરણમાં લીધા છે.

ગોવર્ધનલીલાના પ્રસંગને આપણે યાદ કરીએ. વ્રજભકતોને પ્રભુએ આજ્ઞા કરી: 'તમે મારા શરણમાં ગિરિરાજબાવાની તળેટીમાં આવી જાવ.' વ્રજભકતોનું પ્રભુએ રક્ષણ કર્યું, એમ પ્રભુ રોજ રોજ આપણું રક્ષણ કરે છે.

છઠ્ઠા શિક્ષપત્રમાં શ્રીહરિરાયચરણે ખૂબ સૂંદર રીતે બતાવ્યું કે બાળક સાપને રમકડું માનીને પકડવા જાય, અને પિતા એને ન પકડવા દે, ત્યારે બાળક રડે છે. પિતા એ સાપ પકડવા દેતા નથી. પિતા જાણે છે કે સાપ કરડશે. બાળક અજ્ઞાન છે, એમ જીવ અજ્ઞાન છે. પોતાનું ભલું શામાં છે તે જીવ જાણતો નથી, પણ પ્રભુ અને મહાપ્રભુ જાણે છે કે આપણું ભલું શામાં છે. જેમાં ભલું છે તે પ્રભુ આપે છે, ભલું નથી તે લઇ લે છે. દુનિયાની મોજમજામાં આપણું ભલું નથી, દુનિયાનાં સુખોમાં આપણું ભલું નથી. માટે

પ્રભુ દુનિયામાં જયાં જયાં આપણી આસકિત છે ત્યાંથી એ આસકિત છોડાવવા માટે આપણને દુઃખ આપે છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'હે વૈષ્ણવો, તમે મનોરથ કયારે મનાવશો? થોડાક વધારે પૈસા કમાઓ ત્યારે? ઘેર દીકરાનો જન્મ થાય ત્યારે? ઘરમાં કંઈક સારો પ્રસંગ બને ત્યારે? ના ના, જયારે તમારા માથે દુઃખ આવે, દુઃખનો મૂશળધાર વરસાદ વરસે, દુઃખના ડુંગરામાં દટાઇ જતા હોય ત્યારે એ દિવસે તમે નાચજો, ગાજો અને કૂદજો; કારણ કે એ દિવસે પ્રભુએ કૃપા કરી તમારો હાથ પકડી લીધો છે.' કૃપા કરી છે માટે દુઃખ આપ્યું છે; કારણ કે પ્રભુ દુનિયામાંથી આસકિત છોડાવવા માગે છે પત્નીમાં બહુ આસકિત છે, તો પ્રભુમાં આસકિત ન થાય, માટે કર્કશા પત્ની આપીને પત્ની સાથે ઝઘડો કરાવશે અને તમારી પત્નીમાંથી આસકિત છોડવશે. દીકરા-દીકરામાં બહુ આસકિત છે. દીકરાદીકરીને દૂર દૂર મોકલી દઈને દીકરાદીકરીમાંથી તમારી આસકિત છોડવશે. મિત્ર સાથે બહુ સ્નેહ છે, એના કારણે માધવ યાદ નથી આવતા ને? મિત્ર સાથે એવો ઝઘડો કરાવશે કે મિત્ર ભુલાઇ જશે અને માધવ યાદ આવી જશે. દુનિયામાં સ્નેહીજનો કડવાશ ઊભી કરે ત્યારે એ સ્નેહીજનોનો આભાર માનજો કે તમે અમારા ઉપર ઘણી કૃપા કરી છે, તમે અમારુ મન પ્રભુ તરફ વાળવા માટે આ કૃપા કરી છે.

શ્રીહરિરાયચરણ ચોથા શિક્ષાપત્રમાં આજ્ઞા કરે છેઃ લૌકિકમાં કલેશ થાય દુઃખ આવે ત્યારે માનવુ કે પ્રભુએ આપણો અંગીકાર કર્યો એનું આ લક્ષણ છે. માટે લૌકિકના દુઃખથી કદી ડરી ન જવું.

મર્યાદાભકત નરસિંહ મહેતા પણ લૌકિકના દુઃખના ડુંગરામાં દબાયા ત્યારે નાચતા-કૂદતા-કરતાલ બજાવતા ગાય છેઃ 'ભલું થયુ ને ભાગી જજાળ, સુખે ભજશુ શ્રીગોપાળ.'

આપણે શું કરીએ છીએ? લૌકિકની જંજાળ ભાગી જતી હોય, તો પકડી રાખવા તરફડિયાં મારીએ છીએ. માટે અહીં શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'હવે તમે શરણે આવ્યા છો, તમારા જૂના દોષોને યાદ ન કરશો. શરણાગત થયા પછી તમારું કર્તવ્ય શું છે એનો તમે વિચાર કરો. 'બહુ સ્વસ્થ ચિત્તે વિચાર કરો કે હવે તમારે શુ કરવાનુ છે?'

શરણાગતિ પછીનું પહેલું કર્તવ્ય શ્રીહરિરાયચરણ બતાવી રહ્યા છેઃ 'લોકનિંદાનો ભય છોડી દેવો.' ભકતને માટે આ એક બહુ જરૂરી બાબત છે. જગત અને જગદીશ બંનેને રાજી ન રાખી શકાય. દુનિયામાં રહેવુ અને દુર્લભ પ્રભુને પ્રેમ કરવો એ બની શકે નહીં. કાં તો જગતને છોડવુ પડે, કાં તો જગદીશને છોડવા પડે. લોકનિંદાનો ભય ભલભલા ભગવદીય વૈષ્ણવોને પણ પ્રભુથી વિમુખ બનાવે છે.

આપણે ત્યાં શ્રીમહાપ્રભુજીના સેવક થઇ ગયા દામોદરદાસ સંભરવાળા. કનોજના નગરશેઠ, કનોજના દીવાન, ક્ષત્રિય. કરોડ રૂપિયાની સંપત્તિ. શરણે આવ્યા પછી દ્વારકાધીશ પ્રભુની સેવામાં તત્પર બન્યા પછી જળ ભરવા ગાગર ખભે ઉપાડીને રાજમાર્ગ પરથી જાતે ચાલતા ચાલતા જાય છે, ઘરમાં અનેક દાસદાસીઓ હોવા છતાં! એમના સસરાએ હાથ જોડીને વિનંતી કરી કે આ તો મારી આબરૂનો સવાલ છે, લોકો મને ચૂંટી ખાશે કે તમારા દીવાન નગરશેઠ જમાઇ જાતે આવી મજૂરી કરે! તમે દાસી પાસે જળ ભરાવો.' શેઠ બોલ્યા વિના ચાલ્યા ગયા. બીજા દિવસે એમને એમનાં પત્નીને કહ્યું: 'ચાલો, જળ ભરવા.' ક્ષત્રિયોમાં એવો રિવાજ કે સ્ત્રી પડદામાં રહે, ઘરની બહાર પરપુરુષને મોં ન બતાવે. પણ વૈષ્ણવપત્ની પતિની આજ્ઞા માની, માથે ગાગર લઇ જાહેર રાજમાર્ગ ઉપર જળ ભરવા નીકળ્યાં. સસરાએ જોયું કે આજે તો આ નફ્ફટ જમાઇ મારી દીકરીને ખેંચી લાવ્યો. હાથ જોડીને વિનંતી કરે છે: 'તમારે કરવું હોય એમ કરજો, તમને હું શું કહું? કારણ કે તમે મારા જમાઇ છો.' જમ સારો, જમાઇ ખોટો. જમાઇને દસમો ગ્રહ કહ્યો, કારણ કે એને પજવવા જેવું ન કરાય, નહીંતર દીકરી દુ:ખી થાય. સસરાજી કહે છે: 'તમે જાતે જે કરવું હોય તે કરો, પણ મારી દીકરીને જળ ભરવા ન લઇ આવો.' ત્રીજા દિવસે દામોદરદાસજી એમનાં પત્નીને કહેતા નથી જળ ભરવા ચાલો. પણ એટલું પૂછે છે: 'જળ ભરવા આવવું છે?' પત્ની લોકનિંદાના ભયે ના પાડે છે. દામોદરદાસજી એમનાં પત્નીને હવે આજ્ઞા કરતા નથી કે 'ચાલો જળ ભરવા.' તે એકલા ગયા.

શ્રીહરિરાયચરણ ત્યાં 'ભાવપ્રકાશ'માં એનું રહસ્ય સમજાવે છે કે 'આપણને કોઇ સેવા કરવાની આજ્ઞા કરે અને જો આપણે સેવાની ના કહીએ તો એનો અપરાધ લાગે છે.' એટલા માટે દામોદરદાસજીએ જોયું કે પત્નીના હૃદયમાં લોકનિંદાનો ભય નહિ હોય, હૃદય ભગવદ્ભાવથી છલકાતું હશે, તો જરૂર તત્પર બનીને જળ ભરવા આવશે. સેવામાં પ્રેમ જોઇએ. પ્રેમ હોય તો જ એ સેવા પ્રભુ પ્રસન્નતાથી અંગીકાર કરે છે. બાકી એ સેવા નથી રહેતી, ક્રિયા બની જાય છે. એટલે અહીં શ્રીહરિરાયચરણ શરણાગતિ પછીનું કર્તવ્ય સમજાવી આજ્ઞા કરે છે કે 'લોકનિંદાનો ભય વૈષ્ણવોએ છોડી દેવો.'

આપ એક સુંદર દૃષ્ટાંત આપીને આ વાત સમજાવી રહ્યા છે. એક દર્દી છે, રાજરોગ લાગુ પડયો છે. વૈદ્યરાજ એને બહુ અસરકારક ઔષધિ આપે છે. વૈદ્યરાજે એને કહ્યું છે કે 'આ ઔષધિની સાથે ઘી ખાંડ નથી ખાવાનાં, પરેજી પાળવાની છે. 'દર્દી આ ઉત્તમ ઔષધિ નિયમિત લે છે, પણ પરેજી પાળતો નથી. પરિણામે એની અસર થવી જોઇએ તે થતી નથી.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'આપણે પણ આપણા બગડી ગયેલા હૃદયને અને ઈન્દ્રિયોને સુધારવા માટે ભગવદ્‌ગુણગાન રૂપી ઔષધિ લઈએ છીએ, પણ લોકનિંદાનો ભય આપણે છોડ્યો નથી, પરેજી પાળી નથી. આપણે ડગલે ને પગલે ભગવદ્‌સ્મરણ કરતાં વિચારીએ છીએ કે આપણે આવું કરીશું તો બીજા શું કહેશે?'

એક બહેન હતાં. એમણે ઠાકોરજી પધરાવેલા, મિસરી ધરતાં. એમાંથી સખડી ભોગ ધરવાનું મન થયું. સખડી ભોગ ધરવા લાગ્યાં. થોડાક વખત પછી એ આવીને કહે કે 'ભા, બધાં એમ કહે છે કે હવે તો તું મોટી ભગતડી થઈ ગઈ છે! કયાંય બહાર આવતી નથી, અમારી સાથે બેસતી નથી, બોલતી નથી! લોકો મને ચૂંટી ખાય છે. મારે શું કરવુ?' મેં તેમને કહ્યું કે 'તમારુ મન જેમ કહે તેમ કરો.' લોકનિંદાનો ભય મનમાં રાખીને સેવાસ્મરણ કરીશું તો સેવાસ્મરણમાં કયારેય બરકત નહીં આવે.

માંટે તો પેલો જ્ઞાનમાર્ગી કવિ પ્રીતમ પણ કહે છે કે 'હરિનો મારગ છે શૂરાનો નહીં કાયરનું કામ જોને.' લોકનિંદાનો ભય એ કાયરતા છે. જે કાયર બનીને જીવે એ બીજું બધું કરી શકે, ભકિત નહીં કરી શકે. 'પરથમ પહેલુ મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને'- જે પોતાનું મસ્તક ઉતારી દેવા તત્પર હોય એ જ પ્રેમથી ભગવદ્‌ગુણગાનમાં રચ્યાપચ્યા રહી શકે છે, એ જ હરિરસનો આસ્વાદ માણી શકે છે. માટે આપણા ભગવદીયોએ હિલગનાં અનેક પદોમાં ગાયું છે કેઃ 'પ્રભુ સાથે અમને હવે એવી 'હિલગ' થઈ છે, એવો પ્રેમ થયો છે, અમે એવાં પ્રભુમય બની ગયાં છીએ કે એમને લોકવેદની કોઈ પરવા નથી.' એક વ્રજભકત કહે છેઃ 'આ દુનિયા મને હસે, મારી મશ્કરી કરે તો ભલે કરે, મારો પરલોક બગડવો હોય તો ભલે બગડે, મારાં કુટુંબીજનો મને ગાળો દેવાનાં હોય તો ભલે દેતા-'હૌં કયોં રહૌં બિનુ દેખો જો હિતકારી'- જે મારા હિતકારી છે, એવા સલૂણા શ્યામને જોયા વિના હું કેમની રહી શકુ?

આ મન પ્રભુમાં રચ્યુંપચ્યું રાખવું બહુ કઠણ છે.

બીજી ગોપિકા સામે કહે છેઃ 'બહેન, આપણે શું કરવા દુનિયાની ચિંતા કરીએ? 'કહા કરેંગે લોગ મેરો, હૌં પ્રીતમ રસ પાગી'- આપણે આપણા પ્રિયતમના રસમાં મગ્ન છીએ, દુનિયા શું કરી લેવાની છે? 'લોક વેદ કુલ કાન તજી મેં, ન્યોતિ આપને આન્યો'- મેં તો ઠાકોરજીને બોલાવી લીધા, એને માટે લોક, વેદ, કુળ બધું છોડી દીધું. 'એક નંદનંદનકે કારન, બૈર સબન સોં ઠાન્યો' - જો એક નંદનંદન મળતા હોય તો આખી દુનિયા દુશ્મન બનવાની હોય તો ભલે બની જતી, દુનિયાથી અમારે કોઈ કામ નથી, અમારે કામ છે કેવળ નંદનંદનથી! માટે તો ભકતોએ ગાયું કે 'ઠાકુર હમારે નંદનંદન, ઠુકરાની વૃષભાનલલિ. ઓર કોઈ સમજે તો સમજે ભલે, હમકો ઈતની સમજ ભલી.'

આવી સમજ શ્રીહરિરાયચરણ આપણને આપે છે કે 'દુનિયામાં આપણે કોઇથી ડરવાની જરૂર નથી; કારણ કે આપણે કોઇનું ખરાબ કરતા નથી, આપણે આપણા શ્યામસુંદરના સ્નેહમાં રચ્યાંપચ્યાં રહીએ, તેથી દુનિયાને શું? માટે જો શરણે આવ્યા પછી હવે કરવા જેવું હોય તો એક જ છે- શ્યામસુંદરમાં રચ્યાપચ્યા રહેવાનું. 'આગે કૃષ્ણ, પાછે કૃષ્ણ, ઇત કૃષ્ણ, ઉત કૃષ્ણ, હૌં તો ભયી રી કૃષ્ણ ભયી રી.' ચારેબાજુ કૃષ્ણ... કૃષ્ણ... કૃષ્ણ. રોમરોમમાં કૃષ્ણ... શ્યામસુંદર સિવાય બીજા કોઇની સેવા નહીં, શ્યામસુંદર સિવાય બીજા કોઇનો સ્નેહ નહીં. આવી મનની સ્થિતિ ૮૪-૨૫૨ ભગવદીયોએ કરી છે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'તમારું આખું કુટુંબ વૈષ્ણવ છે, એ કુટુંબ સાથે રહીને સેવા કરો. અનુકૂળતા હોય તો કુટુંબીજનો સાથે રહીને સેવા કરો. એ સૌ ઉદાસીન હોય તો તમે સ્વયં કરો અને પ્રતિકૂળતા હોય તો તમે ઘર છોડી દો; પણ સેવા છોડશો નહીં.'

શ્રીહરિરાયચરણ શરણાગતિ પછી સાવધાનીનું બીજું પગથિયું હવે બતાવી રહ્યા છે કે શા માટે આપણે દુનિયા સાથે લૌકિક સ્નેહનો સંબંધ કાપી નાખવો પડશે? શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'શરણાગતિ પછી જો પ્રભુમાં પ્રેમ વધારવો હશે તો લોકનિંદા છોડીને, દુઃસંગથી બચીને સત્સંગમાં વધારે ઓતપ્રોત થવું પડશે.' આ શિક્ષાપત્રમાં શ્રીહરિરાયચરણ દુઃસંગનું સ્વરૂપ બહુ સુંદર રીતે સમજાવે છે.

દુઃસંગ કોને કહેવો? આનો સંગ દુઃસંગ છે, એ જાણવાનું બેરોમીટર કયું? કોના સંગને સત્સંગ કહીશું અને કોના સંગને દુઃસંગ કહીશું? શ્રીહરિરાયચરણે દુઃસંગની સંકલ્પના બહુ સુંદર રીતે બતાવી. પહેલો દુઃસંગ અવૈષ્ણવનો. જે વૈષ્ણવ નથી, જે શ્રીમહાપ્રભુજીનો સેવક નથી, જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોને સ્વીકારતો નથી એવા મનુષ્ય સાથે રહેવું એ દુઃસંગ છે; કારણ કે એના વિચારોની અસર આપણા મન ઉપર થયા વિના રહેતી નથી.

મને એક યુવાન ભાઇએ પૂછેલું કે 'આ તમે દુઃસંગ-દુઃસંગ અને સત્સંગ-સત્સંગ શું કરો છો! અમારું મન અમારા વશમાં છે, અમે દૃઢ છીએ. બીજાની વાતો ગમે તેટલી સાંભળીએ, તો પણ અમને કોઇ અસર થાય જ નહીં.

મેં હસતાં હસતાં કહ્યું કે 'તમે આવા ભ્રમમાં રહેશો નહીં. કોઇનું મન કોઇ કાળે આવું દૃઢ રહી શકયું નથી. બીજાની વાતની મન ઉપર પ્રત્યક્ષ અને પરોક્ષ અસર થયા જ કરે છે.'

સંસ્કૃતમાં હિતોપદેશમાં એક વાર્તા છે. એક બ્રાહ્મણ યજ્ઞ કરાવવા નીકળેલો. યજ્ઞની

દક્ષિણામાં એના યજમાને એને એક સરસ મજાનું હૃષ્ટપુષ્ટ બકરું આપ્યું. બ્રાહ્મણ બકરાને ખભે નાખીને પોતાના ગામ પાછો જવા નીકળ્યો. રસ્તામાં ત્રણ ઠગ મળ્યા. ત્રણે ઠગે વિચાર કર્યો: 'આ બકરું હૃષ્ટપુષ્ટ છે, આપણો ખોરાક બને એવું છે. બ્રાહ્મણને છેતરીને લઇ લઇએ.

બ્રાહ્મણ વિદ્વાન છે, છેતરાય એવો નથી, ત્રણ ઠગ થોડા થોડા અંતરે ઊભા રહી ગયા. બ્રાહ્મણ નજીક આવ્યો એટલે પહેલા ઠગે કહ્યું: 'બાપજી! તમે આવા બ્રહ્મદેવ, વિદ્વાન, જ્ઞાતા, યજ્ઞ કરાવનાર! આવું અધર્મ કેમ આચરી રહ્યા છો? આ ગધેડાને ખભે મૂકીને કેમ લઇ જાવ છો?' બ્રાહ્મણ ચિડાયો: 'દુષ્ટ, તને આંખો છે બાકોરાં છે? બકરાને તું ગધેડો કહે છે? પેલાએ કહ્યું, ભલે બાપજી! તમને એવું દેખાયું તે વધારે સારું!'

આગળ ગયો. બીજા ઠગ મળ્યો. 'અરે ભૂદેવ! તમે આ શું કરો છો? તમે ખંભા ઉપર કૂતરાને મૂકીને જાવ છો! કૂતરાને અડીએ તોય સ્નાન કરવું પડે.' બ્રાહ્મણે એનેય ધમકાવ્યો તો ખરો; પણ મનમાં વિચાર થયો કે આ બે જણામાં એક ગધેડો કહે છે, બીજો કૂતરું કહે છે!

આગળ વધ્યો, ત્રીજો ઠગ મળ્યો. એણે વળી ત્રીજા પશુનું નામ દીધું. બ્રાહ્મણ ભડકયો: 'આ ચોક્કસ બકરું નથી, પણ બકરાના રૂપમાં કોઇ ભૂતપ્રેત છે. ત્રણ જણને જુદા જુદા રૂપે દેખાયું, મને ચોથા રૂપે દેખાયું!' એ બકરું ત્યાં મૂકીને મૂઠીઓ વાળીને નાઠો.

આપણા મનનું પણ આવું છે. કોઇક કહે એટલે આપણે એમ કરવા લાગી જઇએ. કોઇ બીજું કહે એટલે બીજું કરવા લાગી જઇએ, કોઇ ત્રીજું કહે એટલે ત્રીજું કરવા લાગી જઇએ! કારણ કે આપણને ખબર નથી કે આપણે શું કરવાનું છે.

એક બાપદીકરો બહારગામ જવા નીકળેલા. પોતાના ઘેર હતું એ ટટ્ટુ સાથે લીધું. દીકરાએ બાપાને કહ્યું: 'તમે હવે વૃદ્ધ છો, ટટ્ટુ ઉપર બેસી જાવ.' રસ્તામાં કોઇક મળ્યો. કહે છે: અલ્યા ડોસા મૂર્ખ છે!' આ નાના છોકરાને ચલાવે છે અને તું ટટ્ટુ ઉપર બેઠો?' ડોસો નીચે ઊતરી ગયો અને છોકરાને બેસાડયો. આગળ ગયા. કોઇકે છોકરાને કહ્યું: 'અલ્યા, શરમ નથી આવતી? ઘરડો ડોસો ચાલે છે અને તું ટટ્ટુ ઉપર બેઠો છે? બંને પગે ચાલવા લાગ્યા. કોઇકે કહ્યું: 'અલ્યા મૂર્ખાઓ, બંને જણા શું કરવા ટાંટિયા તોડો છો? બંને જણા બેસી જાઓને!

આપણને પણ કોઇક કહે કે: 'અષ્ટાક્ષર જપો,' 'તો અષ્ટાક્ષર જપ્યા. દુ:ખ દૂર ન થયું અને કોઇકે આવીને કહ્યું કે: સત્યનારાયણની કથા કરાવો. એટલે એ કર્યું. કોઇકે કહ્યું: 'પેલા પીર છે ત્યાં જાવ.' તો ત્યાં ગયા. કોઇકે કહ્યું: 'આનો દોરો બાંધો.' તો એનો

દોરો બાંધ્યો. કોઇકે કહ્યું: 'તાજિયાનું મંત્રેલું પાણી પીઓ.' તો એ પીધું. લોકોએ કહ્યું એ બધું કર્યું. અને છતાંય, આપણું ઠેકાણું ન પડયું! કારણ કે અવૈષ્ણવના સંગમાં આપણે ગળાડૂબ ડૂબેલા છીએ.

શ્રીહરિરાયચરણ દુ:સંગનો બીજો પ્રકાર બતાવે છે: અન્ય માર્ગીઓનો સંગ એ દુ:સંગ છે; કારણ કે અન્યમાર્ગીય પોતાના માર્ગની, પોતાની સિદ્ધાંતની વાત આપણને કરશે. લાંબા સમય સુધી એકની એક વાત સાંભળીએ તો આપણું મગજ પણ બદલાઇ જાય. અંગ્રેજીમાં એને 'બ્રેઇનવૉશિંગ' કહેવામાં આવે છે. સતત એકની એક વાત કહીને લોકોના મન બદલી નાખવાના પ્રયોગ આજે ચીન, રશિયા વગેરે દેશો મોટા પાયા ઉપર કરી રહ્યા છે. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આવા અવૈષ્ણવ અને અન્યમાર્ગીયના દુ:સંગથી બચવું જોઇએ.

હવે દુ:સંગનો ત્રીજો પ્રકાર બતાવે છે: 'કોઇ વૈષ્ણવ છે, ધોતી-બંડી પહેર્યાં છે, તિલક કર્યું છે, કંઠી પહેરી છે, એમણે એમ કહ્યું કે: જેમ બીજા અનેક પંડિતો છે એમ શ્રીમહાપ્રભુજી પણ એક પંડિત છે અને એમણે આ 'સુબોધિનીજી' લખ્યાં છે.' એક વિદ્વાન વૈષ્ણવ જો આવું કહે તો એનો અર્થ એ થયો કે એમને પુષ્ટિમાર્ગમાં અવિશ્વાસ છે. શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને એમણે જાણ્યું નથી. એમણે કેવળ સન્મનુષ્યાકૃતિ સ્વરૂપે જ શ્રીમહાપ્રભુજીને જાણ્યા છે. અલૌકિક વૈશ્વાનર સ્વરૂપે શ્રીવલ્લભને જાણ્યા નથી. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે એવા વૈષ્ણવનો સંગ પણ દુ:સંગ છે; કારણ કે આપણી બુદ્ધિને ભ્રમિત કરી દે છે.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હોય, પણ એનામાં દોષદૃષ્ટિ હોય, સૌના દોષ જ જોતો ફરતો હોય, તો એનો સંગ પણ ન કરવો; કારણ કે એના સંગથી પણ આપણે સૌના દોષ જોવા લાગીશું, આપણે ગુણગ્રહણ કરતાં નહીં શીખીએ.

શ્રીહરિરાયચરણને આપણે પૂછીએ કે 'કૃપાનાથ! આ બધાથી બચવા, એમનાથી દૂર રહેવાનો પ્રયત્ન કરીએ, તો એ બહિર્મુખો અમારી નિંદા કરશે; અમને પરેશાન કરશે; અમારે શું કરવું?'

આપ આજ્ઞા કરે છે: 'બહિર્મુખોની નિંદા સાંભળીને દુ:ખી ન થવું.'

શ્રીહરિરાયચરણે અહીં શરણાગતિ પછીનું ત્રીજું પગથિયું આપણને બતાવ્યું: 'લોકનિંદા છોડી, દુ:સંગ છોડી, પ્રભુ અને મહાપ્રભુનું શરણ સ્વીકારી, જીવે અહર્નિશ અષ્ટાક્ષર મંત્રનું રટણ કરવું.' ઓગણીસમા શિક્ષાપત્રમાં પણ એ જ આજ્ઞા કરી. અહીં અષ્ટાક્ષર મંત્રનું સ્વરૂપ શ્રીહરિરાયચરણ આપણને સમજાવતાં આજ્ઞા કરે છે કે 'તમે કયા અષ્ટાક્ષર મંત્રનું રટણ કરશો?

આપણે પૂછીશું: 'અષ્ટાક્ષર મંત્ર શું બે છે?' હા, શાસ્ત્રોએ પણ 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' એ અષ્ટાક્ષર મંત્ર બતાવ્યો છે. આપણે એ અષ્ટાક્ષર મંત્રની દીક્ષા નથી લીધી. આપણે તો શ્રીમહાપ્રભુજીના મુખારવિંદથી પ્રગટ થયેલ, નિત્યલીલામાં પ્રકટ થયેલ અષ્ટાક્ષરમંત્ર, જે સ્વરૂપાત્મક છે, જે મંત્ર શ્રીમહાપ્રભુજીએ કૃપા કરીને આપના જ શ્રીવલ્લભકુળ દ્વારા આપણને આપ્યો છે એ મંત્રનું આપણે રટણ કરવાનું છે.' માટે શ્રીગુસાંઇજી આજ્ઞા કરે છેઃ અમારા શ્રીઆચાર્યચરણોએ જે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્ર આપ્યો, એનું અમારે રટણ કરવાનું છે.' તો આ શ્રીઅષ્ટાક્ષર મંત્ર કેવી રીતે પ્રકટ થયો, એનું ચિંતન કરીએ.

જયારે શ્રીઠાકોરજી અને શ્રીસ્વામિનીજી વચ્ચે ગાઢ માન થયું, શ્રીઠાકોરજીના હૃદયમાંથી 'સ્ત્રી'- ભાવાત્મક સ્વરૂપ પ્રકટ થયું, શ્રીસ્વામિનીજીના હૃદયમાંથી 'પું' ભાવાત્મક સ્વરૂપ પ્રકટ થયું. એ સ્ત્રી-ભાવાત્મક અને પું-ભાવાત્મક અલૌકિક સ્વરૂપોનું મિલન થતાં લીલામાં સાક્ષી તરીકે તૃતીય સ્વરૂપ-શ્રીવલ્લભ પ્રકટ થયા. શ્રીવલ્લભે બંને સ્વરૂપોનો માનમિલાપ કરાવ્યો. બંને સ્વરૂપો નિકુંજમાં સાથે સિંહાસન પર બિરાજયાં, ત્યારે આ બંને સ્વરૂપોની પ્રસન્નતા નીરખીને શ્રીવલ્લભે બંને સ્વરૂપોને વંદન કરતાં, બે શ્રીહસ્ત જોડીને, 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' મંત્રનો ઉચ્ચાર કર્યો. 'શ્રીઠાકોરજી એટલે કૃષ્ણ અને શ્રી એટલે સ્વામિનીજી. આ યુગલ સ્વરૂપ એ મારુ શરણ છે.' શરણાગતિનો આ મંત્ર સ્વરૂપાત્મક છે. સંયોગ રસાત્મક છે, યુગલ સ્વરૂપ એ મંત્રમાં બિરાજે છે. શ્રીવલ્લભના મુખારવિંદમાંથી પ્રકટ થયેલ વેદતુલ્ય છે. શ્રીવલ્લભ જેવા સમર્થ શ્રીગુરુદેવે આપણને મંત્ર આપીને દીક્ષિત કર્યા છે. એવા શ્રીઅષ્ટાક્ષર મંત્રનુ સતત રટણ, મનન, ચિંતન કરતાં રહેવું.

શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'શ્રીમહાપ્રભુજીના મુખમાંથી પ્રકટ થયેલ આ શ્રીઅષ્ટાક્ષર મંત્ર તમારી સર્વ લૌકિક-અલૌકિક ઇચ્છા મનોરથોને પરિપૂર્ણ કરશે. એ મંત્ર ફલાત્મક છે, એ મંત્ર સિદ્ધ થતાં પ્રભુની કૃપાથી પછી એ જીવને કોઇ વાતે દુઃખ, ચિંતા, શોક કલેશ રહેતાં નથી.' પરંતુ પ્રિય વૈષ્ણવો, શ્રીમહાપ્રભુજીએ બતાવેલ ભકિતનો માર્ગ નિષ્કામ ભકિતનો માર્ગ છે. સકામ, ભકિતનો માર્ગ નથી ભકિત એટલે પ્રેમપૂર્વકની સેવા, આપણા હૃદયનો સાચો પ્રેમ આપી દેવો. પ્રેમમાં આપવાનું હોય, લેવાનું ન હોય. પરિણામે લૌકિક અલૌકિક બાબતોને પ્રાપ્ત કરવાના હેતુથી, સકામ ભાવનાથી અષ્ટાક્ષર મંત્રનો જપ કરવો એના કરતાં નિષ્કામ ભાવથી પ્રભુના સ્વરૂપનું ચિંતન કરી એ સ્વરૂપાનંદનો આનંદ લેવા માટે પ્રભુના એ નામનો જપ કરવાથી પ્રભુ વિશેષ પ્રસન્ન થઇ, સાક્ષાત્ દર્શન આપે છે.

માટે તો શ્રીમહાપ્રભુજી 'ચતુઃશ્લોકી'માં આજ્ઞા કરે છે. જો તમે શ્રીઠાકોરજીને હૃદયમાં સર્વાત્મભાવે પધરાવી લીધા છે, તો હવે તમારે બીજું શું બાકી રહ્યું? લૌકિકમાં તમારે શું જોઇએ? અલૌકિકમાં તમારે શું જોઇએ?

નારાયણ બ્રહ્મચારીના માથે ચંદબાવા બિરાજે. ચંદબાવાએ બહુ પ્રસન્ન થઇને નારાયણદાસને એક દિવસ કહ્યું: 'નારાયણદાસ, તારી સેવાથી બહુ પ્રસન્ન છું, કંઇક માગ,' નારાયણદાસે હાથ જોડીને વિનંતી કરી: 'કૃપાનાથ! મારે બીજું કંઇ જોઇએ નહીં. આપની પ્રસન્નતા હોય, એનાથી અધિક બીજું શું જોઇએ!' બહુ આગ્રહ કર્યો ત્યારે નારાયણદાસ માગે છે: 'આ દેહ જયાં સુધી ભૂતળ પર રહે, ત્યાં સુધી આપની સેવા મારાથી થયા કરે. બસ, બીજું મારે કંઇ જોઇતું નથી.'

પદ્મનાભદાસજીએ શ્રીમથુરેશજીને વિનંતી કરી: 'બાવા, મારે ત્યાં તો કેવળ છોલા આરોગવાના છે, શ્રીવલ્લભનાં ઘેર રોજ છપ્પનભોગ છે. આપ આજ્ઞા કરો તો ત્યાં પધરાવું.' મથુરેશજી આજ્ઞા કરે છે: 'પદ્મનાભદાસ, મને શ્રીવલ્લભના ગૃહના છપ્પનભોગ જેટલા જ તમારા ઘરના છોલા પણ મિષ્ટ લાગે છે. મારે તમારે ત્યાં બિરાજવું છે, તમારી સેવા અંગીકાર કરવી છે.' એટલે પુષ્ટિમાર્ગમાં નિષ્કામ ભકિત છે, સકામ ભકિત નથી.

લૌકિક દુઃખ દૂર કરવા માટે અષ્ટાક્ષર મંત્ર જેવા અલૌકિક મહાકારુણિક સ્વરૂપાત્મક મંત્રનો ઉપયોગ ન કરશો. લૌકિક દુઃખ દૂર કરવા લૌકિક ઉપાયો અજમાવવા જોઇએ. લૌકિક દુઃખ લૌકિક ઉપાયોથી નિવૃત્તિ કરવું જોઇએ અને ન થાય તો પ્રભુની એવી ઇચ્છા છે, એમ માની શ્રીવલ્લભના ચરણમાં દ્રઢ આશ્રય રાખીને રહેવું જોઇએ; પણ એના માટે પ્રભુને, પ્રભુના નામને, પ્રભુના સ્વરૂપને શ્રમ ન અપાય. એમાં આપણો દાસભાવ રહેતો નથી. માટે શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે આ અષ્ટાક્ષર મંત્ર આવો અલૌકિક સ્વરૂપાત્મક હોવાથી, તમારા સર્વ અલૌકિક મનોરથોને પ્રાપ્ત કરાવનાર હોવાથી તમે અષ્ટાક્ષર મંત્રનું સતત રટણ કરો.'

શ્રીહરિરાયચરણ શરણાગતિ પછીનું ચોથું પગથિયું હવે બતાવે છે: બ્રહ્મસંબંધ લીધું, તમે શ્રીઠાકોરજી સાથે અલૌકિક લગ્નથી જોડાયા, હવે તમારે અસમર્પિતનો ત્યાગ કરી, ભગવત્સેવા કરવી જોઇએ. સેવા કરવાથી અસમર્પિત છૂટે.

એક આધુનિક કન્યાએ પોતાના મનના માનેલા યુવાન સાથે લગ્ન કર્યું. લગ્ન કરતાં પહેલાં સગપણનો સંબંધ રહ્યો, ત્યાં સુધી એ કન્યાએ વ્રત લીધેલું કે 'જયાં સુધી હું મારાથી પતિની સમીપ જઇ શકતી નથી, ત્યાં સુધી દરરોજ એમના નામની એકવીસ માળા સવારે નાહીને ફેરવીશ અને પછી હું ચા પીશ! આ કન્યા પતિના નામની

એકવીસ એકવીસ માળા ફેરવતાં અંતે લગ્નથી જોડાઇ. લગ્ન કરીને પતિના ઘરે આવી. સદ્ભાગી છે કે ઘરમાં પતિ સિવાય બીજું કોઇ નથી. પહેલી રાત્રે ગૃહસ્થી શરૂ કરતાં પહેલાં જ પતિના ઘરમાં ફરતાં ફરતાં એ કહે છેઃ ‘તમને ખોટું ન લાગે તો એક વાત કહું. સગપણ થયું ત્યારથી મેં નિયમ કર્યો છે કે તમારા નામની એકવીસ માળા જપ્યા પછી સવારે ચા પીવી. મને એમાં બહુ આનંદ આવે છે. હું અહીં પણ એ ક્રમ ચાલુ રાખવા ઈચ્છું છું. હવે ઘરમાં કોઇની રોકટોક નથી એટલે તમારો એક ફોટો આપો, એને સામે મૂકીને રોજ ફૂલની માળા પહેરાવી, હું રોજ તમારા નામની એકવીસ માળા જપીશ. તમને કેવું લાગશે?’

પતિ કહેઃ ‘પણ પછી મારાં ચા-પાણીનું, ભોજનનું, મારી વ્યવસ્થાનું શું?’ પત્ની કહે છે, ‘એ બધું મને નહીં ફાવે, એમાં મને રસ નહીં પડે, આજ સુધી તમે જાતે ચા બનાવી છે, બનાવી લેજો ને! લૉજમાં જમ્યા છો, જમી લેજોને! જાતે કપડાં શોધી લેજોને! મને તમારા નામની માળા ફેરવવા દો, મને એમાં બહુ મજા આવશે!’

ઠંડા કલેજે પતિએ કહ્યુંઃ ‘એક કામ કર ને! જરૂર માળા ફેરવ, પણ તારા પિતાએ આપણને અહીં મૂકવા મોકલેલ ડ્રાઈવર હજી નીચે ઊભો છે. તારી પેટી લઈને પાછી તે મોટરમાં બેસી જા. તારા પિતાને ઘેર જઇ, મારાથી દૂર રહીને મારા નામની માળા જપજે! મારા ઘરમાં રહેવું હોય તો મારી સેવા કરવા માટે રહે, મારી માળા જપવા માટે નહીં.’

ઠાકોરજી સાથે બ્રહ્મસંબંધ કરી, અલૌકિક લગ્નથી આપણે જોડાયા છીએ. શ્રીવલ્લભરૂપ અલૌકિક અગ્નિની સાક્ષીએ ફેરા ફર્યા છે. તુલસીજી જેવા પુરોહિતની સાક્ષીએ સપ્તપદી જેવા બ્રહ્મસંબંધ મંત્રની પ્રતિજ્ઞા લીધી છે કે આ દેહ, ઈંદ્રિય, પ્રાણ, અંતઃકરણ, સ્ત્રી, ઘર, પુત્ર, કુટુંબ, ધન, આલોક, પરલોક- બધું તમને સમર્પ્યું. હવે તમારો છું. આવી પ્રતિજ્ઞા કર્યા પછી શ્રીઠાકોરજીને શ્રીમહાપ્રભુજીએ આપણને પધરાવી આપ્યા. લૌકિકમાં ન બને એવું અલૌકિકમાં બને. લૌકિકમાં પરણીને કન્યા સાસરે જાય, અલૌકિકમાં પરણીને વરરાજા કન્યાને ઘેર પધાર્યા છે. ઠાકોરજી આપણે ઘેર પધાર્યા અને આપણે એમની હાલત કરી ઘરજમાઇ જેવી; કારણ કે ઘરજમાઇ બનીને પધાર્યા ને! આપણે કહ્યુંઃ ‘મહારાજ! તમારી સેવા નહીં ફાવે, યશોદામાને ત્યાં આરોગીને પધારજો, પધારવું હોય તો! હું તો તમારી સામે બેસીને તમારી માળા ફેરવ્યા કરીશ. કેમ, તમને આનંદ આવશે ને? ઠાકોરજી ભૂખ્યા બિરાજી રહ્યા હોય અને આપણે માળા ફેરવીએ! ઠાકોરજીને કેવો આનંદ આવે, વિચારી જોજો.

માટે શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ‘તમારે અલૌકિક લગ્ન કરીને ઠાકોરજીની સેવા કરવી હોય, તો બ્રહ્મસંબંધ લો. પ્રતિજ્ઞા લીધા પછી એનું અક્ષરશઃ પાલન કરો.

બ્રહ્મસંબંધ પછી જીવનું એક જ કર્તવ્ય છે. પ્રભુની સેવા કરવાનું.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે 'આ પુષ્ટિજીવોની સૃષ્ટિ એ કેવળ ભગવત્‌સેવા કરવા માટે જ પ્રકટ થઇ છે, બીજા કોઇ હેતુ માટે પ્રકટ નથી થઇ. જો આપણે ભગવત્‌સેવા નહીં કરીએ, જો આપણે અસમર્પિત નહીં છોડીએ, તો કોઇ કાળે આપણે પ્રભુનાં થઇ શકીશુ નહીં, પ્રભુને પ્રાપ્ત કરી શકીશુ નહીં. બ્રહ્મસંબંધ કરવાથી જે દોષો નિવૃત્ત થયા છે, એ દોષો ફરીથી લાગવા માંડશે.'

'સિદ્ધાંતરહસ્ય'ની ટીકામાં શ્રી લાલુ ભટ્ટજીએ એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે કે 'આપણે બ્રહ્મસંબંધ લઇને સેવા ન કરીએ, તો ઠાકોરજી નિત્યલીલામાં આપણો અંગીકાર કરે કે ન કરે?' શ્રી લાલુ ભટ્ટજી એનો જવાબ આપતા એમ કહે છે કે 'જો આ જન્મમાં બ્રહ્મસંબંધ લઇને આપણે સેવા નહીં કરીએ, તો ઠાકોરજી આપણને બીજા જન્મ આપશે. એ જન્મે પણ બ્રહ્મસંબંધ લઇને આપણે સેવા નહીં કરીએ તો ત્રીજો જન્મ આપશે. ભૂતળ પર બ્રહ્મસંબંધ લઇને જે જન્મે સેવા કરીશુ એ પછી જ નિત્યલીલામાં પ્રાપ્ત થવાનો અધિકાર આપણને મળશે.

જો ભૂતળ પર સેવા આવશ્યક છે, તો પછી આ જન્મે જ શા માટે એ સેવાનો અલૌકિક આનંદ પ્રાપ્ત ન કરવો? એના માટે બીજા જન્મ સુધી વિલંબ કરવાની જરૂર શી?

માટે શ્રીહરિરાયચરણે અહીં ચોથું પગથિયું બતાવ્યું કે 'બ્રહ્મસંબંધ' લઇને, અસમર્પિત છોડીને પ્રભુની સેવામાં તત્પર થાવ.

શ્રીહરિરાયચરણ પાંચમું પગથિયું બતાવે છે કે 'સેવા કરતાં કરતાં અનવસરના સમયમાં પ્રભુનાં ગુણગાન કરો.' શ્રીહરિરાયચરણ ગુણગાનના બે પ્રકાર બતાવે છેઃ એક પ્રકાર છે જ્ઞાનમાર્ગીય, બીજો પ્રકાર છે ભકિતમાર્ગીય. શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે કે 'જ્ઞાનમાર્ગીય ગુણગાન કરતાં ભકિતમાર્ગીય ગુણગાન ઉત્તમ છે. તો આ બે ગુણગાનમાં ફરક શો? શ્રીગોપેશ્વરજી ટીકામાં એનો ફરક બતાવે છેઃ 'જ્ઞાનમાર્ગનું જે ગુણગાન છે, તે આપણા દોષોની નિવૃત્તિ કરવા માટે હોય છે. આપણે એવું માનીને ગુણગાન કરીએ કે અષ્ટાક્ષર જપવાથી મારા દોષો દૂર થશે, તો એ જ્ઞાનમાર્ગીય ગુણગાન છે. એનાથી દોષ ભસ્મ થાય છે, જીવ નિર્દોષ બને છે; એના ફલસ્વરૂપે એને મોક્ષની પ્રાપ્તિ થાય છે, એને ભગવત્પ્રાપ્તિ થતી નથી.' માટે શ્રીદયારામભાઇએ કહ્યુ કેઃ 'વ્રજ વહાલું રે વૈકુંઠ નહીં આવું, ત્યાં નંદનંદન કયાંથી લાવુ? મને ન ગમે ચતુર્ભુજ થાવું.' આપણે મોક્ષ નથી મેળવવો, કારણ કે મોક્ષમાં કોઇ સુખ નથી. માટે તો દયારામભાઇ કહે છેઃ 'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઇ જાચુ રે, મુકિતમાર્ગીને આપજો જ્ઞાન રે, ભોગીને ન ભાવે રે.' મુકિત જેને જોઇતી હોય એને જ્ઞાન આપજો,

મારે જ્ઞાન નથી જોઇતું. મારે તો તમારા સ્વરૂપનો આનંદ જોઇએ છે, લીલાનાં દર્શન જોઇએ છે, તમારા માહાત્મ્યનું ગુણગાન જોઇએ છે. માટે ભકત કદી જ્ઞાનથી પોતાના દોષોને ભસ્મ કરવા માટે પ્રભુનું ગુણગાન નથી કરતા, ભકત તો પ્રભુના વિરહમાં પ્રભુનું ગુણગાન કરે છે.

વ્રજભકતોએ પ્રભુ ગૌચારણ કરવા પધારતી વખતે દિવસકાલીન લીલામાં યુગલગીત ગાયાં. પ્રભુ મથુરા પધારી ગયા ત્યારે પ્રભુના વિપ્રયોગની અંદર ભ્રમરગીત ગાયાં. પ્રભુ રાસમાં અંતર્ધાન થતાં ગોપીગીત ગાયાં. એ કેવળ હૃદયના પ્રેમથી વિવશ બનીને ગવાયેલાં ગુણગાન છે, એ પોતાના દોષોને વિચારીને ગવાયેલાં ગુણગાન નથી. માટે આપણે ત્યાં ગુણગાનના બે પ્રકાર રહ્યાં: પ્રત્યક્ષ ગુણગાન અને પરોક્ષ ગુણગાન. શ્રીઠાકોરજીની સેવાના સમયમાં જાગવાથી લઇને પોઢવા સુધી ઋતુ અનુસાર અને વર્ષોત્સવ અનુસારનાં જે કીર્તન ગાઇએ એ પ્રત્યક્ષ ગુણગાન છે. પ્રભુને રીઝવવા માટે, પ્રભુને પ્રસન્ન કરવા માટે ગવાયેલાં એ ગુણગાન હોવાથી કીર્તન એ સેવા છે. પ્રભુના અનવસરમાં સેવામાં જ હોઇએ ત્યારે બપોરે, સાંજ કે રાત્રે દીનતાનાં, વિરહનાં, માહાત્મ્યનાં, શિક્ષાનાં જે પદો ગાઇએ એ પરોક્ષ ગુણગાન છે. એના દ્વારા શ્રીહરિરાયચરણ આજ્ઞા કરે છે: ‘જીવ સૌથી પહેલાં પ્રભુના દર્શનની ઇચ્છા હૃદયમાં જન્માવે છે, એ ઇચ્છામાંથી આર્તિ પ્રકટે છે કે ‘હવે મને પ્રભુ કયારે દર્શન આપે? કયારે દર્શન આપે?’ અને આર્તિ જયારે સહન ન થાય એવો તાપ બની જાય, એવી વ્યસન અવસ્થાએ પહોંચી જવાય ત્યારે ભકત જેમ ભગવાન વિના નથી રહી શકતો, એમ ભગવાન પણ ભકત વિના રહી નથી શકતા. ગજન ધાવન પાન લેવા માટે દૂર જાય અને મૂર્ચ્છાવશ થઇને ઢળી પડે, તો બીજી બાજુ શ્રીનવનીતલાલ પણ આજ્ઞા કરે કે ‘મારો ગજન નહીં આવે, ત્યાં સુધી રાજભોગ નહીં આરોગું!’

શ્રીહરિરાયજી ગુણગાનનું આ ફળ બતાવે છે. ગુણગાનથી હૃદયમાં પ્રભુને મેળવવાની ઇચ્છા જન્મે છે, એ ઇચ્છા જેમ જેમ ઉગ્ર બનતી જાય, તેમ તેમ આ આર્તિરૂપ બને છે અને એ આર્તિ વ્યસન અવસ્થાએ પહોંચતાં, ભકત પછી ભગવાન વિના રહી શકતો નથી. ભગવાન ભકત વિના રહી શકતા નથી.

રસખાનજીએ પણ એમના ચરિત્ર દ્વારા એ જ બતાવ્યું. શ્રીનાથજીના ચિત્રજીનાં દિલ્હીમાં વૈષ્ણવના હાથમાં દર્શન કર્યાં અને એ શ્યામસુંદરને મેળવવાની ઇચ્છા જન્મી. એનાં ગુણગાન ગાતાં ગાતાં ગોવિંદકુંડ ઉપર આવ્યા. આર્તિ ઉગ્ર બની. ઠાકોરજીએ દૂરથી દર્શન આપતાં તાપ વધ્યો, વિવશ થઇને, બેહોશ થઇને પડયા. શ્રીગુસાંઇજીએ શરણે લેતાં એ ગુણગાનના બળથી, એ ગુણગાનની કૃપાથી સાક્ષાત્ શ્રીનાથજી પ્રાપ્ત

થયા. રસખાનજી એમ કહે છે 'હું વ્રજની ગલીઓમાં એ છેલછબીલાને શોધતો ફરતો હતો, ત્યારે એક દૂર દૂરની નિકુંજમાં મને દર્શન થઇ ગયાં.' જેની ચરણસેવા કરવાનો સૌ મનોરથ કરે, લક્ષ્મીજી સતત જેમની ચરણસેવા કરે એ નંદનંદન નિકુંજમાં પોઢેલાં શ્રીરાધિકાજીનાં ચરણારવિંદ દબાવી રહ્યાં છે. આવાં અદ્‌ભુત દર્શન રસખાનજીને થયાં.

આપ છેલ્લું પગથિયું બતાવે છે કે 'આ બધું કરતાં કરતાં વૈષ્ણવોએ કદાપિ અવિશ્વાસ ન કરવો.' કોઇપણ દિવસ અવિશ્વાસ ન કરવો. પ્રભુના ચરિત્રમાં, પ્રભુના સ્વરૂપમાં, એમની લીલામાં, એમનાં ગુણગાનમાં અવિશ્વાસ ન કરવો. શ્રીમહાપ્રભુજીની આજ્ઞાઓમાં પણ અવિશ્વાસ ન કરવો.

શ્રીગોપેશ્વરજી આ શ્લોકો ઉપરની ટીકામાં અવિશ્વાસના પાંચ પ્રકાર બતાવે છે: પહેલો પ્રકાર છે આપણા મનમાં, આપણી બુદ્ધિથી જે વિચારો ઊભા થાય એનું નામ અવિશ્વાસ. શ્રીમહાપ્રભુજીનાં વચનમાં આપણને શ્રદ્ધા ન રહે ત્યારે આપણું મન સંકલ્પ-વિકલ્પ કરવા લાગે. મનમાં સંકલ્પ-વિકલ્પ અવિશ્વાસનું પરિણામ છે.

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી: 'કૃષ્ણસેવા સદા કાર્યા.' પણ આપણું મન સેવા કરવા તૈયાર નથી, એટલે આપણે એ આજ્ઞામાં અવિશ્વાસ કરીને કહીએ છીએ, 'ભાઇ, ઠાકોરજી તો ભાવના ભૂખ્યા છે, સદા તો સેવા કેમ બને? અમે તો સવારે પાંચ મિનિટ મિસરી ભોગ ધરી લઇશું એટલે સેવા માની લેશે.' 'રાઇ જીતની સેવાકો, ફલ માનત મેરુ સમાન.' શ્રીમહાપ્રભુજીની આજ્ઞા અમારાથી નહીં બને. પ્રયત્ન કર્યા પછી જો એમ કહીએ કે નહીં બને તો જુદી વાત છે, પણ પ્રયત્ન કર્યા વિના એમ કહેવું એ અવિશ્વાસ છે.

એક વૈષ્ણવે એમ કહ્યું કે 'હું સેવા કરું છું, પણ ઠાકોરજી પુષ્ટાવ્યા નથી!' મેં કહ્યું: 'કારણ શું?' કહે છે: 'કાલે સેવા ન બને તો!' મેં કહ્યું: 'ભાઇ, તમે આ ધંધો કરવા માંડયો ત્યારે વિચાર કર્યો હતો કે આ પથારો પાથરીએ છીએ, કાલે નહીં બને તો શું થશે?' અવિશ્વાસમાંથી તમે મનકલ્પિત વિચાર ઊભો કર્યો. શ્રીમહાપ્રભુજીનાં વચનોમાં વિશ્વાસ નથી. માટે પુષ્ટાવવાનો વિચાર કરતા નથી! આ અવિશ્વાસ છે.

શ્રીગોપેશ્વરજી બીજો અવિશ્વાસ બતાવે છે: 'જ્ઞાનમાર્ગીય કે કર્મમાર્ગીય વિદ્વાનો હોય, જે પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો પ્રમાણે ચાલનારા નથી, જે પુષ્ટિમાર્ગના સિદ્ધાંતોના ભાવ વિરુદ્ધ કથા કહે છે; એમની કથા સાંભળવી એ પણ શ્રીવલ્લભમાંનો આપણો અવિશ્વાસ છે.' માટે આપણે બીજાનાં વચનો સાંભળવા જવા તત્પર બનીએ છીએ, પણ જો વલ્લભનાં વચનોમાં વિશ્વાસ હોય, તો પછી બીજાનાં વચન સાંભળવા માટે કદીયે મન તત્પર બનશે નહીં.

શ્રીગોપેશ્વરજી અવિશ્વાસનું ત્રીજું સ્વરૂપ બતાવે છેઃ કેટલાક ચર્ષણી જીવો છે, જે પુષ્ટિજીવ નથી, પણ ફરતાં ફરતાં પુષ્ટિજીવોના સંગથી આ માર્ગમાં આવી ભરાયા છે. વાસ્તવમાં હૃદયથી પ્રવાહી જીવો છે, એમને શ્રીમહાપ્રભુજીનાં વચનો સાંભળવા-વાંચવા છતાંય એમાં વિશ્વાસ બેસતો નથી. એ પણ એક પ્રકારનો અવિશ્વાસ છે. શ્રીગોપેશ્વરજી અવિશ્વાસનું ચોથું સ્વરૂપ બતાવે છેઃ આપણે સેવા કરીએ ત્યારે લૌકિક-વૈદિક કામો કરવામાં મન દોડયા કરતું હોય, તો એ પણ અવિશ્વાસનું કારણ છે. પ્રભુ આપણાં લૌકિક-વૈદિક કાર્યો, આપણા સર્વ યોગક્ષેમ વહન કરે છે એવો વિશ્વાસ નથી, માટે પ્રભુને છોડીને લૌકિક વાતોમાં મન દોડાવીએ છીએ. યશોદાજીની ગોદમાં સાક્ષાત્ પ્રભુ ખેલતા, પણ યશોદાજી પ્રભુનું સુખ મૂકીને લાલનને શકટમાં પધરાવી, લૌકિક કાર્યો કરવા તત્પર બન્યાં તો પ્રભુએ યશોદાજીનો નિરોધ સિદ્ધ કરવા શકટલીલા કરી. આમ, પ્રભુ આપણો નિરોધ કરવા માટે લૌકિક-વૈદિકનું ચિંતન પ્રભુનાં સેવા-સ્મરણ દરમ્યાન કરવું એ અવિશ્વાસ છે. એ છોડવું જોઇએ.

પાંચમો અવિશ્વાસ શ્રીગોપેશ્વરજી બતાવે 'બહિર્મુખનો સમાગમ કરવો', જે પ્રભુની સન્મુખ નથી એવાની સાથે લૌકિક વાતો કરવી એ પણ અવિશ્વાસનું પરિણામ છે. શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતોમાં વિશ્વાસ ન હોવાથી આ બધું બને છે.

એટલા માટે શ્રીહરિરાયચરણ હવે છેલ્લા શ્લોકમાં આજ્ઞા કરે છેઃ સદાચાર એટલે શ્રીમહાપ્રભુજીએ કરેલી આજ્ઞા પ્રમાણે આચારવિચાર પાળીને સેવા કરવી, ધર્મમાર્ગમાં રહેવું, જે શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંત સાથે સુસંગત છે એ જ કહેવું અને કરવું. શ્રીમહાપ્રભુજીમાં દૃઢ વિશ્વાસ રાખવો. સતત ભાવવાળા બનીને રહેવું. ભગવદીયો સાથે સત્સંગ કરી, એમના સંગમાં રહેવું અને બીજાઓનો સંગ છોડી દેવો.

આમ, આ ઓગણીસ શ્લોકમાં શરણાગત જીવના કર્તવ્યનાં છ પગથિયાંની-ષડ્ધર્મની એક સીડી શ્રીહરિરાયચરણે આપણને આપી છે. આપણે શ્રીમહાપ્રભુજીનો દૃઢ આશ્રય રાખી, મનમાં કોઇ પણ સંકલ્પ વિકલ્પ લાવ્યા વિના, પ્રભુ સર્વ રીતે આપણી પાસે ભગવદ્ધર્મનું પાલન કરાવશે એવા સતત દૃઢ વિશ્વાસ સાથે આ સીડીનાં પગથિયાં ચડવા તત્પર બનીએ, એવી શ્રીહરિરાયચરણનાં ચરણોમાં સદૈન્ય વિનંતી કરીએ.

॥ ઇતિ શ્રીહરિરાયજી વિરચિતં વિંશતિતમં શિક્ષાપત્રં શ્રીગોપેશ્વરજી કૃત વ્રજભાષા ટીકા સમેતં સમાપ્તમ્ ॥

શિક્ષાપત્ર વીસમાનો સારાંશ

શ્લોક સંખ્યા : ૧૯

વિષય : શરણાગત જીવનું કર્તવ્ય

- શરણાગત જીવનાં છ કર્તવ્ય :
  (૧) લોકનિંદાનો ભય ન રાખવો
  (૨) લૌકિકાસકિત છોડી, ભગવદાસકિત વધારવી.
  તે માટે દુઃસંગ છોડી સત્સંગ કરવો.
  દુઃસંગના પ્રકાર -
  (૧) અવૈષ્ણવનો સંગ (૨) અન્યમાર્ગીયનો સંગ (૩) વૈષ્ણવ હોવા છતાં શ્રીમહાપ્રભુજીના સિદ્ધાંતથી વિરુદ્ધ વાત કરનારનો સંગ (૪) દોષદૃષ્ટિવાળો વૈષ્ણવનો સંગ
  (૩) સતત અષ્ટાક્ષર મંત્રનું રટણ
  (૪) અસમર્પિત ત્યાગપૂર્વક ભગવત્સેવા
  (૫) ભકિતમાર્ગીય પ્રકારે ગુણગાન
  (૬) અવિશ્વાસનો ત્યાગઃ અવિશ્વાસના પાંચ પ્રકાર :
    (૧) આપણી બુદ્ધિથી સંકલ્પ-વિકલ્પ કરવા.
    (૨) શ્રીમહાપ્રભુજી સિવાય અન્યનાં વચનોમાં વિશ્વાસ.
    (૩) ચર્ષણી જીવોને સાંભળવા છતાં વિશ્વાસ ન બેસવો.
    (૪) લૌકિક-વૈદિકની ચિંતા કરવી.
    (૫) બહિર્મુખનો સમાગમ કરવો.

‘શિક્ષાપત્ર’નું આચમન

પુષ્ટિમાર્ગમાં ‘શિક્ષાપત્ર’નું આગવું મહત્ત્વ છે. શ્રીમહાપ્રભુજીની પાંચમી પેઢીએ થયેલા શ્રીહરિરાયજી રચિત ‘શિક્ષાપત્ર’ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને પુષ્ટિ ભક્તિનો સદાચાર શીખવતો ગ્રંથ છે. શ્રીહરિરાયજીએ તેમના નાના ભાઈ શ્રીગોપેશ્વરજીને ઉદેશીને સંસ્કૃતમાં લખેલા ૪૧ શિખામણના પત્રો આ ગ્રંથમાં હોવાથી, તેને ‘શિક્ષાપત્ર’ કહેવામાં આવે છે. તેના ઉપર શ્રીગોપેશ્વરજીએ વ્રજભાષામાં ટીકા લખી છે.

શ્રીહરિરાયજીના સમયથી જ વૈષ્ણવોની ભગવદ્મંડળીમાં ગામેગામ આ ગ્રંથનું નિત્ય વાચન થતું આવ્યું છે. તેના વાચન-શ્રવણ-મનન દ્વારા વૈષ્ણવ સમાજ પુષ્ટિભક્તિમય જીવન જીવતો રહ્યો છે. વૈષ્ણવી જીવન જીવવાનો રાજમાર્ગ આ ગ્રંથમાં બતાવવામાં આવ્યો છે.

આજના સમયમાં પણ આ ગ્રંથની ઉપયોગિતા ભૂતકાળ કરતાં ઘણી વધારે છે. સમયની ખેંચ, મનની અશાંતિ, કામધંધાનું ટેન્શન અનુભવતા આજના વૈષ્ણવોને શ્રીમહાપ્રભુજી આદિના ઘણા ગ્રંથો વાંચવા-સમજવા સમય અને શાંતિ નથી, ત્યારે આ ‘શિક્ષાપત્ર’ ગ્રંથ સમગ્ર પુષ્ટિમાર્ગીય સાહિત્ય અને સિદ્ધાંતોના સારરૂપ છે. તે આત્માસાત્ થાય તો કશું સમજવાનું બાકી રહે નહીં.

મહાત્મા ગાંધીજી જેમને પોતાના આધ્યાત્મિક ગુરુ ગણતા હતા, તે શ્રીરાજચંદ્રે પોતાના શિષ્યોને સલાહ આપી હતી કે જીવનનો વિકાસ કરવા તમારે એક જ પુસ્તક વાંચવું હોય, તો શ્રીહરિરાયજીનું ‘શિક્ષાપત્ર’ વાંચજો. અન્ય ધર્મોપદેશકની આ સલાહ ‘શિક્ષાપત્ર’નું મહત્વ કેટલું મોટું છે, તે બતાવે છે.

આ ‘શિક્ષાપત્ર’ આપણે નિત્ય વાંચીએ, વિચારીએ, જીવીએ.

- પ્રા. રમેશભાઈ વિ. પરીખ